પૂજ્યપાદ શ્રી સિદ્ધસેનગણિરચિત ટીકાયુક્ત
શ્રી ઉમાસ્વાતિવાચક પ્રવર પ્રણીત

# तत्त्वार्थाधिगम सूत्र



પ્રથમ ભાગ
અધ્યાય-૫
સૂત્ર ૧થી૨૮

અનુવાદ કર્તા :- ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

श्री सर्वज्ञ वीतरागपरमात्मने नमः
श्री सरस्वत्यै देव्यै नमः

श्री उमास्वातिवाचक प्रवर प्रणीतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

पञ्चम अध्यायः

(स्वोपज्ञभाष्येन सह, तदनुसारिणी श्रीसिद्धसेन गणिविरचितसंस्कृत टीकया समलङ्कृतः पञ्चमाध्यायः सूत्र १-२८)

तस्य चायं प्रथमो भागः

: आर्थिक सहयोग :

पूज्य श्री अभयदेवसूरीश्वरजी सदुपदेशेन प्राप्तः

: गुर्जरीयानुवादकर्ता :

पं. धीरजलाल डाह्यालाल महेता (सुरत)

प्रकाशक

श्री जैन धर्म प्रसारण ट्रस्ट

ए-६०२, पार्श्वदर्शन कोम्प्लेक्ष, नवयुग कोलेज सामे,
रांदेर रोड, सुरत (दक्षिण गुजरात)-३९५००९. (India) फोन : 9898330835

## પ્રાપ્તિસ્થાન

**(૧) ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત (દ.ગુ.), ઈન્ડિયા. મો. ૯૮૯૮૩૩૦૮૩૫

**(૨) શુભમંગલ ફાઉન્ડેશન**

ગુરુરામ પાવન ભૂમિ, પાલ જકાતનાકા પહેલા, સુરત (દ.ગુ.)
મો. ૯૭૩૭૦૪૨૪૩૧

**(૩) ભરત ગ્રાફિક્સ**

એ-૨૧૨, સુમેલ - ૯, મહેશ્વરી એસ્ટેટ પાસે, દૂધેશ્વર, શાહીબાગ - ૪.
મો. ૯૯૨૫૦૨૦૧૦૬, ૮૯૦૫૮૫૧૯૮૮

**પ્રકાશન વર્ષ**

વીર સં. ૨૫૪૫ — વિ.સં. ૨૦૭૫ — ઈ.સ. ૨૦૧૯

**મૂલ્ય : સપ્રેમ ભેટ - વારંવાર વાંચન કરો એ જ કિંમત**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
એ-૨૧૨, સુમેલ - ૯, મહેશ્વરી એસ્ટેટ પાસે, દૂધેશ્વર, શાહીબાગ - ૪.
મો. ૯૯૨૫૦૨૦૧૦૬, ૮૯૦૫૮૫૧૯૮૮
E-mail : bharatgraphics1@gmail.com

# હાર્દિક અનુમોદના



તપાગચ્છીય પ્રવરસમિતિના કાર્યવાહક મહામાંગલિક પ્રદાતા

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત

શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.ના મંગલ આશીર્વાદથી

તેઓશ્રીના શિષ્યરત્ન-માર્ગદર્શક

પ.પૂ.પં.પ્ર. શ્રી મોક્ષરત્નવિજયજી મ.સા.ના

આચાર્યપદ પ્રદાન નિમિત્તે જ્ઞાનખાતાની ઉપજમાંથી

**શુભમંગલ ફાઉન્ડેશન - ગુરુરામ પાવનભૂમિ**

**અડાજણ-પાલ-સુરત**



# ॥ પ્રશસ્તિ ॥

ભગવાન મહાવીરના શાસનમાં શ્રી સુધર્મસ્વામિજીની પાટપરંપરામાં શાસનની ઉજવળતાને ચાર ચાંદ લગાવનાર અને ભગવાને ભાખેલા જીવને શીવ બનાવતા મૂળભૂત તત્ત્વોને અકબંધ રાખી આપણા સુધી સુચારુરૂપે પહોંચાડનાર અનેક દિવ્ય-દાર્શનિક-તત્ત્વજ્ઞ શુદ્ધસંયમી ગુરુભગવંતોએ સાહિત્યના આપેલા વારસાથી જ્ઞાનરૂપે આજે પણ જીવંત છે.

એવા ક્રમમાં બિરાજમાન પૂજ્ય ઉમાસ્વાતિજી ભગવંતે ૨૦૦ શ્લોકની આસપાસવાળો જીવાદિ તત્ત્વોના સત્ત્વવાળો ગ્રંથ **"શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર"** આપણને આપ્યો છે. જેના દશ વિભાગ એટલે દશ અધ્યયન છે તેમાં,

- પ્રથમ અધ્યયનમાં – સમ્યક્ત્વ, જીવાદિ તત્ત્વોની વિચારણા,
- બીજા અધ્યયનમાં – જીવોનું લક્ષણ આદિ.
- તૃતીય અધ્યયનમાં – નરકોની વેદના – મનુષ્યના ક્ષેત્રોનું વર્ણન, તીર્યંચના ભેદો.
- ચતુર્થ અધ્યયનમાં – દેવલોક અને દેવોની ઋદ્ધિ.
- પાંચમા અધ્યયનમાં – ધર્માસ્તિકાયાદિ અજીવોનું વર્ણન.
- છટ્ઠા અધ્યયનમાં – આશ્રયનું.
- સાતમા અધ્યયનમાં – દેશવિરતી – સર્વવિરતીનું.
- આઠમા અધ્યયનમાં – મિથ્યાત્વના હેતુથી થતા બંધનું.
- નવમા અધ્યયનમાં – સંવર–નિર્જરાનું.
- દશમા અધ્યયનમાં – મોક્ષતત્ત્વનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે સમગ્ર તત્ત્વના સમાવેશ કરાયેલા આ ગ્રથમાં,

સુત્ત = પ્રાજ્ઞ તત્ત્વોના ચિંતક અને પોતાની સૂક્ષ્મ-મતિ અને બુદ્ધિ દ્વારા જેમણે આ **"તત્ત્વાર્થાધિગમ્"** સૂત્રના **પાંચમા અધ્યયન**નું અભ્યાસુઓ સરલ ભાષામાં સમજી શકે તે રીતે વિવેચન કરનાર પંડિતવર્ય **શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**ની જેટલી સરાહના કરીએ તેટલી ઓછી છે. જૈફ વયે પણ સતત ઉધમી રહી તત્ત્વોને સત્ત્વવાળા બનાવી આપણને ઉપલબ્ધ કરાવે છે એ સૌને માટે પ્રસાદીરૂપ છે.

જીવથી વિપરીત તત્ત્વ અજીવતત્ત્વને, અજીવતત્ત્વના મુખ્ય ભેદ એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય આ ચાર દ્રવ્યના વિસ્તૃત વર્ણનને આ પુસ્તિકાના અધ્યયનથી સમજીએ અને દશમા અધ્યયનના તત્ત્વ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ.

ક્ષયોપશમની અલ્પતાના કારણે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

*- વિજય અભયદેવસૂરિ*

# પ્રસ્તાવના

"તત્ત્વાર્થાધિગમસૂત્ર" જૈનદર્શનમાં ઘણો જ પ્રસિદ્ધ આ ગ્રંથ સંસ્કૃતભાષામાં જેની રચના કરવામાં આવી છે. સૂત્રાત્મક પદ્ધતિથી ગ્રંથ રચાયો છે. દશ અધ્યાય જેમાં છે. લગભગ ૩૪૪ જેટલાં નાના-મોટાં સૂત્રો રૂપી પુષ્પો રચીને એક ફુલના હારની જેમ નાનો એવો સુંદર ગ્રંથ બનાવાયો છે.

લગભગ સર્વ વિષયોને સંક્ષેપમાં સંકલિત કરવામાં આવ્યા છે જેના ઉપર અનેક મહાન્ આચાર્યોએ ટીકાઓ બનાવી છે. એક સરળ અને સુંદર આ ગ્રંથ છે. શબ્દરચના પણ સરળ ને અર્થ પણ સરળ રીતે નીકળી શકે તેવી સુંદર રચના વાળો આ ગ્રંથ છે.

**કર્તા - ઉમાસ્વાતિજી મહારાજશ્રી**

જે ગ્રંથની રચના શ્રી ઉમાસ્વાતિજી (પૂર્વધર) મહારાજશ્રીએ જ કરી છે. એટલે જ અસ્વાધ્યાયવાળા દિવસોમાં જેનું અધ્યયન થતું નથી. દિગંબર સંપ્રદાયમાં આ ગ્રંથકર્તાને **ઉમાસ્વામીજી** કહે છે. આ ગ્રંથકર્તાએ જ તે ગ્રંથ ઉપર સરળ સંસ્કૃત ભાષામાં અર્થને સમજાવતું **ભાષ્ય** બનાવ્યું છે. જેથી ગ્રન્થનો અર્થ ખોલવો સરળ પડે છે. આ ગ્રંથ ઉપર દિગંબર-શ્વેતાંબર એમ બન્ને સંપ્રદાયોમાં થયેલા અનેક મહાત્માઓએ ટીકાગ્રંથો બનાવ્યા છે. વર્તમાનકાળના ઘણા જ મહાત્માઓએ ગુજરાતી ભાષામાં તથા હિન્દી અને ઈંગ્લીશ ભાષામાં પણ વિવેચનો કરેલા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. તે સર્વ ટીકાગ્રંથોમાં **શ્રી સિદ્ધસેનગણિકૃત** સંસ્કૃત ભાષામાં રચાયેલી ટીકા કંઈક કઠીન અને રસપ્રદ શૈલીવાળી છે. ઘણા જ ઊંડાણવાળી આ ટીકા છે. જેથી ભણવા અને ભણાવવાના મુખ્ય વિષય સ્વરૂપ થઈ છે.

## આ ગ્રંથ ઉપર લખાયેલા ટીકાગ્રંથો :

આ તત્ત્વાર્થસૂત્ર ઉપર છેલ્લા ૨૫૦૦ વર્ષોમાં થયેલા અનેક મહાત્મા પુરૂષોએ ટીકાઓ-વિવેચન બનાવ્યાં છે. જેની થોડીક નોંધ નીચે મુજબ છે :

(૧) ૨૨૦૦ શ્લોકપ્રમાણ પૂ. ઉમાસ્વાતિજી રચિત ભાષ્ય

(૨) શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી રચિત ગન્ધહસ્તિ મહાભાષ્ય

(૩) શ્રી દિન્નગણિના શિષ્ય પૂજ્ય સિંહસૂરિજીના પ્રશિષ્ય એવા **શ્રી સિદ્ધસેનગણિ** કૃત ભાષ્યાનુરિણી ૧૮૨૮૨, શ્લોકપ્રમાણ સંસ્કૃત ભાષામાં રચાયેલી આ ટીકા.

(૪) પરમ પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી કૃત ભાષ્યાનુસારિણી ૧૧,૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત ભાષામાં રચાયેલી ટીકા.

(૫) ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત ભાષ્યતર્કાનુ-સારિણી ટીકા.

(૬) પૂજ્ય શ્રી મલયગિરિજી રચિત ટીકા

(૭) શ્રી ચિરન્તરમુનિવર્યવિરચિત શ્રી તત્ત્વાર્થટિપ્પણકમ્

(૮) શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર ગુજરાતી વિવેચન (મહેસાણા પાઠશાળા)

(૯) વ્યાકરણાચાર્ય પંડિત ઠાકુર પ્રસાદશર્મા રચિત હિન્દી ભાષાનુવાદ

(૧૦) ડૉક્ટર યાકોબી મહાશય કૃત જર્મની ભાષામાં રચાયેલ અનુવાદ.

**દિગંબર સંપ્રદાયમાં રચયેલા ટીકાગ્રંથો :**

(૧) શ્રી સમન્તભદ્રસ્વામિ કૃત ૮૪૦૦૦ શ્લોકપ્રમાણ ગન્ધહસ્તિ મહાભાષ્યમ્

(૨) શ્રીમદ્ ભટ્ટારક અકલંકદેવ રચિત તત્ત્વાર્થરાજવાર્તિક સંસ્કૃત શ્લોક ૧૬૦૦૦ પ્રમાણ

(૩) શ્રીમદ્ વિદ્યાનન્દિસ્વામી રચિત તત્ત્વાર્થ શ્લોકવાર્તિક સંસ્કૃત ટીકા (૧૮૦૦૦ શ્લોકપ્રમાણ)

(૪) શ્રી શ્રુતસાગરસૂરિ વિરચિત શ્રુતસાગર ટીકા (૮૦૦૦ શ્લોકપ્રમાણ)

(૫) શ્રી વિબુધસેનાચાર્યકૃત તત્ત્વાર્થ ટીકા (૩૨૫૦ શ્લોકપ્રમાણ)

(૬) શ્રી યોગીન્દ્રદેવ રચિત તત્ત્વાર્થપ્રકાશ નામની ટીકા

(૭) શ્રી **યોગદેવ** ગૃહસ્થાચાર્ય રચિત તત્ત્વાર્થવૃત્તિ

(૮) શ્રી **લક્ષ્મીદેવ** ગૃહસ્થાચાર્ય રચિત તત્ત્વાર્થટીકા

(૯) શ્રી અભયનન્દિસૂરિ રચિત તાત્પર્યતત્ત્વાર્થટીકા

(૧૦) શ્રી મહાશય જગમન્દરલાલ જૈન કૃત ઈંગ્લીશ ભાષામાં વિવેચન.

**ગ્રંથકારનો પરિચય :**

શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે – **ન્યગ્રોધિકા** નામના ગામમાં ગ્રંથકારનો જન્મ, વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતા, તથા કૌભીષણી નામના ગોત્રવાળા સ્વાતિ નામના પિતા, આ માતા અને પિતાના નામોનું મિલન કરીને **ઉમાસ્વાતિજી** નામ કરવામાં આવ્યું હતું. જેમ શ્રી બપ્પભટ્ટસૂરિજીનું નામ માતા-પિતાનું નામ ઉપરથી કરવામાં આવ્યું હતું. તેની જેમ.

આ ઉમાસ્વાતિ મહારાજશ્રી જન્મથી બ્રાહ્મણ હતા. શિવાદિની ભક્તિમાં રક્ત હતા. પરંતુ કાળાન્તરે જૈનમૂર્તિના દર્શનથી જૈન થયા. વ્રતધારી થયા. કાળક્રમે પૂર્વધર થયા. વાચક પદવીને પામનારા બન્યા. વાચકોમાં મુખ્ય એવા શિવશ્રીના પ્રશિષ્ય અને ઘોષનન્દિના શિષ્ય, એવા ઉમાસ્વાતિજી મહારાજશ્રી થયા.

તથા વાચના પ્રાપ્ત કરવાની અપેક્ષાએ મહાવાચક એવા શ્રમણકુંડના પ્રશિષ્ય એવા **આ ઉમાસ્વાતિજી** વાચકપદવીથી અલંકૃત હતા. તેઓએ પાટલિપુત્ર (કુસુમપુર)નગરમાં આ ગ્રંથ

બનાવ્યો. ઉપર મુજબનો ઉલ્લેખ, ગ્રંથકારે પોતે જ ભાષ્યના અંતે લખેલા નીચે મુજબના શ્લોકોમાં કર્યો છે.

वाचकमुख्यस्य शिवश्रियः प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दिक्षमणस्यैकादशाङ्गविदः ॥१॥

वाचनया च महावत्वकक्षमणमुण्डपादशिष्यस्य ।
शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥२॥

न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसूतेनार्घ्यम् ॥३॥

अर्हद्वचनं सम्यग् गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्तं च दुरागमविह्वलमतिं लोकमवलोक्य ॥४॥

इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥५॥

## પૂજ્યશ્રી ઉમાસ્વાતિજીની રચનાઓ :

(૧) તત્ત્વાર્થાધિગમસૂત્ર, (૨) શ્રી તત્ત્વાર્થાધિગમ ભાષ્ય, (૩) પ્રશમરતિ, (૪) જંબૂદ્વીપ સમાસપ્રકરણ, (૫) પૂજા પ્રકરણ (एकोनविंशतिश्लोकात्मकम्), (૬) श्रीवाचकप्रज्ञप्तिः, (૭) શ્રી ક્ષેત્રવિચાર.

પૂજ્ય ઉમાસ્વાતિજી વડે ૫૦૦ ગ્રંથો રચાયેલા હતા. એ પ્રમાણેનો શ્રી જિનપ્રભસૂરિજીકૃત તીર્થકલ્પમાં તથા પૂજ્ય હરિભદ્રસૂરિજી કૃત પ્રશમરતિની ટીકામાં ઉલ્લેખ કરાયેલો જોવા મળે છે.

## ગ્રંથકારનો જીવનકાળ :

પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજીનો જન્મકાલ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના નિર્વાણકાળથી ૭૨૦ સાતસોહ વીસમા વર્ષે થયાનો ઉલ્લેખ શ્રી યુગપ્રધાનવલીના આધારે જાણવા મળે છે. દિગંબર સંપ્રદાયના અનુસારે શ્રી વીરનિર્વાણથી ૭૧૪મા વર્ષથી ૭૯૮ વર્ષ પર્યન્તનો કાળ પૂજ્ય ઉમાસ્વાતિજીનો હતો એમ જાણવા મળે છે.

દિગંબર સંપ્રદાયને અનુસારે તેમનું જીવનવૃત્તાન્ત નીચે પ્રમાણે જણાય છે. વિદ્યારણ અને જંઘાચારણ લબ્ધિને પામેલા શ્રી ઉમાસ્વાતિજી જૈન સિદ્ધાન્તના વિષયવાળી શંકાઓને દૂર કરવા મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધરસ્વામી પાસે ચારણલબ્ધિના બળે આકાશમાર્ગે જતા હતા. ત્યાં હાથમાં રહેલી મોરપીંછી નીચે પડી ગઈ. તે અવસરે આકાશમાર્ગે વિચરતા એવા ગીધ પક્ષીની પિછી ગ્રહણ કરીને પોતાનું કાર્ય કરવા આગળ ચાલ્યા. તે કારણથી તેઓશ્રીનું ''ગૃદ્ધપિચ્છ'' એવું બીજું નામ ચાલુ થયું દિગંબરાચાર્યોએ બનાવેલા શાસ્ત્રોમાં કહ્યું છે કે –

तत्त्वार्थसूत्रकर्तारं, गृध्रपिच्छोपलक्षितम् ।
वन्दे गणीन्द्रसंघात–मुमारवामिमुनीश्वरम् ॥

અંગ્રેજી–ઈસ્વીસન્ વર્ષની અપેક્ષાએ તેના પ્રારંભની પૂર્વે ૫૨૭ વર્ષે પરમાત્મા શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ થયું હતું. એટલે અંગ્રેજી ઈસ્વીસન્ વર્ષની અપેક્ષાએ બીજા સૈકામાં શ્રી ઉમાસ્વાતિજી થયા હોય એમ લાગે છે. જન્મ થયા પછી ૧૯મા વર્ષે દીક્ષા ગ્રહણ કરી હતી. ત્યારબાદ ૨૫ વર્ષો ગયે છતે સૂરિપદ પ્રાપ્ત કર્યું હતું. ઉપરોક્ત પાઠોના આધારે તેઓશ્રીની નીચે મુજબ જીવનકાળ હતો.

| | વીરપરમાત્માના નિર્વાણથી | ઈસ્વીસન્ સને |
|---|---|---|
| જન્મ | ૭૧૪મા વર્ષે | ૧૩૫મા વર્ષે |
| દીક્ષા | ૭૩૩મા વર્ષે | ૧૫૪મા વર્ષે |
| સૂરિપદ | ૭૫૮મા વર્ષે | ૧૭૯મા વર્ષે |
| સ્વર્ગગમન | ૭૯૮મા વર્ષે | ૨૧૯મા વર્ષે |

## ગ્રંથકાર કયા સંપ્રદાયના હતા ?

સૂત્રકાર શ્રી ઉમાસ્વાતિજી શ્વેતાંબર હતા કે દિગંબર હતા ? તેની કંઈક વિચારણા કરીએ. જો કે બન્ને સંપ્રદાયો પોતપોતાના સંપ્રદાયના હતા એમ કહે છે. બન્ને પક્ષોમાં આ તત્ત્વાર્થાધિગમસૂત્ર સંપૂર્ણપણે પ્રમાણ તરીકે સ્વીકારાયો છે. તેથી તેમાં આવેલાં સૂત્રોના આધારે જ ગ્રંથકારશ્રી કયા સંપ્રદાયના હતા ? તે આપણે વિચારીએ.

(૧) ચોથા અધ્યાયના ત્રીજા સૂત્રમાં ''दशाष्टपञ्चाद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यान्ताः'' વૈમાનિક દેવોના દેવલોકો ૧૨ કહ્યા છે. તેથી ગ્રંથકારશ્રી શ્વેતાંબર સંપ્રદાયના હતા. એ નિર્ણય થાય છે.

(૨) धर्माधर्मयोः कृत्स्ने (૫–૧૩) । एकप्रदेशादिषु भाज्यः पुद्‌गलानाम् (૫–૧૪) असङ्ख्येय भागादिषु जीवानाम् (૫–૧૫)

ઈત્યાદિ સૂત્રોમાં ધર્મ અને અધર્મ એમ બે જ દ્રવ્યો લોકાકાશવ્યાપી જણાવ્યાં છે. જ્યારે દિગંબર સંપ્રદાય કાળને પણ દ્રવ્ય માને છે અને તેના અણુઓ (કાલાણુઓ) ચૌદરાજલોકવ્યાપી છે. માત્ર તેનો પિંડીભાવ (સ્કંધ) બનતો નથી એમ માને છે. હવે જો ગ્રંથકાર દિગંબર સંપ્રદાયના હોત તો ધર્મ અધર્મ દ્રવ્યની જેમ કાળદ્રવ્યને પણ લોકાલોક વ્યાપીમાં દાખલ કર્યું હોત. પરંતુ કાળને તેમાં દાખલ કરેલ નથી. એટલે ગ્રંથકાર દિગંબર સંપ્રદાયના વલણવાળા નથી એમ જણાય છે.

(૩) एकादश जिने (૯–૧૧) સૂત્રમાં જિનેશ્વર પરમાત્માને ૧૧ પરિષહો હોય છે એમ કહેલ છે. ત્યાં ૧૧માં ક્ષુધા–પિપાસા, પરિષહનો ઉલ્લેખ કરેલો છે. દિગંબરસંપ્રદાય કેવળજ્ઞાની ભગવંતોને કવલાહાર માનતા જ નથી તો ક્ષુધા–પિપાસા પરિષહ કેમ હોઈ શકે ? અને સૂત્રકારે આ પરિષહો લખ્યા છે તેથી પણ ગ્રંથકાર શ્વેતાંબર હતા એમ જણાય છે.

(૪) पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकाः निर्ग्रन्थाः (૯–૪૬) આ સૂત્રમાં શ્રીમદ્ ભટ્ટારક અકલંકાચાર્યે તત્ત્વાર્થરાજવાર્તિકમાં પૃષ્ઠ (૩૫૯) માં લખ્યું છે કે ''बकुशो द्विविधः उपकरणबकुशः

शरीरबकुशश्चेति तत्र उपकरणाभिष्वक्तचित्तो विविधविचित्रपरिग्रहयुक्तः बहुविशेषयुक्तोपकरणकाङ्क्षी तत्संस्कारप्रतिसेवी भिक्षुरुपकरणबहुशो भवति, शरीरसंस्कारसेवी शरीरबकुशः''

હવે જો કેવળ કમંડલ અને મોરપિછીથી જ યુક્ત મુનિ હોય, અન્ય કોઈ વસ્તુ હોય જ નહીં તો બકુશ નિગ્રન્થપણું જ રહેશે નહીં, વિવિધ વિચિત્ર પરિગ્રહવાળા હોવાથી, તથા બહુવિધ ઉપકરણ યુક્ત હોવાથી, તથા તે તે ઉપકરણોના સંસ્કારોનું સેવન કરનારા હોવાથી,

જો ઉપરોક્ત મુનિઓ ઘણાં ઉપકરણો રાખે તો પણ મુનિપણું તો તેમાં સ્વીકારતા હો તો ધર્મના સાધનભૂત ઉપકરણો રાખે તો તેમાં મુક્તિની અબાધકતા છે એમ કેમ સ્વીકારતા નથી. ઈત્યાદિ ચર્ચાથી જણાય છે કે ગ્રંથકારશ્રી શ્વેતાંબરસંપ્રદાયના હતા.

## ટીકાકારનો પરિચય :

આ તત્ત્વાર્થસૂત્ર ઉપર ૩૨ શ્લોકપ્રમાણ જે સંબંધકારિકા છે. તેના ઉપર ''वीरं प्रणम्य सर्वज्ञं तत्त्वार्थस्य विधीयते'' ઈત્યાદિ પદોથી શરૂ કરેલી ટીકા શ્રી દેવગુપ્તસૂરિજીની બનાવેલી છે.

તથા ''जैनेन्द्रशासनसमुद्रमनन्तरत्नमालोदडय भव्यजनतोषविधायि येन'' ઈત્યાદિ પાંચ શ્લોકોની રચના જે દેખાય છે તે સિદ્ધસેનગણિની કરેલી રચના છે એમ સંબંધકારિકા ઉપર બન્નેની ટીકા દેખાય છે.

પરંતુ આખા ગ્રન્થ ઉપર તો "શ્રી સિદ્ધસેનગણિની જ ટીકા દેખાય છે અને તે પણ તત્ત્વાર્થસૂત્ર ઉપર પૂજ્ય ઉમાસ્વાતિજી મ.શ્રી વડે રચાયેલા સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર આ સંપૂર્ણ ટીકા છે અને હાલ તે પ્રાપ્ય છે અને અધ્યયન-અધ્યાપનમાં ઉપયોગમય છે. હાલ શ્વેતાંબર સંપ્રદાયમાં આ ટીકાનો જ વધારે ઉપયોગ કરાય છે.

પૂજ્ય ટીકાકારશ્રી દેવગુપ્તસૂરિજીનું જિનચંદ્ર એવું બીજું નામ પૂર્વાવસ્થામાં હતું અને આ જિનચંદ્રજી (અર્થાત્ દેવગુપ્તસૂરિજી) શ્રીકકડ નામના સૂરિજીના શિષ્ય હતા. તેઓએ નવપદપ્રકરણ એ નામનો એક ગ્રંથ બનાવ્યો છે વિશેષ માહિતી મળી શકી નથી.

શ્રી સિદ્ધસેનગણિજી કે જેઓએ આખા સ્વોપજ્ઞતત્ત્વાર્થભાષ્ય ઉપર ટીકા બનાવી છે. તેઓની પણ બીજી કોઈ કૃતિ સ્મૃતિગોચર થતી નથી. પરંતુ તેઓનો અભ્યાસ ઘણો ઉંડો હશે એમ અનુમાન કરાય છે. કારણ કે આ જ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં ઠેકાણે ઠેકાણે તેઓશ્રીએ (૧) આચારાંગ, (૨) વિવાહપ્રજ્ઞપ્તિ, (૩) નન્દીસૂત્ર, (૪) પ્રજ્ઞાપના, (૫) દશાશ્રુતસ્કન્ધ, (૬) દશવૈકાલિક, (૭) વિશેષાવશ્યકભાષ્ય, (૮) આવશ્યકનિર્યુક્તિ, (૯) નિશીથભાષ્ય, (૧૦) અનુયોગદ્વાર, (૧૧) પ્રશમરતિ, (૧૨) પરિભાષેન્દુશેખર, (૧૩) પાણિની વ્યાકરણનાં સૂત્રો વિગેરે ઘણા ઘણા ગ્રન્થોના પાઠોની સાક્ષી મૂકી છે. તેથી તેઓનો અભ્યાસ ઘણો જ સારો અને ઉંડો તથા કંઠસ્થ હશે એમ અનુમાન કરાય છે.

"સિદ્ધસેન" નામવાળા ઘણા મહાત્માઓ આ શાસનમાં થયા છે. તેઓમાંના થોડીક વ્યક્તિઓનો પરિચય આપીએ તો તે અસ્થાને નહીં ગણાય.

(૧) સન્મતિતર્કના કર્તા અને વૃદ્ધવાદિસૂરિજીના શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ.

(૨) બપ્પભટ્ટસૂરિજીની પરંપરામાં થયેલા યશોભદ્રસૂરિજીના ગચ્છમાં અલંકાર સમાન થયેલા શ્રી યશોદેવસૂરિજીના શિષ્ય શ્રી સિદ્ધસેનસૂરિજી

(૩) પ્રવચનસારોદ્ધારની વૃત્તિનું નિર્માણ (રચના) કરનારા ચંદ્રગચ્છમાં થયેલા પ્રદ્યુમ્નસૂરિજીની પરંપરામાં થયેલા યશોદેવસૂરિજીના ગુરુ શ્રી સિદ્ધસેનસૂરિજી (૧૧૪)

(૪) બૃહત્ક્ષેત્રસમાસની ટીકાને કરનારા ઉપકેશગચ્છમાં થયેલા દેવગુરુસૂરિજીના શિષ્ય શ્રી સિદ્ધસેનસૂરિજી સંવત (૧૧૯૨)

(૫) શ્રી નાણકીય ગચ્છમાં આભૂષણ સમાન શ્રી સિદ્ધસેનસૂરિજી (૧૪૩૩)

(૬) શ્રી સિદ્ધિસાગરસૂરિજીના સંપ્રદાયમાં થયેલા (શ્રી સિદ્ધસેનસૂરિજી) (૧૪૩૩)

(૭) શ્રી સરસ્વતી નદીના કાંઠે સિદ્ધપુરનગરમાં "સિદ્ધચક્રમાહાત્મ્ય" ની રચના કરનારા શ્રી સિદ્ધસેનસૂરિજી (૧૨૯૪)

આ પ્રમાણે આ તત્ત્વાર્થસૂત્ર ઉપર અનેક મહાત્મા પુરુષોએ અર્થ ખોલવાના પ્રયત્નો કર્યા છે. ગુજરાતી, હિન્દી ભાષામાં તો લખાયેલાં વિવેચનો તો અનેક છે. તેમાં અમારા વડે લખાયેલા આ ગુજરાતી અનુવાદનો એક વધારો થાય છે.

આ ગ્રંથનું વિવેચન લખતાં ઘણો જ ઘણો ઉપયોગ રાખ્યો છે. તો પણ છદ્મસ્થદશા જ એવી છે કે કંઈક ને કંઈક ભૂલ થઈ જ જાય. તેથી શ્રોતાવર્ગને પ્રેમપૂર્વક વિનંતિ કરું છું કે મારા લખાણમાં જે કંઈ ક્ષતિ જણાય તે મને તુરત જણાવશો કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો થઈ જાય અને ભૂલો જણાવનારા એવા તમારો હું ઉપકાર માનું છું તેઓને શતશત વંદન કરું છું.

પાંચમા અધ્યાયનો ૨૮ સૂત્ર સુધીનો આ પ્રથમ ભાગ પ્રકાશિત થાય છે. આશા છે કે છ-બાર મહિનામાં બીજો ભાગ પણ તૈયાર કરીને પ્રકાશિત કરીશું. જેમાં પાંચમા અધ્યાયનાં સૂત્ર ૨૯ થી શરૂ કરવામાં આવશે.

આ ગ્રંથ શ્રીચતુર્વિધ સંઘ ભણે-ભણાવે અને આત્મીય આનંદ પામે અને આત્મકલ્યાણને પ્રાપ્ત કરે એ જ આશા.

લી.

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત (ગુજરાત), ઈન્ડિયા
ફોન (ઘર) : ૦૨૬૧-૨૭૬૩૦૭૦
મો. ૯૮૯૮૩૩૦૮૩૫

# અમારા અન્ય પ્રકાશનો

૧. શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :- નવકારથી સામાઇય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :- દેવસી-રાઇઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :- પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. યોગવિંશિકા :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. યોગશતક :- સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. યોગદૃષ્ટિ સમુચ્ચય :- પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :- સરળ ગુજરાતી વિવેચન.

૯. દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :- સરળ ગુજરાતી વિવેચન.

૧૦. તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :- સરળ ગુજરાતી વિવેચન.

૧૧. ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :- સરળ ગુજરાતી વિવેચન.

૧૨. પંચમકર્મગ્રન્થ (શતક) :- પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :- છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. તત્ત્વાર્થાધિગમસૂત્ર :- સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. આઠ દૃષ્ટિની સજ્ઝાય :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. સવાસો ગાથાનું સ્તવન :- પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. નવસ્મરણ :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. પૂજા સંગ્રહ સાર્થ :- પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. સ્નાત્રપૂજા સાર્થ :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :- વિવેચન સાથે સરળ અર્થો.

૨૨. શ્રી વાસ્તુપૂજા સાર્થ :- પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. રત્નાકરાવતારિકા(ભાગ-૧) :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. રત્નાકરાવતારિકા (ભાગ-૨) :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. રત્નાકરાવતારિકા (ભાગ-૩) :- પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :- પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :- અર્થ વિવેચન સાથે.

૨૮. સમ્મતિ પ્રકરણ :- પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. ગણધરવાદ :- પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :- દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. અમૃતવેલની સજ્ઝાય :- અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. યોગસાર :- પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨) : પ્રથમ ભાગમાં ૧ થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩ થી ૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. કર્મપ્રકૃતિ :- પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (ચાર ભાગમાં બધી જ ગાથાઓના અર્થ વિવેચન સાથે)

૩૫. નિહ્નવવાદ :- પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૬. અધ્યાત્મ ગીતા :- પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

૩૭. પુદ્ગલ ગીતા :- આત્માનું હિત-કલ્યાણ કરનાર, ઘણા મનન-ચિંતનપૂર્વક વારંવાર વાંચવાથી શુદ્ધ ગુણો પ્રગટ થાય છે અને બીજામાં પૌદ્ગલિક ભાવોનો એટલે બાધક ભાવોનો મોહ ત્યજવાનું સમજાવેલ છે.

૩૮. તીર્થ માલા :- સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન.

૩૯. ધ્યાન શતક :- ભૂલોની નિંદા-ગર્હા કરવા પૂર્વક તથા વર્તમાનમાં થતી ભૂલોથી રૂકાવટ કરવા માટે અને ભાવિમાં થનારી ભૂલોની સંભાવનાને ખતમ કરવા માટેનો સાધનામાર્ગ.



# અનુક્રમણિકા


| સૂત્ર નંબર | પૃષ્ઠ નંબર | સૂત્ર નંબર | પૃષ્ઠ નંબર | સૂત્ર નંબર | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|
| ૫/૧ | ૨ | ૫/૧૧ | ૧૦૦ | ૫/૨૧ | ૧૮૫ |
| ૫/૨ | ૨૯ | ૫/૧૨ | ૧૦૭ | ૫/૨૨ | ૧૯૨ |
| ૫/૩ | ૩૮ | ૫/૧૩ | ૧૦૮ | ૫/૨૩ | ૨૩૦ |
| ૫/૪ | ૫૮ | ૫/૧૪ | ૧૧૦ | ૫/૨૪ | ૨૪૦ |
| ૫/૫ | ૭૧ | ૫/૧૫ | ૧૧૬ | ૫/૨૫ | ૨૯૯ |
| ૫/૬ | ૭૫ | ૫/૧૬ | ૧૧૯ | ૫/૨૬ | ૩૧૨ |
| ૫/૭ | ૮૬ | ૫/૧૭ | ૧૩૫ | ૫/૨૭ | ૩૪૭ |
| ૫/૮ | ૯૦ | ૫/૧૮ | ૧૪૮ | ૫/૨૮ | ૩૫૪ |
| ૫/૯ | ૯૨ | ૫/૧૯ | ૧૬૦ | | |
| ૫/૧૦ | ૯૭ | ૫/૨૦ | ૧૭૧ | | |

ॐ ह्रीँ नमो श्रीवीतरागाय

श्री श्रुतदेवतायै नमः

## सूत्रकार श्री वाचकप्रवर उमास्वातिजी महाराजश्री विरचित भाष्ययुक्त एवं पूज्यपाद श्री सिद्धसेन गणिप्रवर विरचित टीकायुक्त श्री तत्त्वार्थाधिगमसूत्रान्तर्वती (संस्कृतटीकया समलङ्कृतः)

# पञ्चमः अध्यायः

**ટીકા :-** निर्देशस्वामित्वादिभिरनुयोगद्वारैर्लक्षणविधानभाजो जीवानभिधायोद्देशसूत्रे तत्समन्तरोपदिष्टानजीवान् विवक्षुः पञ्चमाध्यायसम्बन्धाभिप्रायेणाहः -

**भाष्यम् :- उक्ताः जीवाः, अजीवान् वक्ष्यामः ।**

**ભાષ્યનું ગુજરાતી :- જીવો સમજાવ્યા, હવે અમે અજીવો સમજાવીએ છીએ.**

**संस्कृत टीका :-** अभिहिता यथाशक्तिद्रव्यभावप्राणकलापवर्तिनो जन्तवः सुरतिर्यङ्मनुष्यनारकविधानतस्तथा साकारानाकारोपयोगद्वयलाञ्छनाविच्छिन्नचैतन्यशक्तितश्च ।

अधुना तु लक्षणविधानाभ्यामजीवान् धर्मादींश्चतुरः सहकालानभिधास्याम इति प्रत्यज्ञायि वाचकमुख्येन। अत प्रकृतप्रतिज्ञास्वतत्त्वप्रचिकाशयिषयेदमाह :-

**ગુજરાતી ભાષાંતર :** હવે પાંચમો અધ્યાય સમજાવાય છે. નિર્દેશ, સ્વામિત્વ વિગેરે અનુયોગ દ્વારો વડે તથા લક્ષણ અને ભેદ-પ્રભેદોથી જીવોનું સ્વરૂપ વર્ણવીને હવે મુખ્ય ઉદ્દેશવાળું જે સૂત્ર છે "जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम्" ૧-૪ માં કહેલા ક્રમ પ્રમાણે જીવતત્ત્વ પ્રથમના ૧ થી ૪ અધ્યાયમાં સમજાવીને હવે તેની અનન્તરપણે જણાવેલા અજીવતત્ત્વને સમજાવવાની ઈચ્છાવાળા ગ્રન્થકારશ્રી પાંચમા અધ્યાયની શરૂઆત કરતાં સૌથી પ્રથમ સંબંધ જણાવવાના અભિપ્રાયથી આ પ્રમાણે જણાવે છે કે :-

દ્રવ્યપ્રાણોના સમૂહને અને ભાવપ્રાણોના સમૂહને ધારણ કરનારા એવા જીવોને દેવ-તિર્યંચ-મનુષ્ય તથા નારકીના ભેદથી તથા સાકારોપયોગ અને નિરાકારોપયોગના ભેદથી એમ બે પ્રકારના ઉપયોગના લાંછનથી લાંછિત અને અખંડ ચૈતન્યશક્તિને ધારણ કરનારા એવા જીવદ્રવ્યોને ૧ થી ૪ અધ્યાયમાં યથાશક્તિ સમજાવવામાં આવ્યા છે.

હવે લક્ષણ દ્વારા તથા ભેદ-પ્રભેદ દ્વારા ધર્માસ્તિકાયાદિ ચાર અજીવદ્રવ્યોને તથા તેની સાથે કાળદ્રવ્યને અમે સમજાવીશું. આવા પ્રકારની પ્રતિજ્ઞા વાચકોમાં મુખ્ય એવા પૂજ્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજશ્રી વડે કરાઈ છે. એટલે એવી જે આ પ્રતિજ્ઞા કરાઈ છે તેના જ સ્વરૂપને પ્રકાશિત કરવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી આ પ્રમાણે જણાવે છે કે :-

## अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥५-१॥

## સૂત્રાર્થ :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તથા પુદ્‌ગલાસ્તિકાય એમ કુલ ચાર અજીવ દ્રવ્યો છે. ॥૫-૧॥

**संस्कृत टीका** :- उक्तलक्षणा जीवाः "उपयोगो लक्षणम्" (અધ્યાય-૨, સૂત્ર-૮) इति। न जीवा अजीवाः । द्रव्यभावप्राणानभिसम्बन्धादनात्तचैतन्यशक्तयः । वैशेषिकं जीवलक्षण मनुसन्धाय प्रतिषेधः क्रियते । न सत्त्वज्ञेयत्वप्रमेयत्वादि । "नञ्युक्तमिवयुक्त चे" त्यादिन्यायात्। अन्यथा व्योमोत्पलादिकल्पाः स्युरजीवा इत्यतो जीवद्रव्यविपर्यया भवन्त्यजीवाः ।

न चात्र द्रव्यवस्तुतयोर्विपर्यास इष्टः । यस्माद् द्रव्यत्वमेवानुशास्ति शास्त्रकारः । तथा वस्तुताविपर्यासे गगनेन्दीवरसमानताऽनुषज्येत धर्मादीनाम् । अतः पारिशेष्याच्चैतन्यगुणविपर्ययः । स च विपर्यासरूपः प्रतिषेधो द्विधा = प्रसज्यपर्युदासभेदात् । तयोर्मूललक्षणमिदम् :-

**ગુજરાતી ભાષાંતર** :- ઉપર કહેલા લક્ષણવાળા જીવો જાણવા.

**પ્રશ્ન** :- જીવોનું લક્ષણ શું ? તે તો જણાવો, જેનાથી અમે જીવતત્ત્વને જાણી શકીએ. તથા જીવતત્ત્વને જાણવાથી તેનાથી વિપરીતપણે જે હોય તેને જીવની વિપરીતતાના કારણે જ અજીવ છે એમ પણ અમે જાણી શકીએ, તે માટે "જીવ" કોને કહેવાય ? તે પ્રથમ સમજાવો.

**ઉત્તર** :- "उपयोगो लक्षणम्" બીજા અધ્યાયના આઠમા સૂત્રમાં ગ્રંથકારશ્રીએ જ જણાવ્યું છે કે "ઉપયોગ એ જીવનું લક્ષણ છે." જ્ઞાનશક્તિ તથા દર્શનશક્તિનો જે વપરાશ કરવો તે ઉપયોગ કહેવાય છે. તેવા પ્રકારના ઉપયોગવાળો જે પદાર્થ છે તેને જ જીવ કહેવાય છે. આ પ્રમાણે બીજા અધ્યાયમાં કહ્યું છે.

જે જીવ નથી તે અજીવતત્ત્વ જાણવું. અર્થાત્ દ્રવ્યપ્રાણોનો તથા ભાવપ્રાણોનો અભિસંબંધ ન હોવાથી "अनात्त" = નથી પ્રગટ થઈ. "चैतन्यशक्तयः" = ચૈતન્યશક્તિ જેમાં તેવા જે પદાર્થો, જેમકે ઘટ-પટ વિગેરે, તે પદાર્થો અજીવતત્ત્વ કહેવાય છે. સારાંશ એ છે કે જીવ નામના દ્રવ્યમાં ચૈતન્યગુણાત્મક જે વિશેષલક્ષણ રહેલું છે તે વિશેષલક્ષણનું

અનુસંધાન કરીને આ નિષેધ જણાવાય છે. ભાવાર્થ એવો છે કે જીવદ્રવ્યમાં રહેલું ચૈતન્ય નામનું જે વિશેષ લક્ષણ છે, તે લક્ષણ નથી જેમાં તે અજીવ કહેવાય છે. આવો અર્થ કરવો.

પરંતુ જીવદ્રવ્યમાં રહેલું સત્ત્વ (અસ્તિત્વ), જ્ઞેયત્વ અને પ્રમેયત્વ વિગેરે જે સામાન્ય લક્ષણ છે કે જે ધર્મો સર્વ દ્રવ્યોમાં સંભવે છે. તેવા સામાન્ય ધર્મોથી અર્થાત્ સામાન્ય લક્ષણોથી આ પ્રતિષેધ ન જાણવો. કારણ કે જ્યાં જ્યાં नञ् થી યુક્ત તથા इव થી યુક્ત શબ્દ વપરાય છે. તે પોતાના સદૃશનો જ નિષેધ અને સદૃશની જ સમાનતા જણાવે છે. આવા પ્રકારનો ન્યાય હોવાથી अजीव શબ્દમાં જીવનો પ્રતિષેધ હોવાથી જીવનો જે ચૈતન્યાદિ વિશેષ ગુણ છે તે વિશેષગુણ જેમાં નથી તે અજીવ છે આવો અર્થ કરવો. પરંતુ જીવમાં રહેલા જે અસ્તિત્વ, જ્ઞેયત્વ અને પ્રમેયત્વરૂપ જે જે સામાન્યધર્મો છે તેનો નિષેધ ન જાણવો.

अन्यथा = ઉપર કહેલો અર્થ જો ન કરીએ અને વિશેષગુણની સાથે સામાન્ય ગુણનો પણ જો નિષેધ કરીએ તો જીવમાં રહેલા અસ્તિત્વ જ્ઞેયત્વ અને પ્રમેયત્વાદિ સામાન્ય ધર્મો પણ જેમાં નથી તે અજીવ આવો અર્થ જો કરીએ તો व्योमोत्पलादितुल्यः = સર્વે પણ અજીવ પદાર્થો આકાશપુષ્પની જેમ સર્વથા અસત્ રૂપે જ થઈ જાય, ત્યાં નિષેધ કરવો નિરર્થક થાય. કારણ કે તેવો કોઈ પદાર્થ સંભવતો જ નથી હોતો. તે તો સર્વથા શૂન્યાત્મક જ થાય. માટે સામાન્ય ગુણોને આશ્રયી નિષેધ ન જાણવો. પરંતુ વિશેષગુણને આશ્રયી નિષેધ જાણવો.

આ પ્રમાણે અર્થ હોવાથી જીવદ્રવ્યથી વિપરીત ભાવવાળું જે દ્રવ્ય છે તે અજીવદ્રવ્ય કહેવાય છે આવો અર્થ કરવો. આ નિષેધમાં જીવદ્રવ્યમાં જેવું દ્રવ્યપણું અને વસ્તુપણું રહેલું છે તેવું જ દ્રવ્યપણું અને વસ્તુપણું અજીવમાં પણ રહેલું છે. માટે અહીં દ્રવ્યત્વધર્મનો કે વસ્તુત્વધર્મનો એમ સામાન્ય ધર્મનો વિપર્યાસ (વિપરીતપણું અર્થાત્ નિષેધ) ન સમજવો.

કારણ કે "દ્રવ્યત્વ" એ તો જીવ અને અજીવ એમ ઉભયમાં રહેનારો ધર્મ છે એમ શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે એવી જ રીતે જે વસ્તુતા નામનો સામાન્ય ગુણ છે. તેનો જો નિષેધ કરવામાં આવે તો ધર્માસ્તિકાયાદિ શેષ ચારે દ્રવ્યોની ગગનેન્દીવરતા (આકાશપુષ્પ) ની સાથે સમાનતા જ પ્રાપ્ત થાય તેનો અર્થ એ થાય છે કે આ ચારે દ્રવ્યો જગતમાં છે જ નહીં. આવો અર્થ થઈ જાય જે બરાબર નથી.

પરંતુ આવો અર્થ ન કરતાં એવો અર્થ કરવો કે જીવમાં જેવું ચૈતન્ય છે. તેવું ચૈતન્ય નથી જેમાં એવા ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો છે આવો અર્થ કરવો. પરંતુ જીવમાં રહેલા સત્ત્વ (અસ્તિત્વ) જ્ઞેયત્વ અને પ્રમેયત્વાત્મક સામાન્યગુણોનો નિષેધ કરીને અજીવદ્રવ્યો असत् છે. अज्ञेय છે અને अप्रमेय છે. આવો અર્થ ન કરવો. સારાંશ કે સામાન્ય ગુણોનો નિષેધ ન કરવો. પંરતુ વિશેષ ગુણોનો જ નિષેધ કરીને વિપરીતપણું જાણવું.

હવે વિશેષગુણોનો નિષેધ કરવા સ્વરૂપ જે વિપરીતતા છે. તે **નિષેધ** શાસ્ત્રોમાં બે પ્રકારનો જણાવ્યો છે. (૧) પર્યુદાસ અને (૨) પ્રસજ્ય. આવા પ્રકારના નામથી તે નિષેધ બે પ્રકારનો છે. તે બન્ને પ્રકારના નિષેધનાં મૂલ લક્ષણો આ પ્રમાણે છે -

**"प्रतिषेधोऽर्थनिर्दिष्ट, एकवाक्यं विधेः परः ।**
**तद्वानस्वपदोक्तश्च, पर्युदासोऽन्यथेतरः ॥१॥"**

જે પ્રતિષેધ, વિધાનવાળા પદાર્થથી ભિન્ન પદાર્થ સ્વરૂપ અર્થનો નિષેધ કરતો હોય, તે નિષેધવાળો પદાર્થ સ્વપદથી કહેલા અર્થથી ભિન્ન એવો પણ પદાર્થ જગતમાં સત્‌રૂપે હોય તે પર્યુદાસ નઞ્ કહેવાય છે. તેનાથી જે ઈતર અર્થાત્ કેવળ નિષેધ માત્ર જ જણાવાય તે પ્રસજ્ય નઞ્ કહેવાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે -

**संस्कृत टीका :-** जीवादन्योऽजीव इति पर्युदासः सतः एव वस्तुनोऽभिमतः । विधिप्रधानत्वात्, अतस्तुल्यास्तित्वेषु भावेषु चैतन्यनिषेधद्वारेण धर्मादिष्वजीवा इत्यनुशासनम् ॥

अपरे वर्णयन्ति = जीवनामकर्मणः प्रतिषेधोऽत्र विवक्षितः तच्च जीवनाम जीवनात् किल भवति । अतोऽचेतनेष्वकर्मसु च वस्तुषु तुल्येऽस्तित्वे धर्मादिष्वजीवत्वमिति ॥

अत्र द्वयं दुष्यति । प्राक् तावद् वाचोयुक्तिरेवानुपपन्ना "जीवनामकर्मेति" । न हि किञ्चिज्जीवनामकर्म प्रसिद्धमागमे । आयुर्हि जीवनमुच्यते, न पुनर्नामेति । तथा यद्यकर्मसु वस्तुष्वजीवत्वविधिः सिद्धानामप्यजीवत्वप्रसङ्गः । ततश्चाजीवकाया धर्माधर्माकाशसिद्धपुद्गला इति षडस्तिकायाः प्रसज्येरन् ॥

**ગુજરાતી ભાષાંતર :-** જીવથી અન્ય એવો જે પદાર્થ છે તે અજીવ કહેવાય છે એમ પર્યુદાસ નઞ્ લેવાનો છે. તેથી જીવથી અન્ય એવો ઘટ-પટાત્મક પદાર્થ સત્ છે તે પદાર્થને જ અજીવત્વ સ્વરૂપે માનેલું છે. જેમ જગતમાં જીવનું અસ્તિત્વ છે તેમ તુલ્ય અસ્તિત્વવાળા પદાર્થોમાં જ જ્યાં જ્યાં ચૈતન્ય એવા વિશેષ ધર્મનો નિષેધ છે. તે નિષેધ જણાવવા દ્વારા ધર્માસ્તિકાયાદિ જે ચાર દ્રવ્યો અસ્તિત્વ ધરાવે છે એવા પ્રકારના તુલ્ય અસ્તિત્વ આદિ સામાન્ય ધર્મવાળા પરંતુ માત્ર ચૈતન્યાત્મક વિશેષધર્મ વિનાના એવા ધર્માસ્તિકાયાદિ ચાર પદાર્થોમાં જ અજીવ શબ્દ વપરાય છે. આવા પ્રકારનું અનુશાસન છે. (મહાપુરુષોનું કથન છે.) આ પ્રમાણે ઉપરની વાતનો આ સાર છે.

બીજા કેટલાક આચાર્યો એમ કહે છે કે अजीव એવા આ શબ્દમાં જીવનામકર્મ(ના ઉદય)નો નિષેધ વિવક્ષાયેલ છે તે જીવનામકર્મ જીવન જીવવાથી થાય છે. આ કારણથી અચેતન એવા ધર્માસ્તિકાયાદિ ચાર પદાર્થોમાં અસ્તિત્વધર્મ જીવની સાથે તુલ્ય હોવા છતાં પણ જીવનપ્રક્રિયા નથી. તે માટે તે ચારમાં અજીવતત્ત્વ કહેલું છે.

અન્ય આચાર્યોએ જે આ નવો અર્થ કલ્પ્યો છે તેમાં બે દૂષણો આવે છે. પહેલું દૂષણ તો તે જ છે કે "जीवनामकर्म" આવા પ્રકારનું ઉચ્ચારણ કરવું તે જ અનુચિત છે. આવું વચન બોલવું તે યુક્તિ વિનાની વાત છે. કારણ કે જૈન આગમશાસ્ત્રોમાં "जीवनामकर्म" એ નામનું કોઈ નામકર્મ પ્રસિદ્ધ જ નથી. કારણ કે નામકર્મના ૪૨, ૬૭, ૯૩ અને ૧૦૩ ભેદોમાં ક્યાંય જીવનામકર્મ એવા નામવાળું કર્મ આવતું જ નથી.

આયુષ્યને જીવન કહેવાય છે પરંતુ નામકર્મ એ કંઈ જીવન કહેવાતું નથી. એટલે જીવ એવું નામકર્મ આગમમાં ક્યાંય નથી તેથી આગમની સાથેનો વિરોધ આ પ્રથમ દોષ સમજાવ્યો.

તથા બીજો દોષ તે આવે છે કે જે જે પદાર્થો કર્મ વિનાના અર્થાત્ अकर्मक હોય ત્યાં ત્યાં अजीवत्व જો કહેવાતું હોય તો સિદ્ધ પરમાત્માઓને પણ અકર્મકતા હોવાથી अजीवता માનવાની આપત્તિ આવશે. તેથી પાંચમા અધ્યાયના પ્રથમસૂત્રમાં "अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः" આ પ્રમાણે જે કહ્યું છે તેને બદલે "अजीवकाया धर्माधर्माकाश-सिद्धपुद्गलाः એમ કુલ છ અસ્તિકાય દ્રવ્યો છે એમ કહેવાનો પ્રસંગ આવશે.

કારણ કે જે અનંતા સિદ્ધ પરમાત્માઓ છે તે સર્વે પણ કર્મ વિનાના હોવાથી અકર્મકતાના કારણે અજીવમાં જ ગણાશે. જેથી અજીવ દ્રવ્યો ધર્મ-અધર્મ-આકાશ-સિદ્ધ અને પુદ્ગલ એમ પાંચ અને જીવદ્રવ્ય એક એમ કુલ છ અસ્તિકાયદ્રવ્યો થશે. જે આ કલ્પના છે તે આગમશાસ્ત્રોની સાથે બાધિત છે. માટે આ કલ્પના પણ બરાબર નથી.

**संस्कृत टीका :-** अथ मतमचेतनेष्वकर्मस्वजीवत्वम् । एवं तर्हि चैतन्यप्रतिषेध एव ज्यायान्, किं जीवनप्रतिषेधेनेति ? जीवो न भवत्यजीव इति प्रसज्यप्रतिषेधः, स च प्रसक्तस्य भवति भूयसेति ।

अत्र च न कथञ्चित् प्रसक्तश्चैतन्यधर्म इत्यत उपेक्ष्यते । अजीवानां कायाः अजीवकायाः, शीलापुत्रकस्य शरीरमित्यभेदेऽपि षष्ठी दृष्टा । तथा सुवर्णस्याङ्गुलीयकम् । अन्यत्वाशङ्काव्यावृत्त्यर्थो वा कर्मधारय एवाभ्युपेयते अजीवाश्च ते कायाश्चेत्यजीवकायाः । कायशब्दः उपसमाधानवचनः । प्रदेशानामवयवानां च सामीप्येनान्योन्यानुवृत्त्या सम्यग्मर्यादया धारणमवस्थानमुपसमाधानम् ।

अथवा काया इवैते कायाः शरीराणि यथा प्रदेशावयवित्वात् कायशब्दवाच्यान्येवमेतेऽपीति कृतद्वन्द्वाश्चैते धर्मादयो निर्दिष्टाः ॥

**ગુજરાતી ભાષાંતર :-** હવે અહીં કોઈક અન્ય આચાર્યનો જે ભિન્ન અભિપ્રાય છે તે જણાવતાં ટીકાકારશ્રી કહે છે કે અચેતન અને અકર્મક એવા પદાર્થોમાં જ અજીવત્વ હોય

છે. ત્યાં ગ્રંથકારશ્રી જણાવે છે કે (ચૈતન્યગુણનો જેમાં જેમાં પ્રતિષેધ છે એવા) અચેતન દ્રવ્યોમાં જ અજીવત્વ છે આટલું જ કહેવું તે ઉચિત છે. પરંતુ अकर्मकेषु આવું વિશેષણ લગાવવાની કંઈ જરૂર નથી. માત્ર ચૈતન્યનો નિષેધ કરો તે જ શ્રેયસ્કર છે. જે જે અજીવદ્રવ્યો છે તેમાં તેમાં ચૈતન્યધર્મ નથી. આટલો જ નિષેધ પુરતો છે.

પરંતુ अकर्मकेषु લખવાની કંઈ જ જરૂર નથી. તથા अजीवेषु શબ્દમાં જીવનનો એટલે કે ચૈતન્યગુણનો જ નિષેધ જણાવેલો છે. જીવનધર્મ નથી એટલે ચૈતન્ય નથી. તેમાં વિવક્ષિત અર્થ આવી જાય છે તથા જીવનપ્રક્રિયા વાળામાં જ કર્મનો સંયોગ થવો તથા વિયોગ થવો વિગેરે ઘટે છે. પરંતુ જે જે દ્રવ્યો ચૈતન્યગુણ વિનાનાં જ હોય છે અને અજીવ જ હોય છે ત્યાં ત્યાં કર્મો ક્યાંય હોતાં જ નથી તો अकर्मकेषु વિશેષણ લખવું તે વ્યર્થ છે.

માત્ર "जीवो न भवतीति अजीवः" આ પ્રમાણે નઞ્ તત્પુરુષ સમાસ કરવાથી અને જીવનનો જ માત્ર નિષેધ કરવાથી પ્રસજ્ય અર્થવાળો નઞ્ લગાડવાથી સઘળું ય કાર્ય થઈ જાય છે. જે જ્યાં પ્રસક્ત (પ્રાપ્ત) હોય તેનો જ ત્યાં ક્યારેક નિષેધ જણાવાય છે. જેમ તળાવમાં પાણીનો સંભવ છે એટલે જ્યાં પાણી ન હોય ત્યાં "આ તળાવમાં પાણી નથી" આમ કહેવાય છે.

આ પ્રમાણે જ્યાં જે વસ્તુ પ્રાપ્ત હોવાનો સંભવ હોય છે તેનો ત્યાં ક્યારેક નિષેધ કહેવાય છે. જીવ જેમ એક દ્રવ્ય છે તેથી તેમાં ચૈતન્ય છે. તેવી જ રીતે અજીવ એ પણ એક દ્રવ્ય છે એટલે તેમાં ચૈતન્ય હશે કે કેમ ? એમ સમજીને નિષેધ કરાય છે કે જીવ અને અજીવ આ બન્ને દ્રવ્યપણે સમાન છે. તો પણ એકમાં ચૈતન્ય છે અને બીજામાં ચૈતન્ય નથી. ન્યાયશાસ્ત્રમાં કહ્યું છે કે "सम्भवव्यभिचाराभ्यां स्याद् विशेषणमर्थवत्" જ્યાં જે ધર્મનો સંભવ હોય તથા જ્યાં વ્યભિચાર આવતો હોય તો જ ત્યાં તે વિશેષણ અર્થવાળું કહેવાય છે.

अजीवानां कायाः इति अजीवकायाः આ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવો. જો કે સામાન્યથી ષષ્ઠી વિભક્તિ ભેદ અર્થમાં થાય છે. જેમ કે "રામચંદ્રજી દશરથ રાજાના પુત્ર છે" આ વાક્યમાં દશરથ રાજાને જે ષષ્ઠી વિભક્તિ આવી છે તેથી રામચંદ્રજી દશરથ રાજાથી ભિન્ન છે એમ સમજાય જ છે. "મારા પૈસા તે ભાઈએ લીધા" આ વાક્યમાં "મારા" શબ્દને જે છઠ્ઠી વિભક્તિ જણાય છે તે પણ ભેદમાં જ છે. આ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ ભિન્ન અર્થમાં થાય છે.

છતાં ક્યારેક અભેદ હોય ત્યાં પણ વિપક્ષાના વશથી ભેદની કલ્પના કરીને પણ ષષ્ઠી વિભક્તિ થાય છે. જેમકે "शिलापुत्रकस्य शरीरम्" શિલાપુત્રકનું શરીર આ વાક્યમાં શિલાપુત્રકને જે ષષ્ઠી વિભક્તિ આવી છે ત્યાં શીલાપુત્રક અને તેનું શરીર આ બન્ને એકમેક પદાર્થ

હોવાથી છે અભેદ, તો પણ શીલાપુત્રક એ જીવ સમજવો. શરીર તેનો આધાર સમજવો. જેથી तिलेषु तैलम् આ વાક્યમાં જેમ ભેદ છે. તેની જેમ અહીં પણ ભેદની વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ થયેલ છે.

તથા જ્યાં જ્યાં અભેદ હોય ત્યાં ત્યાં વિવક્ષાના વશથી જો ભેદ વિચારવામાં આવે તો ષષ્ઠી થઈ શકે છે. તેનું બીજું એક ઉદાહરણ આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે 'सुवर्णस्याङ्गुलीयकम्'' ''સોનાની વીંટી'' આ વાક્યમાં સુવર્ણ અને વીંટી ભિન્ન ભિન્ન નથી તો પણ બુદ્ધિથી બન્નેનો ભેદ કલ્પાય છે. સુવર્ણ એ દ્રવ્ય છે. તેમાં વીંટીનો ઘાટ પ્રગટ થયેલ છે એમ આધાર-આધેયભાવ કલ્પીને ભેદ સમજવામાં અને સમજાવવામાં આવે છે. જેથી છઠ્ઠી વિભક્તિ થાય છે. જો કે વાસ્તવિક તો અભેદ જ છે તો પણ બુદ્ધિથી એકને દ્રવ્ય અને બીજાને પર્યાય એમ ભેદ કલ્પીને છઠ્ઠી વિભક્તિ કરવામાં આવી છે. પરમાર્થથી તો સુવર્ણ પોતે જ વીંટી સ્વરૂપે પરિણામ પામેલું છે.

અથવા ''अन्यत्वाशङ्काव्यावृत्त्यर्थो वा कर्मधारय एवाभ्युपेयते'' એટલે કે ષષ્ઠી તત્પુરુષ સમાસ જ્યાં જ્યાં થયો હોય ત્યાં ત્યાં ભેદ જ હોય આવા પ્રકારની મનમાં રહેલી અન્યત્વની (ભેદની) જે શંકા છે તેને દૂર કરવા માટે પણ ત્યાં તત્પુરુષ સમાસ ન કરતાં કર્મધારય સમાસ કરવો.

अजीवानां कायाः इति अजीवकायाः આવો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવાને બદલે अजीवाश्च ते कायाश्च इति अजीवकायाः અજીવ સ્વરૂપ એવી જે કાયા તે અજીવ કાયા આવા પ્રકારનો સમાસ કરવાથી અભેદ જ આવશે એટલે ભેદની શંકા રહેતી જ નથી.

આવો કર્મધારય સમાસ કરવામાં काय શબ્દ સમૂહ વાચી નથી. પરંતુ ઉપસમાધાનવાચી જાણવો. ઉપસમાધાન એટલે કે પ્રદેશોનું અથવા અવયવોનું અતિશય સમીપપણે વર્તવાપણું, અરસ-પરસ મીલનપણાના સ્વભાવે વર્તીને પોતપોતાની ઉચિત મર્યાદા પૂર્વક એક-બીજાને ધારણ કરી રાખવા અર્થાત્ પકડી રાખવા તે ઉપસમાધાન કહેવાય છે. આવો અર્થ કરવાથી ભેદ રહેતો જ નથી. જેથી કોઈ સવાલ બાકી રહેતો જ નથી.

અથવા આ પંક્તિનો ત્રીજો પણ એક અર્થ એવો પણ થાય છે તે ગ્રંથકારશ્રી જણાવે છે કે "કાયાના જેવા જે આ ધર્માદિ પદાર્થો છે તે પણ કાય જ કહેવાય છે. અર્થાત્ પાંચે શરીરો જેમ પ્રદેશોના અવયવી હોવાથી કાય શબ્દ વડે સમજાય છે. તેવી જ રીતે ધર્મ-અધર્મ-આકાશ અને પુદ્ગલ આ ચારે દ્રવ્યો પણ પ્રદેશોના અવયવી હોવાથી અથવા નાના નાના અવયવોને યથાસ્થાને જોડનાર હોવાથી અવયવી જ છે. એટલે કાય જ કહેવાય છે. ત્યારબાદ આ ચારે દ્રવ્યોનો (દ્રવ્યવાચી પદોનો) द्वन्द्व સમાસ કરેલો છે. સમાસ કરીને કાયશબ્દથી આ ચારે દ્રવ્યો જણાવેલાં છે. આ અર્થ પણ ઉચિત જ છે.

**संस्कृत टीका :-** तत्र धर्मो वक्ष्यमाणगत्युपग्रहकार्यानुमेयः ॥ स्थित्युपग्रहानुमेयश्चाधर्मः ॥ अथादृष्टौ धर्माधर्मौ शुभाशुभफलदायिनौ कस्मान्न गृह्येते ? उच्यते, द्रव्यप्रस्तावापास्तत्वाद्, गुणत्वे सति तयोरप्रसङ्गः ॥

अपि च - जैनानां धर्माधर्मौ शुभाशुभफलप्रसवसमर्थौ मूर्ताविव पुद्गलात्मकत्वादतः पुद्गलग्रहणेनैव तयोर्ग्रहणमिति नास्ति तद्विषया मनागप्यारेका । अवगाहोपकारानुमेयमाकाशम् । अलोकाकाशं कथमिति चेत् ? अनवगाह्यत्वादिति ?

उच्यते - तद्धि व्याप्रियेतैवावकाशदानेन यदि गतिस्थितिहेतू धर्माधर्मौ तत्र स्याताम् । न च तत्र स्तस्तौ । तदभावाच्च विद्यमानोऽप्यवगाहगुणो नाभिव्यज्यते किलालोकाकाशस्येति ॥

**ગુજરાતી ભાષાંતર :-** ત્યાં હવે આગળ ૫-૭ સૂત્રમાં કહેવાશે. તેમ જીવ અને પુદ્ગલ દ્રવ્યોને ગતિક્રિયા કરવામાં ઉપગ્રહ એટલે કે સહાય કરવાનું કામકાજ કરનારાં તરીકે અનુમાન નામના પ્રમાણથી જાણવા લાયક એવું આ ધર્માસ્તિકાય દ્રવ્ય છે.

તથા સ્થિતિકાર્ય (ઉભા રહેવાનું કાર્ય) કરવામાં ઉપગ્રહકાર્ય (સહાય કરવાનું કાર્ય) કરનાર તરીકે અનુમાનપ્રમાણથી જાણી શકાય એવું જે આ દ્રવ્ય છે. તે અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે.

**પ્રશ્ન :-** અન્ય દર્શનશાસ્ત્રોમાં "अदृष्ट" અર્થાત્ ભાગ્ય નસીબ આવા શબ્દથી પ્રસિદ્ધ એવા જે ધર્માધર્મ (પુણ્ય-પાપ) નામનાં તત્ત્વો છે કે જે નૈયાયિક-વૈશેષિકોએ માનેલા ૨૪ ગુણોમાં ગુણસ્વરૂપે ગણાવ્યા છે. તર્કસંગ્રહ-મુક્તાવલી આદિ ન્યાયના ગ્રંથોમાં જણાવેલા ૨૪ ગુણોમાં જે ધર્માધર્મ નામના બે ગુણો કહેલા છે તે અહીં કેમ નથી લેવાતા ? અર્થાત્ ત્યાં તર્કસંગ્રહાદિમાં જે ગુણાત્મકપણે ધર્માધર્મ કહેલા છે તે જ આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે આમ અર્થ કેમ નથી કરાતો ?

**ઉત્તર :-** ત્યાં તર્કસંગ્રહાદિ ન્યાયશાસ્ત્રોમાં જે ધર્મ અને અધર્મ છે. તે ૨૪ ગુણોમાં ગુણાત્મક સ્વરૂપે વર્ણવેલા છે અને અહીં અમે જૈનદર્શનમાં ધર્માધર્મ એટલે કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ નામનાં બે લોકાકાશવ્યાપી દ્રવ્યો પદાર્થો સમજાવીએ છીએ તે માટે ગુણસ્વરૂપે કહેલા તે ધર્મ અને અધર્મ અહીં ન સમજવા. કારણ કે હાલ દ્રવ્યોનું વર્ણન ચાલે છે એટલે દ્રવ્યોનો પ્રસંગ હોવાથી ગુણાત્મકપણે માનેલા તે પદાર્થોની વિચારણા अपास्तत्वात् = દૂર કરાયેલી છે. કારણ કે તેમના શાસ્ત્રમાં તે ગુણ તરીકે જણાવ્યા છે જ્યારે આ તો દ્રવ્ય સમજાવાય છે. માટે આ વિષયનો ભ્રમ ન કરવો. બન્ને સમાન છે એમ ન જાણવું.

તથા વળી અન્યદર્શનમાં ગુણ તરીકે જણાવેલા જે ધર્મ અને અધર્મ છે તે જૈનદર્શનના

અનુયાયી જીવોને તો શુભ અને અશુભ ફળ આપનારાં પુણ્ય અને પાપ એવા નામવાળાં કર્મો જ છે. અર્થાત્ તે પણ કાર્મણવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જ હોવાથી કર્મ નામનું રૂપી દ્રવ્ય જ છે. આ કારણથી પુદ્ગલાસ્તિકાય નામનું એક દ્રવ્ય અમે હમણાં જ સમજાવવાના છીએ. તેમાં જ પુણ્ય અને પાપ નામ છે, જેમાં એવા ધર્મ અને અધર્મનું ગ્રહણ આવી જાય છે. અને તે કર્માત્મક હોવાથી પુદ્ગલદ્રવ્ય છે પરંતુ ગુણસ્વરૂપ નથી જ. તેથી मनागपि = આ વિષયમાં જરા પણ શંકા રહેતી નથી જ.

अवगाह (જગ્યા) આપવાનું કામ કરવા સ્વરૂપે ઉપકાર કરનારું જે દ્રવ્ય છે તે અનુમાન પ્રમાણથી ગ્રાહ્ય એવું **આકાશ** નામનું ત્રીજું દ્રવ્ય છે. આ આકાશદ્રવ્ય (આકાશાસ્તિકાય દ્રવ્ય) સર્વ જીવોને અને પુદ્ગલોને તથા ધર્માધર્મ દ્રવ્યને અવગાહ (અવકાશ-જગ્યા) આપવાનું કામ કરે છે.

**પ્રશ્ન :** ચૌદ રાજલોક પ્રમાણ, જૈનદર્શનકારોને માન્ય એવો જે આ લોકાકાશ છે તેનાથી બહાર અનંતો જે અલોકાકાશ છે. ત્યાં જે આકાશ દ્રવ્ય છે તેને આકાશાસ્તિકાય દ્રવ્ય કેમ કહેવાશે ? કારણ કે ત્યાં અવગાહ કરનાર કોઈ દ્રવ્ય (જીવ કે પુદ્ગલ) તો છે જ નહીં. તેથી ત્યાંનો આકાશ કોને અવકાશ આપતો હશે ? ત્યાં અવગાહ લેનાર કોઈ દ્રવ્ય ન હોવાથી આકાશમાં અવગાહ આપવાનું લક્ષણ ઘટશે નહીં જ, આ રીતે ત્યાંના આકાશમાં અવગાહદાનતા ન સંભવતી હોવાથી આકાશદ્રવ્યપણું નથી જ આવો અર્થ થશે. ધર્મ ન હોવાથી ધર્મીનો પણ અભાવ જ થશે.

**ઉત્તર :** ત્યાં રહેલું આકાશાસ્તિકાય દ્રવ્ય પણ અવગાહ આપવાના સ્વભાવવાળું જ છે. પરંતુ ત્યાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ન હોવાથી કોઈ પણ જીવ કે પુદ્ગલ ગતિ-સ્થિતિ કરતું જ નથી. તેથી સહાય લેનારા દ્રવ્યોના અભાવે ત્યાંના આકાશમાં અવગાહદાયકતા ગુણ (અંદર સત્તાગત હોવા છતાં પણ) પ્રગટ થતો નથી.

અલોકાકાશમાં પણ અવગાહ આપવાનો ગુણ નથી એમ નહીં તે ગુણ તો તેમાં પણ છે જ. પરંતુ અવગાહ લેનારાં કોઈ દ્રવ્યો ન હોવાથી અવગાહદાયકતા નામનો આ ગુણ પ્રગટ થતો નથી. (અભિવ્યક્ત થતો નથી) કામ કરતો નથી પણ તે ગુણ નથી એમ નહીં. ત્યાં પણ આકાશમાં આ ગુણ અવશ્ય છે જ.

**संस्कृत टीका :-** पूरणाद् गलनाच्च पुद्गलाः । संहन्यमानत्वाद् विसंहतिमत्वाच्च । पुरुषं वा गिलन्ति, पुरुषेण वा गीर्यन्ते इति पुद्गलाः । मिथ्यादर्शनादिहेतुवर्तिनं पुमांसं बध्नन्ति वेष्टयन्तीति गिरणार्थः । इतरत्रादानार्थो गिरति, पुरुषेणादीयन्ते कषाययोगभाजा कर्मतयेति पुद्गलाः ॥

सत्यजीवत्वे कालः कस्मान्न निर्दिष्ट इति चेत् ? उच्यते = स त्वेकीयमतेन द्रव्यमित्याख्यास्यते द्रव्यलक्षणप्रस्ताव एव । अमी पुनरस्तिकायाः व्यचिख्यासिताः । न च कालोऽस्तिकायः एकसमयत्वादिति ॥

**ગુજરાતી ભાષાંતર** :- પુદ્‌ગલાસ્તિકાય શબ્દમાં આવતા "પુદ્‌ગલ" શબ્દનો અર્થ સમજાવતાં ટીકાકારશ્રી જણાવે છે કે પૂરણ અને ગલન (અર્થાત્ જોડાવું અને વિખેરાવું) આવા ધર્મવાળો જે પદાર્થ છે તે જ પુદ્‌ગલ દ્રવ્ય કહેવાય છે. તે પુદ્‌ગલદ્રવ્યમાંથી પ્રતિસમયે પરમાણુઓનો પુંજ संहन्यमान = જોડાય છે મળે છે. સંયોગ પામે છે અને विसंहतिमत्त्वात्व = વિખુટાં પડવું ભિન્ન થવું-વિખેરાવું આવા સ્વભાવવાળું જે દ્રવ્ય છે, તે જ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય છે આમ જાણવું.

અથવા પુરણ અને ગલન ને બદલે બીજી પણ એક વ્યુત્પત્તિ આ શબ્દમાં થાય છે पुरुषं गिलन्ति ચારે બાજુથી પુરુષને ગળી જાય પુરુષની ચારે બાજુ જે વીંટળાઈ જાય અથવા પુરુષ વડે જે ગ્રહણ કરાય (અને મુકાય) તેને પણ પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે. આત્માની ચારે બાજુ શરીરસ્વરૂપે અને કર્મસ્વરૂપે જે વીંટાય, તે પુદ્‌ગલદ્રવ્ય કહેવાય આવો પણ અર્થ થાય છે.

મિથ્યાદર્શન વિગેરે હેતુઓમાં (મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગ આવા પ્રકારના કર્મબંધના કારણભૂત એવા હેતુઓમાં) વર્તતા એવા પુરુષને જે બાંધે છે. પુરૂષની ચારે બાજુ જે વીંટળાય છે તે પુદ્‌ગલ દ્રવ્ય કહેવાય છે અને गृ ધાતુનો અર્થ બાંધવું. વીંટળાવવું આવો અર્થ કરવો. આ સ્થાન વિના બીજા સ્થાનોમાં आदान નો અર્થ ગ્રહણ કરવું એવો અર્થ કરવો. गिरति એટલે ગ્રહણ કરાય, કર્મસ્વરૂપે બંધાય તે પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે.

કષાય અને યોગને ભજનારા જીવો વડે कर्मतया = કર્મસ્વરૂપે જે ગ્રહણ કરાય છે તે પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે.

**પ્રશ્ન** : આ સૂત્રમાં અજીવતત્ત્વનું વર્ણન સમજાવાય છે તો કાળ નામનું એકદ્રવ્ય सति अजीवत्वे = અજીવ સ્વરૂપે હોવા છતાં પણ તમે કેમ જણાવતા નથી ? ધર્મ-અધર્મ-આકાશ અને પુદ્‌ગલ એમ ચાર જ અજીવદ્રવ્યો છે. એમ કેમ સમજાવો છો ? કાળને કેમ કહેતા નથી ?

**ઉત્તર** :- उच्यते = ઉપરોક્ત પ્રશ્નનો જવાબ અપાય છે. આ **કાળ** નામનું દ્રવ્ય કોઈક કોઈક આચાર્યના મતે જ છે. પરંતુ સર્વસંમત નથી. આ વાત દ્રવ્યના લક્ષણનું જ્યારે વર્ણન કરવામાં આવશે ત્યારે ત્યાં જ સમજાવવામાં આવશે તથા વળી જે अस्तिकाय (પ્રદેશોના પિંડાત્મક) દ્રવ્યો છે. તેનું જ આ વ્યાખ્યાન કરાય છે.

કાળ એ અસ્તિકાય (પ્રદેશોના પિંડાત્મક) દ્રવ્ય નથી. જ્યારે જુઓ ત્યારે એક સમય પસાર થાય પછી જ બીજો સમય આવે છે. પરંતુ ક્યારેય બે-ચાર-સમયો સાથે મળીને પિંડાત્મક થતા નથી. જ્યારે જ્યારે દૃષ્ટિપાત કરશો ત્યારે કાળ એક સમયાત્મક જ જણાશે. તેનો પિંડ થતો નથી. માટે કાળ એ અસ્તિકાય દ્રવ્ય નથી. તેથી તેનું વર્ણન અહીં કરવામાં આવતું નથી.

**भाष्यम् :- धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायः पुद्गलास्तिकाय इत्यजीवकायाः । तान् लक्षणतः परस्ताद् वक्ष्यामः । कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमद्धासमयप्रतिषेधार्थं च ॥१॥**

**ભાષ્યનું ગુજરાતી :- ધર્માસ્તિકાય[1], અધર્માસ્તિકાય[2], આકાશાસ્તિકાય[3] અને પુદ્‌ગલાસ્તિકાય[4] એમ કુલ-૪ (ચાર) અજીવકાય દ્રવ્યો છે. તે ચારે દ્રવ્યોને લક્ષણથી અમે આગળ ઉપર સમજાવીશું. આ ચારે દ્રવ્યોમાં જે काय શબ્દ વાપરવામાં આવ્યો છે તે પ્રથમના ત્રણ દ્રવ્યોમાં પ્રદેશોની બહુલતા જણાવવા તથા ચોથા પુદ્‌ગલાસ્તિકાયદ્રવ્યમાં અવયવોની બહુલતા જણાવવા માટે છે.**

**તથા કાળના સમયોમાં સમૂહાત્મકપણું નથી. એક સમય પસાર થાય છે. પછી જ બીજો સમય આવે છે. આ પ્રમાણે કાળમાં અસ્તિકાયના નિષેધ માટે જ આ ચારમાં काय = સમૂહ અર્થ સમજાવવામાં આવે છે. ॥૧॥**

**संस्कृत टीका :-** धर्मास्तिकाय इत्यादि भाष्यम् । सूत्रे धर्मादयः कायग्रहणं च साक्षात्कृतं, तदप्यजीवपदसम्बद्धं भाष्यकारः । सामानाधिकरण्यनिर्देशे सति धर्मादिभिः सह संघटयति-प्रत्येकं धर्मास्तिकाय इति ॥

ननु च "धर्मकाय" इति भाव्यम् । एवमस्तिशब्दोऽन्तरालवर्ती कुतोऽतर्कितः पतित इति ? ॥

उच्यते, ज्ञानशब्दयोर्निबन्धनमुभयमर्थविदः प्रचक्षते स्वभावरूपमापत्तिरूपं च । तत्र प्रत्यस्तमितनिरवशेषविशेषणः स्वभावरूपः सर्वदाऽप्यविकार्यो येनांशेन ध्रौव्यपदव्यपदेशमश्नुतेऽसौ । यथा चैतन्यमात्मनोऽकृत्रिमम् । मूर्तत्वं वा पुद्गलद्रव्यस्य, धर्मादीनाममूर्तत्वं सकललोकव्यापिता गत्याद्युपग्रहादिलक्षणानि च ध्रुवाण्येतानि । आपादनमापत्तिः आविर्भावतिरोभावौ वस्तुन उत्पादविनाशाविति यावत् ॥

**ગુજરાતી ભાષાંતર :** ધર્માસ્તિકાય ઈત્યાદિ જે પાઠ છે. ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય એમ કુલ ચાર અજીવદ્રવ્યો છે. તત્ત્વાર્થસૂત્રમાં પાંચમા અધ્યાયના પ્રથમ સૂત્રમાં "अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः" આ સૂત્રના પદોમાં ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોનાં નામ છે.

તથા काय શબ્દનું ગ્રહણ સાક્ષાત્ કરેલું જ છે. તે બન્ને પદોને પણ ભાષ્યકાર મહારાજા "अजीव" પદની સાથે સંબંધ વાળો એવો સમાનાધિકરણ કર્મધારય સમાસનો નિર્દેશ કરવા દ્વારા ધર્માદિ ચાર દ્રવ્યોની સાથે જોડે છે. આ ચારે પદોમાં પ્રત્યેક પદની સાથે આ अस्तिकाय શબ્દની સાથે સમાનાધિકરણ સ્વરૂપ કર્મધારય સમાસ ચારે પદોમાં કરવાનો રહે છે.

ધર્મ સ્વરૂપ જે અસ્તિકાય (પ્રદેશોનો પિંડ) તે ધર્માસ્તિકાય જાણવો. તે જ પ્રમાણે અધર્મ સ્વરૂપ જે અસ્તિકાયદ્રવ્ય (પ્રદેશોનો પિંડ) તે અધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું. આ પ્રમાણે ચારે અજીવદ્રવ્યોમાં અર્થ સમજી લેવો.

**પ્રશ્ન :** धर्मास्तिकाय ને બદલે "धर्मकाय" શબ્દ હોવો જોઈએ ? ધર્મ એટલે ધર્માસ્તિકાયદ્રવ્યના પ્રદેશોનો काय એટલે પિંડ આટલો જ શબ્દ પુરતો છે. अस्ति શબ્દ જે વચ્ચે મુકવામાં આવ્યો છે તેની જરૂરિયાત શું છે ? અર્થાત્ બીનજરૂરી છે. આ अस्ति શબ્દ अतर्कितः - વિચાર કર્યા વિના જ વચ્ચમાં ક્યાંકથી ટપકી પડેલ હોય એમ લાગે છે. તેની બીલકુલ જરૂર નથી. માટે धर्मास्तिकाय ને બદલે धर्मकाय શબ્દ હોવો જોઈએ ?

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્નનો હવે જવાબ અપાય છે. સર્વે પણ પદાર્થોમાં स्वभावरूप (એટલે કે ધ્રુવતા) અને आपत्तिरूपता (એટલે કે ઉત્પાદ અને વ્યયતા) એમ ઉભયરૂપતાનું જ્ઞાન થાય છે. દ્રવ્યપણે સ્વભાવરૂપતા અને પર્યાયપણે આપત્તિરૂપતા જણાય જ છે અને આવા પ્રકારની ઉભયરૂપતાનો શબ્દપ્રયોગ પણ થાય છે. તેવા પ્રકારનું થતું જ્ઞાન તથા થતો શબ્દપ્રયોગ આ બન્નેના કારણભૂત એવી ઉભયરૂપતા તે તે પદાર્થમાં છે જ તે જણાવવા માટે જ આ "अस्ति" શબ્દનું કથન કરેલું છે એમ શાસ્ત્રોના અર્થને જાણનારા મહાત્મા પુરુષો કહે છે.

(૧) स्वरूपरूपता એટલે કે પદાર્થ જે સ્વરૂપે છે તે પદાર્થ તે સ્વરૂપે સદા રહે છે. જેમ કે જીવદ્રવ્ય છે તે સદાકાળ જીવ જ રહે છે તે ક્યારેય પણ અજીવ દ્રવ્ય થતો નથી. જે ધર્માસ્તિકાયરૂપે દ્રવ્ય છે. તે સદાકાળ ધર્માસ્તિકાય રૂપે જ દ્રવ્ય રહે છે બદલાતું નથી. આ સ્વભાવરૂપતા કહેવાય છે. તે સ્વરૂપરૂપતાથી સર્વે પણ દ્રવ્યો ધ્રુવતાવાળાં છે.

(૨) પરંતુ आपत्तिरूपता થી વિચારીએ એટલે કે નવા નવા પર્યાય રૂપે પરિણત

થવાપણે વિચારીએ તો સર્વે પણ દ્રવ્યો સમયે સમયે ઉત્પાદ અને વ્યયના સ્વભાવવાળાં છે. સમયે સમયે જુના પર્યાયનો વ્યય અને નવા નવા પર્યાયનો ઉત્પાદ થવાના સ્વભાવવાળાં પણ દ્રવ્યો છે.

આવા પ્રકારનું ધ્રુવતાનું અને ઉત્પાદ-વ્યયનું જ્ઞાન થવામાં અને તેવા પ્રકારનો શબ્દપ્રયોગ કરવામાં, વસ્તુમાં રહેલું તેવા પ્રકારનું વસ્તુનુ જે સ્વરૂપ છે તે જ પ્રધાન કારણ છે.

ત્યાં પ્રતિસમયે ઉત્પાદ-વ્યય પામતા નિરવશેષદ્રવ્યો અર્થાત્ સર્વે પણ દ્રવ્યો વિશેષ વિશેષ પર્યાયવાળા અવશ્ય છે જ, તો પણ प्रत्यस्तमित = તે ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને જ્યારે તેની અવિવક્ષા કરાય અને પદાર્થનું સ્વભાવિક જે દ્રવ્ય સ્વરૂપ છે કે જે સ્વરૂપ ત્રણે કાળે પણ નહીં બદલાવાનું અને અવિકારી જ સ્વરૂપ છે. જેમકે કોઈ પણ એક જીવદ્રવ્ય જે છે તે જીવપણે સદાકાળ રહે જ છે. માટે તે સ્વરૂપે તે દ્રવ્ય અવિકારીદ્રવ્ય છે. અર્થાત્ ધ્રુવ દ્રવ્ય છે.

આ પ્રમાણે અપરાવૃત્તિ ધર્મવાળો જે અંશ છે તે અંશની વિવક્ષા કરવાથી તે ધર્મથી સર્વે પણ દ્રવ્યો ધ્રૌવ્યપદને પ્રાપ્ત કરનારાં હોય છે. જેમકે આત્મામાં રહેલું જે ચૈતન્યસ્વરૂપ જીવત્વ છે તે અકૃત્રિમ છે, કર્મજન્ય નથી. સહજ સ્વરૂપ છે. સદાકાળ જીવની સાથે જ રહેનારું સ્વરૂપ છે. તે અપેક્ષાએ જીવ દ્રવ્ય ધ્રુવતાવાળું છે.

તેવી જ રીતે પુદ્ગલદ્રવ્યમાં રહેલી જે મૂર્તતા (રૂપીપણું) છે તે પણ પુદ્ગલદ્રવ્યમાં સદાકાળ રહેનારી જ હોવાથી ધ્રુવતાવાળી છે. ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યોમાં જે અમૂર્તતા છે તે અમૂર્તતા, તથા ચૌદે રાજલોકમાં વ્યાપકપણું છે તે વ્યાપકતા, તથા ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા અને અવગાહ સહાયકતા સ્વરૂપ જે ધર્મો છે તે ધર્મો તે ત્રણે દ્રવ્યોમાં સદાકાળ હોવાથી ધ્રુવધર્મવાળા તે ધર્મો હોવાથી તે ધર્મોની અપેક્ષાએ આ ત્રણે દ્રવ્યો ધ્રુવતાવાળાં છે.

પરંતુ "आपादनम्" નવા નવા પર્યાયસ્વરૂપે પરિણામ પામવાપણું જે છે તે ધર્મની અપેક્ષાએ आपत्ति = નવા નવા પર્યાયરૂપે પ્રાપ્તિ થવી અર્થાત્ નવા નવા પર્યાય સ્વરૂપે પરિણામ પામવાપણું જે છે તે જુના પર્યાયનો તિરોભાવ અને નવા પર્યાયનો આવિર્ભાવ થવાપણું. (જુના સ્વરૂપનું તિરોભાવપણું અને નવા સ્વરૂપનું આવિર્ભાવ પામવાપણું) જે છે. તે સ્વરૂપે ઉત્પાદ અને વિનાશ સ્વભાવવાળી પણ તે તે સર્વે પણ વસ્તુઓ છે જ.

આ પ્રમાણે સર્વે પણ દ્રવ્યો દ્રવ્યપણે ધ્રુવતાવાળાં અને જુના નવા પર્યાયો બદલાવાપણે તિરોભાવ અને આવિર્ભાવ થવા સ્વરૂપે વ્યય અને ઉત્પાદવાળા પણ સર્વે દ્રવ્યો અવશ્ય છે

જ. આવા પ્રકારનું ત્રિપદીમય આ જગતસ્વરૂપ સ્વયં છે જ. કોઈએ બનાવ્યું નથી. ફક્ત સર્વજ્ઞ ભગવંતોએ કેવળજ્ઞાનથી જોયું છે અને આપણને તેઓએ કહ્યું છે, સમજાવ્યું છે.

तत्र मृन्मूर्तिस्वभावमजहद् वस्तु घटकपाल शकटाकारमास्कन्दन्नुत्पद्यत इति व्यपदिश्यते ॥ यथा हि महतः सरसस्तरङ्गमालाः पटुमारुतवेगायासिताः प्रादुष्ष्यन्ति । जलद्रव्यात्मिकाश्च ताः । एवं घटादयोऽपीति ॥

तथा विनाशोऽपि घटाद्याकारप्रलयः कारणापेक्षः स्थूलतरङ्गसन्ततीनामिव स्तिमितवारितयाऽवस्थानमुज्झितसमीरणप्रबलवेगसम्पर्काणामित्येवमुत्पादप्रलयध्रौव्यलक्षणः प्रवचनेऽस्त्यर्थः प्रासिधत् ॥

तत्रैतत्त्रितयदिदर्शयिषयाऽऽचार्येणाऽस्तिशब्दोऽव्ययसंज्ञः सकलधर्मादिद्रव्यध्रौव्यप्रतिपादनायाकारि ॥ कायशब्दस्तु सूत्रोपात्त आपत्त्यर्थः ॥ एवं तर्हि सूत्र एवोपादानमस्तिशब्दस्य न्याय्यम् ॥ विशिष्टार्थप्रतिपत्त्यर्थत्वात् ॥ कायशब्दवत् ॥ कायशब्दो वा नोपादेयस्तत एव हेतोरस्तिशब्दवदिति ॥ उच्यते, अन्यतरोपादाने ह्यत्रान्यतरसम्प्रत्ययो भवतीत्यभिप्रायः सूरेः । संसर्गादीनि कारणानि शब्दस्यान्यस्य सन्निधाने भवन्ति व्यवच्छेदे च –

**ગુજરાતી ભાષાંતર :-** માટીમાથી ઘડો બનાવીએ ત્યારે તે કાર્યમાં (૧) માટીપણું, (૨) મૂર્તપણું, (૩) રૂપરસાદિ ગુણવાળાપણું, ઈત્યાદિ જે જે સ્વભાવો વર્તે છે. તે બધા જ સ્વભાવોનો ત્યાગ કર્યા વિના જ તે પુદ્ગલદ્રવ્ય નામની વસ્તુ ઘટાવસ્થા, કપાલાવસ્થા, શકટાવસ્થા ઈત્યાદિ નવા નવા પર્યાયોના આકારને પ્રાપ્ત કરતી છતી તે તે પર્યાય સ્વરૂપે ઉત્પન્ન થાય છે.

જેમકે એક મોટા સરોવરમાંથી તરંગોની (મોજાંઓની) માલાઓ તોફાની પવનના વેગથી (आयासिताः) પ્રગટ થઈ છતી જલદ્રવ્યાત્મકપણે પ્રવર્તતી તે માલાઓ ઉત્પન્ન થાય છે. એ જ પ્રમાણે માટી નામના પુદ્ગલ દ્રવ્યમાંથી ઘટ, પછી કપાલ, ત્યારબાદ કપાલના ટુકડા, ત્યારબાદ ભુક્કો, ત્યારબાદ ચૂર્ણ ઈત્યાદિ રૂપે નવા નવા પર્યાયો ઉત્પન્ન થાય છે. તથા ઘણ આદિ નિમિત્તકારણો પ્રાપ્ત થતાં પૂર્વકાલમાં જે જે કારણોથી જે જે ઘટાદિ આકારો (પર્યાયો) થયેલા છે. તેનો પ્રલય પણ સર્વે દ્રવ્યોમાં અવશ્ય થાય જ છે.

ઉદાહરણ તરીકે સમુદ્રમાં વાયુના પ્રબળવેગથી જે ઉંચાં ઉંચાં મોજાં ઉછળે છે તે મોજાંઓએ જ્યારે વાયુના પ્રબળ વેગનો સંપર્ક ત્યજી દીધો હોય છે ત્યારે (અર્થાત્ વાયુનો વેગ બંધ થાય ત્યારે) ઉછળતાં મોજાંઓનો ત્યાગ કરીને થીજી ગયેલ પાણી સ્વરૂપે અવસ્થાન (સ્થિરતા)ને પામે છે. તેમ અહીં પણ પૂર્વપર્યાયનો ત્યાગ કરીને ઉત્તર પર્યાયને પ્રાપ્ત કરે છે એમ જાણવું.

આ પ્રમાણે (૧) ઉત્પાદ, (૨) પ્રલય (નાશ) અને (૩) ધ્રૌવ્ય એમ ત્રણ ધર્મવાળો પદાર્થ છે. જિનેશ્વર પરમાત્માના પ્રવચનથી આ પ્રમાણે અર્થ સિદ્ધ થાય છે ત્યાં સર્વે પણ પદાર્થોમાં આ ત્રણ ધર્મો તો છે જ. એમ જણાવવાની ઈચ્છાવાળા આચાર્ય મહારાજશ્રી વડે ધર્માસ્તિકાયાદિ સર્વે પણ દ્રવ્યોમાં **ધ્રુવતા** પ્રતિપાદન કરવા માટે અવશ્ય (અવિનાશી) સ્વરૂપ પણ છે જેનું એવો ભાવ જણાવવા अस्ति શબ્દ ધર્માસ્તિકાયાદિ નામોમાં ગ્રહણ કર્યો છે. સારાંશ કે अस्ति શબ્દથી ધ્રુવતા જણાવાય છે.

તથા સૂત્રમાં જ કહેલો काय શબ્દ चि ધાતુ ઉપરથી બનેલ છે. चि ની વૃદ્ધિ થવાથી चै તેનો आय् આદેશ થવાથી चाय् તેમાં अ પ્રત્યય તથા આદિના च નો क થવાથી काय શબ્દ બનેલો છે. તેનો અર્થ સંચય થવો - એકઠું થવું-મળવું. પરસ્પર પ્રાપ્ત થવું એવો થાય છે. આવો અર્થ હોવાથી ઉત્પત્તિધર્મ જણાવેલ છે અને જ્યાં નવા નવા પર્યાયોનો ઉત્પત્તિધર્મ હોય ત્યાં અવશ્ય પૂર્વપર્યાયધર્મોનો વિનાશ (વ્યય) પણ હોય જ છે. તે માટે ઉત્પત્તિ અને વિનાશ ધર્મ આ काय શબ્દથી સૂચવાય છે.

**પ્રશ્ન :-** જો अस्ति શબ્દથી ધ્રુવતા અને काय શબ્દથી ઉત્પાદ અને વ્યય લેવાના હોય અને આ પ્રમાણે ત્રિપદી જ જો अस्तिकाय શબ્દથી તમે સમજાવવાના હો તો "अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः આવા પ્રકારના આ સૂત્રમાં જેમ काय શબ્દનું ગ્રહણ કર્યું છે તેની જેમ જ આવા પ્રકારનો વિશિષ્ટ અર્થ સમજાવવાના આશયથી જ अस्ति શબ્દનું પણ કથન આ મૂળસૂત્રમાં કરવું જોઈએ. સારાંશ કે ગ્રંથકારશ્રી આ મૂલસૂત્રમાં જેમ काय શબ્દ લખે છે તેમ अस्ति શબ્દ પણ ગ્રંથકારશ્રીએ લખવો જોઈએ તો તેવી સૂત્રરચના કેમ કરી નથી ?

**ઉત્તર :-** उच्यते = હવે આ પ્રશ્નનો ઉત્તર અપાય છે. મૂલસૂત્રમાં अस्ति શબ્દનું કથન ન કરવાની પાછળ સૂત્રકાર મહર્ષિનો આવો આશય હોય એમ લાગે છે કે "उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ૫-૨૯" કોઈ પણ એક સ્થાનમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ ધર્મોમાંથી એક ધર્મનું વિધાન કર્યું હોય છે ત્યાં તે એકવિધાન વિનાનાં બાકીના બે ધર્મોનું વિધાન સ્વયં સમજી જ લેવું. (શેષ ધર્મો ન કહ્યા હોય તો પણ સાથે હોવાથી સમજી લેવા). કારણ કે તે ત્રણે ધર્મો સહવર્તી છે.

વારંવાર સ્થાને સ્થાને ફરી ફરી લખવાનું કે કહેવાનું હોતું નથી. આવો સૂરિમહારાજનો આશય હોય એમ સમજાય છે. ટુંકાણમાં अस्ति શબ્દ ધ્રુવતાસૂચક છે અને काय શબ્દ ઉત્પાદ-વ્યય સૂચક છે તે બન્ને શબ્દોમાંથી અન્યતર કોઈ પણ એકશબ્દના વિધાનથી શેષ બીજો શબ્દ સ્વયં સમજી જ લેવો આવો સિદ્ધાંત હોવાથી મૂળમાં બન્ને શબ્દો કહ્યા નથી.

જ્યાં બન્ને વાક્યો કહેવાનાં હોય છે છતાં એક જ વાક્ય કહ્યું હોય અને બીજું વાક્ય ન કહ્યું હોય ત્યાં એકના વિધાનથી જ બીજાનું કથન સ્વીકાર કરવામાં અથવા એકના નિષેધમાં બીજાનો નિષેધ સમજી લેવામાં કોઈ દોષ નથી. પરંતુ આમ એકના વિધાનથી અન્યનું વિધાન અને એકના નિષેધથી અન્યનો નિષેધ સમજવામાં હવે સમજાવાતાં આઠ કારણો છે. તે આઠ કારણોને લીધે એકના વિધાન તથા નિષેધથી શેષનું વિધાન તથા નિષેધ સમજાઈ જ જાય છે. વ્યાકરણશાસ્ત્રનો આવો નિયમ છે. તે આઠ કારણો આ પ્રમાણે છે.

संसर्गो विप्रयोगश्च, साहचर्यं विरोधिता ।
अर्थः प्रकरणं लिङ्गं, शब्दस्यान्यस्य सन्निधिः ॥१॥

सामर्थ्यमौचिती देशः, कालो व्यक्तिः स्वरादयः ।
शब्दस्यार्थव्यवच्छेदे, विशेषस्मृतिहेतवः ॥२॥ (श्री हेमचन्द्राचार्यकृतकाव्यानुशासनवृत्तौ पृष्ठ ३९)

एषामनन्तरोक्तानां मध्ये संसर्गो गृह्यते । अत्र संसर्गमङ्गीकृत्य ध्रौव्यार्थप्रतिपत्तयेऽस्तिशब्द-प्रक्षेपः । उत्पादविनाशौ हि ध्रौव्याविनाभूतौ संसृष्टौ ध्रौव्येण ॥ अन्यथा हि ध्रौव्यतात्मकताऽभावेऽन्वयिशून्यत्वादसन्निहितभवितृकत्वादुत्पादविनाशौ निर्बीजौ न स्याताम् ॥

नापि ध्रुवता आविर्भावतिरोभावरहिता । ततस्त्रयात्मकं वस्तु जैनेन्द्राणां बुद्धिव्यवस्थापितप्रविभागं प्रज्ञापनोपायत्वान्नरसिंहादिवत् ॥ अतः कायशब्देनापत्तिरभिधित्सिताऽस्तिशब्देन ध्रौव्यमिति । कथं पुनः कायग्रहणादापत्तिरुद्भवप्रलयात्मिका प्रतीयत इति ? ॥

उच्यते = प्रचीयमानाकारता हि कायः समुदायः ॥ स च विभागे सति भवति ॥ विभक्ताश्च धर्मादिद्रव्यप्रदेशाः ॥ न च यत्रैकः स्थितो धर्मप्रदेशः, तत्रापरोऽपि तत्प्रदेशः प्रतिष्ठित इति ॥ तेषां विभक्तप्रदेशानां योऽसौ परस्पराविच्छेदलक्षणः समुदायः सोऽवश्यंतया तथोत्पन्नः । समुदायशब्दवाच्यत्वात् ॥

**ગુજરાતી ભાષાંતર :-** વિવક્ષિત અર્થ સમજવામાં અને અન્ય અર્થનો નિષેધ સમજવામાં આ આઠ મુખ્ય કારણો છે. (૧) સંસર્ગ, (૨) વિપ્રયોગ, (૩) સાહચર્ય, (૪) વિરોધિતા, (૫) અર્થ, (૬) પ્રકરણ, (૭) લિંગ, (૮) અને અન્ય શબ્દની સન્નિધિ.

તથા કોઈ પણ શબ્દનો અવિવક્ષિત અર્થનો વ્યવચ્છેદ કરવામાં અને (વિવક્ષિત અર્થનો સ્વીકાર કરવામાં) સામર્થ્ય ૧, ઔચિત્ય ૨, દેશ ૩, કાળ ૪, વ્યક્તિ ૫, અને સ્વરાદિ ૬, આ છ વિશેષ વિશેષ કારણો છે. વિવક્ષિત અર્થવિશેષની સ્મૃતિનાં આ છ કારણો છે.

ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણને સાથે સમજવામાં ઉપર અનન્તરપણે હમણાં જ કહેલાં આઠ કારણો પૈકી સંસર્ગ નામનું પ્રથમ કારણ અહીં સમજવું.

धर्मास्तिकाय ઈત્યાદિ નામોમાં ધ્રુવતા અર્થ જણાવવા માટે अस्ति શબ્દનો પ્રયોગ ગ્રંથકારશ્રીએ કરેલ છે. (અર્થાત્ अस्ति શબ્દ મુકવામાં આવ્યો છે.) હવે ઉત્પાદ અને વિનાશ આ બન્ને ધર્મો ધ્રૌવ્યધર્મની સાથે અવિનાભાવ સંબંધથી સંસર્ગવાળા જ છે. ધ્રુવના જ્યાં હોય છે, ત્યાં ઉત્પાદ અને વિનાશ હોય હોય અને હોય જ. अन्यथा = જો ધ્રૌવ્યતા ન હોય તો અન્વયિભાવ વાળું મૂળભૂત દ્રવ્ય જ ન હોવાથી ઉત્પાદ તથા વિનાશ પણ સન્નિહિત ભાવ વિનાના થવાથી (નિકટવર્તી ન થવાથી - દૂરવર્તી થવાથી) મૂળભૂત દ્રવ્યાત્મક બીજ વિનાના થયા છતા તે ઉત્પાદ અને વિનાશ પણ નહીં જ સંભવે. તેનો સંભવ પણ ઉડી જશે.

તથા ઉત્પાદ અને વિનાશ ન સંભવવાથી આવિર્ભાવ અને તિરોભાવ આત્મક પર્યાયો વિનાની એકલી દ્રવ્યાત્મક ધ્રુવતા પણ સંભવશે નહીં જ. તેથી જિનેશ્વર ભગવાનને અનુસરનારા જૈનોની દૃષ્ટિએ બુદ્ધિમાં ગોઠવાયેલો છે વ્યવસ્થિત વિભાગ જેનો એવી સર્વે પણ વસ્તુઓ અન્ય વ્યક્તિને સમજાવવાના સ્વરૂપવાળી હોવાથી नरसिंहादि ની જેમ ઉત્પાદ-વિનાશ અને ધ્રૌવ્ય એમ ત્રણે ધર્મવાળી જ છે અને જગતનું સ્વરૂપ આ પ્રમાણે દેખાય પણ છે.

આ કારણથી જ धर्मास्तिकाय આદિ શબ્દોમાં काय શબ્દ દ્વારા પર્યાયોનો સમૂહ અર્થ સમજાવેલ છે. चि ધાતુ ઉપરથી પર્યાયોનો સંચય અર્થ કરીને તે પર્યાયો ક્રમસર આવે છે અને જાય છે તે અર્થ સમજાવવા માટે વપરાયેલા काय શબ્દમાંથી आपत्तिः = ઉત્પાદ અને વિનાશ એમ બે ધર્મો સમજાવેલા છે. તથા अस्ति શબ્દથી સદાકાળ રહેનારા એવા ધ્રૌવ્યતાધર્મને સમજાવેલ છે. આ પ્રમાણે સર્વે પણ પદાર્થો ત્રિપદીસ્વરૂપ છે. આ જ વાત મહાત્મા પુરુષોએ કરેલી છે.

**પ્રશ્ન :-** काय શબ્દના ગ્રહણમાત્રથી "उद्भवप्रलयात्मिका आपत्तिः कथं प्रतीयते" (નવા નવા પર્યાયને પામવા સ્વરૂપે) આપત્તિ એટલે કે ઉત્પત્તિ અને પ્રલય (વિનાશ) એમ બે ધર્મ કેવી રીતે સમજાય ?

**ઉત્તર :** उच्यते = ઉપરના પ્રશ્નનો ઉત્તર હવે કહેવાય છે. વ્યવસ્થિતપણે ગોઠવાતી = પરસ્પર જોડાતી નવા નવા પર્યાયો પામવા રૂપે પરિણામ પામતી એવી જે आकारता છે. તેને જ कायता કહેવાય છે. કાયશબ્દ चि ધાતુ ઉપરથી બનેલ છે. એટલે સંચય અર્થાત્ પર્યાયોનો પિંડ જે છે તેને જ કાય કહેવાય છે. પર્યાયોનો જે સમુદાય તેને જ કાય કહેવાય છે.

આવો સમુદાય તેઓનો જ થાય છે કે જે અવયવો અથવા પ્રદેશોનો પરસ્પર વિભાગ (ભિન્નપણું) હોય અને મિલન થયું હોય ત્યાં જ આ કાયશબ્દનો પ્રયોગ થાય છે. જે જે

વસ્તુઓ પરસ્પર ભિન્ન ભિન્ન હોય છે અને એકસ્થાને એકત્રિત થયેલી હોય છે. તેને જ સમુદાય અથવા કાય કહેવાય છે.

તેવી જ રીતે અહીં પણ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. એટલે જ અસંખ્યાતા છે. તે પ્રદેશોનો પિંડ કહેવાય છે અને આકાશ નામનું જે દ્રવ્ય છે. તે અનંતા પ્રદેશોનો પિંડ વાળું કહેવાય છે. માટે જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના પ્રદેશો માંહોમાંહે વિભાગવાળા (અર્થાત્ ભિન્ન ભિન્ન) છે. કારણ કે જ્યાં (જે આકાશપ્રદેશમાં) ધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહેલો છે તે જ આકાશ પ્રદેશમાં તે ધર્માસ્તિકાયનો બીજો પ્રદેશ રહેતો નથી.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન આકાશપ્રદેશોમાં રહેલા એવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના અસંખ્યાતા (અને આકાશને આશ્રયી અનંતા) પ્રદેશોનો જે આ પરસ્પર અવિચ્છેદસ્વરૂપ એકબીજાથી જરા પણ છુટા ન પડે તેવો જે આ પ્રદેશોનો સમુદાય છે. તે અનાદિકાળથી જ તેવો બનેલો છે અને ભાવિમાં પણ તેવો જ પરસ્પર જોડાયેલો જ અનંતકાળ સુધી આ સમુદાય રહેવાનો છે. કારણ કે

આ દ્રવ્યોના પ્રદેશોના પિંડને "સમુદાય" શબ્દથી જ કહેવાય છે. "સમુદાય" શબ્દ તો જ વપરાય જો અવશ્ય સાથે જ સદા રહેવાના હોય, ક્યારેય છુટા પડવાના ન હોય માટે આ સર્વ સમુદાયો "अस्ति" સ્વરૂપ (એટલે કે ધ્રુવ સ્વરૂપ) છે અને काय સ્વરૂપ (એટલે કે ઉત્પાદ અને વિનાશ સ્વરૂપ) પણ છે જ. આમ ત્રિપદીમય આ પદાર્થોનું સ્વરૂપ છે. આ જ ત્રિપદી अस्ति અને काय શબ્દ વડે સૂચવાય છે. (અર્થાત્ સૂચવાયેલી છે).

**संस्कृत टीका :-** नन्वेवमादिमत्त्वं धर्मादीनां प्रसज्यते, तन्त्वादिसमुदायवत् ? । उच्यते, तेऽपि (तन्तवः) नादिमन्तः, पुद्‌गलद्रव्यस्यानेकशक्तित्त्वात् । सा च शक्तिः शक्तिमतो भेदाभेदाभ्यां त्रिसूत्र्यामेव वक्ष्यते ॥ यत्र चोत्पादस्तत्रावश्यं विनाशेन भवितव्यम् । तत्सहचारित्वात् । स च विनाशः पूर्वावस्थाप्रच्युतिलक्षणः समुदायादेवोन्नीयत इति ॥

अथवाऽधुना गतिपरिणतिभाजश्चैत्रस्य धर्मद्रव्यमुपग्रहं कुरुते । तच्चोपग्रहकारितया प्रागजिगमिषति चैत्रे न व्यापारमगमत् ॥ उत्तरकालं तु कोऽप्यतिशय समुदपादि, येन गतेरुपग्रहकृद् भवति । कयाऽपि विक्रियावस्थयेत्यतस्तेनाकारेणोत्पादः, समुपरतगतिव्यापारे च चैत्रे तया गत्युपग्रहव्यापारावस्थया तत्पुनरपैत्यतो विनाश एव ॥

अधर्माकाशयोरपि स्थित्यवगाहनामुखेनोत्पादविनाशौ वाच्यावतः कायग्रहणात् सुगम आपत्तिशब्दार्थ इत्यतोऽस्ति चासौ कायश्चेत्यस्तिकायः । ध्रुवश्चासावुत्पादविनाशवांश्चेत्यर्थः ॥ धर्मश्चासावस्तिकायश्च धर्मास्तिकायः । एवमधर्माकाशावपीति । पुद्‌गलास्तिकाये तूत्पादव्ययध्रुवताः *प्रकाशा एव प्रायः ॥*

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** જો આ પ્રમાણે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં પણ ત્રિપદીવાળાપણું પ્રસિદ્ધ કરાય છે, તો તે ધર્માદિ દ્રવ્યોમાં પણ આદિવાળાપણું પ્રાપ્ત થશે, જેમ તન્તુઓનો સમુદાય તન્તુઓથી બને છે માટે તે આદિવાળો છે. તેની જેમ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં પણ પ્રદેશોનો સમુદાય જ હોવાથી આદિવાળાપણું (સાદિત્વ) પ્રગટ થશે અને જૈન શાસ્ત્રોમાં તો ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો નિત્ય કહેલાં છે તો આ વાત કેમ સંગત થશે ? પરસ્પર વિરોધ શું નહીં આવે ?

**ઉત્તર :-** તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યના પ્રદેશો પણ આદિવાળા નહીં જ થાય, કારણ કે આ દ્રવ્યો અનેક શક્તિથી યુક્ત છે અને તે શક્તિ શક્તિવાળા મૂળભૂત પદાર્થોથી કથંચિદ્ ભિન્નાભિન્ન છે. તે શક્તિનું જે આ ભિન્નભિન્નપણું છે તે "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" આ ત્રિપદીના સૂત્રમાં જ જણાવાશે.

જ્યાં જ્યાં ઉત્પાદ હોય છે ત્યાં ત્યાં અવશ્ય વિનાશ પણ હોય જ છે. કારણ કે પૂર્વકાલીન પર્યાયના વિનાશની સાથે જ ઉત્તરકાલીન પર્યાયનો ઉત્પાદ અવિનાભાવિ રૂપે જોડાયેલો જ હોય છે. પૂર્વકાલીન પર્યાયનો જો વ્યય થાય તો જ તેના પછીના સમયે ઉત્તર પર્યાયનો ઉત્પાદ અવશ્ય થાય થાય અને થાય જ. તથા તે પૂર્વ અવસ્થાની જે પ્રચ્યુતિ થાય છે તે પ્રચ્યુતિ થવા સ્વરૂપ આ વિનાશ પણ પ્રદેશોના સમુદાયમાં જ થાય છે તથા ઉત્તરપર્યાયનો ઉત્પાદ પણ તે જ પ્રદેશોના સમુદાયમાં થાય છે એમ જણાય છે.

આ રીતે જ્યાં જ્યાં નવા નવા પર્યાયની ઉત્પત્તિ થાય છે. ત્યાં ત્યાં જુના પર્યાયનો વિનાશ પણ અવશ્ય હોય જ છે. આ પ્રમાણે નાશ અને ઉત્પત્તિ અવશ્ય સાથે જ હોય છે. આ પ્રમાણે જેમ નાશ અને ઉત્પત્તિ સાથે છે તેની જેમ દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવતા પણ ત્યાં જ સાથે રહેલી છે. એમ ત્રિપદીમય જગત છે.

અથવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં ત્રિપદી આ પ્રમાણે સમજવી. એમ ટીકાકાર આપણને (શ્રોતાવર્ગને) સમજાવે છે કે હાલ-વર્તમાનકાળે ગમનક્રિયાની પરિણતિને ભજનારો ચૈત્ર જ્યારે થાય છે ત્યારે ગમનક્રિયાની પરિણતિને પામેલા તે ચૈત્રને ગમનક્રિયામાં સહાયક થવા રૂપે તે ધર્માસ્તિકાય દ્રવ્ય મદદ કરે છે સહાયક થાય છે. એટલે ચૈત્ર નામની તે વ્યક્તિએ જ્યારે ચાલવાનું ચાલુ કર્યું. તેના પૂર્વકાલમાં તે જ ચૈત્ર ચાલવાની ક્રિયા વિનાનો અને ચાલવાની ક્રિયાની ઈચ્છા વિનાનો હતો ત્યારે (અર્થાત્ તે કાળે) ધર્માસ્તિકાય દ્રવ્ય તે ચૈત્રની ગતિક્રિયા ન હોવાથી ગતિમાં સહાયક થવાના પર્યાયવાળું ન હતું. ધર્માસ્તિકાય ગતિમાં સહાયક તે કાળે ન હતું. કારણ કે ચૈત્ર ગતિક્રિયા જ કરતો ન હતો. તેથી આ દ્રવ્ય તે ચૈત્રની ગતિક્રિયામાં સહાયકપણાના પર્યાયમાં વર્તતું ન હતું.

પરંતુ તેના ઉત્તરકાળે (પછીના જ સમયે) ચૈત્રના હૈયામાં એવો કોઈ ગતિક્રિયા કરવાનો ભાવ ઉત્પન્ન થયો. જેના વડે તે ચૈત્રે ગતિક્રિયા આરંભી. તે જ સમયે તે જ ધર્માસ્તિકાયદ્રવ્યમાં પણ કોઈ પણ પ્રકારની વિકારવાળી અવસ્થા સ્વરૂપે એવો કોઈ અતિશય ઉત્પન્ન થાય છે કે તે ધર્માસ્તિકાયદ્રવ્ય ગતિક્રિયા કરનારા ચૈત્રને મદદગાર થવા સ્વરૂપે उपग्रहकृत् = ઉપકાર કરનારું થાય છે. તે કારણથી તે આકારે (અર્થાત્ ઉપકાર કરવાના સ્વરૂપે) તે ધર્મદ્રવ્યમાં પણ અવશ્ય ઉત્પાદ થાય છે.

અને ચૈત્રમાં શરૂ થયેલી આ ગતિક્રિયાનું જે પ્રયોજન હતું તે પ્રયોજન સમાપ્ત થવાથી समुपरतगतिव्यापारे = અટકી ગઈ છે ગતિક્રિયા જેની એવો ચૈત્ર બને છતે तया गत्युपग्रहव्यापारावस्थया = તે ગતિમાં મદદ કરવા સ્વરૂપ વ્યાપારવાળી જે અવસ્થા હતી તે અવસ્થાપણે तत्पुनरपैति સહાયક થવાના પર્યાયસ્વરૂપે તે ધર્માસ્તિકાય દ્રવ્ય પણ દૂર ખસી જાય છે. अतो विनाश एव = આ કારણથી તે કાળે તે સહાયકપણાના પર્યાયસ્વરૂપે ધર્માસ્તિકાય દ્રવ્યનો વિનાશ પણ અવશ્ય થાય જ છે.

આ જ પ્રમાણે અધર્માસ્તિકાય દ્રવ્યમાં તથા આકાશાસ્તિકાય દ્રવ્યમાં પણ સ્થિતિકાર્ય કરવામાં સહાયક રૂપે તથા અવગાહના આપવાના કાર્ય કરવામાં સહાયક રૂપે ઉત્પાદ અને વિનાશ સ્વયં સમજી લેવા. આ કારણથી काय શબ્દથી आपत्ति એટલે કે ઉત્પાદ અને વ્યયને પામવાપણું આ અર્થ સમજી શકાય તેમ છે. તેથી સુગમ છે.

આ પ્રમાણે अस्ति એટલે ધ્રુવતા અને काय એટલે ઉત્પાદ અને વ્યય આવો અર્થ કર્યા પછી તે બન્ને પદોનો કર્મધારય સમાસ કરવો. તે આ પ્રમાણે - "अस्ति चासौ कायश्च इति अस्तिकायः (अस्ति એટલે ધ્રુવતા અને काय એટલે ઉત્પાદ તથા વ્યય એમ બન્ને સાથે મળીને ध्रुवश्चासौ उत्पादविनाशवांश्चेत्यर्थः ધ્રુવતા અને તેની સાથે જ ઉત્પાદ અને વિનાશ એમ ત્રિપદીમય સર્વે પણ પદાર્થો છે. ત્યારબાદ धर्मश्चासौ अस्तिकायश्च = ધર્માસ્તિકાય નામનું જે દ્રવ્ય છે તે પોતે જ ઉત્પાદ-વિનાશ અને ધ્રુવતામય છે. આ પ્રમાણે સ્પષ્ટપણે સમજાય તેવો આ અર્થ છે. સારાંશ કે આ અર્થ પ્રગટ છે.

एवमेतांश्चतुरोऽप्यजीवान् सूत्रेण परिगणय्याह = "तान् लक्षणतः परस्ताद् वक्ष्यामः" तान् धर्मादीनेतावतः परस्तात् उपरि लक्षणतो गतिस्थित्युपग्रहावगाहशरीराद्युपकाररूपाद् वक्ष्यामः । इदं तूद्देशमात्रमारचितममुना सूत्रेण, अवश्यंतया च पदार्थभेदमभ्युपयता विविक्तमेव लक्षणमासञ्जनीयम् । अन्यथा भेद एव दुरुपपादः स्याद् । अतस्तान् प्रत्येकं लक्षणभेदेनाग्रे प्रतिपादयिष्यामः इति ॥

अथ कायग्रहणं किमर्थमित्यत आह-कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमद्धासमयप्रतिषेधार्थं चेति ॥

ननु च कायग्रहणस्य प्रयोजनं वर्णितमापत्तिः कायशब्दार्थ इति । सत्यमुक्तं भाष्याक्षरानपेक्षम् । अधुना तमेवार्थं भाष्याक्षरैर्दर्शयति । विनाऽपि कायग्रहणेन धर्मादीनामजीवता गम्यत एव, तस्मात् तस्योपादाने प्रयोजनमेषां धर्माधर्माकाशानां प्रदेशबहुत्वमिष्यते ॥

प्रकृष्टो देशः प्रदेशो निर्विभागः खण्डमनपायि । स्वस्थानाद् अनादिकालपरिणामापादित-तथास्थितिः । तेषामेवंविधप्रदेशानां बहुत्वं धर्माधर्मयोरसङ्ख्येयप्रदेशता प्रत्येकम् । आकाश-स्यानन्तप्रदेशता बहुत्वार्थः । एवंविधासङ्ख्येयप्रदेशसमुदायो धर्मास्तिकायस्तथैवाधर्मास्तिकायः ॥

आकाशमपि लोकपरिमाणमेतावत्प्रदेशसङ्ख्यम् । समस्ताकाशं त्वनन्तप्रदेशमित्येवं समुदितिरूपत्वाद् गत्याद्युपग्रहविक्रियापत्तिद्वारेण स्फुटैवापत्तिरिति ॥

पुद्गलद्रव्यमङ्गीकृत्यावयवबहुत्वमुक्तम् । अवयूयन्त इति अवयवाः परमाणुद्व्यणुकादयः ॥ परमाणवो हि समूदाय परिणतिमनुभूय भेदमपि प्रतिपद्यन्ते । ततश्चैकका अपि भवन्ति । न त्वेवं धर्मादिप्रदेशाः ॥ अत एव च नावयवास्तेऽभिधीयन्ते । तस्माद् भेदेनोपादानं प्रदेशावयवयोः ॥ बह्ववयवं हि पुद्गलद्रव्यमवगन्तव्यम् । सङ्ख्येयप्रदेशः स्कन्धोऽसङ्ख्येयप्रदेशोऽनन्तप्रदेशो-ऽनन्तानन्तप्रदेशश्चेति ॥

**ગુજરાતી ભાષાંતર :-** આ પ્રમાણે આ ચારે પણ અજીવ દ્રવ્યોને પ્રથમ સૂત્ર દ્વારા કથન કરીને ગ્રંથકારશ્રી કહે છે કે "તે તમામ દ્રવ્યોને લક્ષણો દ્વારા અમે આગળ ઉપર સમજાવીશું."

તે ધર્માસ્તિકાયાદિ આટલાં જ દ્રવ્યોને (અર્થાત્ ચાર જ દ્રવ્યોને) परस्ताद् = આગળ ઉપર લક્ષણો વડે (એટલે કે) (૧) ગતિમાં ઉપગ્રહ કરનાર, (૨) સ્થિતિમાં ઉપગ્રહ કરનાર, (૩) અવગાહ આપવાનો ઉપકાર કરનાર અને (૪) શરીરાદિ સ્વરૂપે સહાય કરનાર એમ અમે આગળ ઉપર સમજાવીશું. ખરેખર આ સૂત્ર વડે તો ગ્રન્થકારશ્રીએ ઉદ્દેશ જ માત્ર જણાવ્યો છે. (આ અધ્યાયમાં શું સમજાવીશું, તેની પ્રતિજ્ઞા જ માત્ર કરેલી છે એમ જણાય છે).

ચારે પણ પદાર્થોનો (ચારે દ્રવ્યોનો) ભેદ સ્વીકારતા અને ભેદ સમજાવતા એવા ગ્રંથકારશ્રી વડે દરેક દ્રવ્યોના विविक्तमेव = જુદાં જુદાં જ અર્થાત્ ભિન્ન ભિન્ન જ લક્ષણો અવશ્યપણે સમજાવવાં જ જોઈએ. અન્યથા એટલે કે જો ભિન્ન ભિન્ન લક્ષણો જણાવવામાં ન આવે તો તે ચારે દ્રવ્યોમાં રહેલો જે ભેદ છે તે સમજવો અને સમજાવવો ઘણો દુરુપવાદ થાય અર્થાત્ દુષ્કર બને. આ કારણથી જ તે ચારે દ્રવ્યોને પોતપોતાના લક્ષણથી આગળ ઉપર અમે સમજાવીશું. એમ સૂત્રને અનુસરનારા ભાષ્યકાર મહારાજા "परस्ताद् वक्ष्यामः" આ પદથી જણાવે છે.

अजीवकाया આ પદમાં काय શબ્દ કેમ લખ્યો છે ? તેનો ખુલાસો કરતા ભાષ્યકારશ્રી જણાવે છે કે "कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमद्धासमयप्रतिषेधार्थं च" અજીવકાયા આ પદમાં જે કાય શબ્દનું કથન કર્યું છે તે ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યોમાં પ્રદેશોનું બહુત્વ અને પુદ્ગલદ્રવ્યમાં અવયવોનું બહુત્વ સમજાવવા માટે કરેલ છે. તથા કાળના સમયોમાં આવા પ્રકારના બહુત્વનો નિષેધ જણાવવા માટે પણ કાયશબ્દનું ગ્રહણ કરેલ છે.

**પ્રશ્ન** :- અહીં काय શબ્દનું ગ્રહણ શા માટે કર્યું છે ? કાય શબ્દ કેમ લખ્યો છે ? તેનું પ્રયોજન તો પહેલાં ટીકામાં જ આપ્યું છે કે "कायशब्दस्तु सूत्रोपात्त आपत्त्यर्थः" આ પ્રમાણે ટીકાકારશ્રીએ જ ભાષ્યની પૂર્વે જ કહી દીધું છે ?

**ઉત્તર** :- ટીકાકારશ્રીએ કહ્યું છે તે વાત સાચી છે. પરંતુ ભાષ્યના પાઠની અપેક્ષા વિના જ અમે ટીકાના આધારે સમજાવેલ છે. તેથી હવે ભાષ્યનો પાઠ આવેલ હોવાથી તેના પદોને અનુસરીને ભાષ્યમાં લખેલા અક્ષરો દ્વારા આ જ વાત સમજાવાય છે.

ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોની "निर्जीवता" (જીવરહિતતા) કાયશબ્દના ગ્રહણ વિના પણ જણાય જ છે. તે કારણથી तस्योपादाने તે કાયશબ્દનું કથન કરવામાં પ્રયોજન તે છે કે "ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્યોમાં પ્રદેશોનું બહુત્વ જ (અસંખ્યાતત્ત્વ અને અનંતત્ત્વ) છે. પરંતુ પુદ્ગલાસ્તિકાયદ્રવ્યમાં જેમ છુટા છુટા પરમાણુઓ દ્વયણુક-ત્ર્યણુક વિગેરે હોય છે તેવા છુટા છુટા અણુઓ તથા દ્વયણુકો ત્ર્યણુકો વિગેરે ધર્માદિ ત્રણમાં હોતા નથી આવો અર્થ સમજાવવા માટે પણ કાયશબ્દનું પ્રતિપાદન કરેલું છે.

ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યોમાં પ્રદેશોનું બહુત્વ છે. ત્યાં प्रदेश શબ્દનો અર્થ શું થાય છે ? તે હવે સમજાવાય છે प्रकृष्टो देशः = प्रदेशः અતિશય નાનો ભાગ તે પ્રદેશ. સારાંશ કે સ્કંધની સાથે જોડાયેલો પણ અત્યંત નાનો ભાગ કે જેના ફરીથી બે ભાગ ન થાય તેવો નાનામાં નાનો નિર્વિભાજ્ય એવો જે ભાગ પણ સ્કંધ સાથે જોડાયેલો જે હોય તે પ્રદેશ કહેવાય છે.

निर्विभागः = એટલે જેના હવે બે ભાગ ન થાય એવો અતિશય અંતિમ નાનો જે ભાગ તે પ્રદેશ કહેવાય છે. अनयापि खण्डम् - જે પ્રદેશમાં પ્રદેશપણું પ્રાપ્ત થયું છે તે ક્યારેય પણ દૂર ન કરી શકાય તેવું છે. સ્વતઃ પણ દૂર ન થાય તેવા પ્રકારના અંતિમ ભાગ રૂપ જે અંશ તે પ્રદેશ કહેવાય છે.

સ્કંધમાં જોડાયેલો જે નાનામાં નાનો ભાગ તે પ્રદેશ કહેવાય છે જે પ્રદેશ જ્યાં રહેલો હોય છે તે પ્રદેશ ત્યાં જ રહે છે. તેના સ્થાનથી જરા પણ આઘોપાછો કરી ન શકાય તેવી

અનાદિકાલીન પારિણામિક ભાવના પરિણામથી જ પ્રાપ્ત થયેલી તે અણુની તેવા પ્રકારની **તથાસ્થિતિ** જ છે તેને જ પ્રદેશ કહેવાય છે.

આવા પ્રકારના પ્રદેશોનું બહુત્વ છે જેમાં એવાં ધર્મ-અધર્મ અને આકાશ એમ ત્રણ દ્રવ્યો છે ત્યાં ધર્મ અને અધર્મ આ બે દ્રવ્યોના ચૌદ રાજલોકના આકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો છે અને આકાશાસ્તિકાય જે દ્રવ્ય છે તે લોકાલોક વ્યાપી હોવાથી અનંત આકાશપ્રદેશોવાળું દ્રવ્ય છે પરંતુ તેમાં લોકાકાશમાત્ર જો વિચારો તો અસંખ્યાત આકાશપ્રદેશો છે અને અલોકના તથા લોકાલોકના આકાશના જો પ્રદેશો વિચારો તો અનંતા પ્રદેશો છે. આ પ્રમાણે આ ત્રણ દ્રવ્યોમાં પ્રદેશોનું બહુત્વ છે. આવો અર્થ લાગુ પડે છે.

આ પ્રમાણે આ દ્રવ્યો પ્રદેશોના સમુદાય સ્વરૂપ હોવાથી ગતિ સ્થિતિ અને અવગાહના ક્રિયામાં ઉપકાર કરવા સ્વરૂપે સહાયક થવા પણે આપત્તિ થવા દ્વારા (ઉત્પત્તિ) સ્પષ્ટ જ તેમાં છે. તથા વ્યય પણ સ્પષ્ટ જ છે.

તથા પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને આશ્રયી તો અવયવોનું બહુત્વ પણ કહેલું છે. "**अवयूयन्त इत्यवयवाः** = જે પરસ્પર જોડાય-મિલન પામે તે અવયવ. પરમાણુ-દ્વ્યણુક-ત્ર્યણુક ઈત્યાદિ સ્વરૂપે થાય તે પુદ્ગલદ્રવ્ય કહેવાય છે. પરમાણુઓ સમુદાયસ્વરૂપે બનીને સ્કંધાત્મક પરિણતિને અનુભવીને ભેદને પણ (વિખેરાવાપણાને) પણ પામે છે. તેથી પરમાણુઓ એક એક છુટા છુટા પણ હોય છે. ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યોમાં આવું બનતું નથી. તેના પ્રદેશો ક્યારેય છુટા પડતા નથી. આ કારણથી જ તે અવયવો કહેવાતા નથી.

આ કારણથી પ્રદેશમાં અને અવયવમાં ભેદ છે. બન્નેનું વર્ણન ભિન્ન ભિન્ન રીતે થાય છે જે સદાકાળ સ્કંધની સાથે જ રહે ક્યારેય ભિન્ન ન થાય તે પ્રદેશ કહેવાય છે અને જે સ્કંધની સાથે જોડાયેલો હોય પણ અવસરે અલગ થઈ શકે તે અવયવ કહેવાય છે.

આ રીતે પ્રદેશ અને અવયવમાં ભેદ સમજવો. પુદ્ગલાસ્તિકાય નામનું જે ચોથું દ્રવ્ય છે તે ઘણા જ અવયવવાળું હોય છે. સંખ્યાતપ્રદેશોવાળું - અસંખ્યાતપ્રદેશોવાળું અનંતપ્રદેશો વાળું તથા અનંતાનંત પ્રદેશોવાળું આ દ્રવ્ય હોય છે. આ પ્રમાણે આ ચાર અજીવદ્રવ્યો સમજાવ્યાં.

ननु चैकोऽपि परमाणुः पुद्गलद्रव्यमेव स कथं बहवययवो भवेत् ? किमत्र प्रतिपाद्यम् ? ननु प्रसिद्धमेवेदमेकरसगन्धवर्णो द्विस्पर्शश्चाणुर्भवति । भावावयवैः सावयवो द्रव्यावयवैर्निरवयव इति। आगमश्च -

"कइविहेणं भंते ! भावपरमाणू पण्णत्ते, गोयमा ? चउव्विहे भावपरमाणू पण्णत्ते । तं जहा = वण्णमंते रसमंते गंधमंते कासमंते इति ।" (ભગવતીસૂત્ર નં. ૬૭૦)

मतुबिह संसर्गे द्रव्यपरमाण्वपेक्षो वा । तस्माद् वर्णाद्यवयवैर्बहुत्वं द्रव्याणोः । यच्च तत् तथा प्रयतते संयुज्यते-वियुज्यते चेत्यादिकारणं तत्परमाणुद्रव्यम् । अत्रापि "आपत्तिः" स्पष्टा । तथा द्वितीयं कायग्रहणे प्रयोजनमद्धासमयः कायो न भवति । अद्धा चासौ समयश्च = अद्धासमयः ॥

स चार्धतृतीयद्वीपान्तर्वर्ती समयः एकः परमसूक्ष्मो निर्विभागस्तस्य न कायता । समुदायश्च कायशब्दवाच्य इति ॥

वक्ष्यत्यस्य द्रव्यप्रस्तावे द्रव्यतामेकीयमतानुसारिणीम् । द्रव्यं च प्रदेशप्रचितमवयवप्रचितं वा स्यात् । आशङ्कमानो न्यषेधीत् कायग्रहणात् कायतामद्धासमयस्य । एवं तर्हि कायप्रतिषेधादनुत्पादविनाशः स्यात् समयः । तदभावाच्च ध्रौव्यमप्यपेयात् ॥ ततश्च मण्डुकजटाभारकृतकेशालङ्कार-वन्ध्यापुत्र-खपुष्प-मुण्डमालाऽऽख्यानवत् सकलमिदमनालम्बनं समयव्यावर्णनं स्यादिति ॥ उच्यते -

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** એકનો એક જે પરમાણુમાત્ર જ પુદ્‌ગલદ્રવ્ય રૂપે છે. તે એક પરમાણુ બહુઅવયવવાળો કેમ કહેવાય ? અમારા આ પ્રશ્નની સામે તમારો ઉત્તર શું છે ? જે એક માત્ર પરમાણુ જ છે. તે સમુદાયાત્મક ન હોવાથી બહુઅવયવવાળો કેમ કહેવાય ?

વાસ્તવિકપણે જો વિચાર કરીએ તો જૈન આગમશાસ્ત્રોમાં આ વાત પ્રસિદ્ધ જ છે કે જે એક પરમાણુ છે તે એક રસવાળો, એક ગન્ધવાળો એક વર્ણવાળો અને પરસ્પર અવિરુદ્ધ એવા બે સ્પર્શવાળો છે.

હવે જો એક પરમાણુ ઘણા અવયવવાળો હોત તો આ વાત કેમ સંભવે ? એક વાત તો તે છે કે જેને ઘણા અવયવો હોય તેને પરમાણુ જ ન કહેવાય ? કારણ કે તેને તમે બહુ અવયવો માન્યા એટલે બહુ અણુવાળો થવાથી તેને સ્કંધ જ કહેવો પડે, અને ત્યાં સ્કંધમાં તો પાંચ વર્ણ બે ગંધ પાંચ રસ અને સૂક્ષ્મ પરિણામી દ્રવ્યમાં ચાર સ્પર્શ અને બાદરપરિણામી દ્રવ્યમાં આઠ સ્પર્શ કહેવા જોઈએ. પરંતુ એક પરમાણુમાં પાંચ વર્ણ બે ગંધ પાંચ રસ અને ચાર અથવા આઠ સ્પર્શ ક્યાંય હોતા નથી. તેની સંભાવના પણ નથી. તે કારણથી તે પરમાણુને બહુ અવયવવાળો કેમ કહેવાય ?

**ઉત્તર :-** તમારી વાત સાચી છે. પરંતુ વિવક્ષિત એવો તે પરમાણુ ભાવ અવયવો વડે સાવયવી છે અને દ્રવ્ય અવયવો વડે નિરવયવી છે. સારાંશ કે જે એક પરમાણુ છે તે દ્રવ્યથી એક જ છે બે પણ નથી તો વધારે ઘણા અણુઓ તો ક્યાંથી હોય ? માટે તે નિરવયવી છે. પોતે પરમાણુ એક જ હોવાથી બહુ અણુરૂપ નથી.

પરંતુ બીજા પરમાણુઓની સાથે મળ્યો છતો અનેકાવયવ વાળો બનવાની શક્તિ ધરાવે છે. તેને ભાવથી અનેક અવયવવાળો પણ કહેવાય છે. જેમકે રાજ કરવાને યોગ્ય

કુંવરને પણ રાજા કહેવાય છે. તેમ અહીં યોગ્યતા માત્ર હોવાથી ભાવથી આ પરમાણુ પણ અનેક અવયવવાળો કહેવાય છે. (ભગવતીજી સૂત્ર નામના આગમમાં કહ્યું છે કે હે પરમાત્મા? ભાવ પરમાણુઓ કેટલા પ્રકારના છે? હે ગૌતમ! તે ભાવપરમાણુઓ ચાર પ્રકારના કહ્યા છે તે આ પ્રમાણે - વર્ણવાળા, ગંધવાળા, રસવાળા અને સ્પર્શવાળા સૂત્ર ૬૭૦).

આ પાઠમાં વર્ણવાન, ગંધવાન, રસવાન, અને સ્પર્શવાન વિગેરે શબ્દોમાં જે मतुब् પ્રત્યય છે તે સંસર્ગ અર્થમાં છે. અર્થાત્ કોઈ પણ એક પરમાણુ પણ આવા સહયોગથી અન્ય ભિન્ન ભિન્ન પરમાણુના સંસર્ગમાં આવ્યો છતો તેના જેવો કહેવાય છે. તેની જેમ એક પરમાણુમાં સ્કંધાવસ્થાનાકાળે વિવક્ષાના વશથી પાંચે વર્ણાદિ, પાંચ રસનો સંબંધ હોવાથી આવું થવાનો સંભવ છે. એમ સંસર્ગને આશ્રયી પાંચ વર્ણાદિવાળો પણ કહેવાય છે.

અથવા દ્રવ્યપરમાણુની અપેક્ષાએ પરમાણુ એક હોવા છતાં પણ તેમાં વર્ણાદિ ગુણો ઘણા છે. તેની અપેક્ષાએ દ્રવ્યપરમાણુનું પણ બહુ અવયવવાળાપણું સમજવું, દ્રવ્યપરમાણુ ભલે પોતે એક જ હોય તો પણ તેમાં વર્ણાદિ ઘણા ગુણોનો સંભવ હોવાથી તેની અપેક્ષાએ તે પરમાણુ ભાવથી અનેક ગુણવાળો પણ છે. એટલે કે અનેક અવયવવાળાપણું અર્થાત્ બહુપણુ અવશ્ય કહેવાય છે. આ વાતનો આવો ભાવાર્થ જાણવો.

यच्च तत् तथा प्रयतते = તથા વળી જે પદાર્થ જે સ્વરૂપે છે તે પદાર્થ તે સ્વરૂપે જ પોતાનો પ્રયત્ન કરે છે. અર્થાત્ પરમાણુ પોતે પરમાણુ છે. માટે પરમાણુપણે રહ્યો છતો વર્ણાદિ બહુગુણોને ધારણ કરે છે. તે માટે તે પરમાણુને પણ આ શ્વેત છે. આ નીલ છે. આ પીત છે. આવા પ્રકારના વ્યવહારો કરાય છે. માટે ભાવથી બહુપણું તે પરમાણુમાં પણ છે. શ્વેત આદિ વર્ણાદિના ૨૦ ભેદોનું કારણપણું પરમાણુમાં છે જ. તેથી તે પરમાણુમાં તે ગુણોને આશ્રયી પણ બહુપણું સંભવે છે. આ માન્યતામાં આપત્તિ એટલે કે દોષ આવે જ છે અને આ વાત સ્પષ્ટ છે.

આ બહુપણુ જે કલ્પવામાં આવ્યું છે તે તેમાં આધેય રૂપે રહેલા ગુણોને આશ્રયી બહુત્વ છે. પરંતુ આ પરમાણુદ્રવ્યમાં દ્રવ્યને આશ્રયી તો બહુત્વ નથી જ. છતાં ગુણોને આશ્રયી જે કલ્પવામાં આવ્યું છે તે પ્રથમ એક દોષ છે. તથા વળી બીજો દોષ પણ આવે છે તે સમજાવે છે.

તથા द्वितीयं कायग्रहणे તથા કાયશબ્દનું ગ્રહણ કરવામાં સમૂહ અર્થ સૂચવવાનો આશય પણ છે. चि ધાતુ ઉપરથી काय શબ્દ બને છે. તે માટે "ચય" એટલે "કાય" અર્થાત્ **સમુદાય** આવો અર્થ કરવો જે આ અર્થ ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવમાં લાગુ પડે

છે. પરંતુ अद्धासमयः સમયાત્મક કાલ નામનું જે દ્રવ્ય છે ત્યાં તો "સમુદાય" અર્થ લાગુ પડતો જ નથી. કારણ કે જ્યારે જુઓ ત્યારે કાળ તો વર્તના સમયાત્મક એકસમય સ્વરૂપ જ હોય છે.

अद्धा चासौ समयश्च इति अद्धासमयः । કાળસ્વરૂપે સમયાત્મક જે દ્રવ્ય છે તે જ કાળદ્રવ્ય અર્થાત્ અદ્ધાસમય કહેવાય છે. તે કાળદ્રવ્ય સમજાવે છે. ત્રીજો દ્વીપ છે અર્ધો જેમાં એવા બે દ્વીપ અર્થાત્ કુલ અઢી દ્વીપ અને વચ્ચેના બે સમુદ્રમાં (જંબૂદ્વીપ, લવણસમુદ્ર-ધાતકીખંડ-કાળોદધિસમુદ્ર અને અર્ધપુષ્કરવરદ્વીપ એમ અઢી દ્વીપ અને બે સમુદ્રમાં) વર્તનારો પરમસૂક્ષ્મ સ્વરૂપવાળો જેના બે ભાગ ન થઈ શકે તેવો નિર્વિભાગ સ્વરૂપ જે એક સમય છે તે કાળ નામનું દ્રવ્ય છે. તે દ્રવ્યમાં કાયતા (સમુદાયતા) થતી નથી. એક સમય પુરેપુરો પસાર થઈ જાય ત્યારબાદ જ બીજો સમય આવે છે. એટલે બે સમયો પણ સાથે પિંડાકારે થતા નથી. તેથી ત્યાં સમુદાય અર્થ ઘટતો નથી.

તથા કાયશબ્દનો વાચ્ય અર્થ સમુદાય જ થાય છે. તે માટે કાળદ્રવ્યમાં अस्तिकाय કહેવાતું નથી. આગળ ઉપર દ્રવ્યોના પ્રકરણમાં એક આચાર્યશ્રીના મતને અનુસારે अस्य = આ કાળદ્રવ્યની પણ દ્રવ્યતા છે. એમ कालश्चेत्येके = (સૂત્ર ૫-૩૮ સૂત્રમાં) આગળ ઉપર કહેવાશે.

કોઈ પણ દ્રવ્ય કાં તો પ્રદેશોના સમૂહાત્મક હોય, અથવા અવયવોના સમૂહાત્મક હોય પરંતુ પ્રદેશોનો કે અવયવોનો પણ સમુદાય તો હોવો જ જોઈએ. આવી મનમાં વિચારણા ધારણ કરનારા કોઈક આચાર્યે अजीवकाया આ ૫-૧ સૂત્રમાં काय શબ્દ ગ્રહણ કરીને अद्धासमय માં આવો સમયોનો સમુદાય થતો ન હોવાથી કાયતાશબ્દ વાપરવાનો નિષેધ કરેલ છે. એટલે સારાંશ એ નીકળ્યો કે કાળ નામનું દ્રવ્ય સદાકાળ વર્તમાન એક સમયાત્મક જ છે. પરંતુ સમયોનો સમૂહ એકી સાથે થતો નથી.

**પ્રશ્ન** :- एवं तर्हि કાળ નામના છઠ્ઠા દ્રવ્યમાં कायतानो એટલે કે (સમુદાયનો) પ્રતિષેધ જ જો કરાય છે તેથી તેમાં અવયવોનો સમૂહ નથી એવો અર્થ થશે. તથા તેમાં પૂરણ અને ગલન થશે નહીં તેથી ઉત્પાદ અને વિનાશ પણ ન હોવાથી ધ્રુવતા પણ દૂર જ થશે અર્થાત્ ધ્રુવતા પણ નહીં રહે. તેથી કાળમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ધર્મ ન ઘટવાથી દ્રવ્યનું લક્ષણ ન સંભવતું હોવાથી તે असत् પદાર્થ થશે. કોના જેવો તે असत् થશે ? આવો કદાચ કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી જણાવે છે કે मण्डुकजटाभारकृतकेशालङ्कार इव = દેડકાના માથે વધેલી મોટી વાળની જટાના ભારમાં કરાયેલી વાળની શોભા જેવું આ બનશે (૧), અથવા वन्ध्यापुत्र = વન્ધ્યાના પુત્રની જેમ મિથ્યા થશે (૨), અથવા खपुष्प = આકાશના ફુલની

જેમ મિથ્યા થશે, (૩) અથવા मुण्डमाला = માથે મુંડન કરાવેલા એવા માથા ઉપર માળાની શોભાની જેમ મિથ્યા થશે. (૪), ઉપરોક્ત ચારે ઉદાહરણોને અનુસારે કાળને દ્રવ્ય માનવાની આ સઘળી પણ વાર્તા (અર્થાત્ આ સઘળું પણ વર્ણન) અનાલંબન ઠરશે (ટેકા વિનાનું અર્થાત્ મિથ્યા જ થશે.)

**संस्कृत टीका** = नायं नियमो यत्कायशब्देनाक्षिप्यते तदेवोत्पादविनाशवदितरन्न, कथं तर्हि प्रतिपत्तव्यमेवम् ? ननु यत्र कायशब्द उपात्तस्तत्रायमर्थोऽस्य यदुतोत्पादविनाशौ स्वरससिद्धावेव च कायशब्देन प्रकाश्येते । न पुनरभूतावपि शब्दसामर्थ्यात् सन्निधानं कल्पयतः । यत्र तु कायग्रहणं नास्ति, तत्र स्वरससिद्धावेवोत्पादविनाशौ, तत्सहचरितत्वाच्च ध्रौव्य-मपीत्येतत् समस्तमेव द्रव्यप्रस्तावे भावयिष्यामः । कारणसमुच्चार्थश्चशब्दो भाष्ये प्रतिपत्तव्यः ॥

प्रशस्ताभिधानाद् धर्मग्रहणमादौ लोकव्यवस्थाहेतुत्वाद् विपरीतत्वादेकद्रव्यत्वाद् वाऽधर्म-ग्रहणमनन्तरं ॥ तत्परिच्छेद्यमाकाशं लोकत्वात्, तदनन्तरममूर्तसाधर्म्याच्च तदवगाढत्वात् तदनन्तरं पुद्गला इति ॥ विशिष्टक्रमसन्निवेशप्रयोजनमेतदेवमवसेयमिति ॥५-१॥

**ગુજરાતી ભાષાંતર** :- એવો નિયમ નથી કે જ્યાં काय શબ્દ દ્વારા વિધાન કરાય ત્યાં જ તે પદાર્થો ઉત્પત્તિ અને વિનાશવાળા હોય અને તેનાથી ઈતર પદાર્થો અર્થાત્ જ્યાં કાયશબ્દ ન જોડાયો હોય ત્યાં તે પદાર્થો ઉત્પત્તિ અને વિનાશ વિનાના હોય ત્યાં ઉત્પત્તિ અને વિનાશધર્મો ન હોય આવો અર્થ કરવો નહીં.

**પ્રશ્ન** :- જો આવો અર્થ કરવાનો ન જ હોય તો આ વસ્તુ કેવી રીતે સમજવાની છે ? તે આપ જ સમજાવો.

**ઉત્તર** :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ઈત્યાદિ દ્રવ્યોમાં (ચાર દ્રવ્યોમાં) कायशब्द નું કથન કરેલું છે ત્યાં આ પ્રમાણે અર્થ કરવો કે પદાર્થોમાં ઉત્પાદ અને વિનાશ સ્વાભાવિકપણે પોતાના દ્રવ્યથી જ સિદ્ધ છે. ફક્ત તે कायशब्द દ્વારા પ્રકાશિત કરાય છે. તે (ધર્માસ્તિકાયાદિ) ચાર દ્રવ્યોમાં પણ ઉત્પાદ અને વ્યય થાય છે પોતાના સ્વભાવથી જ, પરંતુ તે બાહ્ય ગમનાગમન કરનારા જીવ અને પુદ્ગલાદિ અન્ય દ્રવ્યથી તે ઉત્પાદ વ્યય જણાવાય છે.

તથા જ્યાં કાય શબ્દનું ગ્રહણ નથી. ત્યાં પણ એટલે કે કાળ નામના દ્રવ્યમાં પણ ઉત્પાદ અને વ્યય તો સ્વયંસિદ્ધ પૂર્વોક્ત ચાર દ્રવ્યોની જેમ જ છે. અને સ્વાભાવિકપણે જ ઉત્પાદ-વ્યય હોવાથી તેનો સહચારી એવો ધ્રુવતાધર્મ પણ ત્યાં છે જ, એમ ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એમ પાંચે દ્રવ્યોમાં ઉત્પાદ અને વિનાશ તથા તેની સાથે સહચારીભાવે રહેલું ધ્રુવત્વ એમ ત્રણે ધર્મો સ્વાભાવિકપણે જ રહેલા છે. કોઈના દબાણથી કે કોઈની પરવશતાથી રહેલા નથી માત્ર તે સ્વતઃ જ સિદ્ધ છે.

પરંતુ પ્રથમના ચાર દ્રવ્યોમાં **काय** શબ્દ જોડેલો હોવાથી તેના દ્વારા પ્રકાશિત કરાય છે જ્યારે કાળમાં **काय** શબ્દ જોડેલો ન હોવાથી સ્વતઃ જ પોતાની રીતે જ ઉત્પાદાદિ ત્રણે ભાવો પ્રકાશિત કરાય છે.

આ સઘળી પણ વાત વધારે વિસ્તારથી અમે દ્રવ્યોના વર્ણન પ્રસંગે પાંચમા અધ્યાયના સૂત્ર ૩૭/૩૮ અને ૩૯ માં સમજાવીશું. આ સૂત્રમાં ભાષ્યમાં લખેલો જે **च** શબ્દ છે તે કારણના સમુચ્ચય માટે છે. (૧) ધર્માદિ દ્રવ્યોમાં પ્રદેશ અને અવયવનું બહુત્વ સમજાવવાનું તથા (૨) અદ્ધાસમયમાં પ્રદેશોનો પ્રતિષેધ એમ આ બે પ્રયોજન સમજાવવાનાં છે. તે માટે **च** શબ્દનું વિધાન કરેલ છે.

**પ્રશ્ન** :- પાંચમા અધ્યાયના પ્રથમ સૂત્રમાં धर्माधर्माकाशपुद्गलाः આ પદમાં પ્રથમ ધર્માસ્તિકાય, ત્યારબાદ બીજા નંબરે અધર્માસ્તિકાય, ત્યાર પછી ત્રીજા નંબરે આકાશાસ્તિકાય અને ચોથા નંબરે પુદ્ગલાસ્તિકાય આ પ્રમાણે ક્રમ કેમ લીધો હશે ? તે ક્રમ લેવાની પાછળ જો કોઈ કારણ હોય ? તો તે કારણ અમને સમજાવો.

**ઉત્તર** :- તેમાં પણ કારણ છે જ, તે આ પ્રમાણે છે - ધર્મ અને અધર્મ આ નામોમાં ધર્મ નામ પ્રશસ્ત છે અને અધર્મ નામ અપ્રશસ્ત છે તે કારણથી ધર્મ નામ પ્રથમ કહ્યું છે અને અધર્મ નામ પછી કહ્યું છે. તથા વળી લોકવ્યવસ્થાનું પણ કારણ છે. કારણ કે જો આ ધર્મ-અધર્મ દ્રવ્યો ન હોત તો લોક કયો ? અને અલોક કયો ? આ વ્યવસ્થા જ ન થાત, તે માટે જ્યાં આ દ્રવ્યો છે ત્યાં લોક અને જ્યાં આ ધર્મ-અધર્મ દ્રવ્યો નથી તે અલોક આવી વ્યવસ્થાનું પણ આ કારણ છે. તે માટે આ વ્યવસ્થા સમજાવવા માટે ધર્મ અને અધર્મ દ્રવ્યો સૌથી પ્રથમ કહેલ છે. તેમાં પણ ધર્મશબ્દ પ્રશસ્ત હોવાથી સૌથી પ્રથમ કહેલ છે. અને તેનો સમોવડીયો અને વિપરીતભાવ જણાવનારો अधर्म શબ્દ પછી કહેલ છે તથા ધર્મ અને અધર્મ આ બન્ને દ્રવ્યો સંખ્યામાં એક એક જ હોવાથી સમાનતાના કારણે પાસે પાસે કહેલ છે.

તે ધર્મ અને અધર્મ દ્રવ્ય વડે જાણવા લાયક જે આકાશ તે લોકાકાશ હોવાથી, તથા "ધર્મ-અધર્મ પણ અમૂર્ત અને આકાશ પણ અમૂર્ત" એમ સાધર્મ્ય પણ હોવાથી આ ધર્મ અને અધર્મની પછી આકાશ કહેલું છે. તે ત્રીજા દ્રવ્યસ્વરૂપે કહેલા આકાશમાં જ પુદ્ગલો વસવાટ કરતાં હોવાથી तदनन्तरं = ત્યારબાદ પુદ્ગલદ્રવ્યનું કથન કરેલ છે.

આ પ્રમાણે ચારે દ્રવ્યોનો આ વિશિષ્ટ એવો જે ક્રમ સૂત્રકારે બનાવ્યો છે. તેની सन्निवेश = રચનાનું આ જ પ્રયોજન છે. આમ જાણવું. ॥૫-૧॥

**અવતરણ** :- धर्मादीनां द्रव्यगुणपर्यायत्वेनानुपदेशे सति सन्देहः स्यात्, अतः सन्देहव्या-वृत्त्यर्थमिदमुच्यते :-

**અવતરણનું ગુજરાતી :-** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાય આ ચારનાં નામો સૂત્ર ૫-૧ માં કહ્યાં છે. પરંતુ આ ચારે શું દ્રવ્ય છે ? કે ગુણ છે ? કે પર્યાય છે ? આ વાત કંઈ જ કહી નથી. તે કારણથી દ્રવ્ય-ગુણ અને પર્યાયનો અનુપદેશ હોવાથી (કથન કરેલું ન હોવાથી) શંકા થાય છે કે આ ચાર પદાર્થો શું હશે ? તે શંકા દૂર કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

## द्रव्याणि जीवाश्च ॥५-२॥

## સૂત્રાર્થ :- જીવ તથા च શબ્દથી ઉપર કહેલાં ધર્મ-અધર્મ આકાશ અને પુદ્ગલ એમ કુલ પાંચ દ્રવ્યો છે. ॥૫-૨॥

**संस्कृत टीका :-** उपरिष्टाद् वक्ष्यते लक्षणं । गुणपर्यायवद् द्रव्यम् (અધ્યાય ૫, સૂત્ર ૩૭) इति ॥ तत्र द्रव्याणि इति सामान्यसञ्ज्ञा, धर्मादिका च विशेषसञ्ज्ञा, अतः सामान्यविशेषसञ्ज्ञाभाञ्जि धर्मादीनि ॥ द्रव्यसञ्ज्ञा च द्रव्यत्वनिमित्ता द्रव्यास्तिकनयाभिप्रायेण जातिश्चशब्दार्थः ॥ तच्च द्रव्यत्वं परमार्थविचारणायां व्यतिरिक्ताव्यतिरिक्तपक्षावलम्बि, नैकान्तेनान्यद् धर्मादिभ्यो, नानन्यदिति पुरो वक्ष्यते त्रिसूत्र्याम् ॥ अत एतानि धर्मादीनि मयूराण्डकरसवत् संमूर्छितसर्वभेदप्रभेदबीजानि देशकालक्रमव्यङ्ग्यभेदसमरसावस्थैकरूपाणि द्रव्याणि गुणपर्यायकलापपरिणामयोनित्वाद् भेदप्रत्यवमर्शेन अभिन्नान्यपि भिन्नानीव भासन्ते

"द्रव्यं च भव्ये" (પાણિનિ અધ્યાય ૫, પાદ ૩, સૂત્ર ૧૦૪) इति वचनाद् भावे कर्तरि च निपात्यते "इह तु भावे" द्रव्यं भव्यं भवनमिति । गुणाः पर्यायाश्च भवन समवस्थानमात्रका एवोत्थितासीनोत्कुटकशयितपुरुषवत् । तदेव च वृत्त्यन्तरव्यक्तिरूपेण अपदिश्यते जायतेऽस्ति विपरिणमते वर्धतेऽपक्षीयते = विनश्यतीति ॥

**ગુજરાતી ભાષાંતર :-** આ જ અધ્યાયમાં આગળ ઉપર "गुणपर्यायवद् द्रव्यम्" (અધ્યાય-૫, સૂત્ર-૩૭) આ સૂત્રમાં દ્રવ્યનું લક્ષણ સમજાવાશે. "ગુણો અને પર્યાયો રહે જેમાં તે દ્રવ્ય કહેવાય છે. द्रवति = अपूर्वापूर्वपर्यायान् प्राप्नोतीति દ્રવ્ય શબ્દનો આવો અર્થ છે કે નવા નવા પર્યાયોને જે પામે તેને દ્રવ્ય કહેવાય છે.

द्रु ધાતુ છે य પ્રત્યય લાગેલો છે. द्रु ના उ નો ગુણ થઈને द्रो થયું. ત્યારબાદ ओ નો अव् આદેશ થયો. द्रव् + य પ્રત્યય = દ્રવ્ય શબ્દની સિદ્ધિ થાય છે.

ગુણો અને પર્યાયો જેમાં વર્તે છે તેવા આધારભૂત પદાર્થને દ્રવ્ય કહેવાય છે. ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવ એમ આ પાંચ દ્રવ્યો છે. તે પાંચેનું દ્રવ્ય એવું જે નામ

છે તે સામાન્ય નામ છે અને ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવ એવાં જે નામો છે તે વિશેષ નામો છે. આ નામો પોતપોતાના એક એક પદાર્થનાં જ છે. તેથી તે વિશેષનામ કહેવાય છે. આ પ્રમાણે ધર્માસ્તિકાયાદિ આ પાંચે દ્રવ્યો ધર્માસ્તિકાયાદિ નામોથી વિશેષ અને દ્રવ્ય એવા નામથી સામાન્ય એમ ઉભય સંજ્ઞાવાળાં આ દ્રવ્યો છે.

આ પાંચે દ્રવ્યોને "દ્રવ્ય" એવી સંજ્ઞા (એવું નામ) જે કરવામાં આવી છે તે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જાણવી. આ નામ સામાન્યવાચી હોવાથી આ દ્રવ્યશબ્દ પાંચે દ્રવ્યોને લાગુ પડે છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્યત્વ નામની જાતિવિશેષના નિમિત્તે રહેલું જે દ્રવ્યત્વ (દ્રવીભૂત થવાપણું = નવા નવા પર્યાયસ્વરૂપે પ્રગટ થવાપણું) છે. જેમાં તેને દ્રવ્ય કહેવાય છે.

પરમાર્થથી જો વિચારણા કરવામાં આવે તો આ દ્રવ્યત્વજાતિ પાંચ દ્રવ્યોથી नान्यद् = એકાન્તે ભિન્ન પણ નથી. તથા नानन्यद् = અન્ય નથી એમ પણ નહીં પરંતુ ભિન્નાભિન્ન છે. કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે. આ વાત उत्पाद व्यय ध्रौव्ययुक्तं सत् ત્રિપદીને સમજાવનારા આવા પ્રકારના આ સૂત્રમાં આ વાત વધારે વિસ્તારથી સમજાવાશે.

આ કારણથી ધર્માસ્તિકાયાદિ આ પાંચે દ્રવ્યો મોરના ઈંડામાં રહેલા રસની જેમ તિરોભૂત થયેલા છે સર્વે પણ ભેદ અને અભેદનાં બીજ જેમાં એવા આ દ્રવ્યો છે. તથા દેશના (ક્ષેત્રના) અને કાળના ક્રમ પ્રમાણે જણાતી છે ભિન્ન ભિન્ન અવસ્થા જેની એવાં હોવા છતાં પણ દ્રવ્યપણે-પદાર્થપણે સમાન રૂપે એક સરખા રસવાળી અવસ્થા હોવાથી કંઈક અંશે એક રૂપતાવાળી છે અવસ્થા જેની એવાં પણ આ દ્રવ્યો છે (અર્થાત્ કંઈક અંશે ભિન્ન અને કંઈક અંશે અભિન્ન એમ) ભિન્નાભિન્ન અવસ્થાવાળાં આ દ્રવ્યો છે.

આ "દ્રવ્ય" શબ્દમાં द्रु ધાતુથી य પ્રત્યય ભાવે પ્રયોગમાં અને કર્તરિ પ્રયોગમાં નિપાતન કરાય છે. પાણિનિ વ્યાકરણના પાંચમા અધ્યાયના ત્રીજા પાદના ૧૦૪ સૂત્રથી य પ્રત્યય કરવામાં આવ્યો છે. द्रव्य એટલે भव्य = નવા નવા પર્યાયસ્વરૂપે થવાપણું તે ભવનાત્મક જે પદાર્થ છે તે જ દ્રવ્ય કહેવાય છે.

જેમ કોઈ વિવક્ષિત એક પુરુષ (૧) उत्थित = ઉભા રહેવાવાળી અવસ્થામાં, (૨) आसीन = બેઠેલી અવસ્થામાં, (૩) उत्कुटक = ઉભડક પગે બેસવું, બે પગોના બળ ઉપર બેસવું, (૪) અને शयित = સુઈ જવું. આ સર્વે પણ અવસ્થામાં એકનો એક જ છે. તેની જુદી જુદી અવસ્થા = પર્યાયો બદલાય છે. તેની જેમ ગુણો અને પર્યાયો હીનાધિકપણે भवन = પ્રગટ થાય છે. પરંતુ गुणपर्यायवत् द्रव्यम् ગુણોવાળું અને પર્યાયોવાળું મૂળભૂત જે દ્રવ્ય છે તે પોતાની પ્રકૃતિસ્વરૂપે સમાનાવસ્થાવાળું પણ રહે છે. જેમકે ઘડો ભાગીને કપાલ થાય,

કપાલ ભાગીને ઠીકરાં થાય, ઠીકરાં ભાંગીને ચૂરો થાય એમ ઘટ-કપાલ-ઠીકરાં અને ચૂરો એ રૂપે બદલાવા છતાં તે સર્વે પણ અવસ્થામાં માટી રૂપે આ દ્રવ્ય ધ્રુવ પણ અવશ્ય રહે જ છે. અર્થાત્ તેની તે જ સમાનાવસ્થા પણ અપેક્ષાએ છે જ.

આ જ ભાવોને સમજાવવા ટીકાકારશ્રી લખે છે કે वृत्त्यन्तर - નવા નવા ભાવે વર્તવા સ્વરૂપે ઉત્પત્તિ અને વ્યયવાળાં આ દ્રવ્યો છે. તથા व्यक्तिमात्र સ્વરૂપે ધ્રુવસ્વભાવવાળાં પણ દ્રવ્યો છે. આમ अपदिश्यते = કહેવાય છે તથા સમયે સમયે નવા નવા પર્યાયસ્વરૂપે जायते ઉત્પન્ન પણ થાય જ છે. મૂળ પદાર્થ સ્વરૂપે अस्ति = સદાકાળ તે દ્રવ્ય છે જ, અને નવા નવા પર્યાય સ્વરૂપે થતાં અને જુના પર્યાય સ્વરૂપે નાશ પામતાં પણ તે દ્રવ્યો છે તેને જ विपरिणमते = વિશેષ વિશેષ પરિણામ પામનાર કહેવાય છે.

એવી જ રીતે वर्धते = વૃદ્ધિ પણ પામે છે તે ઉત્પાદ, अपक्षीयते = હાનિ પણ પામે છે તે વ્યય, પરંતુ હાનિ વૃદ્ધિ પામવા છતાં પણ દ્રવ્યપણે સ્થિર પણ અવશ્ય રહે જ છે. દ્રવ્ય સ્વરૂપે સ્થિર રહેવા છતાં પૂર્વપર્યાય રૂપે વિનાશ विनश्यति, તથા ઉત્તરપર્યાય રૂપે ઉત્પાદ પણ અવશ્ય છે જ, આમ સર્વત્ર ત્રિપદીમય જ પદાર્થોનું સ્વરૂપ છે અને આ જ વાત સાચી છે. યથાર્થ છે તથા યુક્તિયુક્ત છે.

**संस्कृत टीका :-** पिण्डातिरिक्तवृत्त्यन्तरावस्थाप्रकाशतायां तु जायत इति उच्यते, सव्यापारे च भवनवृत्तिः ॥ अस्तीत्यनेन निर्व्यापारात्मकसत्ताऽऽख्यायते भवनवृत्तिरुदासीना अस्तिशब्दस्य निपातनात् ॥ "विपरिणमते" इत्यनेनापि तिरोभूतात्मरूपस्यानुच्छिन्नतयाऽनुवृत्तिकस्य रूपान्तरेण भवनम् ॥ यथा "क्षीरं" दधिभावेन परिणमते, विकारान्तरवृत्त्या भवनमवतिष्ठते" वृत्त्यन्तरव्यक्ति-वृत्तिर्हेतुभाववृत्तिर्वा विपरिणामः ॥ "वर्धत" इत्यनेन तु स एव परिणामः उपचयरूपः प्रवर्तते ॥

यथा अङ्कुरो वर्धते । उपचयवत्परिणामरूपेण भवनवृत्तिर्व्यज्यते ॥ अपक्षीयते = इत्यनेन तस्यैव परिणामस्यापचयवृत्तिराख्यायते ॥ दुर्बलीभवत्पुरुषवदपचयरूपभवनवृत्त्यन्तरव्यक्तिरुच्यते ।

विनश्यतीत्यनेनाविर्भूतभवनवृत्तितिरोभवनमुच्यते ॥ यथा विनष्टो घटः = प्रतिविशिष्ट-समवस्थानात्मिका भवनवृत्तिस्तिरोभूता ॥ न त्वस्वभावतैव जाता । कपालाद्युत्तरभवनवृत्त्यन्तर-क्रमावच्छिन्नरूपत्वादित्येवमादिभिराकारैर्द्रव्याण्येव भवनलक्षणानि अपदिश्यन्ते ॥

अपरे सूत्रद्वयमेतदधीयते "द्रव्याणि, जीवाश्च" तदयुक्तम्, अस्तिकायता द्रव्यता च प्रतिपिपादयिषिता जीवानाम्, सा चैकयोगेऽपि सति प्राणिनामव्याहतैव चशब्दोपादानसामर्थ्यादतः क एष निर्विशेषो योगद्वयादरः ? सम्प्रति भाष्यमनुस्रियते :-

**ગુજરાતી ભાષાંતર :-** जायते, अस्ति, विपरिणमते, वर्धते, अपक्षीयते અને विनश्यति

ઉપરના ફકરામાં છેલ્લે છેલ્લે છ ક્રિયાપદો આપ્યાં છે. તેમાં ગ્રંથકારશ્રી આપણને ત્રિપદી યથાર્થપણે સમજાવે છે :-

(૧) पिण्डातिरिक्तवृत्त्यनन्तरावस्थाप्रकाशतायां तु जायत इत्युच्यते, सव्यापारे च भवनवृत्तिः = જેમકે માટીના પિંડમાંથી માટીને મસળી મસળીને ઘટ બનાવવાની પ્રક્રિયામાં पिण्ड = માટીની પિંડવાળી જે અવસ્થા છે. તેનાથી अतिरिक्त = અતિશય ભિન્ન એવી નવી નવી ઘટ-કપાલ વિગેરે वृत्त्यनन्तर = અપૂર્વ અપૂર્વ અવસ્થાપણે વર્તવા સ્વરૂપ જે વૃત્તિધર્મ છે તેનો प्रकाशतायां = પ્રગટ થવાપણે પ્રકાશ થયે છતે जायते = આ ઘટ થયો એમ કહેવાય છે. સારાંશ કે માટીના પિંડમાંથી ભિન્ન ભિન્ન નવી નવી અવસ્થા સ્વરૂપે અનન્તરપણે વર્તવા રૂપ પ્રકાશ થયે છતે આ ઘટ जायते = ઉત્પન્ન થાય છે આમ કહેવાય છે.

આવા પ્રકારના વ્યવસાયવાળી જે આ વ્યવસ્થા છે તેમાં માટીમાંથી ઘટનું ઘટપણે બનવાપણાનું જે સ્વરૂપ છે તે ઉત્પાદવાળી અવસ્થા છે. અર્થાત્ આવા પ્રકારની જે भवनवृत्ति નવા નવા પર્યાય રૂપે થવાપણાની જે વૃત્તિ છે (વર્તના છે) તેને જ ઘટની ઉત્પત્તિ કહેવાય છે.

(૨) अस्ति = આ પદમાં "વસ્તુ છે જ" વસ્તુનું છતાપણું જણાવાય છે. કોઈપણ જાતનો પ્રયત્ન ન કરો તો પણ તે પદાર્થમાં તે તે દ્રવ્યની પોતાની आत्मसत्ता તો અવશ્ય છે જ. એવી આત્મસત્તા જણાવાય છે. આ પદમાં પૂર્વકાલીન જે ભવનવૃત્તિ હતી તે ઉદાસીન (ગૌણ) કરો અર્થાત્ ન ગણો તો આ अस्ति અવ્યય હોવાથી સંસારમાં કોઈપણ વસ્તુનું વસ્તુસ્વરૂપે રહેવાપણું જે છે તે નૈસર્ગિક હોવાથી ત્રૈકાલિકધ્રુવસ્વરૂપ વાળું જ છે. તે ધ્રુવત્વ સમજાવે છે.

(૩) विपरिणमते = આ ત્રીજા ક્રિયાપદ વડે પણ પોતાનું જે આત્મસ્વરૂપ હતું. તે તિરોભૂત માત્ર થયું. પરંતુ સર્વથા ઉચ્છેદ થયું નથી. આ રીતે મૂળ સ્વરૂપ ઉચ્છેદ પામ્યું ન હોવાથી અનુવૃત્તિવાળું જ છે. માત્ર પિંડાવસ્થામાંથી ઘટ-કપાલ આદિ નવી નવી અવસ્થા બદલાવા સ્વરૂપે રૂપાન્તરપણે ભવન થવાથી મૂલ અસલી રૂપનો નાશ થયો છે એમ विपरिणमते પદથી જણાવાય છે. આ પ્રમાણે (૧) जायते, (૨) अस्ति, (૩) विपरिणमते. આમ આ ત્રણ ક્રિયાપદો દ્વારા અનુક્રમે ઉત્પત્તિ-ધ્રુવતા અને વિનાશ એમ ત્રણ પદો દ્વારા ત્રિપદી જ સમજાવવામાં આવી છે.

જેમકે દૂધ જ્યારે દહીં સ્વરૂપે પરિણામ પામે છે ત્યારે વિકારાન્તરભાવે બનવાથી દહીં સ્વરૂપે થવાપણું (ઉત્પાદ) જણાય છે તથા દૂધમાંથી દહીં વિગેરે બનવા છતાં ગોરસ રૂપે તો જેમ દૂધ કહેવાય તેમ દહીં માખણ વિગેરે પણ ગોરસ જ કહેવાય છે. માટે ગોરસ

પણે ધ્રુવતા તથા દૂધપણે હવે રહ્યું નથી. દહીં બન્યા પછી તેના દ્વારા ચા બનાવવી હોય તો ચા બનતી નથી. માટે દૂધપણે વિનાશ પણ અવશ્ય થયેલો જ છે. આ પ્રમાણે આ ત્રણે ક્રિયાવાચી પદોદ્વારા ટીકાકારશ્રીએ ત્રિપદી જ સમજાવેલી છે.

હવે બાકીનાં જે ત્રણ ક્રિયાપદો છે वर्धते, अपक्षीयते, તથા विनश्यति = આ ત્રણ પદોમાં પણ ત્રિપદી જ સમજાવેલી છે. તે આ પ્રમાણે જાણવી. "वर्धते" આ પદ વડે જે નવા નવા પર્યાય પ્રગટ થાય છે તે નામે આ પદાર્થ ઉપચયપણાને પામે છે. અર્થાત્ વૃદ્ધિ પામે છે તે ઉત્પાદપર્યાય જણાવ્યો છે. જેમકે આ અંકુરા હવે વૃદ્ધિ પામ્યા છે. અર્થાત્ મોટા થયા છે. આમ ઉત્પાદ પર્યાય જાણવો. અર્થાત્ છોડ, શાખા-પ્રશાખા-ફુલ અને ફળ સ્વરૂપે આગળ વધે છે. આ મુખ્યત્વે ઉત્પાદ પર્યાય જણાવ્યો છે. (૧)

તથા अपक्षीयते આ બીજા ક્રિયાપદ સ્વરૂપ પદ વડે તેના તે જ પુરુષની યુવાવસ્થા રૂપ પર્યાયની હાનિ થવા સ્વરૂપ નવા નવા પર્યાયો પામવા રૂપે જુના જુના પર્યાયોની અપચયવૃત્તિ જણાવાય છે. શરીરે દિવસે દિવસે દુર્બળ બનતા પુરુષની જેમ ઉપચયમાંથી અપચય પામવા સ્વરૂપ નવા નવા ભાવે વ્યક્તિની વૃત્ત્યન્તરતા જ જણાવાય છે. તેથી નવા નવા પર્યાયો પલટાવા છતાં પણ વ્યક્તિની ધ્રુવતા છે. તે વાત જણાવાય છે. (૨)

તથા "विनश्यति" આ ત્રીજા ક્રિયાપદ વડે પૂર્વકાળમાં આવિર્ભૂત થયેલા પર્યાયની જે ભવનવૃત્તિ (પૂર્વકાળમાં જુના પર્યાયની પ્રગટતા સ્વરૂપ જે વૃત્તિ) હતી તેનું તિરોભવન થવા (છુપાઈ જવા) સ્વરૂપ જે સ્વરૂપ સમજાવાય છે. તે મૃત્પિંડાદિ પર્યાય પૂર્વકાલીન હતો તે પર્યાય તિરોભૂત થયો. આમ કહેવાય છે. પરંતુ "अस्वभावता एव जाता न" પોતાનું કંઈ પણ સ્વરૂપ રહ્યું જ નથી એમ સર્વથા સ્વભાવતા ચાલી ગઈ હોય એવું શૂન્ય દ્રવ્ય બનતું નથી. પોતાનું કોઈ પણ સ્વરૂપ રહ્યું જ નથી એમ સર્વથા સ્વભાવતા ચાલી ગઈ હોય તેવું બનતું નથી. ફક્ત જે મૃત્પિંડતા સ્વરૂપે અવસ્થા હતી તે અવસ્થા જ દૂર થઈ છે. પરંતુ કપાલાદિ ઉત્તરકાળે થતા નવા નવા પર્યાયોની ક્રમસર શ્રૃંગલાબદ્ધ આકારે અવિચ્છિન્ન રૂપવાળી તે વસ્તુ વર્તે જ છે. આમ વર્તમાનકાલનું વિવક્ષિત આવિર્ભૂત જે પર્યાય સ્વરૂપ હતું તે જ નાશ પામ્યું છે. આ નાશધર્મ સમજાવ્યો છે. (૩)

આ પ્રમાણે ભિન્ન ભિન્ન આકારો પામવા વડે દ્રવ્યો જ ઉત્પાદ પામે છે. અર્થાત્ ભવનવૃત્તિવાળાં છે. તથા જુના જુદા આકારો વડે વ્યય પામે છે અને દ્રવ્યપણે ધ્રુવ પણ રહે જ છે. આ પ્રમાણે સર્વે પણ પદાર્થોનો વ્યવહાર ત્રિપદીમય છે.

બીજા કેટલાક આચાર્યો આ એક સૂત્રનો વિભાગ કરીને બે સૂત્ર રૂપે જણાવે છે. "द्रव्याणि" આટલું સૂત્ર ભિન્ન રચીને "जीवाश्च" આ સૂત્ર જુદું પણ છે આમ તેઓ કહે છે.

તેઓની કહેલી આ વાત વ્યાજબી નથી. અર્થાત્ ઉચિત નથી કારણ કે બન્ને પદોનું અખંડ એક સૂત્ર કરે તો જ ગ્રંથકારને જે પ્રતિપાદન કરવું છે કે "ઉપરોક્ત ચાર તથા જીવ એમ કુલ પાંચ દ્રવ્યો છે." તે અર્થ પ્રતિપાદન કરવાની જે તેઓની ઈચ્છા છે તે અર્થસિદ્ધ થાય છે. તે માટે અખંડ એકસૂત્રતા જ હોય, તે જ વ્યાજબી છે.

એક અસ્તિકાયતા અને બીજી દ્રવ્યતા આ બન્ને ભાવો ઉપરોક્ત ચાર પદાર્થોમાં પણ છે અને જીવદ્રવ્યમાં પણ છે. આવું કથન કરવાની ગ્રંથકારશ્રીની હાર્દિક જે ઈચ્છા છે તે ઈચ્છા તો આ બન્ને પદોની પરસ્પર મિલન સ્વરૂપે એકસૂત્રતાત્મકપણે જો રચના કરી હોય તો જ સર્વ શ્રોતાવર્ગને નિઃસંદેહપણે આ ભાવ સમજાય તેવી આ રચના છે. એટલા માટે જ સૂત્રની અંદર અંતે च શબ્દનું વિધાન પણ કરેલ છે.

આ પ્રમાણે આ **च** શબ્દના વિધાનબળથી જ બન્ને પદો એકમેક થતાં જ પાંચ દ્રવ્યોમાં अस्तिकायता અને દ્રવ્યતા સમજાય તેમ છે. તો પછી બન્ને પદોને ભિન્ન કરીને બે સૂત્ર બનાવવાનો પ્રયાસ કરવો તે નિર્વિશેષ જ છે અર્થાત્ નિરર્થક જ છે ઉચિત નથી. આ પ્રમાણે કેટલીક પ્રાસંગિક વાતો સમજાવીને હવે ભાષ્યના પદોનું અનુસરણ કરાય છે.

**भाष्यम् :- एते धर्मादयश्चत्वारो जीवाश्च पञ्च द्रव्याणि च भवन्तीति । उक्तं हि - "मतिश्रुतयोर्निबन्धः द्रव्येष्वसर्वपर्यायेषु, सर्वद्रव्यपर्यायेषु केवलस्य (અધ્યાય-૧, સૂત્ર-૨૭ થી ૩૦ ) इति**

**ભાષ્યનું ગુજરાતી :- ધર્માસ્તિકાયાદિ આ ચાર દ્રવ્યો તથા જીવ એમ કુલ પાંચ દ્રવ્યો છે. કહ્યું છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો છે. પરંતુ પર્યાયો સ્વરૂપ જે વિષય છે તે અસર્વ છે. જ્યારે કેવળજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયો છે.** (અધ્યાય-૧, સૂત્ર-૨૭ થી ૩૦)

**संस्कृत टीका :-** एते धर्मादय इत्यादि । एत इति प्रथमसूत्रोपदिष्टाः धर्मादयश्चतुः सङ्ख्याऽवच्छिन्नाः प्राणिनश्चास्तिकायाः द्रव्याणि । चशब्दादुभयमभिसम्बध्यते प्राणिषु । द्रव्यता चैषां स्वपरनिमित्तद्वयोपलक्षिता । तत्र स्वनिमित्तं स्वधर्मव्याप्तिर्ययाऽसाववष्टब्धस्तथा गृह्यते स्वधर्मव्याप्त्यैव द्रव्यं, प्रतिषिध्यते प्रत्याख्यते च यथाभूतं वा ज्ञायते । स्वधर्मप्राप्तिश्च व्याप्तिलक्षणा तादात्म्येन व्यवस्थानम् ॥

ततश्च स्वभावावस्थानमेव द्रव्यलक्षणम् । परनिमित्तं चक्षुर्ग्राह्यं रूपमित्यादि योज्यम् ॥

द्रव्यमेव हि तत् तथा व्यपदिश्यते रूपादितया गत्याद्युपग्रहकृत्तया च विशेषणापेक्षम् ॥

पितापुत्रभ्रातृभागिनेयमातुलादिसम्बन्धिदेवदत्तवत् । परनिजनिमित्तोपलक्षणदर्शनाभिप्रायेण चाह–उक्तं हीत्यादि –

प्रथममभिहितं मतिज्ञानश्रुतज्ञानयोर्ग्रहणता द्रव्येषु धर्मादिष्वसकलपर्यायेषु चक्षुरादिभिरिन्द्रियैस्तान्युपलक्ष्यन्ते ॥ श्रुतेन चेत्यविशुद्धग्रहणमेतद् । विशुद्धं तु सर्वद्रव्यपर्यायेषु केवलस्येति । तेनापास्तसकलविशेषणेन केवलज्योतिषा द्रव्याणां याथात्म्यं स्वनिमित्तलक्षितमागृह्यते । अतः स्वपरनिमित्तोपलक्षितानि धर्मादीनि द्रव्याणि द्रव्यास्तिकनयाभिप्रायवशात् प्रतिपत्तव्यानीति ॥५–२॥

**ગુજરાતી ભાષાંતર :-** ભાષ્યના મૂળપાઠમાં કહેલાં एते धर्मादयः ઈત્યાદિ પાઠથી જણાવેલાં एते આ સર્વનામથી પાંચમા અધ્યાયના પ્રથમસૂત્રમાં જ ઉપદેશેલાં (કહેલાં) ધર્માસ્તિકાય વિગેરે ચારદ્રવ્યોની સંખ્યાથી યુક્ત, અર્થાત્ ધર્માસ્તિકાય વિગેરે ચાર અજીવદ્રવ્યો તથા प्राणिनः चास्तिकायाश्च = જીવાસ્તિકાય નામનું પાંચમું એક દ્રવ્ય, એમ આ કુલ પાંચે દ્રવ્યોમાં દ્રવ્યતા છે. અર્થાત્ કુલ પાંચ દ્રવ્યો આ સંસારમાં છે. સૂત્રમાં લખેલા च શબ્દથી ઉપરના સૂત્રમાં કહેલા ધર્માદિ ચાર દ્રવ્યો તથા આ સૂત્રમાં કહેલા प्राणिषु = જીવદ્રવ્યમાં એમ. ઉભયમાં ૪ + ૧ = ૫ માં દ્રવ્યતા રહેલી છે. આ પ્રમાણે च શબ્દથી ૪ + ૧ નો પરસ્પર સંબંધ જણાવાય છે.

આ પાંચે દ્રવ્યોમાં રહેલી દ્રવ્યતા स्वनिमित्तक તથા परनिमित्तक એમ સ્વ અને પર આ પ્રમાણે ઉભયનિમિત્તોથી ઓળખાતી છે. ત્યાં સ્વનિમિત્ત + દ્રવ્યતા આ રીતે જણાય છે. **स्वनिमित्त** = એટલે પોતે જ પોતાના ધર્મથી વ્યાપ્ત છે. આ દ્રવ્યો પોતે જ પોતાના સ્વભાવથી જ પોતપોતાના ધર્મવાળાં છે.

જે શક્તિ વડે આ ધર્માસ્તિકાયાદિ લોકાકાશમાં અથવા લોકાલોકમાં વ્યાપ્ત થઈને જે જ્યાં રહેલાં છે તે દ્રવ્યોને તે રૂપે જ જાણવાં. (જરા પણ પોતાની બુદ્ધિથી તેમાં ગરબડ કરવી નહીં. પોતાની બુદ્ધિના ઘોડા દોડાવવા નહીં. જ્ઞાની પુરુષોનું વચન જ માન્ય રાખવું.) જે વસ્તુ જગત્સ્વભાવે જેમ છે તે વસ્તુને તેમ જાણવી. તે સ્વધર્મની વ્યાપ્તિ વડે જાણવું.

આવા પ્રકારનું આ દ્રવ્ય છે. જેમકે જે દ્રવ્યમાં જે સ્વભાવ નથી તેને નથી રૂપે જ જાણવો ત્યાં તે ધર્મનો પ્રતિષેધ જ કરવો અને જે દ્રવ્યમાં જે સ્વભાવ છે તેને તે દ્રવ્યમાં સ્વતઃ જ છે તે રીતે જાણવો અથવા જે દ્રવ્ય જેવા ભાવવાળું છે તે દ્રવ્યને તેવા ભાવે જાણવું તે સ્વનિમિત્ત કહેવાય છે.

દરેક દ્રવ્યો સ્વધર્મની પ્રાપ્તિવાળાં જ છે. એટલે કે સર્વે દ્રવ્યો પોતપોતાનાં લક્ષણોથી વ્યાપ્તિવાળાં જ છે જે દ્રવ્યનો જે સ્વભાવ છે તે સ્વભાવ તે દ્રવ્યમાં સર્વત્ર તાદાત્મ્યસંબંધથી

ભરપૂર ભરેલો જ છે. "તાદાત્મ્યસંબંધથી પોતપોતાના સ્વભાવ સાથે સર્વત્ર સર્વકાળે રહેવું" એવું લક્ષણ આ દ્રવ્યોમાં છે. ઉપરોક્ત વાતનો સાર એ થયો કે સર્વે પણ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં જ રહેનારાં છે. કદાપિ આ સ્વભાવ બદલાતો નથી કે વિરામ પામતો નથી અને દ્રવ્યો બીજા સ્વભાવને ધારણ કરતાં નથી. આવા પ્રકારનું આ દ્રવ્યનું લક્ષણ છે.

જેમકે ધર્માસ્તિકાય દ્રવ્ય સદાકાળ જીવ પુદ્ગલોને ગતિ કરવામાં સહાયક થવાના પોતાના સ્વભાવથી સહિત જ હોય છે. આ જ પ્રમાણે અધર્માસ્તિકાયદ્રવ્ય સદાકાળ સ્થિરતામાં સહાય કરવાના સ્વભાવવાળું જ હોય છે ઈત્યાદિ રીતે સર્વે દ્રવ્યો સ્વધર્મની વ્યાપ્તિ વડે વ્યાપ્ત જ હોય છે.

હવે પરનિમિત્તક સ્વરૂપે કયો ગુણ છે ? તે ચક્ષુથી ગ્રાહ્ય થાય તેવું છે ઈત્યાદિ પરની અપેક્ષાવાળું જે સ્વરૂપ છે તે પરનિમિત્તક કહેવાય છે. આ પ્રમાણે સર્વ ઠેકાણે જોડવું.

ખરેખર તો દ્રવ્ય જ તે કહેવાય છે અથવા તે પ્રમાણે એટલે કે "આ દ્રવ્ય છે" આ પ્રમાણે ત્યારે જ કહેવાય છે કે રૂપાદિ ગુણોવાળું તે હોય અથવા રૂપાદિ ગુણોથી રહિત ભલે હોય પરંતુ ગતિ-સ્થિતિ અવગાહલક્ષણોથી યુક્ત હોય તો જ તે દ્રવ્ય કહેવાય છે.

"પિતા-પુત્ર-ભાઈ-ભાણેજ-મામા આદિ સંબંધોવાળા દેવદત્તની જેમ "આ સ્વપરનિમિત્તતા જાણવી. જે પિતા છે તે પોતે પુત્રાદિનો જન્મદાતા સ્વયં છે. તે માટે તે પિતા કહેવાય છે. આ સ્વનિમિત્તક થયું અને પુત્રાદિ જે પરિવાર થયો છે. તેથી તેની અપેક્ષાએ પોતાનામાં પિતૃત્વ આવ્યું છે. તે પરનિમિત્તક જાણવું. એ જ રીતે માતામાં પુત્રાદિને જન્મ આપવાપણું. ગર્ભધારણ કરવાપણું વિગેરે ભાવો પોતાનામાં બન્યા છે તો જ માતા કહેવાયાં છે. આ સ્વનિમિત્તક છે અને પોતાના ગર્ભથી જન્મેલા પોતાના સંતાનોની અપેક્ષાએ માતાપણું છે એમ વિચારતાં તે પરનિમિત્તક પણ કહેવાય છે.

આ જ પ્રમાણે ભાઈ-ભાણેજ અને મામાપણું ઈત્યાદિ જે ધર્મો પોતાનામાં છે એટલે જીવ પોતે તે તે પર્યાયવાળો બનેલો છે તો જ કહેવાય છે. તેથી તે સ્વનિમિત્તક છે અને ભાઈપણું બીજા ભાઈની અપેક્ષાએ છે ઈત્યાદિ વિચારતાં તે પરનિમિત્તક પણ છે.

આ સર્વે પણ પર્યાયો परनिजनिमित्तोपलक्षण = પરના નિમિત્તવાળા પણ છે અને પોતાના નિમિત્તવાળા પણ છે એમ ઉભય ભાવવાળા છે. તેનાથી જ તે ઓળખાય છે જણાય છે. આવો ભાવ જણાવવાના અભિપ્રાયથી ટીકાકારશ્રી કહે છે કે उक्तं हि = ઈત્યાદિ ભાષ્યનો પાઠ જાણવો. ટીકાકારશ્રીએ ભાષ્યના પાઠનો સંબંધ જોડેલ છે :-

આ વાત પહેલાં જ સમજાવી છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ આત્મદ્રવ્યના ગુણો

છે. તેનાથી આત્માને વિષયોનું જ્ઞાન થાય છે. જ્ઞાતા આત્મા અને જ્ઞાનની વિષયતા (જ્ઞેયતા) ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોમાં અને અસર્વપર્યાયોમાં પ્રવર્તે છે. જ્યારે કેવળજ્ઞાન એ આત્માનો એવો ગુણ છે કે તેની વિષયતા સર્વદ્રવ્યોમાં તથા સર્વપર્યાયોમાં પણ પ્રવર્તે છે. આ જે જ્ઞાનનો વિષય જણાવ્યો તે થઈ સ્વનિમિત્તતા, જ્ઞાનનો પોતાનો જ આ સ્વભાવ છે માટે સ્વનિમિત્તતા.

પરંતુ ત્યાં ચક્ષુરાદિ ઈન્દ્રિયો હોવી જોઈએ. પ્રકાશ પણ હોવો જોઈએ. ઈત્યાદિ જે બાહ્ય કારણોની નિમિત્તતા લેવાય છે તે પરનિમિત્તતા જાણવી.

મતિ-શ્રુતજ્ઞાનની જે ગ્રહણતા (વિષયને જાણવાની જે શક્તિ) છે તે સ્વનિમિત્તક છે. પરંતુ ચક્ષુ આદિ બાહ્યસામગ્રીની જે અપેક્ષા રહે છે તે પરિનિમિત્તતા પણ અવશ્ય છે. માટે જ આ જ્ઞાનો અવિશુદ્ધ વિષયવાળાં છે. જ્યારે કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવનું જ્ઞાન હોવાથી વિશુદ્ધજ્ઞાન છે અને તે સર્વદ્રવ્યોમાં તથા સર્વપર્યાયોમાં સ્વતઃ જ પ્રવર્તનારું છે તેમાં ચક્ષુ કે પ્રકાશાદિ કોઈ પરપદાર્થની નિમિત્તતા હોતી નથી માટે અત્યંત વિશુદ્ધ ભાવવાળું છે અને માત્ર સ્વનિમિત્તવાળું છે.

તે કારણથી ઈન્દ્રિયજન્યજ્ઞાનપણું, દીપક આદિ પ્રકાશની હાજરી, નિકટના જ ક્ષેત્રમાં વિષયનું હોવું આવાં આવાં સર્વપ્રતિબંધ કરનારાં સર્વ વિશેષણો જેમાંથી ચાલ્યાં ગયાં છે એવા શ્રેષ્ઠ અને સર્વોત્તમ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ જ્યોતિ વડે સર્વે પણ દ્રવ્યોનું યથાર્થપણે પોતાના જ્ઞાનગુણથી જ એટલે કે સ્વનિમિત્તથી જ આ સ્વરૂપ ગ્રહણ કરાય છે.

તે માટે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સ્વ અને પર એમ ઉભયના નિમિત્તો વડે ઉપલક્ષિત થાય છે. આવો અભિપ્રાય દ્રવ્યાસ્તિક નયનો છે. તેથી તે નયને અનુસારે તે દ્રવ્યો સ્વ-પર નિમિત્તો વડે ઉપલક્ષિત થાય (ઓળખાય) તેવાં છે આ પ્રમાણે જાણવું. ॥૨॥

❋ ❋ ❋

**અવતરણ :-** अथैतानि पञ्चसङ्ख्यावच्छिन्नानि धर्मादीनि द्रव्याणि किं कदाचित् स्वभावात् प्रच्यवन्ते ? पञ्चत्वसङ्ख्यां वा व्यभिचरन्ति ? भूर्तान्यमूर्तानि वेति पश्नत्रितयम् ? अतः संशीतिव्यवच्छेदायेदमुच्यते -

**અવતરણનું ગુજરાતી :-** પાંચની સંખ્યાથી યુક્ત એવાં આ ધર્માદિ પાંચ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી શું ક્યારેય નાશ પામે છે ? અથવા પાંચની સંખ્યાનો વ્યભિચાર

પામે છે ? તથા મૂર્ત છે કે અમૂર્ત છે ? આવા ત્રણ સંશયો થાય છે. આ કારણથી તે ત્રણે સંશય છેદવા માટે આ સૂત્ર જણાવે છે :-

## नित्यावस्थितान्यरूपाणि च ।।५-३।।

## સૂત્રાર્થ : આ દ્રવ્યો નિત્ય છે, અવસ્થિત છે અને અરૂપી છે. ।।૫-૩।।

संस्कृत टीका :- यथासङ्ख्यमनेन सूत्रेण प्रश्नतितयं प्रत्युच्यते । नित्यग्रहणद् धर्मादीनां स्वभावादप्रच्युतिराख्यायते । अवस्थितग्रहणादन्यूनानधिकत्वमाविर्भाव्यते ॥ अनादिनिधनेयत्ताभ्यां न स्वतत्त्वं व्यभिचरन्ति ॥

ननु च पृथिव्यादीनि नवद्रव्याणि, तत्कथं पञ्चत्वसङ्ख्यां न व्यभिचरन्तीति ? ॥ उच्यते- पृथिव्यप्तेजोवायुमनांसि तावत् पुद्गलद्रव्यमेव मूर्तक्रियावत्त्वाद् आत्मपरिणमिता वा वसुधादयः पुद्गला जीवा एव मनुष्यादिवत् ॥ कालश्चैकीयमतेन द्रव्यमिति वक्ष्यते ॥ वाचकमुख्यस्य पञ्चैवेति ॥

दिशश्चाकाशान्न द्रव्यान्तरम्, आकाशप्रदेशा एव विशिष्टरचनाभाजो दिग्व्यपदेशमवरुन्धन्ति । न च तद्व्यतिरेकेण तत्स्वरूपोपलब्धिर्दिशामस्तीति ॥ अरूपिग्रहणाद् धर्माधर्माकाशजीवानाम मूर्ततामाविष्करोति ॥ रूपरसगन्धस्पर्शपरिणामबहिर्वर्तित्वादमूर्तान्युच्यन्ते ॥ अपरे द्विधा भिन्दन्ति सूत्रम् - "नित्यावस्थितानि" पञ्चापि धर्मादीनि द्रव्याणि नित्यावस्थितानि भवन्ति ॥ ततो"ऽरूपाणि" एतान्येव धर्मादीन्यविद्यमानरूपरसादीनि द्रष्टव्यानि ॥ चत्वारीति पृथग्योगकरणात् किल पञ्चानामप्यवस्थितत्वमरूपत्वं चतुर्णामिति ।

**ગુજરાતી ભાષાંતર** :- આ સૂત્ર વડે અવતરણમાં કરાયેલા ત્રણે પ્રશ્નોના પ્રત્યુત્તરો અપાય છે. આ સૂત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો નિત્ય છે. આ પ્રમાણેનું વિધાન હોવાથી જ તે દ્રવ્યો પોતાના સ્વભાવથી (પોતાના સ્વરૂપથી) નાશ નથી જ પામતાં તે વાત સ્પષ્ટ થઈ જાય છે, સ્પષ્ટ સમજાઈ જ જાય છે.

તથા અવસ્થિત શબ્દના કથનથી સદાકાળ પાંચ જ દ્રવ્યો છે. પણ પાંચથી ન્યૂન કે પાંચથી અધિક દ્રવ્યો આ સંસારમાં છે જ નહીં. આ વાત પ્રગટ કરાય છે. અનાદિ-અનંત કાળ સુધી આટલી જ સંખ્યા હોય છે. નિત્ય અને અવસ્થિત એમ આ બન્નેની સાથે આ દ્રવ્યો ક્યારેય પણ વ્યભિચાર પામતાં નથી.

સારાંશ કે એક વાત તો એ છે કે આ પાંચ દ્રવ્યો અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે જ. તથા બીજી વાત એ છે કે આ પાંચની સંખ્યા જે છે તે સદાકાળ પાંચની જ સંખ્યા રહેશે. ક્યારેય પણ તેમાં હીનાધિકતા થશે નહીં. તે માટે આ બન્ને વાતોમાં ક્યારેય પણ વ્યભિચાર આવતો નથી. પાંચની સંખ્યામાં વધઘટ ક્યારેય પણ થતી નથી.

**પ્રશ્ન :-** પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ-કાલ-દિશા-આત્મા અને મન એમ કુલ નવ દ્રવ્યો તર્કસંગ્રહ આદિ અન્ય ગ્રંથોમાં સંભળાય છે. તો તમે કહેલી પાંચ દ્રવ્યોની આ સંખ્યાને વ્યભિચાર દોષ શું નહીં આવે ? સારાંશ કે તમે કહેલાં પાંચ દ્રવ્યોની સંખ્યા શું ખોટી નહીં પડે ? અન્ય દર્શનોમાં નવ બતાવ્યાં છે તે માટે ?

**ઉત્તર :-** उच्यते = ઉપરના પ્રશ્નનો ઉત્તર હવે અપાય છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને મન આ પાંચ દ્રવ્યો તો મૂર્ત હોવાથી તથા ક્રિયાવાળાં હોવાથી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં જ ગણાય છે. તે પાંચે એક પુદ્‌ગલ દ્રવ્ય જ છે. તથા આત્મા વડે ગ્રહણ કરીને આત્માના શરીર રૂપે પરિણામ પમાડાયેલા આ પૃથ્વી આદિ પુદ્‌ગલ દ્રવ્યો જ્યારે શરીરાદિ સ્વરૂપે બને છે ત્યારે જીવ સાથે ભળ્યાં છતાં મનુષ્યાદિની જેમ જીવ જ છે. જેમ મનુષ્યપણાને પામેલા જીવનું શરીર પણ પુદ્‌ગલ હોવા છતાં પણ જીવ કહેવાય છે તેમ પૃથ્વી આદિ પુદ્‌લ દ્રવ્યો પણ જ્યારે જીવ વડે ગ્રહણ કરાયાં છે અને પોતાના શરીર રૂપે બનાવાયાં છે ત્યારે તેમાં વ્યાપ્ત થઈને જીવ રહેલો હોય છે તે કારણથી તે પાંચે દ્રવ્યો જીવ જ કહેવાય છે.

તથા કાળ એ એક આચાર્યના મતે દ્રવ્ય છે એમ અમે જૈનોએ પણ સ્વીકાર્યું છે. જે સૂત્ર નંબર ૫-૩૮ માં કહેવાના છીએ. સૂત્રકાર ભગવંત વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતીજીની દૃષ્ટિએ પાંચ જ દ્રવ્યો છે. નૈયાયિકોએ જે દિશા નામનું દ્રવ્ય આકાશથી ભિન્ન માન્યું છે તે ખરેખર આકાશથી ભિન્ન નથી અર્થાત્ દિશા એ આકાશ દ્રવ્ય જ છે. આકાશાસ્તિકાયના જે પ્રદેશો છે તે જ વિશિષ્ટ રચનાને પામ્યા છતા દિશાના વ્યવહારને પામે છે.

જે આકાશમાં સૂર્યોદય થાય છે તે આકાશ જ પૂર્વ દિશા કહેવાય છે અને જે આકાશમાં સૂર્ય આથમે છે તે આકાશ જ પશ્ચિમ દિશા કહેવાય છે. આ પ્રમાણે આકાશ એ જ દિશાદ્રવ્ય છે, પરંતુ આકાશને છોડીને ભિન્ન દ્રવ્યપણે દિશા નામના દ્રવ્યના સ્વરૂપની ઉપલબ્ધિ થતી નથી.

**अरूपाणि** = આ પદના ગ્રહણથી ધર્મ-અધર્મ-આકાશ અને જીવ એમ કુલ ચાર દ્રવ્યોની અમૂર્તતા (વર્ણાદિ ચાર ગુણ રહિતતા) ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે. આ ચારે દ્રવ્યો રૂપ-રસ-ગંધ અને સ્પર્શ આ ચારે ગુણના પરિણામથી બહિર્વર્તી હોવાથી **અમૂર્ત** કહેવાય છે.

બીજા કેટલાક આચાર્યો આ સૂત્રને બે વિભાગમાં વહેંચી નાખે છે "नित्यावस्थितानि, अरूपाणि" આમ બે જુદાં જુદાં સૂત્રો કરે છે. ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો નિત્ય તો છે જ, તથા અવસ્થિત પણ છે જ, તથા अरूपाणि આટલું પદ ભિન્ન કરવાથી ધર્મ-અધર્મ-આકાશ અને જીવ એમ ચાર જ દ્રવ્યો અરૂપી છે, પરંતુ પાંચે દ્રવ્યો અરૂપી નથી. આવો અર્થ તે આચાર્યો કરે છે.

જો કે મૂલસૂત્રમાં चत्वारि આવું પદ લખ્યું નથી પરંતુ નિત્ય અને અવસ્થિત આ બન્ને પદનો દ્વન્દ્વસમાસ કર્યો છે અને अरूपाणि પદ જુદુ-ભિન્ન રૂપે લખ્યું છે. દ્વન્દ્વસમાસમાં સાથે લીધું નથી. ત્રણે પદનો એક દ્વન્દ્વસમાસ કર્યો નથી. પરંતુ अरूपाणि આવો પૃથક્પ્રયોગ કર્યો છે. તેથી સમજાય જ છે કે આ અરૂપી પદમાં પાંચે દ્રવ્યો લેવાનાં નથી. તથા વળી "रूपिणः पुद्गलाः" ૫ = ૪ આવા પ્રકારનું ભિન્ન સૂત્ર કરવાના છે. તેથી અહીં અરૂપીમાં ચાર જ દ્રવ્યો જાણવાં.

સાર એ નીકળ્યો કે નિત્યપણું અને અવસ્થિતપણું પાંચમાં છે અને અરૂપીપણું ચારમાં જ છે. આવો અર્થ પ્રગટ કરવા કેટલાક આચાર્યોએ આ એક સૂત્રનો ભિન્ન ભિન્ન પ્રયોગ કરીને બે સૂત્રરૂપે રચના કરી છે તેવી રચના ન કરી હોત તો પણ એક સૂત્રરૂપે રચના હોવા છતાં પણ આ અર્થ નીકળી શકે છે. ત્રણે પદો સાથે લખીએ તો પણ અરૂપ શબ્દના ગ્રહણથી ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોમાંથી જ્યાં જેનો સંભવ હોય ત્યાં જ તેનો સંબંધ કરાશે એટલે ધર્માસ્તિકાયાદિ ચારમાં જ અરૂપી પદનો સંબંધ કરાશે. તેમાં પુદ્ગલદ્રવ્ય લેવાશે નહીં. કારણ કે આગળ ઉપર ૫-૪ માં પુદ્ગલાસ્તિકાય રૂપી તરીકે વિધાન ગ્રંથકારશ્રી પોતે જ કરવાના છે. તેથી અરૂપીદ્રવ્યો ચાર જ છે. આ અર્થ સ્પષ્ટપણે સમજાય તેવો જ છે.

एतच्च शक्यमेकयोगेऽपि हि - अरूपग्रहणात् सम्भवतो धर्मादय एव सम्भत्स्यन्ते, न पुद्गलाः ॥ अथवाऽप्यरूपग्रहणात् पञ्चानामपि प्रसङ्गे अपवदिष्यते-"रूपिणः पुद्गलाः" (અધ્યાય-૫, સૂત્ર-૪) इति ॥ न च पृथग्योगेऽप्येषोऽर्थो शक्यो लब्धुमतो वृथा वाञ्छेति ॥

अपरे वर्णयन्ति-एकयोग एव नित्यावस्थितान्यरूपाणि ॥ अत्राद्ययोः समस्तपदयोः पाठः कृतः ॥ अरूपग्रहणं तु न समस्तमाभ्यां सहातो विभक्तिद्वयश्रवणमेतस्मादुन्नीयते-"नित्यावस्थितग्रहणं समस्तद्रव्यविशेषणमरूपग्रहणमेकर्क पुद्गलद्रव्यव्युदासेन धर्मादिचतुष्टयविशेषणम् ॥

अत्रापरे व्याचक्षते = यत्किञ्चिदेतत्, "नित्यावस्थितारूपाणी" त्येवमपि पाठे लभ्यत एवाभिलषितोर्थ उत्तरसूत्रोपादानात् । तस्मात् समस्यैव त्रीण्यपि पदानि सूत्रमध्येयम् ॥ अस्मिन् पक्षे सूरिविरचितसूत्रविन्यासभङ्गापत्तिर्न तु प्रक्रिया दुष्यति ॥

अपरे नित्यग्रहणमवस्थितविशेषणं कल्पयन्ति "नित्यमवस्थितानि" = नित्यावस्थितानि, "सह सुपा" (પાણિનિ અધ્યાય-૨, પાદ-૧, સૂત્ર-૪) इति समासो नित्यप्रजल्पितवत् ॥ अस्मिन् विकल्पे भाष्यमगमितं स्यात् ॥ भाष्यकारेण त्वेतानि त्रीण्यपि स्वतन्त्राण्येव व्याख्यातानि । तत्कथं नित्यग्रहणमवस्थितविशेषणं स्यात् ? भाष्यभेदे सतीति ॥

**ગુજરાતી ભાષાંતર :-** અથવા "अरूप" શબ્દના ગ્રહણથી ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોમાં "અરૂપિપણું" સિદ્ધ થવાનો અવસર આવવાથી અર્થાત્ અતિવ્યાપ્તિ થવાથી આગળ

ઉપર "रूपिणः पुद्गलाः" (૫-૪) આવા પ્રકારની સૂત્રરચના કરવાથી આ અપવાદ સમજાઈ જ જશે કે પુદ્ગલાસ્તિકાય નામનું એકદ્રવ્ય રૂપી છે તેથી નિત્ય દ્રવ્ય પાંચ, અવસ્થિતદ્રવ્ય પાંચ, પરંતુ અરૂપી દ્રવ્ય પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય વિના બાકીનાં ચાર જ છે. આવો અર્થ આપોઆપ ફલિત થાય છે.

"अरूपाणि च" એમ ભિન્ન સૂત્ર કર્યું હોત તો પણ પુદ્ગલ વિનાનાં શેષ ચાર દ્રવ્યો અરૂપી છે એવો અર્થ કરી શકાયો હોત આવી શંકા મનમાં કરવી તે મિથ્યા કલ્પના માત્ર છે એમ કરવાથી સૂત્રોની રચનાનું ગૌરવ થાય. તે કારણથી ગ્રંથકારે ભિન્ન સૂત્રરચના ન કરતાં એક સૂત્રમાં જ તેનું અસમાસ કરવા રૂપે (અર્થાત્ સમાસ ન કરવા રૂપે) વિધાન કર્યું છે. જેવા પ્રકારનો નિત્ય અને અવસ્થિત શબ્દનો સમાસ કર્યો છે તેવો અરૂપી શબ્દ સાથે લઈને ત્રણે પદોનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવો હોય તો થઈ શકે છે પણ કર્યો નથી. તેથી એકસૂત્રરૂપે રચના કરવાથી પણ અરૂપીમાં ચાર જ દ્રવ્યો છે. આવો અર્થ સારી રીતે નીકળી શકે છે. તેથી બીજી કોઈ પણ કલ્પના કરવી ઉચિત નથી.

अत्रापरे वर्णयन्ति = અહીં બીજા કેટલાંક આચાર્યો કહે છે કે "नित्यावस्थितान्यरूपाणि" આવી ત્રણે પદોની એકસૂત્રરૂપે જ રચના છે. એક યોગ જ છે. ત્રણે પદોનું એક જ સૂત્ર છે. ફક્ત પ્રથમનાં બે પદોનો સમાસ કરીને સૂત્રરચના કરી છે અને ત્રીજું પદ સમાસરૂપે કહ્યું નથી. માટે અર્થ કરનારને આપોઆપ જ સમજાશે કે नित्य અને अवस्थित આ બે પદો પાંચે દ્રવ્યોમાં જોડવાનાં છે. પરંતુ अरूपाणि આ છેલ્લું ત્રીજું પદ અસામાસિક હોવાથી પાંચમાં જોડવાનું નથી. માટે ચારમાં જ જોડવાનું છે. સારાંશ કે अरूप શબ્દનું ગ્રહણ "न समस्तमाभ्यां सह" (નિત્ય અને અવસ્થિત) આ બે શબ્દો ની સાથે अरूप શબ્દનો સમાસ કર્યો નથી. अतो = આ કારણથી બન્નેને ભિન્ન ભિન્ન વિભક્તિ લગાડી છે અને ભિન્ન ભિન્ન વિભક્તિ સંભળાય છે. તેનાથી જણાય છે કે (૧) નિત્ય અને (૨) અવસ્થિત આ બે પદોનું જે ગ્રહણ છે તે સમસ્ત એવાં પાંચે દ્રવ્યોના વિષયવાળું છે જ્યારે अरूप શબ્દનું જે અસામાસિકપણે ગ્રહણ કર્યું છે તે એક પુદ્ગલાસ્તિકાયને છોડીને ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોના જ વિધાન માટે કરેલ છે.

તથા વળી = अत्रापरे व्याचक्षते = આ બાબતમાં બીજા કેટલાક આચાર્યો આ પ્રમાણે જણાવે છે કે :- ઉપરોક્ત કરેલી ચર્ચા યત્કિંચિત્ છે અથવા નિરર્થક છે આટલી ઝીણી ચર્ચા ન કરો તો પણ ચાલે તેમ છે. કારણ કે "नित्यावस्थितारूपाणि" આમ ત્રણે પદોનો જો ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવામાં આવે તો પણ તમારે જે અર્થ કરવો છે કે પાંચ દ્રવ્યો નિત્ય પણ છે અને તે જ પાંચ દ્રવ્યો અવસ્થિત પણ છે પરંતુ અરૂપી દ્રવ્યો તો પુદ્ગલ દ્રવ્ય વિના ચાર જ દ્રવ્યો છે.

આ પ્રમાણે ઈષ્ટ અર્થ થઈ જ શકે છે કારણ કે પાછળ આવતું સૂત્ર (૫-૪) ભિન્ન કથન સ્વરૂપે કરેલ હોવાથી અહીં સમાસ કરશો તો પણ આ અર્થ નીકળી શકે છે. તેથી ત્રણે પદોનો સમાસ કરીને એક જ વાક્ય રૂપે સૂત્ર કહેવું જોઈએ. આ પક્ષ સ્વીકારવામાં સૂરિમહારાજે (ગ્રંથકારશ્રીએ) કરેલી જે સૂત્રરચના છે તેનો ભંગ થવાની આપત્તિ આવે છે પણ બાકી બીજો કોઈ દોષ લાગતો હોય તેમ દેખાતું નથી.

अपरे = તથા વળી બીજા કેટલાક આચાર્યો નિત્યપદને અવસ્થિતપદના વિશેષણરૂપે જ કલ્પે છે. नित्यम्–अवस्थितानि इति नित्यावस्थानि = "सहसुपा" (પાણિની વ્યાકરણ અધ્યાય-૨, પાદ-૧, સૂત્ર-૪ થી) નિત્યસમાસ થયેલ છે. આ પ્રમાણે તે આચાર્યો કહે છે. જો કે આવો અર્થ કરીએ તો થઈ શકે છે. બીજો કોઈ દોષ આવતો નથી. પરંતુ ભાષ્યની પંક્તિ સાથે અર્થનો સુમેળ થતો નથી. કારણ કે ભાષ્યકાર મહારાજાએ नित्य–अवस्थित અને अरूपाणि આ ત્રણે પદોને સ્વતંત્રપણે જ પ્રકાશિત કર્યાં છે તથા અર્થનું વ્યાખ્યાન પણ તે પ્રમાણે જ કર્યું છે.

તે કારણથી अपरे = અપર આચાર્યોએ नित्य શબ્દને अवस्थित શબ્દના વિશેષણ રૂપે કેવી રીતે જોડી દીધો ? જો अपर આચાર્યો કહે તેમ કરીએ તો ભાષ્યકાર મહારાજાએ આ પંક્તિનો જે અર્થ કર્યો છે તે સુસંગત ન થાય. ભાષ્યકારે કરેલો અર્થ તુટી જાય માટે અપર આચાર્યોનું નિત્ય શબ્દને અવસ્થિતના વિશેષણ તરીકે જે કથન છે તે સુસંગત લાગતું નથી. માટે આ વિષયના ઊંડા અભ્યાસીએ આ તત્ત્વ વિચારવું.

अपरे त्वाहुः = किलाचार्येण सूत्रमेवमधीतम् "नित्यावस्थितान्यरूपीणीति" अत्रच बहुव्रीहिणोक्तत्वान्मत्वर्थीयानुपपत्तिरिति ॥ अत्रोच्यते = क्वचिद् बहुव्रीहिं बाधित्वा तत्पुरुषवृत्तौ मत्वर्थीयो भवति । तद्यथा = इङ्धार्योः शत्रकृच्छ्रिणि ॥ (પાણિની અધ્યાય-૩, પાદ-૨, સૂત્ર-૧૩૦) तथा अनरवन्ति चक्राणि सर्वधनादित्वाद् वा ॥

अपरे ब्रुवते = भवतु मत्वर्थीयोऽत्रार्हः ॥ स च मतुरेव रसादिपाठान्न त्विनिरिति ॥ उक्तं तत्रान्यतरस्यां ग्रहणं समुच्चयार्थमित्यदोषः ॥

**ગુજરાતી ભાષાંતર :-** બીજા કેટલાક આચાર્યો આ પ્રમાણે પણ જણાવે છે કે ગ્રંથકાર મહાત્મા શ્રી ઉમાસ્વાતિજી વડે સૂત્ર જ આ પ્રમાણે રચાયું છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો નિત્ય છે, અવસ્થિત છે અને અરૂપી છે.

અહીં अरूपाणि જે પાઠ છે તેને બદલે તે આચાર્યો अरूपिणी આવો શબ્દ પ્રયોગ કરે છે. આ સમાસમાં नास्ति रूपं यस्य–तद् अरूपम् । આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરવાથી જ "નથી રૂપ જેને એવાં દ્રવ્યો" આમ કહેવાથી ધર્માદિ ચારે દ્રવ્યો આવી જ જાય છે. માટે

મત્વર્થીય इन् પ્રત્યય લગાડવાની જરૂર જ નથી. બહુવ્રીહિ વડે જ ઈષ્ટ અર્થ આવી જતો હોવાથી મત્વર્થીય इन् પ્રત્યય લગાડવાની જરૂર રહેતી નથી. इन् પ્રત્યયની અનુપપત્તિ જ છે. આવો કોઈ પ્રશ્ન કદાચ કરે તો ટીકાકારશ્રી જણાવે છે કે -

अत्रोच्यते = ઉપરના પ્રશ્નનો ઉત્તર હવે અપાય છે. ક્યારેક બહુવ્રીહિ સમાસનો બાધ કરીને જો તત્પુરુષ સમાસ કરાય તો न रूपमिति = अरूपम् આટલો જ અર્થ થાય ત્યારે "તે વાળો" એવો અર્થ લાવવા માટે મત્વર્થક "इन्" પ્રત્યયની જરૂરિયાત રહે છે તેથી अरूपिणी આ શબ્દ પણ બરાબર છે. જેમકે પાણિની વ્યાકરણકારે જ "इङ्धार्योः शत्रकृच्छ्रिणि" પાણિની (અ.૩, પા.૨, સૂત્ર-૧૩૦માં) આ પ્રયોગ કર્યો છે. સૂત્રમાં न कृच्छं = अकृच्छं અને ત્યારબાદ अकृच्छं अस्ति यस्य = अकृच्छिन् આ પ્રયોગમાં પ્રથમ નઞ્ તત્પુરુષ સમાસ કરીને પછીથી મત્વર્થીય इन् પ્રત્યય કરેલો છે. આ પ્રમાણે તત્પુરુષ સમાસ કર્યા પછી મત્વર્થીય પ્રત્યય इन् થઈ શકે છે. આ એક ઉત્તર થયો.

હવે બીજો ઉત્તર પણ અપાય છે - તે આ પ્રમાણે છે न अराः इति अनराः આ નઞ્ તત્પુરુષ સમાસ થયો. "अनराः सन्ति येषां तानि" આવો વિગ્રહ કરીને મત્વીર્ય मत् પ્રત્યય લગાડીને म નો व કરવાથી अनरवन्ति चक्राणि આવો પ્રયોગ થાય છે. આ પ્રયોગમાં પણ પહેલાં નઞ્ તત્પુરુષ સમાસ કરીને ત્યારબાદ મત્વીય मत् પ્રત્યય લાગ્યો છે. અને વ્યાકરણના નિયમથી मत् પ્રત્યયના म् નો व થયો છે.

અથવા सर्वं च तद् धनं च इति सर्वधनं આ પ્રથમ કર્મધારય સમાસ કર્યો, ત્યારબાદ सर्वधनं अस्ति यस्य એમ મત્વર્થીય इन् પ્રત્યય થયો. જેથી सर्वधनिन् શબ્દ થાય છે. ત્યાં પણ કર્મધારય સમાસ કર્યા પછી મત્ત્વર્થીય इन् પ્રત્યય કરવાથી આ રૂપ બની શકે છે. તેમાં કોઈ વિરોધ આવતો નથી.

તથા વળી अपरे ब्रुवते = બીજા કેટલાક આચાર્યો કહે છે કે જે अर्ह શબ્દ છે તે યોગ્ય અર્થમાં પણ મત્વર્થીય પ્રત્યય થાય છે. મત્વર્થીય પ્રત્યયો मत् અને इन् એમ બે પ્રત્યયો છે. પરંતુ અહીં इन् પ્રત્યય થતો નથી. સારાંશ એવો છે કે अरूपिणी પાઠ ન રાખતાં अरूपाणि આ પાઠ જ ઉચિત છે. પાણિની વ્યાકરણમાં પણ કહ્યું છે કે अन्यतरस्यां ग्रहणम् = ગમે તે એકમાં પ્રત્યય કરવો તેથી मत् અને इन् એમ બન્ને પ્રત્યયો થઈ શકે છે. પરંતુ અમે તો मत् પ્રત્યય જ કર્યો છે તે સમુચ્ચયના અર્થમાં છે. અર્થાત્ इन् પણ કરી શકાય છે અને मत् પ્રત્યય પણ કરી શકાય છે. ત્યાં બે પ્રત્યયોમાંથી અમે मत् પ્રત્યય કરેલો છે. આમ કરવામાં કોઈ દોષ દેખાતો નથી. આ પ્રમાણે આ સૂત્રનો સંક્ષિપ્ત અર્થ સમજાવ્યો છે. હવે ભાષ્યકાર મહારાજા આ સૂત્રનો અર્થ સ્વયં પોતે જ વિચારે છે અને કહે છે :-

અવતરણ :- भाष्यमधुनाऽऽश्रियते

**भाष्यम् :-** एतानि द्रव्याणि नित्यानि भवन्ति ॥ "तद्भावाव्ययं नित्यम्" (અધ્યાય-૫, સૂત્ર-૩૦) इति च वक्ष्यते ॥ अवस्थितानि च, न हि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति ॥ अरूपाणि च, नैषां रूपमस्तीति ॥ रूपं मूर्तिः । मूर्त्याश्रयाश्च स्पर्शादय इति ।।५-३॥

ભાષ્યનું ગુજરાતી :- આ પાંચે દ્રવ્યો નિત્ય છે તે ભાવથી અર્થાત્ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યભાવથી જે બદલાતાં નથી તે નિત્ય કહેવાય છે આવું નિત્યનું લક્ષણ છે. તથા આ પાંચે દ્રવ્યો અવસ્થિત પણ છે. ક્યારેય પોતાની પાંચની સંખ્યા જે છે તેમાં વ્યભિચાર પામતાં નથી તથા પાંચની સંખ્યા જે છે તે ભૂતાર્થતાવાળી અર્થાત્ સદા વિદ્યમાનતાવાળી જ છે. તેમાં ક્યારેય પણ વ્યભિચાર આવતો નથી.

તથા વળી આ પાંચે દ્રવ્યોમાં (એક પુદ્ગલાસ્તિકાય જે આગળ ઉપર સૂત્ર-૫-૪ માં રૂપી કહેવાના છે તેને છોડીને બાકીનાં) ચાર દ્રવ્યો અરૂપી છે. રૂપ એટલે મૂર્તિ, મૂર્તિ એટલે વિશિષ્ટ આકાર, જ્યાં મૂર્તિ હોય છે. ત્યાં સ્પર્શાદિ ચારે ગુણો પણ અવશ્ય હોય જ છે. ।।૫-૩।।

**संस्कृत टीका :-** एतानि द्रव्याणि नित्यानि इत्यादि भाष्यम् । एतानि = अनन्तराविष्कृतानि पञ्चापि धर्मादीनि द्रव्याणीति द्रव्यास्तिकनयाभिप्रायेण । न तु पर्यायसमाश्रयणात् । द्रव्यास्तिको हि ध्रौव्यमेवेच्छति, नोत्पादविनाशौ ॥ अतः तदभिप्रायेणैषामाचार्यः शास्ति नित्यताम् ॥ अन्यथा द्रव्यार्थिकनयनिरपेक्षनिरूपणायामेकान्तवादः स्यात् । स च बहुविधदोषाघ्रातत्वात् सामीक्षिकाभि-प्रायवदसमञ्जसः स्यात् ॥

**ગુજરાતી ભાષાંતર :-** આ પાંચે દ્રવ્યોમાં નિત્ય છે ઇત્યાદિ ભાષ્યકાર મહારાજાએ ભાષ્યમાં જે જણાવ્યું છે તે દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાએ સમજવું. જ્યારે જ્યારે દ્રવ્યાર્થિક નયની વિવક્ષા કરવામાં આવે છે ત્યારે ત્યારે તે નય દ્રવ્યને પ્રધાનપણે અને પર્યાયને ગૌણપણે સ્વીકારે છે તથા જ્યારે જ્યારે પર્યાયાર્થિકનયની પ્રધાનતા વિચારાય છે ત્યારે ત્યારે તે પર્યાયાર્થિક નય પર્યાયને પ્રધાનપણે અને દ્રવ્યને ગૌણપણે સ્વીકારે છે માટે બન્ને નયોની દૃષ્ટિમાં તફાવત છે. પરમાર્થથી વસ્તુ ઉભયાત્મક છે.

ભાષ્યના પાઠમાં नित्यानि આવો જે પાઠ છે તે અનન્તરપણે કહેલાં ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોનું દ્રવ્યાસ્તિક નયના અભિપ્રાય પ્રમાણે નિત્યપણું જાણવું. પરંતુ પર્યાયાસ્તિકનય પ્રમાણે નિત્યપણું ન જાણવું. કારણ કે દ્રવ્યાર્થિકનય દ્રવ્યની પ્રધાન દૃષ્ટિવાળો હોવાથી ધ્રૌવ્યને જ મુખ્ય કરે છે. ઉત્પાદ અને વિનાશને ગૌણ કરે છે પણ તેને મુખ્ય કરતો નથી.

આ કારણથી આવા પ્રકારના આ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાય પ્રમાણે આ પાંચે દ્રવ્યોની નિત્યતાને જ આચાર્ય મહારાજશ્રી જણાવે છે. જો આવી વિવક્ષા ન કરીએ અને દ્રવ્યાર્થિકનયથી નિરપેક્ષપણે કેવળ એકલા પર્યાયાર્થિકનયને જ આગળ કરીએ તો એકાન્તવાદ થઈ જાય અને વસ્તુનું સ્વરૂપ તેવું ન હોવાથી આવા પ્રકારની એકલા પર્યાયાર્થિકનયની વિચારસરણી બહુપ્રકારના દોષોથી ભરપુર ભરેલી હોવાથી સામીક્ષિકને (એટલે કે સાંખ્યમતને) માન્ય શાસ્ત્રના અભિપ્રાયની જેમ અસમંજસ (અસ્ત-વ્યસ્ત અર્થાત્ અઘટિત) વસ્તુસ્વરૂપ થાય છે જે કથન બરાબર નથી.

તે કારણથી સર્વે પણ વસ્તુઓમાં દ્રવ્યસ્વરૂપ અને પર્યાય સ્વરૂપ એમ બન્ને સ્વરૂપ સાથે જ રહેલાં છે. પરંતુ તેનું પ્રતિપાદન સાથે થઈ શકતું નથી. જેથી જ્યારે દ્રવ્યાર્થિકનયની પ્રધાનતા કરો ત્યારે પર્યાયાર્થિક નયની ગૌણતા અને પર્યાયાર્થિકનયની પ્રધાનતા કરો ત્યારે દ્રવ્યાર્થિક નયની ગૌણતા કરવી એ જ કલ્યાણકારી માર્ગ છે અને તે જ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ કહેવું જોઈએ તથા સમજવું જોઈએ.

ननु चैवमेकनयनिरूपणा न जैनेन्द्रदर्शनप्रतिपूरणायालम् ? । सत्यमेतत्, किन्तु द्रव्यास्तिक-पर्यायास्तिकयोः प्रधानगुणभावविवक्षावशात् वस्तुतत्त्वमुपनीयते ज्ञातपुत्रीयैः ॥

अन्यथा हीत्थं वस्तुप्रज्ञापनाऽतिदुस्करा स्यात् । अतः प्रज्ञापनेयमभिन्नांशस्य वस्तुनो नरसिंहस्येव नरकेसरिशब्दभेदेन । तत्र हि द्रव्यास्तिकस्य प्राधान्यमाश्रित्येतरस्य च गुणभावं नित्यता प्रज्ञाप्यते । यथा चैतानि नयद्वयोपसंगृहीतानि तथा प्रथमसूत्रेऽभिहितमभिधास्यते च त्रिसूत्र्यामिति । तमेव च ध्रौव्यांशं द्रव्यार्थिकनयप्रज्ञाप्यमादर्शयितुमाह =

**ગુજરાતી ભાષાંતર :-** પ્રશ્ન = અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે આ પ્રમાણે કેવળ એકલા દ્રવ્યાર્થિકનયની પ્રરૂપણા કરીને પાંચે દ્રવ્યો નિત્ય છે આ પ્રમાણે સમજાવતાં તે વાત, જૈનદર્શનનું અનુસરણ કરનારા માટે અર્થાત્ પાલન કરનારા માટે બરાબર ઉચિત નથી. કારણ કે જૈનદર્શનમાં તો કોઈ પણ એક વાત ઉપર વધારે ભાર આપો અને તેનાથી વિરોધી બીજી વાતને ઉડાવી મુકો તો તો મિથ્યાત્વ જ લાગે. આમ દ્રવ્યાર્થિકનયનાં જ ગાણાં ગાવામાં જૈનદર્શનની માન્યતાનું અનુસરણ જ રહેતું નથી ?

**ઉત્તર :-** सत्यमेव = હા, તમારી વાત સર્વથા સાચી જ છે સો ટચના સોના જેવી છે પરંતુ દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાર્થિકનયની પ્રધાન-ગૌણભાવે વિવક્ષા કરવાના આશયથી જ જ્ઞાતપુત્રીઓ વડે (એટલે કે મહાવીરસ્વામી ભગવાનના અનુયાયીઓ વડે) વસ્તુનું સાચું અને યથાર્થસ્વરૂપ સમજાવાય છે. અને અવશ્ય સમજી પણ શકાય જ છે.

अन्यथा हि इत्थं = પણ આ પ્રમાણે એકનયને પ્રધાનપણે અને બીજા નયને ગૌણપણે એમ બન્ને નયોને જો સાથે રાખવામાં ન જ આવે તો આ રીતે કોઈ પણ એક નયથી વસ્તુના યથાર્થ સ્વરૂપની પ્રરૂપણા કરવી અતિશય દુષ્કર જ બનશે. સત્ય પ્રરૂપણા કોઈપણ રીતે નહીં જ થાય. આ કારણથી જ જેમ નરસિંહનું સ્વરૂપ નરકેસરીની સાથે શબ્દ દ્વારા ભિન્ન હોવા છતાં પણ પરમાર્થથી અભિન્ન જ છે. એક જ અંશવાળી વસ્તુનું જ આ સ્વરૂપ છે. એવી પ્રરૂપણા જેમ નરસિંહ શબ્દમાં થાય છે તે જ પ્રમાણે સર્વત્ર સમજવું.

ત્યાં પણ ખાસ વિશેષતા તે છે કે જ્યાં દ્રવ્યાસ્તિકનયની પ્રધાનતા અને તેનાથી ઈતરનય જે પર્યાયાર્થિકનય છે તેની ગૌણતાને આશ્રયી આ પાંચમા અધ્યાયના પ્રથમસૂત્રમાં જ બન્ને નયોને પ્રધાન-ગૌણભાવે સાથે રાખીને જ પાંચ દ્રવ્યો નિત્ય સમજાવ્યાં છે અને ત્રિપદીવાળા આગળ આવતા સૂત્રમાં વધારે સમજાવવામાં પણ આવશે માટે બન્ને નયોને મુખ્ય અને ગૌણભાવે પણ સાથે રાખીને જ પ્રતિપાદન કરવું સારાંશ કે તે બન્ને નયોની સાપેક્ષતાવાળી જે દૃષ્ટિ છે. તે જ વસ્તુનું સાચું સ્વરૂપ સમજવા માટે સમર્થ છે અને તેને જ સમ્યગ્દર્શન કહેવાય છે.

હવે આ સ્થાને દ્રવ્યાર્થિકનય ધ્રૌવ્ય અંશને જ પ્રધાનપણે સમજાવે છે. (પરંતુ ગૌણપણે ઉત્પાદ-વ્યયને પણ અવશ્ય સમજાવે જ છે) આ વાત જણાવતા એવા ગ્રંથકારશ્રી કહે છે કે :-

नित्यानि भवन्ति (नेर्ध्रुवे त्यब् સિદ્ધહેમ વ્યાકરણ અધ્યાય-૬, પાદ-૩, સૂત્ર-૧૭) इति नित्यानि ध्रुवाणि, नोत्पादविनाशवन्तीति यावत्, भवन्तीति अनेन सकलकालाविकारिणी सत्ताऽऽख्यायते धर्मादीनाम् ॥ तच्च नित्यलक्षणं वक्ष्यमाणमुद्घट्टयति **"तद्भावाव्ययं नित्यम्"** इति ॥ यत् सतो भावात् न व्येति, न वेष्यति तन्नित्यम् इति, भवतीति भावः । योऽसौ भवति, स कर्ता द्रव्यम् ॥ स च तस्मात् स्वरूपाद् न विगमेन युज्यते योक्ष्यते वाऽतो नित्य उच्यते । न कदाचित् सद्रूपतां परित्यक्ष्यतीति अर्थः ॥

**ગુજરાતી ભાષાંતર :-** દ્રવ્યાર્થિકનયથી જાણવા લાયક જે અંશ તે ધ્રૌવ્ય અંશ, તેને સમજાવતા ગ્રન્થકારશ્રી કહે છે કે "આ પાંચે દ્રવ્યો નિત્ય છે" અર્થાત્ અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે તેવાં આ દ્રવ્યો છે. (नेर्ध्रुवे त्यच्) (સિદ્ધહેમ વ્યાકરણ અધ્યાય-

૬, પાદ-૩, સૂત્ર-૨૭થી) ની ધાતુને ધ્રુવ અર્થમાં त्यच् પ્રત્યય લાગેલ છે. તેનાથી नित्य શબ્દ બનેલ છે.

નિત્ય એટલે ધ્રુવ, ઉત્પત્તિ અને વ્યય વિનાનાં પાંચ દ્રવ્યો છે. તે પાંચે દ્રવ્યો નિત્ય છે. અનાદિકાળથી છે જ, તેના કારણે ઉત્પત્તિ વિનાનાં છે તથા અનંતકાળ સુધી રહેવાનાં જ છે તેથી વિનાશ પણ નથી જ, આવા પ્રકારનાં આ પાંચ દ્રવ્યો છે. તેમાં પ્રથમનાં ત્રણ દ્રવ્યો ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો સંખ્યામાં એક એક દ્રવ્ય છે. પરંતુ પાછલાં જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યો અનંત-અનંત છે. भवन्ति ક્રિયાપદનો અર્થ સદાકાળ છે જ, આ વાક્યનો એવો અર્થ છે કે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોની સત્તા (વિદ્યમાનતા-અસ્તિત્વ) અવિકારિણી છે તેમાં અલ્પ પણ ફેરફાર થતો નથી, અફર અવસ્થા છે.

હવે નિત્ય કોને કહેવાય ? તે વાત સ્પષ્ટ કરે છે "तद्भावाव्ययं नित्यम्" इति જે પદાર્થ સત્પણાના ભાવથી (એટલે કે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણે ધર્મો જેમાં છે તે સત્ કહેવાય છે જે દ્રવ્ય સમયે સમયે નવા નવા પર્યાયને પામે છે તે નવા નવા પર્યાયને પામનારા દ્રવ્યને **કર્તા** દ્રવ્ય કહેવાય છે. આવા પ્રકારનું આ દ્રવ્ય નવા નવા પર્યાયને પામવા છતાં પણ પોતાના મૂલભૂત દ્રવ્યસ્વરૂપે ક્યારેય નાશ પામતું નથી અને નાશ પામશે પણ નહીં. પરંતુ "સત્પણે") સદાકાળ રહેશે જ, આવા પ્રકારના "સત્ પણે" જે સદાકાળ રહે, તે દ્રવ્યને નિત્યદ્રવ્ય કહેવાય છે.

જે જે દ્રવ્યો નિત્ય છે તે તે દ્રવ્યો ક્યારેય પણ પોતાની સદ્રૂપતાનો નાશ કરતા નથી. પરંતુ સદ્રૂપે સદા રહે જ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યભાવને ધારણ કરનારાં એવાં સત્ પદાર્થને નિત્યદ્રવ્ય કહેવાય છે. અહીં સુધી નિત્ય પદની ચર્ચા કરી.

अधुनाऽवस्थितशब्दार्थं निरूपयति - "नित्यावस्थितयोरभेदभ्रान्तिमपनयन् - मा भूत्सङ्करोऽनयोः, अन्यन्नित्यलक्षणमन्यच्चावस्थितलक्षणमिति । अवस्थितानि च, = **न हि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति** ॥ नित्यत्वानुज्ञापेक्षया चशब्दोपादानम् ॥ अवस्थितानि भवन्ति धर्मादीनि द्रव्याणि ॥ तच्चावस्थानमेषां वाक्यान्तरेण निरूप्यते - "न कदाचित् पञ्चत्वं व्यभिचरन्ति" ॥ तद्भावाव्ययतायां सत्यामियत्तैषां निर्धार्यतेऽवस्थितशब्दोपादानात् । पञ्चैव भवन्ति एतानि । न न्यूनाधिकानि वेति सङ्ख्यानियमोऽभिप्रेतः ॥ सर्वदा पञ्चास्तिकायात्मकत्वाज्जगतः कालस्य चैतत्पर्यायत्वादिति नापि भूतार्थत्वं व्यभिचरन्त्येतानि ॥ अतोऽवस्थितान्युच्यन्ते ॥

**ગુજરાતીમાં ભાષાંતર :-** હવે अवस्थित શબ્દનો અર્થ સમજાવે છે. નિત્ય શબ્દમાં અને અવસ્થિત શબ્દમાં એકસરખો સમાન જ અર્થ છે ? કે શું ભિન્ન અર્થ છે ? આવો કદાચ ભ્રમ થાય તો તે ભ્રમને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે नित्य શબ્દ અને अवस्थित

શબ્દના અર્થનો શંકર (મિશ્રતા) ન થઈ જાય તે માટે નિત્યનું લક્ષણ સમજાવીને હવે अवस्थित પદનું લક્ષણ જણાવે છે.

"अवस्थितानि च" "न हि कदाचित् पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति" = આ પાંચે દ્રવ્યો જેમ નિત્ય છે તેમ અવસ્થિત પણ છે. અવસ્થિત એટલે કે આ પાંચ દ્રવ્યોની જે સંખ્યા છે તે ક્યારેય વ્યભિચાર પામતી નથી. તથા તે પાંચે દ્રવ્યોની જે ભૂતાર્થતા (વિદ્યમાનતા) છે તે પણ ક્યારેય વ્યભિચાર પામતી નથી. કારણ કે જે પાંચ દ્રવ્યોની સંખ્યા છે તેમાંથી એક-બે દ્રવ્યો સર્વથા નાશ પામી જાય અને ચાર દ્રવ્યો અથવા ત્રણ દ્રવ્યો જ થઈ જાય એવું તથા એક-બે કોઈ નવાં દ્રવ્યો પ્રગટ થઈ જાય અને છ-સાત દ્રવ્યો થઈ જાય એવું ક્યારેય બન્યું નથી અને બનવાનું પણ નથી જ.

સારાંશ કે ધર્માસ્તિકાયાદિ આ પાંચે દ્રવ્યો સંસારમાં અનાદિ કાળથી છે જ અને અનંતકાળ સુધી રહેશે જ, એટલે પાંચની સંખ્યાનો વ્યભિચાર ક્યારેય આવતો નથી. જે દ્રવ્યોનું જેવા ભાવે સ્વરૂપ છે તે દ્રવ્યો તેવા ભાવથી ફેરફાર પામતા નથી જે જીવદ્રવ્ય છે તે પુદ્ગલદ્રવ્ય સ્વરૂપે ક્યારેય બનતું નથી તેવી જ રીતે ધર્માસ્તિકાયદ્રવ્ય ક્યારેય પણ અધર્માસ્તિકાય સ્વરૂપે બનતું નથી. અધર્મદ્રવ્ય ક્યારેય પણ ધર્મદ્રવ્ય સ્વરૂપે બનતું નથી.

તે તે દ્રવ્યો સદાકાળ તે તે સ્વરૂપે જ (અર્થાત્ પોતપોતાના નિયત સ્વરૂપમાં જ) વર્તે છે. તે સ્વરૂપથી ક્યારેય પણ ચલિત થતાં નથી તે કારણથી તે પાંચે દ્રવ્યોની ઈયત્તા = આટલાપણું નિયત જ છે એમ अवस्थित શબ્દના ઉપાદાનથી નિર્ણય થાય છે.

"પાંચ દ્રવ્યો સદાકાળ છે જ" તે નિત્યત્વ જાણવું અને હીનાધિક થતાં નથી. એકબીજા રૂપે થઈ જતાં નથી તે અવસ્થિતત્વ જાણવું. एतानि पञ्चैव भवन्ति = આ દ્રવ્યો પાંચ જ છે. આવા પ્રકારનો સંખ્યાનો જે નિયમ મહાપુરુષોને ઈષ્ટ છે તે નિત્યત્વ છે. કારણ કે આ જગત્ ત્રણે કાળે અર્થાત્ સર્વકાળે પંચાસ્તિકાયમય જ છે. ક્યારેય પણ એક અથવા બે દ્રવ્યો હાનિ કે વૃદ્ધિ પામતાં નથી.

કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય જે સંભળાય છે તે હકીકત સાચી નથી. કાળ તે ઉપરોક્ત પાંચે દ્રવ્યોના પર્યાય સ્વરૂપ જ છે પરંતુ સ્વતંત્ર કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય નથી જ. આ પાંચ જ દ્રવ્યો છે. તેમાં પાંચની સંખ્યાનો વ્યભિચાર દોષ ક્યારેય પણ આવતો નથી. તે વિષય જણાવવા માટે જ આટલી ચર્ચા કરી છે.

હવે ભૂતાર્થત્વની ચર્ચા જણાવે છે તથા આ પાંચે દ્રવ્યો જે છે તેમાં પ્રથમનાં ધર્મ-અધર્મ અને આકાશ આ નામવાળાં જે ત્રણ દ્રવ્યો છે તે ત્રણે દ્રવ્યો સંખ્યામાં ૧-૧-૧ એક

એક જ છે. પરંતુ છેલ્લાં બે દ્રવ્યો જીવ અને પુદ્‌ગલ નામનાં જે છે તે પાછલાં બન્ને દ્રવ્યો સંખ્યામાં અનંત અનંત છે. આ પ્રમાણે જે દ્રવ્યો જેમ છે તે દ્રવ્યોની ભૂતાર્થતા એટલે કે વિદ્યમાનતા તે પ્રમાણે જ રહે છે. એક એકના સંખ્યાવાળાં જે પ્રથમનાં ત્રણ દ્રવ્યો છે તે બે, પાંચ, પચ્ચીસ, સંખ્યાત કે અસંખ્યાત કે અનંતની સંખ્યાવાળાં ક્યારેય પણ થઈ જતાં નથી. તે કારણથી જે દ્રવ્યોની જેટલી અને જેવી પરિસ્થિતિ છે તે દ્રવ્યોની તેટલી જ અને તેવી જ પરિસ્થિતિ (ભૂતાર્થતા-વિદ્યમાનતા) સદાકાળ રહે છે. સંખ્યામાં હીનાધિક થતાં નથી.

ખાસ મહત્ત્વની વાત તો તે છે કે ચૌદે રાજલોકમાં સર્વત્ર પ્રદેશે પ્રદેશે આ પાંચ દ્રવ્યો અનાદિ કાળથી રહે જ છે અને અનંતકાળ સુધી સાથે રહેશે જ એટલું જ નહીં પરંતુ અરસપરસ એકમેક થઈને રહેલાં છે. તો પણ આ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો પોતપોતાનું સ્વતત્ત્વાત્મક સ્વરૂપ તથા પોતાની ભૂતાર્થ (વિદ્યમાનતા) છોડતાં નથી. આવા પ્રકારનાં પોતપોતાનાં વિશેષ લક્ષણોનું જરા પણ ઉલ્લંઘન કરતાં નથી.

તથા અનાદિકાળથી અનંતકાળ સુધી એકમેક થઈને રહેવા છતાં પણ પોતપોતાનાપણું (અર્થાત્ સ્વતત્ત્વ) ક્યારેય પણ ત્યજતાં નથી તથા પોતપોતાનાપણું ક્યારેય બદલતાં નથી, જીવ સદાકાળ પુદ્‌ગલદ્રવ્યની સાથે રહ્યો હોવા છતાં ક્યારેય પણ પુદ્‌ગલ સ્વરૂપે બની જતો નથી એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ જીવની સાથે સદા રહેવા છતાં ક્યારેય જીવદ્રવ્ય સ્વરૂપે બની જતું નથી. એટલે કે પોતપોતાના વિશેષ લક્ષણનું પણ ઉલ્લંઘન આ દ્રવ્યો ક્યારેય કરતાં નથી.

अन्योन्यावबन्धितायां सत्यामपि धर्मादीनि न स्वतत्त्वं भूतात्वं वैशेषिकं लक्षणमतिवर्तन्ते । तच्च धर्माधर्मयोर्गतिस्थित्युपग्रहकारिता ॥ नभसोऽवगाहदानव्यापारः, स्वपरप्रकाशिचैतन्यपरिणामो जीवानाम्, अचैतन्य शरीर वाङ्मनः प्राणापानसुखदुःखजीवित मरणोपग्रहमूर्तत्वादयः पुद्गलानाम् ॥

अथवाऽसङ्ख्येयादिप्रदेशानादिपरिणामस्वभावता वा भूतार्थता मूर्तताऽमूर्तता चेति ॥ तां न जातुचिदनादिकालप्रसिद्धिवशोपनीतां मर्यादामतिक्रामन्ति स्वलक्षणव्यतिकरो हि निर्भेदताहेतुः पदार्थानाम् ॥ अतः स्वगुणमपहाय नान्यदीयगुणसम्परिग्रहमेतान्यातिष्ठन्ते तस्मादवस्थितानीति ॥

**ગુજરાતીમાં ભાષાંતર :-** તથા ગતિસહાયકતા જે ધર્માસ્તિકાયનું લક્ષણ છે તે લક્ષણ અધર્માસ્તિકાય ક્યારેય પકડતું નથી અને અધર્માસ્તિકાયનું જે સ્થિતિસહાયકતા લક્ષણ છે તે લક્ષણ ધર્માસ્તિકાય દ્રવ્ય (પોતાના લક્ષણનો ત્યાગ કરીને) આ લક્ષણ ક્યારેય સ્વીકારતું નથી.

ધર્માસ્તિકાયનું ગતિમાં સહાય કરવા સ્વરૂપ ગત્યુપગ્રહકારિતા લક્ષણ છે અને અધર્માસ્તિકાય દ્રવ્યનું સ્થિતિમાં સહાય કરવા સ્વરૂપ સ્થિત્યુપગ્રહકારિતા લક્ષણ છે. તથા આકાશાસ્તિકાય દ્રવ્યનું અવગાહ આપવાના વ્યાપાર સ્વરૂપ અવગાહદાયિતા, જીવાસ્તિકાય દ્રવ્યનું સ્વ-પરનો પ્રકાશ કરવા સ્વરૂપ ચૈતન્યપરિણામતા, અને પુદ્ગલાસ્તિકાયદ્રવ્યનું અચૈતન્યપરિણામતા લક્ષણ છે તથા શરીર, વાચા, મન અને શ્વાસોશ્વાસ રૂપે તથા સાંસારિક સુખ-દુઃખ, જીવન-મરણમાં મદદગાર થવા સ્વરૂપે જે જે ધર્મો છે તે તે ધર્મોને આ પુદ્ગલદ્રવ્ય ક્યારેય ત્યજતું નથી તથા પુદ્ગલદ્રવ્યમાં રહેલી મૂર્તતાને અને શેષદ્રવ્યોમાં રહેલી અમૂર્તતાને તે તે દ્રવ્યો કદાપિ કાળે ત્યજતાં નથી. તથા અન્ય દ્રવ્યના ધર્મોને તે ક્યારેય સ્વીકારતાં નથી. પોતપોતાના ધર્મોમાં જ અનાદિ-અનંતકાળ સુધી લયલીન થઈને તેમાં જ રહે છે, તેમાં જ વર્તે છે.

અથવા જે જે દ્રવ્યોમાં અસંખ્યાતપ્રદેશતા છે તેમાં અસંખ્યાતપ્રદેશતા, અને જે દ્રવ્યમાં અનંતપ્રદેશતા છે તે દ્રવ્યમાં અનંત પ્રદેશતા વિગેરે જે જે સ્વરૂપ છે તથા આ રીતે જે જે પરિણામની સ્વભાવતા છે તે તે પરિણામની સ્વભાવતા સદાકાળ રહે છે તેમાં અલ્પ પણ ફેરફાર થતો નથી તથા ભૂતાર્થતા-મૂર્તતા-અમૂર્તતા એમ જે જે દ્રવ્યોમાં જે જે સ્વભાવો છે તે તે દ્રવ્યો તે તે પોતાના સ્વભાવોનું જરા પણ ઉલ્લંઘન કરતા નથી. અનાદિકાળથી જે દ્રવ્યમાં જે સ્વભાવની પ્રગટતા થઈ છે તે દ્રવ્યમાં તે સ્વભાવની મર્યાદાનું ક્યારેય પણ ઉલ્લંઘન કરાતું નથી.

કોઈ પણ વિવક્ષિત એક દ્રવ્ય પોતાના વિવક્ષિત એક લક્ષણનો ત્યાગ કરે અને અન્ય દ્રવ્યના લક્ષણનો સ્વીકાર કરે તો જ તે પદાર્થનો ભેદ (રૂપાન્તર) થવામાં નક્કી કારણ બને પરંતુ આવું બનતું નથી. જેમકે જીવદ્રવ્ય પોતાના ચેતનાલક્ષણનો ત્યાગ કરે અને પુદ્ગલદ્રવ્યના વર્ણાદિ ગુણવાળાપણું જે લક્ષણ છે તે લક્ષણનો સ્વીકાર કરે તો પાંચ દ્રવ્યને બદલે ચાર કે છ દ્રવ્ય બને પરંતુ આવું ક્યારેય બનતું નથી.

કોઈપણ દ્રવ્યમાં પોતાની વિવક્ષિત દ્રવ્યતાથી ભિન્નદ્રવ્યતા તેમાં ક્યારેય પણ પ્રવેશ પામતી નથી. આ કારણથી જ આ પાંચે દ્રવ્યોની વિદ્યમાનતામાં હાનિ-વૃદ્ધિ થવા રૂપ વ્યભિચાર દોષ ક્યારેય આવતો નથી. તે કારણથી સદાકાળ પાંચ જ દ્રવ્યો છે અને તે અવસ્થિત સ્વરૂપે જ છે. આ કારણથી જ આ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપનો अपहाय = ત્યાગ કરીને અન્ય દ્રવ્યની જે ગુણસંપત્તિ છે તેનો परिग्रह = સ્વીકાર ક્યારેય કરતાં નથી તે કારણથી આ પાંચે દ્રવ્યો પોતપોતાના નિયતસ્વરૂપમાં સદાકાળ અવસ્થિત (સ્થિર) જ રહે છે.

"अरूपाणि च" = नैषां रूपमस्तीति । न समुदायविशेषणमेतदरूपाणीत्यसम्भवाद् धर्माधर्माकाशजीवेषु चतुर्ष्वेव सम्भवत्यमूर्तत्वं । न पुनः पुद्गलेषु । अत एव प्रसक्तौ सत्यामुत्तरसूत्रेण

निषेधः करिष्यते ॥ चक्षुर्ग्रहणलक्षणं रूपं तदविद्यमानं येषां तान्यरूपाणीत्यरूपत्वाच्चक्षुषा नैतानि गृह्यन्ते ॥ न तु चक्षुषैषामगृह्यमाणत्वमरूपत्वे कारणमुच्यते, परमाण्वादिभिरनेकान्तात् ॥ तस्मादरूपिग्रहणं द्रव्यस्वतत्त्वनिर्ज्ञापनार्थं मूर्तिमत्त्वनिवृत्तिप्रकाशनाय । प्रात्ययिकोत्पादवत्त्वे तु भाज्यमङ्गुल्याकाशादिवत् । स्वतस्तु नैषां रूपमस्तीति ॥

**ગુજરાતીમાં ભાષાંતર :-** "अरूपाणि च" नैषां रूपमस्तीति । આ ચાર દ્રવ્યો અરૂપી છે તે ચાર દ્રવ્યોને રૂપ સંભવતું જ નથી અર્થાત્ પ્રથમનાં ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો રૂપગુણ વિનાનાં છે માટે અરૂપી છે. મૂળ સૂત્રમાં લખેલું अरूपाणि આ બહુવચનવાચી પદ ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોનું વિશેષણ થઈ શકે છે. તો પણ "रूपिणः पुद्गलाः" એવું સૂત્ર ગ્રંથકારશ્રી આગળ કહેવાના છે તેના કારણે આ અરૂપી શબ્દ શેષ ચાર દ્રવ્યોમાં જ જોડવું. પુદ્ગલદ્રવ્ય રૂપી હોવાથી અને તેનું કથન હવે પછીના જ સૂત્રમાં આવતું હોવાથી આ અરૂપી શબ્દ શેષ ચાર દ્રવ્યોમાં જ જોડવો. પુદ્ગલદ્રવ્યમાં ન જોડાવો.

આ કારણથી સાથે સાથે વિધાન હોવાથી જેમ નિત્યત્વ અને અવસ્થિતત્વ ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોમાં છે તેમ આ અરૂપિત્વ પણ પાંચે દ્રવ્યોમાં હોવાનો સંભવ આવી જાય પરંતુ રૂપી અને અરૂપીની બાબતમાં ૫-૪ સૂત્રમાં પુદ્ગલ દ્રવ્યનું રૂપી તરીકે વિશેષવિધાન હોવાથી અહીં અરૂપીપણું શેષ ચાર દ્રવ્યોમાં જ જાણવું.

ચક્ષુ વડે ગ્રહણ કરી શકાય તેને જ રૂપ કહેવાય છે તે રૂપ નથી વિદ્યમાન જે દ્રવ્યોમાં તે દ્રવ્યો અરૂપી કહેવાય છે અરૂપી હોવાથી ચક્ષુદ્વારા અગ્રાહ્યપણું જ છે આમ સમજવું પરંતુ ચક્ષુરિન્દ્રિયથી અગોચર છે એટલે અરૂપી કહેવાય છે એમ ન જાણવું. કારણ કે અરૂપીપણું એ દ્રવ્યનો પોતાનો ગુણ (ધર્મ) છે વર્ણાદિ ગુણોથી રહિતપણું એ દ્રવ્યનું પોતાનું સ્વરૂપ છે. પરમાણુ-દ્વયણુક-ત્ર્યણુક આદિ દ્રવ્યો અરૂપી નથી રૂપવાળાં છે છતાં સૂક્ષ્મ હોવાથી ચક્ષુથી અગોચર છે. માટે ચક્ષુથી અગોચરપણું તે અરૂપીપણું ન સમજવું. એટલે ચક્ષુથી અગોચરપણું એ અમૂર્તતાનું (અરૂપિપણાનું) કારણ કહીએ તો વ્યભિચાર દોષ આવે માટે અરૂપીપણું એ દ્રવ્યનો પોતાનો ધર્મ છે. દ્રવ્યનું પોતાનું સહજ સ્વરૂપ છે. ચાર દ્રવ્યો અમૂર્ત છે અર્થાત્ વર્ણાદિ ગુણોથી રહિત છે આવો અર્થ કરવો.

ચક્ષુઅગોચરતાને જો અરૂપીપણું કહીએ તો પરમાણુ-દ્વયણુકાદિમાં અનૈકાન્તિકતા દોષ (વ્યભિચાર દોષ) આવે. માટે તેમ ન કહેતાં વર્ણાદિ ચાર ગુણોથી જે રહિત છે તે અમૂર્ત છે અરૂપી છે આવો અર્થ કરવો. તે કારણથી જ અરૂપીપણાનું જે કથન કરવામાં આવે છે તે દ્રવ્યનું પોતાનું સ્વાભાવિક સ્વરૂપ જાણવું. આ વાત સમજાવવા માટે તથા પુદ્ગલદ્રવ્ય વિનાનાં શેષ ચાર દ્રવ્યોમાં મૂર્તિમત્ત્વ નથી જ આવા પ્રકારના મૂર્તિમત્ત્વના નિષેધ માટે અરૂપી શબ્દનું ગ્રહણ કર્યું છે.

પ્રત્યય એટલે નિમિત્ત, પ્રત્યયના કારણે (નિમિત્તના કારણે) જે ઉત્પાદ વિચારાય તે પ્રાત્યયિકોત્પાદ કહેવાય છે. આકાશદ્રવ્ય અવશ્ય નિત્ય છે માટે તેમાં ઉત્પત્તિ કે વિનાશવાળાપણું સંભવતું નથી. પરંતુ આકાશના જે ભાગમાં આંગળી રાખવામાં આવી હોય તેટલા આકાશને અંગુલીપ્રમાણ આકાશ કહેવાય છે તેમાં અંગુલીનું જેમ જેમ હલન-ચલન કે પરાવર્તન થાય તેમ તેમ તે અંગુલીપ્રમાણવાળા આકાશમાં પણ અંગુલીના સંયોગ-વિયોગસ્વરૂપે આકાશ પણ પરિણામ પામતું હોવાથી ઉત્પાદ-વ્યયવાળું કહેવાય છે. આ પ્રમાણે પ્રાત્યયિક (નિમિત્તજન્ય) ઉત્પાદ અને વિનાશને આશ્રયી આકાશ પણ કથંચિદ્ અનિત્ય છે. તે માટે "આકાશ નિત્ય છે." આ વાત ભજનાએ જાણવી. (અપેક્ષાએ જાણવી). પરંતુ અંગુલી આદિ પદાર્થોની અપેક્ષા જો ન લેવામાં આવે અને કેવળ એકલું આકાશ કેવું છે ? આવો કોઈ પ્રશ્ન પુછે તો મૂળ આકાશ દ્રવ્યમાં રૂપાદિ ગુણો ન હોવાથી અરૂપી જ છે માત્ર પરતઃ અંગુલી આદિ પરદ્રવ્યની અપેક્ષા રાખવાથી ઔપચારિક રીતિએ તે રૂપી છે. એટલે ભજનાએ અરૂપી છે આમ કહ્યું છે. સારાંશ કે પરમાર્થથી અરૂપી, ઔપચારિક રીતિએ રૂપી પણ છે.

**संस्कृत टीका :-** किं पुना रूपं नामेत्यत आह–रूपं–मूर्तिः । मूर्तिर्हि रूपादिशब्दाभिधेया ॥ सा च रूपादिसंस्थानपरिणामा, नासर्वगतद्रव्यपरिमाणलक्षणा, व्यभिचारदर्शनात्, सर्वतः परिमितत्वे लोकस्य आत्मनोऽपि मूर्तिमत्त्वप्रसङ्गः । काणभूजानां परिमितत्वं चावश्यमभ्युपेयं, विशिष्टसंस्थान-त्वादिभिर्लोकस्य, अतो रूपमेवाव्यभिचारित्वान्मूर्तिरुच्यते ॥

अपरेऽभिदधति = रूपशब्दो नीलादिवर्णाभिधायी समस्ति ॥ अस्ति च दीर्घादिसंस्थानप्रति-पादनपरः । तद् यः संस्थानप्रतिपत्तिमाविष्फरोति रूपशब्दः तमुररीकृत्यावोचदाचार्यो रूपं मूर्तिरिति । एवंविधमूर्त्याश्रिताश्च स्पर्शादयः किल सर्वदा न कदाचिदसंस्थाना भवितुमर्हन्ति । अन्यथा वान्ध्येयव्यामकुसुममण्डुकशिखण्डकल्पाः स्युरिति । अत्र पक्षे धर्माधर्मसिद्धसंस्थानैरनेकान्तः । तस्माद् रूमेव मूर्तिरस्तु ॥

**ગુજરાતીમાં ભાષાંતર :-** તથા વળી રૂપ એટલે શું ? આવો કોઈ શિષ્ય જો પ્રશ્ન કરે તો ગુરુજી કહે છે કે "રૂપ એટલે મૂર્તિ" આવો અર્થ કરવો. ત્યાં રૂપાદિ ગુણો જેમાં હોય તેવી કોઈપણ મૂર્તિવાળી વસ્તુ આવો અર્થ કરવો તેથી જે જે મૂર્તિમાન્ વસ્તુ છે તે તે વસ્તુ અવશ્ય રૂપાદિ ગુણોવાળી અને સંસ્થાનવાળી હોય છે. અર્થાત્ મૂર્તિમાન શબ્દનો અર્થ રૂપ-રસ-ગંધ અને સ્પર્શ ગુણોવાળું તથા સંસ્થાન પરિમાણવાળું જે દ્રવ્ય છે. તે મૂર્તિમાન દ્રવ્ય કહેવાય છે.

પરંતુ અન્ય દર્શનકારો જે અર્થ કરે છે તે **અસર્વવ્યાપીપણું** એનું નામ મૂર્તપણું આવો અર્થ નૈયાયિકો જે કરે છે તે અર્થ ઉચિત નથી. વર્ણાદિવાળાપણું જેમાં હોય તે મૂર્ત કહેવાય છે. આ અર્થ જ ઉચિત છે બીજા અર્થો દોષવાળા છે.

આ ચૌદરાજ પ્રમાણ જે લોકાકાશ છે તે ચારે બાજુથી પરિમિત પ્રમાણવાળો છે ત્યાં જ આત્મા રહે છે. જો કે આત્મા સમસ્ત ચૌદરાજલોકમાં રહેતો નથી. શરીરપ્રમાણ અવગાહનામાં જ રહે છે. તો પણ તે લોકાલોકવ્યાપ્ત ન હોવાથી અસર્વવ્યાપી જ કહેવાય. હવે જો અસર્વવ્યાપી હોય તે મૂર્ત આવો અર્થ કરીએ તો આત્મા પણ મૂર્ત જ છે આવો ખોટો અર્થ માનવાની આપત્તિ આવે.

તથા વળી કાણભૂજ દર્શનકારોએ (વૈશેષિક દર્શનકારોએ) તો લોક ચારે બાજુથી વિશિષ્ટ સંસ્થાનવાળો એટલે કે પરિમિત પ્રમાણવાળો છે. આમ જ માન્યું હોવાથી આત્મા પણ પરિમિત પ્રમાણવાળો જ થયો. તેથી અસર્વગતપરિમાણવાળો આત્મા થવાથી આ આત્માને પણ મૂર્ત જ માનવાની આપત્તિ આવશે. જ્યારે આત્મા તો અમૂર્ત દ્રવ્ય છે. આ વાત તો સર્વદર્શનકારોને માન્ય છે. તે માટે અસર્વગત હોય તે મૂર્ત આ લક્ષણ બરાબર નથી. ખોટું છે. પરંતુ રૂપ જેમાં હોય તે મૂર્ત કહેવાય. આ જ વાત સાચી છે અને અવ્યભિચારી લક્ષણ છે. માટે રૂપ જેમાં હોય તે મૂર્ત આ જ લક્ષણમાન્ય રાખવું જોઈએ. આત્મા રૂપ વિનાનો હોવાથી અમૂર્ત છે આ વાત સિદ્ધ થઈ.

તથા વળી બીજા કેટલાક આચાર્યો આ પ્રમાણે પણ કહે છે = રૂપશબ્દ નીલ-પીત શ્વેત ઈત્યાદિ વર્ણવાચી પણ છે અને રૂપ શબ્દનો બીજો અર્થ હ્રસ્વ-દીર્ઘ-સ્થૂલ-સૂક્ષ્મ ઈત્યાદિ જે સંસ્થાન (આકાર) છે. તેને પણ રૂપ કહેવાય છે. એમ રૂપ શબ્દના બે અર્થ થાય છે ત્યાં જ્યારે બીજો અર્થ લઈએ ત્યારે તે રૂપશબ્દ સંસ્થાન (આકારવિશેષ), તેની જ પ્રતિપત્તિને પ્રગટ કરે છે તેને જ પ્રધાનપણે કહે છે. ટીકાકાર મહર્ષિ પણ જણાવે છે કે रूपं मूर्तिरिति = રૂપ શબ્દનો અર્થ મૂર્તિ કરવો.

જ્યાં જ્યાં રૂપ છે એટલે કે સંસ્થાન છે મૂર્તતા છે ત્યાં ત્યાં મૂર્તતાને આશ્રિત એવા સ્પર્શાદિ ચારે ગુણો પણ અવશ્ય હોય જ છે. એટલે સાર તો એ જ આવ્યો કે સંસ્થાન (આકાર) જે દ્રવ્યમાં છે તથા રૂપાદિ ચારે ગુણો જેમાં છે તે દ્રવ્ય રૂપી અને મૂર્ત કહેવાય છે.

આવા પ્રકારના રૂપવાળા તમામ પદાર્થો સ્પર્શાદિ ચારે ગુણોવાળા જ હોય છે અને તેને મૂર્ત જ કહેવાય છે. સંસ્થાન (આકાર)વાળા જ છે. પરંતુ અસંસ્થાના (એટલે કે આકાર વિનાના - સંસ્થાન વિનાના) કોઈ હોઈ શકતા નથી.

જે જે પદાર્થો મૂર્તિમાન છે તે તે પદાર્થો અવશ્ય સ્પર્શાદિ ગુણવાળા જ છે અને તે પુદ્ગલાસ્તિકદ્રવ્ય જ છે. તે સંસ્થાનવાળું જ છે. વર્ણાદિવાળું જ છે. આકારવાળું જ છે. अन्यथा = જો આમ ન માનીએ અને આ બધાં પુદ્ગલદ્રવ્યોને આકાર વિનાનાં સંસ્થાન વિનાનાં અને વર્ણાદિ વિનાનાં માનીએ તો તે પદાર્થો વન્ધ્યાપુત્ર - આકાશપુષ્પ અને દેડકાના માથા ઉપર વાળની જટાની મોટી શીખા તુલ્ય સર્વથા અસત્ જ થઈ જાય. આવા પ્રકારનો સર્વથા અસત્ માનવાનો પ્રસંગ આવે. જે બરાબર નથી. કારણ કે જે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો છે. તેમાં પ્રસિદ્ધ જે ચૌદરાજલોકપ્રમાણ આકાર છે. તે સંસ્થાનોની સાથે અનૈકાન્તિકતા (સવ્યભિચાર) નામનો દોષ આવશે.

કારણ કે "असर्वव्यापित्व" ધર્મને જો મૂર્ત કહીએ તો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો પણ માત્ર લોકાકાશવ્યાપી જ હોવાથી અસર્વવ્યાપી જ છે તેથી તેને પણ મૂર્ત માનવા પડે અને શાસ્ત્રોમાં કહ્યાં છે અમૂર્ત એટલે અનૈકાન્તિકતા (વ્યભિચાર) દોષ આવશે તે માટે અસર્વવ્યાપી હોય તે મૂર્ત એમ ન માનતાં સ્પર્શાદિ ચારે ગુણોવાળું જે દ્રવ્ય હોય તે મૂર્ત છે આમ જ માનવું ઉચિત છે. અને નિર્દોષ છે જેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય માત્ર ચૌદરાજ લોકવ્યાપી જ હોવા છતાં પણ સ્પર્શાદિ ચારે ગુણોથી રહિત છે. તે માટે તે દ્રવ્યો અમૂર્ત છે. આ વાત નિશ્ચિતપણે સિદ્ધ થશે જ. આ પ્રમાણે રૂપ એ જ મૂર્તિ. રૂપાદિ ચારે ગુણો જેમાં હોય તે મૂર્ત દ્રવ્ય કહેવાય. અને તેવું એક પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય જ છે. જે રૂપાદિ ગુણવાળું પણ છે અને મૂર્ત પણ છે. આટલી વાત સિદ્ધ થઈ.

एवं तर्हि गुणमात्रं मूर्तिशब्दस्य विषयः प्रसक्तः ॥ न च रूपमेव मूर्तिरिति ? उच्यते - द्रव्यास्तिकनयावष्टम्भात् सकलमिदं निरूप्यते । तत्र किमाश्वेव विस्मृतं भवतः ॥ न खलु रूपादयस्तस्य केचिन्मूर्त्या विविक्ताः सन्ति ॥ सैव हि मूर्तिर्द्रव्यस्वभावा चक्षुर्ग्रहणमासाद्य रूपमिति व्यपदिश्यते ॥ अत एव पुनराह :-

सहचराव्यभिचारप्रदिदर्शयिषया–मूर्त्याश्रयाश्च स्पर्शादय इति । न खलु मूर्तिं स्पर्शादयो व्यभिचरन्ति । सहचरितत्वाद्, यत्र रूपपरिणामः तत्रावश्यन्तया स्पर्शरसगन्धैरपि भाव्यम् । अत सहचरमेतच्चतुष्टयम् । अत परमाणावपि विद्यते, न च परमाणवश्चतुर्गुणादिजातिभेदभाजः सर्वेषामेकरूपत्वात् । इयांस्तु विशेषः ॥

किञ्चिद् द्रव्यमुत्कटं गुणपरिणाममासाद्य तमेव त्यजति ॥ यथा लवणहिङ्गुनी संहति-परिणामसामर्थ्यवती लोचनस्पर्शनग्रहणगोचरतामुपेत्य जले विलीने सति रसनघ्राण-ग्रहणयोग्यता-मागच्छतः । न च वर्णस्पर्शौ तत्र सम्भवन्तावपि पुनर्ग्रहीतुं शक्यौ परिणामविशेषवत्त्वात् ॥

एवं पार्थिवाप्यतैजसवायवीयाणवोऽप्येकजातीयाः कदाचित् काञ्चित् परिणतिं बिभ्रतो न सर्वेन्द्रियग्राह्या भवन्ति ॥ अतो रूपरसगन्धस्पर्शा एव विशिष्टपरिणामानुगृहीताः सन्तो मूर्तिव्यपदेशभाजो भवन्ति ॥

**ગુજરાતીમાં ભાષાંતર :- પ્રશ્ન :-** જો આમ કહો તો પણ "રૂપ એ જ મૂર્તિ" આવો અર્થ સિદ્ધ થતો નથી. પરંતુ "ગુણમાત્ર તે મૂર્તિ" આવો મૂર્તિશબ્દનો અર્થ સિદ્ધ થાય છે. કોઈ પણ ગુણ હોય તેને મૂર્ત કહેવાય છે. પરંતુ રૂપમાત્ર હોય તે મૂર્ત કહેવાય આવો અર્થ મૂર્ત શબ્દનો થતો નથી. કોઈક શિષ્ય આવો પ્રશ્ન કરે છે.

**ઉત્તર :-** કોઈ પણ વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય અને પર્યાય એમ ઉભયાત્મક છે. તેમાં જ્યારે દ્રવ્યાર્થિક નયથી વસ્તુના સ્વરૂપની પ્રરૂપણા કરાય છે ત્યારે દ્રવ્ય ધ્રૌવ્યધર્મવાળું જણાય છે અને જ્યારે પર્યાયાર્થિક નયથી દ્રવ્યનું સ્વરૂપ પ્રતિપાદન કરાય છે ત્યારે તે જ દ્રવ્ય ઉત્પાદ અને વિનાશવાળું જણાય છે. આમ સર્વે પણ દ્રવ્યો ત્રિપદીમય સ્વરૂપવાળાં જ છે. તે બન્ને નયોમાંથી હાલ અહીં દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાએ વસ્તુનું સકલ આ સ્વરૂપ સમજાવાય છે તે વાત તમોને જલ્દી જલ્દી વિસ્મૃત થઈ ગઈ છે અર્થાત્ ભૂલાઈ ગઈ હોય તેમ લાગે છે.

મૂર્ત વસ્તુના રૂપાદિ જે ધર્મો છે તે કોઈ પણ ધર્મો મૂર્તવસ્તુથી ભિન્ન નથી જ, અર્થાત્ અભિન્ન જ છે. સારાંશ કે રૂપાદિ ગુણોથી અભિન્ન અને દ્રવ્યસ્વભાવવાળી તે મૂર્ત વસ્તુ જ્યારે ચક્ષુરિન્દ્રિયથી ગ્રહણ કરવામાં આવે છે. ત્યારે વસ્તુનું કાળું-ધોળું-પીળું જે રૂપ છે એમ વિશેષપણે રૂપ જ પ્રતિપાદન કરવામાં આવે છે. પરંતુ હકીકતથી જોઈએ તો તે વસ્તુમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ઈત્યાદિ પોતાના સર્વે ગુણો તે મૂર્તદ્રવ્યમાં છે જ.

મૂર્તિધર્મ જેમાં હોય છે તેમાં રૂપ-રસ-ગંધ અને સ્પર્શ ઈત્યાદિ અનેક ગુણો સાથેને સાથે જ અવ્યભિચારીપણે હોય જ છે. આ વાત સમજાવવાના આશયથી જ કહેવાય છે કે સ્પર્શાદિ ગુણો મૂર્ત દ્રવ્યને આશ્રિત છે. મૂર્તદ્રવ્યમાં અભેદભાવે સ્પર્શાદિ ગુણો રહેલા જ છે.

આ સ્પર્શાદિ ગુણો મૂર્તદ્રવ્યની સાથે ક્યારે પણ વ્યભિચાર પામતા નથી. તે કારણથી મૂર્તદ્રવ્યો સદાકાળ રૂપાદિ ગુણોવાળાં જ હોય છે તથા વળી જ્યાં જ્યાં રૂપનો પરિણામ છે ત્યાં ત્યાં સ્પર્શ રસ અને ગંધ પણ અવશ્ય હોય જ છે. ક્યારેય પણ આ ચાર ગુણોમાંથી એક હોય બાકીના ત્રણ ન હોય અથવા ચારમાંથી બે ત્રણ ગુણો હોય પણ ચારેય ન હોય આવું ક્યારેય પણ બનતું નથી. પરંતુ ચારે ગુણો સહચરિત જ હોય છે.

આ કારણથી જ પરમાણુ જેવા સૂક્ષ્મ મૂર્તદ્રવ્યમાં પણ ચારે ગુણો અવશ્ય વિદ્યમાન જ હોય છે. બધા જ પરમાણુઓ વર્ણાદિ ચારે ગુણોની જાતિના પેટાભેદ રૂપ (૨૦ ભેદોને)

ભજનારા ભલે હોતા નથી. જો દરેક પરમાણુમાં વર્ણાદિના પેટાભેદ રૂા. ૨૦ ભેદો હોય તો સર્વે પણ પરમાણુઓ એક સ્વરૂપ થઈ જાય પરંતુ આવું બનતું નથી. તે કારણથી આટલી વિશેષતા છે કે :-

કોઈ કોઈ દ્રવ્ય કોઈ કોઈ ગુણના ઉત્કૃષ્ટ સ્વરૂપને પ્રાપ્ત કરીને તે ગુણની ઉત્કૃષ્ટતાનો ત્યાગ કરે છે જેમકે મીઠું અને હિંગ અનેક અણુઓના સમુદાય રૂપે સ્કંધપણે જ માત્ર પરિણામ પામ્યા હોય ત્યારે મીઠું લોચનગ્રાહ્ય હોય છે અને હિંગનો ટુકડો સ્પર્શનેન્દ્રિય ગ્રાહ્ય હોય છે.

પરંતુ તે બન્ને દ્રવ્યોને જળમાં નાખીએ અને ઓગાળીએ ત્યારે મીઠું અને હીંગ ચક્ષુર્ગ્રાહ્ય કે સ્પર્શનગ્રાહ્ય રહેતાં નથી પાણીમાં ઓગળી જવાના કારણથી તે બન્ને દ્રવ્યો અનુક્રમે ચક્ષુર્ગ્રાહ્યતા અને સ્પર્શનેન્દ્રિયગ્રાહ્યતાનો ત્યાગ કરીને મીઠુ (લવણ) રસનેન્દ્રિય-ગ્રાહ્યતાને પામે છે અને હિંગ ઘ્રાણેન્દ્રિયગ્રાહ્યતાને પામે છે.

પાણીમાં ઓગળી ગયેલા લવણમાં અને હિંગમાં જે વર્ણગુણ અને સ્પર્શગુણ હતા. તે સંભવતા હોવા છતાં પણ જે પૂર્વકાળમાં ચક્ષુરિન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયથી ગ્રાહ્ય બનતા હતા હવે તે રીતે ગ્રહણ કરાવા શક્ય નથી. કારણ કે તે દ્રવ્યોનો પરિણામ બદલાઈ જવાના કારણે આવું બને છે.

આ જ પ્રમાણે પાર્થિવ દ્રવ્યના, જલીયદ્રવ્યના તૈજસદ્રવ્યના અને વાયુદ્રવ્યના પરમાણુંઓ પણ પોતપોતાની એક જ જાતિવાળા હોવા છતાં પણ કોઈક કાળે કોઈક પરિણતિવાળા બને છે અને બીજાકાળે બીજી પરિમતિવાળા પણ બને છે જેથી તેમાં રહેલા વર્ણાદિચારે ગુણો તેમાં હોવા છતાં પણ સર્વઈન્દ્રિયગ્રાહ્યતા સ્પષ્ટપણે જણાતી નથી. આ કારણથી જ રૂપ રસગંધ અને સ્પર્શ આ ચાર ગુણો વિશિષ્ટ પરિણામથી અનુગૃહીત થયા છતા **મૂર્તિ** આવા નામને ધારણ કરનારા બને છે.

अपरेऽन्यथा वर्णयन्ति भाष्यम् ॥ मूर्तिशब्देन रूपमेवाभिधीयते ॥ ये च रूपमाश्रित्य वर्तन्ते स्पर्शादयस्तेऽपि मूर्तिशब्दवाच्याः । तदेतदयुक्तम्, "द्रव्याश्रया निर्गुणाः गुणाः" (तत्त्वार्थसूत्र અધ્યાય-૫, સૂત્ર-૪૦) इति वक्ष्यते ॥ द्रव्यमाश्रयो भवति स्पर्शादीनां, न पुना रूपमुपघ्नतयेष्यत इति ॥ अथापि पर्यापनयसमाश्रयणादूच्येते, न द्रव्यमस्ति रूपादिग्रहे द्रव्यबुद्धयभावादतो रूपादय एव परस्परसमाश्रयेण वर्तमानाः सेनावनादिवन्मूर्तिशब्दवाच्या इति ॥ तथापि भाष्यं न सङ्गच्छते, रूपं मूर्तिर्मूत्याश्रयाश्च स्पर्शादय इति ॥ न हि एकः पदातिः करी वा सेना, किन्तु परस्परसमाश्रयेण वर्तमानास्तुरगकरिरथपदातयः सेनेत्येवं न रूपमेव मूर्तिः । किन्तु समुदाय इत्यतो पर्यायवर्णितमेवास्तां भाष्यमिति ॥५-३॥

**ગુજરાતી ભાષાંતર :-** બીજા કેટલાક આચાર્યો "रूपं मूर्तिः" "मूर्त्याश्रयाश्च स्पर्शादय इति" આવા પ્રકારનો ભાષ્યનો જે પાઠ છે તે પાઠનો અર્થ અન્યથા (બીજી રીતે અર્થાત્ ભિન્ન પણે) વર્ણવે છે. તે આચાર્ય મહારાજશ્રીઓ "मूर्ति" શબ્દથી રૂપ જ માત્ર સ્વીકારે છે અને સ્પર્શાદિ ગુણો રૂપને આશ્રયે વર્તે છે તે કારણથી તે ગુણોને પણ મૂર્તિ શબ્દથી સંગૃહીત કરે છે.

પરંતુ તેઓની આ વાત અયુક્ત છે. કારણ કે "द्रव्याश्रयो निर्गुणा गुणाः" इति वक्ष्यते । द्रव्याश्रयो भवति स्पर्शादीनां, न पुना रूपमुपघ्नतयेष्यत इति । સર્વે પણ પણ ગુણો દ્રવ્યના આશ્રયે જ રહે છે. અર્થાત્ ગુણોનો જે આધાર છે તે દ્રવ્ય જ હોય છે. પરંતુ ગુણો હોતા નથી. સારાંશ કે દ્રવ્ય જ માત્ર ગુણોનો આધાર બને છે. આ પ્રમાણે આગળ ઉપર (અધ્યાય-૫, સૂત્ર-૪૦ માં) પણ કહેવાશે.

ઉપરોક્ત ચર્ચાના સાર રૂપે ગુણોનો આશ્રય (આધાર) દ્રવ્ય જ હોય છે. પરંતુ સ્પર્શાદિ ત્રણ ગુણોના આધાર તરીકે રૂપ ગુણ છે. આવું શાસ્ત્રકારો ઈચ્છતા નથી અને હોઈ શકે પણ નહીં એટલે કે સ્પર્શાદિ ત્રણ ગુણોના उपघ्नतया = આધાર તરીકે રૂપગુણ છે. આવું શાસ્ત્રોમાં ક્યાંય જોવામાં કે સાંભળવામાં આવ્યું નથી. કારણ કે ગુણોનો આધાર દ્રવ્ય જ હોય છે, ગુણો પોતે ગુણોનો આધાર હોતા નથી. તે માટે તેઓનું કથન ઉચિત નથી.

છતાં પણ ક્યારેક પર્યાયાર્થિકનયનો આશ્રય કરીને કદાચ આવું કહેવાય કે દ્રવ્ય જેવો કોઈ પદાર્થ જ નથી માત્ર પર્યાયો જ છે. કારણ કે જ્ઞાન વડે રૂપ-રસાદિ પર્યાયો જ જણાય છે. પરંતુ દ્રવ્ય ક્યાંય નજરે દેખાતું નથી. આ કારણથી રૂપ-રસ-ગંધ આદિ ગુણો જ પરસ્પર આશ્રય-આશ્રયીભાવે રહેલા છે. તે કારણથી રૂપ ગુણના વર્ણનથી તેની સાથે અવિનાભાવે રહેલા એવા સ્પર્શાદિ શેષ ગુણો પણ સમજી લેવા.

જેમ સેના અને વન વિગેરે શબ્દો સમુદાયવાચી છે એક સૈનિકને સેના કહેવાતી નથી. તથા એક વૃક્ષને વન કંઈ કહેવાતું નથી. પરંતુ ઘણા સૈનિકો લાઈનસર ગોઠવાયા હોય તો જ તેને સેના કહેવાય છે. તથા અનેક વૃક્ષો ગીચતા રૂપે ઉભેલાં હોય જેમાં પ્રવેશ થવો પણ દુષ્કર હોય તેને જ વન કહેવાય છે. તેની જેમ આ મૂર્તિ શબ્દ પણ સમુદાયમાં જ પ્રવર્તે છે. એકલા રૂપગુણને મૂર્તિ કહેવાતી નથી. જ્યાં રૂપ-રસાદિ ગુણોનો સમૂહ હોય તેને જ મૂર્તિ (અથવા મૂર્ત) કહેવાય છે.

પરંતુ પર્યાયાર્થિકનયની વિવક્ષાથી આ અર્થ કથંચિદ્ બરાબર પણ છે. પરંતુ આવો અર્થ કરવાથી ભાષ્યનો જે પાઠ છે તે પાઠ સંગત થતો નથી. તથા એકલી એકનયની દેશના તે એકાન્તવાદ હોવાથી મિથ્યા છે. રૂપ એ જ મૂર્તિ છે અને સ્પર્શાદિ શેષ ગુણો તો રૂપગુણને

આશ્રિત છે આવો જે પાઠ છે તે સંગત થતો નથી. કારણ કે જેમ એકલા પાયદળને કે એકલા રથદળને સેના કહેવાતી નથી. પરંતુ પરસ્પર ચારેના સમુદાયભાવે સાથે હોય તેવા तुरग (અશ્વદળ), करि (ગજદળ), रथ (રથદળ), અને पदाति (પાયદળ) એમ ચારેના સમૂહને જ સેના કહેવાય છે. તેવી જ રીતે કેવળ એકલા રૂપગુણને જ મૂર્તિ કહેવાતી નથી. પરંતુ રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એમ રૂપાદિ ગુણોના સમુદાયને જ મૂર્તિ કહેવાય છે. તે માટે ભાષ્યમાં જેવું વર્ણન કર્યું છે તેમજ વર્ણન રહેવા દેવું જોઈએ અને તે જ વર્ણન વધારે ઉચિત અર્થવાળું છે. ॥૫-૩॥

❋ ❋ ❋

**અવતરણ :-** नित्यावस्थितान्यरूपाणीत्यविशेषविधाने केषाञ्चिदपवादार्थं लक्षणमारभ्यते પાંચે દ્રવ્યો નિત્ય છે. અવસ્થિત છે તથા અરૂપી પણ છે. આમ ત્રણે સ્વરૂપો પાંચે દ્રવ્યોમાં સામાન્યપણે (અવિશેષપણે) પ્રતિપાદન કરાયે છતે હવે તેમાં કેટલાક દ્રવ્યોમાં જે વિશેષતા છે તે અપવાદ સમજાવે છે :-

## सूत्रम् :- रूपिणः पुद्गलाः ॥५-४॥

## સૂત્રાર્થ :- પરંતુ પુદ્ગલાસ્તિકાય નામનું જે દ્રવ્ય છે તે રૂપી જ છે. ॥૫-૪॥

**संस्कृत टीका :-** विशेषश्रुतेः सामान्यश्रुतिनिषेधमुखेनात्मलाभादागृहीतविशेषत्वाद् अपवादस्य नित्यत्वावस्थितत्वाभ्यनुयोगद्वारेणारूपत्वमात्रप्रतिषेधोऽत्र विवक्षितः ॥ अरूपाः पुद्गलाः न भवन्ति ॥ किं तर्हि ? रूपिणः, तत्स्वभावाव्ययत्वाच्च नित्यता सदा समस्त्येव ॥ रूपादिमत्तया चाव्यतिकीर्यमाणस्वभावतयाऽवस्थितत्वं पुद्गलानाम् ॥

ननु – चोत्पादविनाशवत्त्वादनित्यतैवातिस्पष्टैषां, तत्कथं तद्विरोधिनी नित्यताऽनुबध्यत इति ? अत्रोच्यते, द्विविधा हि नित्यता प्रवचनविद्भिराख्यायते – (१) अनाद्यपर्यवसाना नित्यता, सावधिकनित्यता च ॥ तत्राद्या लोकसन्निवेशवदनासादितपूर्वापरावधिविभागा सन्तत्यव्यवच्छेदेन स्वभावमजहती तिरोहितानेकपरिणतिप्रसवशक्तिगर्भा भवनमात्रकृतास्पदा प्रतीतैव ॥ अपरा श्रुतोपदेशनित्यतावदुत्पत्ति-प्रलयवत्त्वेऽप्यवस्थानात् । पर्वतोदधिवलयाद्यवस्थानवच्च सावधिका ॥ अनित्यताऽपि द्विविधा ॥ परिणामानित्यता उपरमानित्यता च ॥ तत्र परिणामानित्यता नाम भृत्पिण्डो हि विस्रसाप्रयोगाभ्यामनु-समयमवस्थान्तरं प्रागवस्थाप्रच्युत्या समश्नुते ॥ उपरमानित्यता तु भवोच्छेदवदपास्तगतिचतुष्टय-*परिभ्रमक्रियाक्रमपर्यन्तवर्तिनी परिप्राप्तावस्थानविशेषरूपा, नात्यन्ताभावभाविनीति । तत्र* परिणामानित्यतया पुद्गलद्रव्यमनित्यमित्याचक्ष्यते । तद्भावाव्ययतया च नित्यम् । उभयथाऽपि

दर्शनात् ॥ न च विरोधोऽस्ति कश्चिदित्येतत् प्रपञ्चतः प्रतिपादयिष्यते परस्तात् उभयीमेवावस्थामास्थाय वस्तु सकलां वास्तवीं धियमाधिनोति ॥

**ગુજરાતી ભાષાંતર :-** જે જે વિશેષતાવાળી વાત હોય છે તે તે વાત સામાન્યવાચી વાતનું જે શ્રવણ થતું હોય છે તેનો પ્રતિષેધ કરવા માત્રથી જ વિશેષતાવાચી પદ પોતાનું વિશેષ સ્વરૂપ જણાવવા સ્વરૂપ આત્મલાભને પામતું હોવાથી ચારે બાજુથી ગ્રહણ કરી છે વિશેષતા જેણે એવું **અપવાદ** સ્વરૂપ લખેલું પદ સર્વે પણ દ્રવ્યોમાં નિત્યત્વ અને અવસ્થિતત્વની સંમતિ સ્વીકારવા પૂર્વક હવે જે ત્રીજો અરૂપત્વ ગુણ છે તેનો જ માત્ર નિષેધ પુદ્‌ગલાસ્તિકાયદ્રવ્યમાં વિવક્ષા કરાયો છે.

ઉપરોક્ત વાતનો સાર એ છે કે સામાન્યપણે ૫/૧ અને ૫/૨ માં કહેલાં પાંચે દ્રવ્યોની અનુવૃત્તિ ૫/૩ માં આવે છે. તેથી ધર્મ-અધર્મ-આકાશ-જીવ અને પુદ્‌ગલ આ પાંચે દ્રવ્યો ૫/૩ થી નિત્ય છે તથા ૫/૩ થી અવસ્થિત પણ છે અને અરૂપી પણ છે. આ પ્રમાણે સામાન્યથી પાંચે દ્રવ્યોમાં ત્રણે પ્રકારના ધર્મનું વિધાન કરાયેલું થાય છે. આ સામાન્ય શ્રુતિ થઈ. તેમાં જે અપવાદ છે તે હવે ૫/૪ થી સમજાવે છે.

તેથી આ સૂત્ર વિશેષશ્રુતિ કરાવે છે કે તેમાં પુદ્‌ગલાસ્તિકાય નામનું જે એક દ્રવ્ય છે. તે અરૂપી ન જાણવું. પરંતુ રૂપી છે એમ જાણવું. આ પ્રમાણેનું આ વિશેષવિધાન ઉપરોક્ત સામાન્ય વિધાનનો જો પ્રતિષેધ કરે તો જ પોતાનું વિશેષ વિધાનાત્મક જે સ્વરૂપ છે તે પ્રગટ થાય. તેને જ આત્મલાભ (પોતાની માન્યતાનું પ્રગટીકરણ) કર્યું કહેવાય. અર્થાત્ તેને જ વિશેષતા કહી એમ કહેવાય, તેથી તેને જ "અપવાદ" કહેવાય છે.

આ પ્રમાણે (પાંચ દ્રવ્યોમાં) અરૂપિત્વનું જ્યાં વિધાન છે ત્યાં જ આ **અપવાદ** જણાવવાનો હોવાથી નિત્યત્વગુણ અને અવસ્થિતત્વ ગુણ જેમ છે તેમજ પાંચે દ્રવ્યોમાં રહે જ છે. આ બન્ને ગુણોની પાંચે દ્રવ્યોમાં અનુજ્ઞા (અનુમતિ) પ્રાપ્ત થતી હોવાથી માત્ર अरूपित्व નામના ત્રીજા ગુણનું જે વિધાન છે તેમાં જ આ નિષેધ વિચારાયેલો છે. એટલે આખી વાતનો સાર એ નીકળ્યો કે "પુદ્‌ગલો અરૂપી નથી."

હવે પ્રશ્ન થાય છે કે જો આ વિધાનમાંથી પુદ્‌ગલોની બાદબાકી કરો છો એટલે કે પુદ્‌ગલો અરૂપી નથી તો કેવાં છે ? તેવો પ્રશ્ન કરીને ગ્રંથકારશ્રી કહે છે કે "रूपिणः पुद्गलाः" પુદ્‌ગલો રૂપી દ્રવ્ય છે. આ પ્રમાણે વિચારણા કરતાં પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં પુદ્‌ગલપણાનો સ્વભાવ ક્યારેય વિનાશ પામવાનો ન હોવાથી અવશ્ય નિત્ય છે તેથી નિત્યત્વગુણ પાંચે દ્રવ્યોમાં રહેલો છે. તેથી પુદ્‌ગલાસ્તિકાયમાં પણ નિત્યત્વ છે. તથા રૂપ

રસ ગંધ અને સ્પર્શ ગુણવાળાં પુદ્ગલો હોવાથી અને સ્વરૂપ ક્યારેય બદલાતું ન હોવાથી અવ્યતિકીર્યમાણ (નાશ પામતું ન) હોવાથી પુદ્ગલદ્રવ્ય અવસ્થિત પણ ચોક્કસ છે જ. પરંતુ પુદ્ગલમાં વર્ણાદિવાળા પણું હોવાથી અરૂપિત્વગુણ ત્યાં નથી. રૂપિત્વગુણ છે. આટલી જ માત્ર વિશેષતા જાણવી.

**પ્રશ્ન :-** આ પુદ્ગલદ્રવ્યો જોડાય છે અને વિખેરાય છે. ટેબલ-ખુરશી બરણી-પાટ વિગેરે પુદ્ગલદ્રવ્યો ભાંગે છે અને સંધાય છે તેથી ઉત્પત્તિ અને વિનાશ જ દેખાય છે. આ વાત અત્યન્ત સ્પષ્ટ છે. તો જ્યાં અનિત્યતા સ્પષ્ટપણે દેખાતી હોય ત્યાં તેની વિરોધિની એવી નિત્યતા કેમ હોય ? આ વાત કેમ સમજાય ?

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર હવે અપાય છે નિત્યતા બે પ્રકારની હોય છે. એમ પ્રવચનશાસ્ત્રને જાણનારા મહાત્મા પુરુષો વડે કહેવાય છે (૧) અનાદિ-અપર્યવસાના એવી નિત્યતા અર્થાત્ જેની આદિ પણ નથી અને અંત પણ નથી એવી નિત્યતા તથા (૨) સાવધિકનિત્યતા અર્થાત્ અનાદિકાળથી વસ્તુ હોવા છતાં પણ અવધિવાળી અર્થાત્ સાન્તવાળી એવી નિત્યતા એટલે કે અનાદિ સાન્ત એવી નિત્યતા એમ નિત્યતાના બે પ્રકાર જાણવા.

(૧) અનાદિ-અપર્યવસાના એવી નિત્યતા અને

(૨) અનાદિ-સપર્યવસાના એવી નિત્યતા

ત્યાં પ્રથમ અનાદિ-અપર્યવસાના નિત્યતા જે છે તે ચૌદ રાજલોકાત્મક જે આ લોકાકાશની રચના છે તેની જેમ જ્યાં આદિ અને અંતના વિભાગો રચાયા નથી. અનાદિકાળથી ચાલી આવતી પરંપરાનો જ્યાં વ્યવચ્છેદ થતો નથી એવી સ્વાભાવિક સ્વરૂપનો ત્યાગ ન કરતી એવી નિત્યતા તથા ભિન્ન ભિન્ન અનેક પર્યાયપરિણતિની ઉત્પન્ન થવાની શક્તિઓ જેમાં તિરોહિતપણે અવશ્ય રહેલી જ છે તથા સમયે સમયે જેમ જેમ અવસર આવે છે. તેમ તેમ ભવનમાત્ર થવા સ્વરૂપે (પ્રગટ માત્ર થવા સ્વરૂપે) જે શક્તિઓ રહેલી છે. આવી પ્રતીતિ જ્યાં થાય છે ત્યાં આ પ્રથમ નિત્યતા જાણવી.

**(૨) સાવધિક નિત્યતા :-**

પ્રતિસમયે વસ્તુમાં ઉત્પાદ અને વ્યય થવા છતાં પણ વિવક્ષિત વસ્તુ વસ્તુસ્વરૂપે કાયમ રહે તે સાવધિક નિત્યતા કહેવાય છે. શ્રુતોપદેશની નિત્યતાની જેમ ઉત્પત્તિ અને વિનાશવાળી રચના હોવા છતાં પણ વ્યવચ્છેદ પામ્યા વિના જ પોતાના મૂલસ્વભાવનો ત્યાગ કર્યા વિના જ (પર્યાયમાત્રની અપેક્ષાએ જ) ઉત્પાદ અને વિનાશવાળાપણું હોવા છતાં પણ વસ્તુસ્વરૂપે જે સદા અવસ્થિત (ધ્રુવ) જ રહે છે. તેવી જે નિત્યતા તે સાવધિક નિત્યતા.

જેમકે પર્વત-સમુદ્રનાં અવસ્થાન તેના જેવી જે નિત્યતા તે સાવધિક નિત્યતા કહેવાય છે. ત્યાં ઉત્પાદ અને વ્યય થવા છતાં વસ્તુ વસ્તુસ્વરૂપે સદા રહે જ છે. તે સાવધિક નિત્યતા.

નિત્યતાની જેમ અનિત્યતાના પણ બે પ્રકાર છે (૧) પરિણામ અનિત્યતા અને (૫) ઉપરમ અનિત્યતા. તે બન્ને પ્રકારની અનિત્યતાનું સ્વરૂપ પણ જાણી લઈએ. તે આ પ્રમાણે છે.

**(૧) પરિણામ અનિત્યતા :-** જ્યાં વસ્તુ પોતાની મૂળભૂત અવસ્થામાં કાયમ રહીને વિસ્રસાથી કે પ્રયોગથી પ્રતિસમયે નવી નવી અવસ્થાને પ્રાપ્ત કરે તે પરિણામ અનિત્યતા કહેવાય છે જેમ કે જે માટીનો પિંડ છે તે વિસ્રસાથી કે પ્રયોગથી પોતાની મૃદ્ (માટીપણાની) જે અવસ્થા છે. તેનો ત્યાગ કર્યા વિના કુંભકાર આદિના પ્રયત્નવિશેષથી સ્થાસ-કોશ-કુશુલ-ઘટ આદિ નવા નવા આકારે પરિણામ પામે છે. તે પરિણામ અનિત્યતા કહેવાય છે.

**(૨) ઉપરમ અનિત્યતા :-** અનાદિ કાળથી ચાલી આવતી વિવક્ષિત અવસ્થાનો જે વિનાશ તે ઉપરમ અનિત્યતા કહેવાય છે. જેમકે જીવની સંસારી અવસ્થા. આ અવસ્થા છે અનાદિની, એટલે કે કોઈ પણ જીવની જન્મ-મરણની પરંપરા રૂપ જે આ સંસાર ચાલે છે તે છે અનાદિકાળથી, પરંતુ આઠે કર્મોનો ક્ષય થતાં જ્યારે મુક્તિની પ્રાપ્તિ થાય છે ત્યારે સંસારી અવસ્થાનો જે વિનાશ થાય છે તે ઉપરમ અનિત્યતા કહેવાય છે. સંસારની ચારે ગતિમાં જન્મ-મરણ કરવાનો જે ક્રમ ચાલતો હતો, તેનો જ્યારે અંત આવે છે તે સંસારિક પર્યાય જ્યારે સર્વથા વિનાશ પામે છે. ત્યારે તે ઉપરમ અનિત્યતા કહેવાય છે.

સારાંશ કે અનાદિકાળથી ચારે ગતિમાં ભટકવા સ્વરૂપ જે ક્રિયા ચાલતી હતી. તે ક્રિયાના ક્રમમાં અંતિમ અવસ્થાવાળી સ્થિતિ પ્રાપ્ત થયે છતે ચારે ગતિમાં રખડવાનું અટકી જાય છે અને મુક્તાવસ્થામાં અત્યંત સ્થિર થઈને રહેવાનું જે બને છે. તે ઉપરમઅનિત્યતા જાણવી. પરંતુ આત્મદ્રવ્યનો સર્વથા નાશ થઈ જાય છે. અને આ આત્માનો અત્યંતાભાવ થઈ જાય છે. તેવી આ ઉપરમ અનિત્યતા છે. એમ ન સમજવું.

આ પ્રમાણે જૈન શાસ્ત્રોમાં પરમાત્માએ નિત્યતા અને અનિત્યતા એમ બન્ને બે-બે પ્રકારની જણાવી છે. ત્યાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પરિણામ અનિત્યતાથી અનિત્ય જરૂર છે. પરંતુ તદ્ભાવપણે એટલે કે પુદ્ગલભાવપણે અવ્યય હોવાથી નાશ પામનાર ન હોવાથી નિત્યતા પણ અવશ્ય છે જ, આ પ્રમાણે પુદ્ગલદ્રવ્યમાં નિત્યતા અને અનિત્યતા એમ ઉભયભાવનાં દર્શન થતાં હોવાથી ઉભયસ્વરૂપ છે જ, આ પ્રમાણે વિરોધી બે નામો સાથે રહેવામાં (અને સાથે રહે છે એમ માનવામાં) કોઈ વિરોધ આવતો નથી. આ વિષય વધારે વિસ્તારથી આગળ ઉપર સમજાવાશે.

આ પ્રમાણે ઉભય અવસ્થાને સામે રાખીને જ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ અને પારમાર્થિક સ્વરૂપ જણાય છે. તેનાથી પદાર્થસંબંધી યથાર્થ સ્વરૂપ સમજવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. બન્ને સ્વરૂપો સાથે જ રહે છે એમ નજરોનજર નિહાળાય છે તથા ગૌણ-મુખ્ય ભાવ કરીને પદાર્થનું યથાર્થ એવું આ સ્વરૂપ સમજી શકાય તેમ છે.

સારાંશ કે પુદ્ગલદ્રવ્ય પરિણામથી અનિત્ય હોવા છતાં પણ પોતાના મૂળસ્વભાવે (પુદ્ગલાસ્તિકાયપણે) તે સદા ધ્રુવ છે પુદ્ગલાસ્તિકાયપણું ત્યજતું નથી. એટલે નિત્ય પણ છે. જ્યારે પુદ્ગલાસ્તિકાયપણાના સ્વભાવને પ્રધાન કરાય અને પરિણામ (પરિવર્તન) રૂપે થતી અનિત્યાને ગૌણ કરાય છે ત્યારે પુદ્ગલદ્રવ્ય નિત્ય છે એમ કહેવાય છે અને પરિણામ પામવાપણાને મુખ્ય કરીને પુદ્ગલસ્વભાવે રહેવાપણા રૂપ ધ્રુવતાને જ્યારે ગૌણ કરાય છે ત્યારે તે જ વસ્તુ અનિત્ય છે. એમ પણ કહેવાય છે.

આ પ્રમાણે વસ્તુમાં બન્ને સ્વરૂપો હોવાથી અને બન્ને સ્વરૂપો જણાતાં હોવાથી વિવક્ષિત એવી કોઈ પણ વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા એમ બન્ને સ્વરૂપો રહેલાં જ છે. આ પ્રમાણે મગજમાં આ વાતને બરાબર સ્થિર કરીને જો સમજવામાં અને સમજાવવામાં આવે તો જ તે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજવાવાળી બુદ્ધિ પ્રગટ થાય છે તેમાં અલ્પ પણ શંકા રહેતી નથી.

अन्यथाऽङ्गारकितमात्रनियतपलाशस्वतत्त्वग्राहिवन्न प्रधानाराधनसाधीयसीं बुद्धिमाद ध्यादतिविकलत्वात् । प्रधानोपसर्जनतया तु कदाचिद् किञ्चिद् विवक्ष्यते शिबिकावाहकयानेश्वरयानवत् ॥ अतः प्रत्यक्षप्रमाणप्रसिद्धपदार्थस्वरूपे नातीवायासयति बुद्धिमात्मवन्तः ॥ तस्मान्नित्यानित्ययो- रास्पदमेकममी पुद्गला न किञ्चित् कस्यचिद् बाध्यते । ते च रूपवन्त इति ॥

अन्यथा - જો આ પ્રમાણે સાપેક્ષભાવે નિત્યતા અને અનિત્યતા એમ ઉભયસ્વભાવતા ન સ્વીકારાય તો તથા ભિન્નાભિન્ન વાચ્યાવાચ્ય અને નિત્યાનિત્ય એમ ઉભયાત્મક સ્વરૂપ જો ન સ્વીકારાય તો ઘાસમાંથી અંગારા થતા હોવાથી ઘાસમાં એક અંગારાનું જ સ્વરૂપ છે એમ માત્ર નિયતસ્થિતિવાળું સ્વરૂપ માનવાથી તે અધુરું સ્વરૂપ સ્વીકાર્યું કહેવાય છે. આવું વસ્તુનું અધુરું સ્વરૂપ સ્વીકારી તેમાં જ પૂર્ણસ્વરૂપની બુદ્ધિ કરવાથી આ જીવ આરાધનાને સાધનારી શ્રેષ્ઠ બુદ્ધિને ધારણ કરનારો કહેવાતો નથી. પરંતુ સાથે સાથે આ આત્મા વસ્તુનું પૂર્ણસ્વરૂપ જોઈ શકતો નથી. અને એકાન્તવાદના આગ્રહમાં ફસાઈ જાય છે. જેથી તે મિથ્યાત્વભાવને પામે છે.

પરંતુ સર્વે પણ પદાર્થોમાં વસ્તુનું પ્રધાન તથા ગૌણભાવે એમ બન્ને રીતે સ્વરૂપ રહેલું છે. ક્યારેક નિત્યતા પ્રધાન કરવાની હોય છે અને ક્યારેક અનિત્યતા પ્રધાન કરવાની હોય

છે. જેમ શિબિકાને ઉપાડનાર પણ શિબિકાવાળો કહેવાય છે અને શિબિકાનો માલિક પણ શિબિકાવાળો કહેવાય છે. ક્યારેક ઉપાડનારા મુખ્ય બને છે અને ક્યારેક માલિક મુખ્ય બને છે. આ પ્રમાણે સ્વાભાવિકપણે જ ઉભયભાવ વાળું જ વસ્તુનું સ્વરૂપ છે.

તથા વસ્તુનું પોતાનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક ધર્મવાળું છે. તેમાં જરા પણ શંકા થાય તેવું આ સ્વરૂપ નથી. પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ પ્રસિદ્ધ એવા પદાર્થના સ્વરૂપમાં आत्मवन्तः = સમજુ આત્માઓ પોતાની બુદ્ધિને આડાઅવળા વિચારોમાં જોડવા સ્વરૂપ પ્રયત્નો કરતા નથી. સહેજે સહેજે સમજાય તેવું જ આ સ્વરૂપ છે.

તે માટે પુદ્ગલદ્રવ્યો પણ નિત્યાનિત્યતાના આધારભૂત એક પદાર્થ છે. અર્થાત્ પુદ્ગલદ્રવ્યો અપેક્ષાએ નિત્યદ્રવ્ય પણ છે અને અપેક્ષાએ અનિત્યદ્રવ્ય પણ છે. અર્થાત્ નિત્યાનિત્ય દ્રવ્ય છે. આ પ્રમાણે સાપેક્ષપણે વસ્તુનું સ્વરૂપ પ્રતિપાદન કરવામાં કોઈને કોઈ બાધ આપતો નથી. અને તે તમામ પુદ્ગલ દ્રવ્યો રૂપી છે રૂપગુણવાળાં છે ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોથી વિવક્ષિત એવા આ પુદ્ગલ દ્રવ્યમાં આટલી જ વિશેષતા છે. આટલી ચર્ચા કર્યા પછી હવે ભાષ્યના પાઠનું અનુસરણ કરવામાં આવે છે :-

अधुना भाष्यमनुश्रियते = હવે ભાષ્યના પાઠનું અનુસરણ કરાય છે.

**भाष्यम् :- पुद्गला एव रूपिणो भवन्ति । रूपमेषामस्त्येषु वा अस्तीति रूपिणः ॥५-४॥**

**ભાષ્યનું ગુજરાતી :- પુદ્ગલદ્રવ્યો જ રૂપી છે, રૂપ છે જેઓને અથવા રૂપ છે જેઓમાં તે રૂપી કહેવાય છે. ॥૫-૪॥**

**संस्कृत टीका :-** पूरणाद्-गलनाच्च पुद्गलाः = परमाणुप्रभृतयोऽन्तानन्तप्रदेशस्कन्ध-पर्यवसानास्त एव रूपवत्तामनन्यसाधारणीमनेकरूपपरिणतिसामर्थ्यापादितसूक्ष्मस्थूल-विशेषाविशेष-प्रकर्षाप्रकर्षवर्तिनीं बिभ्रति ॥ न धर्मादिद्रव्यविशेषा इति रूपवत्त्वमत्रावधार्यते । तद्धि न जातुचिद-तिचिरपरिचितपरमाणुद्वयणुकादि क्रमवृद्धद्रव्यकलापमुज्झति ॥ सामर्थ्यात् पुद्गला अपि न तां विहाय वर्तन्ते ॥ अतः पुद्गला एव रूपिण इति सुष्ठूच्यते ॥ रूपं-मूर्तिरिति च प्राक् (सूत्र-३) प्रतिपादितम् ॥

अतः तदनुसन्धानाभिप्रायेणाह-रूपमेषामस्त्येषु वाऽस्तीति रूपिण इति ॥

**ગુજરાતી ભાષાંતર :-** પરમાણુઓનું અથવા સ્કંધોનું પૂરણ થવું અથવા ગલન થવું. આવા પ્રકારની બે ક્રિયા છે જેમાં તેને પુદ્ગલદ્રવ્ય કહેવાય છે. ઘટ-પટ આદિ અજીવ એવાં

પુદ્ગલ દ્રવ્યોમાં સમયે સમયે ઘણા ઘણા પરમાણુઓ જોડાય પણ છે અને વિખેરાય પણ છે તેથી તેને પુદ્ગલદ્રવ્ય કહેવાય છે. (पुद् = પૂરણ અને गल = ગલન)

પરમાણુથી પ્રારંભીને (દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુક આદિ) યાવત્ અનંતાનંત પ્રદેશોવાળા સ્કંધો સુધીનાં આ દ્રવ્યો "રૂપવત્તાને" (રૂપવાળા પણાને) ધારણ કરે જ છે.

તે રૂપવત્તા કેવી છે ? તો ટીકાકારશ્રી જણાવે છે કે અનન્યસાધારણી = પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય વિના બીજા અન્ય કોઈપણ દ્રવ્યોમાં ન સંભવે તેવી આ રૂપવત્તાપરિણતિ છે. તથા લાલ-લીલાં પીળાં ઈત્યાદિ અનેક પ્રકારનાં રૂપો પામવાના સામર્થ્યથી જ પ્રાપ્ત કરી શકાય છે તથા સૂક્ષ્મ અને સ્થૂલ, વિશેષ અને અવિશેષ (સામાન્ય) તથા પ્રકર્ષ અને અપ્રકર્ષ ભાવમાં વર્તનારી ભિન્ન ભિન્ન અવસ્થાઓને જે આ રૂપવત્તાપરિણતિ ધારણ કરે છે તેવી તે રૂપવત્તા પરિણતિ જે દ્રવ્યમાં છે તે પુદ્ગલદ્રવ્ય જાણવું.

पुद्गला एव रूपिणो भवन्ति = પુદ્ગલદ્રવ્યો જ રૂપી છે આ પ્રમાણે એવકાર જાણવો. પાંચ દ્રવ્યોમાંથી માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપવાળું છે. પરંતુ ધર્માદિ (ધર્મ-અધર્મ-આકાશ અને જીવ) આ ચાર દ્રવ્યવિશેષો રૂપવાન નથી. આ પ્રમાણે રૂપવત્તા એક પુદ્ગલ દ્રવ્યમાં જ માત્ર છે એમ અવધારણ પૂર્વક આ વિષય જાણવો.

તે "રૂપવાળાપણું" (रूपवत्त्व) પોતાની સાથે અતિશય લાંબાકાળથી (અર્થાત્ અનાદિકાળથી) પરિચય પામેલા એવા પરમાણુ દ્વયણુક = ત્ર્યણુક આદિના ક્રમ દ્વારા વૃદ્ધિ પામેલા અનંતાનંતાણુક (અનંતાનંત પરમાણુવાળા) સ્કંધો સુધીના પુદ્ગલદ્રવ્યને ક્યારેય ત્યજતું નથી. સારાંશ કે રૂપવાળાપણું પુદ્ગલ દ્રવ્યને છોડીને અન્યત્ર ક્યાંય રહેતું નથી. અર્થાત્ જતું નથી. (તથા પુદ્ગલદ્રવ્યપણું પણ રૂપપત્તાને છોડીને ક્યાંય રહેતું નથી. આ વાત પણ સાથે સાથે સમજી લેવી) આવા પ્રકારની પુદ્ગલદ્રવ્યને અને રૂપધર્મવત્તાગુણને ગાઢ મિત્રતા છે. જેથી એક બીજા એક બીજાને છોડીને એકલા એકલા ક્યાંય વર્તતા નથી. આ કારણથી પુદ્ગલદ્રવ્યો જ રૂપી છે. અર્થાત્ રૂપી દ્રવ્ય એક પુદ્ગલદ્રવ્ય જ છે આમ અર્થ સમજવો.

एषामिति = पुद्गलानां परमाणुद्वयणुकादिक्रमभाजामुक्तलक्षणं रूपं मूर्तिः । सा विद्यत इति रूपिणः षष्ठीदर्शनात् तु भेदविवक्षावशपरिप्रापितं द्रव्यगुणयोर्नानात्वमध्यवसातव्यम् ॥ अभेदविवक्षोपनीतं च द्रव्यपर्याययोरैक्यम् ॥ अतस्तत्प्रदर्शनाय व्यापकाधिकरणलक्षणा सप्तमी विगृह्णता आचार्येणोपात्ता ॥

अथवा तुल्य एव मत्वर्थोऽयमुभयत्राभेदो भेदश्च पर्यायनयापेक्षो द्रव्यास्तिकनयापेक्षश्च

योजनीयः ॥ न मूर्तिव्यतिरेकेण पुद्गलाः सन्ति । भिन्नदेशसम्बन्धित्वेनानुपलब्धेः ॥ व्यतिरेकिणोऽपि गमकत्वादसन्निहितविपक्षकस्येत्यभेदः ॥ तथा यदिदं चन्दनमुपलभ्यते तस्य श्वेतं रूपं, तिक्तो रसः, पटुर्गन्धः, शीतलः स्पर्श इति ॥ यश्चैष प्रत्यक्षेण प्रत्यक्षस्य व्यपदेशः सोऽर्थान्तरेण दृष्टः, तद्यथा- अस्य ब्राह्मणस्यायं कमण्डलुरिति ॥

**ગુજરાતી ભાષાંતર :-** સમસ્ત એવા આ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં પરમાણુ-દ્વ્યણુક-ત્ર્યણુક વિગેરેના ક્રમ પ્રમાણે અનંતાનંત અણુકવાળા સ્કંધોનું ઉપરોક્ત વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આદિ ગુણોવાળાપણું એવું રૂપ અવશ્ય હોય જ છે. તેથી તેવા પ્રકારનું રૂપ એટલે મૂર્તિ (અર્થાત્ તેવા પ્રકારના વર્ણાદિ ગુણોવાળાપણું) તથા સંસ્થાન (આકારવાળા પણું) છે જેમાં તે, સારાંશ કે તેવું રૂપ અથવા તેવી મૂર્તિ છે જે દ્રવ્યોને તે પુદ્ગલદ્રવ્ય કહેવાય છે અને તે અવશ્ય રૂપી જ હોય છે. ચક્ષુથી દષ્ટિગોચર થાય અથવા સૂક્ષ્મ હોય તો અથવા દૂર દૂર હોય તો ચક્ષુથી દષ્ટિગોચર ન પણ થાય. પરંતુ અવશ્ય રૂપી જ છે.

"रूपं मूर्तिः" सा विद्यते इति रूपिणः = રૂપ છે જેને તે રૂપી, આ પ્રમાણે સમાસના વિગ્રહમાં ષષ્ઠી વિભક્તિ જણાવી હોવાથી (रूपमस्ति एषाम्) મત્વર્થક इन् પ્રત્યય થયેલ હોવાથી અને ષષ્ઠી વિભક્તિ ભેદ અર્થમાં થાય છે. તે કારણથી ભેદની વિવક્ષાના વશથી પ્રાપ્ત થયેલું એવું દ્રવ્ય અને ગુણનું આધાર-આધેયભાવે નાનાપણું અર્થાત્ ભિન્નપણું જાણવું ભિન્નતા અર્થ લઈએ તો જ આ ષષ્ઠીનો અર્થ સંગત થાય.

તથા દ્રવ્ય અને પર્યાયની જ્યારે અભેદ વિવક્ષા કરાય છે ત્યારે દ્રવ્ય અને પર્યાયનો અભેદ પણ કથંચિત્ છે જ, આ અર્થ સમજાવવા માટે તલમાં તેલ, મરચામાં તિખારા, મીઠામાં ખારાશ, ઈત્યાદિ ઉદાહરણોની જેમ કથંચિદ્ અભેદ વિવક્ષા પણ કરાયે છતે તે અભેદ જણાવવા માટે વ્યાપક એવા અધિકરણ અર્થમાં આ સપ્તમી વિભક્તિ થયેલી છે. આ વાત સમજાવવા માટે ટીકાકારશ્રી વ્યાપકાધિકરણમાં પણ સપ્તમી વિભક્તિ થાય છે. આ વાત સ્વીકારાઈ છે. એમ જણાવે છે. અર્થાત્ તલમાં સર્વત્ર તેલ છે. મરચામાં સર્વત્ર તિખાશ છે. એમ દ્રવ્યમાં સર્વત્ર ગુણવત્તા છે જાણવું.

અથવા "रूपिणः" શબ્દમાં રૂપ છે જેમાં એમ વિવક્ષા કરીને દ્રવ્યાર્થિકનયની વિવક્ષાએ અભેદ અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ભેદ એમ ઉભય અર્થમાં મત્વર્થીય એવો આ इन् પ્રત્યય તુલ્ય જ થાય છે પુદ્ગલના સ્કંધો નાના હોય કે મોટા હોય પરંતુ મૂર્તિને (આકારને) ત્યજીને સંભવતા નથી. અર્થાત્ પુદ્ગલદ્રવ્ય હોવાથી આકારવાળા જ હોય છે જ્યાં જ્યાં પુદ્ગલદ્રવ્ય હોય ત્યાં ત્યાં આકાર અવશ્ય હોય હોય અને હોય જ.

તથા આકાર (સંસ્થાન-મૂર્તિ)પણું પુદ્‌ગલ દ્રવ્યમાં જ હોય છે. પરંતુ પુદ્‌ગલથી બહાર ક્યાંય હોતું નથી. માટે અભેદ પણ છે.

रूपिणः શબ્દમાં મત્વર્થીય જે इन् પ્રત્યય થયેલો છે તે ષષ્ઠી અને સપ્તમી એમ બન્ને વિભક્તિના અર્થમાં થાય છે ત્યાં ષષ્ઠીમાં જ્યારે વિગ્રહ કરો ત્યારે ભેદ, અને સપ્તમીમાં જ્યારે વિગ્રહ કરો ત્યારે કથંચિદ્ અભેદ વિવક્ષા કરવામાં આવે છે. આ રીતે દ્રવ્ય અને પર્યાયનો પરસ્પર ભેદાભેદ છે. જેમ ગોળમાં ગળપણ છે. આ ભેદવિવક્ષા થઈ, અને ગોળ ઘણો ગળ્યો છે આ અભેદવિવક્ષા થઈ આમ સર્વત્ર સમજવું.

તથા વળી અનુમાનમાં મુકાયેલો અન્વયી (અન્વયવ્યાપ્તિવાળો) હેતુ સાધ્યનો ગમક બને છે જેમકે पर्वतो वह्निमान् धूमात् અહીં અન્વયી એવો ધૂમ હેતુ वह्नि નો ગમક બને છે. यत्र यत्र धूमः, तत्र तत्र वह्निः આવા પ્રકારની અન્વયવ્યાપ્તિ થાય છે. જેમકે महानस् આવા ઉદાહરણથી સાધ્યની સિદ્ધિ થાય છે તેવી જ રીતે यत्र यत्र वह्नेरभावः, तत्र तत्र धूमाभावः यथा हृदः આવા પ્રકારની જે વ્યતિરેક વ્યાપ્તિ થાય છે તેનાથી પણ સાધ્યની સિદ્ધિ થાય છે જેમકે જ્યાં જ્યાં વહ્નિ ન હોય ત્યાં ત્યાં ધૂમ પણ ન હોય જેમકે સરોવર, પરંતુ આ પર્વત ઉપર તેવો વહ્નિનો અભાવ નથી તેથી ધૂમાભાવ પણ નથી અર્થાત્‌વહ્નિ પણ છે અને ધૂમ પણ છે. આ પ્રમાણે વ્યતિરેક વ્યાપ્તિથી પણ સાધ્યની સિદ્ધિ થાય છે.

ઉપર કહેલી વાતને અનુસારે पुद्गलाः (પક્ષ), मूर्तिव्यतिरेकेण न भवन्ति (સાધ્ય), भिन्नदेशसम्बन्धित्वेनानुपलब्धेः (હેતુ).

જ્યાં જ્યાં ભિન્ન દેશના સંબંધીપણે ધર્મો ઉપલબ્ધ થતા નથી ત્યાં ત્યાં મૂર્તિમત્તાનો વ્યતિરેક હોતો નથી. આમ વ્યતિરેકી હેતુથી પણ પુદ્‌ગલો મૂર્ત જ છે (મૂર્તથી વ્યતિરિક્ત નથી) આ વાત અવશ્ય સિદ્ધ થાય છે. આ અનુમાનમાં मूर्तिव्यतिरेकेण न भवन्ति અર્થાત્ મૂર્ત જ છે આ સાધ્ય છે તેનો વિપક્ષ (વિપરીત પક્ષ) ધર્મ-અધર્મ અને આકાશ (કે જે મૂર્તિથી વ્યતિરિક્ત છે) આ રીતે આ વાત વ્યતિરેકી હેતુથી સિદ્ધ પણ થાય છે.

ત્યાં જે રૂપગુણ છે તે પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન દેશવાળાં એવાં જે ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યો છે. તેના સંબંધીપણે અનુપલબ્ધિવાળો છે. એટલે કે આ હેતુ "અસન્નિહિત વિપક્ષવૃત્તિવાળો થયો." માટે સાધ્યની સિદ્ધિ થવામાં કોઈ બાધા આવતી નથી. આ રીતે પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત જ છે. રૂપાદિગુણોવાળું દ્રવ્ય હોવાથી આ પ્રમાણે પુદ્‌ગલમાં અભેદ સિદ્ધ થયો.

તથા જે આ ચંદન દેખાય છે તેનું શ્વેત રૂપ છે તથા તે ચંદનનો રસ તીખો છે. તે

ચંદનની ગન્ધ પટુ છે. તે ચંદનનો સ્પર્શ શીતળ છે. આવા પ્રકારનો પ્રત્યક્ષપ્રમાણથી જે બોધ થાય છે. તે અર્થાન્તરમાં (એટલે કે ભેદમાં) થાય છે. જેમકે આ કમંડલ બ્રાહ્મણનું છે. આવા પ્રકારના પ્રત્યક્ષજ્ઞાનમાં જેમ કમંડલ એ બ્રાહ્મણથી ભિન્ન જણાય છે તેમ ચંદનથી ચંદનના ગુણો આધાર-આધેયભાવે ભિન્નપણે પણ જણાય છે. આવા પ્રકારના પ્રત્યક્ષપ્રમાણથી ભેદનો બોધ પણ થાય છે અને ઉપર જણાવેલા ફકરામાં અભેદનો બોધ પણ સમજાવ્યો છે. એમ સર્વત્ર ભેદાભેદ જ છે. સ્યાદ્વાદમય જ જગતનું સ્વરૂપ છે.

ननु चोपन्यस्तनिदर्शनबलेन द्रव्यमेव द्रव्यादर्थान्तरमिति न गुणेभ्यो द्रव्यमिति ? उच्यते- योऽवमुपलभ्यस्य समस्तैरुपलब्धैर्व्यपदेशः सोऽर्थान्तरं गमयति । तच्च द्रव्यं गुणः क्रिया वा स्यादिति कोऽपरितोषः ॥

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** ભેદ સમજાવવા માટે તમે જે દૃષ્ટાંત "બ્રાહ્મણનું કમંડલ" આપ્યું છે ત્યાં બ્રાહ્મણ પણ દ્રવ્ય છે અને કમંડલ પણ દ્રવ્ય છે એટલે આ બતાવેલા ઉદાહરણમાં દ્રવ્યથી દ્રવ્યનો ભેદ સમજાવાય છે. એટલે उपन्यस्तनिदर्शनबलेन = આ આપેલા કમંડલના ઉદાહરણથી તો દ્રવ્યથી દ્રવ્યનો જ અર્થાન્તર (ભિન્ન) છે આમ સમજાય છે પરંતુ ગુણોથી દ્રવ્ય ભિન્ન છે. આ વાત આ દૃષ્ટાંતથી કેમ સિદ્ધ થાય ? તે વાત સિદ્ધ થતી નથી. અર્થાત્ સમજાતી નથી.

**ઉત્તર :-** उपलभ्यस्य = જાણવાલાયક જે કોઈ પદાર્થ હોય તેનો સર્વ પ્રકારના ઉપલંભ વડે જે બોધ થાય છે તે अर्थान्तरं गमयति = ભેદને સૂચવે છે તેમાં દ્રવ્ય હોય કે ગુણ હોય કે ક્રિયા હોય. તેમાં આટલો બધો અસંતોષ કેમ છે ? ભેદ જણાવે છે એટલી વાત તો અવશ્ય સિદ્ધ થાય જ છે.

सेनावनादिवदनेकान्त इति चेत् ? दृष्टो ह्यनर्थान्तरेऽपि व्यपदेशः, सेनायाः कुञ्जरः, सहकारः काननस्येति

अत्रोच्यते - न खलु प्रसिद्धमनर्थान्तरत्वं सेनाकाननयोर्यस्मादनियतदिग्देशसम्बन्धिषु करिपुरुषतुरगस्यन्दनेषु परस्परप्रत्त्यासत्तिजनितोपकारेष्ववधारितानवधारितेयत्तेषु बहुत्वसङ्ख्यैव सेना ॥ तथा काननमपि, एतच्च द्वयमप्यर्थान्तरमेव यूषपङ्क्त्यादयोऽपि ह्यर्थान्तरतयैवं वक्तव्याः । यूषो हि उत्पन्नपाकजानां द्रव्याणां कालविशेषानुग्रहे सति द्रव्यान्तरसम्पृक्तानां पाकजोत्पत्तौ यः संयोगः स यूष इत्याख्यायतेऽर्थान्तरभूतश्च । पङ्क्तिरप्येकदिग्देशसम्बन्धिषु परस्परप्रत्त्यासत्त्युपकृतेष्ववधारितानवधारितेयत्ताकेषु भिन्नाभिन्नजातीयेष्वाधारेषु वर्तमाना बहुत्वसङ्ख्यैवाभिधीयत इति ॥

तस्मात् सापेक्षमिदं नयद्वयं वस्तुनः सद्भावमापादयति, नैकान्तः, इत्यस्यार्थस्योद्-

भासनार्थमकरोद् भाष्यकारो विभक्तिद्वयेन विग्रहम् । अतोऽयं वाक्यार्थः = पुद्गलेषु मूर्तिर्भेदाभेद वर्तिनी विवक्षावशादिति ॥५-४॥

**ગુજરાતી ભાષાંતર :-** જેમ બ્રાહ્મણનું કમંડળ ઈત્યાદિ વાક્યોમાં દ્રવ્યથી દ્રવ્યનો ભેદ થાય છે તેની જેમ જ દ્રવ્યથી ગુણનો અને દ્રવ્યથી ક્રિયાનો પણ ભેદ વિવક્ષાના વશથી થાય છે. જેમકે વસ્ત્રનો વર્ણ ઉજવળ છે ચૈત્રની ગતિક્રિયા પ્રશંસનીય છે તેથી આ વિષયમાં આટલો બધો અસંતોષ રાખવો ઉચિત નથી.

**પ્રશ્ન :-** બ્રાહ્મણનું કમંડલ ઈત્યાદિ વાક્યોમાં દ્રવ્યથી દ્રવ્યનો ભેદ તો થાય છે. પરંતુ ક્યારેક જ્યાં અભેદ પણ હોય છે. ત્યાં પણ ભેદ બોલાય છે. જેમકે આ સેના છે આ વન છે આ બન્ને વાક્યોમાં છે અભેદ, તો પણ ભેદ બોલાય છે. જેમકે અશ્વદળ, ગજદળ, પાયદળ અને રથદળ આ ચાર પ્રકારનાં જે દળ છે તે જ સેના છે. એટલે પરમાર્થથી તો અભેદ, તો પણ સેનાનો હાથી, સેનાનો રથ આમ ભેદ પણ બોલાય છે.

તથા લીંબડો-અશોક-ચંપક-આંબો વિગેરે જે અનેક પ્રકારનાં વૃક્ષો છે તે જ વન કહેવાય છે આમ અભેદ છે છતાં વનનો આંબો, એમ ભેદથી પણ વ્યાખ્યા થાય છે. તેથી અભેદ હોવા છતાં ત્યાં ભેદની બુદ્ધિ થાય છે માટે અતિવ્યાપ્તિ આવે એટલે કે અનૈકાન્તિકતા દોષ આવશે ?

**ઉત્તર :-** સેના અને વનમાં અનર્થાન્તરપણું (અભેદ) પ્રસિદ્ધ નથી અર્થાત્ અભેદ ઔપચારિક છે ભેદ પારમાર્થિક છે તે માટે ભેદ જ બોલાય છે. અને ભેદ જ સમજવો જોઈએ. તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) અનિયત એવી દિશાના વ્યવહારથી

(૨) અનિયત એવા દેશના વ્યવહારથી

(૩) પરસ્પર એક-બીજાના સંબંધથી ઉપકારવાળા બનેલા છે. તેથી

(૪) નિશ્ચિત સંખ્યા હોય કે અનિશ્ચિત સંખ્યા હોય તો પણ બહુત્વવાચી સંખ્યા છે તે માટે.

ઉપરોક્ત ચાર કારણોને લીધે ભેદ છે અને ભેદ જ બોલાય છે જેમકે

(૧) જ્યાં સેના શબ્દનો પ્રયોગ થાય છે ત્યાં એક હાથી, એક ઘોડો, એક રથ, કે એક પાયદળ હોતા નથી. પરંતુ તે ચારેની સંખ્યા બહુ હોય છે. તો જ અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ બોલાય છે.

(૨) સેનાના હાથી, ઘોડા, રથ કે પાયદળ આ ચારે સૈન્ય કંઈ એક દિશામાં સંભવતું નથી. પરંતુ ભિન્ન ભિન્ન દિશામાં બહુ જ વ્યવસ્થાપૂર્વક રાખેલું દેખાય છે. માટે અનિયત દિશાવિભાગ દેખાય છે. તે કારણથી જ તેને સેના કહેવાય છે.

(૩) યુદ્ધાદિ પ્રસંગે આ ચારે દળ સાથે મળીને પરસ્પર સહકારી ભાવે કામ કરતા હોય છે.

(૪) તથા ઘણી મોટી બહુત્વવાળી સંખ્યા હોય છે. એકલ-દોકલ આ સંખ્યા સંભવતી નથી.

તેવી જ રીતે વનની બાબતમાં પણ સમજવું. તે આ પ્રમાણે

(૧) જુદી જુદી દિશામાં તે તે વૃક્ષો ગાઢપણે ઉગેલાં હોય છે.

(૨) ચારે દિશાના ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં વ્યવસ્થિતપણે આ વૃક્ષો ઉગેલાં હોય છે ઘનીભૂતતા સ્વરૂપે ચારે તરફ વૃક્ષોની ઘટમાળા જ દેખાય છે.

(૩) પરસ્પર વૃક્ષો એકબીજા સાથે જોડાયેલાં પણ હોય છે.

(૪) વૃક્ષોની સંખ્યા અગણિત હોય છે.

ઉપરોક્ત કારણોથી સમજાય છે કે (૧) અનિયત દેશમાં ઉભેલા ઘોડા હોય, (૨) અનિતય ક્ષેત્રમાં ગોઠવાયેલા ઘોડા હોય, (૩) પરસ્પર નિકટતા વાળા હોવાથી એકબીજાને અનુસરનારા હોય, (૪) બહુત્વની સંખ્યા હોય ત્યારે જ સેના કહેવાય છે. એવી જ રીતે (૧) અનિયત દિશામાં ઉગેલાં વૃક્ષો હોય, (૨) અનિયત ક્ષેત્રમાં ગીચ રૂપે ઉભેલાં હોય, (૩) પરસ્પર મળેલાં હોય, વચ્ચે ઘણો ગેપ ન હોય, (૪) બહુત્વની સંખ્યાવાળાં વૃક્ષો હોય તેને જ વન કહેવાય છે.

ઉપરોક્ત ચાર કારણોથી જ સેનાને સેના અને વનને વન કહેવાય છે. આ રીતે વિચારણા કરતાં સેના અને કાનન વિગેરે શબ્દોના પ્રયોગમાં અશ્વદળ વિગેરે ચાર પ્રકારના પુરુષો તથા અશોક-ચંપક લીંબડો વિગેરે અનેક પ્રકારનાં વૃક્ષોથી અર્થાન્તરપણું છે. પરંતુ અનર્થાન્તરપણું નથી. આ બન્ને પ્રયોગોમાં ત્યાં ઉપલભ્ય થતા પદાર્થો કરતાં ઉપલંભક એવા સેના અને વન શબ્દો તે તે પદાર્થોના અભેદને સૂચવે છે.

એવી જ રીતે યૂષ અને પંક્તિ આ બન્નેમાં વપરાયેલાં દ્રવ્યોથી અર્થાન્તરપણું (ભિન્ન ભિન્ન) પદાર્થ છે. યુષ એટલે એક પ્રકારની ખાવાલાયક વસ્તુ (રાબડી), તે પણ ઘણા ઘણા દ્રવ્યોનો સમૂહ ભેગો કરીને અર્ધો કલાક અથવા એક કલાક ચૂલા ઉપર ઉકાળવામાં આવે છે ત્યાર પછી જે વસ્તુ તૈયાર થાય છે તેને યૂષ (રાબડી) કહેવાય છે. તે યૂષ પણ તેમાં

વપરાયેલા દ્રવ્યોથી કથંચિદ્ ભિન્ન પદાર્થ છે કારણ કે જ્યારે રાબડીમાં વપરાયેલાં તે તે દ્રવ્યો જુદા જુદા ડબ્બામાં ભરેલાં હતાં ત્યારે યૂષ (રાબડી) એમ કહેવાતું ન હતું પરંતુ બધાંને સાથે મેળવીને અર્ધો કલાક કે એક કલાક અગ્નિનો શેક મેળવીને પરસ્પર એકતા સ્વરૂપે થયેલો જે પદાર્થ છે. તે પદાર્થને યૂષ (રાબડી) કહેવાય છે. તે યૂષ બન્યા પહેલાં પણ તે અવયવો તો હતા જ પરંતુ ત્યાં યૂષ અવયવી કહેવાતો નથી. માટે અવયવી એવો યૂષ તેના અવયવોથી કથંચિદ્ ભિન્ન છે. યૂષમાં અવયવો બહુત્વની સંખ્યાવાળા છે અને તેનાથી બનેલો યૂષ નામનો અવયવી પદાર્થ એકની સંખ્યાવાળો છે. તે માટે પણ કથંચિદ્ ભિન્ન છે.

એ જ પ્રમાણે લાઈનસર અર્થાત્ ક્રમસર ગોઠવાયેલા માણસોને સેના કહેવાય છે. અને પદ્ધતિસર ગોઠવાયેલા ઘોડા તથા હાથી વિગેરેને અશ્વદળ તથા ગજદળ કહેવાય છે. આ રીતે બધી વસ્તુ વ્યવસ્થિતપણે ગોઠવાયેલી હોય તો જ તેને પંક્તિ કહેવાય છે. એટલે યૂષ અને પંક્તિ આ શબ્દો તેના અવયવોથી કથંચિદ્ ભિન્ન છે, અર્થાન્તર છે એકાન્તે ભિન્ન નથી. આ વસ્તુને આ રીતે જ સમજવી જોઈએ તથા વર્ણવવી જોઈએ.

કારણ કે (૧) ઉત્પન્ન થયા છે અગ્નિના પાકથી વર્ણાદિ વિશિષ્ટ ગુણો જેમાં, એવાં દ્રવ્યોનો બનેલો, (૨) અર્ધો કલાક કે એક કલાક જેની બનાવટમાં સમયવિશેષ ગયો છે. (૩) અનુગ્રહ કરે તેવાં મરી મસાલા દ્રવ્યો જેમાં નંખાયા છે એવા તથા (૪) બહુત્વની સંખ્યાવાળા પદાર્થોથી બનેલા પદાર્થને યૂષ કહેવાય છે. માટે આ યૂષ એ તેના અવયવોથી કથંચિદ્ અલગ પદાર્થ છે તેવી જ રીતે પંક્તિબદ્ધ રીત ગોઠવાયેલી સેના તેના ભિન્ન ભિન્ન અશ્વદળ અને ગજદળ વિગેરે અંશોથી કંઈક ભિન્ન છે.

ઉપર સમજાવેલી સમજ પ્રમાણે પરસ્પર સાપેક્ષભાવ વાળા એવા બન્ને નયો વસ્તુના સાચા યથાર્થ સ્વરૂપને સમજાવનારા છે પરંતુ કોઈ પણ એક નયના આગ્રહવાળું વર્ણન વસ્તુના સાચા સ્વરૂપને જણાવતું નથી આ જ અર્થને પ્રગટ કરવા માટે ભાષ્યકાર મહાત્માએ ષષ્ઠી અને સપ્તમી એમ બન્ને વિભક્તિઓ દ્વારા વિગ્રહ કર્યો છે અને તેવો ભેદાભેદવાળો અર્થ પણ સમજાવ્યો છે. અને તે જ અર્થ બરાબર યુક્તિસંગત છે.

તેથી સરવાળે વાત એ નક્કી થાય છે કે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં મૂર્તિનો ભેદ પણ છે અને અભેદ પણ છે આ પ્રમાણે પુદ્ગલાસ્તિકાય નામના દ્રવ્યમાં રૂપગુણનો ભેદાભેદ છે અનેકાન્ત છે, પરંતુ એકાન્ત નથી, વિવક્ષાના વશથી વિચારાય તો ભેદાભેદ બન્ને ભાવો સાથે જ છે તેથી જ અનેકાન્તવાદ જ (સ્યાદ્વાદ માર્ગ જ) વિજય પામે છે. ॥૫-૪॥

**અવતરણ :-** पुनरेषां विशेषाभिधित्सया सूत्रमाह = હવે આ ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોમાં વિશેષ બાબત કહેવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે કે :-

## सूत्रम् - आऽऽकाशादेकद्रव्याणि ॥५-५॥

## સૂત્રાર્થ :- આકાશાસ્તિકાય સુધીનાં ત્રણ દ્રવ્યો એક એક જ છે. ॥૫-૫॥

**संस्कृत टीका :-** अथवा पुद्गलद्रव्यं परमाणुभेदेनानेकधा जीवद्रव्यं च नारकादिविशेषेण, तत् किमेवं धर्मादिद्रव्याण्यपीत्यारेकानिराकरणायेदमुच्यते =

**ગુજરાતી ભાષાંતર :-** અથવા પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પરમાણુ-દ્વયણુક અને ત્ર્યણુક ઈત્યાદિના ભેદે અનેક પ્રકારનાં છે (અનેક ભેદવાળાં પુદ્ગલ દ્રવ્યો છે). એ જ પ્રમાણે જીવદ્રવ્યો પણ નરકગતિ-તિર્યંચગતિ-મનુષ્યગતિ અને દેવગતિ ઈત્યાદિના ભેદવિશેષવાળાં અનેક પ્રકારનાં છે. તેવી જ રીતે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો પણ શું અનેક ભેદવાળાં છે ? કે અનેક ભેદવાળાં નથી ? આવા પ્રકારની આરેકા (શંકા) કોઈને કદાચ થાય તો તે શંકા દૂર કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**भाष्यम् :- आ आकाशाद् धर्मादीन्येकद्रव्याण्येव भवन्ति ।**
**पुद्गलजीवास्त्वनेकद्रव्याणीति ॥५-५॥**

**ભાષ્યનું ગુજરાતી :- આકાશાસ્તિકાય સુધીનાં ધર્માસ્તિકાય વિગેરે ત્રણ દ્રવ્યો સંખ્યામાં એક એક જ છે પરંતુ પુદ્ગલ અને જીવ નામનાં બે દ્રવ્યો અનંતાં-અનંતાં છે. ॥૫-૫॥**

**संस्कृत टीका :-** आ आकाशादित्यादि भाष्यम् ॥ अभिविधिवाचित्वादातो द्वित्वं । ततश्च संहितया सूत्रपाठस्तं विवृणोति भाष्येण = आ आकाशात् अध्यायादिसूत्रोपात्तक्रममुद्दिश्याकाशाभिव्याप्तिप्रचिकाशयिषया आ आकाशादित्युवाच । धर्मादीनीति प्रथितप्रतिविशिष्टानुपूर्वीप्रदर्शनं धर्माधर्माकाशानि एकद्रव्याण्येवेति ॥ नैषां समानजातीयानि द्रव्यान्तराणि सन्तीति, अविलक्षणोपकारात् ॥ धर्माधर्माकाशानां हि गतिस्थित्यवगाहोत्पत्त्या प्रभावित उपकारः ॥ स्थित्यादित्रययुक्तं हि वस्त्वर्थक्रियासमर्थमभ्युपेयतेऽनेकान्तवादिभिः ॥ धर्मादिद्रव्याणां च गत्यादय उपकाराः स्वस्थाने युक्त्या प्रतिपादयिष्यन्ते ॥

**ગુજરાતી ભાષાંતર :-** आ आकाशात्, इत्यादि ભાષ્યના પાઠની વ્યાખ્યા સમજાવાય છે. સૌથી પ્રથમ લખેલો आ અભિવિધિવાચી છે आ ઉપસર્ગના બે અર્થ થાય છે (૧) અભિવિધિ અને (૨) મર્યાદા, ત્યાં જયાં સુધીની સીમા સમજાવવા માટે आ નો પ્રયોગ કર્યો હોય તે સીમાવાળું ગામ અથવા પર્વતાદિ જે હોય તેને જો અંદર લઈ લેવાય તો તેને અભિવિધિ કહેવાય છે અને જો તે ગામ અથવા પર્વતાદિ સીમા રૂપે કરાયેલો પદાર્થ અંદર ન લેવાનો

હોય અને તેનો ત્યાગ કરાતો હોય ત્યારે તેને મર્યાદા કહેવાય છે. જેમકે "અમદાવાદથી પાલીતાણા સુધી" વરસાદ વરસ્યો છે. આવું એક વાક્ય છે હવે આ વાક્યનો અર્થ આપણે એવો કરીએ કે અમદાવાદથી, વિરમગામ, સુરેન્દ્રનગર, બોટાદ, ધોળા, શિહોર અને પાલીતાણાના રેલ્વે સ્ટેશન સુધી વરસાદ પડ્યો છે પરંતુ પાલીતાણા શહેર અને શત્રુંજય પર્વત કોરા રહ્યા છે ત્યાં એક ટીપું પણ વરસાદ થયો નથી તો પણ અમદાવાદ બાજુના પાલીતાણાના છેડા સુધી વરસ્યો હોય તો પણ તેને પાલીતાણા સુધી વરસ્યો છે એમ જ કહેવાય છે આ મર્યાદા અર્થ થયો છે એમ જાણવું. કારણ કે પાલીતાણાની સીમા કરી પરંતુ તે પાલીતાણામાં વરસાદ વરસ્યો નથી. તે પાલિતાણા શહેરનો તેમાં ત્યાગ કરાય છે.

હવે જો અમદાવાદથી બધે વરસતાં વરસતાં વીરમગામ, સુરેન્દ્રનગર, બોટાદ, ધોળા-શિહોર, પાલીતાણા રેલ્વે સ્ટેશન, પાલીતાણા ગામ અને શત્રુંજય પર્વત સુધી વરસાદ વરસ્યો હોય એટલે જે પાલીતાણાની સીમા કરી છે. તેને પણ અંદર લઈ લેવામાં આવે તો તે અભિવિધિ કહેવાય છે. શત્રુંજય પર્વત સુધી વરસ્યો હોય અને પાછળ કદંબગિરિ વિગેરેમાં ન વરસ્યો હોય તો પાલીતાણા તથા શત્રુંજય વરસાદની અંદર આવી જતું હોવાથી તેવી સીમાને અભિવિધિ કહેવાય છે.

સારાંશ કે જેની સીમા નક્કી કરી હોય તે સ્થાન જો અંદર ન લેવાનું હોય તો મર્યાદા, અને તે સ્થાન જો અંદર લઈ લેવાનું હોય તો અભિવિધિ આવો અર્થ વ્યાકરણમાં કહેવાય છે. અહીયાં લખેલો आ આકાશ શબ્દથી આગળ છે आ + आकाश એમ બે आ મળીને સંધિ થયેલી છે. અભિવિધિ અર્થમાં જ आ શબ્દ છે તેનો અર્થ "સુધી" આવો થતો હોવાથી आ आकाशाद् = આકાશ સુધીમાં દ્રવ્યો એક એક છે. હવે અહીં પ્રશ્ન થાય છે કે ધર્મ અને અધર્મ એમ બે જ દ્રવ્યો લેવાં કે આકાશ સાથે ત્રણ દ્રવ્યો લેવાં ? જો મર્યાદા અર્થવાળો आ લઈએ તો આકાશને છોડી દેવું પડે અને ધર્મ તથા અધર્મ એ બે જ દ્રવ્યો એક એક છે આવો અર્થ થાય અને જો आ અભિવિધિ અર્થમાં લઈએ તો ધર્મ-અધર્મ અને આકાશ સુધીનાં ત્રણે દ્રવ્યો એક એક છે આવો અર્થ થાય એટલે જ ટીકાકારશ્રી ખુલાસો કરતાં જણાવે છે કે અહીં અભિવિધિ અર્થ વિવક્ષિત છે તેથી आ - आकाशाद् આવા પ્રકારના આ સૂત્રપાઠથી ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્યો એક એક છે આવો અર્થ કરવો અહીં બન્ને आ મળીને "समानानां तेन दीर्घ" એ સૂત્રથી દીર્ઘ થયો છે ટીકાકારશ્રી આ વાત સ્પષ્ટ કરે છે કે "संहितया सूत्रपाठः" બન્ને आकारની સંધિ થવા દ્વારા આ સૂત્રપાઠ રચાયેલો છે.

धर्मादीनि = ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો લેવાં ? ક્યાં સુધીનાં આ દ્રવ્યો લેવાં ? તો જણાવે છે કે आ + आकाशात् = આકાશાસ્તિકાય સુધીનાં દ્રવ્યો લેવાં आ અભિવિધિ

અર્થવાળો હોવાથી કુલ ત્રણ દ્રવ્યો લેવાં તે ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્યો એક એક છે આમ જાણવું.

આ ત્રણે દ્રવ્યો સંખ્યામાં એક એક છે તથા જીવ અને પુદ્ગલદ્રવ્યો સંખ્યામાં અનંત અનંત છે. તથા આ ત્રણે દ્રવ્યો, જીવ અને પુદ્ગલોને અનુક્રમે (૧) ગતિમાં (૨) સ્થિતિમાં તથા (૩) અવગાહનામાં સહાય કરનારાં છે ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યો અનાદિકાળથી ગતિ-સ્થિતિ અને અવગાહનામાં સહાય કરવાના સ્વભાવે જ વર્તનારાં એક એક દ્રવ્યો છે તે ત્રણે દ્રવ્યોનો જીવ અને પુદ્ગલ ઉપર આ જ મોટો ઉપકાર છે. (સહાયકતા છે)

સંસારમાં રહેલું કોઈ પણ જીવ અથવા પુદ્ગલદ્રવ્ય ગતિ-સ્થિતિ અને અવગાહના ધર્મવાળું છે. તેથી તે દ્રવ્યો જ્યારે જ્યારે ગતિ-સ્થિતિ અને અવગાહના કરે છે ત્યારે ત્યારે આ ત્રણે દ્રવ્યો તે તે જીવ-પુદ્ગલને સહાય કરનારાં બને છે જેમ માછલાને તરવાની ક્રિયામાં પાણી મદદ કરે છે તેમ આ વિષય જાણવો.

**संस्कृत टीका :-** एकशब्दोऽसहायार्थमभिधीयते (= भि धत्ते)। यथा परमाणुः परमाण्वन्तरेण स द्वितीयः, आत्मा आत्मान्तरेण ज्ञानसुख-दुःखजीवनादिभेदभाजा, न धर्मद्रव्यं धर्मद्रव्यान्तरेण ससहायम्। अधर्मव्योमनी चैवमाविष्कार्ये, "गुणपर्यायवद् द्रव्यम्" (सूत्र-३७) वक्ष्यते। तदनेन स्वगतधर्मपरिणामप्राप्तिरापाद्यते मुक्तस्येव अन्यथा गुणपर्यायशून्यं द्रव्यमेव न स्यात्, व्योमोत्पलादिवत्॥

एवशब्देन नियम्यते। एकद्रव्याण्येवैतानि। तुल्यजातीयद्रव्याभावात्॥ नियमेन चेष्टार्थसिद्धिं प्रदर्शयति॥ पुद्गलजीवास्त्वनेकद्रव्याणीति॥ सम्भाव्यानेकतया पुद्गलात्मानो विशेष्यन्ते तुशब्देन, इतिकरणं यस्मादर्थे॥ यस्मात् तुल्यजातीयभूयस्त्वमेषां। तस्मादनेकद्रव्याणि परमाणुप्रभृतीन्यनन्ताणुकस्कन्धावसानानि॥ क्षितिजलज्वलनानिलतरूद्वित्रिचतुष्पञ्चेन्द्रियात्मानश्चेति भावनीयम्॥

**ગુજરાતી ભાષાંતર :-** આ ત્રણે દ્રવ્યો માટે સૂત્રમાં તથા ભાષ્યમાં વપરાયેલો एक શબ્દ જે છે તે અસહાય અર્થને જણાવે છે. જેમ કોઈ એક એવો પરમાણુ બીજા પરમાણુની સાથે ભળ્યો છતો આ બે પરમાણુ છે એમ કહેવાય છે તથા કોઈ એક આત્મા બીજા આત્મા સાથે ભળ્યો છતો જ્ઞાન સુખ-દુઃખ અને જીવન આદિ ગુણોના ભેદને ભજનારા બન્ને જીવો સાથે થાય છે જેમ એક પુરુષ વિવાહિત થાય ત્યારબાદ પતિ-પત્ની રૂપે યુગલ થયે છતે આર્થિક જે દુઃખ-સુખ આવે તે દુઃખ સુખ તે બન્ને પાત્રોને ભોગવવાનું હોય છે. તેવું ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યોમાં થતું નથી. એટલે કે ધર્માસ્તિકાય નામનું વિવક્ષિત એક દ્રવ્ય, ધર્માસ્તિકાય નામના બીજા દ્રવ્યની સાથે સહાયતાવાળું થયું છતું કુલ બે ધર્માસ્તિકાય દ્રવ્ય હોય અને બન્ને સાથે મળીને ગતિમાં સહાય કરતાં હોય તેવું બનતું નથી.

અધર્માસ્તિકાય તથા વ્યોમ એટલે આકાશાસ્તિકાય દ્રવ્ય પણ આ જ પ્રમાણે (એક એક જ છે. પણ બે-ત્રણ-ચાર નથી. એમ જ કહેવું અને એમ જ સમજવું. આમ જ વસ્તુસ્થિતિ છે માટે આમ જ સમજવું.

ગુણ અને પર્યાયવાળો જે પદાર્થ હોય તે જ દ્રવ્ય કહેવાય છે. આ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રકાર મહારાજા પણ તત્ત્વાર્થસૂત્ર (૫-૩૭) માં જણાવે છે તે આગળ ઉપર સમજાવાશે.

મુક્તિમાં ગયેલા મુક્ત જીવમાં જેમ પોતાના જ ગુણ-ધર્મો હોય છે. અન્ય દ્રવ્યના ગુણધર્મો હોતા નથી તેની જેમ જ ધર્માસ્તિકાયાદિ આ ત્રણ દ્રવ્યોમાં પણ પોતપોતાનો ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા તથા અવગાહ સહાયકતા એમ પોતામાં રહેલા પોતાના ધર્મની જ પ્રાપ્તિ છે એમ સ્વધર્મથી જ યુક્ત એવાં આ ત્રણ દ્રવ્યો છે એમ સમજવું.

*अन्यथा* = જો એમ ન સમજીએ અને સ્વગુણધર્મ પણ નથી આમ સમજીએ તો સર્વથા ગુણ-પર્યાય વિનાનો પદાર્થ તો આકાશપુષ્પ અને વન્ધ્યાપુત્રાદિની જેમ असत् જ થાય, દ્રવ્ય રૂપે રહે જ નહીં. માટે સર્વથા ગુણ-પર્યાય રહિત ન સમજવાં. પોત-પોતાના ગુણ-પર્યાયથી સહિત આ દ્રવ્યો છે. પરંતુ દ્રવ્યસ્વરૂપે એક એક જ છે આમ સમજવું.

તથા ભાષ્યમાં લખેલા एव શબ્દ વડે એવો નિયમ સમજાવાય છે કે "આ ત્રણ જ દ્રવ્યો એક એક છે" જેમ જીવત્વ જાતિવાળા જીવદ્રવ્યો અનંતા છે તેમ ધર્મ-અધર્મ અને આકાશ દ્રવ્ય બીજાં નથી. આવા પ્રકારનાં બીજાં દ્રવ્યો ન હોવાથી જાતિ બનતી નથી. આ પ્રમાણે તુલ્યજાતિવાળાં અન્ય દ્રવ્યો ન હોવાથી આ ત્રણે દ્રવ્યો સંખ્યામાં એક એક જ છે.

આ ત્રણ દ્રવ્યોમાં જ આવો નિયમ કરવાથી ગ્રંથકારને જે ઈષ્ટ છે (કે જીવ અને પુદ્ગલદ્રવ્ય એક નથી પરંતુ અનંત-અનંત છે) તે અર્થ આપોઆપ ફલિત થાય છે. એમ ઈષ્ટ અર્થની સિદ્ધિ જણાવે છે. આ ત્રણ દ્રવ્યો જ એક એક છે. અર્થાત્ બાકીનાં જે બે દ્રવ્યો રહ્યાં જીવ અને પુદ્ગલ, તે બન્ને દ્રવ્યો એક એક નથી પરંતુ અનંત અનંત છે ભાષ્યમાં જે છેલ્લો इति શબ્દ લખેલો છે તે यस्मात् અર્થમાં છે यस्मात् એટલે કે જે કારણથી જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યોમાં પોતાની તુલ્યજાતિવાળાં અનેક દ્રવ્યો છે અર્થાત્ અનંત અનંત જીવ દ્રવ્યો તથા પુદ્ગલ દ્રવ્યો છે.

तस्मात् = તે કારણથી પરમાણુ-દ્વયણુક-ત્ર્યણુકથી પ્રારંભીને અનંતાણુક સુધીના સ્કંધોવાળું પુદ્ગલદ્રવ્ય છે. તથા પૃથ્વીકાય, જલકાય, જ્વલનકાય (અગ્નિકાય), અનિલકાય (વાયુકાય), તથા વનસ્પતિકાય, द्वित्रिचतुष्पञ्चेन्द्रियात्मानश्च = બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિય આત્માઓ જે છે તે અનંત અનંત છે. આ પ્રમાણે પુદ્ગલાસ્તિકાય તથા

જીવાસ્તિકાય દ્રવ્યોના ભેદ-પ્રતિભેદો ઘણા છે એમ જાણવું. આ પ્રમાણે દ્રવ્યોનું કંઈક સ્વરૂપ સમજાવ્યું. ॥૫-૫॥

❋ ❋ ❋

**अवतरण :-** अयमपरो विशेषस्तेषामेवाभिधीयते - તથા વળી તે દ્રવ્યોમાં આ બીજી વિશેષતા પણ જે છે તે સમજાવાય છે -

## सूत्रम् - निष्क्रियाणि च ॥५-६॥

**સૂત્રાર્થ :- ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો નિષ્ક્રિય પણ છે (જીવ અને પુદ્ગલ દ્રવ્યો જેવી દોડાદોડી કરે છે ગમનાગમન કરે છે સ્થાનાન્તર થાય છે તેવા પ્રકારની કોઈ ક્રિયા આ ત્રણે દ્રવ્યોમાં નથી. તેથી આ ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય છે.)**

**संस्कृत टीका :-** अथवा एवं तावदरूपित्वैकद्रव्यत्वे विभज्याख्याते इदमपि विभज्याख्यायत इत्याह चार्थमाचष्टे भाष्यकारः ॥

**ગુજરાતી ભાષાંતર :-** અથવા ધર્માસ્તિકાયાદિ આ ત્રણે દ્રવ્યો અરૂપી પણ છે તથા એક-એક પણ છે. આ વાત સૂત્ર ૫-૩, ૫-૪ અને ૫-૫ માં સમજાવી છે તેમ નિષ્ક્રિયતા પણ આ ત્રણે દ્રવ્યોમાં છે. આ વાત પણ વિભાગ કરીને (ભિન્નસૂત્રરચના કરીને) પણ સૂત્રકારભગવંત સમજાવે છે. હવે આ જ સૂત્ર ઉપર ભાષ્યકાર મહાત્મા ટુંકાણમાં સમજ આપે છે.

**भाष्यम् :- आ आकाशादेव धर्मादीनि निष्क्रियाणि भवन्ति । पुद्गलजीवास्तु क्रियावन्तः । क्रियेति गतिकर्माहः ॥५-६॥**

**ભાષ્યનું ગુજરાતી :- ધર્માસ્તિકાયથી પ્રારંભીને આકાશાસ્તિકાય સુધીનાં ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય છે. પરંતુ પુદ્ગલ અને જીવ એમ બે દ્રવ્યો સક્રિય = ક્રિયાવાળાં છે. અહીં ક્રિયા શબ્દથી ગમનાગમન ક્રિયા સમજવી એવો અર્થ જાણવો. ॥૫-૬॥**

**संस्कृत टीका :-** आ आकाशादेव धर्मादीनीत्येतावता भाष्येण कथं भाव्यते ? अनन्तरसूत्रे सामर्थ्यपरिप्रापितानि धर्मादीन्यनुकृष्यन्ते ॥ धर्मादीन्याकाशान्तानि निष्क्रियाणि भवन्ति ॥ अपेतक्रियाणि

निष्क्रियाणि, करणं क्रिया, - द्रव्यस्य भावस्तेनाकारेण, स चैषां न समस्ति यस्माद् धर्माधर्माकाशान्यनासादितातिशयान्येव सर्वदा पूर्वापरावस्थाभेदमनाजिहानि किल लक्ष्यन्ते ॥

तदेतदपव्याख्यानमवधीरितसमयसद्भावैरकारि । यतः सर्वमेव सदुत्पादव्ययध्रौव्यधर्मात्मव्यवस्थां नातिक्रामति ॥ तदेतेऽपि धर्मादयो यदि सत्तां नातिलङ्घयन्ति, भवितव्यं तदा तर्हि क्रिययैषामुत्पादविगमलक्षणया जीवादीनामिव ॥

अथ सत्तातिक्रमेणाभ्युपेयन्ते, तदानीं द्रव्यतैवावह्रीयते गगनेन्दीवरादिवत् ॥

**ગુજરાતી ભાષાંતર :-** "आ आकाशादेव धर्मादीनि" માત્ર આટલા ભાષ્યના પાઠ વડે શું સમજાય છે ? આ પાઠનો અર્થ શું કરવો ? તે વિષય ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે હમણાં જ પસાર થયેલું જે ૫-૫ સૂત્ર છે. તેમાં आ आकाशाद् કહેલું છે તે પદની અહીં (૫-૬ સૂત્રમાં) અનુવૃત્તિ લેવાય છે. તેથી સૂત્ર ૫-૧ માં પ્રતિપાદન કરેલા ક્રમ પ્રમાણે धर्मादीनि આ પદની પણ અનુવૃત્તિ લવાય છે તેથી धर्मादीनि आकाशान्तानि આવો અર્થ નીકળે છે.

ધર્માસ્તિકાયથી પ્રારંભીને આકાશાસ્તિકાય સુધીનાં જે ત્રણ દ્રવ્યો છે તે નિષ્ક્રિય છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યો જેમ ગમનાગમન કરે છે તેવાં ગમનાગમનની ક્રિયા કરનારાં આ ત્રણ દ્રવ્યો નથી. अपेत = ચાલી ગઈ છે આવી ગમનાગમન ક્રિયા જેમાંથી એવાં આ ત્રણ દ્રવ્યો છે. જીવ અને પુદ્ગલ જેમ ગમનાગમન કરે છે એક સ્થાનથી બીજા સ્થાનમાં જાય છે તેવાં આ ત્રણ દ્રવ્યો ગમનાગમન ક્રિયાવાળાં નથી.

સારાંશ કે આ ત્રણ દ્રવ્યો પોતપોતાના નિયતસ્થાનથી સ્થાનાન્તર થવા રૂપ ક્રિયા વિનાનાં છે. માટે **નિષ્ક્રિય** છે પરંતુ ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા, અને અવગાહસહાયકતા રૂપ પોતપોતાનો જે ક્રિયાપર્યાય છે તેનો આ ત્રણે દ્રવ્યો ત્યાગ કરતા નથી. અર્થાત્ તે સહાયકતાની ક્રિયા અવશ્ય પ્રતિસમયે કરે જ છે. માત્ર સ્થાનાન્તર થવા સ્વરૂપ ગમનાગમનની ક્રિયા કરતા નથી. તેની અપેક્ષાએ આ ત્રણ દ્રવ્યો નિષ્ક્રિય છે.

કેટલાક આચાર્યો निष्क्रिय શબ્દનો આવો અર્થ કરે છે કે "करणं क्रिया" કંઈ પણ કરવું તે ક્રિયા કહેવાય છે स चैषां न समस्ति = તેવી કોઈ પણ ક્રિયા જેઓમાં નથી અર્થાત્ કોઈપણ જાતની ક્રિયા જેમાં નથી તે નિષ્ક્રિય અર્થાત્ ગમનાગમનાદિ કરવા સ્વરૂપ સ્થાનાન્તર થવાની ક્રિયા કે ગતિસહાયકતા સ્થિતિસહાયકતા કે અવગાહ સહાયકતા ઈત્યાદિ કોઈ પણ પ્રકારની ક્રિયા જેમાં થતી નથી. તે નિષ્ક્રિય કહેવાય છે. આવો અર્થ તે આચાર્યો કરે છે.

यस्माद् = धर्माधर्माकाशानि अनासादितातिशयानि = આ પંક્તિમાં તેઓ કહે છે કે જે કારણથી આ ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો નથી પ્રાપ્ત કર્યો કોઈ પણ જાતનો અતિશય જેણે તેવાં જ છે ક્રિયા કરવા વડે જે વિશેષતા આવે તે વિશેષતા કોઈ પણ જાતની

જે દ્રવ્ય પ્રાપ્ત કરતાં નથી સર્વકાળે સર્વપ્રકારની ક્રિયાથી રહિત જ છે માટે નિષ્ક્રિય છે. આ પ્રમાણે અર્થ તે આચાર્યો કહે છે.

તથા તે ત્રણે દ્રવ્યોની પૂર્વકાળમાં જેવી અવસ્થા છે તેવી જ અવસ્થા અપરકાળમાં પણ છે. જરા પણ ફરક પડતો નથી. તેથી બન્ને કાળમાં વર્તતી જે અવસ્થાઓ છે તે સમાન છે તે અવસ્થાઓમાં જરા પણ अभेदम् = ભેદ નથી. અર્થાત્ અભેદનો अनाजिहानि = ત્યાગ ન કરનારાં આ ત્રણ દ્રવ્યો છે. જેવાં છે તેવાં જ રહે છે જ્યાં છે ત્યાં જ રહે છે. એટલે કોઈ પણ જાતની ક્રિયા કરતાં નથી. માટે નિષ્ક્રિય છે આમ કેટલાક આચાર્યો કહે છે :-

तदेतद् अपव्याख्यानम् = તે આ ખોટું વ્યાખ્યાન છે. આ અર્થકથન ખોટું છે. ઉચિત નથી. શાસ્ત્રોના સાચા ભાવાર્થનો જેઓએ ત્યાગ કર્યો છે તેવા આચાર્યો વડે જ આવું વ્યાખ્યાન કરાયું છે. જે બરાબર નથી. यतः = કારણ કે સર્વે પણ સત્ વસ્તુઓ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ધર્માત્મક છે. આવી જે અનાદિની સ્વાભાવિક દ્રવ્ય વ્યવસ્થા છે તેનું જરા પણ ઉલ્લંઘન સર્વે દ્રવ્યો કરતાં નથી. સર્વે દ્રવ્યો આ વ્યવસ્થાને અનુસરે છે.

તે કારણથી આ ત્રણ દ્રવ્યો પણ સત્ પણાનું જરા પણ ઉલ્લંઘન કરતાં ન હોવાથી સદાકાળ સત્ છે અને સત્‌પણે રહેશે જ, તો પછી જીવ-પુદ્ગલની જેમ તેનામાં પણ ઉત્પાદ-વિનાશ અને ધ્રુવની ક્રિયા સંભવી શકે છે. કેવળ એકલી ધ્રૌવ્યતા જ છે આમ કેમ કહી શકાય ? અને તે એકલી ધ્રૌવ્યતા કેમ સ્વીકારાય ?

તથા શ્રી વીતરાગ પરમાત્માએ કહેલી ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ધર્મવાળી આ ત્રિપદી તે ત્રણ દ્રવ્યમાં જો ન હોય માત્ર એકલી ધ્રૌવ્યતા જ જો હોય તો તે દ્રવ્ય સત્ બનતું જ નથી એવો જ અર્થ થાય અને જો સત્ પણાનું ઉલ્લંઘન કરીને પણ આ ત્રણ દ્રવ્યો સ્વીકારાય તો તે દ્રવ્યોમાં આકાશપુષ્પાદિની જેમ દ્રવ્યપણું જ અપહૃત થાય. દ્રવ્યપણાનું જ અપહરણ થાય અર્થાત્ દ્રવ્યપણું રહે જ નહીં. આ ત્રણે દ્રવ્યો સત્ નથી આવો અર્થ થઈ જાય તે બરાબર નથી.

भगवानपि व्याजहार-प्रश्नत्रयमात्रेण द्वादशाङ्गप्रवचनार्थं सकलवस्तुसङ्ग्राहित्वात् प्रथमतः किल गणधरेभ्यः "उप्पण्णेति वा, विगमेति वा, धूवेति वा" तदवशेषं विशीर्यते । तस्मात् द्रव्यत्वाद् मुक्तात्मवदूत्पादव्ययस्थितिमत्त्वमनुमिमते हैतुकाः ॥

तथा चावधृतसिद्धान्तहृदयेन विशेषावश्यककारेण नमस्कारनिर्युक्तौ शब्दानित्यत्व-प्रतिपादनेच्छयाऽवाचि ॥

**ગુજરાતી ભાષાંતર :-** પરમાત્મા શ્રી મહાવીરદેવે પણ ગૌતમસ્વામી આદિ ગણધર ભગવંતોની સમક્ષ તેઓ વડે પુછાયેલા ત્રણ પ્રશ્ન માત્ર વડે બારે અંગ (દ્વાદશાંગી) સ્વરૂપ

પ્રવચનના અર્થનો સંગ્રહ કરનારાં એવાં આ ત્રણ પદો ગણધર ભગવંતોને કહ્યાં છે. (૧) उप्पण्णेति वा બધી જ વસ્તુ નવા નવા પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે (૨) "विगमेति वा" = બધી જ વસ્તુઓ જુના જુના પર્યાયરૂપે નાશ પણ પામે જ છે. છતાં (૩) धुवेति वा બધી જ વસ્તુઓ દ્રવ્ય સ્વરૂપે ધ્રુવ પણ રહે જ છે.

તેનાથી શેષ (એટલે કે જેમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવત્વ ધર્મો નથી તે) વસ્તુ આકાશપુષ્પની જેમ અઘટમાન જ છે, સંભવતી જ નથી તેથી જ મોક્ષમાં ગયેલા આત્માની જેમ સર્વે પણ વસ્તુઓ ઉત્પાદ-વિનાશ અને ધ્રુવ ધર્મવાળી જ છે એમ તાર્કિક પુરુષો શાસ્ત્રાનુસારે કહે છે. આ વાતની સાક્ષી આપતાં ટીકાકાર સિદ્ધસેનગણિજી શ્રી જિનભદ્ર ગણિજીના બનાવેલા શાસ્ત્રની સાક્ષી આપતાં તે મહાત્માઓ જણાવે છે કે હૃદયમાં યથાર્થપણે ધારણ કર્યો છે ભગવાનનો સિદ્ધાન્ત જેઓએ એવા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી કે જેઓ વિશેષાવશ્યક ભાષ્યના કર્તા છે તેઓ નમસ્કારની નિર્યુક્તિનું જયાં વ્યાખ્યાન કરે છે ત્યાં સર્વે પણ શબ્દો "કથંચિદ્ અનિત્ય છે" આ વિષયનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે કે -

अवगाहादओ नणु, गुणत्तओ चेव पत्तधम्मव्व ।
उप्पादादिसभावा, तह जीवगुणा वि को दोसो ? ॥१॥

अवगाढारं च विणा, कत्तो अवगाहोत्ति तेण संजोगो ।
उप्पत्ती सोऽवस्सं, गच्चुवकारादओ चेवं ॥२॥

ण य पज्जयत्तो भिण्णं, दव्वमिहेगं ततो जतो तेण ।
तण्णासंमि कहं वा, नभादओ सव्वहा णिच्चा ? ॥३॥

(વિશેષાવશ્યક ગાથા ૨૮૨૧ થી ૨૮૨૩)

अयमासामर्थोऽवधार्यः-गुणत्वात् पत्रनीलतावन्नभोऽवगाहोऽप्यनित्यः ॥ नभसोऽवगाहः स्वलक्षममुपकारः ॥ स चावगाढारमन्तरेण जीवादिकं नाभिव्यज्यत इत्यवगाढ-जीवादिसंयोगमात्रमवगाह इति संयोगश्चोत्पादी संयुज्यमानवस्तुजन्यत्वाद् द्वयङ्गुलसंयोगवत् ॥

यथा चावगाह आकाशस्यैवं गतिस्थित्युपकारावपि धर्माधर्मयोर्गतिमदादिद्रव्यसंयोगमात्रत्वा-दुत्पादिस्वभावा इति ॥

**ગુજરાતી ભાષાંતર** :- અવગાહના વિગેરે (અવગાહનાદાયક્તા, ગતિહેતુતા અને સ્થિતિહેતુતા) આકાશાસ્તિકાય આદિ ત્રણે દ્રવ્યોના ગુણો (ધર્મો) છે. તેથી પ્રાપ્ત થયેલા ધર્મો જેમ ધર્મીથી અભિન્ન હોય છે. તેમ આ ત્રણે ગુણો પણ ગુણીથી અભિન્ન હોવાના કારણે આકાશાદિ ત્રણે પદાર્થો ઉત્પાદાદિ ત્રણ ધર્મોવાળા છે. તેવી જ રીતે જીવના ગુણો

પણ ઉત્પાદાદિ ત્રણ સ્વભાવવાળા છે આમ સમજવામાં શું દોષ છે ? અર્થાત્ કંઈ જ દોષ નથી. ॥૨૮૨૧॥

અવગાહ લેનારા (જીવ અને પુદ્ગલ) દ્રવ્યો વિના આકાશમાં અવગાહ આપવાનો ગુણ કેવી રીતે હોઈ શકે ? તેથી અવગાહ લેનારા જીવ અને પુદ્ગલદ્રવ્યનો સંયોગ આ વિવક્ષિત એવા આકાશાદિ ત્રણે દ્રવ્યોને છે જ, તેથી તે ત્રણે દ્રવ્યો પોતપોતાની સહાયક ક્રિયા કરવા વડે અવશ્ય ઉત્પાદ ધર્મવાળા છે. આ જ પ્રમાણે અવગાહનામાં સહાયક તરીકે આકાશ, ગતિમાં સહાયક તરીકે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં સહાયક તરીકે અધર્માસ્તિકાય અવશ્ય ઉપકાર કરવાના સ્વભાળવાળાં છે. તેથી ત્રિપદીવાળાં જ છે આમ સમજવું. ॥૨૮૨૨॥

પર્યાયોથી દ્રવ્ય એકલું ભિન્ન હોતું નથી તે કારણથી તે પર્યાયનો નાશ થયે છતે તે ભાવે દ્રવ્યનો પણ કથંચિત્ નાશ થયો કહેવાય છે. તો પછી આકાશ આદિ ત્રણે દ્રવ્યો પણ એકાન્તે નિત્ય જ છે આમ કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય. કથંચિદ્ નિત્ય જરૂર છે. પરંતુ સાથે સાથે કથંચિદ્ અનિત્ય પણ અવશ્ય છે. ॥૨૮૨૩॥

ઉપરોક્ત ત્રણે ગાથાઓના અર્થ આ પ્રમાણે અવધારણ કરવા. અવગાહના સહાયકતા (ગતિસહાયકતા અને સ્થતિસહાયકતા) આ ત્રણે ભાવો આકાશાસ્તિકાય આદિ ત્રણે દ્રવ્યોના ધર્મો (ગુણો) છે. જેમ પાંદડામાં રહેલી નીલતા જેમ પાંદડાનો ગુણ છે. તેમ અવગાહ આપવો વિગેરે પણ ત્રણે દ્રવ્યોના ત્રણ ગુણો છે. તથા તે ગુણો પણ કથંચિદ્ અનિત્ય છે. જેમ પાંદડું આજે નીલુ હોય છે કાળાન્તરે ફિક્કુ થઈને પીળું પણ થાય છે. તેમ આ ત્રણે દ્રવ્યોમાં સહાયકતાનો ગુણ હોવા છતાં પણ સહાય લેનારાં દ્રવ્યો જેમ જેમ બદલાય છે તેમ તેમ આ ત્રણે દ્રવ્યોમાં સહાય આપવાપણું પણ બદલાય જ છે. માટે કથંચિદ્ અનિત્ય પણ અવશ્ય છે.

જો કે આકાશ આદિ આ ત્રણે દ્રવ્યો સદાકાળ વિદ્યમાન હોવાથી અને તે ત્રણે દ્રવ્યોમાં તે તે સહાયકતાનો સ્વભાવ પણ સદાકાળ હોવાથી સદાકાળ અવગાહ આદિ આપવાનાં સ્વભાવવાળાં જ છે તો પણ જીવ અને પુદ્ગલ દ્રવ્યો જે જે અવગાહ આદિ લેવા આવે તેને આ મદદ કરે છે. એટલે જ્યારે જ્યારે તે તે જીવ અને પુદ્ગલદ્રવ્ય સહાય લેવાનું ન કરે ત્યારે ત્યારે તે ત્રણે દ્રવ્યો તે વિવક્ષિત જીવ અને પુદ્ગલને સહાય કરવાનું કામ કરતાં નથી. તેથી તે ગુણ તે કાળે તે દ્રવ્યોમાં તે તે દ્રવ્યને આશ્રયી પ્રગટ થતો નથી પણ પ્રગટ થયેલો તે ગુણ વ્યયતાને પામે છે. અને અન્ય જે દ્રવ્યો ગતિ આદિ કરે છે તેને આશ્રયી સહાયકતાનો ગુણ ઉત્પન્ન પણ જરૂર થાય છે.

અવગાહ આપવો એ આકાશનું સ્વલક્ષણ (પોતાનું લક્ષણ) છે આ જ આકાશદ્રવ્યનો ઉપકાર છે પરંતુ તે ગુણ અવગાહ લેનાર જીવ અને પુદ્ગલ દ્રવ્ય વિના અભિવ્યંજિત (પ્રગટ) થતો નથી. તેથી અવગાહના કરનારા જીવ અને आदि શબ્દથી પુદ્ગલ દ્રવ્યનો જે સંયોગ માત્ર થાય અને તે ગમનાગમન કરે તેથી આકાશાદિ દ્રવ્યોમાં સંયોગના કારણે અને પોતાનો તેવો સ્વભાવ હોવાથી અવગાહમાં સહાય કરવા સ્વરૂપે ઉત્પાદ થાય છે. જેમ બે આંગળી ભેગી કરો તો સંયોગગુણ ઉત્પન્ન થાય છે. તેમ સહાય લેનાર અને સહાય આપનાર આ બન્નેનો સંયોગ થવા રૂપે અને તે તે કાર્યમાં સહાયક થવા રૂપે ઉત્પાદ થાય છે.

આકાશાસ્તિકાય દ્રવ્યમાં જેમ અવગાહ આપવા રૂપે ઉત્પાદ થાય છે. તેવી જ રીતે ધર્મ-અધર્મદ્રવ્યમાં પણ ગતિ-સ્થિતિ કરનારા જીવ અને પુદ્ગલદ્રવ્યના સંયોગ અને વિયોગના કારણે ગતિ અને સ્થિતિમાં ઉપકાર કરવા સ્વરૂપ ઉત્પાદ ધર્મ થાય જ છે તેથી આ ત્રણે દ્રવ્યો ઉત્પાદ અને વ્યય પામવાના સ્વભાવવાળાં (પણ અવશ્ય) છે.

સારાંશ કે અવગાહીને રહેનારાં એવાં જીવ અને પુદ્ગલદ્રવ્યનો સંયોગ થાય તેને જ અવગાહ કહેવાય છે. જો અવગાહકદ્રવ્ય અવગાહ કરે તો આકાશ દ્રવ્ય અવશ્ય અવગાહના આપવા સ્વરૂપ ઉપકાર કરે જ છે. આ સંયોગ નામનો ગુણ સંયોગ પામતી વસ્તુઓ (જીવ અને પુદ્ગલ) સંયોગ પામે ત્યારે જ ઉત્પન્ન થાય છે તેથી અનિત્ય છે જેમ બે આંગળીઓનો સંયોગ અનિત્ય છે તેમ અહીં પણ અવગાહકદ્રવ્યના આધારે સંયોગ ઉત્પન્ન થાય છે તે માટે તે દ્રવ્યો અનિત્ય પણ અવશ્ય છે.

જેમ "અવગાહ આપવો" એ આકાશાસ્તિકાયદ્રવ્યનો સ્વભાવ છે તેમ ગતિમાન દ્રવ્યનો અને સ્થિતિમાન દ્રવ્યનો સંયોગ થવાથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય પણ ગતિ-સ્થિતિમાં ઉપકાર કરવા સ્વરૂપે સહાયક થાય છે તેથી આ ત્રણે દ્રવ્યો પોતપોતાના સહાય કરવાના સ્વભાવ સ્વરૂપે ઉત્પાદ અને વિનાશ સ્વભાવવાળાં છે.

कथं तर्हि निष्क्रियत्वमेषामत आह - "पुद्गलजीवास्तु क्रियावन्तः" क्रियेति गतिकर्माह सूत्रकारः पुद्गलजीववर्तिनी या विशेषक्रिया देशान्तरप्राप्तिलक्षणा, तस्याः प्रतिषेधोऽयम् । नोत्पादादिसामान्यक्रियायाः (प्रतिषेधः) । पुद्गलास्त्वितो देशान्तरमास्कन्दन्तः समुपलभ्यन्ते जीवाश्चेत्यतस्ते क्रियावन्तः ॥

अमुमेवार्थं धात्वन्तरेण प्रसिद्धदेशान्तरप्राप्ति अर्थेन प्रकाशयति-गतिः क्रियाशब्देनाभिधित्सिता विशिष्टैव, न क्रियासामान्यम् । धर्मादयः पूर्वावष्टब्धप्रदेशात् प्रदेशान्तरमपि विचलितुमनुत्सहमानाः कथमेवैवंविधक्रियाधारतां प्रतिपत्स्यन्ते ? तस्मात् निष्क्रियाणीति निरवद्यं दर्शनम् ॥५-६॥

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** જો ધર્મ અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્યો ઉત્પાદ-

વિનાશ અને ધ્રૌવ્ય ધર્મવાળા જ છે. તો તે ત્રણે દ્રવ્યો ઉત્પત્તિ અને નાશની ક્રિયાવાળાં જ થયાં તો પછી તે ત્રણે દ્રવ્યોને **નિષ્ક્રિય જ** છે આમ કેમ સમજાવો છો ? આ ત્રણે દ્રવ્યોમાં ઉત્પાદ અને વ્યયની ક્રિયા હોતે છતે નિષ્ક્રિયપણું કેમ કહેવાય ?

**ઉત્તર :-** તે ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય કેવી રીતે છે તે હવે સમજાવે છે. પુદ્ગલદ્રવ્યો અને જીવદ્રવ્યો ક્રિયાવાળાં છે અને આ ત્રણ દ્રવ્યો ક્રિયા વિનાનાં છે. આ પ્રમાણે જે કહેવાય છે. તે ગમનાગમન સ્વરૂપ ક્રિયા (અર્થાત્ એક સ્થાનથી બીજા સ્થાને જવા-આવવા રૂપ ક્રિયા) અહીં સમજવી આવા પ્રકારની ગમનાગમનક્રિયાની અપેક્ષાએ આ ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય છે એમ સૂત્રકાર ભગવંત કહે છે.

ઉત્પાદ અને વ્યય સ્વરૂપ જે ક્રિયા છે તે તો સર્વદ્રવ્યોમાં સદાકાળ હોવાથી સામાન્ય ક્રિયા કહેવાય છે. તેને આશ્રયી તો પાંચે દ્રવ્યો સક્રિય જ છે. પરંતુ દેશાન્તરની પ્રાપ્તિ થવા સ્વરૂપ (એટલે કે એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં જવા-આવવા સ્વરૂપ ગમનાગમન કરનારી એવી) જે ક્રિયા છે. તે ક્રિયાનો જ નિષેધ આ ત્રણ દ્રવ્યોમાં જાણવો. પરંતુ ઉત્પાદ અને વ્યય ક્રિયાનો નિષેધ ન જાણવો. પુદ્ગલો તો હવામાં એક સ્થાનથી બીજા સ્થાને ગમનાગમન કરતાં દેખાય જ છે. તેવી જ રીતે જીવ પણ ગમનાગમન કરતો ક્ષેત્રાન્તર થતો નજરે નિહાળાય છે. આ પ્રમાણે આ કારણથી પુદ્ગલ અને જીવદ્રવ્ય આ બે દ્રવ્યો ગમનાગમન આદિ ક્રિયા કરવાવાળાં દ્રવ્યો કહેવાય છે. અને ધર્માસ્તિકાયાદિ શેષ ત્રણ દ્રવ્યો ક્ષેત્રાન્તર થવા રૂપ ગમનાગમન ક્રિયાવાળાં નથી માટે તેવી ક્રિયાને આશ્રયી તે ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય છે.

ઉપર સમજાવેલી "દેશાન્તરની પ્રાપ્તિ થવી" અર્થાત્ ગમનાગમન કરવું આ જ અર્થ અહીં લેવાનો છે. તેવા ભાવથી બીજા ધાતુ વડે (બીજા ક્રિયાપદ વડે) આ અર્થ ગ્રંથકાર પ્રકાશિત કરે છે. "निष्क्रियाणि" શબ્દમાં ક્રિયા શબ્દ વડે ગમનાગમન કરવાસ્વરૂપ જે વિશિષ્ટ ક્રિયા છે તે જ ક્રિયા ત્યાં હોતી નથી. એટલે કે ગમનાગમન કરવાસ્વરૂપ અર્થાત્ સ્થાનાન્તર થવા સ્વરૂપ ક્રિયાની અપેક્ષાએ જ આ નિષેધ છે. પરંતુ ઉત્પાદાદિ સામાન્ય ક્રિયાની અપેક્ષાએ આ નિષેધ નથી.

ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યો પૂર્વકાળમાં જે આકાશપ્રદેશમાં (લોકાકાશમાં) રહેલાં છે ત્યાંથી બીજા એક આકાશપ્રદેશમાં પણ વિચલિત થવા સ્વરૂપ ઉત્પાદવાળાં નથી. અલ્પમાત્રાએ પણ હલન-ચલન કે ગમનાગમન કરતાં જ નથી તો પછી આવા પ્રકારની ગમનાગમન કરવાની કે ક્ષેત્રાન્તર થવાની ક્રિયા કેમ કરે ? તેથી ગમનાગમન કરવા સ્વરૂપ કે ક્ષેત્રાન્તર થવા સ્વરૂપ ક્રિયાની આધારતાને આ ત્રણ દ્રવ્યો ધારણ કરતાં નથી તે માટે તે નિષ્ક્રિય છે.

આવા પ્રકારનું યથાર્થ સ્વરૂપ સમજાવનારું આ જૈનદર્શન જ નિરવદ્ય (અર્થાત્ નિર્દોષ) દર્શન છે. અલ્પમાત્રાએ પણ આડી-અવળી વાત આ દર્શનમાં સંભવતી જ નથી. તેથી અતિશય નિર્મળ, અત્યંત શુદ્ધ તથા પવિત્ર આ દર્શન છે. ॥૫-૬॥

❋ ❋ ❋

**અવતરણ :-** अधुनाऽधिकृतधर्मादिद्रव्याणां सर्वेषामेव प्रदेशावयवेयत्ताविष्करणार्थमिद-मुच्यते :-

**અવતરણનું ગુજરાતી :-** હવે ધર્માસ્તિકાય વિગેરે સર્વે દ્રવ્યોના પ્રદેશો કેટલા છે ? અને અવયવો કેટલા છે તેની इयत्ता = આટલાં છે એમ માપનું પ્રગટીકરણ કરવા માટે આ સૂત્ર કહેવાય છે.

**भाष्यम् :- अत्राह - "उक्तं भवता" प्रदेशावयवबहुत्वं कायसंज्ञमिति ॥ तत् ( तस्मात् ) क एष धर्मादीनां प्रदेशावयवनियम इति ? अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે "આપના વડે પહેલાં કહેવાયું છે કે પાંચે દ્રવ્યોમાં પ્રદેશોનું અને અવયવનું બહુત્વ છે તેથી જ તેમાં કાય (એટલે સમૂહ) આ શબ્દની સંજ્ઞા જોડવામાં આવી છે. તો ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોમાં કયા કયા દ્રવ્યના કેટલા કેટલા પ્રદેશો છે ? અને કયા દ્રવ્યમાં કેટલા અવયવો છે ? તે બન્નેનો જે નિયમ હોય તે અમને સમજાવો ? હવે પછીના સૂત્રોમાં આ વિષય સમજાવાય છે :-**

**संस्कृत टीका :-** अत्राह-उक्तमित्यादिना सम्बन्धयति-अध्यायादिसूत्रे "यस्मादजीवकाया" इत्यत्र कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमिति व्याहृतम् । तस्मात् क एष धर्मादीनां जीवान्तानां प्रदेशावयवनियम इति ? । अत्रेति प्रदेशावयवनियमप्रश्ने यथागममभिधीयते मया, एषोऽभिप्रायः प्रश्नयितुः अमूर्तेषु धर्मादिष्ववयवव्यवहारो नास्ति । मूर्तेषु चान्त्यभेदावस्थेषु परमाणुषु

अवयवव्यवहारो हि मूर्तेषु एव प्रतीयत इत्यतो नियमोऽभिधेयः - के एषामवयवा इति ?

**ગુજરાતી ભાષાંતર :-** उक्तम् ઈત્યાદિ પદો વડે આગળ સમજાવાતા વિષય સાથે ગ્રંથકારશ્રી સંબંધ જોડે છે. આ ચાલુ પાંચમા અધ્યાયના પ્રથમ સૂત્રમાં "अजीवकाया" એવું પદ કહેવામાં આવ્યું છે ત્યાં કાય શબ્દનું જે ગ્રહણ કરવામાં આવ્યું છે તે પ્રદેશોનું અને અવયવોનું બહુત્વ સમજાવવા માટે જ છે. એમ ત્યાં કહેલું છે. તેથી અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે -ધર્માસ્તિકાયથી પ્રારંભીને જીવાસ્તિકાય સુધીનાં પાંચે દ્રવ્યોમાં પ્રદેશો કેટલા કેટલા

હોય ? તથા અવયવો કેટલા કેટલા હોય ? તથા પ્રદેશો ક્યાં કહેવાય ? અને અવયવ ક્યાં કહેવાય ?

આ વિષયનો શું નિયમ છે ? આવા પ્રકારનો પ્રદેશોનો અને અવયવોનો તથા તેના નિયમનો જો કોઈ પ્રશ્ન કરે તો यथागमम् = જે પ્રમાણે આગમશાસ્ત્રોમાં કહ્યું છે તે પ્રમાણે આગમને અનુસારે મારા વડે (એટલે કે ગ્રંથકારશ્રી વડે) કહેવાય છે.

પ્રશ્ન કરનારનો આવો આશય છે કે અમૂર્ત એવાં ધર્માસ્તિકાય વિગેરે ચાર દ્રવ્યોમાં અવયવનો વ્યવહાર નથી તથા મૂર્તદ્રવ્ય જે પુદ્ગલાસ્તિકાયદ્રવ્ય છે તેમાં પણ જે છુટા છુટા પરમાણુઓ હોય છે તેમાં પણ અવયવ હોતા નથી. તે કારણથી ધર્માદિ ચાર દ્રવ્યોમાં તથા પુદ્ગલાસ્તિકાયના પરમાણુઓમાં આ બે સ્થાનોમાં અવયવનો વ્યવહાર થતો નથી. પ્રદેશનો વ્યવહાર થાય છે. પરંતુ દ્વ્યણુક-ત્ર્યણુક વિગેરે શેષ સમસ્ત પુદ્ગલાસ્તિકાયમાં એટલે કે મૂર્તદ્રવ્યમાં જ અવયવ શબ્દનો વ્યવહાર થાય છે. તેથી અવયવોનો નિયમ જણાવવા જેવો છે કે આ પુદ્ગલદ્રવ્યના અવયવો કયા કયા હોય છે ? (જે હમણાં જ જણાવાશે).

**भाष्यम् :- सर्वेषां प्रदेशा सन्ति, अन्यत्र परमाणोः ॥ अवयवास्तु स्कन्धानामेव ॥ वक्ष्यते हि "अणवः स्कन्धाश्च, सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ॥**

(અધ્યાય-૫, સૂત્ર-૨૫-૨૬)

**ભાષ્યનું ગુજરાતી :- સર્વે પણ દ્રવ્યોને પ્રદેશો હોય છે. માત્ર એક પરમાણુ દ્રવ્યને છોડીને, કારણ કે પરમાણુ પોતે જ પરમાણુ છે પોતે જ પરમ અણુ સ્વરૂપ હોવાથી તેને અણુઓ હોતા નથી. તેથી જ પરમાણુને અપ્રદેશી દ્રવ્ય કહેવાય છે. તે પરમાણુને પ્રદેશો કે અવયવો સંભવતા નથી. તથા અવયવો પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં જ હોય છે. અને તે પણ સ્કંધોમાં જ હોય છે પણ પરમાણુમાં અવયવો કે પ્રદેશો કહેવાતા નથી. એમ આગળ ઉપર કહેવાશે.**

**તથા પુદ્ગલો બે પ્રકારના હોય છે (૧) પરમાણુ અને (૨) સ્કન્ધો તથા પુદ્ગલાસ્તિકાયમાં જે સ્કંધો છે તે (૧) સંયોગથી, (૨) વિભાગથી અને (૩) સંયોગ-વિભાગ એમ ઉભયથી, એમ ત્રણ પ્રકારે આ સ્કંધો થાય છે.**

**संस्कृत टीका :-** सर्वेषामित्यादि भाष्यम् । मूर्तानाममूर्तानां च प्रदेशाः सन्ति-विद्यन्ते ॥ संव्यवहारार्थं प्रदिश्यन्त इति प्रदेशाः । तत्र धर्माधर्माकाशजीवानां द्रव्यपरमाणुमूर्तिव्यवच्छिन्नाः प्रदेशाः ॥ यथाऽऽह - "निरवयवः खलु देशः, खस्य क्षेत्रप्रदेशः इति दृष्टः ।"

पुद्‌गलद्रव्यस्य तु निरंशो द्रव्यात्मना भागः प्रदेश इत्युच्यते । न तु तस्यान्यः प्रदेशोऽस्ति ॥ अतः परमाणोरन्यत्रेत्युक्तम् ॥ इदं च द्रव्यांशं प्रदेशध्वनिवाच्यमाधाय चेतसि भाष्यकारेणोक्तमन्यत्र परमाणोः प्रदेशाः सन्ति, न पर्यायांशं रूपादिलक्षणम् । यतः प्रशमरतौ (શ્લોક ૨૦૮) अनेनैवोक्तं "परमाणुरप्रदेशो, वर्णादिगुणेषु भजनीयः" । अत एव च भेदः प्रदेशानामवयवानां च ॥ ये न जातुचिद् वस्तुव्यतिरेकेणोपलभ्यन्ते ते प्रदेशाः ॥ ये तु विशकलिताः परिकलितमूर्तयः प्रज्ञापथमवतरन्ति तेऽवयवा इत्यत आह- "अवयवा" इत्यादि ॥

**ગુજરાતી અનુવાદ :-** सर्वेषां प्रदेशाः सन्ति = ઈત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેનો જ અર્થ સમજાવાય છે. મૂર્ત પદાર્થ હોય કે અમૂર્ત પદાર્થ હોય પરંતુ બન્ને પ્રકારના પદાર્થોને પ્રદેશો હોય છે. પ્રદેશ એટલે શું ? પ્રદેશોને "प्रदेश" આવું કેમ કહેવાય છે ? તેનો ઉત્તર જણાવે છે કે "संव्यवहारार्थं प्रदिश्यन्त इति प्रदेशाः" સમ્યગ્વ્યવહાર કરવા માટે જે જણાવાય, દેખાડાય, બોલાય તેને પ્રદેશ કહેવાય છે. प्र ઉપસર્ગ અને दिश् ધાતુથી આ શબ્દ બનેલો છે.

ત્યાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવદ્રવ્ય આ ચાર દ્રવ્યોના દ્રવ્યઅણુઓ (प्रदेशो) કેવા છે ? તે સમજાવે છે. પુદ્‌ગલાસ્તિકમાં જે પરમાણુસ્વરૂપ દ્રવ્ય છે. તેના જેવા આ ચારે દ્રવ્યના પ્રદેશો છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે "જે અતિશય નિરવયવવાળો દેશ છે કે જેના અવયવ ન હોય, જેના બે ટુકડા ન થાય તેવો જે અંતિમ અંશ તેને પ્રદેશ કહેવાય છે." આ પ્રમાણે શાસ્ત્રકાર ભગવંતોએ જોયેલું છે અને જાણેલું છે.

પુદ્‌ગલદ્રવ્યનો દ્રવ્યાત્મકપણે જે નિરંશ એવો અંતિમ ભાગ તે પ્રદેશ કહેવાય છે. તેને પોતાને બીજા પ્રદેશો સંભવતા નથી. તે પોતે જ પ્રદેશ છે. અન્તિમ અંશ છે. એટલા માટે જ સૂત્રકાર ભગવંતે કહ્યું છે કે પરમાણુને છોડીને દ્વયણુક-ત્ર્યણુક આદિ શેષ પુદ્‌ગલદ્રવ્યમાં પ્રદેશો હોય છે. પરંતુ પરમાણુને પ્રદેશો હોતા નથી.

જે દ્રવ્યસ્વરૂપે નાનામાં નાનો અંશ હોય કે જેના બે અંશ થતા જ ન હોય, તેવા "નિરંશ ભાગને જ પ્રદેશ શબ્દથી વાચ્ય લેવાય છે" આવું મનમાં સમજીને જ ભાષ્યકાર મહાત્મા વડે કહેવાયું છે કે "પરમાણુ નામનો જે સૂક્ષ્મ પદાર્થ છે તેનાથી અન્યત્ર (એટલે કે દ્વયણુક-ત્ર્યણુક વિગેરે) = અન્ય સ્કંધોમાં જ પ્રદેશો હોય છે આવો અર્થ કરવો. પરંતુ રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિ લક્ષણવાળો પર્યાયાત્મક સ્વરૂપમય જે પ્રદેશો છે (કે જેને ભાવાણુ કહેવાય છે) તે અહીં ન સમજવા સારાંશ કે પર્યાયાત્મક પ્રદેશ ન લેવા પણ દ્રવ્યાંશ રૂપ પ્રદેશો સમજવા. દ્રવ્યસ્વરૂપે રહેલા જે અણુઓ છે તે જ સ્કંધસ્વરૂપ બને છે ત્યારે પ્રદેશો કહેવાય છે.

પ્રશમરતિ પ્રકરણમાં શ્લોક નંબર ૨૦૮માં આવા પ્રકારના શ્લોક વડે કહેવાયું છે કે "પરમાણુ પોતે (પ્રદેશરૂપ હોય છે પરંતુ) પ્રદેશવાળો હોતો નથી અર્થાત્ અપ્રદેશી જ હોય છે. પરંતુ વર્ણાદિ ગુણોમાં ઘણા ગુણોવાળો એક પ્રદેશ હોય છે. તેથી દ્રવ્યથી અપ્રદેશી હોવા છતાં પણ ભાવથી સપ્રદેશી પણ કહેવાય છે. માટે અપ્રદેશીપણું વિવક્ષાએ (ભજનાએ) જાણવું. અર્થાત્ દ્રવ્યથી અપ્રદેશીપણું જાણવું. કારણ કે તે પરમાણુ એક અણુસ્વરૂપ છે. પણ ભાવથી અપ્રદેશીપણું ન જાણવું. વર્ણાદિ અનેક અંશો છે.

આ કારણથી પ્રદેશશબ્દ અને અવયવશબ્દમાં અવશ્ય ભેદ છે જ, જે અંશો આખી વસ્તુને છોડીને સ્વતંત્રપણે ક્યારેય જણાતા નથી પરંતુ આખી વસ્તુની સાથે જોડાયેલા જ રહે છે તેવા અંશોને **પ્રદેશ** કહેવાય છે. (प्र એ પ્રકૃષ્ટ અર્થાત્ અત્યન્ત દેશ નાનામાં નાનોભાગ તેને પ્રદેશ કહેવાય છે). તેથી સ્કંધની સાથે જોડાયેલો એવો જે નાનામાં નાનો ભાગ હોય છે તેને જ અતિશય નાના અંશપણું હોવાથી **પ્રદેશ** કહેવાય છે. પરંતુ વિશકલિત એટલે કે છુટા છુટા સ્વતંત્રપણે રહેલા તથા વ્યવસ્થિત છે આકાર જેનો એવા બુદ્ધિમાં જણાતા આખી મોટી વસ્તુના અંશરૂપ જે નાના નાના ટુકડા તે અવયવ કહેવાય છે. કે જે સવિભાજ્ય છે.

આ કારણથી શાસ્ત્રાકાર ભગવંતો આવા સવિભાજ્ય એવા અંશને અવયવ કહે છે અને નિર્વિભાજ્ય અંશને પ્રદેશ કહે છે.

**संस्कृत टीका :-** विशेषार्थस्तुशब्दः । विस्रसाप्रयोगाभ्यामवयूयन्त इत्यवयवाः पृथक्क्रियन्त इति यावत् । ते च स्कन्धानामेव द्वयणुकादिक्रमवतामनतिक्रान्तरूपादिभेदानाम् एवशब्दो नियामकः ॥ धर्माधर्माकाशजीवाणूनां न सन्त्यवयवाः, स्कन्धानामेव भवन्ति । कुत एतदेवमित्याह–"वक्ष्यत" इत्यादि ॥ यस्माद् वक्ष्यते सूत्रकारः–संघातभेदजाः स्कन्धाः (सूत्र-५-२६),

वियुतानामवयवानां संहतिपरिणतौ स्कन्धा जायन्ते ॥ संहतानां च भेदपरिणतौ द्वयणुकादयः सम्भवन्ति । परमाणवस्तु भेदादेवावयूयमाना अवयवाः तस्मादवयवव्यवहारः पुद्गलद्रव्यविषय एवाध्यवसेयः ॥५-६॥

**ગુજરાતીમાં ભાષાંતર :-** ભાષ્યના પાઠમાં લખેલો તુ શબ્દ વિશિષ્ટ અર્થનો સૂચક છે. વિસ્રસા સ્વભાવથી અથવા પ્રયોગથી અથવા પ્રયોગ અને વિશ્રસા એમ ઉભયથી પરસ્પર જે વણાય એટલે કે જે જોડાય, સંયોગ પામે તેને અવયવ કહેવાય છે. જેમાં અનેક રૂપ રસ ગંધ અને સ્પર્શાદિ ગુણો છે. તે ગુણોના ભેદોનું જેણે ઉલ્લંઘન કર્યું નથી પરંતુ જેનામાં અનેક ગુણો વર્તે છે એવા મોટા સ્કંધોમાંથી નાના-નાના સ્કંધોનું જે છુટા પડવાનું થાય તે અવયવ કહેવાય છે. આવા અવયવો દ્વયણુકથી પ્રારંભીને સર્વ પુદ્ગલસ્કંધોમાં હોય છે.

एव શબ્દ જે છે તે નિયમવાચી છે. ભાવાર્થ એવો છે કે ધર્મ-અધર્મ-આકાશ-જીવ અને પરમાણુ આ પાંચ દ્રવ્યોને અવયવ હોતા નથી. પુદ્ગલસ્કંધોમાં જ અવયવ હોય છે તથા આવા અવયવો પુદ્ગલસ્કંધોને જ હોય છે અને અન્યને ન હોય આવું કેમ બને છે? તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી કહે છે કે वक्ष्यते = વિગેરે વાક્યોથી ભાષ્યકાર મહાત્મા જણાવે છે કે જે કારણથી "છુટા છુટા રહેલા અવયવો જે છે. તેની જ સમુદાય સ્વરૂપે પરિણતિ જ્યારે થાય છે ત્યારે જ તેને સ્કંધ કહેવાય છે." તે જ સ્કંધોમાંથી જ્યારે ભેદપરિણતિ દ્વારા (વિખેરાવા સ્વરૂપે) છુટા પડવાપણે ભેદપરિણતિ થયે છતે દ્વયણુકાદિ નાના નાના સ્કંધો જે બને છે તે પણ અવયવ કહેવાય છે. પરંતુ પરમાણુઓ તો માત્ર ભેદથી જ થાય છે. પરમાણુથી નાના અણુઓ છે જ નહીં કે જે જોડાવાથી મોટો અણુ બને. માટે પરમાણુ નિરવયવી હોય છે. પરંતુ દ્વયણુકાદિ સ્કંધો સાવયવી હોય છે.

अवयूयमानाः अवयवाः = પરસ્પર જોડાયેલા હોય તેને અવયવ કહેવાય છે આવો શબ્દાર્થ હોવાથી આ અવયવ શબ્દનો વ્યવહાર પુદ્ગલ દ્રવ્યના વિષયવાળો જ છે. અન્ય ધર્માસ્તિકાયાદિ શેષ દ્રવ્યોમાં આવા અવયવો હોતા નથી આમ જાણવું. ॥૫-૬॥

**અવતરણ :-** अधुनाऽवसितप्रदेशावयवनियमो धर्मादिद्रव्यप्रदेशानामियत्तामाविष्करोति, तत्र –

**અવતરણનું ગુજરાતી :-** પાંચે દ્રવ્યોમાં ક્યાં ક્યાં પ્રદેશનો વ્યવહાર છે અને ક્યાં ક્યાં અવયવનો વ્યવહાર છે તે વિષય સમજાવ્યો. હવે તે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોના પ્રદેશોની इयत्ता = આટલા છે એમ સંખ્યાનિયમ પ્રગટ કરે છે. (અર્થાત્ પ્રદેશોની સંખ્યા જણાવે છે).

## सूत्रम् :- असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥५-७॥

## સૂત્રાર્થ :- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એમ આ બે દ્રવ્યોના પ્રદેશો અસંખ્યાત-અસંખ્યાત છે. ॥૫-૭॥

**संस्कृत टीका :-** तत्रेत्यादि । तेषु धर्मादिषु द्रव्येषु पञ्चसङ्ख्यावच्छिन्नेषु धर्माधर्मयोरसंख्येयाः प्रदेशाः धर्माधर्मयोः प्रत्येकमसङ्ख्येयाः प्रदेशा भवन्ति ॥ ते च लोकाकाशप्रदेशमानाः सङ्ख्येयानन्तसङ्ख्याद्वयव्युदासेनासङ्ख्येयाः कथ्यन्ते ॥ प्रदेशस्वरूपनिर्दिधारयिषुराहः –

**સંસ્કૃતનું ગુજરાતી :-** तत्र ઈત્યાદિ પદોથી પૂર્વાપર ચાલતી વાતની સંકલના કહે છે કે આ પાંચ દ્રવ્યો છે. તેમાં તે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોમાં એટલે કે પાંચની સંખ્યાથી યુક્ત એવા તે દ્રવ્યોમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યોના અસંખ્યાત-

અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો છે એટલે કે ધર્માસ્તિકાય નામના એક દ્રવ્યના પણ અસંખ્યાતપ્રદેશો છે અને અધર્માસ્તિકાય નામના બીજા એક દ્રવ્યના પણ અસંખ્યાતપ્રદેશો છે.

**પ્રશ્ન :-** બન્ને દ્રવ્યોના અસંખ્યાત-અસંખ્યાત પ્રદેશો હોય છે એમ આપશ્રી જણાવો છો. પરંતુ તે અસંખ્યાતાનું કંઈ માપ ખરું ? તેનું નિયત સંખ્યાવાળું કોઈ અસંખ્યાત લેવાનું વિધાન હોય તો તે જણાવો. **ઉત્તર :-** હા, તેનું માપ છે. ચૌદ રાજપ્રમાણ જે આ લોકાકાશ દ્રવ્ય છે. તેના જેટલા આકાશપ્રદેશો છે તેટલા જ પ્રદેશો. પરંતુ તેનાથી એક પણ પ્રદેશ વધારે પણ નહીં અને એક પણ પ્રદેશ ઓછો પણ નહીં તેટલા અસંખ્યાત માપવાળા પ્રદેશો ધર્મ-અધર્મ નામના બન્ને દ્રવ્યોના છે. (ચૌદ રાજલોકના પ્રદેશની સંખ્યાપ્રમાણ)

સામાન્યથી (૧) સંખ્યાત, (૨) અસંખ્યાત, (૩) અનંત એમ ત્રણ જાતની સંખ્યા હોય છે તેમાંથી પ્રથમ નંબરવાળી સંખ્યાત અને ત્રીજા નંબરવાળી અનંત આ બે પ્રકારની સંખ્યાનો વ્યુદાસ (વર્જન) કરીને ત્રીજી જે સંખ્યા "અસંખ્યાત" નામની છે તેના જેટલા એટલે તેના માપપ્રમાણ પ્રદેશો ધર્મ અને અધર્મ દ્રવ્યના હોય છે. એમ ગ્રંથકારશ્રી વડે કહેવાય છે.

પ્રદેશ કોને કહેવાય ? તે સમજાવવા માટે પ્રદેશના સ્વરૂપનો નિર્ધાર કરવા સારું ભાષ્યકાર મહારાજા ખુલાસો કરતાં જણાવે છે કે :-

**भाष्यम् :- प्रदेशो नामापेक्षिकः सर्वसूक्ष्मस्तु परमाणोरवगाह इति ॥५-७॥**

**ભાષ્યનું ગુજરાતી :- પ્રદેશ એટલે આપેક્ષિક એવો સર્વથી વધારેમાં વધારે સૂક્ષ્મ પદાર્થ એટલે કે પરમાણુની અવગાહના જેટલા પ્રમાણની હોય છે બરાબર તેટલામાં જ રહેનારો, પણ સ્કંધની સાથે જોડાયેલો જ હોય એવો જે નાનામાં નાનો ભાગ તે પ્રદેશ કહેવાય છે. ॥૫-૭॥**

**संस्कृत टीका :-** प्रदेशो नामेत्यादिः-प्रकृष्टो देशः प्रदेशः परमनिरुद्धो निरवयव इति यावत्। नामशब्दः किलार्थे ॥ परोक्षत्वात् तस्य । एवं हि सर्वज्ञाः प्रत्यक्षेणोपलभ्य कथयन्ति । अपेक्षाप्रयोजनः अपेक्षानिर्वृतो वा आपेक्षिकः । स च स्वसिद्ध एवार्वाग्दर्शनैरस्मदादिभिरनेनाभ्युपायेन प्रज्ञाप्यमान आपेक्षिक उच्यते ॥ सर्वेषां धर्माधर्माकाशजीवानामापेक्षिकत्वे सत्यपि सूक्ष्म एव, न स्थूलः । तु शब्दोऽवधारकः ॥

आपेक्षिकत्वं निरूपयति – "परमाणोरवगाह" इति । द्रव्यपरमाणुपरिग्रहेण प्रदेशपरिमाणोरवगतिः

क्रियते ॥ तदेतदुक्तं भवति – तन्मूर्तिमात्राक्रान्तो देशः प्रदेश उच्यते ॥ अवगाहो व्यवस्थानमाक्रान्ति रध्यासनमिति पर्यायाः ॥ न पुनरिहावगाहो गतिः ॥

**ગુજરાતી ભાષાંતર :-** "प्रदेशो नाम" ઈત્યાદિ પદોવાળા ભાષ્યના પાઠનો અર્થ સમજાવાય છે. અતિશય નાનામાં નાનો જે દેશ એટલે કે ભાગ તેનું નામ પ્રદેશ કહેવાય છે. પરંતુ તે સ્કંધની સાથે જોડાયેલો હોય તો જ પ્રદેશ કહેવાય છે. प्रकृष्ट = અતિશય નાનો અર્થાત્ નાનામાં નાનો એવો જે ભાગ, परमनिरुद्ध = અત્યન્ત સૂક્ષ્મ, અર્થાત્ નિરવયવ જેના બે અવયવ ન થાય તેવો નાનો જે પદાર્થ તે સ્કંધની સાથે જોડાયેલો હોય ત્યારે પ્રદેશ કહેવાય છે. ભાષ્યના પાઠમાં नाम એવો જે શબ્દ છે તે किल અર્થમાં અર્થાત્ "ખરેખર" એવા અર્થમાં છે. કારણ કે તે પ્રદેશ અત્યન્ત સૂક્ષ્મ હોવાથી પરોક્ષ છે તે માટે પ્રદેશ કહેવાય છે. આ પ્રમાણે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા પ્રત્યક્ષ એવા કેવળજ્ઞાન વડે જોઈને જ યથાર્થ પ્રરૂપણા કરે છે.

અપેક્ષા છે પ્રયોજન જેમાં તે, અથવા અપેક્ષાથી બનેલો જે ભાવ તે આપેક્ષિક કહેવાય છે તે ભાવ સ્વયંસિદ્ધ જ છે. અર્વાગ્દષ્ટિવાળા એટલે કે (ટૂંકી દષ્ટિવાળા) એવા અમારા જેવા અલ્પજ્ઞો વડે આવા પ્રકારના ઉપાયો દ્વારા સમજાવાતો જે પદાર્થ તે આપેક્ષિક પદાર્થ કહેવાય છે.

ધર્મ-અધર્મ-આકાશ અને જીવ વિગેરે પણ પદાર્થો આપેક્ષિક હોતે છતે પણ સૂક્ષ્મ જ છે પણ સ્થૂલ નથી. અહીં तु એવો શબ્દ ભાષ્યમાં જે કહ્યો છે તે અવધારણ અર્થમાં છે નિશ્ચિત અર્થમાં છે. એ આપેક્ષિક કોને કહેવાય છે ? "પરમાણુની જે અવગાહના" છે તે આપેક્ષિક કહેવાય છે દ્રવ્યાત્મક એવો જે પરમાણુ છે. તેના કથનથી પ્રદેશાત્મક જે પરમાણુ છે તેનાથી રોકાયેલો અર્થાત્ અવગાહના કરાયેલો જે દેશભાગ છે તેને જ પ્રદેશ (આકાશપ્રદેશ) કહેવાય છે.

(૧) અવગાહ, (૨) વ્યવસ્થાન, (૩) આક્રાન્તિ, (૪) અધ્યાસન આ બધા શબ્દો પર્યાયવાચી માત્ર છે. એટલે કે એકાર્થક છે. અહીં અવગાહ શબ્દનો અર્થ ગતિ ન કરવો.

ननु एवमाकाशस्यैव प्रदेशो निरूपितः स्यात् । नो धर्मादीनाम् । यतोऽवगाह आकाशस्य लक्षणम् । अस्तु वा को दोषः ? प्रदेशलक्षणं तावन्निर्ज्ञातम् ॥ लोकाकाशे च यत्राकाशप्रदेशः स च यावांस्तत्रैव धर्मास्तिकायप्रदेशोऽवगाढः । स च तावानेवेति । एवमधर्मप्रदेशोऽपि तत्र वाच्योऽतस्तुल्यप्रमाणत्वादेकेनैव प्रघट्टेन प्रदेशनिरूपणम् ॥

तत्राकाशमवकाशदाने व्याप्रियते । गतिपरिणतौ धर्म उपकारकः । स्थितिपरिणामे

चाधर्मद्रव्यमुपकरोति । तस्मात् सर्वप्रदेशानामिदमेवापेक्षणीयमव्याहतं लक्षणम् । इतिशब्देनोपसंहरन्ति धर्माधर्मयोरियती प्रदेशसङ्ख्येति ॥५-७॥

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** પરમાણુ વડે રોકાયેલો જે દેશભાગ (ક્ષેત્રવિભાગ) તેને પ્રદેશ કહેવાય છે આવો અર્થ ઉપર સમજાવવામાં આવ્યો છે. પરંતુ તેનાથી તો આકાશાસ્તિકાયના જ પ્રદેશોનું નિરૂપણ કરેલું થાય છે પણ ધર્માસ્તિકાયાદિ શેષ દ્રવ્યોના પ્રદેશોનું નિરૂપણ કરેલું થતું નથી. કારણ કે "અવગાહ" (જગ્યા આપવી) તે માત્ર આકાશદ્રવ્યનો જ ધર્મ છે. તેથી આકાશાસ્તિકાયનું તથા તેના પ્રદેશનું જ લક્ષણ સમજાવ્યું કહેવાશે.

**ઉત્તર :-** ભલે એમ હો. અવગાહ આપવી એ આકાશનો ગુણ છે. એમ માનવામાં શું દોષ છે ? કોઈ જ દોષ નથી. ઉપરની ચર્ચાથી પ્રદેશ કોને કહેવાય ? તેની વ્યાખ્યા જાણી એટલે કે લક્ષણ બરાબર જાણ્યું તથા લોકાકાશમાં જ્યાં આકાશપ્રદેશ છે ત્યાં જ તેટલા જ માપવાળો ધર્માસ્તિકાયનો પ્રદેશ પણ ત્યાં જ રહેલો છે અને તે પ્રદેશ પણ તેટલો જ છે અને તેવો જ છે. આકાશના પ્રદેશથી જરા પણ નાનો નથી કે જરા પણ મોટો નથી.

એ જ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો પણ તેટલી જ સંખ્યાવાળા છે આમ સમજવું. આ પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકસંબંધી આકાશાસ્તિકાયના પ્રદેશો કદમાં સરખા જ છે. માપમાં સમાન જ છે તથા ચૌદ રાજલોકપ્રમાણ સંખ્યામાં પણ તુલ્ય જ છે. તુલ્ય પ્રમાણ હોવાથી એક જ વાક્યરચના વડે આ વિષય જણાવાય તેવો છે.

આકાશાસ્તિકાયના પ્રદેશો અવગાહ આપવામાં સહાયક છે તેથી તેનો તે રીતે ઉપયોગ થાય છે. જીવ અને પુદ્ગલો જ્યારે ગતિભાવને પામ્યા હોય ત્યારે ધર્માસ્તિકાય દ્રવ્ય તેઓને ગતિમાં સહાયક તરીકે ઉપકાર કરે છે. તથા જ્યારે જીવ અને પુદ્ગલો સ્થિતિભાવે પરિણામ પામ્યા હોય ત્યારે સ્થિતિ પરિણામમાં અધર્માસ્તિકાયદ્રવ્ય સહાયક તરીકે કામકાજ કરે છે તેથી અધર્માસ્તિકાયનો સ્થિતિમાં સહાયક થવા રૂપે ઉપકાર છે. આ પ્રમાણે લોકાકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ ત્રણે દ્રવ્યોના સર્વ પ્રદેશોનું અવગાહ સહાયકતા, ગતિસહાયકતા તથા સ્થિતિસહાયકતા રૂપે ઉપકાર કરવો તે આ ત્રણે દ્રવ્યોનાં સદાકાળ માટે અખંડિત લક્ષણો છે. યથાર્થલક્ષણો છે. સમજવા જેવાં લક્ષણો છે.

હવે इति શબ્દથી આ સૂત્રના અર્થને સમજાવવાનો ઉપસંહાર કરે છે. ઉપસંહાર કરતાં જણાવે છે કે ધર્માસ્તિકાયદ્રવ્યના તથા અધર્માસ્તિકાયદ્રવ્યના પ્રદેશો પણ લોકાકાશના પ્રદેશો જેટલા જ છે. અર્થાત્ આ ત્રણે દ્રવ્યના પ્રદેશો સમાનપણે છે. કોઈનો એક પણ પ્રદેશ વધારે

નથી કે કોઈનો એક પણ પ્રદેશ ઓછો નથી. પરિપૂર્ણપણે સમાન જ છે. આ ત્રણે દ્રવ્યોની પ્રદેશસંખ્યા તુલ્ય જ છે. ॥૫-૭॥

❋ ❋ ❋

**અવતરણ :-** अधुना त्वसङ्ख्येयप्रदेशे प्रस्तावनमुपजीवन् जीवस्य तत्तुल्यप्रदेशनियतत्वात् प्रदेशनियमं विधत्ते -

**ગુજરાતીમાં ભાષાંતર :-** હવે અસંખ્યાત પ્રદેશો કયા કયા દ્રવ્યના છે તે સમજાવાય છે. તેથી તે પ્રસંગનો આશ્રય કરતા એવા ટીકાકારશ્રી જીવના પણ તેની તુલ્ય જ પ્રદેશો છે એમ જણાવે છે. તેથી હવે જીવના પ્રદેશોનો નિયમ કહે છે :-

**सूत्रम् :- जीवस्य च ॥५-८॥**

**સૂત્રાર્થ :- એક જીવના આત્મપ્રદેશો પણ તેટલા જ છે અર્થાત્ લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે તેટલા એકજીવના આત્મપ્રદેશો છે ॥૫-૮॥**

**भाष्यम् :- एकजीवस्य चासङ्ख्येयाः प्रदेशा भवन्तीति ॥५-८॥**

**ભાષ્યનું ગુજરાતી :- કોઈપણ એક જીવના આત્મપ્રદેશો પણ તેટલા જ છે. ॥૫-૮॥**

**संस्कृत टीका :-** एकजीवस्य चेत्यादि भाष्यम् ॥ जीवो ज्ञानदर्शनोपयोगस्वभावः, स कदाचित् सामान्येन निर्दिश्यते जीव इत्याक्षिप्तसकलनारकादिभेदो गोशब्दवत् समस्तस्वभेदाक्षेपी। कदाचित् प्रतिविशिष्टोपाधिव्यवच्छिन्नो व्यक्तिपदार्थाश्रयणेन । तत्रैकशब्देन सर्वजीवराशिव्यवच्छेद-मादर्शयति । एकजीवस्य = एकस्या व्यक्तेरिति ॥

चशब्देनासङ्ख्येयप्रदेशतामात्मन्यनुसन्धत्ते ॥ प्रसिद्धधर्मादिक्रमोल्लंघनाभिधानं तुल्य-प्रदेशाख्यानलाघवार्थम् ॥ एकयोगाकरणाच्चोन्नीयते । सूत्रकाराभिप्रायः सङ्कोचविकासस्वभावा-स्तुल्येऽप्यसङ्ख्येयप्रदेशत्वे जीवप्रदेशाश्चर्मादिवत्, धर्माधर्मयोस्तु सततमेव विततावस्थिताः । ते च सङ्कोचविकासस्वाभाव्याज्जातुचिन्निकृष्टकुन्थुविग्रहग्राहिणः, कदाचित् तामेव सङ्ख्यामजहन्तः स्थूलं करिणः शरीरमाददते । विकाशित्वादिति ॥५-८॥

**ગુજરાતી ભાષાંતર :-** "एकजीवस्य" ઈત્યાદિ પાઠવાળું જે ભાષ્ય છે તેનો અર્થ આ ટીકાના પાઠ વડે સમજાવાય છે. જીવ નામનું જે દ્રવ્ય છે તે જ્ઞાન અને દર્શન નામની શક્તિના ઉપયોગધર્મવાળું છે. જ્ઞાનશક્તિ અને દર્શનશક્તિનો સતત ઉપયોગ કરનારું એવું

આ દ્રવ્યવિશેષ છે. તે જીવ નામનો પદાર્થ ક્યારેક સામાન્યપણે જ સમજાવાય છે જેમકે "આ જીવ છે" આ વાક્યમાં નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવ વિગેરે અનેક પેટાભેદોનો સમાવેશ કરાયેલો છે એવા પ્રકારના સામાન્યવાચી જીવશબ્દથી જ બોલાવાય છે તથા "ગાય ઘણું પવિત્ર પ્રાણી છે" આ વાક્યમાં વપરાયેલા ગાય શબ્દથી કાળી-ધોળી-પીળી-માંકડી વિગેરે અનેક પ્રકારની ગાયોનો ઉલ્લેખ આવી જાય છે એમ અહીં જાણવું. પોતાના સમસ્ત પેટાભેદોને પોતાનામાં સમાવી લેવાનું આ વિધાન છે.

તથા ક્યારેક પ્રત્યેક વ્યક્તિમાં રહેલી વિશિષ્ટ એવી ઉપાધિથી ભેદયુક્ત વ્યક્તિમાત્રને પણ પદાર્થ રૂપે સમજાવાય છે. જેમકે ત્યાં જ "જીવ એ ચૈતન્યગુણ વાળો પદાર્થ છે" આ વાક્યમાં વપરાયેલો જીવશબ્દ જે છે તેના વડે સર્વજીવ રાશિનો બોધ કરાવવામાં આવે છે.

ક્યારેક અતિશય વિશિષ્ટ એવી વ્યક્તિમાં, કોઈક ઉપાધિથી વર્ણન કરવાનું હોય ત્યારે તેવી વ્યક્તિ સ્વરૂપ એકપદાર્થના આશ્રયે પણ જીવશબ્દનો પ્રયોગ થાય છે જ્યારે વિશિષ્ટ એવા એક જીવની વાત કરવાની હોય ત્યારે તથા તે જીવમાં રહેલી કોઈ વિશિષ્ટ એવી ઉપાધિથી યુક્ત એવા પ્રકારના ગુણાદિથી યુક્ત તે જીવનું વ્યક્તિત્વ અથવા પદાર્થતા જે હોય તેનો આશ્રય કરીને તે વ્યક્તિનું અલગ તરીકે વિધાન પણ થાય છે. જેમકે રાજાઓમાં કુમારપાળ, બ્રહ્મચર્ય ગુણમાં સ્થુલિભદ્ર, આમ એક વ્યક્તિને પણ પ્રધાન કરવામાં આવે છે.

एक શબ્દથી આ વિવક્ષિત વ્યક્તિ જ આવા શ્રેષ્ઠ ગુણોવાળી છે એમ કહેવાથી શેષ સર્વ જીવરાશિનો વ્યવચ્છેદ થાય છે. તે વાત દર્શાવાય છે. એક જીવનું એટલે કે એક વ્યક્તિનું આવું વિશિષ્ટ સ્વરૂપ છે કે જે સર્વ જીવરાશિમાં ક્યાંય નથી એમ વિશેષણ જણાવવા જીવ શબ્દની આગળ एक શબ્દ જોડવામાં આવે છે.

ભાષ્યમાં લખેલા च શબ્દથી આ આત્મામાં અસંખ્ય અસંખ્ય પ્રદેશો તો છે જ. તેથી અસંખ્યપ્રદેશાત્મકતા તો છે જ, તે વાત સમજાવાય છે. સર્વે પણ આત્માઓ અસંખ્યાત અસંખ્યાત પ્રદેશોવાળા જ છે. તેને અનુસારે ધર્માધર્મના પ્રદેશોની સંખ્યા પણ ૫-૭ માં કહ્યા પ્રમાણે અસંખ્ય છે અને એક જીવના આત્મપ્રદેશોની સંખ્યા પણ અસંખ્ય છે. એમ આ ત્રણ દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા તુલ્ય હોવાથી પાસે પાસે કરવા માટે સૂત્રનંબર ૫-૭ તથા ૫-૮ માં આ ત્રણ દ્રવ્યોના પ્રદેશો જણાવ્યા છે અને આકાશ ત્રીજું દ્રવ્ય હોવા છતાં તેના ક્રમને ઓળંગીને અનંતા પ્રદેશો હોવાથી ૫-૯ માં કહેવાશે. અને પુદ્ગલદ્રવ્યના પ્રદેશો ૫-૧૦ માં કહેવાશે. જે કારણથી ૫-૭ માં લખેલ असंख्येय શબ્દ ૫-૮ માં લઈ જવાય છે જેથી ગ્રન્થનો લાઘવ થાય છે.

**પ્રશ્ન :-** સૂત્ર ૫-૭ માં કહેલા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યના તથા સૂત્ર નંબર ૫-૮ માં કહેલા એક જીવના પ્રદેશો અસંખ્યાત-અસંખ્યાત જ છે. પરસ્પર તુલ્ય જ છે. કોઈના પણ પ્રદેશોની સંખ્યામાં એક વધારે નથી અને એક ઓછો નથી તો આ બન્ને સૂત્રોની એકસૂત્રરૂપે રચના કેમ ન કરી. તેમ કર્યું હોત તો વધારે લાઘવ થાત અને અર્થમાં કંઈ ફરક પડતો નથી.

**ઉત્તર :-** તમારો પ્રશ્ન સાચો છે ધર્મ-અધર્મ અને એક જીવ આ ત્રણે દ્રવ્યોના પ્રદેશો સરખા જ છે. સાથે સાથે એકસૂત્ર દ્વારા કહી શકાય તેમ પણ છે. છતાં આમ ભિન્ન ભિન્ન રચના કરવાનું કારણ આ પ્રમાણે છે. ધર્મ અને અધર્મ આ બન્ને દ્રવ્યો જીવના જેટલા જ પ્રદેશો વાળા હોવા છતાં પણ સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળાં તે દ્રવ્યો નથી જેમ છે તેમ જ ચૌદ રાજલોકવ્યાપ્ત પણ વિસ્તૃત સ્વરૂપે જ છે અને વિસ્તૃત સ્વરૂપે જ રહેશે. જ્યારે જીવદ્રવ્ય તેટલા જ પ્રદેશોવાળું હોવા છતાં પણ ક્યારેક કેવલી સમુદ્ઘાત કરે ત્યારે ચૌદ રાજલોકમાં પણ વ્યાપ્ત થાય છે અને નિગોદમાં જાય ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના વાળો પણ થાય છે તથા શેષભવોમાં પોતપોતાના શરીરમાં વ્યાપ્ત થાય તેવી અવગાહનાવાળો પણ હોય છે ધર્મ અને અધર્મની જેમ ચૌદરાજલોક વ્યાપ્ત થઈને જ સદા રહે તેવી અવગાહનાવાળું આ જીવદ્રવ્ય નથી આવો અવગાહનાનો ભેદ જણાવવા માટે ભિન્ન સૂત્રરચના કરેલી છે.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સદાકાળ ચૌદરાજલોક પ્રમાણ વિસ્તૃત થઈને જ રહે છે. તે બન્ને દ્રવ્યો સંકોચ પામતાં નથી. જ્યારે જીવ દ્રવ્ય તો ક્યારેક અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહના વાળો પણ થાય છે અને ક્યારેક અંગુલપ્રમાણ, ક્યારેક હાથપ્રમાણ અને ક્યારેક ચૌદ લોકવ્યાપી પણ થાય છે. તે માટે સૂત્રરચના અલગ કરેલી છે. તે આ કારણ સમજાવવા માટે જ છે. ॥૫-૮॥

❋ ❋ ❋

**અવતરણ :-** आकाशस्यापि यथोक्तद्रव्यवत् प्रदेशनियममभिधित्सुराह =

**ગુજરાતી ભાષાંતર :-** આકાશાસ્તિકાય દ્રવ્યના પણ પ્રદેશોની સંખ્યા કેટલી છે તેનો નિયમ પણ ધર્માધર્મદ્રવ્યની જેમ સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

## सूत्रम् :- आकाशस्यानन्ताः ॥५-९॥

## સૂત્રાર્થ :- આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતા છે. ॥૫-૯॥

**संस्कृत टीका :-** अवगाहदानादाकाशमित्येवं न गृह्यते लोकाकाशमात्रसिद्धेः, न ह्यलोकेऽवगाढमस्ति किञ्चिज्जीवपुद्गलादि । तदभावादनाकाशमेव तत् स्यात् ॥ इष्यते च । अतः संज्ञैवेयमनादिकालीना द्रव्यान्तरस्य धर्मादिसंज्ञावत् ॥

अन्ये मन्यन्ते = तस्याप्यवगाहदानशक्तिरस्ति, सा तु अवगाहकाभावान्न व्यन्यते । यदि स्यादवग्राहकं तत्र व्यापारं यायात् तदवगाहपरिणत्या, न त्वस्ति, तस्मात् तदप्यवगाहदानशक्ति-युक्तत्वादाकाशम् ॥ अपरे पुनरुपचारमाचरन्ति = आकाशवदाकाशं शुषिरदर्शनादिति, एतदप्यसत्, सिद्धान्तापेतत्वात् ।

अथ ये व्याचक्षते–व्ययोत्पादौ न स्वतो व्योम्नः, किन्तु परप्रत्ययाज्ज्यायेते, अवगाहक-सन्निधानासन्निधानायत्तावुत्पाद्व्ययाविति, तेषां कथमलोकाकाशे ? अवगाहकाभावाद् अर्धवैशसं च सतो लक्षणं स्याद् ? व्यापि चेष्यते, स्थित्युत्पादव्ययत्रयमिति ॥

अत्रोच्यते = य एवं महात्मनस्तर्कयन्ति स्वबुद्धिबलेन पदार्थस्वरूपं, तेऽत्र निपुणतर-मनुयोक्तव्याः–कथमेतद् ? वयं तु विस्रसापरिणामेन सर्ववास्तूनामुत्पादादित्रयमिच्छामः, प्रयोगपरिजत्या च जीवपुद्गलानाम् ॥ इत्थं तावदस्मद्दर्शनमविरुद्धसिद्धान्तसद्भावम् ॥ अस्मदुक्तार्थानुगुणमेव च भाष्यकारेणापि उच्यते ॥

**ગુજરાતી ભાષાંતર :-** "અવગાહ (રહેવાની જગ્યા) આપે તે આકાશ" આવા પ્રકારનો અર્થ ગ્રહણ કરવો નહીં. કારણ કે આવો અર્થ જો ગ્રહણ કરીએ તો **લોકાકાશ** વાળા જ આકાશની સિદ્ધિ થાય પરંતુ અલોકાકાશ વાળા આકાશની સિદ્ધિ ન થાય કારણ કે અલોકાકાશમાં કોઈ જીવ કે પુદ્ગલાદિ દ્રવ્યોનો અવગાહ નથી (ત્યાં દ્રવ્યો અવગાહીને રહ્યાં નથી). તેથી જો આવો અર્થ કરીએ તો ત્યાં જીવ-પુદ્ગલાદિ દ્રવ્યોનું રહેવાનું ન હોવાથી તે આકાશ અનાકાશપણાને જ પામે.

જ્યારે શાસ્ત્રોમાં તો તેને પણ આકાશ કહેવાય છે અને લોકમાં આ વાત પ્રસિદ્ધ જ છે કે આકાશ તો લોકાલોકવ્યાપી દ્રવ્ય છે તેથી અલોકમાં પણ આકાશદ્રવ્ય છે. આ કારણથી જ "અવગાહ આપે" તે આકાશ એમ કહીએ તો અલોકાકાશમાં આ લક્ષણ ઘટતું નથી. તેથી આવું લક્ષણ ન કરતાં आकाश એટલે જગ્યામાત્ર આવો જ અર્થ કરવો અને આવી "આકાશ" સંજ્ઞા અનાદિકાળથી સદા રહેલી છે આમ જાણવું. જૈનશાસ્ત્રોમાં જેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વિગેરે નામો વાળાં દ્રવ્યો છે તેની જેમ આકાશદ્રવ્ય પણ આકાશના નામથી અનાદિકાળથી પ્રસિદ્ધ દ્રવ્ય છે આમ સમજી લેવું.

अन्ये मन्यन्ते = હવે બીજા કેટલાક આચાર્યો એમ માને છે કે તે અલોકાકાશમાં પણ

અવગાહ આપવાની શક્તિ છે જ, પરંતુ અવગાહક (અવગાહ લેનારાં જીવ અને પુદ્ગલ આદિ દ્રવ્યો) ન હોવાથી આકાશમાં રહેલી અવગાહ આપવાની આ શક્તિ પ્રગટ થતી નથી. જો અવગાહક જીવ-પુદ્ગલાદિ દ્રવ્યો ત્યાં જઈને અવગાહ લેવાનો વિચાર કરે અને ત્યાં જાય તો અલોકાકાશ પણ અવગાહ આપવાની પરિણતિવાળું જ છે અને સહાય લેનારાં દ્રવ્યો આવે તો પોતે પણ સહાય આપવામાં પ્રવર્તે જ એવું તે આકાશ છે. પરંતુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો ન હોવાથી જીવ-પુદ્ગલોનું ગમનાગમન નથી. તેથી તે દ્રવ્યોનું ત્યાં રહેવાનું બનતું નથી. तस्मात् = તે કારણથી અલોકાકાશ પણ અવગાહ આપવાની શક્તિવાળું જ દ્રવ્ય છે તે માટે તે અલોકવાળું આકાશ પણ પોતાના ગુણવાળું જ હોવાથી આકાશદ્રવ્ય સ્વરૂપે દ્રવ્ય જ છે. આવો અર્થ કરવામાં કોઈ દોષ દેખાતો નથી.

अपरे - ઈત્યાદિ પાઠવાળી ટીકાનું ભાષાંતર = તથા વળી બીજા કેટલાક આચાર્યો આમ કહે છે કે અહીં ઉપચાર કરાય છે. વાસ્તવિકપણે કોઈ પણ પદાર્થ ત્યાં અલોકાકાશમાં નથી. માત્ર પોલાણ જ છે એટલે કે ખાડો જ છે જે ખાલીખમ જગ્યા માત્ર છે તે જ શુષિર = છિદ્ર જેવું પોલાણ માત્ર દેખાતું હોવાથી આકાશ કહેવાય છે. ઉપચરિત આકાશ છે આમ અન્ય આચાર્યો કહે છે. પરંતુ તે અન્ય આચાર્યોની આ કલ્પના ઉચિત નથી. સિદ્ધાન્તને અનુસરનારી ન હોવાથી સિદ્ધાન્તથી બહિર્વર્તિ હોવાથી બરાબર નથી. મિથ્યા કલ્પના છે. તે માટે તેઓનું આ કથન સત્ય નથી. યથાર્થ નથી.

अथ ये व्याचक्षते - હવે વળી કોઈ કોઈ બીજા આચાર્યો આ પ્રમાણે પણ કહે છે કે :- આકાશાસ્તિકાય દ્રવ્ય અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનું પણ છે તે માટે તેના ઉત્પાદ અને વ્યય સ્વતઃ પોતાની રીતે હોતા જ નથી. પરંતુ પર અવગાહક એવા જીવ અને પુદ્ગલોના નિમિત્તે જ ઉત્પાદ-વ્યય થાય છે.

અવગાહક (અવગાહના લેનારાં) જીવ અને પુદ્ગલદ્રવ્યોના સન્નિધાનપણાથી અને અસન્નિધાનપણાથી ઉત્પાદ અને વ્યય થાય છે. તેથી આકાશમાં થતા ઉત્પાદ અને વ્યયમાં જીવ અને પુદ્ગલદ્રવ્યની સન્નિધાનતા અને અસન્નિધાનતા કારણ છે તેની આધીનતાએ ઉત્પાદ-વ્યય થાય છે જ્યારે અલોકાકાશમાં તે જીવ અને પુદ્ગલદ્રવ્યો (અવગાહક દ્રવ્યો) જ ન હોવાથી ત્યાંના (એટલે કે અલોકના) આકાશમાં ઉત્પાદ-વ્યય કેવી રીતે હોય ? અર્થાત્ ત્યાં ઉત્પાદ-વ્યય ન જ હોય, તેથી "अवगाहदायकम्" આવા પ્રકારનું આકાશનું જે લક્ષણ કર્યું છે તે લોકાકાશમાં ઘટે છે પણ અલોકાકાશમાં ઘટતું નથી. તેથી "अर्धवैशसं" અર્ધામાં જ ઘટવાવાળું આ લક્ષણ છે બાકીના અલોકાકાશ વાળા આકાશમાં ઘટનારું આ લક્ષણ નથી.

જ્યારે જૈનશાસ્ત્રકારોએ **ઉત્પાદ-વ્યય અને ધ્રુવત્વ** આ ત્રિપદીવાળું લક્ષણ સર્વદ્રવ્યોમાં

વ્યાપકપણે કહેલ છે તેથી આ લક્ષણ અલોકાકાશ વાળા આકાશમાં કેમ ઘટશે ? જો ન ઘટે તો અવ્યાપ્તિ દોષ આવશે.

अत्रोच्यते = ઉપરની ચર્ચાનો ઉત્તર હવે વિચારાય છે કે જે આચાર્યો પોતપોતાની બુદ્ધિના બળે મનફાવે તેમ પદાર્થોનું સ્વરૂપ વિચારતા હોય તેઓને જ આ પ્રશ્ન પૂછવા યોગ્ય છે કે જો અલોકવાળા આકાશમાં ત્રિપદી નહીં ઘટાવો તો તે આકાશ **સત્પદાર્થ** કેમ કહેવાશે. અર્થાત્ असत् પદાર્થ થશે. આ પ્રમાણે આ બાબતમાં તેઓને જ પૂછવા જેવું છે. સામાન્યથી આવા પ્રકારની માન્યતા બરાબર લાગતી નથી જો અલોકાકાશમાં ત્રિપદી ન હોય તો તે પદાર્થ સત્ જ રહેતો નથી. તે જ મોટો દોષ આવે. માટે આ વિષય વિચારવા જેવો છે[૧].

ટીકાકાર મહાત્મા સરળ હૃદયથી જણાવતાં કહે છે કે वयं तु = અમે તો સર્વે પણ વસ્તુઓ ઉત્પાદ-વ્યય અને ધ્રુવધર્મવાળી છે અને આ ત્રણે સ્વભાવો વિશ્રસા સ્વભાવથી જ સર્વદ્રવ્યોમાં હોય છે. એમ અમે ઈચ્છીએ છીએ. અર્થાત્ અમે આમ માનીએ છીએ. જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યોમાં પ્રયોગપરિણતિ દ્વારા અને વિશ્રસાસ્વભાવ દ્વારા એમ ઉભય રીતે ત્રિપદી હોય છે અને આકાશાસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યોમાં વિશ્રસાપરિણતિ દ્વારા ઉત્પાદ-વ્યયાદિ ધર્મો હોય છે તેમાં પણ લોકાકાશમાં જીવ અને પુદ્ગલદ્રવ્યોના સંયોગ અને વિયોગને લીધે ઉત્પાદ-વ્યય થાય છે. તે અપેક્ષાવિશેષથી પ્રયોગજન્ય ઉત્પાદ અને વ્યય પણ કહેવાય છે.

આ પ્રમાણે સ્પષ્ટ વિચારણા કરનારું અમારું સ્વીકારેલું જે દર્શન છે (અર્થાત્ જૈનદર્શન છે) તે જ અવિરુદ્ધસિદ્ધાન્તતાના સદ્ભાવ વાળું છે અર્થાત્ તેમાં કોઈ પણ જાતનો દોષ આવતો નથી. ભાષ્યકાર મહાત્મા વડે ભાષ્યમાં જે કહેવાયું છે તે અમે કહેલા અર્થને અનુસરનારું જ છે અલ્પ પણ બન્નેમાં તફાવત નથી. તે ભાષ્યનો પાઠ આ પ્રમાણે છે.

૧. અલોકાકાશ એ સ્વતંત્ર આકાશદ્રવ્ય છે જ નહીં, પરંતુ લોકાકાશ અને અલોકાકાશ મળીને એક આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય જ છે. તેથી જેમ એક પુરુષ છે તેને સ્ત્રીના શરીરના કોઈ પણ ભાગનો ક્યાંય પણ સ્પર્શ થયો ધારો કે પગની કે હાથની એક આંગળી જ સ્પર્શી ગઈ તો પણ સંઘટ્ટો થયો કહેવાય છે અને અતિચાર લાગે છે. પ્રાયશ્ચિત્ત આવે છે અથવા કોઈ સાધુ-સાધ્વીજી ભગવંતને વિહાર કરતાં કરતાં ક્યારેક દરિયાકિનારે વિહાર કરવાનો પ્રસંગ આવે અથવા નદીકિનારે કે નદીમાં થઈને વિહાર કરવાનો પ્રસંગ આવે તો કિનારાના થોડાક જ પાણીનો સંઘટ્ટો થયો છે. છતાં આખા દરિયાનો કે આખી નદીનો સંઘટ્ટો થયો ગણાય છે. તેવી જ રીતે લોકાકાશવાળા આકાશમાં જીવ અને પુદ્ગલોના સંયોગ અને વિયોગને લીધે અવગાહના આપવા દ્વારા જે ઉત્પાદ અને વ્યય લોકાકાશમાં થાય છે તે જ ઉત્પાદ અને વ્યય સમગ્ર આકાશાસ્તિકાયના અર્થાત્ (લોકાલોકપ્રમાણ સમસ્ત આકાશના) તે ઉત્પાદ અને વ્યય ગણાય છે. અને આ જ ઉત્તર વધારે વ્યાજબી છે. આકાશદ્રવ્ય અખંડ એકદ્રવ્ય છે. લોકાલોક વિભાગ તો કલ્પનાકૃત ભેદ છે.

**भाष्यम् :- लोकालोकाकाशस्यानन्ताः प्रदेशाः ॥ लोकाकाशस्य तु धर्माधर्मैकजीवैस्तुल्याः ॥५-९॥**

**ભાષ્યનું ગુજરાતી :- લોકાકાશ અને અલોકાકાશ એમ બન્ને મળીને સંપૂર્ણ એવું જે આકાશાસ્તિકાય દ્રવ્ય છે તેના પ્રદેશો અનંતા છે. પરંતુ લોકાકાશ પ્રમાણ આકાશદ્રવ્યના પ્રદેશોની સંખ્યા (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય (૩) એક જીવદ્રવ્યના પ્રદેશોની સંખ્યા સાથે તુલ્ય છે.**

**संस्कृत टीका :-** लोकेत्यादि = यद्याकाशशब्देनाकाशमविशिष्टमभिधित्सितं, ततोऽनन्तप्रदेशता समीचीना भवेद् । विभागव्याख्यानं च जीवाजीवाधारक्षेत्रं लोकस्ततो परमलोकः । अतः सर्वाकाशस्यानन्ता अपर्यवसाना इत्यर्थः ॥ अथ योऽयं जीवाजीवाधारावधिना कृतो लोकाकाशविभागस्तत्र प्रदेशा इत्याह - लोकाकाशस्येत्यादि ॥ अन्यूनानधिकप्रतिपत्यर्थस्तुशब्दः धर्माधर्मैकजीवौस्तुल्या एव नोनाधिकभावभाज इति ॥५-९॥

**ટીકાનું ગુજરાતી ભાષાંતર :-** લોકાલોક ઈત્યાદિ જે પાઠ છે તેનો અર્થ આ પ્રમાણે જાણવો. "आकाशस्य" આવો જે ૫ = ૯ મૂળસૂત્રનો પાઠ છે તેમાં (લોકાકાશ કે અલોકાકાશ એવું કોઈ વિશેષણ ન હોવાથી) સમસ્ત એવા આકાશદ્રવ્યનું આ વિધાન છે તેને જ અહીં વિચારવામાં આવ્યું છે. તેથી જ સમસ્ત એવા આકાશાસ્તિકાય નામના દ્રવ્યના પ્રદેશો કેટલા ? આવો જો કોઈ પ્રશ્ન કરે અથવા આવું જો કોઈને જાણવું હોય તો "अनन्ताः" સમસ્ત આકાશાસ્તિકાય દ્રવ્યના પ્રદેશો અનંતા છે. આટલી વાત મૂળસૂત્રમાં કીધી છે અને તે વાત બરાબર સંગત થાય છે. બરાબર સારી રીતે સંગતિને પામે છે.

પરંતુ હવે જો કોઈને લોકાકાશના જ માત્ર પ્રદેશો કેટલા ? તથા અલોકાકાશના જ માત્ર પ્રદેશો કેટલા ? એમ ભિન્ન ભિન્ન જાણવું હોય તો તે બન્નેના વિભાગવાર પ્રદેશોનું વ્યાખ્યાન પણ કરાય છે તે આ પ્રમાણે સમજવું.

જીવ અને અજીવદ્રવ્યોના આધારવાળું જે ક્ષેત્ર છે તેને લોક કહેવાય છે. તે લોકથી પર એવું જે આકાશ તે અલોકાકાશ કહેવાય છે જો કે આ બન્ને મળીને આકાશાસ્તિકાય નામનું એક જ દ્રવ્ય છે તે આકાશના જ પરના સંયોગે અને પરના વિયોગે એમ બે ભાગ કલ્પવામાં આવ્યા છે જીવાદિ અન્ય દ્રવ્યોના સંયોગવાળા આકાશને લોકાકાશ અને જીવાદિ અન્ય દ્રવ્યોના વિયોગવાળા આકાશને અલોકાકાશ એમ એક જ આકાશદ્રવ્ય બે વિભાગમાં વહેંચાયેલું છે. સમસ્ત આકાશાસ્તિકાય દ્રવ્ય આકાશસ્વરૂપે એક જ છે ઉપરોક્ત બન્ને

ભાગમાં વહેંચાયેલા એવા સમસ્ત આકાશાસ્તિકાયદ્રવ્યના પ્રદેશો અનંતા છે. એવો ભાવાર્થ જાણવો.

अथ = હવે મનમાં કદાચ આવો પ્રશ્ન થાય કે જ્યાં જીવો અને પુદ્ગલો ગમનાગમન કરે છે અને તે બન્ને દ્રવ્યોના આધારવાળું જે આકાશ છે અર્થાત્ જીવ-પુદ્ગલોના આધારવાળું જે આકાશ છે તે આકાશ અવધિવાળું (મર્યાદાવાળું) છે તેટલી મર્યાદાવાળા આકાશને લોક અથવા લોકાકાશ કહેવાય છે. તેટલા માત્ર આકાશના (અર્થાત્ લોકાકાશમાત્રના) કેટલા પ્રદેશો હોય ? આ વાત જો જાણી ન હોય અને જાણવી હોય તો તેનો ઉત્તર ભાષ્યકાર મહારાજા ભાષ્યમાં આપે છે કે -

लोकाकाशस्य तु धर्माधर्मैकजीवैस्तुल्याः ઈત્યાદિ ભાષ્યના પાઠમાં જણાવે છે કે લોકાકાશમાત્રના પ્રદેશો જાણવા હોય તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા એક જીવદ્રવ્યના એમ આ ત્રણ દ્રવ્યોના એક એકના જેટલા પ્રદેશો છે બરાબર તેટલા જ પ્રદેશો લોકાકાશ પ્રમાણવાળા આકાશના પણ છે એમ ધર્મ-અધર્મ-એકજીવ અને લોકાકાશ આ ચારેના પ્રદેશો માંહેમાંહે સમાન છે. કોઈના પણ પ્રદેશો વધારે કે ઓછા નથી. આ જ અર્થ ભાષ્યકાર મહારાજાએ કહેલો છે.

ભાષ્યમાં જે तु શબ્દ છે તે આટલી વિશેષતા સૂચવે છે કે સમસ્ત આકાશના ભલે અનંતપ્રદેશો હોય છે પરંતુ લોકાકાશમાત્રના પ્રદેશો તો આ ત્રણ દ્રવ્યોની સાથે તુલ્ય (અર્થાત્ અસંખ્યાતા જ) છે. ॥૫-૯॥

❋ ❋ ❋

**અવતરણ :-** अथ पुद्गलानां का प्रदेशसङ्ख्येत्युच्यते = હવે પુદ્ગલાસ્તિક નામનું જે પાંચમું છેલ્લું દ્રવ્ય છે તેના પ્રદેશોની સંખ્યા કેટલી ? આવો જો કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર આપતાં સૂત્રકાર મહર્ષિ જણાવે છે કે :-

## सूत्रम् :- सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥५-१०॥

## સૂત્રાર્થ :- પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને च શબ્દથી અનંતા પણ હોય છે. ॥૫-૧૦॥

**संस्कृत टीका :-** "सङ्ख्येया" इत्यादि सूत्रम् । पूरणगलनपरिणतिलब्धसंज्ञकाः पुद्गलाः परमाणूपक्रमा अचित्तमहास्कन्धपर्यवसाना विचित्ररूपादिपरिणतयस्तेषां प्रदेशाः सम्भवतः सङ्ख्येया असङ्ख्येया अनन्ताश्च भवन्ति ॥

सङ्ख्येयपरमाणूपचितः स्कन्धः सङ्ख्येयप्रदेशः ॥ एवमितरावपि स्वसङ्ख्यावच्छिन्नाणुघटितावसङ्ख्येयानन्तप्रदेशौ वाच्यौ ॥ अनुपात्तानन्तप्रदेशता सूत्रे न लभ्यते । तल्लाभाय यत्नश्चशब्दोपादानं, तदर्थदर्शनार्थमिदमाह :-

**ગુજરાતી ભાષાંતર :-** "सङ्ख्येया" ઈત્યાદિ જે સૂત્રપદ છે તેના અર્થો સમજાવાય છે. પુદ્ગલાસ્તિકાય નામના પાંચમા દ્રવ્યમાં જે "पुद्गल" શબ્દ છે તેનો અર્થ પૂરણ અને ગલન થાય છે. સારાંશ કે પૂરણ અને ગલનની પરિણતિથી પ્રાપ્ત કર્યું છે. "પુદ્ગલ" એવું નામ (સંજ્ઞા) જેણે એવું આ દ્રવ્ય છે.

આ પુદ્ગલાસ્તિકાય નામનું દ્રવ્ય "પરમાણુ નામના સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ એવા દ્રવ્યથી પ્રારંભીને (૧) પરમાણુ, (૨) દ્વયણુક, (૩) ત્ર્યણુક, (૪) ચતુરણુક ઈત્યાદિ ક્રમે અંતિમ અચિત્તમહાસ્કંધ નામના દ્રવ્ય સુધીનાં ચિત્ર-વિચિત્ર સ્વરૂપવાળાં, વર્ણ-રસ-ગંધ અને સ્પર્શાદિ ગુણોને ધારણ કરનારાં અર્થાત્ તેવા પ્રકારની પરિણતિવાળાં જે પુદ્ગલદ્રવ્યો છે. તે પુદ્ગલદ્રવ્યો સંખ્યાત પ્રદેશવાળાં પણ હોય છે. અસંખ્યાતપ્રદેશવાળાં પણ હોય છે. અને અનંતપ્રદેશવાળાં પણ હોય છે. તથા અનંતાનંત પ્રદેશવાળાં પણ હોય છે.

સંખ્યાતા પરમાણુઓથી ઉપચિત (જોડાયેલા અથવા બનેલા અથવા રચાયેલા) જે સ્કંધો છે તે સંખ્યાતપ્રદેશી સ્કંધો કહેવાય છે એ જ પ્રમાણે ઈતર જે બે પ્રકારના સ્કંધો છે તે પણ સમજી લેવા.

**પ્રશ્ન :-** ઈતર બે પ્રકારના સ્કંધો કયા કયા સમજવા ?

**ઉત્તર :-** स्वसङ्ख्यावच्छिन्नघटितौ = (સંખ્યાતા) અસંખ્યાતા અને અનંતા (તથા અનંતાનંત પણ) અણુઓની જે સંખ્યા છે. તેનાથી યુક્ત એવા અણુઓના સમુદાયથી બનેલા સ્કંધોને સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક અને અનંતાણુક સ્કંધો તથા અનંતાનંતાણુક સ્કંધો કહેવાય છે.

જો કે મૂળસૂત્રમાં સંખ્યાત અને અસંખ્યાત અણુવાળા સ્કંધોનું જેવું વિધાન દેખાય છે તેવું વિધાન અનંતાણુક (કે અનંતાનંત અણુકો) નું દૃષ્ટિગોચર થતું નથી. તો પણ તે વિધાન માટે જ મૂળસૂત્રમાં च નું ઉપાદાન કરેલ છે. જો કે મૂળસૂત્રમાં अनुपात्त = એટલે કે અનંતપ્રદેશતા કહેલી નથી. તો પણ तल्लाभाय = તે અનંતની સંખ્યા લેવા માટે જ આ પ્રયત્ન કરેલો છે. च શબ્દથી તેનું કથન કરેલું છે આ વિવક્ષિત તે અર્થ જાણવા માટે જ ભાષ્યકાર મહારાજા કહે છે કે -

**भाष्यम् :- सङ्ख्येया असङ्ख्येया अनन्ताश्च पुद्गलानां प्रदेशा भवन्ति, अनन्ता इति वर्तते ॥५-१०॥**

**ભાષ્યનું ગુજરાતી :- પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો સંખ્યાત-અસંખ્યાત અને અનંતા પણ હોય છે. अनन्ता આ શબ્દ મૂળસૂત્રમાં નથી તો પણ च શબ્દથી ઉપરના ૫-૯ સૂત્રથી તેની આ સૂત્રમાં અનુવૃત્તિ થાય છે. ॥૫-૧૦॥**

**संस्कृत टीका :-** अनन्ता इति वर्तते । तदेतदुक्तं भवति - अनुवर्तन्ते च नाम विधेयो न चानुवर्तनादेव भवन्ति, किं तर्हि ? यत्नादिति । नन्वणुरपि पुद्गलशब्देनाक्षिप्तः पूरयति गलति च यतः तस्य चानन्तरसूत्रेण सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशविकल्पानामन्यतमेन विकल्पेन भवितव्यम् । पुद्गलत्वाभावो वा परमाणोः । यदि च सङ्ख्येयादिप्रदेशभागिष्यते, ततोऽणुरेव न स्यात् घटादिवत्, अथाप्रदेशस्ततोऽसन्नसौ गगनोत्पलादिवदिति । अत्रोच्यते (उत्तरम्) - द्वये प्रदेशाः द्रव्यरूपाः पर्यायरूपाः पर्यायस्वभावाश्च रूपादयस्तदङ्गीकरणेन सप्रदेशः [१]परमाणुः ॥५-१०॥

**ટીકાનું ગુજરાતી ભાષાંતર :-** આ સૂત્રમાં જે च શબ્દ લખ્યો છે તેનાથી अनन्ता એ પદની (સૂત્ર ૫-૯ માંથી) અનુવૃત્તિ થાય છે. તેથી આ પદોનો અર્થ આ પ્રમાણે થાય છે. સંખ્યાત અસંખ્યાત અને च શબ્દથી અનંતા પ્રદેશોવાળું આ પુદ્ગલદ્રવ્ય છે. अनन्ता इति वर्तते આવું ભાષ્યમાં ભાષ્યકારે પોતે જ કહ્યું છે એટલે अनन्ता એ અર્થ સમજાવવા માટે આ પદનું વિધાન કરવાની જરૂર નથી. કારણ કે સૂત્રમાં લખેલા च શબ્દના વિધાનથી अनन्त પદની અનુવૃત્તિ ઉપરના સૂત્રમાંથી આવી શકે છે. આ વિધાન ઉપરથી નીચે અનુવૃત્તિ રૂપે લાવવા માટે જ આ च શબ્દનું વિધાનવિશેષ કરવા સ્વરૂપે પ્રયત્ન વિશેષ સૂત્રકારે કરેલો છે એમ જાણવું.

**પ્રશ્ન :** જો સર્વે પણ પુદ્ગલાસ્તિકાય સંખ્યાત-અસંખ્યાત અને અનંત અણુવાળો જ હોય તો પરમાણુ પણ પુદ્ગલદ્રવ્ય જ છે. પૂરણ અને ગલન જેમાં થાય તે પુદ્ગલ, આ વ્યાખ્યા પ્રમાણે પરમાણુ પણ પુદ્ગલદ્રવ્ય છે. તેથી તેને પણ સંખ્યાત-અસંખ્યાત કે અનંત અણુઓ (પ્રદેશો) હોવા જોઈએ. આ ત્રણમાંના કોઈ પણ એક વિકલ્પવાળો અર્થ તેમાં ઘટવો જોઈએ ? જો પરમાણુમાં સંખ્યાત-અસંખ્યાત કે અનંતા અણુક આ ત્રણ વિકલ્પોમાંથી એક પણ વિકલ્પ ન હોય તો પરમાણુને પુદ્ગલદ્રવ્ય જ ન કહેવાય. કારણ કે તમે જ આ ૫-૧૦ સૂત્રમાં સમજાવ્યું છે કે પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય જે હોય છે તેને સંખ્યાત અસંખ્યાત અને અનંત આ ત્રણમાંના કોઈ પણ વિકલ્પવાળા અણુઓ હોય છે. હવે જો પરમાણુને આ ત્રણ સંખ્યામાંથી કોઈ પણ સંખ્યાવાળા અણુઓ છે જ નહીં તો પરમાણુ તે પુદ્ગલદ્રવ્ય કહેવાશે જ નહીં અને જો પ્રદેશો છે એમ કહેશો તો તે પરમાણુને ત્રણમાંથી કોઈ પણ રાશિવાળા

---

૧. परमाणुरपि संयुज्य पूरयति, वियुज्य गालयतीति, कश्चिदपि नानादिपरमाणुः ।

અણુઓ છે આમ કહેશો તો પરમાણુને પરમાણુ કહેવાશે નહીં. પણ સ્કંધ જ કહેવો પડશે અને અણુને અણુઓ હોતા નથી તેથી તે ત્રણ રાશિમાંથી એકે રાશિવાળા અણુઓ ન હોવાથી આકાશપુષ્પની જેમ असत् જ થશે.

હે ગુરુજી ! તમે પોતે જ આ સૂત્ર વડે ત્રણ જાતની સંખ્યાવાળા અણુઓ જેમાં હોય તેને જ પુદ્ગલદ્રવ્ય કહેવાય ! આવું સમજાવો છો તો પરમાણુને જો આ ત્રણમાંથી કોઈ પણ સંખ્યાવાળા અણુઓ હોય તો તે પોતે સ્કંધ બની ગયો કહેવાય અને જો ત્રણમાંથી કોઈ પણ સંખ્યાતવાળા અણુઓ જ ન હોય તો તે પુદ્ગલદ્રવ્ય કહેવાશે નહીં પણ असत् જ કહેવાશે ? આવો પ્રશ્ન ઉઠે છે. એમ કોઈ શિષ્ય કહે છે.

अत्रोच्यते = હવે અહીં આ પ્રશ્નનો ઉત્તર કહેવાય છે. પ્રદેશો બે પ્રકારના હોય છે (૧) દ્રવ્યસ્વરૂપે પ્રદેશો અને (૨) ભાવસ્વરૂપે પ્રદેશો હવે પરમાણુ પોતે સીંગલ (એક જ) પ્રદેશ હોવાથી તેને દ્રવ્યાત્મક અણુઓ ભલે નથી. તો પણ પર્યાય સ્વભાવવાળા રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિ, તથા તેના પેટાભેદ રૂપ પ્રદેશો હોય છે. તે સ્વીકારવાથી પરમાણુ પણ પર્યાયાત્મક પ્રદેશોની અપેક્ષાએ સપ્રદેશી દ્રવ્ય છે તથા તે સદ્ભાવાત્મક દ્રવ્ય છે. પરંતુ આકાશપુષ્પાદિની પેઠે અસત્ દ્રવ્ય નથી. દ્રવ્યાત્મક પ્રદેશો તે પરમાણુને હોતા નથી. પરંતુ પર્યાયાત્મક પ્રદેશો તે પરમાણુને હોય છે. છતાં દ્રવ્યાત્મક અણુઓ ન હોવાથી સ્કંધ કહેવાતો નથી. આવો ભાવાર્થ જાણવો. ॥૫-૧૦॥

❋ ❋ ❋

**અવતરણ :-** अथ यथा द्रव्यात्मकैरणुप्रदेशैः सप्रदेशो घटस्तथाऽणुरित्येवमसिद्धार्थता प्रचिकाशयिषया आह :-

**ગુજરાતી ભાષાંતર :-** જેમ દ્રવ્યાત્મક પ્રદેશો વડે ઘટ સપ્રદેશી છે. તે જ પ્રમાણે પરમાણુ પણ આવા પ્રકારનો સપ્રદેશી જ હશે આવું કોઈ સમજી લે તો તેની અસિદ્ધતા જણાવવા માટે સૂત્રકારશ્રી કહે છે કે :-

**सूत्रम् :- नाणोः ॥५-११॥**

**સૂત્રાર્થ :- અણુને (પરમાણુને) પ્રદેશો હોતા નથી. ॥૫-૧૧॥**

**भाष्यम् :- अणोः प्रदेशा न भवन्ति ॥५-११॥**

**ભાષ્યનું ગુજરાતી :- અણુને પ્રદેશો હોતા નથી. ॥૫-૧૧॥**

**संस्कृत टीका :-** अणोरापूरकाः परिणामिकारणभावभाजो द्रव्यरूपाः प्रदेशा न भवन्ति। अथ सप्रदेशत्वेन परमाणुत्वाभावः साध्यते । ततः स तादृशोऽन्त्यः प्रदेशः परमाणुर्न भवति इति प्रतीतिविरोधः, सप्रदेशत्वं चाव्यापकासिद्धदोषाघ्रातं वनस्पतिचैतन्ये स्वापवत् । न हि पक्षीकृतेऽणौ सर्वत्र सप्रदेशत्वमस्ति, क्षेत्रकालभावाख्ये द्रव्यपरमाणावेव तत् ॥

चेऽपि प्रमाणयन्ति मध्यविभागादिरहितत्वाद् व्योमोद्पलादिवदसन्नसौ तद्वत्त्वाद् वा नाणुर्घटादिवदित्यत्रापि पूर्वके प्रमाणे विज्ञानक्षणेनानेकान्तः ॥ दिग्विभागकल्पनाऽप्यनेन प्रत्युक्ता, पाश्चात्यप्रयोगे हेत्वसिद्धतोद्विभावयिषया भाष्यकार आह :-

**ગુજરાતીમાં ભાષાંતર :-** અણુને (પરમાણુને) અણુપણું સમાપ્ત કરનારા તથા પારિમાણિક એવા કારણભાવને ભજનારા દ્રવ્યસ્વરૂપે રહેલા અન્ય અણુઓ હોતા નથી. જેમ ૧૦૦-૨૦૦ પાનાં સાથે જોડવાથી ચોપડી બને છે તેવી રીતે ઘણા અણુઓ ભેગા થઈને એક અણુ બનતો હોય તેવા નાના નાના આપૂરક અણુઓના સમૂહથી આ વિવક્ષિત એક અણુ બનતો હોય અર્થાત્ આ પરમાણુને આવા ઘણા આપૂરક અણુઓ હોય છે એવું સંભવતું નથી. એટલે કે એક પુસ્તકને ૧૦૦-૨૦૦ પાનાં ઉપાદાન રૂપે હોય છે. તેના સમૂહથી જ પુસ્તક બને છે. તેવી જ રીતે ૧૦૦-૨૦૦ નાના નાના આપૂરક અણુઓથી આ વિવક્ષિત પરમાણુ બન્યો હોય આમ કોઈ કહે તો તે આ વાત ઉચિત નથી.

હવે કદાચ કોઈક આવો પ્રશ્ન કરે કે અણુને પ્રદેશો હોતા જ નથી. જો અણુને પણ પ્રદેશો હોય તો તે અણુ સપ્રદેશી થાય અને આમ થવાથી ઘણા પ્રદેશો વાળો તે અણુ છે. આવો અર્થ થાય તે અર્થ ઉચિત નથી. કારણ કે ઘણા પ્રદેશો વાળો જે હોય તે તો સ્કંધ કહેવાય છે તે માટે ઘણા અણુઓ વાળો આ પરમાણુ છે. આ વાત શાસ્ત્રથી સર્વથા વિરુદ્ધ છે. આ પ્રમાણે સપ્રદેશીને અણુ કહેવો તે તો અનુભવથી સર્વથા વિરુદ્ધ (અર્થાત્ પ્રતીતિથી વિરુદ્ધતા વાળી) વાત થાય છે. તેને ઉચિત કેમ કહેવાય ? અર્થાત્ આ વાત સર્વથા અનુભવથી પણ વિરુદ્ધ છે. અને શાસ્ત્રથી પણ વિરુદ્ધ છે.

તે માટે પરમાણુમાં સપ્રદેશીપણું માનવું કે કહેવું તે અવ્યાપક અને અસિદ્ધતા દોષથી ભરેલું છે. સારાંશ કે જેમ વનસ્પતિમાં (એકેન્દ્રિય હોવાથી) માનવના જેવી નિદ્રા (સ્વાપાવસ્થા) સંભવતી નથી તેથી અવ્યાપક છે. તેની જેમ પરમાણુમાં પણ સપ્રદેશીપણું અવ્યાપક છે (અર્થાત્ નથી જ) પરમાણુમાં ક્યાંય પણ સપ્રદેશીપણું વ્યાપેલું નથી અર્થાત્ અવ્યાપક છે તે જ કારણથી અસિદ્ધતા દોષ પણ આવે છે.

એટલે કે અણુને જો સપ્રદેશી માનીએ તો તે અણુમાં અણુપણાની અસિદ્ધિ થાય. અણુપણું રહે જ નહીં સ્કંધપણું જ આવી જાય. તે માટે અણુ ક્યારેય સપ્રદેશી સંભવતો જ

નથી. આ પ્રમાણે અનુમાન પ્રયોગમાં પક્ષ રૂપે કરાયેલા અણુમાં સપ્રદેશીપણું સિદ્ધ થતું નથી અને હોઈ પણ શકે નહીં.

હવે જે પરમાણુ નથી જ, પરંતુ નાનો એવો પણ તે સ્કંધ જ છે. પરંતુ નાનો હોવાથી જો તેમાં લઘુપણાના કારણે "અણુપણાનો" ઉપચાર કરાયો હોય તો તેવા પ્રકારના ઉપચરિત અણુમાં (પરમાર્થ રીતિએ સ્કંધમાં) જ ક્ષેત્રઆશ્રયી, કાળ આશ્રયી, અને ભાવ આશ્રયી तद् = सप्रदेशीपणु હોઈ શકે છે. કારણ કે પરમાર્થે તો તે અણુ જ નથી નાનો એવો પણ તે સ્કંધ જ છે, માત્ર તે સ્કંધ નાનો હોવાથી તેમાં અણુપણાનો ઉપચાર કરાયો છે. વાસ્તવિક તો નાનો એવો પણ પરમાર્થથી તે સ્કંધ જ છે.

તથા વળી જે કેટલાક તર્કવાદી પુરુષો છે. તેઓ પોતાની વાત આ રીતે પ્રમાણભૂત છે એમ જણાવતાં કહે છે કે "તમે જે અંતિમ અણુ તે પરમાણુ કહેવાય અને તેને પ્રદેશો હોતા નથી તે પરમાણુ અપ્રદેશી જ હોય છે અને તે અવિભાજ્ય ભાગ હોવાથી તેવા નિષ્પ્રદેશી અણુઓ જ આ સંસારમાં છે. આમ કહો છો. તો તે વાત ખોટી છે. નિષ્પ્રદેશી અણુઓ ક્યાંય છે જ નહીં, કારણ કે આવા પ્રકારના અણુઓ સંભવતા જ નથી. જે અણુને નીચેનો ભાગ, મધ્યભાગ અને ઉપરનો ભાગ વિગેરે વિભાગો જ ન હોય તો તેવો અણુ તો આકાશપુષ્પની જેમ અસત્ જ થાય. હોઈ જ ન શકે. આવા પ્રકારના ભાગ વિનાના અંતિમ અણુઓ (પરમાણુઓ) સંભવતા જ નથી. આ પ્રમાણે પણ કોઈક તર્કવાદી પુરુષો કહે છે.

પરંતુ તર્કવાદી તે પુરુષોની આ માન્યતા બરાબર નથી કારણ કે તેવા અણુને પણ વિભાગવાળા નાના નાના પેટાઅણુઓ હોય છે. એમ જો માનો તો તે અણુ અનેક વિભાગવાળો હોવાથી ઘટ-પટાદિ સ્થૂલપદાર્થોની જેમ જ તે અણુ પણ સ્થૂલપદાર્થ જ થશે અર્થાત્ સ્કંધ જ થશે. પરંતુ અણુપણે નહીં હોય. તેને અણુ નહીં જ કહેવાય. કારણ કે તે અણુ ખંડો વાળો છે. વિભાગો વાળો છે. તેથી સ્થૂલ સ્કંધ જ થયો કહેવાશે પણ તે અણુપણે નહીં જ રહે આવો પ્રશ્ન જો કોઈ કરે તો તે બન્ને પ્રમાણોમાં **વિજ્ઞાનક્ષણ**ની સાથે વ્યભિચાર દોષ આવે છે અર્થાત્ અનૈકાન્તિક હોત્વાભાસ થાય છે તે આ પ્રમાણે -

"વિજ્ઞાનક્ષણ" એ પણ એકક્ષણ સ્વરૂપ જ છે. તેના પણ ભાગો કે વિભાગો હોતા નથી. છતાં પોતે સૂક્ષ્મખંડ રૂપે છે. તેથી જેના વિભાગો હોય તે જ વસ્તુ છે આવું જે પ્રથમ કહ્યું. ત્યાં વિજ્ઞાનક્ષણમાં વિભાગો નથી તો પણ તે સત્ છે માટે ત્યાં અનૈકાન્તિકતા આવે છે તથા બીજું અનુમાન તમે જે કહ્યું કે "અણુઓ પણ "तद्वत्त्वात्" સૂક્ષ્મ અણુઓ વાળા છે તેથી તે અણુઓ પણ ઘટ-પટાદિ પદાર્થોની જેમ સ્કંધ જ થશે. આ અનુમાનમાં પણ

વિજ્ઞાનક્ષણ એકસમયવર્તી જ માત્ર છે. સંગ્રહ નથી તો પણ સત્ છે એટલે નાના પેટાઅણુઓ જેને હોય છે તે જ મુખ્ય સત્ હોય છે આ વાત પણ વ્યભિચાર વાળી જ છે. "વિજ્ઞાનક્ષણ" એક હોવા છતાં પણ તે સત્ છે આ પ્રમાણે બન્ને પ્રમાણોમાં વિજ્ઞાનક્ષણની સાથે વ્યભિચાર દોષ આવે છે. તેથી ઉપરોક્ત કલ્પના વ્યાજબી નથી.

તથા વળી પૂર્વ-પશ્ચિમ-ઉત્તર અને દક્ષિણ ઈત્યાદિ દિશાઓના વિભાગો સ્વરૂપ દિગ્દ્રવ્યની જે લોકો કલ્પના કરે છે તે પણ આ જ ન્યાયથી અનૈકાન્તિક દોષવાળી બને છે. માટે તે કલ્પના પણ ખંડિત જાણવી તમને જે દિગ્વિભાગ દેખાય છે તે દિગ્વિભાગ જેવું કોઈ દ્રવ્ય છે જ નહીં. સર્વત્ર આકાશમાત્ર જ દ્રવ્ય છે. સૂર્યના ઉદય અને અસ્તને લીધે તેમાં (આકાશમાં જ) દિશાની કલ્પના કરવામાં આવી છે પરંતુ દિશા નામનું પારમાર્થિક કોઈ દ્રવ્ય જ નથી તેથી ત્યાં પણ અનૈકાન્તિકતા હોવાથી આ કલ્પના પણ નિરર્થક જ છે.

ઉપરોક્ત બન્ને અનુમાનોમાં પાછળનું જે અનુમાન છે કે **"અણુ પણ તદ્વાન્ છે"** મોટો એક અણુ નાના ઘણા અણુવાળો છે આ અનુમાનમાં અણુ એ અણુ રહેતો જ નથી તે અણુ પણ અનેક અણુઓનો સમૂહવાળો હોવાથી ઘટ-પટની જેમ સ્કંધ જ કહેવાશે. પરંતુ અણુ કહેવાશે નહીં.

આ પ્રમાણે પૂર્વે કહેલાં બન્ને પ્રમાણો "વિજ્ઞાનક્ષણની" સાથે અનૈકાન્તિક (વ્યભિચાર) હેત્વાભાસ વાળાં થશે. કારણ કે "अणु अणुर्नैव भवति, तद्वत्त्वात्" આ અનુમાનમાં જે સાધ્ય છે "अणुर्नैव भवति" તે સાધ્યનો અભાવ એટલે અણુના અભાવનો અભાવ અર્થાત્ "અણુપણું" તે વિજ્ઞાનક્ષણમાં છે કારણ કે તે વિજ્ઞાનક્ષણ ક્ષણિક હોવાથી અણુસ્વરૂપ છે. એટલે ત્યાં સાધ્યાભાવ થયો છતાં તેમાં तद्वत्त्वात् = હેતુ વર્તે છે. એક ક્ષણમાત્ર વર્તનારા ક્ષણિક તે વિજ્ઞાનમાં અનેક ધર્મો (ભાવો) જણાય છે. આ પ્રમાણે સાધ્યના અભાવમાં હેતુની વૃત્તિ થવાથી અનૈકાન્તિકતા હેત્વાભાસ થાય છે.

તથા વળી પૂર્વ-પશ્ચિમ-ઉત્તર અને દક્ષિણ એ સ્વરૂપ જે દિગ્વિભાગની કલ્પના કરવામાં આવે છે તે પણ ઉચિત નથી. તે વાત આ જ અનુમાનથી સિદ્ધ થાય છે. કારણ કે આવા પ્રકારના દિશાના વિભાગો છે જ નહીં માત્ર આકાશદ્રવ્ય જ છે. સૂર્યના ઉદય અને અસ્તને લીધે તે આકાશમાં જ દિશાઓની કલ્પના કરવામાં આવી છે. પરંતુ દ્રવ્ય તો આકાશ જ છે, દિગ્વિભાગ જેવું કોઈ ભિન્ન દ્રવ્ય નથી જ, આ પ્રમાણે દિગ્વિભાગની દ્રવ્યપણાની જે કલ્પના છે. તે પણ ખંડિત જ થાય છે.

अणोः प्रदेशाः न सन्ति, अणुत्वात् ગ્રંથકારશ્રીના તથા ભાષ્યકાર મહારાજાના આ અનુમાનમાં કોઈ વાદી अणुत्वात् આ હેતુને અસિદ્ધ હેત્વાભાસ કરે છે. તે વાદીઓ એમ

કહે છે કે અણુને પણ અણુઓ (પ્રદેશો) હોય છે. મોટા એક અણુને નાના નાના અનેક અણુઓ હોય છે. એટલે ઉપરોક્ત અનુમાનમાં કહેલો अणुत्वात् આ હેતુ अणोः એ પક્ષમાં વર્તતો નથી. કારણ કે અણુને પણ નાના નાના પેટાઅણુઓ ઘણા હોય છે તે માટે अणुत्वात् હેતુ अणु નામના પક્ષમાં વર્તતો નથી તેથી તે હેતુ असिद्ध હોવાભાસ થાય છે. આ પ્રમાણે અસિદ્ધતા દોષ બતાવવાના વિષયવાળી શંકા કોઈ શિષ્ય જો કરે તો તેને સમજાવતાં ભાષ્યકાર મહારાજા કહે છે કે :-

## भाष्यम् :- अनादिरमध्योऽप्रदेशो हि परमाणुः ॥५-११॥

## ભાષ્યનું ગુજરાતી :- જેની આદિ નથી, જેનો મધ્યભાગ નથી જેને પ્રદેશો નથી તેવા અણુને જ પરમાણુ કહેવાય છે. ॥૫-૧૧॥

**संस्कृत टीका :-** यस्मादादिमध्यान्त्यप्रदेशैः परिहीण एव परमाणुरिष्यते । अप्रदेशग्रहणा- दन्तपरिग्रहः । अथवाऽऽदिमध्यग्रहणादर्थप्राप्तमेवान्त्यग्रहणम् । अस्मिन् पक्षे अप्रदेश इति प्रतिविशिष्टप्रदेशनिराकरणमेव कृतं भवति । आदिमध्यान्तप्रदेशैरप्रदेशो न रूपादिभिरिति ॥ न चादिमध्यान्तावयवनिबन्धनं वस्तुत्वं प्रतीतम् ॥ विनाऽपि तैर्विज्ञानाद्युपलब्धेः ॥ अविभागत्वादेव च व्योमानुप्रवेशोऽपि प्रत्याख्यातः ॥ न च सर्वगतत्वव्याघातो व्योम्नः । सकलवस्तुसम्बन्धित्वेना- भ्युपगम्यमानत्वात् प्रसिद्धविज्ञानक्षणवत्

अतः स्वयमेव प्रदेशोऽसौ, न तस्यापरे प्रदेशाः सन्ति द्रव्यस्वभावाः ॥ सर्वं च साधनं तन्निराकरणेऽभिधीयमानमनुपासितयथार्थगुरुवचसा परेणैवमधिगतद्रव्यपर्यायनयद्वयसद्भावेन स्याद्- वादिना विघटनीयमागमयुक्त्यनुसारिणेति ॥५-११॥

**ગુજરાતી ભાષાંતર :-** જે કારણથી જે પદાર્થને આદિભાગ, મધ્યભાગ અને અંતિમ ભાગ આવા પ્રકારના ભાગો (અંશો) નથી તેવા ભાગોથી જે રહિત છે તેવા નાના ભાગને જ (અંતિમ ભાગને જ) अणु એમ કહેવાય છે. તે કારણથી અણુને બીજા નાના નાના પેટાઅણુઓ દ્રવ્યાત્મકપણે સંભવતા નથી. અર્થાત્ એક અણુને દ્રવ્યાત્મક નાના અનેક અણુઓ હોય છે. આવું કોઈ કહે તો તે સર્વથા મિથ્યા વાત છે.

જેને પ્રદેશો નથી તેને જ अप्रदेशी કહેવાય છે. તેનાથી જ अन्त નું ગ્રહણ પણ સમજી લેવું. સારાંશ કે જેના પ્રદેશો નથી. એટલે આ આદિભાગ અને આ અન્તિમ ભાગ એવું જ્યાં નથી તે પરમાણુ કહેવાય છે અથવા જેને આદિભાગ નથી તથા મધ્યભાગ નથી. આ બન્નેના ગ્રહણથી અન્ત્ય શબ્દનું ગ્રહણ પણ સમજી લેવું. એટલે आदि-मध्य અને अन्त्य આવા ભાગો જ્યાં નથી તે પરમાણુ કહેવાય છે.

જ્યારે અથવા શબ્દ લખીને બીજો અર્થ સમજાવાય છે. જેમકે જેને આદિ-મધ્ય અને અન્ત્ય આવા ભાગો નથી તે પરમાણુ કહેવાય છે. આવો બીજો અર્થ જ્યારે સમજાવાય છે ત્યારે અપ્રદેશ એવું જે વિશેષણ છે. તે વિશિષ્ટ એવા દ્રવ્યાણુ સ્વરૂપ પ્રદેશો જેને નથી એમ દ્રવ્યાણુ સ્વરૂપ પ્રતિવિશિષ્ટ એવા અણુઓના નિષેધ માટે જ આ વિશેષણ કહેલું છે એમ સમજવું.

ભાવાર્થ એવો છે કે આદિ-મધ્ય અને અંતિમ આવા ભાગસ્વરૂપ જે દ્રવ્યાત્મક અણુસ્વરૂપ જે પ્રદેશો છે તેવા પ્રદેશો જેને નથી તે દ્રવ્યાણુની અપેક્ષાએ અપ્રદેશ જ છે એવો અર્થ કરવો પરંતુ રૂપ-રસ-ગંધ અને સ્પર્શ વિગેરે ગુણધર્માત્મક ભાવ અણુઓ નથી જેને એવો અર્થ ન કરવો કારણ કે પરમાણુને પણ રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિ ગુણો તો અવશ્ય હોય જ છે માત્ર ત્યાં દ્રવ્યાત્મક બીજા અણુઓ વિવક્ષિત અણુને સંભવતા નથી. કારણ કે પોતે જ અણુસ્વરૂપ છે.

જે વસ્તુમાં આદિભાગ-મધ્યભાગ અને અંતિમ ભાગ આવા વિભાગો જ્યાં હોય તે જ વસ્તુ કહેવાય અર્થાત્ આવા પ્રકારના ત્રણ વિભાગોના કારણે જ વસ્તુમાં વસ્તુત્વ હોય છે અને આવા ત્રણ વિભાગો જેમાં નથી તે વસ્તુ જ નથી આ પ્રમાણે ત્રણ ભાગો જ્યાં થતા હોય ત્યાં જ વસ્તુતા હોય છે આવું ક્યારેક કોઈ કહે તો આ વાત પણ ઉચિત નથી. અર્થાત્ બરાબર નથી. કારણ કે વિજ્ઞાનક્ષણ જે છે તે જ્ઞાનાત્મક એકક્ષણ માત્ર જ છે. તેમાં આદિભાગ-મધ્યભાગ અને અંતિમ ભાગ એવા ભાગો નથી. છતાં તે જ્ઞાનક્ષણ, જ્ઞાનક્ષણ રૂપે તો વસ્તુ છે જ. તેથી જેને આવા ત્રણ ભાગો હોતા નથી. તે વસ્તુ જ હોતી નથી. આમ કહી શકાય નહીં આમ કહીએ તો તે વાત ખોટી છે તે માટે જ્ઞાનક્ષણની જેમ પરમાણુમાં પણ પ્રદેશો (વિભાગો) ભલે નથી પણ પદાર્થ સ્વરૂપે તે પરમાણુ છે એમ કહી શકાય છે.

તથા આ પરમાણુ પોલાણ વિનાનો હોવાથી તેની અંદર વચ્ચમાં જરા પણ પોલાણ નથી. તે પરમાણુની અંદર વચ્ચેના ભાગમાં ભિન્ન આકાશપ્રદેશ પણ નથી. જે આકાશપ્રદેશમાં પોતાની અવગાહના છે તે જ આકાશપ્રદેશમાં તેની અવગાહના છે તે જ આકાશપ્રદેશ આધાર અને પરમાણુ આધેય એ સ્વરૂપે રહેલાં છે. એટલે સૌથી નાનામાં નાનો અને પોતાને ઘણા પ્રદેશો (ઘણા અંશો) ન હોય તેવો અર્થાત્ બે અંશો પણ ન હોય તેવો આ પરમાણુ નામનો પુદ્ગલ પદાર્થ છે.

**પ્રશ્ન :-** જો અણુમાં પોલાણ ન હોય તો તેમાં આકાશદ્રવ્ય નથી તેવો જ અર્થ થાય. તેનાથી આકાશનું સર્વવ્યાપિત્વ વિનાશ પામે છે. આકાશમાં રહેલા સર્વગતત્વ ધર્મનો વ્યાઘાત થશે.

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્ન બરાબર નથી. કારણ કે આકાશદ્રવ્ય સર્વ લોકાકાશ અને અલોકાકાશમાં વ્યાપ્ત હોવાથી સર્વત્ર છે જ, આકાશ એ આધાર અને શેષ સર્વદ્રવ્યો આધેય એમ આધાર-આધેયભાવે જોડાયેલાં જ છે. એટલે જ્યાં પરમાણુ છે ત્યાં તેના આધાર રૂપે આકાશદ્રવ્ય પણ છે જ, પરંતુ ફુલેલા ફુગ્ગામાં જેમ પોલાણ હોય છે તેવું પોલાણ માત્ર પરમાણુની અંદર વચ્ચે હોતું નથી બન્ને એક જ સાથે આધાર-આધેયભાવે રહે છે. જેથી આકાશના સર્વવ્યાપિત્વધર્મને અને પરમાણુની નિરંશતાને કોઈ બાધા આવતી નથી.

પ્રસિદ્ધ એવું જ્ઞાનક્ષણ જેમ ક્ષણિક હોવા છતાં પૂર્વાપરજ્ઞાન ક્ષણોની સાથે જોડાયેલું છે છતાં વિવક્ષિત જ્ઞાનક્ષણમાં ભેદ નથી. તેની જેમ જ્યાં પરમાણુ છે ત્યાં જે આકાશપ્રદેશ છે તે તો ત્યાં છે જ. તેમાં ભેદ નથી. પરંતુ તે જ આકાશપ્રદેશ આજુબાજુના આકાશપ્રદેશોની સાથે જોડાયેલો પણ છે. છતાં ભેદ નથી.

ઉપરની ચર્ચા વિચારણા જોતાં પરમાણુ પોતે જ સ્વયં પ્રદેશાત્મક છે. પરંતુ અણુને પ્રદેશો (ખંડ ખંડ વિભાગો) હોતા નથી. સાર એ છે કે અણુને દ્રવ્યાત્મક બીજા અણુઓ હોતા નથી. પોતે જ એક અણુસ્વરૂપ છે.

નથી ઉપાસના કરી ગુરુના વચનોની જેણે એવા અર્થાત્ સ્વયં વાંચી વાંચીને પોતાની જ બુદ્ધિને આગળ કરીને જે પંડિત બન્યા છે પરંતુ ગુરુનાં વચનો સાંભળવા દ્વારા જે પંડિત બન્યા નથી એવા અપરવાદીઓ વડે અર્થાત્ (અન્યદર્શના જ માત્ર અભ્યાસી એવા ઈતરવાદીઓ વડે) કહેવાતા સર્વે પણ સાધનનું (અપરવાદીઓ વડે કહેવાતી સર્વે પણ દલીલોનું) ખંડન કરવામાં જે સમર્થ છે એવા જે જૈન વિદ્વાન આચાર્યાદિ મહાત્મા પુરુષો કે જેઓએ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયનો સાચો અને સારો અભ્યાસ કર્યો છે એવા સ્યાદ્વાદી મહાત્માઓએ આગમશાસ્ત્રો અને તર્કશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરીને તેને અનુસારે આવા એકાન્તવાદીઓની માન્યતાઓનું ખંડન કરવામાં વિશેષ વિશેષ પ્રયત્ન કરવો. કારણ કે આગળ વધતું મિથ્યાત્વનું ઝેર અટકાવવું અને સાચી વાત સભા સમક્ષ સિદ્ધ કરવી. એ જ મહત્ત્વનું કામ છે.

સારાંશ કે અણુ પોતે જ અણુ છે (પરમાણુ છે) તેને આવા અનેક દ્રવ્યાણુઓ હોતા જ નથી. જો આવા અનેક દ્રવ્યાણુઓ એક એક પરમાણુને હોય તો પરમાણુ એ પરમાણુ કહેવાય જ નહીં. પરમાણુ એ તો સ્કંધ જ બની જાય માટે આ વાત બરાબર બારીકાઈથી સમજી લેવી. ॥૫-૧૧॥

❋ ❋ ❋

**અવતરણ :-** अथैतानि धर्माधर्मपुद्गलजीवद्रव्याणि हि व्योमवत् स्वात्मप्रतिष्ठान्याहो-स्विज्जलादिवदाधारान्तरप्रतिष्ठनीति ? उच्यते - निश्चयनयाभिप्रायात् सर्वमेव वस्तु स्वात्मप्रतिष्ठं व्योमवत् । व्यवहारनयाभिप्रायात् धर्माधर्मपुद्गलजीवानाम्

## सूत्रम् :- लोकाकाशेऽवगाहः ॥५-१२॥

**સૂત્રાર્થ :- ધર્માસ્તિકાયાદિ સર્વે પણ દ્રવ્યો લોકાકાશમાં અવગાહીને રહ્યાં છે (ફક્ત એક આકાશદ્રવ્ય જ લોક અને અલોક એમ ઉભયમાં વ્યાપેલું છે). ॥૫-૧૨॥**

**भाष्यम् :- अवगाहिनामवगाहो लोकाकाशे भवति ॥५-१२॥**

**ભાષ્યનું ગુજરાતી :- અવગાહના કરનારાં દ્રવ્યોનો અવગાહ (વસવાટ) લોકાકાશમાં હોય છે. ॥૫-૧૨॥**

**संस्कृत टीका :-** अवगाहिनाम् - अनुप्रवेशवतामवगाहः = प्रवेशः प्रतिष्ठा पुद्गलादीनां धर्माधर्मद्रव्यद्वयावगाढे व्योम्नि भवति । धर्माधर्मयोश्चाकाशेऽवगाहोऽनादिकालीनः । परस्पराश्लेषपरिणत्या तथासन्निवेशात् । इतरत्राकाशेऽवगाहो नास्ति जीवादीनाम्, धर्माधर्माभावात् ॥ गतिस्थित्युपग्रहकारित्वाद् धर्माधर्मयोः ॥ तावेव तत्र कस्मान्न स्तः ? न हि स्वभावे पर्यनुयोगोऽस्तीत्युपेक्ष्य लोकाकाशेऽवगाहो धर्मादीनामेतावदुक्तम् ॥५-१२॥

**ગુજરાતી ભાષાંતર :-** લોકાકાશમાં અવગાહ લેનારાં અર્થાત્ લોકાકાશમાં જ વ્યાપીને રહેલાં એવાં પુદ્ગલાસ્તિકાય આદિ દ્રવ્યોનો પ્રવેશ (અર્થાત્ રહેઠાણ-વસવાટ) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યોથી વ્યાપ્ત એવા જ આકાશમાં અર્થાત્ લોકાકાશવાળા જ આકાશમાં છે અને તે પણ વસવાટ આજકાલનો નથી. પરંતુ અનાદિકાલીન આ વસવાટ છે. લોકાકાશવાળા જ આકાશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો પરસ્પર એકબીજાની સાથે તન્મય થઈને રહેલાં છે. તેથી જીવ અને પુદ્ગલ દ્રવ્ય પણ ત્યાં જ રહે છે.

લોકાકાશ સિવાયના બાકીના આકાશમાં (એટલે કે અલોકાકાશમાં) ધર્માધર્મ દ્રવ્યોનો તથા જીવ અને પુદ્ગલદ્રવ્યોનો વસવાટ જ નથી. ત્યાં જીવ અને પુદ્ગલોનો અવગાહ નહીં હોવાનું કારણ તે છે કે ત્યાં ધર્માધર્મ દ્રવ્યોનો જ અભાવ છે. તેથી જીવ અને પુદ્ગલોનું ત્યાં ગમનાગમન સંભવતું જ નથી. કારણ કે ગતિમાં ધર્માસ્તિકાય અને સ્થિતિમાં અધર્માસ્તિકાય દ્રવ્યોનો ઉપગ્રહ (સહાય) હોય છે અને તે સહાયક દ્રવ્યો ત્યાં (અલોકમાં) નથી તેથી જીવ અને પુદ્ગલોનું ગમનાગમન ત્યાં નથી.

**પ્રશ્ન** :- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય આ બન્ને દ્રવ્યો અલોકાકાશમાં કેમ નથી ? લોકાકાશમાત્રમાં જ કેમ છે ?

**ઉત્તર** :- જગત્સ્વભાવે જ લોક અને અલોકની આવી જ વ્યવસ્થા છે. અને આ વ્યવસ્થા (રચના) અનાદિની સ્વયંસિદ્ધ જ છે આ રચના કોઈએ બુદ્ધિપૂર્વક બનાવેલી નથી. તથા તે રચના સ્વાભાવિક જ છે જે વસ્તુનું જે અનાદિનું યથાર્થ સ્વરૂપ હોય છે. તે પર્યનુયોગને (પ્રશ્ન કરવાને) યોગ્ય હોતું નથી. કોઈ પુછે કે લીંબુ ખાટું કેમ છે ? શેરડી મીઠી કેમ છે ? લીંબડો કડવો કેમ છે ? કાજળ કાળું જ કેમ છે ? તેના ઉત્તરો કંઈ હોતા નથી. કારણ કે આ સર્વે ભાવો કોઈ હેતુથી બનેલા નથી. સ્વયંસિદ્ધ અનાદિના હોય છે. માટે તે તે પદાર્થો પોતપોતાના સ્વભાવે જ તેવા તેવા હોય છે.

તે માટે આવા પ્રશ્નોની ઉપેક્ષા કરીને તથા તેના ઉત્તરોની અપેક્ષા નહીં રાખીને જ કહેવાય છે કે ધર્માધર્મનો અવગાહ લોકાકાશ માત્રમાં જ અનાદિ-અનંત સ્વયંસિદ્ધ છે. આના જ કારણે લોક અને અલોકની વ્યવસ્થા છે. ॥૫-૧૨॥

❋ ❋ ❋

**અવતરણ** :- इदं त्वधुना वाच्यं-किं सर्वात्मनाऽवगाहः सर्वलोकाकाशप्रदेशव्याप्त्या क्षीरोदकविषरुधिरादिवदुत पुरुषहृदवदिति ? एतद् विभज्योच्यते :-

**અવતરણનું ગુજરાતી** :- હવે અમને આ વિષય સમજાવો કે ધર્મ અધર્મ જીવ અને પુદ્ગલ આ ચારે દ્રવ્યો લોકાકાશમાં જે રહેલા છે તે દૂધ અને પાણીની જેમ અથવા વિષ અને રૂધિરની જેમ લોકાકાશના સર્વપ્રદેશોમાં વ્યાપીને રહેલાં છે ? કે પુરુષ અને સરોવરની જેમ એક દેશભાગમાં જ વ્યાપ્ત છે અર્થાત્ ભલે લોકાકાશમાં જ છે. પરંતુ લોકાકાશના દેશભાગમાં જ છે. તેથી લોકાકાશમાં દેશથી વ્યાપ્ત છે ? આ પ્રશ્નનો ઉત્તર વિભાગ કરીને સમજાવાય છે :-

## सूत्रम् :- धर्माधर्मयोः कृत्स्ने ॥५-१३॥

**સૂત્રાર્થ :- ધર્માસ્તિકાય, અને અધર્માસ્તિકાય, આ બે દ્રવ્યો સમસ્ત એવા લોકાકાશમાં વ્યાપ્ત થઈને રહેલાં છે. ॥૫-૧॥**

**भाष्यम् :- धर्माधर्मयोः कृत्स्ने लोकाकाशेऽवगाहो भवतीति ॥५-१३॥**

**ભાષ્યનું ગુજરાતી :- ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો**

**સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે. આ બન્ને દ્રવ્યો લોકાકાશમાં પ્રદેશે પ્રદેશે છે. ।।૫-૧૩।।**

**संस्कृत टीका :-** सर्वत्र लोकाकाशे धर्माधर्मयोरयुतसिद्धावपि चन्द्रमण्डलाधेयचन्द्रिकावद-वगाहो न परतः ॥ चेतनावच्छरीर एवोपकारदर्शनाद् बहिरदर्शनाच्च तन्मात्रवर्तित्वमध्यवसीयते । अतः क्षीरोदकवदन्योन्यावगाहपरिणत्या व्यवस्थानं ॥ न पुरुषहृदवदिति व्यवच्छिनत्ति । कृत्स्नशब्दोपादानादिति ॥५-१३॥

**ગુજરાતી ભાષાંતર :-** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો સમસ્ત એવા લોકાકાશમાં અનાદિકાળથી સ્વાભાવિકપણે જ સર્વત્ર વર્તે છે. કોઈ જ્ઞાનીએ તે બન્નેને સાથે ગોઠવ્યા હોય જોડ્યા હોય તેવું બન્યું નથી. પરંતુ સ્વાભાવિકપણે જ ગોઠવાયેલા છે. તેને અયુતસિદ્ધ કહેવાય છે (युत = જોડવાથી सिद्ध = બનેલા, अ એટલે તેવા નહીં અર્થાત્ પહેલાં જુદા જુદા આ બે દ્રવ્યો હતાં અને પછી કોઈ મહાત્મા વડે પરસ્પર જોડવાથી સાથે રહેલાં છે આવું જ્યાં નથી તે अयुतसिद्ध કહેવાય છે) તે બન્ને દ્રવ્યો જોડવાથી લોકવ્યાપી બન્યાં છે આવું નથી. પરંતુ વિના પ્રયત્ને જ સ્વાભાવિકપણે જ જેમ ચંદ્રનું માંડલું આધેય છે અને તેની ચાંદણી આધાર છે આ બન્ને ભાવો સાથે જ સ્વયં રહેલા છે તેની જેમ આ ધર્મ-અધર્મ દ્રવ્યો પણ સર્વત્ર લોકાકાશમાં એકમેક થઈને સ્વાભાવિકપણે જ સાથે અવગાહીને રહેલાં છે. કોઈએ ગોઠવ્યાં નથી.

પરંતુ લોકાકાશવાળા આકાશથી બહાર આ બન્ને દ્રવ્યોમાંથી એક પણ દ્રવ્ય નથી. અર્થાત્ લોકાકાશમાં સર્વત્ર છે. બહાર નથી. અલોકાકાશમાં આ બે દ્રવ્યો નથી. આ બે દ્રવ્યોના કારણે જ લોક અને અલોકનો વ્યવહાર છે.

ચૈતન્ય ગુણવાળું આત્મદ્રવ્ય શરીરમાત્રમાં જ વ્યાપ્ત છે તે આત્મદ્રવ્ય શરીરને જ હાનિ-વૃદ્ધિ રૂપ તથા શરીરને પુષ્ટ કરવા રૂપ ઉપકાર કરે છે શરીર બહાર વિવક્ષિત એવા તે જીવની ચેતના દેખાતી ન હોવાથી જીવ નામનું આ દ્રવ્ય દેહમાત્ર વ્યાપ્ત છે. દેહ બહાર નથી. આ વાત તો અનુભવથી પણ સમજાય તેમ છે. એટલે જ દૂધ અને પાણી જેમ એકમેક થઈને સાથે રહે છે તથા વિષ અને રૂધિર જેમ એકમેક થઈને સાથે રહે છે તેમ શરીર અને આત્મા એકમેક થઈને સાથે જ રહે છે. આત્મા આધેય છે અને શરીર આધાર છે.

પરંતુ પુરુષ અને સરોવરની જેમ દેશવ્યાપી નથી. જેમ સરોવરમાં સ્નાન કરતો પુરુષ સરોવરના એક દેશમાં જ છે. સર્વત્ર નથી. તેની જેમ આત્મા પણ શરીરના એક ભાગમાં હોય અને એક ભાગમાં ન હોય એમ દેશભાગમાત્રમાં જ હોય એવું નથી.

પુરુષપણું સંપૂર્ણ શરીરમાં લગભગ સર્વત્ર છે. તેની જેમ શરીરના એક ભાગમાં જ આત્મા હોય અને શરીરપણું આખા શરીરમાં હોય છે આવું બનતું નથી. આત્મા અને શરીરમાં એકજીવદ્રવ્ય વ્યાપ્ય હોય (ન્યૂનદેશવૃત્તિ હોય) અને શરીરવ્યાપક હોય (અધિક દેશવૃત્તિ હોય) આવું હોતું નથી. આવી સંભાવના પણ નથી. આ વાત કૃત્સ્ન શબ્દના કથનથી સૂત્રકાર ભગવંત પોતે જ જણાવે છે. આત્મા પોતપોતાના આખા શરીરમાં સર્વત્ર વ્યાપ્ત હોય છે.

હાથીનો જીવ હાથીના શરીરમાં વ્યાપ્ત થઈને રહે છે અને કીડીનો આત્મા કીડીના શરીરમાં વ્યાપ્ત થઈને રહે છે અને મનુષ્યનો જીવ મનુષ્યના શરીરમાં વ્યાપ્ત થઈને રહે છે શરીર જેમ જેમ વધે છે તેમ તેમ આત્મપ્રદેશોનો વિકાસ થાય છે અને શરીર જેમ જેમ સંકોચાય છે તેમ તેમ આત્મપ્રદેશો પણ સંકોચાઈને રહે છે પરંતુ રહે છે શરીરમાત્રમાં જ, કેવલી સમુદ્‌ઘાત વેળાએ આ જ જીવ શરીરમાં જે હતો તે લોકાકાશમાં વ્યાપ્ત થાય છે અને ફરીથી સંકોચાઈને શરીરવ્યાપી પણ બન્ને છે. ફક્ત વધેલા નખમાં અને વધારે વધેલા વાળમાં જીવ રહેતો નથી. ॥૫-૧૩॥

❋ ❋ ❋

**અવતરણ :-** अथ पुद्‌गलानां कथमवगाहो "लोकाकाश" इत्युच्यते ॥

**અવતરણનું ગુજરાતી :-** હવે પુદ્‌ગલ દ્રવ્યોની અવગાહના કેવી છે ? લોકાકાશમાં જ અવગાહના છે. પરંતુ તેમાં કંઈક વિશેષતા છે તે જણાવવા માટે હવે કહેવાય છે.

## सूत्रम् :- एकप्रदेशादिषु भाज्यः पुद्‌गलानाम् ॥५-१४॥

**સૂત્રાર્થ :- એક આકાશપ્રદેશમાં તથા બે-ત્રણ-ચાર આદિ આકાશપ્રદેશોમાં એમ પુદ્‌ગલોની અવગાહના વિકલ્પે (ભજનાએ) હોય છે. ॥૫-૧૪॥**

**भाष्यम् :- अप्रदेशसङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशानां पुद्‌गलानामेकादिष्वाकाशप्रदेशेषु भाज्योऽवगाहः ॥ भाज्यो विभाज्यो विकल्प्य इत्यनर्थान्तरम् ॥ तद्‌यथा - परमाणोरेकस्मिन्नेव प्रदेशे, द्व्यणुकस्यैकस्मिन् द्वयोश्च, त्र्यणुकस्येकस्मिन् द्वयोस्त्रिषु च, एवं सङ्ख्येयेषु असङ्ख्येयेषु च अनन्तप्रदेशस्य च ॥**

***ભાષ્યનું ગુજરાતી :- અપ્રદેશી (પરમાણુ)ની, તથા સંખ્યાતપ્રદેશી અને***

**અસંખ્યાતપ્રદેશી તથા અનંતપ્રદેશી સ્કંધોની અવગાહના એક આકાશપ્રદેશાદિમાં ભજનાએ જાણવી. ભાજ્યશબ્દ વિભાજ્યશબ્દ અને વિકલ્પ્યશબ્દ આ ત્રણે શબ્દો એકાર્થક જાણવા. તે આ પ્રમાણે પરમાણુની અવગાહના એક આકાશપ્રદેશમાં, દ્વયણુકની એક અથવા બે પ્રદેશમાં, ત્ર્યણુકની એક, બે, અથવા ત્રણ આકાશપ્રદેશમાં, આ પ્રમાણે ચતુરણુકાદિની સંખ્યાત અને અસંખ્યાતપ્રદેશમાં અવગાહના જાણવી ॥૫-૧૪॥**

**संस्कृत टीका :-** एकप्रदेशादिष्वित्यादि सूत्रम् । एकप्रदेशादिष्विति समानाधिकरणगर्भो बहुव्रीहिः । एकश्चासौ प्रदेशश्चेति ॥ प्रदेश उक्तलक्षणः ॥ एकप्रदेशः आदिर्येषां तेष्वेकप्रदेशादिषु प्रदेशेषु पुद्गलानामणुप्रभृतीनामवगाहो व्याख्येयः ॥

**ગુજરાતી ભાષાંતર :-** एकप्रदेशादिषु ઈત્યાદિ સૂત્રમાં જે પાઠ છે તેમાં સમાનાધિકરણ કર્મધારય સમાસથી ગર્ભિત એવો બહુવ્રીહિ સમાસ જાણવો. "एकश्चासौ प्रदेशश्च इति एकप्रदेशः" એક એવો જે પ્રદેશ તે એકપ્રદેશ આ પ્રમાણે આ કર્મધારય સમાસ થયો, અહીં પ્રદેશ કોને કહેવાય ? તે વાત પૂર્વે સમજાવેલી છે.

આ પ્રમાણે કર્મધારય સમાસ કર્યા પછી "एकप्रदेशः आदिर्येषां ते" તે એકપ્રદેશ છે આદિમાં જેઓને તે एकप्रदेशादि કહેવાય છે આ બહુવ્રીહિ સમાસ થયો. तेषु एकप्रदेशादिषु प्रदेशेषु = તે એકપ્રદેશથી આરંભીને ઘણા ઘણા પ્રદેશોવાળા પુદ્ગલસ્કંધોની અવગાહના જાણવી. સારાંશ કે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં એક પરમાણુથી પ્રારંભીને સંખ્યાત અસંખ્યાત અને અનંતાણુક સુધીના સ્કંધોની અવગાહના એક આકાશપ્રદેશ આદિથી અસંખ્યાતાકાશ-પ્રદેશોમાં જાણવી. પરંતુ અનંત આકાશપ્રદેશોમાં અવગાહના હોતી નથી. કારણ કે અનંત આકાશપ્રદેશમાં જો અવગાહના વિચારીએ તો અલોકમાં પણ અવગાહના લેવી પડે તે ઉચિત નથી.

આ પ્રમાણે સંખ્યાતપ્રદેશી સ્કંધોની અવગાહના એક આકાશપ્રદેશથી પ્રારંભીને સંખ્યાત આકાશપ્રદેશો સુધીમાં હોય છે એમ જાણવું. તથા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અવગાહના એક આકાશપ્રદેશથી પ્રારંભીને અસંખ્યાત આકાશપ્રદેશો સુધીની જાણવી તથા અનંતપ્રદેશી સ્કંધોની અવગાહના પણ એક આકાશપ્રદેશથી પ્રારંભીને વધુમાં વધુ અસંખ્યાત પ્રદેશોવાળા ક્ષેત્રમાં જ હોય છે. (પરંતુ અનંત આકાશપ્રદેશોમાં અવગાહના હોતી નથી). કારણ કે અનંત આકાશમાં અવગાહના છે આમ જો કહીએ તો અલોકાકાશમાં પણ અવગાહના તે પુદ્ગલસ્કંધોની લેવી પડે અને અલોકાકાશમાં આકાશ વિના અન્ય કોઈ પણ

દ્રવ્યની અવગાહના નથી. (આકાશ જ માત્ર છે). તે માટે લોકાકાશમાં જ સર્વેની અવગાહના સમજવી.

अप्रदेशेत्यादि भाष्यम् । अविद्यमानद्रव्यान्तरप्रदेशः परमाणुरप्रदेशः स्वयं च प्रदेशः ॥ प्रचयविशेषात् सङ्ख्येयपरमाणुघटितः सङ्ख्येयप्रदेशः पुद्गलः ॥ एवमसङ्ख्येयानन्तप्रदेशावपि स्कन्धौ पुद्गलौ इति वाच्यौ ॥ एकादिष्वाकाशप्रदेशेष्विति सूत्रावयवं स्पष्टतरेण वृत्तिवाक्येन व्याचष्टे ॥

एक आदिर्येषामाकाशप्रदेशानां तेषु भाज्यः अवगाहः अप्रदेशादीनाम् ॥ अनेकार्थत्वाद् धातूनां विभाष्यो विकल्प्य इत्याह–विशेषेणातिशयेन परमाणूपक्रमेण भाषणीयो व्याख्येयः विकल्पस्तु भेदसम्भवे–यथा द्वयणुकस्येकस्मिन् प्रदेशे, द्वयोश्च इत्यादि भाष्यं सुज्ञानमेव । परमाणोस्तु भेदाभावादेकस्मिन्नेव प्रदेशेऽवगाह इति विकल्पाभावः ॥

**ગુજરાતી ભાષાંતર :-** अप्रदेश ઈત્યાદિ પાઠવાળા ભાષ્યનો અર્થ હવે ટીકામાં સમજાવાય છે. (૧) નથી વિદ્યમાન દ્રવ્યાન્તર એવા પ્રદેશો જેને એવો એક જે પરમાણુ છે. તેને "अप्रदेश" કહેવાય છે. બહુવ્રીહિ સમાસ કરવાથી અન્યપદની પ્રધાનતાવાળો આ સમાસ થયેલો છે જેને પ્રદેશો નથી તે એક એવો જે અણુ (એક એવો જે પરમાણુ) તે अप्रदेश કહેવાય છે. न सन्ति प्रदेशाः यस्य स अप्रदेश આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરવો. જે પરમાણુને પ્રદેશો નથી એવો અંતિમ જે અણુ છે. તેને જ પરમાણુ કહેવાય છે.

પરંતુ પરમાણુ પોતે જ સ્વયં પ્રદેશાત્મક અવશ્ય છે, આ પ્રમાણે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના નાનામાં નાના નિર્વિભાજ્ય એવા ભાગને પરમાણુ કહેવાય છે. આવા પ્રકારના બે/ત્રણ/ચાર એમ યાવત્સંખ્યાતા પ્રદેશો સાથે મળીને જે સ્કંધો બન્યા હોય છે તેવા સ્કંધોને સંખ્યાત પ્રદેશી સ્કંધો કહેવાય છે. એ જ પ્રમાણે પ્રત્યયવિશેષ થવાથી તથા એકાકાર સમૂહવિશેષ થવાથી અસંખ્યાતા અને અનંતા અણુઓના જે સ્કંધો બને છે તેને અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી સ્કંધો કહેવાય છે.

આ તમામ સ્કંધો એક આકાશપ્રદેશમાં પણ રહી શકે છે અને તેનાથી (એકથી) અધિક બે/ત્રણ/ચાર યાવત્ સંખ્યાત અને અસંખ્યાત આકાશપ્રદેશમાં પણ રહી શકે છે આવું સૂત્રમાં મહાપુરુષોએ જે કહ્યું છે તે વાતને આધારે વધારે સ્પષ્ટતર કરતા એવા ટીકાકારશ્રી ટીકાના પદો દ્વારા સ્પષ્ટપણે આ અર્થ સમજાવી રહ્યા છે.

"एक आदिर्येषामाकाशप्रदेशानाम्" = "એક છે આદિમાં જેને એવા જે આકાશપ્રદેશો તે एकादि આકાશપ્રદેશ કહેવાય છે. તે સર્વમાં ભજનાએ (વિકલ્પે) છે અવગાહના જેની એવા તે (૧) अप्रदेश (પરમાણુ), (૨) સંખ્યાતપ્રદેશી સ્કંધો (૩) અને અસંખ્યાતપ્રદેશી

સ્કંધો (૪) તથા અનંતપ્રદેશી સ્કંધો હોય છે. ધાતુઓના અનેક અર્થો થતા હોવાથી અહીં જે વિશેષ અર્થ લેવાનો છે તે સમજાવે છે."

"પરમાણુથી પ્રારંભીને દ્વયણુકાદિ આ સર્વ સ્કંધો વિશેષ અતિશય વાળા જાણવા (સમજવા). ધાતુના અનેક અર્થો થતા હોવાથી ભિન્ન ભિન્ન અર્થનો સંભવ હોવાથી અહીં **વિકલ્પ** અર્થ લેવો. વિકલ્પ અર્થ સમજવો તે વિકલ્પનો અર્થ આ પ્રમાણે જાણવો.

(૧) દ્વયણુકનો જે સ્કંધ છે તે એક આકાશપ્રદેશમાં પણ રહે છે અને વધુમાં વધુ બે આકાશપ્રદેશમાં પણ રહે છે.

(૨) એવી જ રીતે ત્ર્યણુકનો જે સ્કંધ છે તે એક આકાશપ્રદેશમાં પણ રહે છે બે આકાશપ્રદેશમાં પણ રહે છે અને વધારેમાં વધારે ત્રણ આકાશપ્રદેશમાં પણ રહે છે. આ પ્રમાણે આગળ આગળ પણ સમજવું. ભાષ્યનો આ પાઠ આ રીતે સુખે સમજાય તેવો છે.

ફક્ત તેમાં પરમાણુ નામનું જે દ્રવ્ય છે તેમાં ભેદો ન હોવાથી (ઘણા અણુઓ ન હોવાથી) એક આકાશપ્રદેશમાં જ તેની અવગાહના હોય છે તેથી તે પરમાણુની અવગાહનામાં એક જ આકાશપ્રદેશ લેવાનો હોય છે. શેષ વિકલ્પો ત્યાં સંભવતા નથી. જ્યાં સ્કંધ હોય અને ઘણા પરમાણુઓ હોય ત્યાં જ એક આકાશપ્રદેશ અથવા બે/ત્રણ/ચાર/સંખ્યાત કે અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાહના હોય તેવા વિકલ્પો હોય છે.

પરંતુ પરમાણુમાં તો આવા ભેદોનો સંભવ નથી. તેથી વિકલ્પો ન કરવા. ફક્ત એક આકાશપ્રદેશમાં જ તે પરમાણુની અવગાહના હોય છે એમ જાણવું પણ ત્યાં બીજા વિકલ્પો હોતા નથી.

कथं पुनरेकत्राकाशप्रदेशेऽत्यन्तसूक्ष्मेऽसङ्ख्येयादिप्रदेशाः स्कन्धाः प्रतिष्ठां प्रतिपद्यन्ते ? न हि घटे चतुरुदधिजलावस्थानमस्ति, अतिबहुत्वादल्पाकाशत्वाच्च घटस्येति ॥

अत्रोच्यते - ननु प्रवचनविशेषाद्दन्तिदन्तशकलमल्पप्रदेशावगाहि दृष्टम् । भेण्डखण्डं तु तावत्परिमाणमेव बहुतराकाशप्रदेशव्यापि दृष्टम् ॥ अथ च बहुतरावयवता कुञ्जरदन्तसकले, तस्मात् परिणतिविशेष एवासौ तादृशः परमसूक्ष्मो येनानन्ता अपि परमाणवः स्कन्धीभूताः प्रदेशमेकमाश्रित्य विहायसो वर्तन्ते ॥ यथा वाऽतिनिबिडेनायस्पिण्डेन व्याप्ते नभोदेशे निरन्तरे भस्त्रासमीरणसमीरिताः पुनर्विभावसोरवयवास्तत्रानुमज्जन्ति । विध्याप्यमाने च विगतरन्ध्रेऽयसि प्रतप्ते वारिलेशाः सूक्ष्मपरिणामवर्तिनो निर्व्याहति ॥

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** અતિશય સૂક્ષ્મ એવા એક આકાશપ્રદેશમાં અસંખ્યાત આદિ પ્રદેશોવાળા સ્કંધો (અર્થાત્ અસંખ્યાતપ્રદેશી અનંતપ્રદેશી અને સંખ્યાતપ્રદેશી આવા

સ્કંધો) કેવી રીતે પ્રતિષ્ઠાને પામે ? અર્થાત્ કેવી રીતે સમાઈ શકે ? કેવી રીતે રહી શકે ? કારણ કે સ્થાનભૂત એટલે કે આધારભૂત આકાશ ફક્ત એક જ આકાશપ્રદેશ પ્રમાણ જ્યાં હોય ત્યાં સંખ્યાત અને અસંખ્યાતપ્રદેશી પુદ્‌ગલસ્કંધો કેવી રીતે સમાય ?

જેમ એક ઘડામાં ચાર મહાસાગરનું જળ કેમ ભરાય ? અર્થાત્ ન જ ભરાય. કારણ કે ચાર સમુદ્રનું પાણી અતિશય ઘણું જ છે અને ઘટમાં જગ્યા ઘણી જ અલ્પમાત્રામાં છે. તેથી એક ઘડામાં ચાર સમુદ્રનું પાણી સમાતું નથી. તેવી જ રીતે એક જ આકાશપ્રદેશમાં સંખ્યાત અને અસંખ્યાત પ્રદેશોવાળાં (અને અનંત પ્રદેશોવાળાં) પુદ્‌ગલદ્રવ્યો કેવી રીતે સમાય ? અર્થાત્ ન જ સમાઈ શકે આવો શિષ્યનો પ્રશ્ન છે.

अत्रोच्यते - ઉપરના પ્રશ્નનો હવે અહીં ઉત્તર અપાય છે આ જે સ્કંધો બન્યા છે. તે પ્રચયવિશેષો (સમૂહવિશેષ) જ છે. જેમ રૂનો ઢગલો પોલાણવાળો હોવાથી પાંચ દશ કિલો રૂનો ઢગલો ઘણું ક્ષેત્ર રોકે પરંતુ પાંચ દશ કિલો લોખંડનો ટુકડો નક્કર હોવાથી (એટલે કે પોલાણ વિનાનો હોવાથી) રૂના ઢગલાની અપેક્ષાએ ઘણી જ અલ્પ જગ્યામાં સમાય છે. તેવી જ રીતે ભેણ્ડ ખંડ (ઘેટાના શીંગડાનો ટુકડો) (ભલે હાથીના દંતશુલ જેવડો જ લઈએ) તો પણ પરિમાણ (લંબાઈ-પહોળાઈ) વિગેરે માપ સરખું હોવા છતાં પણ બહુતર (ઘણા જ) આકાશપ્રદેશોમાં વ્યાપીને રહે અને હાથીના દાંતનો ટુકડો ઘનીભૂત હોવાથી અલ્પપ્રદેશોમાં જ અવગાહના કરે છે. જગતના તમામ લોકો વડે આવાં ઉદાહરણો જોવાયાં જ છે.

સારાંશ કે હાથીનો દાંત અલ્પ આકાશપ્રદેશોમાં રહી શકે છે. પરંતુ તેટલા જ માપવાળો ઘેટાના શીંગડાનો ટુકડો બહુતર પ્રદેશવાળા મોટા ક્ષેત્રમાં જ અવગાહના કરી શકે છે કારણ કે તેમાં પોલાણ છે. તેમ આ વાત અહીં સમજી લેવી.

अथ હવે પુદ્‌ગલોમાં ઘનીભૂત થવાનો સ્વભાવ હોવાથી કુંજરદંતશકલે (હાથીના દાંતના ટુકડામાં) બહુતર અવયવવાળાપણું છે તેથી ત્યાં તેવા પ્રકારનો અતિશય સૂક્ષ્મ આવા પ્રકારની પરિણતિવિશેષ જ (દ્રવ્યનો પરિણામવિશેષ જ) કારણ છે. જે પરિણામવિશેષના કારણે અનંતા એવા પણ અણુઓ સાથે મળીને સ્કંધસ્વરૂપ બન્યા છતા ઘનીભૂત થઈને એક આકાશપ્રદેશને આશ્રયીને પણ તે પ્રદેશમાં વર્તી શકે છે (રહી શકે છે).

આ જ વાત દૃષ્ટાન્ત આપીને સમજાવાય છે કે જેમ અતિશય નિબિડ (નક્કર-પોલાણ વિનાના) લોખંડના ટુકડા વડે ભરપૂર ભરાયેલા એવા, આંતરા વિનાના આકાશપ્રદેશમાં નિરન્તરપણે (સતતપણે) ધમણ ચલાવવા દ્વારા છોડાયેલા વાયુથી પ્રેરણા પામેલા અને અતિશય વૃદ્ધિને પામેલા અગ્નિદ્રવ્યના નાના નાના કણીયા (અણુઓ) તે લોખંડના પિંડમાં જગ્યા પ્રાપ્ત કરે જ છે. તેમ આ વાત અહીં સમજવી. લોખંડનો ટુકડો નક્કર હોવા છતાં પણ અગ્નિના તે કણો વ્યાપ્ત થાય જ છે તેમ અહીં સમજવું.

અથવા બીજુ દષ્ટાંત આપે છે કે જેમાં નાનું પણ એક પણ છિદ્ર નથી એવો લોખંડનો ટુકડો આગના ભઠ્ઠામાં ઘણો જ તપાવ્યો હોય ત્યારે તે તપાવેલા લોખંડના ટુકડા ઉપર પાણીનાં બિંદુઓ જો નાખવામાં આવે તો તે આગમાં તે જળબિંદુઓ સમાઈ જ જાય છે તેની જેમ ઘનીભૂત થવા સ્વરૂપ પ્રચયવિશેષ થવાથી થોડી જગ્યામાં પણ ઘણા ઘણા પ્રદેશોવાળા સ્કંધો સુખે સુખે સમાઈને રહી શકે છે તેમાં બીજું કંઈ વિચારવા જેવું છે જ નહીં.

प्रविशन्त्येवेत्येवमागोपालाङ्गनादिजनप्रतीतमाकाशस्य दुर्भरत्वमिति मा मुहः, सिकताकणनिकरेण वा परिपूरिते प्रस्थके प्रस्थक एवापरोऽपां विशन् दृष्टः ॥ एकप्रदीपप्रभावितानकावभासिते च गर्भगृहकादौ प्रदीपसहस्रप्रभाजालाकारपरिणतपुद्गलानुप्रवेशः प्रत्यक्षप्रमाणसमधिगतस्तद्वदेवैकाकाशप्रदेशे घनपरिणतिविशेषाभ्युपगमादनन्तपरमाणुघटनाविनिर्मितस्कन्धावसानमवसेयमिति ॥५-१४॥

**ગુજરાતી ભાષાંતર :-** તપેલો લોઢાનો નક્કર ગોળો હોવા છતાં પણ (અર્થાત્ તેમાં) જરા પણ પોલાણ ન હોવા છતાં પણ પાણીનાં બિંદુઓ તેમાં પ્રવેશ પામે જ છે. આ વાત ગોવાળથી પ્રારંભીને સ્ત્રીવર્ગ સુધીના તમામ ઓછા જ્ઞાનવાળા જીવોમાં પણ પ્રસિદ્ધ જ છે. (ગાયો ચારનાર ગોવાળ એટલે ભરવાડ લોકો તથા પુરુષોની અપેક્ષાએ હીનશક્તિવાળી ગણાતી સ્ત્રીઓ આમ આ બે ઉદાહરણો શાસ્ત્રકારોએ આપ્યાં છે જેમ ગોવાળથી અંગના સુધીના જીવો જે સામાન્યપણે ઉપર ઉપરના વ્યવહારથી અલ્પબુદ્ધિવાળા કહેવાય છે તેવા જીવોમાં પણ આ વાત જાણીતી છે.)

આ કારણથી આમ સમજાય જ છે કે આકાશ સદાકાળ દુર્ભર જ છે. વિવક્ષિત આકાશમાં ગમે તેટલું નાખો તો પણ સમાઈ જ જાય છે. આકાશ ક્યારેય તેમાં આવતા પદાર્થોથી ધરાતું નથી. મારામાં હવે જગ્યા નથી એમ ના પાડતું નથી. સારાંશ કે દુર્ધર છે. માટે હે શિષ્ય ! આ બાબતમાં જરા પણ મુંઝાવા જેવું નથી એક જ જવાબ છે **"આકાશ દુર્ધર છે"**.

અથવા બીજું પણ એક ઉદાહરણ છે કે જે અમે તમને સમજાવીએ છીએ તે આ પ્રમાણે - રેતીના કણીઆઓના સમૂહ વડે અતિશય ભરપૂર ભરેલા એક પ્રસ્થકમાં (પાલી અથવા અનાજ ભરવાનું મણિકા જેવું કોઈ પાત્રવિશેષ તેમાં) રેતીના કણો ભરપૂર ભરેલા હોવા છતાં પણ વધારે રેતી ન સમાય તેમ હોવા છતાં પણ ધીરે ધીરે પાણી નાખીએ તો બીજું પણ એક પ્રસ્થક જેટલું પાણી તે રેતીમાં પ્રવેશી શકે છે. આવું જગતમાં પ્રત્યક્ષ દેખાય જ છે તેમ આ વિષય જાણવો.

અથવા આ વિષય સમજાવવા ત્રીજું એક ઉદાહરણ ટીકાકારશ્રી આપે છે કે એક જ દીપકના પ્રકાશના કિરણો વડે પ્રકાશિત થયેલા ગર્ભગૃહાદિમાં (ભોંયરામાં તથા આદિ

શબ્દથી ઘરના ઓરડામાં અથવા ઘરમાં) પ્રકાશ ભરપૂર રીતે ભરાયો હોવા છતાં પણ જો ત્યાં જ બીજા હજારો દીપકો પ્રગટાવીએ તો બીજા હજારો દીપકની પ્રભાના સમૂહો ત્યાં જ પ્રવેશ પામતા પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય જ છે. તેની જેમ જ એક જ આકાશપ્રદેશમાં ઘનીભૂત થયેલી પરિણતિવિશેષ સ્વીકારવાથી અનંત અનંત પરમાણુઓની રચનાથી બનેલા સ્કંધોનું અવસ્થાન (રહેઠાણ) પણ બની શકે છે. અર્થાત્ બીજા ઘણા સ્કંધો પણ સારી રીતે રહી શકે છે. તેમાં શંકા કરવા જેવું કશું છે જ નહીં. ||૫-૧૫||

※ ※ ※

**અવતરણ :-** अथ जीवानां कियति क्षेत्रेऽवगाह इति ? उच्यते = હવે જીવોની કેટલા કેટલા ક્ષેત્રમાં અવગાહના હોય છે ? તે વિષય જણાવે છે :-

## सूत्रम् :- असङ्ख्येयभागादिषु जीवानाम् ॥५-१५॥

## સૂત્રાર્થ :- જીવોની અવગાહના લોકાકાશના અસંખ્યાતમા ભાગથી પ્રારંભીને અધિક અધિક ક્ષેત્રમાં હોય છે. ||૫-૧૫||

**संस्कृत टीका :-** असङ्ख्येयभागादिषु इत्यादि सूत्रम् ॥ असङ्ख्येयभागादिष्विति समानाधिकरणगर्भो बहुव्रीहिः । लोकाकाश इति अनुवर्तते सप्तम्यन्तम् ॥ अर्थवशाच्च विभक्तेः परिणाम इति लोकाकाशस्यासङ्ख्येयभागादिष्वित्यभिसम्बन्धनीयम् ॥ असङ्ख्येयश्चासौ भागश्च, स आदिर्येषां तेऽसङ्ख्येयभागादयस्तेऽसङ्ख्येया एव भागाः ॥ तत्र कदाचिदेकस्मिन् लोकाकाश-प्रदेशासङ्ख्येयभागे, कदाचिद् द्वयोरसङ्ख्येयभागयोः, कदाचित् त्रिष्वित्यादि जीवानामवगाहो भवति ॥

**ગુજરાતી ભાષાંતર :-** "असङ्ख्येय भागादिषु" ઈત્યાદિ સૂત્રનો અર્થ સમજાવાય છે. "असङ्ख्येयभागादिषु" આ પદમાં સમાનાધિકરણ ગર્ભિત બહુવ્રીહિ સમાસ કરવામાં આવ્યો છે. असङ्ख्येश्चासौ भागश्चेति असङ्ख्येयभागः આ કર્મધારય સમાસ થયો ત્યારબાદ "स आदौ येषाम्" તે છે આદિમાં જેને તે असङ्ख्येयभागादि આમ કર્મધારયથી ગર્ભિત બહુવ્રીહિ સમાસ જાણવો.

लोकाकाशे = આ સપ્તમી વિભક્તિવાળું પદ સૂત્ર નંબર ૫-૧૨ માં છે. ત્યાંથી આ સૂત્રમાં તેની અનુવૃત્તિ આવે છે તથા જે ચાલુ પ્રકરણ હોય તેને અનુસારે ઉપરથી અનુવૃત્તિ સ્વરૂપે લાવેલા પદમાં વિભક્તિનો બદલો પણ થાય છે. તેથી लोकाकाशे જે સપ્તમી વિભક્તિ વાળું પદ છે. તે ષષ્ઠીવાળું કરાય છે. તેથી लोकाशस्य આવો અર્થ કરવો. એટલે કે લોકના અસંખ્યાતમા ભાગથી પ્રારંભીને અધિક અધિક ક્ષેત્રમાં આ જીવની અવગાહના હોય છે એમ સૂત્રનો સંબંધ કરવો.

કોઈપણ એક જીવની અવગાહના ઓછામાં ઓછી લોકનો એક અસંખ્યાતમો ભાગ હોય છે તેનાથી વધતાં વધતાં લોકના બે અસંખ્યાતમા ભાગ, સંખ્યાતમો ભાગ વિગેરે રૂપે ક્ષેત્રની અવગાહનાનો વધારો થતાં થતાં કેવલી સમુદ્ઘાતકાલે સંપૂર્ણ લોકાકાશના સર્વપ્રદેશોમાં પણ આ એક જીવની અવગાહના ઉત્કૃષ્ટથી હોય છે આમ સમજવું.

**भाष्यम् :- लोकाकाशप्रदेशानामसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति, आ सर्वलोकादिति ॥५-१५॥**

**ભાષ્યનું ગુજરાતી :- લોકાકાશના જે આકાશપ્રદેશો છે તેના અસંખ્યાતમા ભાગ આદિમાં જીવોની અવગાહના હોય છે અર્થાત્ વધતી વધતી સમગ્ર લોકાકાશમાં પણ અવગાહના હોઈ શકે છે.**

**भाष्यम्-अत्राह :- को हेतुरसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति ? अत्रोच्यते-**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક જિજ્ઞાસુ જીવ પ્રશ્ન કરે છે કે જીવની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ આદિમાં જ હોય છે તેનું શું કારણ છે ? તેનો ગુરુજી વડે હવે ઉત્તર અપાય છે.**

**संस्कृत टीका :-** लोकाकाशेत्यादि भाष्यम् । अमुना भाष्येणाधिकारानुवृत्तिं दर्शयति विभक्तिपरिणतिं च ॥ लोकाकाशप्रदेशाः सर्व एवासङ्ख्येयास्ते पुनरसङ्ख्येयैर्भागैर्धिया विभज्यन्तेऽङ्गुलासङ्ख्येयभागप्रमाणैः ॥ तत्रैकस्मिन्नसङ्ख्येयप्रदेशे वियत्खण्डे जघन्यत एकजीवस्यावगाहो भवति कार्मणशरीरानुविधायित्वात् ॥

कश्चित् पुनस्तादृशं खण्डद्वयमाक्रम्य वर्तते । कश्चित् त्रीणि तादृशं परश्चत्वारीत्यादि यावत् सकललोकाकाशमन्यो व्याप्यावतिष्ठते । समुद्घातकाले केवल्येव, नापरः ॥ लोकमर्यादया न पुनरलोकाकाशस्यैकमपि देशमाक्रामयतीति दर्शयति ॥५-१५॥

**ગુજરાતી ભાષાંતર :-** "लोकाकाशस्य" ઈત્યાદિ પદોવાળા ભાષ્યના પાઠનો અર્થ હવે સમજાવાય છે. ભાષ્યના આ પાઠમાં અધિકારની અનુવૃત્તિ તથા વિભક્તિનું રૂપાન્તર આ બે વિષય વિશેષપણે દર્શાવાય છે. લોકાકાશના (ચૌદ રાજલોકપ્રમાણ લોકના) આકાશપ્રદેશો અસંખ્યાતા માત્ર જ છે. (અનંતા નથી) તે તમામ આકાશપ્રદેશોના બુદ્ધિથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વડે ભાગો કરાય છે. (બુદ્ધિમાત્રથી ખંડો કલ્પાય છે) જેથી આવા

અસંખ્યાતા ખંડો થાય છે. ત્યાં સર્વથી નાની અવગાહના વાળો નિગોદનો જીવ લઈએ અને તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશખંડમાં હોય છે. કાર્મણશરીરને અનુસારે આ અવગાહના હોય છે. અને તે નાનામાં નાની આટલી અવગાહના નિગોદમાં હોય છે. સૂક્ષ્મનિગોદનો જીવ આટલી નાની અવગાહનામાં રહે છે.

વળી નિગોદનો બીજો કોઈક જીવ થોડીક વધારે અવગાહનાવાળો અર્થાત્ લોકના અસંખ્યાતમા બે ભાગપ્રમાણ અવગાહનાવાળો એટલે તેટલા ક્ષેત્રમાં રહેનારો હોય છે જ્યારે કોઈક નિગોદનો ત્રીજો જીવ તેટલા જ અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ કંઈક અધિકક્ષેત્રમાં અવગાહના કરનાર હોય છે. परस्तु चत्वारि તથા વળી ચોથો કોઈક જીવ પ્રથમ જીવ કરતાં ચાર આકાશપ્રદેશ જેટલા વધારે ક્ષેત્રવાળા અંગુલના અસંખ્યાતમા ભાગમાં અવગાહના કરનાર પણ હોય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ (-સૂક્ષ્મ-બાદર નિગોદ-પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો બેઈન્દ્રિયાદિ જીવ એમ યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોની અવગાહના વધારે વધારે હોય છે. એમ કરતાં સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં આવીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને કેવલી સમુદ્ઘાત કરતા એવા કેવલજ્ઞાની ભગવાનની અવગાહના અમુક સમયોમાં સમગ્ર લોકાકાશપ્રમાણ પણ થાય છે.

लोकाकाशं व्याप्य अन्यः अवतिष्ठते આ પ્રમાણે એકજીવની અવગાહના જુદા જુદા ભવોમાં વધતાં વધતાં કેવલી સમુદ્ઘાતકાલે યાવત્ સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈને રહેલો જીવ પણ હોઈ શકે છે. કેવલી સમુદ્ઘાતમાં વર્તતો જીવ યાવત્ સમગ્ર લોકાકાશવ્યાપી પણ થાય છે.

એટલે જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અવગાહના સમગ્ર લોકાકાશપ્રમાણ પણ હોય છે પરંતુ જ્યાં સુધી લોકાકાશની મર્યાદા છે ત્યાં સુધીની જ અવગાહના હોય છે પરંતુ અલોકાકાશના એક આકાશપ્રદેશમાં પણ જીવની અવગાહના થતી નથી. આ પ્રમાણે એકજીવની જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના સમજાવી. ॥૫-૧૫॥

❋ ❋ ❋

**संस्कृत टीका :-** अत्राह-इत्यादि सम्बन्धग्रन्थः ॥ एवं मन्यतेऽवधृतासङ्ख्येयप्रदेशपरिमाणस्य कार्मणशरीरापादितौदारिकादिशरीरसम्बन्धादल्पबहुप्रदेशव्यापितायां को हेतुरख्येयभागादिष्वित्यादि ॥ न हि तुल्यपरिमाणानां पटादीनामवगाहे वैषम्यं दृष्टम् । अस्यापि तुल्यप्रदेशत्वात् किमिति तथा नाभ्युपेयत इत्याक्षिप्ते, अत्रोच्यते-इत्याह :- अत्र प्रश्ने प्रतिविधीयते -

**ગુજરાતી ભાષાંતર :-** ભાષ્યના પાઠમાં अत्राह ઈત્યાદિ જે પાઠ છે ત્યાં અર્થનો સંબંધ આ પ્રમાણે જોડવો = જીવોની અવગાહના લોકાકાશમાં રહેલો જે આકાશ છે તે આકાશમાં જ અંગુલના અસંખ્યાતમા ભાગ આદિમાં હોય છે. યાવત્ સમસ્ત લોકાકાશમાં પણ હોય છે તેમાં શું કારણ વિશેષ છે ?

अत्राह = હવે આ વિષયમાં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે -

સર્વે પણ જીવોના આત્મપ્રદેશોની સંખ્યા નિશ્ચિત અને તુલ્ય સંખ્યાવાળી "અસંખ્યાતની" જ છે. કોઈપણ એક જીવના જેટલા આત્મપ્રદેશો છે બરાબર તેટલા જ આત્મપ્રદેશો બીજા જીવના પણ છે. તેનાથી જરા પણ ઓછા-વધારે નથી. આ પ્રમાણે શાસ્ત્રો દ્વારા જાણ્યું છે. તો પછી કોઈ પણ એક જીવ કાર્મણશરીરની સાથે પ્રાપ્ત કરેલા ઔદારિક શરીરના સંબંધથી ક્યારેક અંગુલના અસંખ્યાતમા ભાગમાત્રમાં જ વ્યાપ્ત થઈને રહે અને ક્યારેક મનુષ્યાદિના ભવમાં પાંચ-સાત હાથ પ્રમાણકાયામાં પણ રહે અને ક્યારેક પાંચસો ધનુષ્યની કાયામાં તથા ક્યારેક ત્રણ ગાઉના શરીરમાં વળી ક્યારેક કેવલી સમુદ્ઘાત કરે ત્યારે સંપૂર્ણ લોકાકાશમાં પણ રહે. આ પ્રમાણે ક્યારેક અલ્પ આકાશપ્રદેશોમાં અને ક્યારેક બહુ જ આકાશપ્રદેશમાં રહે. આવું કેમ બનતું હશે ? तत्र को हेतुः = તેમ બનવામાં શું કારણ હશે ? કે જે કારણને લીધે અંગુલના અસંખ્યાતમા ભાગથી સમગ્ર લોકાકાશ જેટલી ભિન્ન ભિન્ન અવગાહનામાં કોઈ પણ જીવ વ્યાપે છે ! આવું કેમ બનતું હશે ?

કારણ કે તુલ્ય જ માપ છે જેનું એવા પટાદિ (વસ્ત્ર વિગેરે) પદાર્થોની અવગાહનામાં આવી વિષમતા ક્યાંય દેખાતી નથી તો બે સમાન માપના પટમાં હીનાધિકતા નથી. તેથી તેની અવગાહનામાં પણ સમાન જ ક્ષેત્ર રોકાય છે પણ તે વસ્ત્રમાં હીનાધિકતા હોતી નથી. તેની જેમ કીડીના આત્મામાં અને હાથીના આત્મામાં અવગાહનાની બાબતમાં આટલો મોટો તફાવત કેમ ? સમાનતા કેમ નથી સ્વીકારાતી ? આવો કોઈ શિષ્ય દ્વારા પ્રશ્ન કરાયે છતે હવે તેનો प्रतिविधीयते = ઉત્તર અપાય છે :-

## सूत्रम् :- प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् ॥५-१६॥

## સૂત્રાર્થ :- આત્માના પ્રદેશોનો દીપકની જેમ સંકોચ અને વિસ્તાર થવાનો સ્વભાવ છે. (તે કારણથી જીવની અવગાહના ભિન્ન ભિન્ન છે.) ॥૫-૧૬॥

**संस्कृत टीका :-** प्रदेशलक्षणमुक्तम् । एकस्यात्मनः प्रदेशा लोकाकाशप्रदेशराशिमानाः, तेषां संहारः - सङ्कोचः, विसर्गो-विकासस्ताभ्यां संहारविसर्गहेतुभ्यामेतदेवं वैषम्यं प्रदीपवत् ॥ यथा

प्रदीपास्तेजोऽवयवा यथावकाशानुविधायिनः स्वल्पेऽवकाशे सङ्कोचमास्थायासते, महति चोपघ्ने विकाशं भजन्ते, तथात्मनोऽपि प्रकर्षप्राप्तसङ्कोचस्यैकस्मिन्नसङ्ख्येयभागे लोकस्यावस्थान मुत्कृष्टविकाशप्राप्तस्य च केवलिनः सर्वलोकेऽवगाहोऽन्या मध्यमावस्थानेकभेदेति ॥ एतदेव विस्तरेण दर्शयति भाष्यकारः ।

**ગુજરાતી ભાષાંતર :-** પ્રદેશ કોને કહેવાય ? તેનું લક્ષણ પૂર્વે સૂત્ર નંબર (૫-૭ માં) કહ્યું છે. કોઈ પણ એક આત્માના આત્મપ્રદેશો લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે તેટલા જ બરાબર તુલ્ય આત્મપ્રદેશો છે. અર્થાત્ કોઈપણ આત્માના આત્મપ્રદેશો લોકાકાશના આકાશપ્રદેશોની સંખ્યા તુલ્ય જ છે. તથા કોઈ પણ આત્માના આત્મપ્રદેશો સંકોચ કરવાના અને વિસ્તાર કરવાના સ્વભાવવાળા છે. કોઈ પણ એક આત્માના પ્રદેશો જો સંકોચાય તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ તે આત્મા સમાઈ શકે છે અને જો વિસ્તાર પામે તો ચૌદ રાજલોકમાં પણ સમાય તેવો વિસ્તાર પણ આ જીવ કરી શકે છે. તેટલો મોટો જીવ છે.

જેમ કોઈ એક દીપકને સ્ટોરરૂમમાં લઈ જાઓ તો તે દીપક પોતાનો પ્રકાશ તે નાના સ્ટોરરૂમમાં જ વ્યાપ્ત કરે છે અને તે જ દીપકને જો મોટા બેડરૂમમાં લઈ જાઓ તો ત્યાં બેડરૂમમાં વ્યાપ્ત કરે છે. એ જ પ્રમાણે લીવીંગ રૂમમાં, કે ઓસરીમાં અથવા ચોકમાં લઈ જાઓ તો તે જ દીપક પોતાનો પ્રકાશ લીવીંગ રૂમમાં, ઓસરીમાં કે ચોકમાં પણ પ્રસારિત કરે જ છે. સારાંશ કે જે પ્રદીપ પોતાના તેજના અવયવો, જેવો અવકાશ પ્રાપ્ત થયો હોય તેટલા જ ક્ષેત્રમાં બરાબર વ્યાપ્ત થાય છે એટલે કે સ્વલ્પ અવકાશ હોય તો સંકોચને ધારણ કરે છે અને મોટું ક્ષેત્ર પ્રાપ્ત થયું હોય ત્યારે વિકાસને ભજે છે તે જ પ્રમાણે આ આત્મા પણ કીડી કે એકેન્દ્રિયાદિનો ભવ પ્રાપ્ત થયો હોય ત્યારે અતિશય સંકોચ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

તે જ પ્રમાણે પંચેન્દ્રિયાદિનો મનુષ્યનો કે હાથીનો ભવ પ્રાપ્ત થયો હોય તો તે પ્રમાણે ઘણા અધિકક્ષેત્રમાં વિકાસ કરે છે અને વધારેમાં વધારે ઉત્કૃષ્ટથી વિકાસ કરે છે તો કેવલજ્ઞાની ભગવંત કેવલી સમુદ્ઘાતકાલે ત્રીજા-ચોથા અને પાંચમા સમયે ઘણા ખરા લોકાકાશમાં તથા પૂર્ણ લોકાકાશમાં પણ વ્યાપ્ત થાય છે તેટલી મોટી અવગાહનાવાળો પણ આ એક એક જીવ છે.

કેવલી સમુદ્ઘાત વિનાના કાળે પણ સર્વે સંસારી જીવોમાં હીનાધિકપણે અન્ય એવી મધ્યમ અવગાહના એટલે કે અનેક ભેદવાળી અવગાહના પણ હોય છે. આ જ વાત ભાષ્યકાર મહારાજા વિસ્તારથી સમજાવે છે :-

**भाष्यम् :- जीवस्य हि प्रदेशानां संहारविसर्गाविष्टौ प्रदीपस्येव ॥ तद्यथा - तैलवर्त्यग्न्युपादानप्रवृद्धः प्रदीपो महतीमपि कूटागारशालां प्रकाशयति अण्वीमपि, माणिकावृतो माणिकां, द्रोणावृतो द्रोणं, आढकावृतश्चाढकं, प्रस्थावृतः प्रस्थं, पाण्यावृतः पाणिमिति ॥**

**ભાષ્યનું ગુજરાતી :- દીપકના પ્રકાશની જેમ આત્માના પ્રદેશોનો પણ સંકોચ અને વિસ્તાર થાય છે. (૧) તેલ, (૨) વાટ અને (૩) અગ્નિ આ ત્રણ ઉપાદાનકારણોથી વૃદ્ધિ પામેલો દીપક જેમ મોટી કુટાગારશાળાને પણ પ્રકાશિત કરે છે અને તે જ દીપક નાની શાળાને પણ પ્રકાશિત કરે છે તથા મણિકા, દ્રોણ અને આઢક એ નામનાં નાનાં નાનાં માપીયાથી ઢંકાયેલો દીપક હોય તો તેટલી તેટલી નાની ભૂમિને જ પ્રકાશિત કરે છે. તેવી જ રીતે આત્મા પણ નાનું શરીર મળે ત્યારે નાની અવગાહનાવાળો બને છે. અને મોટું શરીર મળે ત્યારે મોટી અવગાહનાવાળો બને છે.**

**संस्कृत टीका :-** जीवस्य हीत्यादि । यस्माज्जीवस्य प्रदेशानां सङ्कोचविकासाविष्येते, पटस्येव पिण्डितविततावस्थायिता, प्रदीपप्रकाशस्येव सङ्कुचनप्रसारणे चर्ममण्डलस्येव संहारविसर्गाविति ।

ननु च तद्वदेवानित्यः स्यात्, असाम्प्रतमिदम् । न हि स्याद्वादिभिः प्रदीपानामनित्यत्वमेकान्ततोऽभ्युपगम्यते द्रव्यपर्यायनयद्वयाविष्टत्वात् सर्वस्य वस्तुन इत्यतो नित्यानित्यादिविकल्पभाजः सर्वे पदार्थाः सङ्गरो जैनानाम् । आत्माऽप्येवंधर्मक एवेति चेत्, सिद्धसाध्यता, एतेनैतदपि प्रत्युक्तम् -

वर्षातपाभ्यां किं व्योम्नश्चर्मण्यस्ति तयोः फलम् ।
चर्मोपमश्चेत् सोऽनित्यः खतुल्यश्चेदसत्फलः ॥

न व्योमेकान्तेन नित्यं, नापि चर्मानित्यमुत्पादादित्रययुक्तत्वाद् विश्वस्य वस्तुनः । तच्चोक्तं दीपस्य सङ्कोचविकासप्रदिदर्शयिषया आह -

तद्यथा - तैलवर्तीत्यादि । भास्वत्किरणनिकरः प्रदीपो माणिकाढकप्रस्थाद्यधिकरणसम्बन्धी निरावरणव्योमसमन्धकारावधृतप्रमाणः तेजोऽवयवसंहारादल्पोऽल्पतरोऽल्पतमो वाऽन्यतमश्च लक्ष्यते । स एव चापनीतसकलस्थगनको विद्योतमानमूलमूर्तिरदभ्रं व्योमदेशमवभासयति । तैलवर्त्यग्न्युपादानप्रवृद्ध इत्यनेनाविकलां कारणसामग्रीमाचष्टे । कुटागारशालादिभिरनेकामवस्थामादर्शयति, अपरित्यक्त स्वात्मावयवोऽप्यनेकमाकारमादत्ते प्रदीपः ॥

**ગુજરાતી ભાષાંતર :-** जीवस्य हि ઈત્યાદિ ભાષ્યના પાઠ ઉપર લખાયેલી ટીકાના અર્થ સમજાવાય છે. જે કારણથી આત્માના આત્મપ્રદેશોનો સંકોચ પણ થાય છે તથા વિસ્તાર પણ થાય છે. આવા પ્રકારનું સંકોચ-વિકાસવાળું આત્માનું સ્વરૂપ છે એમ અમારા વડે (જૈનીઓ વડે) કહેવાય છે મનાય છે અને ઈચ્છાય છે. જેમ કોઈ એક ધોતી અથવા સાડી જેવું વસ્ત્ર હોય તેને પિંડિત (સંકેલેલી) અવસ્થાવાળું કરાય છે. તથા વિતત (વિસ્તાર) વાળી અવસ્થાવાળું પણ કરાય છે. ધોયા પછી ભિનું વસ્ત્ર હોવાથી સુકવવા માટે દોરી ઉપર વિસ્તૃત કરાય છે અને સુકાયા પછી પેટીમાં ભરવાનું હોય ત્યારે સંકેલાય છે તે વસ્ત્રની સંકોચ અને વિસ્તાર એમ બે અવસ્થા છે. તેવી જ રીતે આ આત્મદ્રવ્યની પણ નિગોદાવસ્થામાં, કીડી-મકોડાદિના ભવમાં, મનુષ્યાદિના ભવમાં હાથીના ભવમાં અને અન્તે કેવલીસમુદ્ઘાતની વેળામાં સંકોચ અને વિસ્તાર ધર્મવાળી અવગાહના છે.

બીજું એક ઉદાહરણ દીપકનું છે. જેમ દીપક પણ નાનો ઓરડો હોય ત્યારે નાના ક્ષેત્રમાં, અને મોટો ઓરડો હોય ત્યારે મોટા ક્ષેત્રમાં અને ઓસરી-ચોક વિગેરે વિશાળ-વિશાળ ક્ષેત્રમાં દીપક હોય ત્યારે વિશાળ-વિશાળ ક્ષેત્રમાં પ્રકાશ પાથરે છે. તેમ આ જીવની અવગાહના પણ ભવના શરીર પ્રમાણે નાની-મોટી થાય છે.

ત્રીજું એક દૃષ્ટાંત ટીકાકારશ્રી સમજાવે છે કે ચામડાનો મોટો એક ટુકડો (મંડલ) જેમ સંકોચ અને વિસ્તાર પામે છે તેમ આ જીવ પણ આધારભૂત શરીર મળે તે પ્રમાણે સંકોચ અને વિસ્તાર પામે છે માટે આ આત્મા સંકોચ અને વિસ્તાર પામવાના ધર્મવાળો પદાર્થ છે.

**પ્રશ્ન :-** જો આત્મામાં પટની જેમ, ચર્મ (ચાંમડા)ની જેમ, અને દીપકની જેમ સંકોચ અને વિસ્તાર થાય છે એમ માનશો તો વસ્ત્ર, ચામડું અને દીપક આ સર્વ ઉદાહરણો પ્રમાણે જીવ અનિત્ય જ છે આમ એકાન્તે સિદ્ધ થશે.

**ઉત્તર :-** આ પ્રશ્ન બરાબર નથી. असाम्प्रतमिदम् = ઉપરોક્ત એકાન્ત અનિત્યની વાત અસામ્પ્રત છે અયોગ્ય છે. કારણ કે સ્યાદ્વાદી એવા જૈનો વડે ઉપરોક્ત પ્રદીપાદિ (પ્રદીપ, વસ્ત્ર અને ચર્મ ઈત્યાદિ) પદાર્થોમાં પણ એકાન્તે અનિત્યપણું છે જ નહીં. અને તેથી અમારા (જૈનો) વડે એકાન્તે અનિત્યપણું સ્વીકારાતું પણ નથી. કારણ કે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નય એમ બન્ને નયોની અપેક્ષાએ સર્વ વસ્તુઓનું સ્વરૂપ વર્તતું હોવાથી બન્ને નયોની વિવક્ષા યથાયોગ્ય રીતે કરાય છે.

આ કારણથી સર્વે પણ પદાર્થો નિત્ય અને અનિત્ય એમ ઉભય વિકલ્પોને ભજનારા છે. આ પ્રમાણે जैनानां सङ्गरः = જૈનદર્શનના અનુયાયીઓનું કથન છે.

**પ્રશ્ન :-** જો સર્વ વસ્તુઓને નિત્યાનિત્ય એમ ઉભયાત્મક છે. એમ કહેશો તો આત્મા

પણ આવા જ ધર્મવાળો એટલે કે નિત્યાનિત્ય ધર્મવાળો જ થશે. (પરંતુ સર્વદર્શનોમાં લગભગ આમ જ આવે છે કે "આત્મા" અનાદિ-અનંત હોવાથી એકાન્તે નિત્ય જ છે અને બૌદ્ધના મતે સર્વે પણ વસ્તુઓ ક્ષણિક માત્ર હોવાથી આત્મા અનિત્ય જ છે નિત્ય અને અનિત્ય પરસ્પર વિરોધી ધર્મ હોવાથી કોઈ પણ દર્શન આત્માને નિત્યાનિત્ય માનતું નથી. જ્યારે જૈનોની દૃષ્ટિએ ઉપરોક્ત દર્શનોની માન્યતાથી સર્વથા વિરુદ્ધ જ વાત સિદ્ધ થશે. પરંતુ તે કેમ સ્વીકારાય ? નિત્ય અને અનિત્ય બન્ને સ્વરૂપો પરસ્પર વિરુદ્ધ હોવાથી એકમાં બે સ્વરૂપો કેમ હોઈ શકે ? નિત્ય અને અનિત્ય આ બન્નેમાંથી કોઈ પણ એક હોઈ શકે.

**ઉત્તર :-** નિત્યાનિત્ય બન્ને ધર્મો સાથે માનવામાં કોઈ દોષ આવતો નથી. પરંતુ સિદ્ધસાધ્યતા જ થાય છે. કારણ કે સર્વે પણ વસ્તુઓ નિત્યાનિત્ય એમ ઉભય ધર્મવાળી જ છે. દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે અને પર્યાયાર્થિક નયથી અનિત્ય પણ અવશ્ય છે. જેમ અમદાવાદ નામનું એક જ શહેર સૂરતથી અપેક્ષાએ ઉત્તરમાં છે. પાલનપુરની અપેક્ષાએ દક્ષિણમાં છે કપડવંજની અપેક્ષાએ પશ્ચિમમાં છે અને રાજકોટની અપેક્ષાએ પૂર્વમાં પણ છે આમ અમદાવાદ શહેર અપેક્ષાએ ચારે દિશામાં છે. તેમ સર્વત્ર અપેક્ષાવાદ જ છે. અપેક્ષાવાદ એટલે સ્યાદ્વાદ, અનેકાન્તવાદ.

આ પ્રમાણે સર્વે પણ વસ્તુઓ નિત્યાનિત્ય એમ ઉભયાત્મક હોવાથી એકાન્તવાદીઓ વડે કહેવાયેલી આવા પ્રકારની એકાન્તવાદની વાત સર્વથા નિર્મૂળ છે. ખંડિત જ થાય છે. તેઓની વાત સર્વથા મિથ્યા છે, સાચી નથી.

ઉપર પ્રમાણે આત્મા નિત્યાનિત્ય છે આમ સમજવાથી અને સમજાવવાથી અન્ય દર્શનકારો જે માને છે તેનું પણ ખંડન થયું. તેઓનું કહેવું છે કે "વરસાદ થાય કે કેવળ ઘણો તડકો પડે તેનાથી આકાશને શું લાભ-નુકશાન ? કારણ કે તે એકાન્તે નિત્ય જ છે અને આ વરસાદ અને તડકાનું ફળ ચર્મમાં અવશ્ય હોય છે. કારણ કે તે એકાન્તે અનિત્ય છે. હવે આત્મા પણ જો ચર્મ તુલ્ય છે આમ માનો તો તેમાં કેવળ એકલી અનિત્યતા જ રહેલી છે અને જો આ જ આત્માને આકાશતુલ્ય માનશો તો એકાન્તે નિત્ય જ થશે તેથી તેમાં કંઈ ફળ ઘટશે નહીં."

અન્ય દર્શનકારોની આકાશને કેવળ એકલું નિત્ય માનવાની અને ચર્મને કેવળ એકલું અનિત્ય માનવાથી વાત સર્વથા મિથ્યા જ છે. સર્વથા ખોટી જ છે. કારણ કે આકાશ પણ એકાન્તે નિત્ય નથી અને ચર્મ પણ એકાન્તે અનિત્ય નથી. સંસારવર્તી સર્વે પણ પદાર્થો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એમ ત્રણ ધર્મવાળા જ છે આવા પ્રકારની વાત અમે પહેલાં પણ સમજાવી જ છે અને હજુ આગળ ઉપર પણ સમજાવીશું. તે માટે સર્વે પણ પદાર્થો બન્ને નયોની અપેક્ષાએ નિત્યાનિત્ય જ છે પરંતુ એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય નથી જ.

એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનવામાં કર્મનો બંધ, કર્મનો ઉદય (કર્મનું ફળ), વિગેરેના સંબંધોની પ્રાપ્તિ નહીં થવાની આપત્તિ આવશે. માટે સર્વે પણ વસ્તુઓ નિત્યાનિત્ય સ્વભાવવાળી જ છે. આ વિષય ઉપર દીપકનું દૃષ્ટાંત આપીને સંકોચ અને વિકાસ બતાવવાની ઈચ્છાથી ટીકાકારશ્રી જણાવે છે કે -

**तद्यथा-तैलवर्त्तीत्यादि** = ઉપર સમજાવેલી વાત વધારે વિસ્તારથી સ્પષ્ટ કરે છે કે -

દેદીપ્યમાન છે ચારે બાજુ કિરણોનો સમૂહ જેનો એવો દીપક જ્યારે નિરાવરણ (અતિશય ખુલ્લા) એવા આકાશમાં (ક્ષેત્રમાં) રાખવામાં આવ્યો હોય ત્યારે સમસ્ત આકાશમાં એટલે કે જ્યાં સુધી પોતાનો પ્રકાશ પાથરી શકાય ત્યાં સુધીના તમામ આકાશમાં પોતાનો પ્રકાશ પાથરવાનું કામ કરે જ છે. સારાંશ કે ખુલ્લા આકાશમાં સર્વત્ર પ્રકાશ પાથરનાર દીપક પણ જ્યારે (૧) મણિકામાં (૨) આઢકમાં અને (૩) પ્રસ્થકમાં આવા પ્રકારના નાના નાના માપીયાઓમાં રખાયેલો હોય, ત્યારે આ જ દીપક પોતાના તેજના અવયવોનો પ્રતિબંધક પદાર્થોના અવરોધના કારણે સંકોચ થવાથી અલ્પ, અલ્પતર અથવા અલ્પતમ ક્ષેત્રમાં જ પ્રકાશ પાથરી શકે છે. આવું પણ બને જ છે.

તથા જ્યારે તે પ્રતિબંધક તત્ત્વો (આવરણો) દૂર કરાય છે ત્યારે અતિશય પ્રકાશમાન છે મૂર્તિ જેની એવો તે જ દીપક પોતાનાથી પ્રકાશિત થઈ શકે તેટલા સર્વ આકાશને (પોતાનાં કિરણો પહોંચે ત્યાં સુધીના આકાશને) અવશ્ય પ્રકાશિત કરે જ છે. આ વિષયમાં (૧) તેલ, (૨) વાટ, (૩) અગ્નિ સ્વરૂપ આ ત્રણ ઉપાદાન કારણોથી વૃદ્ધિ પામેલો એવો આ દીપક એવો અર્થ કરવામાં દીપક એ વિશેષ્ય થશે અને તેલ આદિ કારણોનો સંયોગ એ વિશેષણ થશે.

આ વિશેષણ વડે દીપક માટેની "તેલ, વાટ, કોડીયું, મંદ મંદ પવન" વિગેરે અવિકલ (પરિપૂર્ણ) કારણસામગ્રી લેવાનું ટીકાકારશ્રી જણાવે છે તથા "कुटागारादि" કુટાગાર શાળા વગેરેમાં आदि શબ્દથી દીપકની પ્રકાશ પાથરવાની નાની નાની થતી જતી જુદી જુદી અનેક અવસ્થાઓ પણ જણાવી છે.

**अपरित्यक्तस्वात्मावयवः** = જે દીપકે પોતાનાં કિરણો પાથરવાનું કામ ત્યજ્યું નથી. એવો જાજ્વલ્યમાન જે દીપક છે. તે અર્થાત્ દીપકે પ્રકાશ આપવાનું અને પોતાનાં અવયવો (કિરણો) પાથરવાનું કામ ત્યજ્યું નથી. મોટી જગ્યા હોય ત્યારે મોટી જગ્યાને તથા નાની જગ્યા હોય ત્યારે નાની નાની જગ્યાને પ્રકાશિત કરવા સ્વરૂપ અનેક આકારને (અનેક અવસ્થાને) જેણે ધારણ કરી છે એવો આ દીપક છે. આ દૃષ્ટાંત જાણવું. તેની જેમ હવે દાર્ષ્ટાન્તિક સમજાવે છે :-

**भाष्यम् :- एवमेव प्रदेशानां संहारविसर्गाभ्यां जीवो महान्तमणुं वा पञ्चविधं शरीरस्कन्धं धर्माधर्माकाशजीवप्रदेशसमुदायं व्याप्नोतीति अवगाहत इत्यर्थः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- આ જ પ્રમાણે જીવદ્રવ્ય પણ પોતાના આત્મપ્રદેશોનો સંકોચ અને વિસ્તાર કરવા વડે મોટા અથવા નાના ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરસ્કંધમાં અવગાહે છે તથા ધર્મ-અધર્મ-આકાશ અને સર્વ જીવપ્રદેશોના સમુદાયમાં વ્યાપ્ત થઈને પણ અવગાહના કરે છે.**

**संस्कृत टीका :-** एवमेव प्रदेशानामित्यादि भाष्यम् । दार्ष्टान्तिके दृष्टान्तार्थमुपसंहरति-पञ्चविधमौदारिकादिशरीरसङ्घातं धर्माधर्माकाशपुद्गलजीवप्रदेशसमुदायम्, अवश्यमेव हि लोकाकाशे धर्माधर्माकाशपुद्गलाः सन्ति, जीवप्रदेशास्तु भजनीयाः । यत्रैकोऽवगाढो जीवस्तत्रान्यस्याप्यवगाहो न विरुद्ध्यत इति । एवं धर्मादिसमूहं व्याप्नोति अवगाहत इत्यर्थः ।

**ગુજરાતી ભાષાંતર :-** આ પ્રમાણે ઉપર જેમ દીપકનું દૃષ્ટાન્ત સમજાવ્યું છે. તેની જેમ, અર્થાત્ દીપક જેમ જેટલું આધારક્ષેત્ર મળે તેમ તેટલા જ ક્ષેત્રમાં પ્રકાશ પાથરે છે. તેની જેમ આ જીવમાં પણ સંકોચ અને વિસ્તાર થાય છે. આ જ વાત દૃષ્ટાંત દ્વારા દાર્ષ્ટાન્તિકમાં જોડતાં ટીકાકારશ્રી સમજાવે છે કે :-

જેમ દીપક પ્રકાશક હોવા છતાં પણ અર્થાત્ પ્રકાશ આપવો તે તેનું સ્વરૂપ હોવા છતાં પણ તે સ્વરૂપને ત્યજ્યા વિના જેટલું આધારક્ષેત્ર મળે તેટલા આધારક્ષેત્રમાં જ તે પ્રકાશ પાથરે છે. ચોકમાં ગોઠવેલો દીપક આખા ચોકને પ્રકાશિત કરે છે. બેડરૂમમાં ગોઠવેલો દીપક માત્ર બેડરૂમને જ પ્રકાશિત કરે છે. તેની જેમ આ જીવ પણ સંકોચ અને વિકાસ ધર્મવાળો છે. નારકીમાં જન્મે તો સાતમીમાં ૫૦૦ ધનુષ્યની પ્રમાણવાળી કાયામાં તેનો આત્મા વ્યાપીને રહે છે તેવી જ રીતે બાકીની નારકીમાં જન્મે તો તે તે ભવના વૈક્રિયશરીરની કાયાના પ્રમાણવાળો થાય છે.

તથા માનવના ભવમાં જન્મે તો ત્રણ ગાઉ, બે ગાઉ, વિગેરે માપની કાયામાં વ્યાપ્ત થાય છે. નિગોદમાં જન્મે તો અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અવગાહનાવાળો પણ થાય છે આ પ્રમાણે નાની-મોટી અવગાહના પામવાના સ્વભાવવાળો હોવાથી સંકોચ-વિકાસ પામવાના સ્વભાવવાળો છે. નિશ્ચિત લંબાઈ-પહોળાઈ વાળો નથી.

તથા વળી જ્યાં એક દીપકનો પ્રકાશ પથરાય છે, ત્યાં જ જો બીજા દીવા ચાલુ

કરવામાં આવે તો બીજા સેંકડો દીપકના પ્રકાશ તે જ ક્ષેત્રમાં પણ સમાય છે. સાથે રહેવા છતાં પોતપોતાનો જે પૃથગ્ભાવ છે. તેને તે ત્યજતા નથી પૃથગ્પણું તો રહે જ છે. તે કારણથી જ તે સેંકડો દીવામાંથી જે દીપકની સ્વીચ તમે બંધ કરો. તેનો જ પ્રકાશ માત્ર બુઝાઈ જાય છે અન્ય દીપકોનો પ્રકાશ ચાલુ જ રહે છે.

તે જ પ્રમાણે નિગોદાવસ્થામાં એક જીવ જેટલા શરીરમાં વ્યાપીને રહે છે. તેટલા જ પ્રમાણવાળા તે જ શરીરમાં બીજા અસંખ્ય અને અનંત જીવો પણ તેમાં જ વ્યાપીને રહે છે. આ પ્રમાણે આ જીવ હાથીના શરીરમાં પણ રહી શકે અને નિગોદવાળી અવસ્થાના શરીરમાં પણ રહી શકે તે માટે સંકોચ અને વિકાસ પામવાની અવસ્થાવાળો છે.

મોક્ષે જાય ત્યારે અંતિમ ભવમાં પોતાના ઔદારિકશરીરમાં વ્યાપીને જે જીવ રહેલો છે. તેમાં ઘણો પોલાણવાળો ભાગ પણ છે. તેથી જ્યાં પોલાણ છે ત્યાં આત્મા નથી. તે પોલાણભાગોમાં વ્યાપ્ત થવાથી ઘનીભૂત બનેલો આ આત્મા તે જ ઔદારિકશરીરની રચનાના $^{2}/_{3}$ બે તૃતીયાંશ ભાગમાં જ વ્યાપ્ત થાય છે. તેનાથી ઓછી અવગાહનાવાળો થતો નથી. જેમ ઋષભદેવ પ્રભુનો આત્મા ૫૦૦ ધનુષની કાયા વાળો હતો. તે ૩૩૩$^{2}/_{3}$ ધનુષની અવગાહનાવાળો થયો. અને મહાવીર પરમાત્માનો આત્મા સાત હાથની અવગાહના વાળો હતો તે તેની અપેક્ષાએ $^{2}/_{3}$ એટલે કે ચાર હાથ અને સોળ આંગળ જેટલી લંબાઈ વાળા થઈને પરમાત્મા મોક્ષમાં ગયા છે. મોક્ષમાં સદા કાળ તેટલી જ અવગાહના વાળા રહે છે.

આ પ્રમાણે જીવના આત્મપ્રદેશો સંકોચ અને વિકાસ પામવાના સ્વભાવવાળા હોવાથી દીપકના પ્રકાશની જેમ નાના-મોટા ઔદારિક આદિ શરીરોમાં વ્યાપીને રહેવાવાળો તે જીવ હોય છે. શરીરધારી છે ત્યાં સુધી શરીરમાં વ્યાપ્ત થઈને રહે છે અને અશરીરી થાય ત્યારે એટલે કે મોક્ષે જાય ત્યારે છેલ્લા માનવભવના શરીરની અપેક્ષાએ ૨/૩ બે તૃતીયાંશ અવગાહનાવાળો થાય છે.

આખી વાતનો સાર એ છે કે પ્રકાશમાન છે કિરણોનો સમૂહ જેનો એવો દીપક નિરાવરણ હોય ત્યારે ઘણી ભૂમિને પ્રકાશિત કરે છે અને તે જ દીપક મણિકા-આઢક આદિ આવરણો વડે આચ્છાદિત થયો છતો અલ્પ-અલ્પતર ક્ષેત્રને પ્રકાશિત કરે છે. તથા આચ્છાદિત એવા તે જ દીપકનાં સ્થગનકો (આવરણો) દૂર કરાયે છતે ચારે બાજુ પ્રકાશમાન થાય છે મૂર્તિ જેની એવો તે જ દીપક સર્વત્ર પ્રકાશવાળો થાય છે અને પોતાના પ્રકાશથી સમગ્ર ક્ષેત્રને પ્રકાશિત કરે છે તેની જેમ આ જીવ પણ જેવડું શરીર મળે તેટલા ક્ષેત્રમાં જ વ્યાપીને રહે છે. આ પ્રમાણે સંકોચ અને વિકાસ ધર્મવાળો અને શરીર પ્રમાણે અવગાહનવાળો આ જીવ થાય જ છે.

માનવભવના એક જ જન્મમાં પણ (૧) જન્મ પામેલ બાળક, (૨) જન્મસમયથી બે-પાંચ વર્ષની બાલ્યાવસ્થામાં હોય ત્યારે, તથા યુવાવસ્થા પામે ત્યારે, અને વૃદ્ધાવસ્થા પામે ત્યારે શરીરને અનુસારે ભિન્ન ભિન્ન પ્રમાણની અવગાહનાવાળો થતો પ્રત્યક્ષ જ જણાય છે.

આ પ્રમાણે જીવ સંકોચ-વિકાસ ધર્મવાળો હોવાથી શરીરધારી હોય ત્યારે પોતાના શરીરપ્રમાણ અવગાહના વાળો બને છે અને અશરીરી બને ત્યારે અંતિમ ભવની અવગાહનાની અપેક્ષાએ ૨/૩ બે તૃતીયાંશ આવગાહના વાળો થાય છે.

**भाष्यम् :- धर्माधर्माकाशजीवानां परस्परेण पुद्गलेषु च वृत्तिर्न विरुध्यते, अमूर्तत्वात् ॥**

**ભાષ્યનું ગુજરાતી :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવદ્રવ્ય આ ચારે દ્રવ્યોની પરસ્પર તથા પુદ્ગલદ્રવ્યની સાથે આ દ્રવ્યોની વૃત્તિ વિરોધ પામતી નથી. કારણ કે આ ચારે દ્રવ્યો અમૂર્ત છે. તેથી સાથે રહેવામાં (વર્તવામાં) વિરોધ આવતો નથી.**

**संस्कृत टीका :-** धर्माधर्माकाशेत्यादि । धर्मादीनाममूर्तत्वात् परस्परेण वर्तनं न विरोधकारि, नापि पुद्गलविषया वृत्तिर्धर्मादीनां विरुद्ध्यते । तद्बलेन गतिस्थित्यवगाहदर्शनादात्मनश्च कर्मपुद्गलव्याप्तेः, सिद्धमिदं जीवो महान्तमणुं वा संसर्गविसर्गाभ्यां विग्रहं गृह्णाति ॥

**ગુજરાતી ભાષાંતર :-** धर्माधर्माकाशेत्यादि - ઉપર મુજબ ભાષ્યનો જે પાઠ છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. ધર્માસ્તિકાયાદિ પ્રથમનાં ચાર દ્રવ્યો (ધર્મ-અધર્મ-આકાશ અને જીવ) અમૂર્ત હોવાથી પરસ્પર સાથે વર્તવામાં (રહેવામાં) કોઈ વિરોધ હોતો નથી. જેમ ધર્મ અને અધર્મ આ બન્ને દ્રવ્યો અમૂર્ત હોવાથી સંપૂર્ણ લોકાકાશમાં સાથે સાથે રહે છે. પરસ્પર વિરોધ પામતાં નથી. તેની જેમ આ ચારે દ્રવ્યો પણ અમૂર્ત હોવાથી એકી સાથે ચૌદ રાજલોકમાં સાથે સાથે રહી શકે છે. ત્યાં ધર્મ-અધર્મ અને લોકાકાશ સંપૂર્ણ ચૌદ રાજલોકમાં સર્વ કાળે વર્તે છે, જ્યારે જીવદ્રવ્ય સંકોચ અને વિકાસ ધર્મવાળું હોવાથી જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં અને ઉત્કૃષ્ટથી સમસ્ત લોકાકાશમાં વર્તે છે. પરસ્પર સાથે રહેવામાં કોઈ પણ જાતનો વિરોધ પામતાં નથી.

તથા પુદ્ગલાસ્તિકાયદ્રવ્ય જો કે મૂર્ત દ્રવ્ય છે (રૂપી દ્રવ્ય છે). તો પણ ધર્માસ્તિકાયાદિ પ્રથમનાં ચારે દ્રવ્યો અમૂર્ત હોવાથી અમૂર્ત દ્રવ્યોની સાથે મૂર્ત દ્રવ્યને વસવાટ કરવામાં કોઈ

પણ જાતનો વિરોધ આવતો નથી. તે કારણ પુદ્‌ગલદ્રવ્યના વસવાટને પણ કોઈ વિરોધ આવતો નથી.

લોકાકાશમાં આ ચારે દ્રવ્યો સાથે વસવાટ કરે છે તેના બળથી જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોને ગતિસહાયકતા (ધર્મદ્રવ્ય તરફથી), સ્થિતિસહાયકતા (અધર્મદ્રવ્ય તરફથી), અને અવગાહ સહાયકતા (આકાશદ્રવ્ય તરફથી) તથા આત્મા અને કાર્મણવર્ગણાનાં પુદ્‌ગલોના બનેલા કર્મની વ્યાપ્તિ પણ સિદ્ધ થાય છે. આ ચારે દ્રવ્યો લોકાકાશમાં સારી રીતે પરસ્પર સહાયક થયા છતાં જગત્સ્વભાવે વર્તે છે (રહે છે) તેમાં કોઈ વિરોધ આવતો નથી.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમસ્ત લોકાકાશમાં સાથે રહે છે. જ્યારે આકાશદ્રવ્ય લોક અને અલોક ઉભયમાં સર્વત્ર વર્તે છે. પરંતુ લોકમાં રહેલું જે આકાશ છે કે જેને લોકાકાશ કહેવાય છે તે માત્ર લોકાકાશમાં જ રહે છે. તેથી જ તેને લોકાકાશ કહેવાય છે (આ કલ્પનાકૃત ભેદ છે). વાસ્તવિકપણે અખંડ એવું આકાશદ્રવ્ય છે. અને તે લોકાલોકવ્યાપી છે. જીવો સમસ્ત લોકાકાશમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે પણ તેમાંનું કોઈપણ એક જીવ દ્રવ્ય જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં અને ઉત્કૃષ્ટથી ચૌદરાજલોક પ્રમાણ ક્ષેત્રમાં વર્તે છે. રહી શકે છે. પુદ્‌ગલો સમસ્ત લઈએ તો ચૌદરાજલોકમાં સર્વત્ર છે.

આ પાંચે દ્રવ્યો લોકાકાશમાં સાથે જ વર્તે છે. જીવ સંકોચ અને વિકાસ ધર્મવાળો હોવાથી ક્યારેક હાથી જેવા મોટા શરીરમાં અને ક્યારેક કીડી જેવા નાના શરીરમાં અને ક્યારેક નિગોદવાળી અવસ્થામાં પણ વર્તે છે. જીવ સંકોચ અને વિકાસ ધર્મવાળો હોવાથી હાથી જેવા મોટા શરીરમાં અને કીડી જેવા નાના શરીરમાં પણ રહી શકે છે. નિગોદના ભવમાં તેનાથી પણ ઘણી નાની અવગાહનામાં પણ રહી શકે છે.

**भाष्यम्–अत्राह :- सति प्रदेशसंहारविसर्गसम्भवे कस्मादसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति ? नैकप्रदेशादिष्विति ? अत्रोच्यते :-**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે આત્મપ્રદેશોનો જો સંકોચ અને વિકાસ થતો હોય છે અને તેનાથી જીવની અવગાહના નાની-મોટી પણ હોય છે તો જઘન્યથી પણ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ જ શા માટે કહો છો ? ઘટતી-ઘટતી એક-બે-ત્રણ આકાશપ્રદેશ વિગેરેમાં પણ જીવોની અવગાહના હોય છે આમ કેમ કહેતા નથી ? આ પ્રશ્નનો ઉત્તર હવે અપાય છે.**

**संस्कृत टीका :-** अत्राहेत्यादि । इदमिदानीं चोदयति - प्रदेशसंहरणसामर्थ्यमस्त्यात्मनः, तत् किमित्यविकलकारणकलापः सर्वान् प्रदेशानुपसंहृत्य एकस्मिन्नाकाशप्रदेशे नावस्थानं कल्पयति प्रतिबन्धकवस्त्वभावात् ? कस्मादसङ्ख्येयभागादिष्ववगाह इष्यते, नैकप्रदेशादिष्विति निरुपपत्तिकमित्याशङ्क्यते । **अत्रोच्यत** इत्याह - न वयमनुपत्तिकमर्थं प्रतिजानीमहे, किन्तु ॥

**ગુજરાતી ભાષાંતર :-** ઉપરોક્ત પ્રશ્નનો હવે અહીં ઉત્તર ટીકાકારશ્રી જણાવે છે કે

આગળ ગયેલા સૂત્રોમાં હમણાં જ સમજાવવામાં આવ્યું છે કે આ આત્મા પોતાના આત્મપ્રદેશોનો સંહરણ (સંકોચ) અને વિસર્ગ (વિસ્તાર) કરીને અંગુલના અસંખ્યાતમા ભાગમાં અને વધારેમાં વધારે ચૌદ રાજલોકમાં વ્યાપ્ત થઈને રહી શકે છે. તો તેમાં એવો પ્રશ્ન થાય છે કે જો સંકોચ કરવાનું સામર્થ્ય આ જીવમાં છે. અવશ્ય છે જ. તો જ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી નાની અવગાહનામાં પણ વર્તી શકે છે તો પછી વધારે સંકોચ કરવાની જે સામગ્રી જોઈએ. તે अविकल = પરિપૂર્ણ કારણ સામગ્રીના कलाप = સમૂહવાળો જીવ પોતાના સર્વ આત્મપ્રદેશોનો વધારે ઉપસંહાર (સંકોચ) કરીને એક જ આકાશપ્રદેશમાં પોતાનું અવસ્થાન (રહેઠાણ-વસવાટ) કેમ કરતો નથી ? અંગુલના અસંખ્યાતમા ભાગથી પણ વધારે નાની અવગાહના કરવામાં કોઈ પ્રતિબંધક તત્ત્વ તો જણાતું જ નથી. ૫૦૦ ધનુષ કે તેથી પણ વધારે મોટી કાયામાં વ્યાપેલો જીવ જો એકેન્દ્રિયમાં જઈને અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ ક્ષેત્રમાં રહી શકે છે તો તેનાથી પણ વધારે સંકોચાઈને એક જ આકાશપ્રદેશમાં (અથવા બે/ત્રણ આકાશપ્રદેશમાં) કેમ સમાતો નથી ? અંગુલના અસંખ્યાતમા ભાગમાં જ જઘન્યથી અવગાહના કેમ સ્વીકારાય છે ? એકપ્રદેશ આદિ અલ્પક્ષેત્રમાં કેમ અવગાહના સ્વીકારાતી નથી ? જો અવગાહના ઓછા ક્ષેત્રમાં થાય જ છે તો અંગુલના અસંખ્યાતમા ભાગ સુધી જ ઘટાડો લેવો અને તેનાથી આગળ ઘટાડો ન લેવો આ વાત निरुपपत्तिकम् = યુક્તિ વિનાની છે. સાચી વાત નથી. વધારે ઘટાડો પણ થઈ શકે છે, એમ કહેવું જોઈએ. અર્થાત્ ઘટાડો ચાલુ જ રાખવો જોઈએ ?

अत्रोच्यते = અહીં હવે ઉત્તર અપાય છે. ઉપરોક્ત પ્રશ્નનો હવે ઉત્તર અપાય છે. ટીકાકારશ્રી કહે છે કે અમે પણ अनुपपत्तिक = (યુક્તિ વિનાનો, તર્કવિહુણો) ગમે તેમ અર્થ સ્વીકારતા નથી. કહેતા નથી. પણ તર્કવાળો જ અર્થ સ્વીકારીએ છીએ. યુક્તિપૂર્વકનો જે અર્થ હોય તે જ અમે સ્વીકારીએ છીએ. તમારે જો તર્ક જ જાણવો હોય તો હવે તે તર્ક આ પ્રમાણે છે :-

**भाष्यम् :- सयोगत्वात् संसारिणां, चरमशरीरत्रिभागहीनावगादित्वाच्च सिद्धानामिति ॥५-१६॥**

**ભાષ્યનું ગુજરાતી :- સંસારી સર્વે પણ જીવો સયોગી હોવાથી (અંગુલના અસંખ્યાતમા ભાગથી હીન તેઓની અવગાહના હોતી નથી). તથા સિદ્ધ પરમાત્માની અવગાહના, પોતાના ચાલુ છેલ્લા ભવના શરીરની જે અવગાહના હોય છે તેનાથી ત્રીજા ભાગે હીન અવગાહના હોય છે. (તેથી એક-બે આકાશપ્રદેશની અવગાહના હોતી નથી). ॥૫-૧૬॥**

**संस्कृत टीका :-** सयोगत्वात् संसारिणामित्यादि ॥ योगाः प्रथिता एव औदारिकविग्रहाः, सत्यपि सामान्योपादाने व्यापित्वात् कार्मणयोग एव परिगृह्यते, सह योगेन सयोगः कार्मणशरीरीति यावत्, सर्वस्य संसारिणो भवितव्यमवश्यं कार्मणेन वपुषा, ततश्चानन्तानन्तपुद्गलप्रचितसर्वसंसारि-कार्मणशरीरोपश्लोषादसङ्ख्येयप्रदेशावगाहितैव नैकादिप्रदेशावगाहितेति ।

**चरमशरीर** इत्यादि । चरमशरीरं त्रिभागहीनमवगाहन्ते सिद्धा इति च, अनेनैतद् दर्शयति - देहे त्रैभागः शुषिरस्तत्पूरणात् त्रिभागहीनावगाहः स च योगनिरोधकाल एव भवति, अतः सिद्धोऽपि तदवस्थप्रमाण एवेति सामर्थ्याभावान्नातः परमस्ति संहरणमनावरणवीर्यस्यापि भगवतः, किं पुनः शेषसंसारिणः ? स्वभावश्चायमेतावानेवोपसंहारः, न चास्ति स्वभावे पर्यनुयोगः । अपि च सकर्मासौ, ततश्च नास्त्युपसंहृतिरल्पतरा । कर्मवियुक्तः कस्मान्नोपसंहरतीति चेत्, प्रयत्नाभावात्, प्रयत्नाभावश्च करणाभावात्, अनवद्यं दर्शनम् ॥

**ગુજરાતી ભાષાંતર :-** સંસારી સર્વે જીવો સયોગી હોવાથી ઈત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેના ઉપરની સંસ્કૃત ટીકાનું ગુજરાતી અનુવાદ લખાય છે - ઔદારિક - વૈક્રિય વિગેરે શરીરોના નામ ઉપરથી (૧૫) પન્નર પ્રકારના યોગો છે. ચાર પ્રકારનો મનયોગ, ચાર પ્રકારનો વચન યોગ અને સાત પ્રકારનો કાયયોગ, એમ કુલ પન્નર પ્રકારનો યોગ છે. આ વાત જૈનદર્શનમાં અને તેના અનુયાયીઓમાં ખુબ જ પ્રસિદ્ધ છે.

સામાન્યપણે યોગનું કથન કરાયે છતે કાર્મણ કાયયોગ જ સર્વત્ર વ્યાપક હોવાથી અહીં તે કાર્મણ કાયયોગ જ ગ્રહણ કરાય છે. આવા પ્રકારના કાર્મણ કાયયોગની સાથે જે જે જીવો વર્તે છે તે તે જીવો **સયોગી** કહેવાય અર્થાત્ કાર્મણ કાયયોગના શરીરવાળા છે આમ કહેવાય છે. સર્વે પણ સંસારી જીવોને કાર્મણકાયયોગ અવશ્ય હોય જ છે.

તે કારણથી અનંતાનંત કાર્મણ પુદ્ગલ દ્રવ્યોથી બનાવેલા એવા કાર્મણશરીર સાથે સર્વે પણ સંસારી જીવોનો સંબંધ હોવાથી સંસારી જીવોની અવગાહના ઓછામાં ઓછી પણ અંગુલના અસંખ્યાતમા ભાગની જ હોય છે. પરંતુ કોઈ પણ સંસારી જીવની ક્યારેય પણ તેનાથી ન્યૂન અર્થાત્ એક-બે-ત્રણ-ચાર આકાશપ્રદેશો પ્રમાણ અવગાહના હોતી નથી. તે

કારણથી એક-બે-ત્રણ-ચાર આકાશપ્રદેશો પ્રમાણ આત્માની અવગાહના છે. આમ બોલવું કે પ્રતિપાદન કરવું તે મિથ્યાત્વ છે. અસત્ય જ છે. મૃષાવાદનો મોટો દોષ લાગે.

જેમ સંસારી કોઈ પણ જીવની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગથી ન્યૂન હોતી નથી. તેવી જ રીતે સિદ્ધભગવંતોની પણ અવગાહના માનવભવના શરીરની અવગાહનાના ૨/૩ ભાગથી ઓછી હોતી નથી. તે વાત પણ હવે ટીકાકારશ્રી સમજાવે છે.

चरमशरीर इत्यादि । છેલ્લા ભવમાં વર્તતા મોક્ષગામી જીવનું જે શરીર છે તે શરીર ચરમશરીર કહેવાય છે. તે ચરમ શરીરવાળો જીવ જ્યારે દેહનો ત્યાગ કરીને સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે ત્યારે પોતાના શરીર પ્રમાણ આ જીવની જે અવગાહના છે તેમાં ઘણું ઘણું પોલાણ હોવાથી તે પોલાણ પુરાવાના કારણે આત્મપ્રદેશોનો સંકોચ થવાથી તે લંબાઈ-પહોળાઈ અને જાડાઈમાંથી ૧/૩ એક તૃતીયાંશ ભાગની લંબાઈ આદિની હાનિ થાય છે અને ૨/૩ બે તૃતીયાંશ ભાગની જ અવગાહના રહે છે.

આવા પ્રકારની ત્રીજા ભાગની અવગાહનાથી ન્યૂન એવી અવગાહના વાળો આ જીવ સિદ્ધિ પદ પ્રાપ્ત કરે છે તે કારણે સિદ્ધના જીવની અવગાહના પોતાની મૂળ અવગાહનાની અપેક્ષાએ ૧/૩ એક તૃતીયાંશન્યૂન થઈને બાકીની બે તૃતીયાંશ અવગાહના રહે છે. તેટલી અવગાહના વાળો થયેલો આ જીવ અનંતકાળ સુધી તે જ અવગાહનામાં વર્તે છે.

ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યની કાયાવાળા અને જઘન્યથી બે હાથની કાયાવાળા જ જીવો જ મોક્ષે જાય છે. તેનાથી અધિક કે ન્યૂન કાયાવાળા જીવો મોક્ષે જતા જ નથી. તે કારણે વધારેમાં વધારે ૩૩૩ ૨/૩ ધનુષ્યપ્રમાણ અને જઘન્યથી સામાન્ય કેવલી ભગવાનની અવગાહના મુક્તિકાળે એક હાથ અને આઠ આંગળ પ્રમાણ જ હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાથી અધિક કે જઘન્ય અવગાહનાથી ન્યૂન અવગાહના હોતી નથી. તેથી એક-બે-ત્રણ આકાશપ્રદેશની અવગાહના સિદ્ધ પરમાત્માની કદાપિ હોતી નથી.

ઉપરના કથનથી સમજાશે કે આ ઔદારિક શરીરમાં પોલાણ નિયમા ત્રીજા ભાગ પ્રમાણ જ હોય છે મોક્ષે જવાના કાળે આ આત્મા પોતાના પોલાણભાગોને પુરીને નક્કર ઘનીભૂત થાય છે. તેના કારણે તે જીવની અવગાહના હાનિને પામે છે. આ પ્રમાણે પોલાણ પુરવાનું અને ઘનીભૂત થવાનું કામ તેરમા ગુણઠાણાના અંતે યોગનિરોધકાળે સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરવાના કાળે જ તે જીવ કરે છે. ત્યારે જ તે જીવની અવગાહના ૨/૩ થાય છે. સિદ્ધિગતિમાં જાય ત્યારે અને ત્યાં ગયા પછી સદાકાળ આટલી જ અવગાહના રહે છે.

આ અવગાહનાથી ન્યૂન અવગાહનાવાળા થવાનું સામર્થ્ય જ આ જીવમાં ન હોવાથી (તથા પ્રયોજન પણ ન હોવાથી) ન્યૂન અવગાહનાવાળો થતો નથી. જીવનો આવા પ્રકારનો

સ્વભાવ જ છે અને જ્યાં આવા પ્રકારનો સ્વભાવ જ છે. આવો ઉત્તર આવે ત્યારે કોઈપણ પ્રકારના પ્રશ્નો કરવાનો અવકાશ જ રહેતો નથી. જેમ કે મીઠું ખારું જ કેમ છે ? શેરડી ગળી જ કેમ છે ? મરચું લાલ જ કેમ છે ! આવા પ્રશ્નો કરાતા નથી. તેમ અહીં સમજવું. તથા વળી મન-વચન અને કાયાના યોગ વિનાના ભગવાન બન્યા છે એટલે કારણભૂત યોગ ન હોવાથી આથી વધારે સંક્ષેપવાળા થતા નથી તથા વળી આ વાત વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ કહેલી છે. જેમનું કહેલું દર્શન અનવદ્ય દર્શન છે. સર્વથા નિર્દોષ દર્શન છે. માટે છદ્મસ્થ જીવોએ આ વાત સ્વીકારી લેવી જોઈએ.

इदमुक्तं भवति – सङ्क्षिपतो विकसनसङ्कोचनधर्मत्वादात्मप्रदेशसन्तानः पद्मनालतन्तुसन्तानवदविच्छेदेन विकासमासादयति, अविच्छेदश्च प्रदेशानाममूर्तत्वाद् विकासधर्मत्वादेकत्वपरिणतेः जीवाभिवृद्धेर्विकासश्च सिद्धः, च्छेददर्शनात्, सक्रियत्वाच्चारविन्दनालतन्तुसन्तानवदेव च जीवप्रदेशाः सकलमितरद् विशन्त्यल्पमपहाय छिन्ने तर्हि मूर्धन्यपविध्य शिरः किमिति स प्रदेशसन्तानस्तनुं नाविशतीति चेत् ? असदेतत्, वेदनायुषोर्भेदात् बहवो हि जीवप्रदेशाः समूदायीभूयासते यत्र तदाचक्षते मर्म, बहुमर्मकश्च मूर्धा, महती च वेदना भवति मर्मदेशेषु आयुर्भेदश्चाध्यवसानादिनिमित्तः सप्तधा प्रसिद्धः ॥

तस्मात् संहारविसर्गावात्मनः कर्मानुभावजनितौ, न च नाशः सत्यपि संहारे विकासे वाऽमूर्तत्वात्, न च स्वतत्त्वनाशोऽस्ति वस्तुनः कस्यचित् सर्वथा स्याद्वादिनं प्रति । प्रदेशसङ्ख्यायाश्चात्मनः सङ्कोचविकासयोः सतोरपि ह्रासो वृद्धिर्वा न समस्ति, क्षेत्रतस्तु तावात्मनः स्यातामिति प्रतिपद्यध्वम् ॥५-१६॥

**ગુજરાતી ભાષાંતર :-** ઉપર સમજાવેલી વાતનો સાર આ પ્રમાણે છે અર્થાત્ સંક્ષેપમાં આ વાત આ પ્રમાણે છે આત્માના પ્રદેશોની જે પરંપરા છે તે સંકોચ પામવાના અને વિસ્તૃત થવાના સ્વભાવવાળી છે જેમ કમળના નાળના તંતુઓની પરંપરા વચ્ચે વચ્ચે વિચ્છેદ પામ્યા વિના જ વિકાસને પામે છે તેવી જ રીતે આત્મપ્રદેશો પણ (૧) અમૂર્ત હોવાથી અને (૨) સંકોચ તથા વિસ્તાર પામવાના સ્વભાવવાળા હોવાથી, તથા સર્વ પણ આત્મપ્રદેશો પરસ્પર એકમેક પણે જોડાઈને રહેલા હોવાથી આ જીવની વૃદ્ધિ થયે છતે આત્મપ્રદેશોનો વિકાસ થાય છે અને આત્માની અવગાહનાનો સંકોચ થાય ત્યારે આત્મપ્રદેશોનો સંકોચ પામવાનો પણ ધર્મ જ છે.

તથા વળી હાથ-પગ-કપાળ અથવા હૃદય આદિ નાના ભાગો છેદાય ત્યારે અથવા શરીરનો કોઈ ભાગ છેદ પ્રાપ્ત કરે ત્યારે કમળના નાળના તંતુની જેમ આત્મપ્રદેશો સક્રિય હોવાથી શરીરના કપાયેલા તે નાના ભાગમાં રહેલા આત્મપ્રદેશો મોટા ભાગવાળા શરીરમાં

સંક્રમી જાય છે અને કપાયેલો ભાગ નિર્જીવ થઈ જાય છે. આ પ્રમાણે આત્મપ્રદેશો સક્રિય હોવાથી નાના ભાગમાંથી મોટા ભાગમાં અને મોટા ભાગમાંથી નાના ભાગમાં સંક્રમિત થાય છે અને તે આત્મપ્રદેશો ત્યાં જઈને વસે છે.

આ પ્રમાણે આત્મા એ અખંડ બ્રહ્માત્મા સ્વરૂપ અને સક્રિય દ્રવ્ય છે તેથી જ કોઈ પણ એક ભાગ છેદાય, તો તેમાં રહેલા આત્મપ્રદેશો, ન છેદાયેલા શરીરમાં રહેલા બીજા ભાગના આત્મપ્રદેશોની સાથે સંક્રમી જાય છે. તેની સાથે ત્યાં વર્તે છે પરંતુ આત્માના ટુકડા થતા નથી. આત્મા એ અસંખ્યાત આત્મપ્રદેશોનું બનેલું અખંડ એક દ્રવ્ય છે અને અનંતકાલ આમ જ રહેશે.

**પ્રશ્ન :-** શરીરનો કોઈ પણ નાનો ભાગ છેદાય ત્યારે તે નાના ભાગમાં રહેલા આત્મપ્રદેશો તે શરીરના નાના ભાગને છોડીને તે જ શરીરના મોટા ભાગમાં રહેલા બીજા આત્મપ્રદેશોની સાથે મળી જાય છે અને શરીરના મોટા ભાગમાં રહેલા આત્મપ્રદેશોની સાથે રહે છે. આવું તમે સમજાવો છો. તો ગળાના ભાગથી આખું મસ્તક છેદાયે છતે તેમાં રહેલા આત્મપ્રદેશો તે મસ્તકવાળા ભાગને ત્યજીને નીચેના કમ્મર-હાથ અને પગવાળા મોટાભાગમાં પ્રવેશ કેમ પામતા નથી ? અને ત્યાં જ જીવનું લગભગ મૃત્યુ જ થાય આવું કેમ બને છે ? હાથ-પગમાં વાગ્યું હોય તો વેદનાના સ્થાનવાળા આત્મપ્રદેશો અન્યસ્થાનમાં જેમ સંક્રમે છે અને જીવ સજીવનપણે રહે છે. તેમ ગળાના ભાગે તલવાર આદિના ઘા થયા હોય તો જીવ તુરત મૃત્યુ પામે આવું કેમ બને છે ?

**ઉત્તર :-** આ પ્રશ્ન જ યથાર્થ નથી. કારણ કે વેદના અને જીવન આ બન્ને આપનારાં વેદનીયકર્મ અને આયુષ્યકર્મ એમ બન્ને કર્મો ભિન્ન ભિન્ન છે તે કારણે પીડા એ જુદી વસ્તુ છે અને જીવન એ પણ એક જુદી વસ્તુ છે. ઘણા ઘણા આત્મપ્રદેશો પિંડીભૂત થઈને રહે જ્યાં તે સ્થાનને મર્મસ્થાન કહેવાય છે. મસ્તકનો ભાગ અને ગળાનો ભાગ મર્મસ્થાન છે. મર્મસ્થાનોમાં ઘણા જ આત્મપ્રદેશોનો સમૂહ હોવાથી છરી, ચપ્પુ કે તલવારના ઘાની વેદના વધારે પ્રમાણમાં થાય છે. શેષ સ્થાનોમાં ઘણા આત્મપ્રદેશોનો પિંડ ન હોવાથી તેટલી વધારે પીડા શેષસ્થાનોમાં થતી નથી.

તથા અધ્યવસાય, વેદના, વિગેરે સાત પ્રકારના કારણોને લીધે આયુષ્યકર્મનો છેદ થાય છે. આયુષ્યકર્મ તુટી જાય છે તેથી તે જીવનું ઘણી વેદનાના કારણે મૃત્યુ થાય છે. અતિશય વેદના વિગેરે સાત નિમિત્તકારણોને લીધે આયુષ્ય તુટી જવાનું બને છે.

ઉપર સમજાવ્યા પ્રમાણે આ આત્માનો સંકોચ અને વિસ્તાર એમ આ બન્ને ભાવો કર્મોદયને અનુસારે થાય છે. જેના વડે જીવનું મૃત્યુ થાય છે અતિશય વેદના એ પણ મૃત્યુનું

એક કારણ છે મૃત્યુ પામ્યા બાદ પૂર્વકાળમાં કરેલા આયુષ્યબંધ પ્રમાણે જીવ ભવાંતરમાં જાય છે અને ત્યાં નવો ભવ પ્રાપ્ત કરે છે. હાથીનો જીવ મૃત્યુ પામી સંકોચાઈને કીડી રૂપે પણ ઉત્પન્ન થાય છે. એવી જ રીતે કીડીનો જીવ મૃત્યુ પામીને વિસ્તૃત થઈને હાથીના ભવ રૂપે પણ ઉત્પન્ન થાય છે ત્યારે તે જીવ પોતાના આત્મપ્રદેશોનો ઘણો જ વિસ્તાર કરે છે.

એટલા માટે જ ગ્રંથકારશ્રી આ સૂત્રમાં સંક્ષેપથી જણાવે છે કે "प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत्" દીપકના પ્રકાશની જેમ આત્મપ્રદેશોનો સંકોચ અને વિસ્તાર થતો હોવાથી અવગાહના નાની-મોટી હોય છે. આત્મદ્રવ્યનો સંકોચ થાય કે વિસ્તાર થાય પરંતુ તેમ થવા છતાં એક પણ આત્મપ્રદેશનો સર્વથા નાશ થતો નથી જ, સ્યાદ્વાદને સમજનારા જૈનોની દૃષ્ટિએ કોઈ પણ વસ્તુનો સર્વથા નાશ કદાપિ કાળે થતો નથી આત્માના પ્રદેશોની સંખ્યામાં હ્રાસ (ઘટાડો) કે વૃદ્ધિ (વધારો) ક્યારેય થતાં નથી.

આત્મપ્રદેશોનો સંકોચ અને વિસ્તાર થવા છતાં પણ આત્મપ્રદેશોની સંખ્યા તેટલી જ (લોકાકાશના પ્રદેશપ્રમાણ જે છે તે જ) રહે છે. તેમાં હાનિ-વૃદ્ધિ થતી નથી. આત્મપ્રદેશોનો સંકોચ થવાથી તેઓને રહેવાનું ક્ષેત્ર જે છે તેમાં હાનિ અવશ્ય થાય છે. તેવી જ રીતે વિકાસ થાય ત્યારે રહેવાનું ક્ષેત્ર વધારે જોઈએ આવું અવશ્ય બને છે. જેમ એક ધોતી અથવા સાડી સંકેલેલી હોય ત્યારે અને પહોળી કરી દોરી ઉપર સુકવવા આદિ પ્રયોજનથી પાથરી હોય ત્યારે તે જેમ ઓછું અને વધારે ક્ષેત્ર રોકે છે તેમ અહીં જાણવું. આ પ્રમાણે યથાર્થ સાચી વાત તમે સ્વીકારો અર્થાત્ સમજો એવી ટીકાકારશ્રીની ભારપૂર્વક શ્રોતા વર્ગને સૂચના છે. ॥૫-૧૬॥

**भाष्यम् :- अत्राह-उक्तं भवता (અધ્યાય-૫, સૂત્ર-૧ માં) धर्मादीनस्तिकायान् परस्ताल्लक्षणतो वक्ष्याम इति । तत्किमेषां लक्षणमिति ? अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે આપના વડે પાંચમા અધ્યાયના પ્રથમ સૂત્રમાં કહેવાયું છે કે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોને આગળ ઉપર લક્ષણથી અમે તમને કહીશું ? તો હવે કહો તો ખરા કે આ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણો શું છે ?**

**संस्कृत टीका :-** अत्राह - उक्तं भवतेत्यादिसम्बन्धग्रन्थः ॥ अस्यैवाध्यायस्य प्रथमसूत्रे, ताँल्लक्षणतः परस्ताद् वक्ष्याम इति उक्तं । तदिदानीमवकाशप्राप्तमभिधीयते :-

અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે :- "उक्तं भवता" આપશ્રી વડે પૂર્વે કહેવાયું છે કે ઈત્યાદિ જે વાક્યરચના છે તે આગળ-પાછળ આવતાં સૂત્રોનો સંબંધ સમજાવવા માટેની રચનાવિશેષ છે. આ પાંચમા અધ્યાયના પ્રથમસૂત્રમાં જ तान् = તે પાંચે દ્રવ્યોને लक्षणतः = લક્ષણથી આગળ ઉપર અમે સમજાવીશું." આ પ્રમાણે તમે પૂર્વે કહ્યું છે तदिदानीम् = તો હવે તે પાંચે દ્રવ્યો સમજાવવાનો તથા તેનાં લક્ષણો વિગેરે જણાવવાનો અવસર થયો છે તો તે સમજાવો. તેનો ટીકાકારશ્રી ઉત્તર આપે છે કે - अत्रोच्यते = હવે પછીના (૫-૧૭) સૂત્રથી ગ્રંથકારશ્રી આ જ વાત સમજાવે છે :-

## सूत्रम् :- गतिस्थित्युपग्रहौ धर्माधर्मयोरुपकारः ॥५-१७॥

## સૂત્રાર્થ :- ગતિમાં અને સ્થિતિમાં ઉપગ્રહ (ઉપકાર) કરવો એ જ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો (મોટો) ઉપકાર છે. ॥૫-૧૭॥

**संस्कृत टीका :-** गतीत्यादि सूत्रम् । अथवा तुल्येऽसङ्ख्येयप्रदेशत्वे सति कृत्स्नलोकव्यापित्वमेव धर्माधर्मयोर्न पुनरसङ्ख्येयभागादिषु वृत्तिरित्येतत् कथमनपदिष्टहेतुकमवसातुं शक्यमित्यत्र ब्रूमो वयमवसीयतामसंशयम्, यस्मात् प्रयोगविश्रसापरिणामजनितामनेकप्रकारां सार्वलौकिकीमन्यद्रव्येष्वसम्भवन्तीमात्मपुद्गलानां क्रियामारभमाणानां चक्षुषो दर्शनशक्तेरुपग्राहकादित्यादिरश्मिवद् गतिस्थित्योरुपग्राहकौ धर्माधर्माविति कार्यतो निश्चीयते सकलजगद्व्यापिनाविति, तच्चासाधरणं कार्यं सूत्रेण दर्शयति ॥

**ગુજરાતી ભાષાંતર :-** "ગતિ" ઈત્યાદિ મૂળ પાઠવાળું જે ૧૭મું સૂત્ર છે તે હવે સમજાવાય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યોના (તથા લોકાકાશના) પ્રદેશોની સંખ્યા "અસંખ્યાત સ્વરૂપે" એકસરખી સમાન જ છે. અને તે બન્ને દ્રવ્યોની (તથા લોકાકાશની પણ) સમસ્ત લોકાકાશમાં વ્યાપ્તિ પણ તુલ્ય જ છે. આ પ્રમાણે શાસ્ત્રોથી જાણે છતે ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય નામનાં આ બન્ને દ્રવ્યો ચૌદ રાજલોકપ્રમાણ લોકાકાશમાં સર્વત્ર પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત થઈને રહેલાં છે.

પરંતુ લોકાકાશના અસંખ્યાતમા ભાગમાં જ માત્ર હોય ઈત્યાદિ ન્યૂન કે અધિક અવગાહના વાળાં આ દ્રવ્યો નથી તમે સમજાવેલી આ વાત સમજાઈ તો ખરી. પરંતુ જ્યાં સુધી આ બાબતમાં બળવત્તર યુક્તિ ન કહો ત્યાં સુધી યથાર્થ જાણવાને શક્ય કેમ બને ? માટે અમારી તમને વિનંતિ છે કે યુક્તિ પણ જોરદાર અમને સમજાવો. ब्रूमो वयम् = શાસ્ત્રકાર મહાત્મા કહે જ છે કે અમે તમને પ્રબળ યુક્તિ પણ સમજાવીએ છીએ (તમે સાવધાન થઈને સાંભળો) તમારા દ્વારા કોઈ પણ જાતના સંશય વિના આ વાત अवसीयताम्

બરાબર ધારણ કરાઓ. બરાબર એકચિત્ત વાળા થઈને સંભલાઓ.

અમે તેનું પ્રબળ કારણ કહીએ છીએ. તમે જરા પણ સંશય રાખ્યા વિના અમારા વડે સમજાવાતી આ વાત બરાબર સાવધાની પૂર્વક તમારા વડે સંશય રાખ્યા વિના જ સંભળાઓ.

જો કે દેખવાનું કામકાજ તો ચક્ષુ જ કરે છે તો પણ ચક્ષુ દ્વારા કરાતી તે દર્શનશક્તિમાં ઉપગ્રાહક (સહાય કરનાર - મદદ કરનાર) આદિત્ય એટલે સૂર્ય અને આદિ શબ્દથી દીપકનો પ્રકાશ તથા રત્નાદિનો પ્રકાશ સહાયક થાય છે. દેખવામાં મદદ કરનાર થાય છે અર્થાત્ દેખે છે ચક્ષુ પરંતુ સહાય કરે છે પ્રકાશ, તેની જેમ પ્રયોગ દ્વારા અથવા વિશ્રસા પરિણામથી ઉત્પન્ન થયેલી અનેક પ્રકારની ક્રિયા જ્યાં હોય છે ત્યાં એટલે કે સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત અને અન્ય દ્રવ્યોમાં ન સંભવે તેવી ગતિ અને સ્થિતિ નામની ક્રિયાનો આરંભ કરનારા એવા જીવદ્રવ્યોમાં અને પુદ્ગલદ્રવ્યોમાં ગતિ-સ્થિતિની ક્રિયા થાય ત્યારે તે ક્રિયામાં ઉપકાર કરનારાં (ઉપગ્રહકારી) એવાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામનાં બે દ્રવ્યો લોકાકાશવ્યાપી છે.

આ પ્રમાણે ગતિ-સ્થિતિની ક્રિયામાં સહાયક થવાના કાર્યથી ધર્માધર્મ દ્રવ્યોનો સહાયક કારણ તરીકે સિદ્ધિ થાય છે. તથા આ બન્ને દ્રવ્યો લોકાકાશ વ્યાપ્ત માત્ર જ છે. તેથી જ જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિ અલોકાકાશમાં થતી નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યોનું અસાધારણ કાર્ય શું છે ? તે આ સૂત્રથી ગ્રંથકારશ્રી જણાવે છે કે ગતિ કરવામાં તથા સ્થિતિ કરવામાં દીપકના પ્રકાશની જેમ જીવ અને પુદ્ગલોને સહાય કરવી એ જ કાર્ય આ બન્ને દ્રવ્યોનું છે તે જ વાત ગ્રંથકારશ્રી આ સૂત્ર દ્વારા આપણને સમજાવે છે :-

**भाष्यम् :- गतिमतां गतेः, स्थितिमतां च स्थितेरुपग्रहो धर्माधर्मयो-रुपकारो यथासङ्ख्यम् । उपग्रहो निमित्तमपेक्षाकारणं हेतुरित्यनर्थानन्तरम् ॥ उपकारः प्रयोजनं गुणोऽर्थ इत्यनर्थान्तरम् ॥५-१७॥**

**ભાષ્યનું ગુજરાતી :- ગતિવાળાં દ્રવ્યોને ગતિ કરવામાં અને સ્થિતિવાળાં દ્રવ્યોને સ્થિતિ કરવામાં અપેક્ષાકારણ રૂપે સહાયક થવું એ જ આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એમ બન્ને દ્રવ્યોનો અનુક્રમે ઉપકાર છે. આ ઉપકાર કરવો એ જ તે બન્ને દ્રવ્યોનો ગુણ છે.**

**આ પાઠમાં જે ઉપગ્રહ શબ્દ વાપરવામાં આવ્યો છે તેનો અર્થ ઉપગ્રહ-નિમિત્ત-અપેક્ષાકારણ અને હેતુ આવો અર્થ કરવો. તે ચારે શબ્દો એકાર્થક છે. તથા તેવી જ રીતે ઉપકાર-પ્રયોજન-ગુણ અને અર્થ આ ચારે શબ્દો પણ એકાર્થક જ છે. અર્થાન્તર નથી. ॥૫-૧૭॥**

**संस्कृत टीका :-** गतिमतामित्यादि भाष्यम् । देशान्तरप्राप्तिहेतुः परिणामो गतिः, तद्विपरीतः परिणामः स्थितिः, तद्वन्तस्तादृशा परिणामेनाविष्टा इति, अत एवंविधक्रियापरिणतद्रव्यमेव गतिस्थितिशब्दाभ्यामुच्यते, तद्व्यतिरेकेण गतिस्थितिक्रियाऽनुपलब्धेः, एकस्यैवोपग्रहद्वयनिवृत्त्यर्थं यथासङ्ख्यकमुपन्यस्यति - गतिमतामित्यादिना भाष्येण ॥ जीवपुद्गलाः क्रियावन्तो यत्र च गतिः तत्रावश्यंतया स्थित्याऽपि भवितव्यम् । अथवा धर्मद्रव्यस्य सन्निहितत्वात् किमित्यव्याहता गतिरेव सततं न भवत्यविकलकारणकलापसन्निधाववश्यंभाविनी कार्योत्पत्तिरेवं स्थितिरपि वाच्येत्याक्षिप्ते गतिमतामित्याह - ॥ स्वत एव गतिपरिणतिर्येषां द्रव्याणां स्थितिपरिणतिश्च तेषामुपग्राहकौ धर्माधर्मावपेक्षाकारणमाकाशकालादिवन्न निर्वर्तकं कारणम्, निर्वर्तकं हि तदेव जीवद्रव्यं पुद्गलद्रव्यं वा गतिस्थितिक्रियाविष्टम् । धर्माधर्मौ पुनरुपग्राहकावनुपघातकावनुग्राहकावित्यर्थः ॥

**ગુજરાતી ભાષાંતર :-** "गतिमतामित्यादि" ભાષ્યના પાઠ ઉપર ટીકાકારશ્રી આ વિવેચન કરે છે (૧) કોઈ પણ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમનક્રિયા કરવામાં કારણભૂત જે ગમન પરિણામ તેને **ગતિપર્યાય** કહેવાય છે કોઈ પણ એક આકાશપ્રદેશથી પ્રદેશાન્તરે જવું તે ગતિપર્યાય (ગતિભાવે પરિણમન) કહેવાય છે તેવી પ્રક્રિયા કરવામાં હેતુભૂત જે ક્રિયા તે ગતિપરિણામ કહેવાય છે. તેનાથી વિપરીત એવો જે પરિણામ તે સ્થિતિપરિણામ કહેવાય છે. આ ગતિપરિણામને પામેલાં અને સ્થિતિપરિણામને પામેલાં એવાં જીવ અને પુદ્ગલાદિ જે દ્રવ્યો છે તે દ્રવ્યોને તેવા પ્રકારના ભાવવાળાં દ્રવ્યો કહેવાય છે. એટલે કે (૧) ગતિ ભાવે પરિણત પામેલાં અને (૨) સ્થિતિભાવે પરિણત પામેલાં દ્રવ્યો કહેવાય છે.

આ પ્રમાણે આવા પ્રકારની ગતિક્રિયા અને સ્થિતિક્રિયા સ્વરૂપે પરિણામ પામેલાં દ્રવ્યોને જ ગતિ અને સ્થિતિ શબ્દથી સમજાવાય છે. કારણ કે ગતિ-સ્થિતિભાવે પરિણામ પામેલાં દ્રવ્યો વિના અન્યત્ર ક્યાંય ગતિ-સ્થિતિ ક્રિયા સંભવતી નથી. અન્યત્ર સર્વત્ર ગતિ-સ્થિતિ ક્રિયાની અનુપલબ્ધિ જ હોય છે. એક ગતિક્રિયામાં જ ધર્મ અને અધર્મ એમ બન્ને દ્રવ્યો ઉપકાર કરે છે. આવો ખોટો અર્થ ન થઈ જાય તે માટે, તથા એક જ સ્થિતિ ક્રિયામાં જ ધર્મ અને અધર્મ એમ બન્ને દ્રવ્યો ઉપકાર કરે છે. આવો પણ ખોટો અર્થ ન થઈ જાય તે માટે ટીકાકારશ્રીએ ટીકામાં यथासङ्ख्यम् શબ્દનો ખાસ ઉલ્લેખ કર્યો છે. તેનાથી સાર એ નીકળે છે કે :-

(૧) ગતિક્રિયામાં પરિણત થયેલાં જીવ અને પુદ્ગલ દ્રવ્યોને માત્ર એક ધર્માસ્તિકાય જ સહાય કરે છે. તેવી જ રીતે (૨) સ્થિતિક્રિયામાં પરિણત થયેલાં જીવ અને પુદ્ગલાદિ જે દ્રવ્યો છે તેઓને માત્ર એક અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય જ સહાય કરે છે. આવો અર્થ સમજાવવા માટે ભાષ્યમાં "यथासङ्ख्यम्" કહ્યું છે. ભાષ્યના પાઠમાં આ વાત સ્પષ્ટ સમજાવેલી છે.

અથવા ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય ચૌદ રાજલોક વ્યાપી હોવાથી સર્વ જીવદ્રવ્યોને તથા સર્વ અજીવદ્રવ્યોને નિકટવર્તી (સન્નિહિત) બનવાથી જીવો અને પુદ્ગલો અખંડિતપણે સતત ગતિક્રિયા જ કર્યા કરે આવું ન બની જાય એટલા માટે અધર્માસ્તિકાય દ્રવ્ય પણ ત્યાં જ હાજર હોવાથી તે જ જીવ અને પુદ્ગલ દ્રવ્યો પોતાની ઈચ્છાને અનુસારે સ્થિતિક્રિયા પણ કરે જ છે. તથા સ્થિતિનાં પણ પરિપૂર્ણ કારણો ત્યાં હોવાથી સદાકાળ કાયમ સ્થિતિ જ કર્યા કરે તેવો અર્થ પણ ન કરવો. કારણ કે ગતિક્રિયા કરવી હોય ત્યારે તેમાં મદદ કરવાવાળું દ્રવ્ય પણ ત્યાં વિદ્યમાન છે જ. માટે બન્ને ક્રિયાનાં સ્વતંત્ર એવાં બન્ને દ્રવ્યો કારણ રૂપે હાજર જ છે. જેનો ઉપયોગ કરવો હોય તેની સહાય લઈ શકાય છે. તેના કારણે પોતાના પ્રયોજન પ્રમાણે જીવો અને પુદ્ગલો આ બન્ને દ્રવ્યની સહાયથી પોતાની ઈચ્છાને અનુસારે ગતિ-સ્થિતિ ક્રિયા કરે છે.

સારાંશ કે કેવળ એકલી ગતિ કે કેવળ એકલી સ્થિતિ કેમ થતી નથી ? આવો પ્રશ્ન કોઈ કરે તો તેનો ઉત્તર આપતા ટીકાકારશ્રી જણાવે છે કે **गतिमतां गतेः, स्थितिमतां च स्थितेः** સ્વયં પોતાની મેળે ગતિભાવને પામેલા જે જીવદ્રવ્યો અને જે પુદ્ગલદ્રવ્યો છે તેમાં સહાયક થવા સ્વરૂપે ધર્માસ્તિકાય કામ કરે છે એવી જ રીતે સ્વયં પોતાની રીતે સ્થિતિભાવને એટલે કે સ્થિતિપરિણામને પામેલા એવા જે જીવદ્રવ્યો અને જે પુદ્ગલદ્રવ્યો છે તેમાં સ્થિતિની ક્રિયામાં સહાયક તરીકે અધર્માસ્તિકાય કામ કરે છે.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો ગતિ-સ્થિતિ કરતા જીવોને અને પુદ્ગલ દ્રવ્યને અપેક્ષાકારણ છે. માછલાને તરવાની ક્રિયામાં જેમ જળ કારણ છે તેમ આ વિષય જાણવો. પરંતુ આ બન્ને દ્રવ્યો નિર્વર્તક કારણ નથી. નિર્વર્તક કારણ તો ગતિભાવે અને સ્થિતિભાવે પરિણત થયેલું એવું જીવદ્રવ્ય પોતે જ તથા પુદ્ગલ દ્રવ્ય પોતે જ કારણ છે. કારણ કે નિર્વર્તક કારણ એટલે કે કર્તાકારક, જે જે કર્તા રૂપે કારણ હોય છે. તેને પોતાનો જ પ્રયત્નવિશેષ કરવાનો હોય છે તેવા પ્રકારનું નિર્વર્તક કારણ કહો કે કર્તા કારક કહો પણ તે કર્તા દ્રવ્યને જ કહેવાય છે. પરંતુ ધર્મ અધર્મ દ્રવ્યને નિર્વર્તક કારણ કે કર્તાકારક કહેવાતાં નથી.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો ગતિ અને સ્થિતિ ન કરતા એવા જીવદ્રવ્યને કે પુદ્ગલદ્રવ્યને અનિચ્છાએ પણ ગતિ-સ્થિતિ કરાવે જ છે એવાં બળાત્કાર કરે તેવાં પણ આ દ્રવ્યો નથી. આવા પ્રકારનું પોતાનું બળ વાપરવા પૂર્વક ગતિ-સ્થિતિ કરાવે જ એવાં કર્તાકારક રૂપે અથવા નિર્વર્તક કારણ રૂપે આ બન્ને દ્રવ્યો કારણ નથી. પરંતુ લખનાર અને વાંચનાર સ્ત્રી-પુરુષને જ્યારે લખવું હોય અથવા જ્યારે વાંચવું હોય ત્યારે દીપક પ્રકાશ આપવા દ્વારા જેમ કારણ બને છે સહાયક માત્ર થાય છે તેવી જ રીતે જીવ અને પુદ્ગલોને ગમનાગમન જ્યારે કરવું હોય ત્યારે ધર્માધર્મ દ્રવ્યો ગતિ-સ્થિતિમાં સહાયક થવા રૂપે કારણ બને છે. આવો ભાવ જાણવો.

પરંતુ ન ચાલતા જીવને અને પુદ્ગલને ધક્કો મારીને બળજબરીથી ગતિ-સ્થિતિ આ દ્રવ્યો કરાવતાં નથી. જેમ વૃક્ષોની છાયા માણસને બેસવું હોય તો સહાયક થાય છે. તેની જેમ આ દ્રવ્યો જાણવાં. તેથી જીવદ્રવ્યને તથા પુદ્ગલદ્રવ્યને ગતિ-સ્થિતિની ક્રિયા જ્યારે કરવી હોય ત્યારે તેમાં ઉપગ્રહ કરવા સ્વરૂપે કારણ છે. સારાંશ કે જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય જ્યારે ગતિક્રિયા કે સ્થિતિક્રિયા કરે છે. ત્યારે ધર્માધર્મ દ્રવ્યો તેઓની થતી તેવા પ્રકારની ગતિ સ્થિતિની ક્રિયામાં ઉપઘાત કરનારાં નથી અર્થાત્ અનુપઘાતક કારણ છે. એટલે કે અનુગ્રહ કરવા સ્વરૂપ અનુગ્રાહક કારણ છે. આટલી વિશેષતા જાણવી.

स्वभावत एव हि गतिस्थितिपरिणतानि द्रव्याणि तावुपगृह्णीतः । यथा च "सरित्तडागह्रद-समुद्रेष्ववगाहित्वे सति मत्स्यस्य स्वयमेव सञ्जातजिगमिषस्योपग्राहकं जलं निमित्ततयोपकरोति दण्डादिवन्मृदः परिणामिन्याः । नभोवद् वा, अपेक्षाकारणं हेतुरिति कारणसामान्यप्रतिपत्तिकारि । एते हि शब्दा नार्थान्तराभिधायितया प्रवर्तन्ते ॥ तथा चोक्तम् –

निर्वर्तको निमित्तं परिणामी च त्रिधेष्यते हेतुः ।
कुम्भस्य कुम्भकारो वर्ता मृच्चेति समसङ्ख्यम् ॥ आर्या ॥

**ગુજરાતી ભાષાંતર :-** જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય પોતપોતાના સ્વભાવથી જ ગતિ અને સ્થિતિપર્યાયમાં પરિણત થાય છે. પોતાની મેળે ગતિ અને સ્થિતિ પર્યાયે પરિણત થયેલા તે દ્રવ્યોને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એમ આ બે દ્રવ્યો ગતિ-સ્થિતિની ક્રિયા કરવામાં ઉપગ્રહકારી (સહાયકારી) કારણ બને છે. અર્થાત્ સહાયક-મદદગાર થાય છે.

જેમ નદી, તળાવ, સરોવર કે સમુદ્ર જેવાં જલાશયોમાં રહેલા માછલાં, દેડકાં, મગરમચ્છ વિગેરે પ્રાણીઓને સ્વયં પોતાની રીતે ઉત્પન્ન થઈ છે ગમનાગમન કરવાની ઈચ્છા જેને એવા તે તે જીવોને જળ નિમિત્તકારણ બને છે. અર્થાત્ સહાયક થવા રૂપે ઉપકારક કારણ બને છે તેની જેમ તથા ઘટના આકારે પરિણામ પામતી માટી દ્રવ્યને જેમ

દંડાદિસામગ્રી સહાયક થાય છે અથવા આવા પ્રકારનાં કાર્યોમાં જેમ આકાશ (આ કાર્યો કરવામાં જે જગ્યાનો ઉપયોગ કરવામાં આવે છે તે જગ્યા) અપેક્ષાકારણ સ્વરૂપે કારણ બને છે. તેની જેમ ધર્મ-અધર્મ દ્રવ્યો પણ ગતિ-સ્થિતિમાં સામાન્ય કારણમાત્ર છે. આમ આ વાત સ્વીકારવી જોઈએ.

નિમિત્ત-કારણ-હેતુ આ બધા શબ્દો પર્યાયવાચી છે. પરંતુ ભિન્ન ભિન્ન અર્થને કહેનારા નથી. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

નિર્વર્તક, નિમિત્ત અને પરિણામી એમ ત્રણ પ્રકારનાં કારણો હોય છે જેમકે કુંભ (ઘટ) બનાવવામાં (૧) કુંભાર, (૨) ઘટ લેનાર ગરાગ (ગ્રાહક), અને (૩) માટી આ ત્રણે દ્રવ્યો ઘટનાં ઉપરોક્ત ત્રણ કારણ સ્વરૂપે જૈન શાસ્ત્રોમાં કહેલાં છે. અર્થાત્ કુંભાર એ નિર્વર્તકકારણ (કર્તાકારણ), ઘટ લેનાર ગરાગ એ નિમિત્તકારણ, અને માટી એ પરિણામી (ઉપાદાન) કારણ કહેવાય છે.

न पुनस्तज्जलद्रव्यं गतेः कारणभावं बिभ्राणमगच्छन्तमपि झषं बलात् प्रेर्यं गमयति ॥ क्षितिर्वा स्वयमेव तिष्ठतो द्रव्यस्य स्थानभूयमापनीपद्यते । न पुनरतिष्ठद् द्रव्यं बलादवनिरवस्थापयति । व्योम वाऽवगाहमानस्य स्वत एव द्रव्यस्य हेतुतामुपैत्यवगाहं प्रति, न पुनरनवगाहमानमवगाहयति स्वावष्टम्भात् । स्वयमेव च कृषीवलानां कृष्यारम्भमनुतिष्ठतां वर्षमपेक्षाकारणं दृष्टम् । न च नूनकुर्वतस्तांस्तदर्थमारम्भयद् वर्षवारि प्रमितम्, प्रावृषि वा नवाम्भोधरध्वनि श्रवणनिमित्तोपाधीयमानगर्भा प्रसूते स्वत एव बलाका । न चाप्रसूयमानां तामभिनवजलधरनिनादः प्रसभं प्रसावयति । प्रतिबुध्य वा पुरुषः प्रतिबोधनिमित्तां विरतिमातिष्ठमानोऽवद्याद् दृष्टः ॥ न च पुमांसमविरमन्तं विरमयति बलात् प्रतिबोधः ॥

**ગુજરાતી ભાષાંતર** :- મત્ય (માછલાં) પાણીમાં હોય ત્યારે તરે છે અવશ્ય, પરંતુ મત્સ્ય તરવાની ગતિ કરે ત્યારે જલ તેને સહાયક થાય છે પરંતુ ગતિમાં કારણભાવને ધારણ કરનારું તે જળદ્રવ્ય મત્સ્યને બલાત્કારે ગતિ કરવાની પ્રેરણા કરીને બલાત્કારે ગતિ કરાવતું નથી. બરાબર એવી જ રીતે સ્વયં પોતાની ઈચ્છાથી સ્થિર થતા મનુષ્યાદિ ભાવોને ક્ષિતિ એટલે પૃથ્વી ઉભા રહેવા માટે સ્થાન આપવા સ્વરૂપે અવશ્ય ઉપગ્રહ (ઉપકાર) કરે છે.

પરંતુ સ્થિર ન થતા અને પોતાની રીતે જ દોડાદોડી કરતા એવા દ્રવ્યોને બળાત્કાર કરીને પૃથ્વી તે દ્રવ્યોને સ્થિર રાખવાનું કામ કરતી નથી. તેની જેમ પોતાની રીતે સ્થિર થતા દ્રવ્યને સ્થિર રાખવામાં અધર્માસ્તિકાય સહાય કરે છે. પરંતુ બલાત્કારે કોઈને સ્થિર રાખતું નથી. એવું આ અધર્માસ્તિકાય દ્રવ્ય છે.

તથા વળી આ જ પ્રમાણે સ્વતઃ પોતાની ઈચ્છાને અનુસારે અવગાહના કરતા એવા કોઈ પણ જીવ અથવા પુદ્ગલાદિ દ્રવ્યને અવગાહ આપવામાં આકાશદ્રવ્ય હેતુતાને (કારણતાને) પામે છે અર્થાત્ આકાશ અવશ્ય જગ્યા આપવામાં હેતુ (કારણ) બને જ છે. એટલે કે સ્વયં અવગાહના લેતા દ્રવ્યોને અવગાહ આપવા સ્વરૂપે આકાશદ્રવ્ય અવશ્ય સહાય કરે જ છે.

પરંતુ અવગાહના ન લેતા એવા દ્રવ્યોને પોતાના આલંબનથી બલાત્કારે પણ અવગાહ કરાવે જ આવું બનતું નથી. જેમ પોતાની ઈચ્છાથી ખેતીના કામકાજનો આરંભ કરનારા એવા ખેડુતોને વરસાદ અપેક્ષા કારણ છે. પરંતુ ખેતી ન કરતા ખેડુતોને વરસાદ બલાત્કારે ખેતીના કામકાજમાં જોડતો નથી કે ખેતીના કામકાજની પ્રેરણા કરતો હોય એવી પ્રતીતિ થતી નથી. તેની જેમ અહીં સમજવું.

અથવા ચોમાસામાં નવા જ ચડી આવેલાં વાદળાંની મેઘઘટાની ગર્જના સાંભળવાના નિમિત્તથી ધારણા કર્યો છે ગર્ભ જેણે એવી બલાકા (બગલી) પ્રસુતિ અવશ્ય કરે છે. પરંતુ પ્રસુતિ ન કરતી બલાકાને (બગલીને) તે નવા ચડી આવેલા એવા મેઘની ગર્જના બળાત્કારે પ્રસુતિ કરાવતી નથી.

ઉપરોક્ત દૃષ્ટાન્તોને અનુસારે ગુરુજી પાસે પ્રતિબોધ પામેલો કોઈ પણ પુરુષ, તે પ્રતિબોધ છે નિમિત્ત જેમાં એવો તે પુરુષ પાપોથી વિરતિને ધારણ કરતો દેખાય છે. પરંતુ પાપોથી વિરમણતાને ન કરતા પુરુષને ગુરુજી દ્વારા કરાયેલો પ્રતિબોધ બળાત્કારે પાપોથી વિરમણ કરાવતો નથી.

આ પ્રમાણે ઉપર સમજાવેલાં દૃષ્ટાંતોને અનુસારે આ અપેક્ષાકારણ રૂપે રહેલાં ધર્મ અને અધર્મ દ્રવ્યો પોતપોતાનું કાર્ય કરવામાં મદદગાર જરૂર થાય છે. પરંતુ કર્તાને તે તે કાર્ય જ્યારે કરવું હોય ત્યારે તેમાં સહાયક થાય છે પરંતુ આ અપેક્ષાકારણો કાર્ય ન કરતા એવા કર્તાને બલાત્કારે કાર્ય કરવામાં જોડતા નથી. એટલે આવા દ્રવ્યોને જ **અપેક્ષાકારણ** કહેવાય છે.

यदि तर्हि निमित्तकारणं धर्माधर्मौ दण्डादिवदेवं सत्यपेक्षाकारणतैव हीयते, यतो निर्व्यापारमपेक्षाकारणमुच्यते ? नैतदेवम्, अपेतयुक्तित्वात् । न हि निर्व्यापारं कारणम्, किं तर्हि ? कुर्वत् कारणं, अपेक्षाकारणं चैतावतोच्यते धर्मादिद्रव्यगतक्रियापरिणाममपेक्षमाणं जीवादिगत्यादि-क्रियापरिणतिं पुष्णाति । एवं तर्हि निमित्तापेक्षाकारणयोर्न कश्चिद् विशेषः ? अस्ति विशेषः । दण्डादिषु प्रायोगिकी वैस्रसिक्री च क्रिया, धर्मादिषु वैस्रसिक्येवेति । भाष्यकारेण कारणसामान्य-प्रतिपिपादयिषयोपन्यस्तो निमित्तशब्दः ॥

यावता चांशेन स्वतो व्यापारपरिणतिर्दण्डादीनां तदंशप्रदर्शनपरतया निमित्तशब्दोपादानमिति। न च गत्युपकारोऽवगाहलक्षणाकाशस्योपपद्यते, किं तर्हि ? धर्मस्यैवोपकारः स दृष्टः। स्थित्युपकारश्चा धर्मस्य नावगाहलक्षणस्य व्योम्नः। अवश्यमेव हि द्रव्यस्य द्रव्यान्तरादसाधारणः कश्चिद् गुणोऽभ्युपेयः। द्रव्यान्तरत्वं च युक्तेरागमाद् वा निश्चेयं। युक्तिर्वक्ष्यते। आगमस्तु सर्वज्ञदत्तस्वहस्तः। प्रकाशत एवाव्याहतः ॥

**ગુજરાતી ભાષાંતર :- પ્રશ્ન :-** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યોને જો દંડાદિની જેમ નિમિત્તકારણ કહીશું તો તેમાં કહેલી અપેક્ષાકારણતાની હાનિ (બાદબાકી) થશે. કારણ કે આકાશદ્રવ્યની જેમ નિર્વ્યાપારાત્મકભાવે જે કારણ બને છે તેને જ અપેક્ષાકારણ કહેવાય છે. જેમકે આકાશદ્રવ્યમાં કોઈ અવગાહ લે કે કોઈએ અવગાહ લીધેલી હોય તેનો ત્યાગ કરે તે બન્નેમાં આકાશ નિર્વ્યાપરાત્મકભાવે કારણ બને છે. માટે જ તેને અપેક્ષાકારણ કહેવાય છે.

ધર્માધર્મને જો નિમિત્તકારણ કહેશો તો ધર્માધર્મમાં કહેલી અપેક્ષાકારણતા ઉડી જશે. તેનો અપલાપ થશે અને પરમાર્થથી જોઈએ તો આ ધર્માધર્મ બન્ને દ્રવ્યો આકાશની જેમ નિર્વ્યાપારાત્મકભાવે જ ગતિ-સ્થિતિમાં કારણ બને છે. માટે જ તેમાં અપેક્ષાકારણપણું જ કહેવું જોઈએ તેને નિમિત્ત કારણતા કેમ કહો છો ?

**ઉત્તર :-** આ વાત આ પ્રમાણે નથી. તમારું કહેવું સર્વથા યુક્તિ વિનાનું છે. કોઈ પણ કારણ કાર્ય કરવામાં મદદગાર હોય છે તો તે સર્વથા નિર્વ્યાપારાત્મક હોતું જ નથી. મદદ કરવારૂપ વ્યવહાર તો હોય જ છે. હવે કદાચ આવો પ્રશ્ન થાય કે જો નિર્વ્યાપારાત્મક હોતું નથી તો કેવું હોય છે ? આવો પ્રશ્ન કદાચ તમે કરો તો અમે તમને જણાવીએ છીએ કે "कुर्वत् कारणं" કાર્યને જે કરતું હોય તેને જ કારણ કહેવાય છે. કાર્ય કરવામાં મદદગાર તરીકે જે હાજર હોય તેને જ કારણ કહેવાય છે.

એટલે કે જે જે કારણ હોય તે તે કાર્ય કરવામાં વ્યાપારાત્મક જ કારણ હોય તો જ કારણ કહેવાય. અન્યથા = નિર્વ્યાપારાત્મકને તો કારણ જ કેમ કહેવાય ? ધર્માધર્મ દ્રવ્યોને શાસ્ત્રોમાં જે અપેક્ષાકારણ તરીકે કહેવામાં આવ્યાં છે તે પણ એટલા માટે જ કહેવામાં આવ્યાં છે કે ધર્માધર્મ દ્રવ્યમાં રહેતી એવી ગતિ અને સ્થિતિના કાર્યમાં સહાય કરવાની જે પરિણતિ છે તે પરિણતિ તે બન્ને દ્રવ્યોમાં છે. તે માટે તેની અપેક્ષા રાખીને જ કારણતા કહી છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં ગતિ અને સ્થિતિ ક્રિયા કરવાનો જે પરિણામ છે. તેને જે વધારે પુષ્ટ કરે, તેમાં સહાયતા કરે તે અપેક્ષાકારણ કહેવાય છે. એટલે અપેક્ષાકારણ પણ સર્વથા નિર્વ્યાપારાત્મક નથી. પરંતુ વ્યાપારાત્મક જ છે. પરંતુ અપેક્ષા સ્વરૂપે વ્યાપારાત્મક છે.

જેમ કોઈ એક પુરુષને એક ગામથી બીજે ગામ જવું હોય ત્યારે પગે ચાલીને જવાનું હોય તો ચાલવાની ક્રિયા ખરેખર પોતાના પગ જ કરવાના છે. તેના કારણે થાક-પરસેવો-ભૂખ પણ તેને જ લાગવાની છે તો પણ સૂર્યનો પ્રકાશ અથવા બેટ્રિકનો પ્રકાશ તેને પગ ઉપાડવાની ક્રિયામાં મદદગાર અવશ્ય છે જ, તે જ પ્રમાણે ગતિ-સ્થિતિની ક્રિયા કરે તો છે જીવ અને પુદ્ગલ, પરંતુ ધર્માધર્મ દ્રવ્ય તે ક્રિયામાં આ રીતે પ્રેરકબળ અવશ્ય આપે જ છે. તે માટે તે અવશ્ય અપેક્ષાકારણ સ્વરૂપ છે. સર્વથા નિર્વ્યાપારાત્મક નથી. પરંતુ અપેક્ષા સ્વરૂપે સવ્યાપારાત્મક છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં થતી ગતિક્રિયાને અને સ્થિતિક્રિયાને આ બન્ને દ્રવ્યો આ રીતે સપોટ કરે છે. માટે સર્વથા નિર્વ્યાપારાત્મક નથી પરંતુ કાર્ય કરવામાં પ્રેરકબળ પુરું પાડનાર તરીકે સક્રિય કારણ છે.

**પ્રશ્ન :-** જો આ પ્રમાણે ધર્માધર્મ દ્રવ્યો પણ વ્યાપારાત્મકભાવે ગતિ-સ્થિતિમાં જો કારણ બનતાં હોય તો નિમિત્તકારણ અને અપેક્ષાકારણ આ બન્નેમાં કંઈ જ વિશેષતા રહેતી નથી. કારણ કે બીજમાંથી અંકુરા ઉત્પન્ન કરવામાં નિમિત્તકારણ એવું જળ (પાણી) જેમ બીજને સપોટ કરે છે તો જ અંકુરા પ્રગટ થાય છે. તે જે પ્રમાણે અપેક્ષાકારણ એવું આકાશ અને વાયુ પણ વાવેલા બીજને અંકુરા પ્રગટ કરવામાં અને અંકુરાને યાવત્ ફળ સુધી લઈ જવામાં સહાય કરે જ છે તો આ નિમિત્તકારણ અને અપેક્ષાકારણમાં કોઈ પણ જાતનો તફાવત જણાતો નથી. બન્ને કારણોનું ઐક્ય થઈ જશે ?

**ઉત્તર :-** નિમિત્તકારણ અને અપેક્ષાકારણ આ બન્ને કારણોમાં તફાવત (વિશેષતા) અવશ્ય છે: તે આ પ્રમાણે = ઘટ બનાવવામાં દંડાદિ જે નિમિત્ત કારણ છે તેમાં પ્રાયોગિકી અને વિશ્રસા એમ બે પ્રકારની કારણતા હોય છે. જ્યારે જે અપેક્ષા કારણ છે તેમાં માત્ર એક વૈસ્રસિકી કારણતા જ હોય છે જ્યારે ઘટ બનાવાય છે ત્યારે દંડાદિ સાધનસામગ્રીનો જે ઉપયોગ કરાય છે તે કર્તા એવા કુંભકારની બુદ્ધિ પ્રમાણે જે સાધન જ્યાં જોડવા જેવું હોય તે સાધનને ત્યાં જોડવા દ્વારા કુંભાર ઘટકાર્ય કરે છે. દરેક સાધનોને યથાસ્થાને યથાઅવસરે જોડે છે તે સાધનોનો સહારો કુંભકાર લે છે તેથી તે કર્તાની ઈચ્છાને આધીનપણે પ્રવર્તે છે માટે તેને નિમિત્તકારણ કહેવાય છે. અને કર્તા જ્યાં જે રીતે જોડે ત્યાં તે રીતે કાર્ય કરવામાં તે સહાય આપે છે. આ બધી પ્રાયોગિકી ક્રિયા છે.

તથા દંડ જે કાર્ય કરે છે તે દંડ જ કરી શકે છે. કુંભકારાદિ અન્ય સામગ્રી તે કાર્ય કરી શકતી નથી. આ દંડની પોતાની સહાયકક્રિયા જે છે તે વૈસ્રસિકી પણ છે. આ પ્રમાણે નિમિત્તકારણમાં પ્રાયોગિકી અને વૈસ્રસિકી એમ બન્ને પ્રકારની ક્રિયા હોય છે. જ્યારે

ધર્માધર્મ દ્રવ્યમાં જે સહાય કરવાની કારણતા છે તે માત્ર ગતિ-સ્થિતિમાં અપેક્ષા કારણતા રૂપ જે કારણતા છે તેની હાજરી જ માત્ર ત્યાં જરૂરી છે. પરંતુ તે પોતે તે તે કાર્ય કરવામાં નિમિત્તકારણતા રૂપે પોતપોતાને યોગ્ય પુરુષાર્થ કરવા સ્વરૂપ સહાય આપવા પૂર્વક તે તે કાર્યમાં જોડાતાં નથી. માટે માત્ર અપેક્ષાકારણતા જ છે અને તે પણ વિશ્રસા જ માત્ર છે આટલી આ બન્નેમાં વિશેષતા છે, તફાવત છે.

ભાષ્યકાર મહારાજા વડે "સામાન્યપણે કારણમાત્ર જ છે" આવું પ્રતિપાદન કરવાની ઈચ્છા દ્વારા આ નિમિત્ત શબ્દનો પ્રયોગ કરાયો છે જેટલા અંશે દંડાદિની ઘટાદિને બનાવવામાં કુંભકારાદિને આધીન જે જે પ્રવૃત્તિ થાય છે. તેટલા અંશને બનાવવાની અપેક્ષાએ નિમિત્ત શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. સાધારણ કારણતાને આશ્રયી નિમિત્ત શબ્દનો પ્રયોગ છે પરંતુ જ્યારે ગતિસહાયકતા ધર્માસ્તિકાય જ કરી શકે છે અને સ્થિતિસહાયકતા અધર્માસ્તિકાય જ કરી શકે છે. આ પ્રમાણે પોતપોતાના નિયત કાર્ય કરવાના સ્વભાવની વિચારણા જ્યારે કરીએ ત્યારે તે વૈસ્રસિકી પરિણતિ થાય છે અને તે અસાધારણકારતા કહેવાય છે.

જેમકે ગતિમાં ઉપકાર કરવો તે ધર્માસ્તિકાયનો જ સ્વભાવ છે: તે દ્રવ્ય જ આ કાર્ય કરી શકે છે. પરંતુ અવગાહના લક્ષણવાળા આકાશનો આ ગતિ સહાયકતા ધર્મ હોઈ શકતો નથી. એવી જ રીતે સ્થિતિમાં સહાય કરવી તે અધર્માસ્તિકાયનો જ ધર્મ છે. અન્ય કોઈ દ્રવ્યનો તે ધર્મ નથી. તેથી તેનો તે અસાધારણ ધર્મ કહેવાય છે. કોઈ પણ એક દ્રવ્યને બીજા દ્રવ્યથી ભિન્ન સમજવા માટે આવો અસાધારણ ધર્મ જ તેમાં કારણ બને છે. આ પ્રમાણે એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું દ્રવ્યાન્તરપણું આવા સ્વભાવભેદના કારણે હોય છે. આ વાત યુક્તિથી અને આગમ શાસ્ત્રોથી સમજાય તેવી છે.

છતાં તે વિષયને યુક્તિથી અને આગમથી જાણવા પ્રયત્ન કરવો જોઈએ. અહીં ધર્મ અને અધર્મ આ બન્ને દ્રવ્યો ભિન્ન ભિન્ન છે. તેની યુક્તિ આગળ ઉપર અમે સમજાવીશું. એકદ્રવ્ય ગતિસહાયક છે અને બીજું દ્રવ્ય સ્થિતિસહાયક છે. આમ આ યુક્તિ જાણવી. તથા આ બન્નેનો ભેદ જણાવનાર આગમપાઠ તો હમણાં જ બતાવવામાં આવશે. હવે આપના આ આગમપાઠમાં "સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતોએ આપ્યો છે પુરેપુરો ટેકો જેમાં એવો આ પાઠ છે માટે તેવા આગમપાઠથી પણ આ વાત સમજાવાય તેવી છે તે પાઠ આ પ્રમાણે છે :-

कइणं भंते ? दव्वा पण्णत्ता ? गोयमा ! छ दव्वा पण्णत्ता, तं जहा–धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, पुग्गलत्थिकाए, जीवत्थिकाए, अद्धासमये"

ननु धर्मद्रव्योपकारनिरपेक्षमेव शकुनेरुत्पतनमुर्ध्वज्वलनमग्नेर्मरुतश्च तिर्यग्गमनं स्वभावादेवानादिकालीनादिति ॥

उच्यते – प्रतिज्ञामात्रमिदं ॥ नार्हतं प्रति हेतुदृष्टान्तावनवद्यौ स्तः ॥ स्वाभाविक्यां गतौ धर्मद्रव्योपकारनिरपेक्षायां ॥ यतः सर्वेषामेव जीवपुद्गलानामासादितगतिपरिणतीनामुपग्राहकं धर्ममनुरुध्यन्तेऽनेकान्तवादिनः ॥ स्थितिपरिणामभाजां चाधर्मम् । आभ्यां च न गतिस्थिती क्रियेते । केवलं साचिव्यमात्रेणोपकारकत्वं यथा भिक्षा वासयति, कारीषोऽग्निरध्यापयतीति ॥

**ગુજરાતી ભાષાંતર :-** હે ભગવાન્ ! દ્રવ્યો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! દ્રવ્યો છ કહેલાં છે. તે આ પ્રમાણે - (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય, (૫) જીવાસ્તિકાય, (૬) અદ્ધાસમય (એટલે કે કાળ નામનું દ્રવ્ય).

**પ્રશ્ન :-** (૧) આકાશમાં પક્ષીનું ઉડવું, (૨) અગ્નિના તણખાનું ઉપર જવું, (૩) વાયુની તિર્છી ગતિ થવી. ઈત્યાદિ કેટલાંક કાર્યો તો ધર્માસ્તિકાય નામના દ્રવ્યના ઉપકાર (ની સહાયતા) વિના જ સ્વાભાવિકપણે જ થાય છે. એટલે કે તે તે દ્રવ્યોના અનાદિકાલીન તેવા પ્રકારના પોતપોતાના સ્વભાવથી જ છે. ઉપરોક્ત સ્વાભાવિકપણે જ થતાં તે તે કાર્યોમાં ધર્માસ્તિકાયની સહાય ક્યાંય જણાતી નથી ?

**ઉત્તર :-** ઉપરના પ્રશ્નનો ઉત્તર અપાય છે. ઉપર જે ત્રણ દૃષ્ટાંતો આપ્યાં છે તે બોલવા પુરતાં જ છે. જૈનદર્શનના અનુયાયી જીવોને આશ્રયી ઉપર કહેલાં ત્રણે ઉદાહરણોમાં હેતુ અને દૃષ્ટાંત નિર્દોષ નથી. અર્થાત્ દોષિત જ છે. તે આ પ્રમાણે :-

ધર્માસ્તિકાય નામના દ્રવ્યથી નિરપેક્ષ (એટલે કે તે દ્રવ્યની સહાય લીધા વિના જ) સ્વાભાવિકપણે સહજગતિ જીવ-પુદ્ગલાદિની થાય છે. આ વાત જ સત્ય નથી. યથાર્થ નથી. કારણ કે પ્રાપ્ત કર્યો છે ગતિ નામનો પર્યાય જેઓએ એવા તે સર્વે પણ જીવ અને પુદ્ગદલોને ઉપગ્રાહક (સહાય કરનારું) ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે. અને તેની સહાયથી જ ગતિ થાય છે. એટલે પક્ષીના ઉડવામાં, અગ્નિના ઉર્ધ્વગમનમાં ધર્માસ્તિકાયની સહાય રહેલી જ છે.

આ સિદ્ધાંતને સર્વે પણ અનેકાંતવાદી જૈનો અનુસરે છે. એ જ પ્રમાણે સ્થિતિપરિણતિને ભજનારાં જીવ-પુદ્ગલોને ઉપગ્રાહક અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય સહાયક તરીકે જૈનોએ સ્વીકાર્યું છે. આ બન્ને દ્રવ્યોની સહાય વિના જીવ અને પુદ્ગલો વડે ગતિ-સ્થિતિ કરાતી નથી. માત્ર ગતિ-સ્થિતિની ક્રિયા કરવામાં ધર્મ અને અધર્મ દ્રવ્યો પ્રધાનપણે ઉપકારકમાત્ર છે. આટલી જ વાત વધારે મહત્વની છે. જેમ કોઈ પણ મુનિ મહાત્મા ગામમાં વસે છે

અને આહાર-નિહાર-વિહાર વિગેરેની અનુકૂળતા તેઓને ગામમાં વસવાટ કરાવવામાં સહાયક બને છે. બીજું ઉદાહરણ - જેમકે વિદ્યાર્થીઓ સંસ્થામાં અભ્યાસ કરે છે અને ઠંડીના દિવસોમાં છાણાંનો દેદીપ્યમાન અગ્નિ તે વિદ્યાર્થીઓને ભણવા માટેનો વસવાટ કરવામાં સહાયક બને છે. ઈત્યાદિ વાક્યોમાં જેમ ભિક્ષા અને અગ્નિ વસવાટ કરવામાં સહાયક થાય છે તેમ જીવ-પુદ્ગલોને ગતિ-સ્થિતિમાં ધર્મ-અધર્મ દ્રવ્ય સહાયક થાય છે. અહીં આમ સમજવું.

ननु तवापि लोकव्यापिधर्मद्रव्यास्तित्ववादिनः सन्धामात्रमेव तदुपकारो गत्युपग्रह इति, स्थित्युपग्रहश्चाधर्मद्रव्योपकारस्तन्मात्रत्वादिति,

अत्र जागद्यते युक्तिरस्माभिरवधत्तां भवान् - गतिस्थिती ये जीवानां पुद्गलानां च ते स्वतः परिणामाविर्भावात् परिणामिकर्तृनिमित्तकारणत्रयव्यतिरिक्तोदासीनकारणान्तरसापेक्षात्मलाभे अस्वाभाविकपर्यायत्वे सति कदाचिद् भावात् । उदासीनकारणपानीयापेक्षात्मलाभझषगतिवत् । तद् यद्येतयोरमूर्तयोरपि सतोर्गमकमेकैकस्याभावे न भवति ॥ न चान्येनोपक्रियते, तल्लक्षणमुपकारः प्रयोजनं सामर्थ्यं गुणोऽर्थ इत्यनर्थान्तरमित्यत्यन्तप्रसिद्धा एवोपकारादयः समानार्थाभिधायित्वेन ।

उपकारो = गतिस्थितिपरिणतद्रव्यसामीप्येन व्याप्रियमाणता, तदुपग्राहितयाऽनुष्ठानमिति प्रयोजनमतिशयेनोपकारि गुणः सामर्थ्यमात्मीयशक्तिप्रभावः । अर्थस्तु द्रव्यान्तरासम्भवि प्रयोजनमेवेति ॥५-१७॥

**ગુજરાતી ભાષાંતર :-** અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ગુરુજી ? લોકાકાશ માત્રમાં જ વ્યાપ્ત એવો ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે આવું માનનારા તમારે પણ તે ધર્મદ્રવ્યનો સંબંધમાત્ર હોવો તે જ તેનો ગતિમાં ઉપકાર છે આવું જ માનવું પડશે. એવી જ રીતે અધર્માસ્તિકાયનો સંબંધમાત્ર છે તે સ્થિતિકાર્યમાં ઉપકાર કરે છે આમ જ માનવાનું રહેશે. વાતનો સારાંશ એ છે કે આ બન્ને દ્રવ્યો અજીવ હોવાથી કોઈ પણ પ્રકારનું કાર્ય બુદ્ધિપૂર્વક કરતા નથી. તેથી તે બન્ને દ્રવ્યોની સાથે જે જીવ-પુદ્ગલનો સંબંધ માત્ર છે, તે જ ગતિ-સ્થિતિમાં સહાયક-પ્રેરક છે. આમ જ માનવાનું રહે છે. તે બન્ને દ્રવ્યોની સાથે જીવ અને પુદ્ગલનો સંબંધ માત્ર જ થાય છે. તેનાથી જ ગતિ-સ્થિતિ થાય છે. પરંતુ ધર્માધર્મ દ્રવ્યો નિર્જીવ હોવાથી જીવની જેમ ઈચ્છાપૂર્વક કોઈ પણ જાતની પ્રવૃત્તિ-નિવૃત્તિ કરતાં નથી તેથી સંબંધમાત્રને જ ઉપકારક કહેવો પડશે.

પરંતુ ધર્મ-અધર્મ દ્રવ્યો અજીવ હોવાથી કોઈ પણ જાતનું કંઈ પણ વિચાર કરીને કાર્ય કરતાં નથી આવો જ અર્થ થશે. તો તે બન્ને દ્રવ્યો ઉપકાર કરે છે આમ કેમ કહેવાશે ?

**ઉત્તર :** અહીં ગુરુજી ઉત્તર આપે છે કે - આ વિષયમાં અમારા વડે યુક્તિ કહેવાય છે. તે તમે સાવધાન થઈને બરાબર સાંભળો - (અમારા વડે કહેવાતી વાતનું સાવધાનીપૂર્વક શ્રવણ કરો.)

જીવ અને પુદ્ગલદ્રવ્યોની જે ગતિ-સ્થિતિ થાય છે તે જીવ-પુદ્ગલમાં સ્વતઃ એટલે કે પોતાની મેળે, પોતાના પ્રયોજનના વશથી અથવા અનાયાસે જ ગતિ-સ્થિતિના પર્યાયો પ્રગટ થાય છે તે પર્યાયો જીવ-પુદ્ગલના પારિણામિક ભાવના આવિર્ભાવથી જ થાય છે અર્થાત્ જીવ અને પુદ્ગલ દ્રવ્યો પરિણામી હોવાથી સમયે સમયે નવા નવા ભાવમાં (પર્યાયમાં) પરિણામ પામે જ છે. આવા પ્રકારનો તે બન્ને દ્રવ્યોનો સ્વભાવ જ છે.

તે કાર્ય થવામાં (૧) પરિણામી કારણ, (૨) કર્તાકારણ અને (૩) નિમિત્તકારણ આ ત્રણ કારણ જેમ હોય છે તેમ તે ત્રણ કારણથી ભિન્ન એવું ચોથું એક ઉદાસીન કારણાન્તર પણ છે કે જેની સહાયથી જ તે તે દ્રવ્યો પોતપોતાના નિયત કાર્ય કરવાનો આત્મલાભ પ્રાપ્ત કરે છે. કારણ કે જીવ અને પુદ્ગલદ્રવ્યમાં જે ગતિ-સ્થિતિના પર્યાયો છે તે અસ્વાભાવિક છે. પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે જ ગતિ-સ્થિતિ થાય છે. સદાકાળ આ દ્રવ્યો ગતિ-સ્થિતિ કરતા નથી. પ્રયોજન વિના ગતિ-સ્થિતિ કરતા નથી એટલે ગતિ-સ્થિતિ અસ્વાભાવિક છે.

અસ્વાભાવિક પર્યાય હોવાથી જ્યારે તે દ્રવ્યો ગતિ-સ્થિતિ કરે છે ત્યારે ઉદાસીન એવા ચોથા કારણની સહાય લઈને જ કરે છે. જેમ પાણીમાં રહેલું માછલું જ્યારે ગતિ કરે છે ત્યારે પાણીની સહાય લઈને જ કરે છે. પરંતુ પાણી પોતે માછલાને ધક્કો મારીને ચલાવતું નથી તેની જેમ અહીં સમજવું. "પાણી ધક્કા મારીને બળજબરીથી માછલાને ચલાવતું પણ નથી તથા માછલું પોતે પણ પાણીની સહાય વિના ચાલી શકતું નથી" તેની જેમ આ બન્ને દ્રવ્યો જીવ-પુદ્ગલને બલાત્કારે ગતિ-સ્થિતિ કરાવતા પણ નથી અને જીવ-પુદ્ગલને ગતિ-સ્થિતિ કરવી હોય તો આ ધર્માધર્મની સહાય લીધા વિના થઈ શકતી પણ નથી.

આ પ્રમાણે હોવાથી આ ધર્મ-અધર્મ દ્રવ્યો છે અમૂર્ત (અરૂપી) છે. તો પણ જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિમાં સહાય કરવા સ્વરૂપે કારણભૂત છે. એક એક દ્રવ્યના અભાવમાં પોતપોતાનાં તે તે કાર્ય થતાં નથી. ધર્મદ્રવ્ય ન હોય તો ગતિકાર્ય ન થાય અને અધર્મદ્રવ્ય ન હોય તો સ્થિતિકાર્ય ન થાય. જેમ અલોકમાં આ બન્ને દ્રવ્યો ન હોવાથી જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિ થતી નથી. તેમ લોકમાં પણ જો આ બન્ને ધર્મ-અધર્મ દ્રવ્ય ન માનીએ તો આ જીવ પુદ્ગલની ગતિ-સ્થિતિ સંભવે નહીં તે માટે લોકમાં બન્ને દ્રવ્યો અપેક્ષાકારણ સ્વરૂપે વર્તે છે.

(૧) લક્ષણ, (૨) પ્રયોજન, (૩) સામર્થ્ય, (૪) ગુણ અને (૫) અર્થ આ સર્વે પણ

શબ્દો અનર્થાન્તર છે. (એક જ અર્થવાળા છે ભિન્ન ભિન્ન અર્થવાળા આ શબ્દો નથી). એકાર્થક તરીકે જ પ્રસિદ્ધ છે.

ધર્માસ્તિકાયદ્રવ્ય ગતિમાં ઉપકાર કરે છે. તેનો અર્થ એવો થાય છે કે ગતિ કરવાના ભાવે પરિણામ પામેલાં જીવ અને પુદ્‌ગલદ્રવ્યની પાસે રહીને અર્થાત્ સાથે રહીને તે દ્રવ્યોની ગતિ ક્રિયામાં સહાય કરવાપણે વ્યાપારવાળા થવું. તેને જ લક્ષણ કહેવાય છે. અને આ લક્ષણ જ **ઉપકાર** કહેવાય છે. તે તે જીવ-પુદ્‌ગલાદિ દ્રવ્યોની પોતાની રીતે થતી ગતિ-સ્થિતિ ક્રિયામાં ઉપગ્રાહી મદદગાર થવા વડે ઉપકાર કરવો અર્થાત્ તે તે દ્રવ્યોની તે તે ક્રિયામાં મદદગાર થવું તે આ બન્ને દ્રવ્યોનું પ્રયોજન છે. **પ્રયોજન** શબ્દ પણ વપરાય છે.

કોઈ પણ પ્રગટ થતા કાર્યમાં અતિશયપણે ઉપકાર કરવો તેને **ગુણ** પણ કહેવાય છે. પોત-પોતાની કાર્ય કરવાની શક્તિવાળો જે પ્રભાવ (પ્રતાપ) તેને સામર્થ્ય પણ કહેવાય છે. વિવક્ષિત એક દ્રવ્યમાં જ જે ગુણ હોય પણ તે ગુણ દ્રવ્યાન્તરોમાં એટલે કે પોતાનાથી બીજા દ્રવ્યોમાં ન સંભવે તેને અર્થ પણ કહેવાય છે. આ પ્રમાણે ઉપકાર, પ્રયોજન, સામર્થ્ય, ગુણ અને અર્થ આ બધા જ શબ્દો સમાનાર્થક પણે પ્રસિદ્ધ છે, પર્યાયવાચી છે, આ તમામ શબ્દો એકાર્થક છે. ॥૫-૧૭॥

❋ ❋ ❋

**અવતરણ :-** यद्यतीन्द्रिययोर्धर्माधर्मयोरुपकारसम्बन्धेनास्तित्वमवधृतम् । अनन्तरोद्दिष्टस्य नभसोऽतीन्द्रियस्याधिगमे क उपकार इति - उच्यते :-

**અવતરણનું ગુજરાતી :-** જો અતીન્દ્રિય એવા ધર્મ અને અધર્મ આ બન્ને દ્રવ્યોનું ઉપકાર કરવાના સંબંધ વડે અસ્તિત્વ જાણ્યું છે તો હવે તેની અનંતરપણે કહેલા અને અતીન્દ્રિય એવા આકાશાસ્તિકાય નામના ત્રીજા દ્રવ્યને સમજાવવામાં તેના તરફથી જીવ અને પુદ્‌ગલદ્રવ્યને શો ઉપકાર છે? તે સમજાવો. હવે તે કહેવાય છે.

## सूत्रम् :- आकाशस्यावगाहः ॥५-१८॥

## સૂત્રાર્થ :- સર્વ જીવ અને પુદ્‌ગલાદિ ચારે દ્રવ્યોને રહેવા માટે અવગાહ આપવો, જગ્યા આપવી એ આકાશાસ્તિકાય દ્રવ્યનો ઉપકાર છે. ॥૫-૧૮॥

**संस्कृत टीका :-** ननु च लोकाकाशेऽवगाह इति प्राग् निरूपितमेव लक्षणमाकाशस्य, पुनः किमयमारम्भो लक्षणाभिधित्सया ?, सत्यमुक्तं, प्रागवगाहिनां जीवपुद्गलानां प्राधान्यप्रचिकाशयिषया, इह तु तत्स्वरूपमेव निर्धार्यते । इहैव स्वरूपसिद्धिं बुद्धौ सन्निवेश्य नभसस्तदुक्तं प्राक्, अतोऽवश्यं

स्वरूपव्यावर्णनं पदार्थस्य कार्यमिति ॥

**ગુજરાતી ભાષાંતર :-** लोकाकाशेऽवगाहः આવા પ્રકારનું ૫-૧૦ નંબરના સૂત્રમાં પૂર્વે જણાવ્યું છે કે સર્વે દ્રવ્યો લોકાકાશમાં રહે છે તે સૂત્રમાં જ આકાશાસ્તિકાયનું અવગાહ આપવો એવું લક્ષણ કહેલું જ છે. તો આ સૂત્રમાં આકાશનું લક્ષણ ફરી બીજી વાર શા માટે કહેવાય છે ?

**ઉત્તર :-** પૂર્વે "અવગાહ" આપવાનું આકાશનું કાર્ય જણાવ્યું છે જેમ ધર્મ અને અધર્મ ગતિ-સ્થિતિમાં ઉપકાર કરે છે તે તેનું કાર્ય છે એમ અવગાહ આપવો તે આકાશનું કાર્ય છે આમ પૂર્વે સમજાવ્યું છે આ તમારી વાત સાચી છે. બરાબર છે પરંતુ અહીં જે કહેવાય છે. તે આકાશદ્રવ્યનું સ્વરૂપ જ નિશ્ચિત કરાય છે. આકાશ નામનું જે દ્રવ્ય છે તે દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તે સ્વરૂપની સિદ્ધિને જ બુદ્ધિમાં રાખીને ત્યાં ૫-૧૪ માં પૂર્વે આકાશનું સ્વરૂપ સમજાવાયું છે. અહીં તો બુદ્ધિમાં રાખેલા તે આકાશ દ્રવ્યના સ્વરૂપનું વિશેષ વર્ણન કરાય છે. ॥૫-૧૮॥

**भाष्यम् :- अवगाहिनां धर्माधर्मपुद्गलजीवानामवगाह आकाशस्योपकारः ॥५-१८॥**

**ભાષ્યનું ગુજરાતી :- અવગાહ લેનારા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલો અને જીવોને અવગાહ આપવો એ આકાશાસ્તિકાય નામના દ્રવ્યનો ઉપકાર છે. ॥૫-૧૮॥**

**संस्कृत टीका :-** अवगाहिनामित्यादि भाष्यम् ॥ विहितनिर्वचनं प्रागाकाशं तस्य लक्षणमवगाहः-अनुप्रवेशनिष्क्रमणस्वभावः अवगाहस्य सम्बन्धिशब्दत्वात् सम्बन्धिनामुपादानमवगाहिनां धर्मादीनाम्, । आकाशस्यावगाह उपकारो लिङ्गं स्वतत्त्वमेव । एषामवकाशदायित्वेनोपकरोति । स चोपकार आत्मभूतोऽस्य लक्षणमुच्यते ॥

एतदुक्तं भवति = अवगाहमानद्रव्याणामवगाहदायि भवति, न पुनरनवगाहमानं पुद्गलादि बलादवगाहयति ॥ अतो निमित्तकारणमाकाशमम्बुवन्मकरादीनामित्युक्तं प्राग् । अनेकमुदाहरणमिहावर्तनीयम् ॥ नन्वयमवगाहः पुद्गलादिद्रव्यसम्बन्धी व्योमसम्बधी चेति उभयोर्धर्मः, स कथमाकाशस्यैव स्वतत्त्वमुभयजन्यत्वात् द्वयङ्गुलसंयोगवत् ॥ न खलु द्रव्यद्वयजनितो संयोगो द्रव्येणैकेन व्यपदेष्टुं पार्यते लक्षणम् वैकस्येति वक्तुम् ॥

सत्यमेतत्, तथापि लक्ष्यमाकाशशमवगाह्यं प्रधानम् ॥ अवगाहनमनुप्रवेशो यत्र तदाकाशम-

वगाहलक्षणं विवक्षितम् ॥ इतरत् त्वगाहकं पुद्गलादि सत्यपि संयोगजन्यत्वे न विवक्ष्यते । अत एव च तल्लक्षणमाकाशस्य । यस्माद् व्योमैवासाधारणकारणतया तथोपकरोति ॥ अतो द्रव्यान्तरासम्भविनो पकारेणातीन्द्रियमप्यनुमेयमात्मवद् धर्मादिवद् वा यथा पुरुषहस्तदण्डसंयोगभेर्यादिकारणः शब्दो भेरीशब्द इति व्यपदिश्यते । यवाङ्कुरश्चासाधरणकारणत्वादेवमवगाहोऽप्यम्बरस्य प्रतिपत्तव्यः ॥

**ગુજરાતી ભાષાંતર** :- અવગાહના લેનારા દ્રવ્યોને આકાશાસ્તિકાય નામનું આ દ્રવ્ય અવગાહ (રહેઠાણ) આપવાનું કામ કરે છે. ઈત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેના ઉપર સંસ્કૃત ટીકા આ પ્રમાણે છે :-

"આકાશાસ્તિકાય" આવા પ્રકારના નામવાળું એક દ્રવ્ય છે. આ વાત પૂર્વે સૂત્ર નંબર ૫-૧ માં નિશ્ચિતવચન પૂર્વક જણાવેલી જ છે. હવે આ સૂત્રમાં તે આકાશદ્રવ્યનું લક્ષણ જણાવાય છે. **"અવગાહ આપવો"** વસવાટ કરવાવાળાં ધર્માસ્તિકાયાદિ ચાર પ્રકારનાં દ્રવ્યોને વસવાટ માટે જગ્યા આપવી એ આકાશાસ્તિકાયદ્રવ્યનો સ્વભાવ (લક્ષણ) છે.

**પ્રશ્ન** :- અહીં अवगाह એટલે શું સમજવું ?

**ઉત્તર** :- કોઈ પણ સ્થાનમાં પ્રવેશ કરવો અને ત્યાંથી નિષ્ક્રમણ (નીકળવાનું) કરવું, દાખલ થવું અને ત્યાગ કરવો, અર્થાત્ ત્યાં સુધી ત્યાં રહેવું ત્યાં વસવું; વસવાટ કરવો તેને अवगाह કહેવાય છે જે જે દ્રવ્યો જ્યાં જ્યાં પ્રવેશ્યાં હોય. ત્યાં યથોચિત કાળ વસવાટ કરીને પ્રયોજનના વશથી અથવા સ્વાભાવિકપણે જ ત્યાંથી નીકળવાનો અને બીજા ક્ષેત્રમાં જઈને વસવાટ કરવાનો જે સ્વભાવ છે તેને જ अवगाह કહેવાય છે. સંક્ષેપમાં "યથોચિત કાળ પુરતો વસવાટ કરવો તેને જ अवगाह કહેવાય છે.

આ अवगाह શબ્દ સંબંધીવાચી હોવાથી સંબંધી એવાં (અર્થાત્ સંબંધવાળાં એવાં) એટલે કે અવગાહ લેનારા સ્વરૂપે સંબંધવાળાં એવાં ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોને જે પોતાના મૂળભૂત સ્વભાવના કારણે વસવાટ (જગ્યા) આપે છે તે દ્રવ્યને આકાશદ્રવ્ય કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપવી આવા પ્રકારનો ઉપકાર કરવો એ જ આકાશાસ્તિકાયનું લક્ષણ છે. આકાશનું લિંગ છે આકાશનું સ્વરૂપ છે. વસવાટ કરવા માટે આ ચારે દ્રવ્યોને જગ્યા આપવા સ્વરૂપે આકાશદ્રવ્ય ઉપકાર કરે છે. તેવા પ્રકારનો ઉપકાર કરવો એ જ આ આકાશદ્રવ્યનું આત્મભૂત સ્વરૂપ છે.

ઉપર સમજાવેલી વાતનો સાર આ પ્રમાણે છે. વસવાટ માટે અવગાહના લેવા વાળાં દ્રવ્યોને આ આકાશાસ્તિકાય દ્રવ્ય અવગાહ આપે છે. પરંતુ અવગાહ લેવા ન ઈચ્છતા દ્રવ્યોને આ આકાશદ્રવ્ય બળાત્કારે અવકાશ આપવાનું કામ કરતું નથી. તે કારણથી મગરમચ્છાદિ જળચર જીવોને તળાવ-નદી કે સમુદ્રનું પાણી વસવાટ માટે જગ્યા આપે છે

અને તે જળની સહાયથી પાણીમાં ગમનાગમન સુખે સુખે કરે છે. તેમાં પાણી જેમ નિમિત્તકારણ છે. તેની જેમ અવગાહના લેનારા ધર્મ-અધર્મ જીવ અને પુદ્ગલ એમ ચારે દ્રવ્યોને અવકાશ આપવામાં આકાશ એ નિમિત્તકારણ છે. અર્થાત્ અવગાહનાનું કાર્ય કરવામાં સહકારી કારણવિશેષ છે. આ વાત પૂર્વે સમજાવેલી છે. આ વિષય સમજવામાં અનેક ઉદાહરણો છે. તે સ્વયં સમજી લેવાં. અથવા ગુરુગમથી સમજી લેવા.

**પ્રશ્ન :-** જીવ-પુદ્ગલાદિ ચારે દ્રવ્યોને આકાશાસ્તિકાય દ્રવ્ય અવગાહ આપે છે. એ અવગાહ જીવ-પુદ્ગલાદિ ચાર દ્રવ્યસંબંધી પણ કહેવાય અને આકાશસંબંધી પણ કહેવાય કારણ કે ચાર દ્રવ્યો અવગાહ લેનાર છે અને આકાશ અવગાહ આપનાર છે એમ આ અવગાહ નામનો ધર્મ લેનાર-દેનાર ઉભયસંબંધી કહેવાય. જેમ પતિ-પત્નીનો સંબંધ, પિતા-પુત્રનો સંબંધ, કાકા-ભત્રીજાનો સંબંધ, એમ કોઈ પણ સંબંધ સંબંધીએવા બે પદાર્થનો હોવાથી બન્નેનો કહેવાય, તેથી આ અવગાહમાં સહાયકતા નામનો ગુણ કેવળ એકલા આકાશનો જ છે આમ કેમ કહેવાય ? જેમ બે આંગલીઓનો જે સંયોગ થાય છે તે સંયોગ બન્ને આંગળીઓનો ધર્મ કહેવાય પરંતુ તે સંયોગ એક આંગળીનો જ માત્ર ધર્મ છે. આમ કોઈ કહેતું નથી અને માનતું પણ નથી. તે કારણથી તેની જેમ અહીં પણ બે દ્રવ્યોનો જે સંબંધ હોય છે તે ખરેખર તો એક દ્રવ્યનો છે આમ કહેવાય જ નહીં. વાસ્તવિકપણે સહાય લેનાર અને સહાય આપનાર આવા પ્રકારના બન્ને દ્રવ્યોના મિલનથી ઉત્પન્ન થયેલો આ ધર્મ છે. તો ઉભયજન્ય ધર્મને માત્ર એક આકાશનો ધર્મ છે આમ કહેવું ઉચિત કેમ કહેવાય ? અર્થાત્ એક દ્રવ્યનો ધર્મ છે આમ કહેવું તે ઉચિત લાગતું નથી.

**ઉત્તર :-** તમારો પ્રશ્ન સાચો છે તો પણ આકાશ એ દ્રવ્ય અહીં લક્ષ્ય છે. આકાશ એ એક જ દ્રવ્ય અવગાહ્ય (અવગાહ લેવા યોગ્ય) દ્રવ્ય છે તથા હાલ જેની ચર્ચા ચાલે છે તે આકાશદ્રવ્ય આ વર્ણનમાં પ્રધાન તત્ત્વ છે "અવગાહ" કરાય જેમાં, વસવાટ (અનુપ્રવેશ) કરાય છે જેમાં, તે આકાશદ્રવ્ય છે આ પ્રમાણે લક્ષ્ય તરીકે મુખ્યપણે આકાશ હોવાથી આ લક્ષણ પણ આકાશદ્રવ્યનું જ થાય છે. એવી વિવક્ષા અહીં કરવામાં આવી છે.

બાકીનાં જે પુદ્ગલ-જીવ-ધર્મ અને અધર્મ આ ચાર દ્રવ્યો છે તે ચારે દ્રવ્યો અવગાહક કહેવાય છે. બન્નેના સંયોગજન્ય આ ક્રિયા હોવા છતાં પણ અવગાહ લેનારનો આ ગુણ છે. આવી વિવક્ષા કરાતી નથી. કારણ કે તે અવગાહક દ્રવ્યો છે પણ અવગાહ આપનાર જે આકાશદ્રવ્ય છે. તેનો જ આ ગુણ છે. આમ વ્યવહાર થાય છે. કારણ કે જગ્યા આપવામાં અસાધારણ કારણપણે આકાશ જ કામ કરે છે. તેથી અવગાહના આપવી તે આકાશનો જ ગુણ છે. આકાશનો જ ધર્મ છે. આકાશ જ અવગાહ આપવા રૂપે ઉપકાર કરે છે. આમ જ કહેવાય છે.

આ કારણથી બીજા કોઈ પણ દ્રવ્યમાં ન સંભવતો હોય તેવો અવકાશ આપવા સ્વરૂપે ઉપકાર કરવાવાળું અતીન્દ્રિય એવું એક આકાશદ્રવ્ય જ છે. એમ અનુમાન કરાય છે. જેમ ચૈતન્યગુણ આત્મા વિના અન્ય કોઈ દ્રવ્યમાં સંભવતો નથી. તેથી ચૈતન્યગુણ વડે આત્માનું અનુમાન થાય છે. તેની જેમ અવગાહ આપવાના ગુણ વડે આકાશદ્રવ્યનું પણ અનુમાન થાય છે.

જેમ **ભેરી** નામના વાજીંત્રના અવાજમાં (૧) પુરુષના હાથનો સંયોગ અને (૨) દંડાદિનો સંયોગ આ બન્ને કારણો હાજર છે. જેમાં તેવો આ શબ્દ છે તો પણ તે **શબ્દ ભેરીનો** છે આમ જ કહેવાય છે. તેની જેમ અહીં પણ અવકાશ આપવાનો સ્વભાવ આકાશનો જ ગુણ કહેવાય છે.

તથા ખેતરમાં જવ વાવીએ તેમાંથી જવના જે અંકુરા ફુટે છે તેમાં જવના દાણા, પાણી, પૃથ્વી, વાયુ વિગેરે અનેક કારણો છે. છતાં પણ તે અંકુરામાં જવના દાણા જ અસાધારણ કારણ હોવાથી આ જવના જ અંકુરા છે એમ કહેવાય છે. આ પ્રમાણે અવગાહ આપવો એ આકાશનો જ ગુણ ગણાય છે. તેથી આકાશનું જ તે લક્ષણ છે એમ સ્વીકારવું આવશ્યક છે.

यदप्याहुः - अवगाहतेऽणुरवगाहते जीव इति सामानाधिकरण्यदर्शनादवगाहकद्रव्यविषय एवावगाह इति "आस्ते देवदत्त" इत्यासनवत् ॥ एतदप्येतेनैव प्रत्युक्तं वेदितव्यम् ॥

ननु - प्रागिदमुक्तमलक्षणमवगाहः खस्याव्याप्तेरिति ? उच्यते - नैवेदमशेषाकाशलक्ष्म प्रतिजानते समयवेदिनः ॥ किं तर्हि ? लोकाकाशस्य, अत एवोक्तं "लोकाकाशेऽवगाह इति" आकाशं शुषिरलक्षणमेकरूपं तस्य धर्मादिद्रव्यैरवगाहिभिर्विभागः कृत इत्यतो लोकाकाशमुच्यते, अन्यथा तुल्ये शौषिर्ये निर्लक्षणमेव लोकाकाशं स्यादितरद् वा ॥ कथं केषामुपकरोतीति व्याख्यायते ॥

**ગુજરાતી ભાષાંતર** :- વળી અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે "પરમાણુ અવગાહે છે" (અવગાહના કરે છે) તથા જીવ અવગાહે છે (અર્થાત્ જીવ અવગાહના કરે છે). આ પ્રમાણે સમાનાધકરણપણે જ વ્યવહાર થતો દેખાય છે. તેથી અવગાહના એ અવગાહ કરનારા ધર્માદિ ચાર દ્રવ્યોનો ગુણ છે.

જેમ "आस्ते देवदत्तः" દેવદત્ત બેસે છે આવા પ્રકારના વાક્યમાં બેસવાની ક્રિયા દેવદત્તમાં જ વર્તે છે. તેવી જ રીતે અવગાહના કરવી (વસવાટ કરવો) એ ગુણ ધર્મ-અધર્મ જીવ અને પુદ્ગલ આ ચાર વસવાટ કરનારા દ્રવ્યોનો ગુણ છે. આ ગુણ ચાર દ્રવ્યોમાં વર્તે છે અર્થાત્ અવગાહ કરવો તે અવગાહક એવા ચાર દ્રવ્યોનો ગુણ છે. પરંતુ આકાશદ્રવ્યનો આ ગુણ નથી. તો આકાશ અવગાહ આપે છે આમ કેમ સમજાવો છો ? સંક્ષેપમાં પ્રશ્ન

એટલો જ છે કે અવગાહના કરવી તે અવગાહના કરનારા ચારે દ્રવ્યોનો ગુણ છે. તે માટે આ ગુણ આકાશનો નથી. તો અવગાહ એ આકાશનો ગુણ છે. આમ કેમ સમજાવો છો ?

**ઉત્તર :-** તમારો પ્રશ્ન સાચો છે. પરંતુ ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યો જે અવગાહ (રહેવાનું કામ) (વસવાટનું કામ) કરે છે. તેથી વસવાટ કરવો (અવગાહ કરવો) તે ગુણ તો જરૂર ચાર દ્રવ્યોનો જ છે. પરંતુ વસવાટ કરતા એવા આ ચારે દ્રવ્યોને વસવાટ આપવામાં અસાધારણ કારણ બનનાર તો આકાશ જ છે. આકાશ જ સર્વદ્રવ્યોને પોતાનામાં સમાવે છે. તેથી व्योम एवासाधारणकारणतया तथोपकरोतीति આકાશ જ અસાધારણ કારણ હોવાથી અવગાહ કરવાનો નહીં **પરંતુ અવગાહ આપવાનો ગુણ આકાશદ્રવ્યનો છે.** તેથી તેમ કરવામાં એટલે કે ચાર દ્રવ્યોને વસવાટ કરવામાં આકાશ જ ઉપકાર કરે છે. આવો અર્થ જાણવો. સારાંશ કે અવગાહ કરવો એ ગુણ છે ચાર દ્રવ્યોનો, પરંતુ અવગાહ આપવો એ રૂપે સહાયક થવાનો ગુણ આકાશદ્રવ્યનો જ છે. માટે આમ કહેવાય છે.

**પ્રશ્ન :-** પૂર્વે સૂત્ર ૫-૧૮ માં તમે જે આકાશનું લક્ષણ કહ્યું છે કે અન્ય પદાર્થોને પોતાનામાં સ્થાન આપવું તે આકાશનું લક્ષણ છે, પરંતુ આ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે. ચૌદ રાજલોકપ્રમાણ લોકાકાશમાં આ લક્ષણ સંભવે છે. પરંતુ અનંત એવા અલોકાકાશમાં આ લક્ષણ સંભવતું નથી. આકાશ તો બન્નેને કહેવાય છે ત્યાં આ લક્ષણ લોકાકાશવાળા ક્ષેત્રમાં સંભવે અને અલોકાકાશવાળા ક્ષેત્રમાં ન સંભવે માટે આ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે. સાચું લક્ષણ નથી.

**ઉત્તર :-** શાસ્ત્રને જાણનારા સમયવેદી (શાસ્ત્રજ્ઞ) પુરુષો આ લક્ષણ સમસ્ત આકાશનું છે એમ કહેતા જ નથી. ત્યારે તે મહાત્માઓ શું કહે છે ? આ લક્ષણ માત્ર લોકાકાશનું જ છે અને લોકાકાશમાં બરાબર ઘટે જ છે. તેથી અવ્યાપ્તિ નામનો કોઈ દોષ આવતો નથી. અર્થાત્ આ લક્ષણ નિર્દોષ છે. આ કારણથી જ કહ્યું છે કે "लोकाकाशेऽवगाहः" લોકાકાશમાં જ આ સર્વ દ્રવ્યો રહે છે. તેથી આ લક્ષણ લોકાકાશમાત્રનું જ છે. પણ લોકાકાશ અને અલોકાકાશ એમ ઉભયાત્મક આકાશદ્રવ્યનું આ લક્ષણ જ નથી. જેથી કોઈ દોષ આવતો નથી.

**પ્રશ્ન :-** જો આ લક્ષણ કેવલ એકલા લોકાકાશનું જ હોય તો લોક અને અલોક એમ ઉભયમાં વર્તનારા સમસ્ત આકાશનું લક્ષણ શું છે ? તે જણાવો.

**ઉત્તર :-** आकाशं शूषिररूपम् = પોલાણ હોવું, ખાડા રૂપે હોવું તે સમગ્ર આકાશનું

લક્ષણ છે. લોકાલોકવ્યાપી સમસ્ત આકાશનું **"પોલાણ"** આ એક જ લક્ષણ છે પરંતુ જ્યાં ધર્માદિ ચાર દ્રવ્યોનો વસવાટ છે. તેટલા પોલાણ ભાગવાળા આકાશને લોકાકાશ કહેવાય છે અને જ્યાં ધર્માદિ ચારે દ્રવ્યો નથી તે પોલાણ ભાગવાળા આકાશને અલોકાકાશ કહેવાય છે. સારાંશ એવો છે કે "પોલાણ" સ્વરૂપે સમસ્ત આકાશ એક જ છે કોઈ ભેદ નથી. પરંતુ જ્યાં અન્ય દ્રવ્યોનો વસવાટ છે તેને લોકાકાશ અને જ્યાં અન્ય દ્રવ્યોનો વસવાટ નથી તેને અલોકાકાશ કહેવાય છે. આમ અન્ય દ્રવ્યોના કારણે લોક-અલોક એવો ભેદ કરાયો છે.

જેમ લોકો વસવાટ કરે તે ગામ અથવા (શહેર) કહેવાય છે અને જ્યાં લોકોનો વસવાટ ન હોય કેવળ વૃક્ષો અથવા રેતી વિગેરે જ હોય તે જંગલ કહેવાય છે. તેમ અહીં સમજવું.

આ કારણથી ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો વડે વ્યાપ્ત એવા આકાશને લોકાકાશ કહેવાય છે અને શેષ આકાશને અલોકાકાશ કહેવાય છે જો આવી વિવક્ષા ન કરીએ તો પોલાણપણું બન્ને સ્થાને તુલ્ય હોવા છતાં પણ આ લોકાકાશ છે અને શેષ ઈતર આકાશ તેનાથી વિપરીત છે અર્થાત્ અલોકાકાશ છે. આવું કથન કરવું તે નિરર્થક જ બને, નિરર્થક જ થાય. આવું કથન કરવું તે યુક્તિ વિનાની જ વાત થાય. માટે ઉપર જેમ સમજાવ્યું છે તેમ જ અર્થ કરવો.

હવે આ આકાશદ્રવ્ય કોને કોને કેવી કેવી રીતે અવગાહ આપવા સ્વરૂપે ઉપકાર કરે છે ? કેવી રીતે સહાયક થાય છે ? તે વાત નીચેની ભાષ્યની પંક્તિઓ દ્વારા સમજાવાય છે.

**भाष्यम् :- धर्माधर्मयोरन्तःप्रवेशसम्भवेन पुद्गलजीवानां संयोग-विभागैश्चेति ॥५-१८॥**

**ભાષ્યનું ગુજરાતી : ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકાકાશમાં પ્રવેશેલા છે. તથા પુદ્ગલો અને જીવદ્રવ્યોનો સંયોગ તથા વિભાગ (વિયોગ) હોવા વડે તેટલા ભાગને લોક કહેવાય છે. શેષ આકાશને અલોક કહેવાય છે.**

**संस्कृत टीका :-** धर्माधर्मयोरित्यादि । धर्माधर्मप्रदेशा ह्यालोकान्ताल्लोकाकाशप्रदेशनिर्विभागवर्तित्वेनावस्थितास्तस्मादन्तरवकाशदानेन धर्माधर्मयोरुपकरोति आकाशप्रदेशाभ्यन्तरवर्तित्वात् धर्माधर्मप्रदेशानाम् ॥ अलोके तदसम्भवादिति ॥ स्वल्पतरासङ्ख्येयप्रदेशव्यापित्वात् क्रियावत्त्वाच्च पुद्गलजीवानां संयोगैर्विभागैश्चोपकरोति । अन्यत्रावगाढाः सन्तो मृन्मनुष्यलोष्टशकलादयः पुनरन्यत्रोपलभ्यन्ते ॥ सर्वत्र चाभ्यन्तरेऽवकाशदानादेकोऽप्यवगाहोऽवगाह्योपाधिभेदान्नानैव लक्ष्यते । चशब्दादन्तः

प्रवेशसम्भवेनोपकारः संयोगविभागैश्चेति योजनीयम् ॥

न चाभाव उपकारको दृष्टः, शशविषाणादिवदित्यनावरणमात्रताव्युदासोऽवगाह्यत्वाज्जलादि वल्लोकव्यवहारप्रतीतेः

अथाविद्यमाना आवृत्तिर्यस्य यत्रेति वा बहुव्रीहावन्यपदार्थप्रधानत्वाद् भावरूपतैव ॥ आवरणादन्यदनावरणं चेत् आवरणं न भवतीति वा पर्युदासप्रसज्यप्रतिषेधान्यतराभ्युपगमे च सदोषतैवानिच्छतोऽपि बलात् पदार्थान्तरत्वप्राप्तेः ॥

**ગુજરાતી ભાષાંતર :-** धर्माधर्मयोः ઈત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેના ઉપર ટીકાકારશ્રી જણાવે છે કે ધર્માસ્તિકાયદ્રવ્ય અને અધર્માસ્તિકાયદ્રવ્ય આ બન્ને દ્રવ્યના પ્રદેશો ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશના અંતિમ ભાગ સુધી લોકાકાશના સર્વ આકાશપ્રદેશોમાં અલ્પ પણ વિભાગ પાડ્યા વિના સર્વ સ્થાનોમાં વર્તતા હોવાથી લોકાકાશમાં સર્વત્ર આ બન્ને દ્રવ્યના પ્રદેશો રહેલા છે. તે કારણથી ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશમાં રહેલો જે આકાશ છે. તે પોતાની અંદર રહેવા માટેની જગ્યા આપવા દ્વારા ધર્મ અને અધર્મ દ્રવ્ય ઉપર પણ ઉપકાર કરે છે.

કારણ કે ધર્માસ્તિકાયદ્રવ્યના અને અધર્માસ્તિકાયદ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશોમાં જ વર્તનારા છે. એટલે લોકાકાશના પ્રદેશોએ આ બન્ને દ્રવ્યના પ્રદેશોને રહેવા માટે જગ્યા આપેલી છે. આ ધર્માધર્મ બન્ને દ્રવ્યો અલોકમાં અસંભવિત છે. તેના કારણે જ લોક અને અલોક આવી વ્યવસ્થા થયેલી છે. ધર્માધર્મ જ્યાં હોય તે લોક અને ધર્માધર્મ જ્યાં ન હોય તે અલોક કહેવાય છે.

આકાશાસ્તિકાય નામનું ત્રીજું દ્રવ્ય લોકાલોકવ્યાપી હોવાથી અને અનન્તાનન્ત પ્રદેશોવાળું હોવાથી તેની અપેક્ષાએ स्वल्पतर = અતિશયપણે અલ્પતર એવા અસંખ્યાતા જ માત્ર આકાશપ્રદેશો પ્રમાણ જે આકાશ લોકમાં છે. તે લોકાકાશ છે તેની જ અંદર ધર્માધર્મ દ્રવ્યના પ્રદેશો વર્તતા હોવાથી ત્યાં જ જીવ અને પુદ્ગલ દ્રવ્યોને ગતિ-સ્થિતિ કરવામાં ધર્માધર્મ દ્રવ્ય ઉપકાર કરે છે.

અલોકાકાશમાં ધર્માધર્મ દ્રવ્યો ન હોવાથી જીવ-પુદ્ગલોને ગતિ-સ્થિતિ કરવામાં સહાયક કોઈ પણ દ્રવ્ય ન હોવાથી જીવ પુદ્ગલો ત્યાં ગતિ-સ્થિતિ કરતા જ નથી. તેથી અલોકમાં આ જીવ પુદ્ગલદ્રવ્યોનો અલ્પમાત્રાએ પણ વસવાટ નથી જ.

તથા વળી પુદ્ગલદ્રવ્યો અને જીવદ્રવ્યો ક્રિયાવાળાં હોવાથી સંયોગ અને વિભાગ વડે પણ પરસ્પર ઉપકાર કરે છે. માટે મનુષ્યો, લોષ્ટ (માટીનાં ઢેફાં) તથા કાચ આદિના

ટુકડા અન્ય સ્થાને રહ્યા હોય તો પણ વાયુ આદિ પ્રેરક તત્ત્વના કારણે ઉડી ઉડીને અન્યત્ર ગયે છતે અથવા ઢાળ આદિના કારણે નીચે ગયે છતે અથવા લોકો વડે હેરાફેરી કરાયે છતે સ્થાનાન્તર થયેલા પણ જોવા મળે છે. કારણ કે તે બન્ને દ્રવ્યો ક્રિયાવાળાં છે એટલે ગમનાગમન કરે છે.

ચૌદ રાજપ્રમાણ એવા સંપૂર્ણ લોકાકાશમાં અવકાશ આપનાર તરીકે લોકાકાશદ્રવ્ય એકદ્રવ્ય હોવા છતાં પણ અવગાહ્ય (અવગાહ કરવા યોગ્ય એવા જીવ અને પુદ્‌ગલ દ્રવ્યો) ના ભેદથી ભિન્ન ક્ષેત્રવર્તી આકાશ ભિન્ન ભિન્ન જણાય છે તથા જીવો અને પુદ્‌ગલોના સંયોગ વડે અને વિભાગ વડે (વિયોગ વડે) પણ આ આકાશદ્રવ્ય અવગાહ આપવામાં ઉપકાર કરે છે.

તથા **च** શબ્દથી એક-બીજાં દ્રવ્યોની અંદર પ્રવેશ કરીને રહેવા સ્વરૂપે પણ ઉપકાર કરે છે. આ વાત પણ સાથે સાથે જોડી લેવી. જે કોઈ દ્રવ્ય હોય તે બીજા દ્રવ્યને લાભ અથવા નુકશાન કરવા સ્વરૂપે ઉપકાર કરતું જગતમાં પણ દેખાય જ છે અને હોઈ પણ શકે છે. પરંતુ દ્રવ્યોનો જે અભાવ છે તે શૂન્યાત્મક જ હોવાથી સસલાના શીંગડાની જેમ અસત્ જ છે. તેથી તે અભાવ કોઈ પણ જાતનો ઉપકાર કરતો નથી.

કેટલાક દર્શનકારો "અનાવરણતા" માત્રને જ આકાશ કહે છે. કોઈ પણ જાતનું આવરણનું ન હોવું. અર્થાત્ આવરણનો અભાવ હોવો ખુલ્લો ભાગ હોવો તે જ આકાશ છે એમ માને છે. પરંતુ આકાશ નામનું લોકાલોકવ્યાપી કોઈ દ્રવ્ય છે જ નહીં એમ માને છે. આ મતનું ઉપરોક્ત સમજાવટથી ખંડન થાય છે. અર્થાત્ આવરણનો અભાવમાત્ર આકાશ નથી. અર્થાત્ અનાવરણતા માત્રને આકાશ માનવું તે મત વ્યાજબી નથી. તેથી તે મતનો વ્યુદાસ થાય છે. લોકાલોકવ્યાપી આકાશ નામનું અરૂપી એવું એક દ્રવ્ય છે અને તે આકાશદ્રવ્ય અવગાહ્ય (અવગાહ કરવા યોગ્ય) જે જીવ તથા પુદ્‌ગલ આદિ દ્રવ્યો છે તેના આધાર સ્વરૂપે આકાશ એક જ દ્રવ્ય છે. પરંતુ ઉપાધિના ભેદથી નાના = અનેક ભેદવાળું આ આકાશ દ્રવ્ય જણાય છે. જેમકે ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્ર-ભરતક્ષેત્ર ઐરાવતક્ષેત્ર ઈત્યાદિ.

તથા વળી આ દ્રવ્ય વર્ણ ગંધ રસ અને સ્પર્શ વિનાનું હોવાથી અરૂપી દ્રવ્ય છે. લોક તથા અલોક એમ ઉભયમાં વ્યાપ્ત એવું આ દ્રવ્ય છે. માછલાં આદિને તરવામાં જેમ પાણી સહાયકદ્રવ્ય છે. તેની જેમ જ જીવ અને પુદ્‌ગલ આદિ ચારે દ્રવ્યોને રહેવા માટેનું આધારભૂત જે દ્રવ્ય છે તે જ આકાશદ્રવ્ય છે. લોકોમાં પણ આવી કહેવત પ્રવર્તે છે કે "અહીં જગ્યા છે. અહીં બેસો, આગળ આવો" ઈત્યાદિ શબ્દો દ્વારા લોકવ્યવહારથી પણ

આકાશદ્રવ્યની પ્રતીતિ થાય છે.

હવે કદાચ "अविद्यमाना आवृत्तिर्यस्य यत्रेति वा" "નથી વિદ્યમાન આવરણ જેને અથવા જેના ઉપર તે આકાશ" આવા પ્રકારનો બહુવ્રીહિ સમાસ કરવાથી અન્ય પદની પ્રધાનતા થવાથી જેના ઉપર કોઈ પણ પ્રકારનું આવરણ નથી. અર્થાત્ ખુલ્લું જે દ્રવ્ય છે તે આકાશદ્રવ્ય છે આમ જાણવું. બહુવ્રીહિ સમાસ કરવાથી "આવરણ નથી જેને" એવું જે દ્રવ્ય તે અનાવરણદ્રવ્ય આવો અર્થ કરવાથી આકાશ એ ભાવાત્મકદ્રવ્ય જ સિદ્ધ થાય છે. અર્થાત્ જગતમાં વિદ્યમાન સ્વરૂપવાળું (ભલે આંખે ન દેખાય પણ હયાતિવાળું જ) આ દ્રવ્ય છે આમ સિદ્ધ થાય છે.

તથા વળી "आवरणाद् अन्यद् तद्अनावरणं" આ પ્રમાણે નઞ્ તત્પુરુષ સમાસ કરીએ તો પણ જે દ્રવ્ય પોતે આવરણ સ્વરૂપ નથી તે અનાવરણ આવો અર્થ કરવાથી નિષેધ વાચક જે આ નઞ્ પદ છે ત્યાં પર્યુદાસ અને પ્રસજ્ય એમ બન્ને પ્રકારના નઞ્ લગાડતાં સદોષતા જ આવે છે. તેથી ઈચ્છા હોય કે ઈચ્છા ન હોય તો પણ "આકાશ" નામનો ભિન્ન પદાર્થાન્તર જ એક દ્રવ્ય છે. આ વાત યથાર્થપણે સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આકાશ નામનું આ અરૂપી દ્રવ્ય અચેતન છે અને લોકાલોકવ્યાપી છે. આટલી વાત સિદ્ધ થાય છે.

अपरे शब्दलिङ्गमाकाशं सङ्गिरन्ते । गुणगुणिभावेन व्यवस्थानात् ॥ तदयुक्तम्, रूपादिमत्त्वाच्छब्दस्य प्रतिघाताभिभवाभ्यां च रूपादिमत्ता विनिश्चेया ॥

अन्ये प्रधानविकारमाचक्षते, तदप्यसमीचीनम्, असिद्धत्वात् प्रधानस्य, कथं वा प्रधानं नित्यनिरवयवनिष्क्रियत्वादिस्वभावं सद् अनित्यादिभिराकारैः परिणंस्यत इति ? अथैवं मन्येथाः - प्रधानविकारो विज्ञानं दृष्टं सक्रियं, न चापह्नवः प्रत्यक्षसमधिगते समस्तीति ? सत्यमिदं दृष्टं, न तु प्रधानविकारतया, न च सत्त्वं प्राधान्येन ज्ञानाधिकारेण परिणमते, गुणत्वात् तमोवत् ॥ अभेद एव वा चैतन्यविज्ञानयोश्चेतयते जानीते बुध्यते इति च प्रयोगदर्शनात् तच्च चैतन्यम् विज्ञानरूपमात्मनः स्वभावः ॥ न च मूर्तादि धर्मरहितत्वान्मुक्तात्मन इव परपरिकल्पितात्मान्तःकरणयोः प्रतिबिम्बोदयहेतुतेत्यलं प्रसङ्गेन ॥५-१८॥

**ગુજરાતી ભાષાંતર** :- બીજા કેટલાક દર્શનકારો (નૈયાયિકો અને વૈશેષિકો) શબ્દ છે લિંગ જેનું એવું આકાશદ્રવ્ય છે. અર્થાત્ શબ્દ લિંગવાળું આકાશદ્રવ્ય છે. એમ માને છે. તર્કસંગ્રહમાં કહ્યું છે કે शब्दगुणकमाकाशम् કારણ કે જ્યાં જ્યાં પોલાણ હોય છે (અર્થાત્ આકાશ હોય છે) ત્યાં ત્યાં જ શબ્દ ઉત્પન્ન થાય છે. વાજું-વાંસળી, ઢોલ, તબલાં વિગેરેમાં

જ્યાં જ્યાં પોલાણ હોય છે ત્યાં ત્યાં જ શબ્દ ઉત્પન્ન થાય છે. માટે શબ્દલિંગ દ્વારા આકાશ જણાય છે. આકાશને જાણવામાં શબ્દ એ લિંગ છે એમ કેટલાક દર્શનકારો કહે છે.

મુખમાં પણ પોલાણ છે તો જ બોલી શકાય છે. જો મુખમાં કે વાંસળીમાં ડુચો મારેલો હોય તો શબ્દ બોલી શકાતો નથી. તેથી પોલાણમાં જ શબ્દની ઉત્પત્તિ થતી હોવાથી શબ્દ એ આકાશનો ગુણ છે. શબ્દ અને આકાશ આ બન્ને પદાર્થો ગુણ અને ગુણીના સ્વરૂપે રહેલા છે. આ પ્રમાણે નૈયાયિકો અને વૈશેષિકો કહે છે.

**ઉત્તર :-** નૈયાયિક અને વૈશેષિકોની આ કલ્પના એ કલ્પના માત્ર છે. પરંતુ સાચી વાત નથી. તેઓની આ વાત અયુક્ત છે. શબ્દ એ રૂપ-રસ-ગંધ અને સ્પર્શ આ ચાર ગુણવાળો પદાર્થ છે. તેથી પૌદ્ગલિક દ્રવ્ય છે. પરંતુ ગુણાત્મક પદાર્થ નથી અને આકાશનો ગુણ પણ નથી.

બહુ જ જોરથી જો બોલવામાં આવે અને સામે જો દિવાલ વિગેરે હોય તો તેની સાથે અથડાઈને તે શબ્દ પ્રતિઘાત પણ પામે છે. દરવાજો બંધ હોય તો અંદર બેઠેલા માણસનો શબ્દ બહાર સંભળાતો નથી. મોટરકારમાં બેઠેલાનો અવાજ કાચ બંધ હોય તો બહાર ઉભેલી વ્યક્તિને સંભળાતો નથી. માટે પ્રતિઘાત પામે છે તેથી પુદ્ગલદ્રવ્ય જ છે. તથા એક વ્યક્તિ બોલતી હોય ત્યારે ત્યાં તેનાથી વધારે જોરથી જો બીજી વ્યક્તિ બોલે તો બીજાના શબ્દ વડે પહેલા વક્તાનો શબ્દ અભિનવ (પરાભવ) પણ પામે છે તેથી શબ્દ એ પૌદ્ગલિક દ્રવ્ય છે. પરંતુ આકાશનો ગુણ નથી. નૈયાયિકાદિની આ કલ્પના એ કલ્પના જ માત્ર છે. સત્ય વાત નથી.

તે શબ્દમાં રૂપ-રસ-ગંધ અને સ્પર્શવાળાપણું પણ છે. વક્તાનો શબ્દ શ્રોતાને તેના કાનમાં કોમળ રૂપે અને કર્કશ રૂપે અનુભવાય પણ છે. સ્પર્શગુણ હોવાથી બીજા ગુણો પણ હોય જ છે.

તથા બીજા કેટલાક દર્શનકારો "પ્રધાન" નામના તત્ત્વનો વિકાર માત્ર તે શબ્દ છે એમ માને છે. તે વાત પણ મિથ્યા છે. કારણ કે પ્રધાન નામનું તત્ત્વ જ સિદ્ધ થતું નથી પણ અસિદ્ધ જ છે. હવે જો પ્રધાન તત્ત્વ જ સિદ્ધ ન હોય તો તેના વિકારસ્વરૂપ શબ્દ છે. આમ કેમ મનાય ? અને આમ કેમ કહેવાય ?

તથા વળી ઘડીભર માની લો કે **પ્રધાન** નામનું તત્ત્વ જે લોકો માને છે તે તત્ત્વ છે. તો પણ તે લોકો તે પ્રધાન નામના તત્ત્વને (૧) નિત્ય, (૨) નિરવયવી, અને નિષ્ક્રિયત્વના સ્વભાવવાળું માને છે. હવે જો તે પ્રધાનતત્ત્વ નિત્ય, નિરવયવી અને નિષ્ક્રિય જ હોય તો

તે પ્રધાન રૂપે રહેલું તત્ત્વ અનિત્યાદિ ભાવે (અનિત્યસ્વરૂપે સાવયવી રૂપે અને સક્રિયપણે) પરિણામ કેવી રીતે પામે ? શબ્દ બોલો ત્યારે જ ઉત્પન્ન થાય છે. સદાકાળ ગુંજારવ ચાલતો જ નથી માટે અનિત્ય છે. પુદ્‌ગલદ્રવ્ય હોવાથી સાવયવી છે. તથા વક્તાના મુખથી શ્રોતાના કાન સુધી કે તેથી પણ આગળ જાય છે. માટે ગતિક્રિયા વાળો હોવાથી સક્રિય પણ શબ્દ છે. આ બધું કેમ બને ?

હવે કદાચ પ્રધાન તત્ત્વ માનનારા લોકો એમ કહે કે પ્રધાન નામના તત્ત્વનો વિકાર "વિજ્ઞાન" છે અને વિજ્ઞાન સક્રિય છે. એમ અમે માનીશું અને અમે જે પ્રત્યક્ષ જોયેલું છે તથા જાણેલું છે. તેમાં છુપાવવા જેવું કશું છે જ નહીં માટે અમારી વાત સાચી છે.

જો આ પ્રમાણે કોઈ કહે તો ધારો કે તમે જે જોયું હશે અને જાણ્યું હશે તે વાત "सत्यमिदं दृष्टं" સાચી હશે. તો પણ તે પ્રધાનતત્ત્વના વિકારી ભાવો તો નથી જ, કારણ કે सत्त्व એટલે अस्तित्व એ ગુણ હોવથી અર્થાત્ ધર્મતત્ત્વ હોવાથી જ્ઞાન સ્વરૂપે પરિણામ પામતો હોવાથી નાનાત્મક ગુણ સ્વરૂપે છે. ગુણ હોવાથી તમસ્‌ની જેમ અસ્તિત્વ એ પણ પદાર્થનો ગુણ જ છે.

અથવા ચૈતન્ય અને વિજ્ઞાન આ બન્ને શબ્દો એકાર્થક જ છે. તેથી આત્માનો ચૈતન્ય એ ગુણ છે. તેને જ વિજ્ઞાન કહેવાય છે. એટલે જ चेतयते, जानीते, बुध्यते આવા આવા સમાનાર્થક પ્રયોગો થાય છે. તેથી જ તે ચૈતન્ય એટલે વિજ્ઞાન જ સમજવું અને તે પણ આત્માનો સ્વભાવ જ છે. આત્માનો ગુણ જ છે.

આ આત્મા મૂર્તાદિ ધર્મોથી રહિત હોવાથી મોક્ષમાં ગયેલા અમૂર્ત આત્માની જેમ પરવાદીઓએ કલ્પેલા આત્મામાં અને અન્તઃકરણમાં એટલે કે મનમાં જ્ઞેયતત્ત્વના પ્રતિબિંબોદયની કારણતા છે. તેથી આમ જણાય છે. પરંતુ વાસ્તવિક વસ્તુનું તેવું સ્વરૂપ નથી.

આ વિષયની આટલી ચર્ચા કરવા વડે સર્યું. ||૫-૧૮||

❋ ❋ ❋

**અવતરણ :-** परपरिकल्पितप्रधानतादिपरिणामप्रतिषेधार्थमुपकारप्रकरणाभिसम्बन्धेनेदमुच्यते–

**ગુજરાતી ભાષાંતર :-** પરદર્શનકારો વડે કલ્પાયેલા આ પ્રધાન આદિ તત્ત્વોનો પ્રતિષેધ જણાવવા માટે જ કયું કયું દ્રવ્ય શું શું ઉપકાર કરે છે તે ઉપકારનું આ પ્રકરણ ચાલે છે. તેમાં પુદ્‌ગલદ્રવ્યનો શો શો ઉપકાર છે તે વિષય જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

## सूत्रम् - शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥५-१९॥

**સૂત્રાર્થ :- પાંચ શરીર, વાચા, મન અને શ્વાસોશ્વાસ આ જીવને જે પ્રાપ્ત થાય છે તે પુદ્ગલાસ્તિકાય નામના દ્રવ્યનો ઉપકાર છે. ॥૫-૧૯॥**

**संस्कृत टीका :-** शरीरे सत्युत्तरेषां प्रवृत्तिदर्शनादादौ तद्वचनं, तदनन्तरं वागभिधानं, द्वीन्द्रियादिषु दर्शनान्न सर्वशरीरिषु । अन्येन्द्रियग्रहणमपि तर्हि कर्तव्यं चेत् ? न, आत्मप्रदेशत्वात् तेषां, अयं तु पुद्गलजनितोपकारप्रख्यापनायारम्भः, तदनन्तरं मनः, पञ्चेन्द्रियविषयत्वात्, अन्ते प्राणापानाभिधानं, सकल संसारिप्राणिकार्यत्वात् ॥

शरीरादीनामितरेतरयोर्द्वन्द्वः । प्राण्यङ्गत्वान्नपुंसकलिङ्गैकवद्भावप्रसङ्गः इति चेत् ? न, अङ्गशब्दस्यावयवाभिधायित्वे सति अङ्गाङ्गिद्वन्द्वे तस्यासम्भवात् । पुद्गलानामित्युपग्रहप्रकरणात् कर्तरि षष्ठी, पौद्गलिकत्वाच्छरीरादिचतुष्टयं गमनादानव्याहरणचिन्तनप्राणनादिभावेन परिणामविशेषाहितमनुग्राहकं शरीरादिभाजाम् ॥

**ગુજરાતી ભાષાંતર :-** જીવને શરીર હોતે છતે જ પાછળલાં વાચા મન અને શ્વાસોશ્વાસ હોય છે. તે માટે શરીરનું કથન સૌથી આદિમાં કરેલું છે. તે શરીરના કથન પછી વાણીનું (વચનનું) કથન કરેલ છે. કારણ કે બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ સર્વ (ત્રસકાય) જીવોને વચન હોય છે. તે માટે પરંતુ સર્વ જીવોને વચન હોતું નથી. (સ્થાવરજીવોમાં વચન હોતું નથી તે માટે સર્વશરીરધારી જીવોમાં વચન સંભવતું નથી.)

**પ્રશ્ન :-** જેનાથી વાણી બોલાય છે તે જીભને જો તમે પુદ્ગલાસ્તિકાયનો ઉપકાર છે. આમ જણાવો છો. તો શેષ ઈન્દ્રિયો પણ પોતપોતાના કાર્ય દ્વારા જીવને ઉપકાર કરે જ છે. તેથી તે અન્ય ઈન્દ્રિયોનું પણ ગ્રહણ કરવું જોઈએ તે કેમ કર્યું નથી ?

**ઉત્તર :-** ઉપરનો પ્રશ્ન બરાબર નથી. કારણ કે શેષ બધી જ ઈન્દ્રિયો આત્મ પ્રદેશોની સાથે વ્યાપ્ત હોવાથી આત્મપ્રદેશોવાળી છે. જ્યારે વાણીનાં પુદ્ગલો જીભ દ્વારા છોડાયા પછી શ્રોતાના કાન સુધી કે તેનાથી પણ અધિક સુધી જાય છે અને શ્રોતાને બોધ કરાવે છે. તેથી તેનું વિધાન કરેલ છે. આ કથન ભાષાનાં પુદ્ગલો દ્વારા ઉત્પન્ન કરાયેલા ઉપકારને સમજાવવા માટેનો આરંભ છે.

વાણીના કથન પછી મનનું કથન કરેલું છે. કારણ કે મન માત્ર પંચેન્દ્રિય જીવોને જ હોય છે. આ પ્રમાણે વાણી કરતાં મન અલ્પવિષયવાળું હોવાથી પાછળ કહેલ છે. અને છેવટે પ્રાણાપાનનું કથન કરેલ છે. કારણ કે સર્વે પણ સંસારી જીવોને (જીવવા માટેના સાધનભૂત) શ્વાસ લેવા-મુકવાનું કાર્ય હોવાથી તેનું અંતે વિધાન કરે છે.

શરીર, વાણી, મન અને શ્વાસોશ્વાસ આ ચારે શબ્દોનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરેલો છે. તે સમાસમાં વાણી-મન અને શ્વાસ આ ત્રણ અંગો છે અને શરીર એ અંગી છે. એટલે આ વાક્યમાં અંગવાચી અને અંગીવાચી એમ બન્નેનું વિધાન હોવાથી કેવળ એકલા અંગવાચી શબ્દોનો સમાહાર દ્વન્દ્વ સમાસ થાય અને ત્યાં નપુંસકલિંગ અને એકવચનનો જ પ્રયોગ થાય ઈત્યાદિ નિયમો આ વાક્યને લાગુ પડતા નથી. કેવળ એકલા અંગવાચી જ નામો હોય તો જ સમાહાર દ્વન્દ્વ થાય અને નપુંસકલિંગ અને એકવચન આવે. પરંતુ અહીં તેવું નથી કારણ કે અહીં એક અંગવાચી અને બીજુ અંગીવાચી નામ છે. તે માટે સમાહાર દ્વન્દ્વ સમાસ થયો નથી.

"पुद्गलानाम्" આ પદમાં જે ષષ્ઠી વિભક્તિ કરી છે. તે ૧૭મા સૂત્રથી "उपग्रह" શબ્દની અનુવૃત્તિ ચાલું છે. તેની સાથે સંબંધમાં ષષ્ઠી વિભક્તિ થયેલી છે. "આ સર્વે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યનો ઉપકાર છે" આવો અર્થ કરવો. આ પ્રમાણે સંબંધમાં છટ્ઠી વિભક્તિ થયેલી જાણવી.

પાંચ શરીર, વાચા, મન અને શ્વાસોશ્વાસ આ આઠે ભાવો પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યના બનેલા છે. તેમાં પાંચે પ્રકારનાં શરીરો ગમનાગમનની ક્રિયા કરવામાં ભોગ-ઉપભોગના વ્યવહારમાં, ખાધેલા આહારને પકાવવામાં અને ભવાન્તર જવાની ક્રિયામાં જીવને ઉપકાર કરનારું તત્ત્વ છે તથા વસ્તુની લેવડ-દેવડમાં ઉપકાર કરનાર પણ છે. સંસારિક તમામ વ્યવહારોમાં શરીર એ પ્રબળ સાધનસ્વરૂપ છે.

વાણી તે વ્યાહરણમાં એટલે કે બોલવાના અને બોલાવવાના વ્યવહારમાં ઉપયોગી સાધનવિશેષ છે. મન એ ચિંતન-મનન કરવામાં ઉપયોગી સાધન છે અને છેલ્લે શ્વાસોશ્વાસ અને પ્રાણનાદિ (જીવન જીવવામાં) શ્વાસ-ઉચ્છ્‌વાસ લેવા-મુકવા રૂપે પ્રબળ સાધન છે. આ રીતે આ આઠે પૌદ્‌ગલિક ભાવો સંસારિક સર્વ જીવોને યથોચિતપણે ઉપકાર કરે છે. તેના ઉપકાર નીચે જ તે તે જીવો જીવન જીવે છે.

શરીર, વાચા, મન અને શ્વાસ આ ચારે ભાવોનો અનુભવ કરનારા એવા જીવોને પરિણામ વિશેષથી ગ્રહણ કરાયેલાં આ ચારે પ્રકારનાં પુદ્‌ગલ દ્રવ્યો અનુગ્રાહક (ઉપકારક) થાય છે. તે વિષય સમજાવવા માટે જ આ સૂત્રની રચના કરેલી છે.

**भाष्यम् :- पञ्चविधानि शरीराण्यौदारिकादीनि वाङ्मनः प्राणापानाविति पुद्गलानामुपकारः**

**ભાષ્યનું ગુજરાતી :- પાંચ પ્રકારનાં શરીરો જે ઔદારિક આદિના નામે જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે તે, તથા વાચા મન અને શ્વાસ આ સર્વે પુદ્ગલદ્રવ્યોનો ઉપકાર છે.**

**संस्कृत टीका :-** पञ्चविधानीत्यादि भाष्यम् । पञ्चप्रकाराणि शरीराणि विशरारूण्यौदारिक-वैक्रियाहारकतैजसकार्मणाख्यानि पुद्गलानामुपकाराः, तथा वाङमनः प्राणापानौ च, इति करणश्चार्थे गदितः, उच्यत इति वाक्, असावपि पौद्गलिकी, सा च भाषापर्याप्तिभाजां वीर्यान्तरायज्ञाना-वरणक्षयोपशमाङ्गोपाङ्गनामनिमित्ता रणनस्वभावा भाषायोग्यान् स्कन्धान् काययव्यापारेणादाय वीर्यवानात्मा भाषात्वेन परिणमय्य वाक्पर्याप्तिकरणेन निसृजति स्वपरात्मोपकाराय, सत्यपि च मूर्तत्वे न चक्षुर्ग्राह्या । जलमध्यप्रकीर्णलवणशकलवत् । न चावश्यं रूपादिमत् समस्तमेव चक्षुरादिग्राह्यं ॥ परमाण्वादिविचित्रपरिणामावेशात् पुद्गलानाम् ।

तस्मान्नामूर्ता वाक् पौरस्त्यसमीरणवेगाभ्याहता परदिग्भागावस्थितश्रवणपरिणतोपलभ्यत्वात् प्रतिघाताभिभवसद्भावाच्च मनश्चानन्तपुद्गलस्कन्धमनोद्रव्यप्रायोग्योपचितमूर्तित्वात् पौद्गलिकं । तच्च मनःपर्याप्तिभाजां पञ्चेन्द्रिणामेव छद्मस्थानां श्रुतज्ञानावरणक्षयोपशमजननाय करणं । तदवष्टम्भजनितं च गुणदोषविचारणात्मकं संप्रधारणं संज्ञाज्ञानं धारणाज्ञानं तद्भावमनः ॥ तथा चाह-

चित्तं चेतो योगोऽध्यवसानं चेतना परिणामः ।
भावो मन इति चैते ह्युपयोगार्था जगति शब्दाः ॥१॥

अत्र त्वेवंविधभावमनोनिमित्तेन पौद्गलिकेन सर्वात्मप्रदेशवर्तिना मनसाऽधिकारः । कोष्ठयो वायुरुश्वासलक्षणः प्राणस्तद्विधपरिणामापत्तेः ॥ तथा बाह्यो वायुरभ्यन्तरीक्रियमाणोऽपानसंज्ञितः, एतावप्यात्मनोऽनुग्राहकौ, रूपिद्रव्यपरिणामात्, प्रतिघातदर्शनात् द्वारानुविधायित्वाच्च मूर्तिमत्ताऽवसेया ॥

**ગુજરાતી ભાષાંતર :-** "पञ्चविधानि" ઈત્યાદિ ભાષ્યના અર્થ હવે સમજાવાય છે. ઔદારિકાદિ પાંચ પ્રકારનાં શરીરો છે. शीर्यते यत् तद् शरीरम् विशरारु = ક્ષણે ક્ષણે વિનાશ પામવાના સ્વભાવવાળાં જે હોય તેને શરીર કહેવાય છે. તે શરીરો (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, અને (૫) કાર્મણ આવા પ્રકારના નામવાળાં પાંચ શરીરો છે કે જે શરીરો સંસારી જીવોને સંસારી જીવન જીવવા માટે ઉપકાર કરે છે. આ શારીરિક પુદ્ગલો દ્વારા જીવોનો ઉપકાર થાય છે. (આ રીતે શરીરો દ્વારા સંસારી જીવોનો સકલ સંસારવ્યવહાર ચાલે છે. તે સ્વરૂપે શરીરો આત્માને સહાય કરે છે.)

તથા "वाङ्मनःप्राणापानाविति च" આ પ્રમાણેનું જે વાક્ય છે તેમાં છેલ્લે જે इति શબ્દ

છે તે કરણ (સાધન-પ્રબળ કારણ) એ અર્થમાં કહેલો આ શબ્દ છે. તેથી વાણી મન અને શ્વાસોશ્વાસ આ ત્રણ પદાર્થો સંસારી જીવોને જીવન જીવવાનાં સાધન (પ્રબળ કારણ) છે આવો અર્થ કરવો.

મુખે જે બોલાય તે વાણી કહેવાય છે. તે વાણી પણ ભાષાવર્ગણાનાં પુદ્ગલાત્મક જ છે. જે જીવોએ ભાષાપર્યાપ્તિ પૂર્ણ કરી હોય છે. તે જીવોને જ હોય છે તથા વીર્યાન્તરાયકર્મ, જ્ઞાનાવરણીય કર્મ, આ બન્ને કર્મોનો ક્ષયોપશમભાવ અને અંગોપાંગ નામકર્મનો ઔદયિકભાવ આ ત્રણેના નિમિત્તે જ બોલવાની ક્રિયા કરવા સ્વરૂપ "રણન" રણકારાત્મક = અવાજ સ્વરૂપે પ્રગટ થવાના સ્વભાવવાળી આ વાણી હોય છે.

**પ્રશ્ન :-** વાણી એ શું વસ્તુ છે ?

**ઉત્તર :-** ભાષાને યોગ્ય ભાષાવર્ગણાનાં પુદ્ગલસ્કંધો જ છે અને તે મૂર્ત હોવા છતાં પણ ચક્ષુથી અગોચર છે. તે પુદ્ગલોને આ જીવ કાયયોગના વ્યાપાર વડે ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને વીર્યવાળો (પ્રયત્નશીલ) આ આત્મા તે પુદ્ગલોને ભાષાપણે પરિણમાવે છે. પરિણમાવીને વાક્પર્યાપ્તિ (એટલે કે ભાષાપર્યાપ્તિ) નામના કરણ વડે તે પુદ્ગલોને છોડે છે. પોતાના અને પરના ઉપકાર માટે ભાષા સ્વરૂપે તે પુદ્ગલોનો નિસર્ગ કરે છે. એટલે કે ભાષા રૂપે બનાવીને સામેના જીવોને સમજાય તે પ્રમાણે ભાષા સ્વરૂપે ત્યજે છે.

ભાષા વર્ગણાનાં આ પુદ્ગલો મૂર્ત હોવાથી વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આદિ ગુણવાળાં છે. તો પણ તે પુદ્ગલો સૂક્ષ્મ પરિણામે પરિણત થયેલાં છે તે કારણે ચક્ષુર્ગોચર થતાં નથી. પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય સ્કંધ સ્વરૂપે જેમ હોય છે તેમ વિખેરાવાથી પરમાણુ રૂપે, દ્વયણુક રૂપે, ત્ર્યણુક રૂપે પણ હોય છે. તેથી ચિત્ર વિચિત્ર પરિણામ પામવાના સ્વરૂપવાળું આ પુદ્ગલ દ્રવ્ય છે. તે કારણે વાણી રૂપે પરિણામ પામેલાં પુદ્ગલ દ્રવ્યો અદૃશ્ય જરૂર છે પરંતુ અમૂર્ત નથી જ, પૂર્વદિશામાંથી આવેલા વાયુના વેગ વડે જોરશોરથી લઈ જવાતાં તે ભાષાનાં પુદ્ગલોને (વાણીને) પશ્ચિમ દિશાના ભાગમાં સ્થિરપણે ઉભેલા પુરુષને સારી રીતે સંભળાય છે. આ પ્રમાણે આ વિષય સાક્ષાત્ નજરે નિહાળાય છે.

તથા બોલાતી વાણીનો સામેથી વિરુદ્ધ દિશાનો પવન આવતો હોય તો પ્રતિઘાત પામેલો એટલે કે વાયુ વડે અભિઘાત (પરાભવ) પામેલો તે શબ્દ થાય છે. આવું પણ દેખાય છે. માટે પૌદ્ગલિક છે હવે મન પણ અનન્તા પુદ્ગલસ્કંધોથી જ બનેલું છે. મનોવર્ગણાના પુદ્ગલોનું રચાયેલું છે તેથી તે મૂર્તિમાન છે અને પૌદ્ગલિક જ છે. તે મન સંજ્ઞી પંચેન્દ્રિયજીવોમાં મનઃ પર્યાપ્તિની સમાપ્તિ જે જીવોએ કરી લીધી છે તેવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે.

છદ્મસ્થ જીવોને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પ્રગટ કરવામાં આ મન મુખ્ય કારણ છે. તે મનના આલંબનથી જ ગુણ-દોષની વિચારણા કરવા સ્વરૂપ સંપ્રધારણા (એટલે કે વિશિષ્ટ શ્રુતજ્ઞાન) અર્થાત્ સંજ્ઞાજ્ઞાન અને ધારણાજ્ઞાન (ચિંતન-મનનાત્મક જાણવા સ્વરૂપ જ્ઞાન અને લાંબા કાળ સુધી યાદ રાખવા સ્વરૂપ) જ્ઞાનાત્મક આ ભાવમન પ્રગટ થાય છે. ભાવમન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ સ્વરૂપ જ્ઞાનાત્મક છે પુદ્ગલાત્મક નથી. દ્રવ્યમન પુદ્ગલાત્મક છે પરંતુ ભાવમન કે જે જ્ઞાનાત્મક છે તે આત્માનો ગુણ છે તેને પ્રગટ કરવામાં મનોવર્ગણાના પુદ્ગલોનું બનેલું દ્રવ્યમન અસાધારણ કારણ છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે :-

"ચિંતન, ચિત્ત, ચેતસ્, મનોયોગ, અધ્યવસાયસ્થાનક, ચેતના, આત્મપરિણામ, આ સર્વે પણ શબ્દો ભાવમનના વાચક છે. સંસારમાં ઉપયોગ અર્થવાળા આ સર્વે પણ શબ્દો છે."

અહીં આવા પ્રકારના જ્ઞાનસ્વરૂપ ભાવમનમાં નિમિત્ત બનનારાં (અર્થાત્ નિમિત્તભૂત-કારણભૂત થનારા) એવાં મનોવર્ગણાનાં પુદ્ગલોનું બનેલું (એટલે કે પૌદ્ગલિક) એવું તથા સર્વ આત્મપ્રદેશોમાં વર્તનારું એવું દ્રવ્યમન છે. તેવા દ્રવ્યમનનો આ અધિકાર છે.

તથા નાભિભાગમાં ઉચ્છ્વાસ લક્ષણવાળો જે વાયુ છે તેને પ્રાણ પણ કહેવાય છે. શ્વાસોશ્વાસ વર્ગણાનાં પુદ્ગલો જ તેવા પ્રકારના ઉચ્છ્વાસ સ્વરૂપ પરિણામ પામે છે તથા બહારનો વાયુ અંદર લઈ જવાતો હોય તેને **અપાન** વાયુ કહેવાય છે એવી સંજ્ઞા શાસ્ત્રોમાં આપેલી છે. આ પ્રાણવાયુ તથા અપાનવાયુ એમ બન્ને પ્રકારના પણ વાયુ આત્માને જીવન જીવવામાં અનુગ્રહ કરનારા છે આવા પ્રકારનાં પુદ્ગલોનો બનેલો આ પ્રાણવાયુ તથા અપાનવાયુ એ રૂપીદ્રવ્યોનો જ પરિણામ છે. તેથી તેમાં આઘાત-પ્રત્યાઘાત દેખાતા હોવાથી તથા છિદ્ર હોય ત્યાંથી જ નીકળવાનો વ્યવહાર હોવાથી આ બન્ને પ્રકારનો વાયુ એ મૂર્તિમાન રૂપી પદાર્થ જ છે આમ સમજવું.

આ પ્રમાણે શરીર વાણી મન અને શ્વાસોશ્વાસ આ સર્વે જીવને ઉપકાર કરનારાં મૂર્ત પદાર્થો છે, પૌદ્ગલિક પદાર્થો છે આ સઘળો પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનો જ ઉપકાર છે.

**भाष्यम् :- तत्र शरीराणि यथोक्तानि (અધ્યાય-૨, સૂત્ર-૩૭) प्राणापानौ च नामकर्मणि व्याख्यातौ (અધ્યાય-૮, સૂત્ર-૧૨).**

**ભાષ્યનું ગુજરાતી :- ત્યાં (અધ્યાય-૨, સૂત્ર-૩૭માં કહ્યા પ્રમાણે) શરીરો ઔદારિક આદિ પાંચ પ્રકારનાં જાણવાં, પ્રાણ-અપાન શ્વાસ-ઉચ્છ્વાસ નામકર્મના**

**વર્ણન પ્રસંગે (અધ્યાય-૮, સૂત્ર-૧૨માં) કહેલાં છે.**

**संस्कृत टीका :-** द्वितीयाध्याये शरीराण्यौदारिकादीनि यथा व्याख्यातानि तथैवेह प्रतिपत्तव्यानि, प्राणापानावष्टमेऽध्याये नामकर्मणि गतिजात्यादिसूत्रे पञ्चप्रकारपर्याप्तिकर्मणि प्राणापानक्रियायोग्यद्रव्य ग्रहणशक्तिः निर्वर्तनक्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिरित्यत्र भाष्ये व्याख्यास्येते, कथं तर्हि व्याख्यातौ ? आशंसायामर्थे भूतवद् वर्तमानवच्च प्रत्यया भवन्ति, उपाध्यायश्चेद् आगमिष्यति, तद्व्याकरणमधीतमेवमिहापि नामकर्माशंसितमित्यदोषः ॥

**ગુજરાતી ભાષાંતર :-** આ જ તત્ત્વાર્થાધિગમ સૂત્રના બીજા અધ્યાયના ૧૭મા સૂત્રમાં (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, અને (૫) કાર્મણ. એમ પાંચ પ્રકારનાં શરીરો કહેલાં છે.

**પ્રશ્ન :-** શરીર એટલે શું ? શરીર શબ્દનો અર્થ શું કરવો ?

**ઉત્તર :-** હમણાં જ કહેવાઈ ગયું છે કે "विशरारूणि शरीराणि" અર્થાત્ જે વિનાશ પામવાના સ્વભાવવાળાં હોય છે તેને શરીર કહેવાય છે. शीर्यते यत् तद् शरीरम् તે શરીર ઔદારિક આદિ નામભેદે પાંચ પ્રકારનાં શરીરો હોય છે. આ પાંચ શરીરો બીજા અધ્યાયના ૩૭મા સૂત્રમાં જેમ કહ્યાં છે. તેમ અહીં સમજવાં. તથા વાણી અને મન હમણાં જ સમજાવ્યાં છે અને "પ્રાણાપાન" એટલે શ્વાસોશ્વાસ, આઠમા અધ્યાયના ૧૨મા સૂત્રમાં નામકર્મ સમજાવવાના પ્રસંગે સમજાવેલ છે. ગતિ-જાતિ-શરીર આદિના ભેદો સમજાવવાના અવસરે પાંચ પ્રકારની (આહાર-શરીર-ઈન્દ્રિય-શ્વાસ-ભાષા અને મન એમ કુલ છ પર્યાપ્તિઓ છે. પરંતુ અહીં આહારને શરીરની સાથે ગણેલી છે. તેથી પાંચ પર્યાપ્તિઓ કહેલી જાણવી). આ વિષય પર્યાપ્તિઓને સમજાવવાના પ્રસંગે અધ્યાય-૮, સૂત્ર-૧૨માં ભાષ્યના પાઠમાં સમજાવેલો છે.

**પ્રશ્ન :-** શ્વાસોશ્વાસ પર્યાપ્તિ વિગેરે પર્યાપ્તિઓનું સ્વરૂપ અધ્યાય-૮, સૂત્ર-૧૨ માં હવે આવવાનું છે. અર્થાત્ ભાવિ કાળ કહેવાય, તો ટીકાકારે ભવિષ્યકાળનો પ્રયોગ કરવો જોઈએ તેને બદલે व्याख्यातौ આ પ્રમાણે ભાષ્યમાં ભૂતકાળનો પ્રયોગ કેમ કર્યો છે ?

**ઉત્તર :-** આશંસા અર્થ હોય ત્યારે ભવિષ્યકાળના અર્થમાં પણ ભૂતકાળની જેમ અને વર્તમાન કાળની જેમ પણ પ્રત્યયો થાય છે. દાખલા તરીકે "જો ઉપાધ્યાય (ભણાવનાર ગુરુજી) આવશે તો અમારું આ વ્યાકરણ પૂર્ણ થયું જ સમજો" આ વાક્યમાં ગુરુજી પણ ભવિષ્યમાં આવવાના છે અને વ્યાકરણ પણ ભવિષ્યમાં જ પૂર્ણ થવાનું છે. તો પણ પૂર્ણ થયું જ સમજો. આ વાક્યમાં વ્યાકરણ પૂર્ણ થવાની આશંસા છે એટલે ગુરુજી આવશે અને

ભણાવશે ત્યારે જ ભવિષ્યમાં જ સમાપ્ત થવાનું છે. તો પણ ભરોસો પાકો છે આશંસા નક્કી છે તેથી ભૂતકાળની જેમ પણ પ્રત્યયો થાય છે. "અમારા મનની આશંસા છે કે જો ભણાવનાર પંડિતજી આવશે તો અમે એવી મહેનત કરીશું કે અમારું આ વ્યાકરણ સમાપ્ત થયું જ સમજો."

ઉપરના દૃષ્ટાંતની જેમ અહીં व्याख्यातौ = એમ ભૂતકાળ કરેલો છે. અહીં નામકર્મનું સ્વરૂપ પણ હમણાં જ આઠમા અધ્યાયના બારમા સૂત્રમાં કહેવાશે - સમજાવાશે. એટલે ભવિષ્યકાળ હોવા છતાં પણ આશંસા અર્થ છે તેથી ભૂતકાળનો પ્રયોગ થયો છે.

**भाष्यम् :- द्वीन्द्रियादयो जिह्वेन्द्रियसंयोगाद् भाषात्वेन गृह्णन्ति नान्ये । संज्ञिनश्च मनस्त्वेन गृह्णन्ति नान्य इति ॥**

**ભાષ્યનું ગુજરાતી :- બેઈન્દ્રિય તેઈન્દ્રિય વિગેરે જીવો જિહ્વા ઈન્દ્રિયના સંયોગથી પુદ્ગલોને ભાષાપણે પરિણમાવીને ગ્રહણ કરે છે. બીજા જીવો (એકેન્દ્રિય જીવો ભાષા ન હોવાથી) ગ્રહણ કરતા નથી. તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનપણે પુદ્ગલોને ગ્રહણ કરે છે. અન્ય જીવો મનના પુદ્ગલોને ગ્રહણ કરતા નથી.**

**संस्कृत टीका :-** द्वीन्द्रियादि भाष्यम् ॥ द्वित्रिचतुःपञ्चेन्द्रियाः पर्याप्तरसनेन्द्रियसम्बन्धतो भाषात्वेनेति भाषापरिणामयोग्याननन्तप्रदेशान् स्कन्धानाददते काययोगेन । भाषापर्याप्तिकरणेन निसृजति । अनेनेतद् दर्शयति । यत्रैव जिह्वेन्द्रिययोगस्तत्रैव भाषापर्याप्तिः ॥ जिह्वाश्रयत्वाद् ॥ अतोऽन्ये व्यवच्छिद्यन्ते पृथिव्यादयो वायुपर्यन्ता एकेन्द्रियाः । तेषां रसनेन्द्रिययोगाभावादजिह्वत्वाद् भाषाऽभावः ॥

द्वीन्द्रियादयश्च तद्युक्ताः सन्तः स्वभाषात्वेन तान् पुद्गलान् परिणमय्यार्यम्लेच्छवत् प्रतिनियता एव भाषाः प्रयुञ्जते संज्ञिनश्चेत्यादि गुणदोषविचारणात्मिका सम्प्रधारणा संज्ञा, तद्योगात् संज्ञिनः । चशब्द एवार्थे, त एव मनःपरिणामेन मनोवर्गणायोग्यान् स्कन्धाननन्तान् मन्तुकामाः सर्वाङ्गीणानाददते । ततस्तद्बलेन पुनर्गुणदोषविचारणाभावेन परिणमन्ते ॥

ये त्वेवंविधसंज्ञाभाजो न भवन्त्येकेन्द्रियादयोऽसंज्ञिपञ्चेन्द्रियान्तास्ते नैव मन्यन्ते मनःपर्याप्तिकरणाभावात् । अतो व्यवच्छिनत्ति-नान्य इति । यत् तु तेषां स्वनीडाभिसर्पणं कृमिपिपीलिकादीनां तन्दुलकणश्यामाकबीजादिसङ्ग्रहणवन्मनोव्यापारमन्तरेणैव तदवग्रहपाटवात् । तादृशी लब्धिरेव सा न पुनरीहादिज्ञानभेदविचारयोग्यो द्वीन्द्रियादिः ॥

कथं पुनरात्मा शरीरादियोग्यान् पुद्गलानादत्ते । कथं वा परस्परेण ते संहतास्तिष्ठन्ति, न विशीर्यन्ते इत्याक्षिप्ते आह-

**ગુજરાતી ભાષાંતર :-** બેઈન્દ્રિય તેઈન્દ્રિય આદિ જીવો જિહ્વાઈન્દ્રિયના સંયોગવાળા હોવાથી ભાષાવર્ગણાનાં પુદ્ગલોને ભાષાપણે ગ્રહણ કરે છે. અન્ય જીવો (એકેન્દ્રિય જીવો) ગ્રહણ કરતા નથી. ઈત્યાદિ જે ભાષ્યનો પાઠ છે તે ટીકાકારશ્રી સમજાવે છે -

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ આ ચારે પ્રકારના પર્યાપ્તા જીવો રસનેન્દ્રિયના સંબંધવાળા હોવાથી કાયયોગ દ્વારા ભાષાના પરિણમનને યોગ્ય એવા અનંતપ્રદેશોવાળા ભાષાવર્ગણાના સ્કંધોને આ જીવ પ્રથમ ગ્રહણ કરે છે અને ભાષાપર્યાપ્તિ નામના કરણ દ્વારા (ભાષાપણે પરિણમાવીને - એટલે કે) ભાષાપણે બનાવીને છોડે છે. ઉપરોક્ત પાઠ દ્વારા એવો અર્થ ફલિત થાય છે કે :-

જ્યાં જ્યાં જિહ્વા ઈન્દ્રિયનો યોગ છે ત્યાં ત્યાં ભાષાપર્યાપ્તિ હોય જ છે. જિહ્વાનું આલંબન હોવાથી (ભાષાનાં પુદ્ગલો ગ્રહણ કરીને ભાષાપણે પરિણામાવીને ભાષા સ્વરૂપે છોડી શકાય છે.) તે કારણથી જિહ્વા ઈન્દ્રિયવાળા જીવો જ ભાષાપર્યાપ્તિ વાળા હોય છે. આ કથનથી બાકીના અન્ય જીવોમાં ભાષાપર્યાપ્તિપણાનો વ્યવચ્છેદ થાય છે. તે કારણથી પૃથ્વીકાયથી વાઉકાય સુધીના (પાંચ પ્રકારના) એકેન્દ્રિય જીવોમાં જિહ્વાનો વ્યવચ્છેદ થાય છે.

**પ્રશ્ન :-** પૃથ્વીકાયથી વાઉકાય સુધીના એકેન્દ્રિય જીવો વિનાના બીજા સર્વ જીવમાં શું જિહ્વા હોય જ છે ? શાસ્ત્રોમાં તો સ્થાવરનિકાયના પાંચ પ્રકારના જીવો કહ્યા છે. તે પાંચે પ્રકારના પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીના તમામ જીવો એકેન્દ્રિય હોવાથી જિહ્વા વિનાના છે. તો અહીં પૃથ્વીકાયથી વાઉકાય સુધીના જ જીવોનું વર્જન કેમ કર્યું છે ? શું વનસ્પતિકાયનું પણ વર્જન કરવું જોઈએ નહીં ? તે વર્જન કેમ કર્યું નથી ?

**ઉત્તર :-** તત્ત્વાર્થાધિગમ સૂત્રના બીજા અધ્યાયના સૂત્ર ૧૩ તથા ૧૪ **पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः, तथा तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः** આ બન્ને સૂત્રોમાં કહેલા ક્રમ પ્રમાણે પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય તથા તેઉકાય અને વાુકાય એમ પાંચે કાયોનું વર્જન સમજવું. તત્ત્વાર્થસૂત્રના ક્રમ પ્રમાણે લેતાં વનસ્પતિકાય ત્રીજા નંબરે આવે છે અને વાઉકાય પાંચમા નંબરે આવે છે એટલે વાયુ સુધીના લખવાથી પાંચે પ્રકારના સ્થાવરોને જિહ્વા હોતી નથી એમ ઈષ્ટ અર્થ સિદ્ધ થઈ જ જાય છે. જેથી વિવાદ કરવાનો કોઈ અવકાશ જ નથી.

આ પાંચે પ્રકારના સ્થાવર જીવો એકેન્દ્રિય હોવાથી તેઓને જિહ્વાનો યોગ જ નથી. તે માટે તેઓનું વર્જન કરેલું છે. પરંતુ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ શેષ ચારે પ્રકારના જીવોને જિહ્વા હોય છે તેથી દ્વીન્દ્રિયાદિ જીવો કહ્યા છે.

જ્યાં જ્યાં જિહ્વા ઈન્દ્રિયનો યોગ હોય છે ત્યાં ત્યાં ભાષાપર્યાપ્તિની લબ્ધિ હોય જ છે. જિહ્વા ઈન્દ્રિય હોવાથી ભાષાની લબ્ધિ હોય છે. આ જીવોથી અન્ય જીવોનો વ્યવચ્છેદ થાય છે. પૃથ્વીકાયથી વાઉકાય સુધીના (પાંચે સ્થાવર) જીવોને વર્જીને બાકીના જીવોને જિહ્વાનો યોગ હોય છે. એકેન્દ્રિય જીવોમાં રસનેન્દ્રિયનો યોગ ન હોવાથી જીભ વિનાના છે. તેથી બોલવાની ભાષાલબ્ધિનો પણ ત્યાં અભાવ જ છે.

એકેન્દ્રિય સિવાયના જીવો ભાષાલબ્ધિવાળા હોવાથી ભાષાને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને પોતપોતાની ભાષા રૂપે પરિણમાવીને જેમ આર્યપુરુષો આર્યભાષા જ બોલે છે અને મ્લેચ્છ જીવો પોતાની મ્લેચ્છ ભાષા જ બોલે છે અને સમજે છે તેની જેમ બેઈન્દ્રિયાદિ તમામ જીવો પોતપોતાની ભાષારૂપે પ્રતિનિયત ભાષા જ બોલે છે. પોતપોતાની પ્રતિનિયત ભાષાનો જ પ્રયોગ કરે છે.

ગુણ અને દોષોની ઊંડી વિચારણા જ્યાં કરાય તે બુદ્ધિને **संप्रधारणा** નામની સંજ્ઞા કહેવાય છે. આવા પ્રકારની આ સંપ્રધારણા (ઉંડી વિચારણા કરવાની કુદરતી શક્તિ-મતિ-શ્રુતજ્ઞાન વિશેષ) જ્યાં જ્યાં હોય છે. તેવા જીવોને સંજ્ઞી કહેવાય છે તથા ભાષ્યના પાઠમાં "संज्ञिनश्च" આ પદમાં જે च શબ્દ છે તે एव અર્થમાં છે. તે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ મનઃપર્યાપ્તિ પૂર્ણ કરનારા હોવાથી મનોવર્ગણાને યોગ્ય તથા પોતાના સર્વ અંગોમાં રહેલા એવા અનંત અનંત મનોવર્ગણાના પુદ્‌ગલસ્કંધોને પ્રથમ ગ્રહણ કરે છે. ત્યારબાદ તેને ગ્રહણ કરીને તે મનના બળના સહારાથી ગુણ-દોષોની ચિંતવણા કરે છે.

જે જીવો (એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો) છે. તે જીવો આ સંપ્રધારણા સંજ્ઞાને પામ્યા નથી તે જીવો આવું ચિંતન-મનન કરી શકતા નથી. આવા પ્રકારની ઊંડી ચિંતવણા કરવાની શક્તિ તે જીવોમાં નથી. કારણ કે તે જીવોએ મનઃપર્યાપ્તિ નામનું કરણ (સાધન) પ્રાપ્ત કર્યું નથી. તેઓ પાસે આ સાધન નથી. તેથી ઊંડી ચિંતવણા થઈ શકતી નથી. તેથી જ તે જીવો અસંજ્ઞી કહેવાય છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો-દેવો અને નારકીને જ આ સંજ્ઞા હોય છે. તેઓ જ સંજ્ઞી કહેવાય છે. તે જીવો જ મનનો વ્યવહાર કરે છે.

**પ્રશ્ન :-** બેઈન્દ્રિયાદિ સર્વે પણ ત્રસ જીવોમાં મન હોય એમ અમને દેખાય જ છે. ગમનાગમન વિચારીને જ કરે છે. કીડીને માંકડને કેમ કરીને પકડવા જાઓ તો ભાગાભાગ કરે જ છે તો ત્રસમાત્રમાં વિચારકશક્તિ હોવાથી બધા જ ત્રસ જીવોને સંજ્ઞી કહેવા જોઈએ તમે તેઓને અસંજ્ઞી કેમ કહો છો ?

**ઉત્તર :-** તમારી વાત સાચી છે. બેઈન્દ્રિયાદિ સર્વ જીવો પાસે વિચારણાશક્તિ રૂપ સંજ્ઞા છે જ, પરંતુ તે અતિશય અલ્પમાત્રાએ છે તેથી જેમ અલ્પધનથી માણસ ધનવાન ન કહેવાય, અલ્પ રૂપથી માણસ રૂપવાન જેમ ન કહેવાય. અલ્પબુદ્ધિથી જેમ બુદ્ધિમાન ન કહેવાય તેમ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો અલ્પસંજ્ઞાવાળા હોવાથી સંજ્ઞા હોવા છતાં પણ સંજ્ઞી કહેવાતા નથી. પણ અસંજ્ઞી કહેવાય છે.

તથા વળી એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોમાં (૧) જે પોતાના માળા તરફ ગમન કરવાપણું દેખાય છે. (૨) કીડામાં, કીડીમાં, મકોડામાં, દેડકામાં વિગેરે વિગેરે જીવોમાં ચોખાના દાણાનો તથા શ્યામાક બીજ આદિનો સંગ્રહ કરવા વાળો વ્યવહાર, મનના વેપાર વિના તે તે વિષયને જાણવાની જે પટુતા દેખાય છે તે તેવા પ્રકારના જીવોમાં ભવના કારણે જ તેવી તેવી અલ્પમાત્રાવાળી શક્તિ રહેલી છે આમ સમજવું. મનના વ્યાપાર વિના પણ પોતાના ભવના કારણે લબ્ધિ જ પ્રાપ્ત થાય છે આમ સમજવું. પરંતુ તેના સંબંધી ઊંડી ઈહા-અપાય કરવા પૂર્વક ચિંતવણા કે વિચારણા કરવાની લાંબી શક્તિ ન સમજવી. બેઈન્દ્રિયાદિ જીવોમાં ઊંડી વિચારણા શક્તિ હોતી નથી. ભવપ્રત્યયિક કોઈક કોઈક વિષયની વિશિષ્ટ શક્તિ હોય છે. પરંતુ પરમાર્થથી તે અસંજ્ઞી જ કહેવાય છે.

તથા વળી કોઈક શિષ્ય કદાચ આવો પ્રશ્ન કરે કે આ જીવ શરીરાદિને યોગ્ય પુદ્ગલોનું જ ગ્રહણ કેવી રીતે કરે છે. શરીર બનાવે ત્યારે વિશિષ્ટ જ્ઞાન તો છે જ નહીં તો આ પુદ્ગલો યોગ્ય છે. આ પુદ્ગલો યોગ્ય નથી. આવું કેવી રીતે જાણે છે ? અને કેવી રીતે પુદ્ગલ ગ્રહણ કરે છે ? અને ગ્રહણ કરેલાં તે પુદ્ગલો શરીર સ્વરૂપે ઘનીભૂત કેવી રીતે થઈ જાય છે ? વિખેરાઈ જતાં કેમ નથી ? આવું સુંદર આયોજન આ જીવમાં કેવી રીતે થાય છે ? આવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર ભાષ્યકાર મહારાજા આપે છે :-

**भाष्यम् :- वक्ष्यते हि सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्त इति ( अ. ८, सू. २ ) ॥ किञ्चान्यत्-**

**ભાષ્યનું ગુજરાતી :- આગળ ઉપર અધ્યાય આઠ અને સૂત્ર નંબર બેમાં કહેવાશે કે આ જીવ કષાયવાળો હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.**

**संस्कृत टीका :-** वक्ष्यते - हीत्यादि । यस्मादभिधास्यतेऽष्टमेऽध्याये बन्धलक्षणं "सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्त" इति । कषायाः क्रोधादयः । सह तैः सकषायस्तस्मात् प्रत्ययात् कषायाख्यादात्मा ज्ञानावरणादिकर्मयोग्यान् सर्वात्मप्रदेशैर्नोकर्मयोग्यांश्च

पुद्गलानादत्ते आह च =

उष्मगुणः सन्दीपः, स्नेहं वर्त्या यथा समादत्ते ।
आदाय शरीरतया, परिणमयति चापि तं स्नेहम् ॥
तद्वद् रागादिगुणः, स्वयोगवर्त्यात्मदीप आदत्ते ।
स्कन्धानादाय तथा, परिणमयति ताँश्च कर्मतया ॥

तस्मात् शरीराद्याकारेणोपकारिणः प्राणिनां पुद्गला एव, न प्रधानविज्ञानस्वभावेश्वर-नियतिहठपुरुषकालादयः शरीराद्याकारपरिणतिभाजो निर्युक्तिकत्वादिति ॥५-१९॥

**ગુજરાતી ભાષાંતર :-** वक्ष्यते हि ઈત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેનો ભાવાર્થ સમજાવાય છે "આ જીવ કષાયવાળો હોવાથી કર્મને યોગ્ય સૂક્ષ્મ અને અતીન્દ્રિય એવાં કાર્મણવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે." આવા પ્રકારનું બન્ધના લક્ષણનું વિધાન આગળ ઉપર આઠમા અધ્યાયના સૂત્ર ૨ માં કહેવાશે." ત્યાં કષાયો ક્રોધ-માન-માયા અને લોભ સ્વરૂપ પ્રસિદ્ધ છે. તે કષાયોની સાથે જે વર્તે તે સકષાય કહેવાય છે.

કષાય નામના તે નિમિત્તથી આ આત્મા જ્ઞાનાવરણીયાદિ કર્મને યોગ્ય તથા નોકર્મને યોગ્ય એવાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલોને પોતાના સર્વ આત્મપ્રદેશો દ્વારા ગ્રહણ કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે :-

"ઉષ્ણતા ગુણવાળો દીપક જેમ વાટ વડે તેલને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરીનેં તે જ તેલને પોતાના શરીર રૂપે પરિણમાવે છે. તેની જેમ રાગ-દ્વેષાદિ ગુણો વાળો આ આત્મારૂપી દીપક પોતાના યોગરૂપી વાટ વડે કાર્મણ વર્ગણાના સ્કંધોને ગ્રહણ કરીને કર્મસ્વરૂપે પરિણામ પમાડે છે."

તે કારણથી આ જીવને શરીરાદિ સ્વરૂપે પરિણામ પામેલાં પુદ્ગલો જ ઉપકાર કરે છે, મદદ કરે છે. પુદ્ગલોની સાથે એકાકાર થયેલા એવા આ જીવનો પુદ્ગલો દ્વારા જ સંસાર ચાલે છે પરંતુ અન્ય દર્શનકારો જે એમ માને છે કે (૧) પ્રધાન નામનું એક તત્ત્વ છે અથવા (૨) વિજ્ઞાન નામનું એક તત્ત્વ છે. એવી જ રીતે (૩) સ્વભાવ, (૪) ઈશ્વર, (૫) નિયતિ (૬) હઠાગ્રહવાળો પુરુષ અને (૭) કાલાદિ કારણ છે આવું આવું જે કંઈ અન્ય દર્શનકારો માને છે તેવા કોઈ પણ પદાર્થો શરીરાદિની રચનાને કરનારા નથી જ, તેને કર્તા માનવા તે વાત અતિશય યુક્તિ વિનાની જ છે નિર્યુક્તિક જ છે. આ આત્માને કર્મોદય પ્રમાણે પુદ્ગલોની જ સહાય છે. જીવ અને પુદ્ગલ આ બે જ દ્રવ્યો પરસ્પર જોડાય છે.

॥૫-૧૯॥

※ ※ ※

**અવતરણ :-** एष तावत् पुद्गलकृत उपकारो जीवानां शरीरादि । अधुना निमित्तमात्रताप्रदर्शनार्थं सम्बन्ध्नाति-किञ्चान्यदिति, पूर्वोपकारापेक्षमुच्यते । आकारान्तरेणापि पुद्गलानामुपकारकत्वं निमित्तमात्रतयेत्याह-

**અવતરણનું ગુજરાતી :-** સંસારી જીવોને પાંચ શરીર, વાણી, મન અને ઉશ્વાસ એ સઘળો પુદ્ગલો વડે કરાયેલો ઉપકાર છે. હવે જીવને સુખાદિમાં નિમિત્ત માત્ર જે થાય છે તે સમજાવવા માટે આગલા સૂત્ર સાથે સંબંધ જોડે છે. પુદ્ગલો વડે જીવોને શરીરાદિ આપવા વડે તો ઉપકાર કરાય જ છે પણ બીજું શું શું કરાય છે ? પૂર્વે કહેલા ઉપકારની અપેક્ષાએ બીજો નવો ઉપકાર શું કરાય છે ? બીજી રીતે પણ પુદ્ગલોનો ઉપકાર જીવ ઉપર છે. આ વિષય હવે સમજાવે છે :-

## सूत्रम् - सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥५-२०॥

## સૂત્રાર્થ :- સુખ-દુઃખ-જીવન અને મરણમાં ઉપગ્રહ કરવો (સહાય કરવી) તે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનો ઉપકાર છે. ॥૫-૨૦॥

**संस्कृत टीका :-** चशब्देन पुद्गलानामुपकार इत्यनुकृष्यते । शरीरादिसूत्रविन्यासं कृत्वा प्राक्, किमर्थमिदं विभागेनाधुना भण्यते ?

उच्यते - सुखादीनामुदयापेक्षत्वात् प्राच्यानां ग्रहणमात्रविषयत्वाद् विभक्तिरिति द्वन्द्वपूर्वः समानाधिकरणस्तत्पुरुषः । सुखग्रहणं प्राक्, तदर्थं चेष्टादर्शनात् । तदनन्तरं दुःखवचनं तत्प्रतिपक्षत्वात् ॥ जीवतस्तदुभयदर्शनात् । तदन्ते जीवितग्रहणं कर्मोपभोगपरिसमाप्तौ तदसम्भवान्मरणवचनं ॥

प्रकृतमुपग्रहवचनमनादृत्य यत् पुनरुपग्रहग्रहणं तद्विशिष्टार्थप्रतिपत्त्यर्थं । शरीराद्याकारेण साक्षात् कुर्वन्त्युपकारमात्मनः पुद्गलाः । अत्र पुनरात्मनः सुखाद्याकारेण परिणममानस्योपग्रहे वर्तन्ते पुद्गला इति ॥

**ગુજરાતી ભાષાંતર :** આ સૂત્રમાં લખેલા च શબ્દથી બે પદોની અનુવૃત્તિ આ સૂત્રમાં આવે છે. (૧) उपकारः આ પદની ૧૭મા સૂત્રથી અહીં અનુવૃત્તિ આવે છે. અને (૨) पुद्गलानाम् આ પદની ૧૯મા સૂત્રથી અહીં અનુવૃત્તિ આવે છે.

**પ્રશ્ન :-** શરીરાદિ (શરીર-વાણી-મન અને શ્વાસોશ્વાસ)નો પણ આ જીવને ઉપકાર

છે. જીવન જીવવામાં સહાયક-મદદગાર છે. જે સૂત્ર નંબર ૫-૧૯ માં આ વાત જણાવવામાં આવી છે. એવી જ રીતે सुखादि ચાર ભાવો પણ જીવને ઉપકાર કરનારા છે. આ વાત સૂત્ર નંબર ૫-૨૦ માં જણાવવામાં આવે છે. તો પ્રશ્ન થાય છે કે બન્ને સૂત્રોની રચના ભિન્ન ભિન્ન કેમ કરવામાં આવી છે ? આખર તો બન્ને સૂત્રોમાં સહાયકતાની જ વાત છે. તો એકસૂત્રરચના કરવાથી ચાલે તેમ છે તો ભિન્ન સૂત્ર રચીને ગૌરવ શા માટે કરવામાં આવ્યું ? શરીરાદિ સહાયક છે આ રચના પ્રથમ કરીને ૫-૨૦ નંબરવાળા સૂત્રની રચના વિભાગ દ્વારા ભિન્નપણે શા માટે કરવામાં આવી છે ?

**ઉત્તર :-** ૫-૨૦ માં કહેલાં સુખાદિ ચાર ભાવો પુણ્ય-પાપ કર્મના ઉદયની અપેક્ષાવાળા છે અને પ્રથમના શરીરાદિ ચાર તે તે ભવને યોગ્ય પુદ્‌ગલો જીવ પોતે ગ્રહણ કરે છે. પોતાની સાથે એકમેક રૂપે લયલીન કરે છે. આત્મા પોતે તેની સાથે એકાકાર થાય છે એમ બન્નેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હોવાથી ભિન્ન ભિન્ન સૂત્રરચના કરેલી છે. બન્ને સૂત્રોની વિભાગવાર રચના કરેલી છે.

સુખાદિ ચારે પદોનો દ્વન્દ્વ સમાસ કરીને उपग्रह શબ્દની સાથે સમાનાધિકરણ તત્પુરુષ (એટલે કે કર્મધારય) સમાસ કરવો જેમકે सुखं च दुःखं च जीवितं च मरणं च इति = सुखदुःखजीवितमरणानि આ પ્રથમ દ્વન્દ્વ સમાસ થયો. ત્યારબાદ હવે तानि चासौ उपग्रहश्चेति सुखदुःख-जीवितमरणोपग्रहाः આ પ્રમાણે વિગ્રહ કરીને દ્વન્દ્વ સમાસ કર્યા પછી (કર્મધારય) તત્પુરુષ સમાસ કરવો એમ બન્ને સમાસ કરવા.

આ ચારે પદોમાં सुख શબ્દ સૌથી પ્રથમ એટલા માટે કહ્યો છે કે સર્વે પણ લોકોની સર્વ પ્રકારની પણ ચેષ્ટા તેના માટે જ હોય છે. તેથી તે પદનું વિધાન પ્રથમ કરેલ છે અને તેનો બરાબર પ્રતિપક્ષી (વિરોધી) ગુણ દુઃખ હોવાથી તેની પછી દુઃખનું કથન કરેલું છે. આ સુખ અને દુઃખ એમ બન્ને ભાવો જીવન જીવતા જીવને જ હોય છે તેથી ત્રીજા નંબરે जीवित શબ્દ કહેલ છે. પુણ્ય અને પાપાત્મક કર્મોનો ઉપભોગ સમાપ્ત થયે છતે તે જીવનનો અસંભવ હોવાથી અંતે मरण પદનું કથન કરેલ છે.

**પ્રશ્ન :-** સૂત્ર નંબર ૫-૧૭ થી उपग्रह શબ્દની અનુવૃત્તિ ચાલુ જ હતી. ત્યાંથી આ પદની અનુવૃત્તિ આ સૂત્રમાં લાવી શકાય તેમ છે. છતાં તેમ ન કરતાં ચાલુ આ ૫-૨૦ સૂત્રમાં ફરીથી उपग्रह શબ્દ જે લખવામાં આવ્યો છે તે શું કોઈ વિશિષ્ટ અર્થને સમજાવવા માટે છે ? જો કોઈ વિશિષ્ટ અર્થને સમજાવવા માટે જ હોય તો તે ઉપગ્રહ પદ શું વિશિષ્ટ અર્થ સમજાવે છે ? તે જણાવો.

**ઉત્તર :-** શરીરાદિ આકારે પુદ્ગલો જીવને જે ઉપકાર કરે છે તે આત્મા અને શરીર આ બન્ને ભાવો એકમેક થઈ જાય છે અને એકાકારપણે ઉપકાર કરે છે. જ્યારે સુખાદિ ચારે ભાવોમાં પુદ્ગલો આત્માને જે ઉપકાર કરે છે તે આત્માથી દૂર રહ્યાં છતાં નિમિત્તમાત્ર થવા રૂપે ઉપકાર કરે છે. આટલી બન્નેમાં વિશેષતા છે પ્રથમનાં ચાર કારણો આત્માની સાથે એકાકાર થવા રૂપે ઉપકાર કરે છે અને પાછલાં ચાર આત્માથી દૂર રહ્યાં છતાં આત્માને સુખાદિ ભાવો પ્રગટ કરવામાં નિમિત્તમાત્ર થાય છે. આ રીતે બન્નેની ભિન્નતા જણાવવા સૂત્રોની રચના ભિન્ન ભિન્ન કરાઈ છે. આવા ગંભીર ભાવો પોતાની સ્વબુદ્ધિથી પણ સમજી લેવા.

**भाष्यम् :- सुखोपग्रहो दुःखोपग्रहो जीवितोपग्रहश्च मरणोपग्रहश्चेति पुद्गलानामुपकारः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- સુખમાં ઉપકાર કરવો, દુઃખમાં ઉપકાર કરવો, જીવનમાં ઉપકાર કરવો અને મરણમાં ઉપકાર કરવો (સહાયક થવું) તે સઘળો પુદ્ગલ દ્રવ્યોનો ઉપકાર છે.**

**संस्कृत टीका :-** सुखोपग्रह इत्यादि भाष्यम् ॥ बाह्यद्रव्यसम्बन्धापेक्षसद्वेद्योदयात् संसार्यात्मनः प्रसादपरिणामः सुखम्, इष्टदारापत्यस्रगनुलेपनान्नपानादिद्रव्योपजनितमिति विस्तरः । तदेव च सुखमुपग्रहोऽनुग्रहः पुद्गलानां निमित्ततया परिणतावात्मनः ॥ एवं दुःखादिष्वपि योजनीयम् । असद्वेद्योदयादात्मपरिणामो बाह्यद्रव्यापेक्षः सङ्क्लेशप्रायो दुःखं, भवस्थितिनिमित्तायुर्द्रव्यसम्बन्धभाजः पुरुषस्य प्राणापानलक्षणक्रियाविशेषाव्युपरमो जीवितं, तदशेषोपरतिर्मरणम् ।

कथं मरणमात्मोपग्रह इति चेत्, निर्विण्णस्य पुरुषस्य तत्प्रियत्वाद् विषादिद्रव्यसम्बन्धे सत्यायुषो यौगपद्येनोपभोगोदयात् कण्टकवेदनावत् ॥

**ગુજરાતી ભાષાંતર :-** सुखोपग्रहो ઈત્યાદિ જે ભાષ્યની પંક્તિ છે (ભાષ્યનો પાઠ છે) તેનો અર્થ ટીકાકારશ્રી ટીકા દ્વારા સમજાવે છે -

ગોળ, ઘી, લાડુ, જલેબી વિગેરે જે બાહ્ય પુદ્ગલ દ્રવ્યો છે તેની સાથેના સંબંધની અપેક્ષાએ સાતાવેદનીય કર્મનો ઉદય થવાથી સંસારી આત્માને પ્રસન્નતાનો (સુખનો અર્થાત્ આનંદનો) પરિણામ પ્રગટ થાય છે.

મનગમતી એવી ઈષ્ટ દારા (પત્ની), વિનયવાળો પુત્ર, સુગંધી પુષ્પોની માળા, ચંદનાદિ સુગંધી દ્રવ્યોનું અનુલેપન, મનગમતાં ઈષ્ટ ભોજન-પાણી વિગેરે દ્રવ્યોથી ઉત્પન્ન

થયેલો જે આનંદ તે જ સુખ સમજવું. આ પ્રમાણે સુખના સાધનોનો આ વિસ્તાર સમજાવ્યો, તેનાથી થયેલા આનંદ-પ્રમોદને જ સુખ કહેવાય છે. સુખ-ઉપગ્રહ-અનુગ્રહ આ સર્વે બાહ્ય પુદ્ગલોના નિમિત્તો દ્વારા થાય છે. તેનાથી તે તે ભાવે પરિણામ પામેલા જીવદ્રવ્યને જે આનંદ થાય છે. પ્રસન્નતા પ્રગટે છે. તે સુખ કહેવાય છે.

આ જ પ્રમાણે સુખની જેમ દુઃખમાં નિમિત્ત બનનારા પદાર્થો કાંટા-કાંકરા વિગેરે પદાર્થો જીવની દુઃખમય પરિણતિમાં નિમિત્તભૂત થનારા સમજવા. આવા પ્રતિકુલ નિમિત્તોથી આત્મામાં થયેલી જે વેદના તે દુઃખ તેમાં આવાં પ્રતિકુલ પુદ્ગલો નિમિત્તભૂત બને છે. અસાતા વેદનીયકર્મના ઉદયથી બાહ્ય અશુભ એવાં દ્રવ્યોના નિમિત્તે સંક્લેશ રૂપ જે પરિણામ થાય છે તે જ દુઃખ છે.

તથા પોતપોતાના ભવમાં જીવન જીવવામાં નિમિત્તભાવે સહાયક થનારું જે કર્મ તે આયુષ્યકર્મ, તે આયુષ્યકર્મનામનું જે દ્રવ્ય છે. તેના સંબંધવાળા પુરુષને શ્વાસોશ્વાસ લેવા-મુકવાની ક્રિયાવિશેષથી વિરામ ન પામવો તે **જીવન** સમજવું અને સર્વ આયુષ્યનો ઉપરમ થઈ જાય. તે તે ભવનું આયુષ્ય સમાપ્ત થઈ જાય તે **મરણ** સમજવું.

**પ્રશ્ન :-** જીવન એ તો જીવાડનાર હોવાથી ઉપકાર કરે છે એમ માની શકાય. પરંતુ મરણ તો કોઈ પણ નાની-મોટી વ્યક્તિને અનિષ્ટ જ હોય છે તો આ મરણ અનુગ્રહ કરનારું અર્થાત્ ઉપકાર કરનારું છે. એમ કેવી રીતે માની શકાય ?

**ઉત્તર :-** સંસારમાં સાનુકૂળતાવાળું જીવન જ્યારે પ્રાપ્ત ન થાય, અનેકવિધ સંકટોવાળું જ જ્યારે જીવન હોય છે ત્યારે નિર્વિણ્ણ થયેલા એટલે કે કંટાળેલા તે માનવીને મૃત્યુ પણ પ્રિય હોય છે. તેના જ કારણે વિષાદિ દ્રવ્યનો સંબંધ કરે છતે બાકી રહેલું તમામ આયુષ્ય એકી સાથે ભોગવીને આ જીવ મૃત્યુને પણ વહાલું કરે છે. મૃત્યુ થવાથી આ વર્તમાન ભવના દુઃખમાંથી છુટકારો થાય છે. એ રીતે મૃત્યુ પણ ઉપકાર કરનારું જાણવું. ॥

**भाष्यम् :- तद्यथा - इष्टाः स्पर्शरसगन्धवर्णशब्दाः सुखस्योपकाराः ॥ अनिष्टा दुःखस्य ॥ स्थानाच्छादनानुलेपनभोजनादीनि विधिप्रयुक्तानि जीवितस्यानपवर्तनं चायुष्कस्य ॥ विषशस्त्राग्न्यादीनि मरणस्य, अपवर्तनं चायुष्कस्य ॥**

**ભાષ્યનું ગુજરાતી :- તે આ પ્રમાણે - મનગમતા ઈષ્ટ એવા સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દ તથા તે તે ગુણોવાળાં દ્રવ્યોનો અનુભવ કરવો તે સુખનો**

**ઉપકાર કરનારું છે અને આ જ ચારે અણગમતા ગુણો તથા તે ગુણોવાળાં દ્રવ્યોનો સંયોગ તે દુઃખમાં ઉપકારક (દુઃખમાં વૃદ્ધિ કરનારા એ સ્વરૂપે સહાયક) છે. વિધિપૂર્વક પ્રયોગ કરાયેલાં સ્પર્શાદિ ગુણ અને તેવા ગુણોવાળાં દ્રવ્યોનો સંયોગ તે આયુષ્યની અપવર્તના કરતું નથી. અનપવર્તના જ રાખે છે. તે જ જીવનનો મોટો ઉપકાર છે અને વિષ-શસ્ત્ર તથા અગ્નિ વિગેરે મૃત્યુનાં નિમિત્ત કારણો છે. આયુષ્યનો ઘટાડો થવો તેને અપવર્તન કહેવાય છે.**

**संस्कृत टीका :-** तद्यथेत्यादिना प्रत्येकमुदाहरणं सुखादीनां दर्शयति – स्पर्शादयः केचित् कदाचिदाशयवशाज्जन्तूनां वल्लभाः सन्तः सुखमात्मपरिणामस्वभावमुपकुर्वन्ति । कर्मणि षष्ठी द्रष्टव्या । त एव चानिष्टा द्वेष्याः सन्तः स्वाशयोत्प्रेक्षणया दुःखस्योपकुर्वन्ति ॥ तथा चाह –

तानेवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य ।
निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ॥ (પ્રશમરતિ શ્લોક-૫૨)

अतः स्वचेतोविकल्पापेक्षमिष्टत्वमनिष्टत्वं वा स्पर्शादीनाम्, तथा स्नानादयो विधिप्रयोगाज्जीवितस्य प्राणधारणलक्षणस्योपकारकाः, विधिप्रयोगो देशकालमात्रासात्म्यद्रव्यगुरुलाघवस्वबलापेक्षः, जन्मान्तरप्रतिबद्धस्य चायुषोऽनपवर्तनम्, अपवर्तनं तु दीर्घस्यायुषोऽध्यवसायादिविशेषसाचिव्यादल्पतापादनं जीवितसंवर्तनमित्यर्थः अनुग्राहकहेतुसन्निधानात् तु तावान्मात्रतैव, सुबद्धत्वात्, पवनश्लेषवत् अनपवर्तनमिति ॥

बद्धस्पृष्टनिहितनिकाचितचतुष्करणसङ्गृहीतकर्मणामुपक्रमाभावाज्जीवितसंवर्तनाभाव इत्यर्थः । विषशस्त्राग्निमन्त्रप्रहरणादयो मरणस्य–जीवितोच्छेदलक्षणस्योपकारकाः । पूर्वोपात्तायुषश्चापवर्तनकारिणः । कर्म हि पौद्गलिकमिष्टं भेत्तुं बहिः पौद्गलं (पुद्गलैः) शक्यम् ॥ आह च –

सोपक्रममायुष्कं, वेदनयाऽऽर्तस्य मूर्च्छतो जन्तोः ।
बन्धप्रायोग्याभ्यां, विगच्छति स्नेहरौक्ष्याभ्याम् ॥१॥

निरुपक्रमं तु न तथाऽऽयुष्कं दृढसंहितं यदिष्टं तत् ।
नन्वग्न्याद्यैरनुपक्रम्यं कंकटुकमपरान्नम् ॥२॥

आयुष्कस्यावयवा, बन्धनमुक्ता जटन्ति ते तस्मात् ।
आर्द्रात् वस्त्राद् यद्वत्, प्रशोष्यमाणाज्जलावयवाः ॥३॥

प्राणाहारनिरोधाध्यवसाननिमित्तवेदनाघाताः ।
स्पर्शाश्चायुर्भेदे सप्तैते हेतवः प्रोक्ताः ॥४॥

**ગુજરાતી ભાષાંતર :-** "*તદ્યથા*" ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા સુખાદિ ચાર પ્રકારના ભાવોમાં પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે તે સમજાવે છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ. આ ચારે પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે. અને શબ્દ એ ભાષાવર્ગણાનાં પુદ્‌ગલદ્રવ્ય હોવાથી ગુણી છે. ચાર પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે અને એક પુદ્‌ગલ નામનું ગુણી એવું દ્રવ્ય જ છે. ઉપરોક્ત સ્પર્શાદિ ગુણો અને ગુણી એવો શબ્દ પોતપોતાના અભિપ્રાયથી (પોતપોતાના આશય વિશેષથી) કોઈને કોઈ વર્ણ, કોઈ ગંધ, કોઈ રસ ગમે અને બીજા કોઈને બીજો રસ, બીજો વર્ણ ગમે આવું પણ બને છે. પોતપોતાના અભિપ્રાય પ્રમાણે કોઈક વર્ણાદિ સુખકારી અને કોઈક વર્ણાદિ દુઃખકારી લાગે છે. સુખકારી થાય છે એટલે કે સુખ નામનો આત્માનો પરિણાત્મક જે સ્વભાવ છે. તેમાં ઉપકાર કરનાર બને છે. કોઈ દુઃખ ઉત્પન્ન કરનાર પણ બને છે. અહીં उपग्रह શબ્દની સાથે ષષ્ઠી સમાસ થયો છે. ત્યાં ષષ્ઠી વિભક્તિ કૃદન્તના યોગમાં કર્મને છઠ્ઠી વિભક્તિ થઈ છે.

તે જ સ્પર્શાદિ ચારે ગુણો (સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ) જ્યારે અનિષ્ટ લાગે છે (મનને અણગમતા લાગે છે) ત્યારે તેના ઉપર દ્વેષ (અણગમો) થયે છતે દુઃખનું કારણ પણ બને છે. આ પ્રમાણે આ સર્વે પણ પૌદ્‌ગલિક ભાવો સુખ અને દુઃખમાં નિમિત્તકારણ થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે :-

"પ્રસંગના વશથી તે જ પદાર્થ ઉપર ક્યારેક અનિષ્ટતાબુદ્ધિ થાય છે અને ક્યારેક ઈષ્ટતાની બુદ્ધિ થાય છે. એટલે પરમાર્થથી નિશ્ચયનયની દૃષ્ટિએ આ જીવને કોઈ પણ વસ્તુ યથાર્થપણે અનિષ્ટ પણ નથી તથા કોઈ પણ વસ્તુ ઈષ્ટ પણ નથી." (પ્રશમરથી ગાથા-પર)

ઉપરોક્ત વાત નિશ્ચયનયથી સમજવી કેટલાય સ્ત્રી-પુરુષોનાં યુગલો પરસ્પર પ્રેમથી પરણે છે અને પછી અણબનાવ થતાં વિખુટાં પણ પડે છે. એટલે વાસ્તવિક કોઈ કોઈનું છે જ નહીં.

તે કારણથી પૌદ્‌ગલિક પદાર્થોમાં સ્પર્શાદિ ગુણોનું જે ઈષ્ટત્વ તથા અનિષ્ટત્વ કલ્પાયેલું છે તે પોતપોતાના મનના વિકલ્પોથી કરાયેલું છે. જેમ કે લીંબડો અતિશય કડવો હોવાથી મનુષ્યોને ન ભાવે, પરંતુ ઊંટ જેવાં પ્રાણીઓ તે લીંબડાને હોંશે હોંશે ખાય છે. કાદવ-કીચડવાળી ભૂમિ મનુષ્યોને ન ગમે પરંતુ ભુંડ વિગેરે કેટલીક જાતિના જીવો તેમાં જ આનંદ માને છે.

તથા સ્નાનાદિ કેટલાક ભાવો (સ્નાન, ધોયેલાં વસ્ત્રો તથા નખાદિ ન વધારવાં વિગેરે ભાવો) વિધિપૂર્વક સેવવામાં આવે તો પ્રાણને ધારણ કરવા સ્વરૂપ જીવનનો ઉપકાર કરનારા

પણ બને છે. વિધિપૂર્વક સ્નાનાદિ કરવામાં આવે તો એમ જે કહેવામાં આવ્યું છે તે બાબતમાં દેશ, કાળ, માત્રા, આત્યદ્રવ્ય, ગુરુલઘુભાવ અને પોતાનું શારીરિકાદિ બળ વિગેરે ભાવોને ધ્યાનમાં રાખીને તેની અપેક્ષાએ આ ભાવો જો કરવામાં આવે છે. તો સુખનું સાધન થાય છે.

તથા ગયા જન્મમાં આયુષ્ય બાંધીને આ જન્મમાં આવેલા જીવને આયુષ્યનું અપવર્તન પણ થાય છે અને અનપવર્તન પણ હોય છે. જેટલું આયુષ્ય બાંધીને આ ભવમાં આવ્યો છે તેમાં ઘટાડો ન કરે, હોય તેને બરાબર સાચવે તે અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે અને લાંબા એવા આયુષ્યનો અધ્યવસાય આદિ સાત કારણોને લીધે ઘટાડો કરે તે આયુષ્યને અપવર્તનીય આયુષ્ય કહેવાય છે. જીવનને ટુંકાવવું તે અપવર્તન કહેવાય છે. આયુષ્યનો અનુગ્રહ કરે, આયુષ્યને સાથ આપે પણ આયુષ્યને ઘટવા ન દે જેટલું બાંધ્યું હોય તેટલું બરાબર અનુભવાય તેને અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે. ગયા ભવમાં જ્યારે આયુષ્ય બાંધ્યું ત્યારે જ સુદૃઢ એટલે કે અતિશય મજબૂત બાંધેલું છે. તેથી તેટલી જ માત્રાવાળું રહે પણ ઘટાડો ન થાય. જેમ પવન વડે સૂકાઈ ગયેલી ચિકાસ ફરીથી દેખાતી નથી. પ્રગટ થતી નથી તેની જેમ જેટલું બાંધ્યું હોય તેટલું બરાબર ભોગવાય તે અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે. અને ઘટાડો થાય તેવું આયુષ્ય બાંધેલું હોય તો તે અપવર્તનીય કહેવાય છે.

પરંતુ વિષપાન કરે, અગ્નિમાં બળી મરે, ગળે ફાંસો ખાય, નદી કે સમુદ્રમાં ઝંપલાવે આવાં આવાં શાસ્ત્રમાં કહેલાં સાત કારણોથી આયુષ્ય જલ્દી જલ્દી ભોગવાઈ જાય છે અને વેલાસર પણ મૃત્યુ થાય છે. તેને અપવર્તનીય આયુષ્ય કહેવાય છે. જે અનપવર્તનીય આયુષ્ય બાંધ્યું હોય છે તે (૧) બદ્ધ, (૨) સ્પૃષ્ટ, (૩) નિહિત (નિધત્તિ) અને (૪) નિકાચિત એમ ચાર પ્રકારની કારણ સામગ્રીથી બાંધેલા આયુષ્યનો ઉપક્રમ થવાનો (ઘટાડો થવાનો) સંભવ ન હોવાથી જીવનનું સંવર્તન (જીવનનો ઘટાડો) ન થતો હોવાથી આયુષ્યનો ઘટાડો થતો નથી. તેથી જ તેને અનપવર્તનીય કહેવાય છે.

પરંતુ વિષ (ઝેર), શસ્ત્ર, અગ્નિ, મન્ત્ર, પ્રહરણ (તરવાર આદિ શસ્ત્રો), આ સઘળાં સાધનો જીવનનો ઉચ્છેદ કરવા સ્વરૂપ મરણનો ઉપકાર કરનારાં (એટલે કે મૃત્યુ લાવનારાં) તત્ત્વો છે. પૂર્વભવમાં બાંધેલું જે આયુષ્ય છે તેની અપવર્તના (ઘટાડો) કરનારાં છે. કર્મ એ કાર્મણવર્ગણાનાં પુદ્‍ગલોનું બનેલું છે. તેથી બીજા બલવત્તર પુદ્‍ગલ દ્રવ્યો વડે આ કર્મ ભેદવાને (તોડવાને) અર્થાત્ નાનું કરવાને શક્ય છે.

(૧) આયુષ્યકર્મને બાંધવું તે બદ્ધ (૨) આત્માની સાથે એકમેક કરવું તે સ્પૃષ્ટ, (૩)

ઉદ્વર્તના અને અપવર્તના વિના બીજાં કરણો ન લાગે તેવું કરવું તે નિહિત અર્થાત્ નિધત્તિ, (૪) કોઈ પણ કરણ ન લાગે તેવું પાકું કરવું તે નિકાચિત આ પ્રમાણે ચારે પ્રકારના કારણો વડે સંગૃહીત થયેલું અર્થાત્ બંધાયેલું એવું જે આયુષ્ય કર્મ, તેનો ઉપક્રમ ન થવો આયુષ્યની હાનિ ન થવી તેને જ અનપવર્તન કહેવાય છે.

આયુષ્યકર્મ એ કાર્મણવર્ગણાના પુદ્ગલોનું બનેલું છે તેથી પૌદ્ગલિક પદાર્થ છે. પરંતુ નૈયાયિકો અને વૈશેષિકો માને છે. તેવું ધર્માધર્મ નામના ગુણાત્મક સ્વરૂપે નથી. પરંતુ પૌદ્ગલિક પદાર્થ છે જેથી બીજા બીજા ઉપાયો વડે ભેદવાને તોડવાને શક્ય છે. એટલે મૃત્યુ વેલું પણ આવી શકે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે :-

વેદના વડે પીડાયેલા અને બેહોશ બનેલા જીવનું આયુષ્ય સોપક્રમ (ઉપક્રમોથી તુટે એવું) હોય છે. પરસ્પર બંધ કરી આપે તેવા સ્નેહગુણ અને રૂક્ષગુણ વડે બંધાયેલું આ આયુષ્ય સમય પાકતાં હાનિ પણ પામે છે, તુટી જાય છે. વેલાસર મૃત્યુ થાય પણ છે. ॥૧॥

તથા વળી નિરૂપક્રમ આયુષ્ય તેવું (સોપક્રમી આયુષ્ય જેવું) હોતું નથી. કારણ કે તે આયુષ્ય મજબૂત સાંધાવાળું હોય છે. એમ શાસ્ત્રમાં સ્વીકારાયું છે. તેથી કોયડું મગના દાણાની જેમ અગ્નિ આદિના ઉપાયો વડે પણ ઉપક્રમ ન પામે તેવું મજબૂત તે આયુષ્ય હોય છે. ॥૨॥

આયુષ્યકર્મ (નિરૂપક્રમી અને સોપક્રમી એમ) બે પ્રકારનું હોવાથી સોપક્રમી પણ છે. તે માટે જેમ ભીના ભીના વસ્ત્રમાંથી સૂર્યના તાપ વડે જળના અણુઓ શોષાઈ જાય તેની જેમ બંધાયેલા આયુષ્યકર્મમાંથી આયુષ્યકર્મના અવયવો (કર્મપરમાણુઓ) આત્મામાંથી છુટા થઈ જાય છે, તુટી જાય છે. જેથી મોટામાંથી નાનું આયુષ્ય પણ થઈ જાય છે. ॥૩॥

(૧) શ્વાસ રોકવો, (૨) આહાર-પાણી ન લેવાં, (૩) તીવ્ર રાગાદિ ભાવવાળા અધ્યવસાયો (૪) છરી, ચપ્પુ, તરવારાદિ શસ્ત્રો, (૫) માનસિક તથા શારીરિક અતિશય પીડાઓ, વેદનાઓ, (૬) મનનો આઘાત (પ્રત્યાઘાત), (૭) સર્પ-અજગર આદિ પ્રાણઘાતક પ્રાણીઓનો સંબંધ આ સાત કારણોથી આયુષ્ય તુટે છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ॥૪॥

**भाष्यम् - अत्राह :- उपपन्नं तावदेतत् सोपक्रमाणामपवर्तनीयायुषाम् । अथानपवर्तनीयायुषां कथमिति ?**

**अत्रोच्यते, तेषामपि जीवितमरणोपग्रहः पुद्गलानामुपकारः । कथमिति चेत् ? तदुच्यते -**

ભાષ્યનું ગુજરાતી :- જે જે આત્માઓ સોમકમી અપવર્તનીય આયુષ્યવાળા છે. તેઓને તો નિમિત્તો મળતાં આ પ્રમાણે આયુષ્યની હાનિ થવી સંભવિત છે. પરંતુ જે મહાત્માઓ અનપવર્તનીય આયુષ્ય વાળા છે. તેઓને આયુષ્ય તુટવામાં કારણ બનનારાં સાત નિમિત્તો કેવી રીતે ઘટી શકે ?

ઉત્તર :- તેઓને પણ આ પ્રમાણે કહેલાં સાત નિમિત્તોમાંના કોઈને કોઈ નિમિત્ત હોઈ પણ શકે છે. પરંતુ તેનાથી તેઓનું આયુષ્ય તુટતું નથી અર્થાત્ હાનિ પામતું નથી, પરંતુ નિમિત્ત મળી શકે છે. કારણ કે જીવન કે મરણમાં સહાયક થવું તે પુદ્‌ગલાસ્તિકાયનો ઉપકાર છે.

(૧) આયુષ્ય ઘટી જાય તે અપવર્તનીય, અને (૨) આયુષ્ય ઘટે નહીં જેટલું હોય તેટલું જ રહે તે અનપવર્તનીય, (૩) મૃત્યુકાળે અગ્નિ-શસ્ત્ર આદિ સાત કારણોમાંનું કોઈપણ કારણ આવે તે સોપક્રમી, (૪) અને અગ્નિ-શસ્ત્રાદિ સાત કારણોમાંનું કોઈ કારણ ન આવે, સ્વાભાવિકપણે જ આયુષ્ય સમાપ્ત થઈ જાય તે નિરૂપક્રમ આવા અર્થો કરવા.




**संस्कृत टीका :-** अत्राहेत्यादिना ग्रन्थेनाशङ्कते सोपक्रमायुषामनशनरोगादिबाधाभिरुपक्षीणायुषामपवर्तनीयायुषां च भृगुपतनोद्बन्धनादिभिरपवर्तमानायुषामुपकुर्वन्तु नाम पुद्गलाः । ये पुनरनपवर्तनीयायुषो भवन्त्यौपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषस्तेषां कथं जीवितमरणोपग्रह इत्याक्षिप्ते अत्रोच्यत इत्याह =

तेषामपीत्यादि । तेषामप्यनपवर्तनीयायुषां जीवितोपग्रहो मरणोपग्रहश्च पुद्‌गलजालायत्त एव, पुद्‌गलकृत एवोपकार इतियावत् । कथमिति चेत् ? आशङ्कते, केन प्रकारेणानपवर्त्यायुषामुपकुर्वन्ति पुद्‌गलाः । एवं मन्यते – न तेषामायुर्वर्धयितुं शक्यम्, न ह्रासयितुम्, अतः कमुपकारं पुद्‌गलाः कुर्युरिति तदुच्यते । इत्याह –

**ગુજરાતી ભાષાંતર :-** अत्राह ઈત્યાદિ પદોવાળા શાસ્ત્રવચનો દ્વારા કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે - સોપક્રમ આયુષ્યવાળા આત્માઓને અણશન (આહાર-પાણીનો ત્યાગ) તથા શારીરિક રોગાદિની પીડાઓ વગેરે દ્વારા હાનિ પામતું છે આયુષ્ય જેનું તેવા જીવો અપવર્તનીય આયુષ્યવાળા કહેવાય છે. આવા અપવર્તનીય આયુષ્યવાળા જીવો પર્વત ઉપરથી કરાતા પતનમાં અથવા દોરડા આદિ દ્વારા કરાતા બંધન વિગેરે કારણોથી ઘટતા આયુષ્યવાળા જીવોને આયુષ્યનો ઘટાડો કરવા દ્વારા વેલાસર મૃત્યુને પ્રાપ્ત કરતા જીવોને પર્વતના પત્થરો, દોરડું, શસ્ત્ર વિગેરે પુદ્‌ગલ દ્રવ્યો આયુષ્યની હાનિ કરવામાં અવશ્ય સહાયક થાય છે.

પરંતુ જે અનપવર્તનીય આયુષ્યવાળા આત્માઓ છે એવા ઔપપાતિક જન્મવાળા (દેવ-નારકો) ચરમશરીરી જીવો, (જેમકે ગૌતમસ્વામી આદિ ગણધર ભગવંતો), ત્રેસઠ શલાકાપુરુષો તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકો વિગેરે જીવોમાં આયુષ્ય ન ઘટે કે ન તુટે એવા આ જીવો છે. તેઓને આ પુદ્‌ગલદ્રવ્યો જીવનમાં કે મરણમાં ઉપગ્રહ કરનારા (મદદ કરનારા) કેવી રીતે બને ? કારણ કે ગમે તેવાં અનુકૂળ પુદ્‌ગલો આવે તો પણ તેઓનું આયુષ્ય વૃદ્ધિ પામતું નથી. તથા ગમે તેવાં પ્રતિકુલ પુદ્‌ગલો સામે આવે તો પણ આયુષ્ય હાનિ પામતું નથી તો પુદ્‌ગલ દ્વારા ઉપઘાત-અનુગ્રહ થયો કેમ કહેવાય ? અનુકુલ પુદ્‌ગલો સામે આવે ત્યારે વૃદ્ધિ પામતું નથી. તથા ગમે તેવાં પ્રતિકુલ પુદ્‌ગલો સામે આવે તો આયુષ્ય હાનિ પામતું નથી. તેથી પુદ્‌ગલ દ્વારા ઉપઘાત-અનુગ્રહ થયો કેમ કહેવાય ?

अत्रोच्यते = ઉપરના પ્રશ્નનો ઉત્તર હવે કહેવાય છે. તે અનપવર્તનીય આયુષ્યવાળા જીવોને પણ જીવનનો ઉપગ્રહ (જીવન જીવવામાં સહાય) અને મરણમાં ઉપગ્રહ (મૃત્યુકાળે પુદ્‌ગલોની સહાય) આ બન્ને પ્રસંગો પુદ્‌ગલોની સહાયને જ આધીન છે. પુદ્‌ગલ દ્રવ્યો વડે જ કરાયેલો ઉપકાર છે.

कथमिति चेत् ? અનપવર્તનીય આયુષ્યવાળા જીવોને પુદ્‌ગલદ્રવ્યોની સહાય થવા સ્વરૂપ ઉપકાર કેવી રીતે હોઈ શકે ? કારણ કે આયુષ્ય તો વધઘટ થતું જ નથી તો ઉપકાર થયો કેમ કહેવાય ? કારણ કે ગમે તેવાં અનુકૂળ પુદ્‌ગલ દ્રવ્યો મળે તો પણ આયુષ્ય વૃદ્ધિ

પામતું નથી અને ગમે તેવાં પ્રતિકૂળ પુદ્ગલો મળે તો પણ આયુષ્ય હાનિ પામતું નથી. આ કારણથી પુદ્ગલ દ્રવ્યો આવા આયુષ્યવાળા જીવોને સહાય કરે છે. આમ કેમ કહેવાય ?

આવા પ્રકારનો જો કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર હવે કહેવાય છે. ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર હવે ભાષ્યકાર મહારાજા સમજાવે છે.

**भाष्यम् :- कर्मणः स्थितिक्षयाभ्याम् । कर्म हि पौद्गलमिति । आहारश्च त्रिविधः सर्वेषामेवोपकुरुते । किं कारणम् ? शरीरस्थित्युपचयबलवृद्धिप्रीत्यर्थं ह्याहार इति ॥५-२०॥**

**ભાષ્યનું ગુજરાતી :- કર્મ એ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જ છે. તેની સ્થિતિ વડે અનુગ્રહ (લાભ) અને તેના ક્ષય વડે ઉપગ્રહ (નુકશાન) થાય છે. કર્મ એ પુદ્ગલદ્રવ્ય છે. જીવન જીવવામાં વધારે સહાયક આહાર હોય છે. તે આહાર ત્રણ પ્રકારનો હોય છે. સર્વે પણ જીવોને આ ત્રણ પ્રકારનો આહાર (તેનાં પુદ્ગલો) સહાય કરનારાં થાય છે. (ઓજાહાર, લોમાહાર અને કવલાહાર) આ ત્રણે પ્રકારનો આહાર પોતપોતાના આયુષ્યને ટકાવવામાં કેવી રીતે કારણ બને છે ?**

**ઉત્તર :- શરીરની સ્થિતિ (શરીરનું અસ્તિત્વ) સાચવવામાં શરીરની વૃદ્ધિ કરવામાં, શારીરિક બળ પ્રાપ્ત કરવામાં, શરીરની દેદીપ્યમાનતા ટકાવી રાખવામાં, તથા શરીર પ્રત્યે અન્ય લોકોની ચાહના (પ્રીતિ) ટકાવી રાખવામાં આહાર એ પ્રબળતર કારણ છે. ॥૫-૨૦॥**

**संस्कृत टीका :-** कर्मण इत्यादि । यस्मात् सकलमेव ज्ञानावरणादि कर्म पुद्गलात्मकम् - अनन्तप्रदेशात्मकस्कन्धविकारः । कर्मनिमित्ता च तेषां स्थितिस्तद्द्वारेण जीवितोपग्राहिणाः, त एव च कर्मपुद्गलाः क्षीयमाणा मरणोपग्राहिणः सम्पद्यन्त इति । तस्मात् सुष्टूच्यते-**तेषामपि जीवितमरणोपग्रहः पुद्गलानामुपकारः** । आहारश्च त्रिविध इत्यादि -

समुच्चयार्थश्चशब्दः, ओजोलोमप्रक्षेपलक्षणस्त्रिप्रकार आहारोऽभ्यवहरणम् । तत्रौजआहारः सर्वप्रदेशैरात्मनः सर्वस्यापर्याप्तकावस्थायां जन्मकाले घृतमध्यप्रक्षिप्तापूपवत्, पर्याप्तावस्थायां तु लोमाहारस्त्वगिन्द्रियग्रहणलक्षणः । प्रक्षेपाहारस्तु कावलिकः । सोऽपि पर्याप्तकानामेव पृथिवीकायाद्येकेन्द्रियनारकदेववर्जानामसुमताम्, सर्वेषामित्यनेन संसारिणः परिगृह्यन्ते ॥

ननु संसारिणोऽपि केचिदन्तर्गतावनाहारकाः । केवलिनस्तु समुद्घातकाले शैलेश्यवस्थायां चेति, अतः कथं सर्वेषामुपकुरुत इत्युच्यते ?

बाहुल्यमङ्गीकृत्येदमुक्तमल्पकालत्वाच्च नापेक्षितं भाष्यकारेण । किं कारणमेतदेवमिति प्रश्नयति, शरीरेत्यादिनोपपादयति । यस्मादाहाराधीनाः शरीरस्य स्थित्यादयोऽनपवर्त्यायुषाम् । आहारश्च पुद्गलविकारः । ततः पौद्गलिकत्वादुपकुरुते ।

तत्र स्थितिः सन्धारणमन्यथा नावतिष्ठेत । उपचयः परिपोषो मांसमज्जादीनाम्, बलं शक्तिः, प्राणः सामर्थ्यम्, वृद्धिरारोहपरिणाहलक्षणा, प्रीतिश्चित्तधर्मः परितोषरूपः एवमनेकप्रयोजन-निवर्तनसामर्थ्यादाहार उपकारक इति ॥५-२०॥

**ગુજરાતી ભાષાંતર :-** कर्मणः ઈત્યાદિ ભાષ્યનાં જે પદો છે. તેના ઉપર લખાયેલી ટીકાનું ગુજરાતી સમજાવાય છે. જ્ઞાનાવરણીય વિગેરે સર્વે પણ કર્મો કાર્મણવર્ગણાના પુદ્ગલ સ્વરૂપ જ છે. અનંત અનંત પ્રદેશોના બનેલા સ્કંધોની વિકારાત્મક ભાવે બનેલી આ કાર્મણવર્ગણા જ છે. તે સૂક્ષ્મ પુદ્ગલસ્વરૂપ જ છે. અને ચક્ષુથી અગોચર છે.

તે કાર્મણ વર્ગણાના પુદ્ગલદ્રવ્યોમાં આત્માના અધ્યવસાયને અનુસારે સ્થિતિ-રસ બંધાય છે. કર્મસ્વરૂપે બંધાયેલાં તે પુદ્ગલો દ્વારા આ જીવને સુખ-દુઃખની પ્રાપ્તિ થવા રૂપ અને આયુષ્યકર્મ રૂપે બંધાયેલાં પુદ્ગલો દ્વારા જીવન-મરણ પ્રાપ્ત થવા સ્વરૂપ ઉપકાર કરાય છે.

પ્રાપ્ત થયેલું આ જીવન જે છે તેને ટકાવવામાં જેમ શ્વાસ ઉપકારક છે. તેમ આહાર પણ ઉપકારક તત્ત્વ છે. તે આહાર આ જીવ ત્રણ પ્રકારે ગ્રહણ કરે છે. આહારના ત્રણ પ્રકાર છે - (૧) ઓજાહાર, (૨) લોમાહાર અને (૩) કવલાહાર. आहारश्च આ પાઠમાં જે च શબ્દ છે તે સમુચ્ચય અર્થમાં છે. ત્યાં આહાર એટલે अभ्यवहरण અર્થાત્ પુદ્ગલદ્રવ્યોનું ગ્રહણ કરવું તે આહાર કહેવાય છે.

સર્વે પણ સંસારી જીવો દ્વારા અપર્યાપ્તાવસ્થા હોય ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયે પોતાના સર્વ આત્મપ્રદેશો વડે ઘીમાં તળાતા પુડલાની જેમ જે પુદ્ગલદ્રવ્યો ગ્રહણ કરાય છે. તેને **ઓજાહાર** કહેવાય છે. પર્યાપ્તાવસ્થામાં ત્વગિન્દ્રિય દ્વારા ગ્રહણ કરાતો જે આહાર છે. તે **લોમાહાર** કહેવાય છે. અને હાથ દ્વારા કોળીયા સ્વરૂપે જે આહાર લેવાય છે. તે **કવલાહાર** કહેવાય છે. આ કવલાહાર પર્યાપ્તા જીવોને જ હોય છે પરંતુ પૃથ્વીકાય આદિ સર્વે એકેન્દ્રિયજીવો તથા દેવ-નારકીના જીવોને હોતો નથી તેને વર્જીને બાકીના સર્વે જીવોને જ કવલાહાર હોય છે.

ભાષ્યના પાઠમાં सर्वेषां એવો જે પાઠ છે તેનો અર્થ આ આહાર સર્વ જીવોને હોય છે. એમ જે કહ્યું છે ત્યાં સર્વ સંસારી જીવોને યથાયોગ્ય પ્રમાણે ત્રણ પ્રકારનો આ આહાર હોય છે એમ અર્થ કરવો, પરંતુ મુક્તિગત જે જીવો છે તે સિદ્ધ પરમાત્માને આહાર હોતો નથી. શરીર ન હોવાથી આહાર હોતો નથી. આટલી વિશેષતા જાણવી.

**પ્રશ્ન** :- ભાષ્યકાર મહારાજા ભાષ્યના પાઠમાં "सर्वेषाम्" લખીને સર્વે સંસારી જીવોને આ આહાર હોય છે એમ કહે છે પરંતુ સર્વે સંસારી જીવોને આહાર હોય જ એવું જણાતું નથી. કારણ કે (૧) વિગ્રહ ગતિમાં વર્તતા જીવોમાં બે-ત્રણ અને ચાર સમયની વિગ્રહગતિ કરનારા જીવો અનુક્રમે ૧-૨-૩ સમય સુધી અણાહારી હોય છે. તથા (૨) કેવલજ્ઞાની ભગવંતો જ્યારે કેવલી સમુદ્ઘાત કરે છે. ત્યારે ૩-૪-૫મા સમયે અણાહારી હોય છે તથા (૩) શૈલેશીકરણવાળા ચૌદમા ગુણઠાણે વર્તતા સર્વે પણ કેવળજ્ઞાની ભગવંતો અણાહારી હોય છે.

આ પ્રમાણે સંસારી જીવોમાં પણ સર્વત્ર આહારનો સંભવ નથી તો સર્વે સંસારી જીવોને આહાર હોય છે. આવું તમારા વડે ઉપર જે સમજાવવામાં આવ્યું. તે કેમ ઘટશે ? શું દોષ નહીં આવે ?

**ઉત્તર** :- તમારો પ્રશ્ન બરાબર સાચો જ છે પરંતુ અમે આ જે વિધાન કરેલ છે તે બહુલતાને આશ્રયી કરેલ છે. આવા પ્રકારના અલ્પકાળવાળા અણાહારી સ્થાનોની વિવક્ષા કર્યા વિના જ આ વિધાન કરેલ છે. અણાહારીનાં તે સ્થાનો બહુ જ અલ્પ છે. તે પોતાની બુદ્ધિથી જ આમાં બાદ સમજી લેવાં. ભાષ્યકાર મહારાજા વડે બહુલતાને આશ્રયીને જ આ વિવક્ષા કરાઈ છે.

**પ્રશ્ન** :- આહાર સર્વે પણ સંસારી જીવોને ઉપકાર કરે છે. કારણ કે આહાર લેવાથી શરીર સશક્ત રહે છે. તેનાથી શરીર દ્વારા સર્વે પણ કાર્યો-વ્યવહારો કરી શકાય છે તે માટે શરીરને આહાર આપવો અતિશય જરૂરી છે. આ વિષય ઉપર ભાષ્યકાર મહારાજા ભાષ્યના પાઠમાં જ शरीरस्थित्युपचयबलवृद्धिप्रीत्यर्थं आहारः આ પાઠ સમજાવે છે -

અનપવર્તનીય આયુષ્યવાળાને પણ શરીરની સ્થિતિ, ઉપચય બળ-વૃદ્ધિ અને પ્રીતિ વિગેરે કાર્યો માટે આહાર લેવાનો જ હોય છે. આ સઘળાં શરીરનાં કાર્યો આહારને જ આધીન છે. (૧) આહાર એ પુદ્ગલ દ્રવ્યોનો બનાવેલો જ પદાર્થ છે તે લેવામાં આવે તો જ શરીર ટકે છે. આ સ્થિતિકાર્ય સમજાવ્યું. તથા (૨) उपचय = માંસ-મેદ-રૂધિર આદિ શારીરિક ધાતુઓની પુષ્ટિ-વૃદ્ધિ કરવામાં પણ આહાર એ પ્રબળ સાધન છે. (૩) बल =

શારીરિક શક્તિ આપવામાં આહાર એ મુખ્ય સાધન છે. (૪) प्राण = એટલે સામર્થ્ય, શ્વાસાદિ લેવા-મુકવામાં તથા ખોરાક પચાવવામાં શક્તિ આપનાર, સામર્થ્ય વધારનાર આહાર છે. માટે તેમાં એ પ્રબળ કારણ છે. (૫) वृद्धि = શારીરિક ઊંચાઈ, પહોળાઈ-જાડાઈ વિગેરેનો વધારો કરવામાં પણ આહાર એ પ્રબળ કારણ છે. (૬) प्रीति = સંતોષ થવો, ખુશી ઉપજવું, મુખ ઉપર તેજ પ્રસરવું, પ્રસન્નતા પ્રાપ્ત થવી ઈત્યાદિ કાર્યોમાં પણ આહાર એ શ્રેષ્ઠતમ કારણ છે.

આ પ્રમાણે અનેક પ્રયોજનો પાર પાડવામાં આહાર એ સામર્થ્ય આપનાર હોવાથી આહાર એ શરીરનું ઉપકારક તત્ત્વ છે. આહાર એ પૌદ્ગલિક પદાર્થ છે અને તે આત્માને શક્તિ આપનાર તત્ત્વ છે. સૂત્ર નંબર ૫-૧૭ થી ધર્મ-અધર્મ શું ઉપકાર કરે છે ? તે સમજાવ્યું. સૂત્ર નંબર ૫-૧૮ થી આકાશ શું ઉપકાર કરે છે ? તે સમજાવ્યું. સૂત્ર નંબર ૫-૧૯ તથા ૫-૨૦ થી પુદ્ગલ દ્રવ્ય શું ઉપકાર કરે છે તે વિષય સમજાવ્યો. હવે જીવો શું ઉપકાર કરે છે ? તે વિષય સમજાવવો છે તે માટે ભૂમિકા સ્વરૂપે ભાષ્યકાર મહારાજા જે જણાવે છે. તે કહેવાય છે. ॥૫-૨૦॥

❋ ❋ ❋

**भाष्यम्-अत्राह-गृह्णीमस्तावद् धर्माधर्माऽऽकाशपुद्गल जीवद्रव्याणा-मुकुर्वन्तीति ? अथ जीवानां क उपकार इति ? अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે - ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ ચાર દ્રવ્યો શું ઉપકાર કરે છે ? તે વિષય તો અમે જાણ્યો, પરંતુ હવે જીવોનો પરસ્પર શું ઉપકાર છે તે સમજાવો, હવે તે જીવોનો ઉપકાર સમજાવાય છે ?**

**संस्कृत टीका :-** अत्राहेत्यादि सम्बन्धग्रन्थः ॥ सर्वैर्धर्मादिभिरूपकृतं निमित्तव्यापारविशेषेण जीवानाम् । अथात्मानः किमन्येषामात्मनामेवोपकुर्वन्तीत्युपकारं जीवसम्बन्धिनं पृच्छति । अथवा धर्माधर्माकाशपुद्गलानां परानुग्रहः सान्ततिकः उक्तः । किमेवमात्मनामप्युतान्यो विधिरिति प्रश्नयति । तत्र जीवद्रव्याणामिति । जीवानां सर्वे धर्मादय उपकुर्वन्ति धर्माधर्माकाशाः पुद्गलद्रव्याणामुपकारकाः, आकाशं धर्माधर्मपुद्गलानामुपकारकम् । इत्थमेतेऽनुग्रहकारिणः प्रसिद्धा धर्मादय इति बुद्ध्यामहे । अथ जीवानामुपकारः क इत्यनवबोधात् प्रश्नितो - अत्रोच्यते इत्याह ।

**ગુજરાતી ભાષાંતર :-** अत्राह ઈત્યાદિ પદો આગળ આવનારી વાતની સાથે સંબંધ જણાવે છે કે - ધર્માસ્તિકાયાદિ ચારે અજીવ દ્રવ્યો વડે જીવદ્રવ્યોને ઉપકાર કરાય છે. તે વાત તો ઉપરોક્ત ૧૭ થી ૨૦ સૂત્રો વડે જાણી. આ ચારે દ્રવ્યો જીવોને ગતિમાં, સ્થિતિમાં, અવગાહનામાં તથા શરીરાદિ અને સુખાદિમાં ઉપકાર કરે છે. આ વાત બરાબર સમજાઈ ગઈ છે. હવે પ્રશ્ન થાય છે કે શું જીવદ્રવ્ય પણ અન્ય એવા જીવદ્રવ્યોને આ જ પ્રમાણે ઉપકાર કરે છે કે કેમ ? આ પ્રમાણે જીવદ્રવ્યસંબંધી ઉપકાર કરવાના વિષયવાળો આ પ્રશ્ન છે તે પ્રશ્ન શિષ્ય ગુરુજીને કરે છે કે આ ચાર દ્રવ્યોની જેમ આત્મા કોને ઉપકાર કરે છે તે પણ સમજાવો.

અથવા ધર્મ-અધર્મ-આકાશ અને પુદ્ગલ આ ચારે દ્રવ્યો પર એવા જીવોને ગતિ-સ્થિતિ આદિમાં જે ઉપકાર કરે છે તે સતત નિરંતર કરે છે એમ કહ્યું છે તો શું એ જ પ્રમાણે આત્મદ્રવ્ય પણ સતત-નિરંતર પરને ઉપકાર કરે છે કે તેના માટે બીજો કોઈ અન્ય વિધિ છે ? આવો કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે.

ત્યાં જીવનદ્રવ્યોને ધર્માસ્તિકાયાદિ સર્વે દ્રવ્યો ઉપકાર કરે છે. પુદ્ગલદ્રવ્યોને ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો ઉપકાર કરે છે અને આકાશાસ્તિકાય ધર્મ અને અધર્મ અને પુદ્ગલ એમ ત્રણ દ્રવ્યોને ઉપકાર કરે છે. આ રીતે આ સર્વે દ્રવ્યો પરસ્પર ઉપકાર કરનારાં છે શાસ્ત્રોમાં આ વાત પ્રસિદ્ધ જ છે. તેનાથી ધર્માદિ ચાર દ્રવ્યોનું સ્વરૂપ જાણ્યું. હવે જીવદ્રવ્યોનો શો ઉપકાર છે ? તે અમે બરાબર જાણ્યો નથી. એમ શિષ્ય પ્રશ્ન કરે છે. તે કારણથી તેના ઉપકારનો અનવબોધ હોવાથી પ્રશ્ન કરાય છે. તેનો ઉત્તર હવે શાસ્ત્રકારભગવંત વડે કહેવાય છે.

**અવતરણ :-** अत्रोच्यते इत्याह = જીવોનો શું ઉપકાર છે ? તે વાત હવે કહેવાય છે, સમજાવાય છે :-

**सूत्रम् :- परस्परोपग्रहो जीवानाम् ॥५-२१॥**

**સૂત્રાર્થ :- પરસ્પર ઉપકાર કરવો એ જીવોનો ઉપકાર છે. ॥૫-૨૧॥**

**भाष्यम् :- परस्परस्य हिताहितोपदेशाभ्यामुपग्रहो जीवानामिति ॥५-२१॥**

**ભાષ્યનું ગુજરાતી :- પરસ્પર હિત કરવાનો, અને અહિતથી નિવૃત્તિનો ઉપદેશ આપવા વડે ઉપકાર કરવો એ જીવદ્રવ્યનો પરસ્પર ઉપગ્રહ (ઉપકાર)**

છે. ॥૫-૨૧॥

**संस्कृत टीका :-** परस्परशब्दः कर्मव्यतिहारविषयः । अन्योन्योपग्रहो जीवानामुपकारः ॥

नन्वपरस्परेति भवितव्यमित्यत्र परस्परा क्रिया सातत्येनेत्यत्रैके व्याचक्षते । वर्णलोपं कृत्वा निरदिक्षदाचार्यः परस्परोपग्रह इति कात्यायनवचनाद् वा "इतरेतरान्योन्योपपदाच्च (पाणिनि-अ. १, पा. ३, सू. १६) इत्यत्रोक्तं" परस्परोपपदाच्चेति "(वक्तव्यं)" (वार्तिके ९००) परस्परस्य व्यतिलुनन्ति ॥

हिताहितोपदेशाभ्यामिति - हितमायत्यां वर्तमाने च यत् क्षमं युक्तं न्याय्यं वा, तद्विपरीतमहितम् । हितप्रतिपादनेनाहितप्रतिषेधेन चोपग्रहं कुर्वन्ति, पुनरुपग्रहवचनमाभिप्रायिकं दर्शयति । जीवाः परस्परहिताहितोपदेशदायित्वेनानुगृह्णन्ति ॥ न त्वेवं पुद्गलाः ।

अथवा सुखादीनामेकैकोऽप्यनुग्राहको जन्तोर्भवति समुपजातः ॥ इह तु पुनरुपग्रह-माणोपग्राहकयोः परस्परेण स्त्रीपुंसवदनुग्रहे यौगपद्यार्थं पुनरुपग्रहवचनं प्रतिपत्तव्यम् । सर्वदा एव द्विप्रभृतीनामुपकारो नैककानाम् ॥

**ગુજરાતી ભાષાંતર :-** ભાષ્યના પાઠમાં લખેલો જે **"પરસ્પર"** શબ્દ છે તે ક્રિયાના વ્યતિહાર અર્થ વાળો છે. વ્યતિહાર એટલે અદલા-બદલી કરવી. એક વ્યક્તિને જે ક્રિયા કરવાની હોય તે બીજી વ્યક્તિએ કરવી અને બીજી વ્યક્તિએ જે ક્રિયા કરવાની હોય તે પ્રથમ વ્યક્તિએ કરવી તેનું નામ ક્રિયાનો વ્યતિહાર. આવા અર્થવાળો આ પરસ્પર શબ્દ છે. અરસ પરસ ઉપગ્રહ કરવો એ જીવદ્રવ્યોનો ઉપકાર છે. અર્થાત્ જીવોમાં એક-બીજા જીવદ્રવ્યો એકબીજા જીવદ્રવ્યના કામો કરતા હોય છે. તે જ તેઓનો ઉપકાર છે.

**પ્રશ્ન :-** કોઈક આચાર્યશ્રી એમ કહે છે કે અહીં अपर અને पर એમ બે શબ્દો છે. તે બન્ને શબ્દોનો ઈતરેતરદ્વન્દ્વ સમાસ કરતાં अपरस्पर શબ્દ બનવો જોઈએ. તેમાં પ્રથમના अवर्ण નો લોપ કરીને પરસ્પર શબ્દ બનાવવામાં આવ્યો છે. તેનો અર્થ સાતત્યપણે અર્થાત્ નિરંતરપણે (અટક્યા વિના સતત) ચાલુ જ રહે એવા અર્થમાં આ શબ્દ છે.

અથવા કાત્યાયનમુનિના વચનથી "इतरेतरान्योन्योपपदाच्च" (પાણિનિ વ્યાકરણ, અ. ૧, પા. ૩, સૂત્ર નં. ૧૬) આ સૂત્રમાં કહેલું છે કે "परस्परोपपदाच्चेति" આમ કહેવું જોઈએ. વાર્તિકમાં "परस्परं व्यतिलुनन्ति" અરસપરસ છેદે છે. આવો પાઠ આવે છે. એટલે કે આવા પ્રયોગો પણ થાય છે.

હિતાહિતનો ઉપદેશ આપવા વડે એટલે કે હિતકારી કાર્યમાં પ્રવૃત્તિ કરવી અને

અહિતકારી કાર્યથી નિવૃત્તિ કરવી. આવા પ્રકારનો ઉપદેશ આપવા વડે જીવો પરસ્પર ઉપકાર કરે છે. બોલાયેલું જે વચન છે. તે ભવિષ્યમાં અને વર્તમાન કાળમાં હિત કરનારું અર્થાત્ કલ્યાણ કરનારું હોય, ન્યાયવાળું હોય, યોગ્ય વચન હોય, સમર્થ વચન હોય તે હિતકારી વચન કહેવાય છે અને જે વચન તેનાથી વિપરીત હોય તે અહિતકારી વચન કહેવાય છે.

જીવો પરસ્પર હિતકારી વચનો બોલવા વડે અને અહિતકારી વચનોના નિષેધ વડે અરસપરસ ઉપકાર કરે છે. આવા પ્રકારનું ઉપગ્રહવાળું (હિત કરનારું) વચન જે જે જીવો બોલે છે કહે છે તથા સામેના જીવનું હિત કેમ થાય ? અને અહિત કેમ ન થાય અહિત થતું વિરામ પામે એવા અભિપ્રાયથી જીવો પરસ્પર હિતકારી વચન બોલે છે અને અહિતકારી વચનોનો ત્યાગ કરે છે. જીવોનું આ જ પરસ્પર કર્તવ્ય છે.

જીવ એ સચેતન તત્ત્વ હોવાથી એટલે બુદ્ધિવાળો પદાર્થ હોવાથી સામાન્યથી પરસ્પર હિત શેમાં છે ? અને અહિતની નિવૃત્તિ શેમાં છે તેનો વિચાર કરીને જ આ વિષય બીજાને ઉપયોગી થાય તે રીતે સમજાવતો છતો ઉપકાર કરે છે. જીવ એ સચેતન તત્ત્વ હોવાથી પરસ્પર સમજાવવા વડે જેવો ઉપકાર કરે છે તેવો ઉપકાર પુદ્‌ગલદ્રવ્ય કરી શકતું નથી. કારણ કે તે અચેતન દ્રવ્ય છે. ઉપગ્રહ કરનારું વચન અભિપ્રાય પૂર્વક બોલાય છે. અને પુદ્‌ગલ આદિ શેષ ચાર દ્રવ્યો અજીવ હોવાથી તેમાં અભિપ્રાય સંભવતો નથી.

અથવા સુખ-દુઃખ, જીવન અને મરણ આ ચારે પ્રસંગોમાંથી એક-એક પ્રસંગ પણ આ જીવને ઉપકારક થાય છે. અનુગ્રાહક થાય છે. કોઈ પ્રસંગ સુખનો અનુગ્રાહક થાય છે અને કોઈક પ્રસંગ દુઃખનો અનુગ્રાહક થાય છે એ જ પ્રમાણે કોઈક પ્રસંગ જીવનનો અનુગ્રાહક થાય છે. તથા એ જ રીતે કોઈક પ્રસંગ આઘાત આદિ લાગવાથી મરણનો અનુગ્રાહક થાય છે. સંસારી જીવનમાં વારાફરતી આવા પ્રસંગો આવે જ છે.

આ સંસારમાં જેમ સ્ત્રીને પુરુષ અનુગ્રાહક છે અને પુરુષને સ્ત્રી અનુગ્રાહક (ઉપકારક) છે. એ જ પ્રમાણે જીવોમાં એક જીવ બીજા જીવને અને બીજો જીવ પ્રથમના જીવને કોઈક અને કોઈક રીતે ઉપકાર કરનારા બને છે.

અહીં उपग्रहमाण (સહાય લેનાર, સહાય કરવા યોગ્ય વ્યક્તિ) અને उपग्राहक (એટલે સહાય આપનાર, મદદ કરનાર) એમ બન્ને દ્રવ્યો પરસ્પર ઉપકાર કરે છે આવો યૌગપદ્ય અર્થ જણાવવા માટે મૂળસૂત્રમાં ફરીથી उपग्रह શબ્દનો ઉલ્લેખ કરેલો છે. આ પ્રમાણે સદાકાળ જીવદ્રવ્યને બીજાં દ્રવ્યોમાંથી બે-ત્રણ અથવા ચારે દ્રવ્યોનો ઉપકાર ચાલુ જ હોય છે. પરંતુ કોઈ એક જ દ્રવ્યનો ઉપકાર ચાલુ હોય તેવું બનતું નથી.

**संस्कृत टीका :-** उपसर्जनं चोपग्रहः पूर्वसूत्रे । इह तु स्वतन्त्रः । जीवानामुपदेशस्य भूयस्त्वेनोपकारकत्वाद् ग्रहणम् । न तथा प्राणिनो वित्तादिभिरुपकुर्वन्ति, यथोपदेशेनेति । अहितोपदेशोऽहितानुष्ठानं वा कथमुपकारः ? "न" उपकारवचनस्य निमित्तार्थत्वात् अन्यथा हीष्टोपग्रह एवोपकारः स्यात्, नानिष्टोपग्रह इत्यव्यापिता भवेत् ॥

ननु जीवानामुक्तं लक्षणमुपयोग इति । किं पुनरारम्भेण ? नैतत्, तदस्त्यन्तरङ्गं लक्षणमिदं तु बहिरङ्गं, एवं तर्हि धर्मादित्रयस्य लक्षणं नास्ति ?

अत्रोच्यते - गतिस्थित्यवगाहानां स्वाभाव्याद् । यो हि यत्रासाधारणो धर्मः, स एव तस्य लक्षणम् । इतिशब्दोऽधिकारपरिसमाप्त्यर्थ इति ॥५-२१॥

**ગુજરાતી ભાષાંતર :-** પૂર્વ સૂત્રમાં એટલે કે ૫-૨૦ સૂત્રમાં જે ઉપકાર વર્ણવ્યો છે. કે સુખ-દુઃખ-જીવન અને મરણમાં પુદ્ગલાસ્તિકાયનો જે ઉપકાર છે. તે સહજ હોવાથી ગૌણ ઉપકાર છે. જ્યારે આ ૫-૨૧ ચાલુ સૂત્રમાં જીવોનો પરસ્પર જે ઉપકાર સમજાવાય છે. તે બુદ્ધિપૂર્વકનો હોવાથી એટલે કે બુદ્ધિપૂર્વક કરાતો હોવાથી સ્વતંત્ર છે, પ્રધાન છે. જીવદ્રવ્ય સચેતન હોવાથી પોતાની બુદ્ધિનો બરાબર ઉપયોગ કરીને જ્યાં જેટલો અને જેવો ઉપકાર કરવો જરૂરી લાગે ત્યાં તેટલો જ અને તેવો જ ઉપકાર ઉપદેશ આદિ આપવા વડે કરે છે.

કોઈ પણ એક જીવ બીજા જીવો ઉપર ઉપદેશ આપવા દ્વારા અથવા તત્ત્વ સમજાવવા દ્વારા જેવો ઉપકાર કરે છે. તેવો ઉપકાર ધનાદિના દાનથી પણ થતો નથી.

**પ્રશ્ન :-** હિતકારી ઉપદેશ જે આપે તે તો ઉપકાર કરનારો કહેવાય, પરંતુ અહિત થાય તેવો ઉપદેશ અપાય અથવા અહિત થાય તેવા કોઈ અનુષ્ઠાનનું આચરણ કરાય તો તે ઉપકાર કર્યો કેમ કહેવાય ? અહિતકારી ઉપદેશ આપવાથી તો જીવને નુકશાનમાં જોડ્યો. તેને ઉપકાર કર્યો કેમ કહેવાય ?

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્ન કરવો નહીં, કારણ કે અહીં ઉપકાર શબ્દ **નિમિત્તમાત્ર** એટલા જ અર્થવાળો છે. જેમ કેટલીક વસ્તુ સુખનું નિમિત્ત થાય છે. તેમ કેટલીક વસ્તુ દુઃખનું નિમિત્ત પણ અવશ્ય થાય જ છે. જેમકે ખાણી-પીણી (ભોજનાદિની સામગ્રી) સુખનું નિમિત્ત બને છે તેમ જેને મરવું જ છે. તેને વિષ, અગ્નિ, કુવો વિગેરે પણ નિમિત્તમાત્ર બને જ છે એટલે તે વિષાદિ તત્ત્વ મૃત્યુ પામનારા જીવના ઈષ્ટને કરનારાં થાય જ છે. આવો અર્થ અહીં સમજવો.

જો ઉપરોક્ત અર્થ ન કરીએ તો ઈષ્ટ વસ્તુનો ઉપગ્રહ કરીએ તો જ ઉપકાર કર્યો કહેવાય, પરંતુ અનિષ્ટ વસ્તુનો ઉપગ્રહ કરીએ તો અનિષ્ટ કરવાની ઈચ્છાવાળાને જે

અનુગ્રહ થાય છે તે અર્થ ન ઘટે તેથી સર્વત્ર અનુગ્રહનું લક્ષણ ઘટે નહીં જેથી અવ્યાપ્તિ દોષ આવે તે કારણથી જેને જીવવું જ છે તેને જેમ સુંદર ખોરાક આપીએ તો ઉપકાર કર્યો કહેવાય તેમ જેને મરવું જ છે તે જીવ વિષાદિનો પ્રયોગ કરે તો તે પણ ઉપગ્રહ કર્યો કહેવાય તેવા અર્થમાં આ વિધાન છે જેથી અવ્યાપ્તિ દોષ ન આવે.

**પ્રશ્ન :-** "उपयोगो लक्षणम्" ઉપયોગ એ જીવનું લક્ષણ પૂર્વે કહ્યું છે. એટલે કે ૫-૮ સૂત્રમાં જીવનું આ લક્ષણ પૂર્વે કહ્યું જ છે તો પછી परस्परोपग्रहो जीवानाम्" આવું ૫-૨૧ સૂત્ર બનાવીને બીજી વાર જીવનું લક્ષણ કહેવાની શી જરૂર છે ? આ પ્રમાણે બે વાર લક્ષણો કહેવાથી પુનરુક્તિ દોષ શું ન લાગે ? તથા સૂત્રની લઘુતાને બદલે ગૌરવ કર્યાનો દોષ શું ન લાગે ?

**ઉત્તર :-** તમારો પ્રશ્ન ઠીક છે. પરંતુ उपयोगो लक्षणम् સૂત્ર નંબર ૫-૮ માં જીવનું જે લક્ષણ કહ્યું છે તે અંતરંગ લક્ષણ છે અને परस्परोपग्रहो जीवानाम् ૫-૨૧ માં જે લક્ષણ છે. તે લક્ષણ બહિરંગ છે. ઉપયોગદશા અર્થાત્ જ્ઞાન-દર્શનમય આત્માનો જે પરિણામ છે. તે આત્માની અંદર હોવાથી બહાર દેખાતો ન હોવાથી અંતરંગ લક્ષણ કહેવાય છે અને અરસપરસ ઉપકાર કરવો. સહાય કરવી એ વ્યવહાર ચક્ષુથી દેખાય તેવો છે દૃષ્ટિગોચર થાય છે તે માટે તે લક્ષણ બહિરંગ છે. આ બન્ને લક્ષણોમાં આટલો તફાવત છે.

**પ્રશ્ન :-** જો આ પ્રમાણે જીવદ્રવ્યનું અંતરંગ અને બહિરંગ એમ બે પ્રકારનું લક્ષણ સમજાવો છો તો ધર્માસ્તિકાયાદિ પ્રથમનાં ત્રણે દ્રવ્યોનાં પણ અંતરંગ અને બહિરંગ એમ બન્ને પ્રકારનાં લક્ષણો તમારે અમને સમજાવવાં જોઈએ તે કેમ સમજાવતા નથી ? શું તેમાં કેવળ એકલાં અંતરંગ જ લક્ષણ હોય છે અને બહિરંગ લક્ષણ હોતાં જ નથી ? તેટલે સમજાવતા નથી ? કે શું છે ?

**ઉત્તર :-** ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યો અતીન્દ્રિય હોવાથી તેનાં બહિરંગ લક્ષણો હોતાં જ નથી. કારણ કે તે ત્રણે દ્રવ્યો અરૂપી છે, ચક્ષુથી અગોચર છે તો તેનાં લક્ષણો ચક્ષુર્ગોચર કેમ થાય ? માત્ર ગતિમાં, માત્ર સ્થિતિમાં અને માત્ર અવગાહનામાં જ સહાય કરવી એ જ તે ત્રણે દ્રવ્યોનાં લક્ષણો છે જ્યાં જે અસાધારણ ધર્મ હોય ત્યાં તે ધર્મ જ લક્ષણ કહેવાય છે. અને આ ત્રણે દ્રવ્યો અરૂપી હોવાથી આ લક્ષણો પણ અંતરંગ જ છે.

ભાષ્યના પાઠમાં છેલ્લે છેલ્લે जीवानामिति એ પાઠમાં જે ઈતિ શબ્દ લખેલો છે તે આ અધિકારની સમાપ્તિને સૂચવનાર છે. ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો શું શું ઉપકાર કરે છે આ વિષયવાળો જે અધિકાર ચાલતો હતો તે અધિકાર અહીં સમાપ્ત થાય છે. તે માટે इति

શબ્દ કહેલો છે. ॥૫-૨૧॥

**भाष्यम् :- अत्राह-अथ कालस्योपकारः क इति ? अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો શું શું ઉપકાર કરે છે ? તે વાત આપશ્રીએ જણાવી અને અમે જાણી. પરંતુ "કાળ" એ નામનું પણ એક દ્રવ્ય જૈનશાસ્ત્રોમાં આવે છે એમ કેટલાક આચાર્યો માને છે તો તે કાળદ્રવ્યનો ઉપકાર શું છે ? તે વાત પણ આ પ્રસંગ હોવાથી સમજાવો ? આવા પ્રકારના શિષ્યના પ્રશ્નના ઉત્તર રૂપે હવે તે ઉપકાર જણાવાય છે.**

**संस्कृत टीका :-** अत्राहेत्यादिना सम्बध्नाति-अत्रेति पञ्चास्तिकायपरिसमाप्तिप्रस्तावे पर आह-अथ कालस्योपकारः क इति ? ॥ ननु च पूर्वोपन्यस्तेषु धर्मादिषु द्रव्येषूपकारविषयः प्रश्नो घटमानः, कालद्रव्यं तु नैवोपन्यस्तम्, अतः कथं तत्कृतोपकारविषयः प्रश्नः सङ्गच्छेत ?

सत्यम्, नोक्तं कालद्रव्यं, किन्तु "कालश्चेत्येके" (अ. ५, सू. ३८) इति वक्ष्यत्येकीयमतेन स कदाचिद् धर्मास्तिकायादिद्रव्यपञ्चकान्तर्भूतस्तत्परिणामत्वात् ॥ कदाचित् पदार्थान्तरं धर्मादिवत् । सर्वथा लक्षणं वक्तव्यमेतच्चेतसि सन्निवेश्य प्रश्नयति - अथ कालस्योपकारः क इति ? । असाधारणलक्षणविषयः प्रश्नः । कथं पुनर्धर्मादिपरिणाममात्रं काल इति चेत् ? यतस्तद्धर्मविशेषा एवातीतानागतवर्तमाना आख्यातशब्दवाच्याः, ते च बुद्ध्यर्थशब्दास्त्रयः । सर्वं च वस्त्वर्थाभिधान-प्रत्ययसङ्गृहीतं तुल्यव्यपदेशत्वात् शब्दार्थबुद्धीनाम् ॥

तत्रार्थलक्षणः कालोऽर्थवृत्तिभिरेवावध्रियते इत्यत्रोच्यत इत्याह -

**ગુજરાતી ભાષાંતર :-** अत्राह આ પ્રમાણે ભાષ્યનો જે પાઠ છે તે લખીને જણાવે છે કે "હવે કાળદ્રવ્યનો શો ઉપકાર છે ? તે જણાવાય છે. પાંચ અસ્તિકાય દ્રવ્યોનો શું ઉપકાર છે ? તે જણાવીને હવે કાળદ્રવ્યનો શું ઉપકાર છે ? તે જણાવે છે. પાંચ અસ્તિકાય દ્રવ્યોના ઉપકારના વર્ણનની સમાપ્તિ પ્રસંગે અને કાળના ઉપકારના વિધાન પ્રસંગે કોઈક શિષ્ય આવો પ્રશ્ન કરે છે કે :-

**પ્રશ્ન :-** પૂર્વે સમજાવેલા ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો શું શું ઉપકાર કરે છે ? આવો પ્રશ્ન ઘટી શકે છે. કારણ કે તે પાંચે દ્રવ્યો મૂળસૂત્રમાં જ કહેલાં દ્રવ્યો છે તેથી તેનો ઉપકાર જીવને શું શું હોય ? આવો પ્રશ્ન થાય. તેથી તેનો ઉત્તર કહેવો ઉચિત કહેવાય. પરંતુ કાળ

નામનું કોઈ દ્રવ્ય જ કહ્યું નથી. આ કારણથી તે કાળદ્રવ્ય વડે શો ઉપકાર કરાય છે તે પ્રશ્ન જ રહેતો નથી. જે દ્રવ્ય સ્વરૂપે હોય જ નહીં. જેનું અસ્તિત્વ જ નથી. આકાશપુષ્પવત્ જે શૂન્ય જ છે તો તેના વડે કરાતા ઉપકારની વાત કેવી રીતે સંભવે ?

**ઉત્તર :-** सत्यम् = તમારો પ્રશ્ન સો ટકા સાચો છે જે પદાર્થને દ્રવ્ય સ્વરૂપે કહ્યું જ ન હોય તેના વડે ઉપકાર કરાય છે. આવી વાત તો હોય જ નહીં. પરંતુ कालश्चेत्येके (અ. ૫, સૂત્ર-૩૮) આવા પ્રકારનું એક સૂત્ર પાંચમા અધ્યાયના આડત્રીસમા સૂત્ર સ્વરૂપે આવવાનું છે. પરંતુ તે કોઈ કોઈ એક આચાર્યના મતે છે આ પ્રમાણે કોઈક આચાર્ય તે કાળને છઠ્ઠું દ્રવ્ય માને છે. તેમના મતે તે કાળદ્રવ્ય કેવી રીતે છે. તે વાત ત્યાં સમજાવાશે. ગ્રંથકારની દૃષ્ટિએ તો કાળ નામનું કોઈ દ્રવ્ય નથી જ. શેષ પાંચ જ દ્રવ્યો છે. કાળ એ પર્યાયરૂપ છે.

ક્યારેક ક્યારેક ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોની અંદર કાળનો વિચાર કરવામાં આવે છે. જ્યારે કાળ વિચારાય છે ત્યારે પાંચ દ્રવ્યોના પરિણામ સ્વરૂપ (પર્યાયાત્મક) કાલ છે. જેમકે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો ક્યારથી છે ? અને ક્યાં સુધી રહેશે ? ત્યારે કહેવાય છે કે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. આ રીતે તે દ્રવ્યોના પર્યાયસ્વરૂપે કાળ છે. પરંતુ કાળ નામનું સ્વતંત્ર દ્રવ્ય નથી આવો તત્ત્વાર્થસૂત્રકારનો અભિપ્રાય છે.

પરંતુ બીજા કેટલાક આચાર્ય મહર્ષિઓ કાળને પણ દ્રવ્ય માને છે. હવે જ્યારે તે મતનો વિચાર કરીએ ત્યારે પ્રશ્ન થાય છે કે કાળ એ જો દ્રવ્ય છે. તો એ શું ઉપકાર કરે છે ? કાળ દ્રવ્યનું અસાધારણ લક્ષણ શું ? એમ લક્ષણના વિષયવાળો આ પ્રશ્ન છે. કાળનો અસાધારણ ધર્મ શું ? જેનાથી કાળદ્રવ્ય ઓળખાય આવો કોઈ પ્રશ્ન કરે તો

જે આચાર્યશ્રી ધર્માસ્તિકાયાદિની જેમ કાળને પણ "સ્વતંત્ર દ્રવ્ય છે." એમ માને છે તેઓને જ આ પ્રશ્ન કરાય છે કે આ કાળદ્રવ્યનું લક્ષણ તમારે કહેવું જોઈએ, આવા પ્રકારનો મનમાં નિશ્ચય કરીને ગુરુજીની સામે શિષ્ય પ્રશ્ન કરે છે કે કાળદ્રવ્યનો શું ઉપકાર છે ? અસાધારણ લક્ષણના વિષયવાળો આ પ્રશ્ન છે. અર્થાત્ કાળદ્રવ્ય તમે ભલે ન માનતા હો તો પણ તેનું એવું અસાધારણ લક્ષણ કહો કે જેનાથી કાળદ્રવ્ય બરાબર સમજાય તે લક્ષણ અતિવ્યાપ્તિ આદિ ત્રણે દૂષણ વિનાનું હોવું જોઈએ.

**પ્રશ્ન :-** કાળ એ ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોના પર્યાય સ્વરૂપ જ છે. પરંતુ દ્રવ્ય નથી. આમ કેમ કહો છો ? કારણ કે અતીત અનાગત અને વર્તમાન એવા તે કાળદ્રવ્યના ધર્મવિશેષો (પર્યાયવિશેષો) આખ્યાત શબ્દથી (ક્રિયાપદથી) જણાય છે. મહાવીરસ્વામી

થયા આ અતીતકાળ છે. પદ્મનાભ તીર્થંકર પ્રભુ થશે આ ભવિષ્યકાળ છે અને હાલ પ્રભુએ સ્થાપિત કરેલા એવા શ્રી સુધર્માસ્વામીનું શાસન ચાલે છે આ વર્તમાનકાળ થયો એમ "હતું, આવશે અને ચાલે છે" આવા પ્રકારનાં ક્રિયાપદોથી (આખ્યાત શબ્દોથી) આ ત્રણે કાળ જણાય જ છે.

(૧) બુદ્ધિમાં વાચ્ય તરીકે ગોઠવાયેલો જે પદાર્થ, તે પદાર્થ સ્વરૂપે બુદ્ધિનું તદાકારપણે પરિણામ પામવું (૨) તે તે શબ્દથી વાચ્ય એવો પદાર્થ એટલે અર્થ (૩) તે પદાર્થને જણાવનારો તેનો વાચક એવો શબ્દ એમ (૧) બુદ્ધિ, (૨) અર્થ અને (૩) શબ્દ આ ત્રણે એક જ અર્થના સૂચક હોય છે.

તમે મનમાં (બુદ્ધિમાં) શું વિચારો છો આવો કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર હું **ઘટ** વિચારું છું આમ જ ઉત્તર હોય છે. આ બુદ્ધિ થઈ. સામે જે પદાર્થ પડ્યો છે તે શું છે ? તેનો ઉત્તર મળશે કે આ **ઘટ** છે. આ વાચ્ય અર્થ થયો. અને તેના માટે ઉચ્ચારણ કરાતો શબ્દ શું નીકળશે તો **ઘટ** આ વાચક શબ્દ થયો. આ પ્રમાણે બુદ્ધિ, અર્થ અને શબ્દ આ ત્રણે એક જ વસ્તુના પર્યાયો છે.

સર્વે પણ વસ્તુઓ (૧) અર્થ (૨) અભિધાન (વાચકનામ) અને (૩) પ્રત્યય (તે વિષયની બુદ્ધિ આ ત્રણથી સંગૃહીત જ હોય છે. ત્રણેમાં એક જ નામ તુલ્યપણે જ વપરાય છે ત્યાં काल એવો શબ્દ બોલીએ ત્યારે પણ શબ્દ અર્થ અને બુદ્ધિ આ ત્રણેનો વ્યવહાર હોય છે ત્યાં અર્થલક્ષણ વાળો અર્થાત્ પદાર્થ સ્વરૂપે રહેલો કાળ અર્થપણે વૃત્તિ (પદાર્થપણે તેની વર્તના) થી જ જણાય છે. માટે કાળ નામનું સ્વતંત્ર એક અર્થ એટલે કે પદાર્થ છે. એમ કેટલાક આચાર્યો માને છે. તે હવે સમજાવાય છે. ॥૫-૨૧॥

❋ ❋ ❋

## सूत्रम् :- वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥५-२२॥

## સૂત્રાર્થ :- વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ આ સર્વે કાળ દ્રવ્યના ઉપકારો (વ્યવહારો) છે. ॥૫-૨૨॥

**संस्कृत टीका :-** यदा तु पृथक् कालद्रव्यं धर्मादिभ्यस्तदाऽप्यवश्यं सतोपकारिणा भवितव्यम् ॥ संश्च कालोऽभिमतः स किमुपकार इति तस्य खलु वक्ष्यमाणस्वतत्त्वमूर्तेः वर्तना परिणाम इत्यादिनाऽविनाभूतं लिङ्गमुपदर्श्यते ॥ यच्च प्राङ् नोपान्यासि सूत्रकारेण कालस्तदस्ति-

कायत्वप्रतिषेधाय ॥ आह च -

"तस्मान्मानुषलोकव्यापी कालोऽस्ति समय एक इह ।
एकत्वाच्च स कायो न भवति कायो हि समुदायः ॥"

स चैकः समयो द्रव्यपर्यायावबद्धवृत्तिरेव द्रव्यार्थरूपेण प्रतिपर्यायमुत्पादव्ययधर्माऽपि स्वरूपानन्त्यभूतक्रमाक्रमभाव्यनाद्यपर्यवसानोऽनन्तसङ्ख्यापरिणामः । अत एव पर्यायप्रवाहव्यापिन- मेकमात्मानमातनोति । अतीतानागतवर्तमानावस्थास्वपि कालः काल इत्यविशेषश्रुतेः सर्वदा ध्रौव्यांशावलम्बनात् । सामान्यः परमार्थत्वात् सन्नेव न कदाचिप्यसत्त्वं भजत इति । यद्यर्धतृतीयद्वीपसमुद्रद्वयाक्रान्तक्षेत्रपरिणामस्तिर्यग्मानेन पञ्चचत्वारिंशद्योजनलक्षप्रमाणः (उर्ध्वमधश्चाष्टा- दशशतयोजनप्रमाणः) कालो नाम द्रव्यमिति निरूप्यते, वर्तनादिलिङ्गसद्भावात् । ततः किमिति मनुष्यलोकादपि परतो नाभ्युपेयते, तल्लिङ्गोपपत्तेः । इह वर्तनालक्षणः कालः उच्यते । सा चास्ति तत्र वृत्तिः । तथा प्राणापाननिमेषोन्मेषायुःप्रमाणादि परत्वापरत्वादिलिङ्गं चेति ॥ अत्रोच्यते -

**ગુજરાતી ભાષાંતર :-** જ્યારે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોથી કાળ નામના દ્રવ્યને સ્વતંત્ર પૃથક્ દ્રવ્ય માનવામાં આવે છે. ત્યારે પૃથક્પણે સત્ એવું તે દ્રવ્ય કંઈને કંઈ ઉપકાર કરનારું હોવું જોઈએ. જેમ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સત્ હોવાથી ગતિસહાયકતા આદિ તે તે કાર્યો પાંચે દ્રવ્યો કરે છે તેની જેમ કાળ પણ જો સ્વતંત્ર સત્ એવું છઠ્ઠું દ્રવ્ય હોય તો તે દ્રવ્ય સત્ હોવાથી કોઈને કોઈ પ્રકારનો ઉપકાર કરનારું તે દ્રવ્ય બનવું જોઈએ.

કાળને સત્ એવું દ્રવ્ય માનીએ તો તેનો ઉપકાર શું હશે ? ધર્માસ્તિકાયાદિની જેમ તે કાળદ્રવ્યને પણ સ્વતંત્ર સત્ દ્રવ્ય છે. એમ માનીએ તો તે કોઈ વિશિષ્ટ ઉપકાર કરનાર બનવું જોઈએ. ત્યાં પ્રશ્ન થાય છે કે કાળદ્રવ્ય શું ઉપકાર કરે છે ?

તેનો જવાબ એવો છે કે હવે આવતા સૂત્રમાં વર્તના-પરિણામ-ક્રિયા વિગેરે જે જે ભાવો કહેવાય છે તે કાળદ્રવ્યના ઉપકારો છે. એમ સમજાવવામાં આવશે.

સૂત્રકાર મહાત્મા શ્રી ઉમાસ્વાતિજી ભગવંત વિગેરે કેટલાક આચાર્યો કાળને સ્વતંત્ર દ્રવ્ય માનતા નથી. તેટલે જ સૂત્ર ૫-૧ અને ૫-૨ માં કાળ નામનું દ્રવ્ય જણાવાયું નથી.

જે આચાર્યો કાળને દ્રવ્ય માને છે તેઓનું કહેવું એવું છે કે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો પ્રદેશોના પિંડાત્મક હોવાથી અસ્તિકાય સ્વરૂપ દ્રવ્યો છે અને કાળદ્રવ્ય અસ્તિકાય સ્વરૂપ નથી. કારણ કે જ્યારે જુઓ ત્યારે કાળ એક સમયાત્મક જ હોય છે. સમયોનો સમૂહ સાથે ભેગો થતો નથી. તેથી ધર્માસ્તિકાયાદિ પદાર્થોમાં અસ્તિકાય કહેવાય છે પરંતુ કાળમાં અસ્તિકાય કહેવાતું નથી. સૂત્રકાર ભગવંત વડે પૂર્વે પાંચ દ્રવ્યોની સાથે કાળ દ્રવ્ય કહ્યું ન

હતું તેનું કારણ એ છે કે તે સમયોના સમૂહાત્મક નથી. સમયમાત્ર સ્વરૂપ છે શાસ્ત્રમાં કહ્યું છે કે

"મનુષ્યલોકવ્યાપી સમયાત્મક કાળ નામનું દ્રવ્ય છે જ્યારે જુઓ ત્યારે સમય એક જ હોવાથી તે અસ્તિકાય સ્વરૂપ નથી. કારણ કે અંશોનો સમુદાય હોય તો જ અસ્તિકાય કહેવાય છે."

આ કાળ નામનું દ્રવ્ય વર્તમાન કાલીન એક સમયાત્મક જ છે. તેથી સમૂહાત્મક નથી. તે કારણે તેને काय કહેવાતું નથી. કારણ કે काय નો અર્થ થાય છે સમૂહ, તે ત્યાં નથી, માટે કાળ એ અસ્તિકાય નથી. काय શબ્દ चि ધાતુ ઉપરથી બને છે. એકઠું કરવું, સમૂહ હોવો, તેને चाय એટલે કાય કહેવાય છે. અને આ કાળ નામનું જે દ્રવ્ય છે તે વર્તમાન કાલીન એક સમયાત્મક જ દ્રવ્ય છે. સમયાત્મક કહો, કે સમયસ્વરૂપ કહો એવું કાળદ્રવ્ય છે.

દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્યાત્મક અને એકસમય માત્રના પર્યાયવાળું એવું આ દ્રવ્ય છે. એમ ઉભયાત્મક વૃત્તિવાળું આ દ્રવ્ય છે અને તે ધર્માસ્તિકાયાદિ પૂર્વે કહેલાં પાંચ દ્રવ્યોની જેમ સ્વતંત્ર એક છઠ્ઠું દ્રવ્ય છે. પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ ઉત્પાદ અને વિનાશ એવા પર્યાયવાળું આ દ્રવ્ય છે. પરંતુ પ્રદેશોના પિંડાત્મક નથી તેથી તેને અસ્તિકાય કહેવાતું નથી જેમ એક કલાકમાં ૬૦ મિનિટ થાય છે પરંતુ એક મિનિટ પસાર થાય પછી જ બીજી મિનિટ આવે છે. મિનિટોનો સમુહ ભેગો થતો નથી. બુદ્ધિથી કલ્પવો પડે છે.

સ્વરૂપથી અનંતાનંત સમયાત્મક આ કાળદ્રવ્ય છે. પરંતુ બધા જ સમયો ક્રમસર આવે છે અને ક્રમસર જાય છે. પિંડીભાવ થતો નથી. માટે જ અસ્તિકાય કહેવાતું નથી. તથા અક્રમભાવી અને આદિ-અંત વિનાનો અર્થાત્ સદાકાળ વર્તનારું સમયાત્મક એવું અનાદિ-અનંતાત્મક એવું કાળ નામનું આ દ્રવ્ય છે એમ કોઈ કોઈ આચાર્ય મહારાજાઓ માને છે. અનાદિ-અનંત અને અનંત સમયોની સંખ્યાવાળું આ કાળદ્રવ્ય છે એમ કોઈ કોઈ આચાર્ય મહર્ષિઓ માને છે.

આ કારણથી જ અનંતા એવા સમયાત્મક પર્યાયોના પ્રવાહમાં વર્તનારું અખંડ એવું આ કાળદ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે.

પ્રવાહપણે ભૂતકાળ-ભાવિકાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળોમાં "કાળ" નામનું આ એક જ દ્રવ્ય છે. ત્રણે કાળમાં "આ કાળદ્રવ્ય" છે એમ અવિશેષશ્રુતિ જ થાય છે. ક્યારેય બીજું નામ બોલાતું નથી. માટે સામાન્યપણે વર્તવું હોવું - રહેવું આ પણ એકદ્રવ્ય છે. અને તે કાળદ્રવ્ય છે. આમ સમજવાથી ત્રિકાળવર્તી ધ્રૌવત્વ નામના તત્ત્વના આલંબનવાળું

આ કાળદ્રવ્ય છે. આવો અર્થ થાય છે.

જે ત્રૈકાલિક અસ્તિત્વ ધરાવતું સામાન્ય હોય છે. તે સદાકાળ સત્ જ હોય છે. તે ક્યારેય અસત્પણાને પામતું નથી જ, સામાન્યથી આ કાળદ્રવ્ય સર્વ દિવસોમાં, સર્વ રાત્રિમાં, સર્વ મહિનામાં અને સર્વ વર્ષોમાં એકને એક જ છે. જરા પણ પરાવર્તન પામતું નથી. ક્યારેય અસત્ થતું નથી. સદાકાળ સત્ જ રહે છે. તેથી જ ધ્રૌવ્ય અંશ વાળું જ છે.

ત્રીજો દ્વીપ જેમાં અર્ધો છે એવા પ્રથમના બે દ્વીપ અને બે સમુદ્ર (જંબુદ્વીપ-લવણ સમુદ્ર, ધાતકી ખંડ, કાલોદધિ સમુદ્ર અને અર્ધપુષ્કરવર દ્વીપ) એમ અઢી દ્વીપ અને બે સમુદ્ર સ્વરૂપે (૪૫) પિસ્તાલીસ લાખ યોજનપ્રમાણ (અને ઉપર તથા નીચે ૯૦૦ + ૯૦૦ યોજન એટલે મેરૂપર્વતની તલાટીથી ઉપર-નીચે નવસો નવસો યોજન પ્રમાણ એમ કુલ અઢારસો યોજન પ્રમાણ ઉંચાઈ અને ઊંડાઈવાળા) ક્ષેત્રમાં વ્યાપ્ત "काल" નામનું આ એક અખંડ દ્રવ્ય છે. પ્રદેશોના પિંડ વિનાનું તેના જ કારણે અસ્તિકાય વિનાનું આ દ્રવ્ય સદાકાળ અને સર્વત્ર છે જ. તેને જાણવાના ઉપાય સ્વરૂપે વર્તના પરિણામ આદિ લિંગો છે. તે લિંગોથી આ કાળદ્રવ્ય જણાય છે.

**પ્રશ્ન :-** જો આ પ્રમાણે વર્તના પરિણામ ક્રિયા ઈત્યાદિ સ્વરૂપે કાળ નામનું દ્રવ્ય છે જ, તો તે અઢી દ્વીપ અને બે સમુદ્રમાં અર્થાત્ (૪૫) પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ મનુષ્યલોકમાં જ છે. આમ કેમ કહો છો ? અઢી દ્વીપની બહાર પણ આ કાળનામનું દ્રવ્ય કેમ સ્વીકારાતું નથી ? કાળ દ્રવ્યના અસ્તિત્વને જણાવનારાં તે લિંગો તો ત્યાં પણ જણાય જ છે. (૧) જેમ અહીં અઢી દ્વીપમાં વર્તના લક્ષણવાળો કાળ છે એમ કહેવાય છે. તેવી જ રીતે તે **વર્તના** ત્યાં પણ અઢી દ્વીપની બહાર પણ છે જ, (૨) **પ્રાણાપાન** = શ્વાસ લેવો, મુકવો (૩) **નિમેષોન્મેષ** = આંખનું ઉઘાડ અને બંધ થવું, એ સ્વરૂપ ક્રિયા, (૪) તથા ૩૩ સાગરોપમ પ્રમાણ આયુષ્યાદિનું માપ આ ચોથું લિંગ. (૫) તથા દૂર અને નજીક અર્થાત્ પરત્વ અને અપરત્વ પાંચમું લિંગ. એમ કાળદ્રવ્યને જણાવનારાં લિંગો ત્યાં પણ જણાય જ છે. આ લિંગો જેવાં અઢી દ્વીપમાં જણાય છે. તેવાં જ અઢી દ્વીપની બહાર પણ જણાય જ છે. તો પછી કાળ અઢી દ્વીપમાં જ છે અને બહાર નથી આમ કેમ કહેવાય છે ? આવો પ્રશ્ન જો કોઈ કરે તો હવે તેનો ઉત્તર કહેવાય છે.

**संस्कृत टीका :-** सत्यामपि भावानां वृत्तौ तस्यास्त्वविशेषेण काललिङ्गत्वं नेष्यते, सन्तो हि भावाः स्वयमेवोत्पद्यन्ते व्ययन्त्यवतिष्ठन्ते च, अस्तित्वं च भावानां वस्त्वन्तरापेक्षम्, न च तत्रत्याः प्राणादिवृत्तयः कालापेक्षास्तुल्यजातीयानां सर्वेषां युगपदभवनात् । कालापेक्षा हि अर्थास्तुल्यजातीयानामेकस्मिन् काले भवन्ति, न विजातीयानाम्, ताश्च प्राणादिवृत्तयस्तद्वतां नैकस्मिन्

काले भवन्त्युपरमन्ति चेति तस्मान्न कालापेक्षास्ताः । न च परत्वापरत्वे तत्र कालापेक्षे, स्थितिविशेषापेक्षे हि परत्वापरत्वे । षष्ठिवर्षाद् वर्षशतिकः परोऽपरः षष्ठिवर्ष इति षष्ठिवर्षाणां शतं वर्षाणामिति स्थितिरेषा । सा च सत्त्वापेक्षास्तित्वादेव। भावानामस्तित्वं चानपेक्षमित्युक्तम् ॥

नन्वेवमेव मनुष्यलोकेऽपि कालनिरपेक्षा वर्तनादयो भविष्यन्ति, किं कालकल्पनयेति चेत् ? उच्यते – यदि निर्वर्तककारणं परिणामकारणं वा कालोऽकलयिष्यताऽभविष्यदेतदेवम्, अपेक्षाकारणं हि सः । न ह्यसावधिष्ठाय स्वातन्त्र्येण कुलालवत् करोति । न च मृत्तिकावत् परिणामिकारणं । किन्तु सम्भवतां स्वयमेवार्थानामस्मिन् काले भवितव्यम्, नान्यदेति अपेक्षाकारणं, धर्मद्रव्यमिव गताविति न दोषः, सुखादिदृष्टान्ताश्च पूर्ववद् वाच्याः ॥

अत्र च केचिदाचक्षते – विरोधासम्भवाद् वर्तनादिपदत्रयसमासः, अपरे पुनरसमस्तान्येवाधीयते परत्वापरत्वयोः पुनः समास एव, अन्योन्यापेक्षत्वात्, वर्तनाग्रहणमादौ पूर्वापरनिरपेक्षप्रत्ययाभिधानहेतुत्वान्निदर्शनार्थत्वात् । तदनु परिणामग्रहणं क्रियाग्रहणं वर्तनादीनां तज्जातीयत्वात् । तदनु परत्वापरत्वे विशिष्टलिङ्गत्वात् । प्रशंसाक्षेत्रकृतव्युदासार्थम् । उपकारानुकर्षणार्थश्चशब्दः ॥

**ગુજરાતી ભાષાંતર :-** ઉપર કહેલા પ્રશ્નનો ઉત્તર હવે સમજાવાય છે. ઉપર કહેલા જે જે ભાવાત્મક (વિદ્યમાનાત્મક) પદાર્થો છે તે તે પદાર્થોમાં, તે તે પદાર્થોની વિદ્યમાનતામાં તથા તે તે પદાર્થોના અસ્તિત્વમાં કાલ એ કારણ નથી. કાલનું લિંગપણું તેમાં કારણ નથી. કારણ કે સત્ એવા તે તે સઘળા પણ ભાવો સ્વયં પોતાની મેળે જ (કાળની અપેક્ષા રાખ્યા વિના જ) ઉત્પન્ન થાય છે અને વ્યય પણ પામે છે. તથા સ્થિર પણ રહે જ છે.

સર્વે પણ ભાવોનું અસ્તિત્વ બીજા બીજા પદાર્થની અપેક્ષાવાળું છે. तत्रत्याः = ત્યાં રહેલા એટલે કે અઢી દ્વીપની બહાર રહેલા ભાવોમાં પ્રાણીની વૃત્તિઓ (આજીવિકા ચાલવી) વિગેરે વૃત્તિઓ કાલની અપેક્ષાએ નથી. કાળની અપેક્ષાથી રહિત છે. (૧) જેમ ભરતક્ષેત્રમાં ચોમાસામાં જ બધે વરસાદ આવે, શિયાળામાં જ બધે ઠંડી પડે, ઉનાળામાં જ સર્વત્ર ગરમી જણાય, વૈશાખ જેઠમાં જ સર્વત્ર કેરીઓ જણાય, તેવું ત્યાં નથી. તેથી કાળની અપેક્ષાએ ઠંડી-ગરમી-વરસાદ કે ફળોની પ્રાપ્તિ નથી. માટે ત્યાં કાળ નથી. તુલ્ય જાતિવાળી સર્વે વસ્તુઓ એક સાથે ત્યાં થતી નથી. જેમ અહીં ઠંડી-ગરમી-વરસાદ સર્વ ક્ષેત્રોમાં એકી સાથે પડે છે તેવું ત્યાં અઢી દ્વીપની બહાર થતું નથી. તે જીવોની વૃત્તિઓ (આજીવિકા), ઠંડી, ગરમી, વરસાદ વિગેરે ભાવો ત્યાં એકી સાથે સર્વત્ર થતા નથી અને એકી સાથે વિરામ પણ પામતા નથી.

જેમ આ ક્ષેત્રમાં પ્રભાત થતાં જ બધાંની નિદ્રા ચાલી જાય છે. ચરાચર જગત્ ધમધમતું થાય છે. રાત્રિ થતાં જ બધાંના બધા જ ધમપછાડા શાંત થઈ જાય છે. સર્વ લોકો

નિદ્રામાં ઘેરાઈ જાય છે. તેવું ત્યાં થતું નથી. માટે ત્યાં થતી બધી જ પ્રવૃત્તિઓ કાલથી નિરપેક્ષિત છે. અર્થાત્ કાળની અપેક્ષા વિનાની છે.

તથા ત્યાં પરત્વાપરત્વ પણ કાલાપેક્ષિત નથી. જેમ આપણે ત્યાં પજુસણ વહેલાં આવે અને દીપાવલી (દિવાળી) મોડી આવે તેવું ત્યાં નથી. तस्मान्न कालापेक्षास्ताः = તેથી તે સર્વે ભાવો ત્યાં કાલની અપેક્ષાવાળા નથી. परत्वापरत्व = નાના-મોટાપણું પણ કાલાપેક્ષિત ત્યાં નથી. स्थितिविशेषापेक्षे परत्वापरत्वे = જેની સ્થિતિ લાંબી તે પરત્વ અને જેની સ્થિતિ અલ્પ તે અપરત્વ આમ સ્થિતિની અપેક્ષાએ છે. પરંતુ કાળની અપેક્ષાએ નથી. કાળની અપેક્ષા વિના જ સર્વે ભાવો ત્યાં પ્રવર્તે છે.

૬૦ વર્ષ વાળાથી ૧૦૦ વર્ષવાળો પર, અને ૧૦૦ વર્ષવાળાથી ૬૦ વર્ષવાળો જે છે તે અપર, આ વિષયમાં ૬૦ વર્ષ કે ૧૦૦ વર્ષની સ્થિતિ જ સમજવી. અને જે આ સ્થિતિ છે (તે પદાર્થનું હોવાપણું છે) તે પદાર્થના સત્ત્વની અપેક્ષાવાળું છે અસ્તિત્વ સ્વરૂપ હોવાથી સત્પણું જ છે. તથા સર્વે પણ ભાવોનું જે અસ્તિત્વ છે તે સ્વતઃ જ છે. કોઈની અપેક્ષા રાખતું નથી. અર્થાત્ સર્વથા નિરપેક્ષ જ છે. જેમ નારકી નીચે, મનુષ્ય તિર્યંચનો લોક વચ્ચે, અને દેવોનો વસવાટ ઉપર છે આમ છે તો તે કોણે ગોઠવ્યું છે ? સ્વયં છે જ, કોઈની અપેક્ષાવાળું નથી.

આ જ વાત વધારે સ્પષ્ટતાથી સમજાવાય છે જે જે ભાવો કાલાપેક્ષિત હોય છે તે સર્વત્ર એક સાથે જ પ્રવર્તે છે જેમકે પ્રભાતનો કાળ થતાં સર્વે જીવો નિદ્રા ત્યજે છે, રાત્રિ શરૂ થતાં જ સર્વે જીવો નિદ્રા સ્વીકારે છે. ચાતુર્માસ આવતાં જ સર્વત્ર વરસાદ વરસે છે, શિયાળો-ઉનાળો આવતાં જ સર્વત્ર ઠંડી અને ગરમી પ્રસરે છે. માટે સંસારમાં બનતા આ સઘળાય ભાવો કાલાપેક્ષિત છે. વિજાતીય પદાર્થો જે હોય છે તે સાથે થતા નથી.

જેમકે પ્રાણાદિ વૃત્તિઓ (શ્વાસ લેવો, જન્મ લેવો, મૃત્યુ થવું) ઈત્યાદિ ભાવો જીવોના એક કાળે સાથે થતા નથી. કોઈ એક જીવના આયુષ્યનો વિરામ થયો એટલે સર્વેના આયુષ્યનો વિરામ થઈ જાય આવું બનતું નથી. એક જીવને ઘડપણ આવે એટલે બધાને પણ ઘડપણ આવે આવું બનતું નથી. આવા પ્રકારનાં ઘણાં કાર્યો કાલાપેક્ષિત નથી તે માટે કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય છે એમ માનવાની કંઈ જ જરૂર નથી.

તથા વળી પરત્વ અને અપરત્વ પણ કાલાપેક્ષિત નથી. સ્થિતિવિશેષને આશ્રયી હોય છે. સાએઠ વર્ષ વાળા જીવ કરતાં ૧૦૦ વર્ષના આયુષ્યવાળો જીવ પર છે કારણ કે તેની સ્થિતિ (વિદ્યમાનતા) વધારે છે તથા ૧૦૦ વર્ષવાળા કરતાં ૬૦ વર્ષ વાળો જીવ અપર છે કારણ કે તેની સ્થિતિ વિદ્યમાનતા ઓછી છે. આ પ્રમાણે આયુષ્યકર્મ એ સ્થિતિ વિશેષ

છે. કાળ નામનું કોઈ દ્રવ્ય નથી. તેથી તેની અપેક્ષા પણ હોતી નથી.

પદાર્થોની જે આ સ્થિતિ છે તે પદાર્થના હોવા સ્વરૂપ હોવાથી સત્ ધર્મની અપેક્ષાવાળી છે પણ કાળની અપેક્ષા વાળી નથી. સર્વે પણ પદાર્થોનું સત્પણું પોતાના સ્વરૂપ માત્રથી જ હોય છે. પરંતુ કાલથી હોતું નથી. તેથી કાળથી નિરપેક્ષિત છે. આ પ્રમાણે શાસ્ત્રોમાં પણ કહ્યું છે. માટે કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય નથી.

ननु एवमेव = જો અઢી દ્વીપની બહાર વર્તના પરિણામ વિગેરે વ્યવહારો કાળથી નિરપેક્ષપણે જ થાય છે અને તેમાં કાળ કારણ નથી. આમ તમે સમજાવો છો. તો તેની જેમ જ અઢી દ્વીપની અંદર પણ આ સઘળા ભાવો કાળથી નિરપેક્ષપણે થાય છે આમ માનવામાં શું દોષ આવે ? કાળદ્રવ્યની અઢી દ્વીપમાં પણ કલ્પના કરવાની શી જરૂર છે ? તેની જરૂરિયાત નથી. કાળને કારણ ન માનીએ તો પણ નિસર્ગ રીતે જ વર્તના પરિણામાદિના કારણે જ બહારની જેમ અઢી દ્વીપની અંદરના ભાવો પણ બને છે. તેમાં કાળ કારણ નથી આવું માનીએ તો શું દોષ લાગે ? અમને આમ માનવામાં કંઈ દોષ દેખાતો નથી.

**ઉત્તર :-** તમારો પ્રશ્ન ઉચિત નથી. અઢી દ્વિપની બહારની જેમ અહીં મનુષ્યલોકમાં પણ કાળનિરપેક્ષ વર્તનાદિ ભાવો થશે. કાળની કલ્પના કરવાની શી જરૂર છે ? આવો પ્રશ્ન કોઈ કરે તો તે પ્રશ્ન વ્યાજબી નથી. ઉચિત નથી તેનો ઉત્તર ટીકાકારશ્રી સમજાવે છે કે

જો કાળને નિર્વર્તક કારણ માનીએ અથવા પરિણામી કારણ માનીએ તો જરૂર દોષ આવે જ, જેમકે કુંભાર સ્વતંત્ર હોવાથી કર્તાપણે પોતાની ઈચ્છાને અનુસારે ઘટાદિ પદાર્થો બનાવે છે તે માટે તે કર્તાકારક થાય છે. તેથી તેને નિર્વર્તક કારણ કહેવાય છે એવી જ રીતે કાળ નામનું દ્રવ્ય પણ જો કુંભારની જેમ ઘડા બનાવવા માટે તૈયાર થઈને જ્યાં કાર્ય કરવાનું છે ત્યાં સીટ લગાવીને બરાબર સ્થિર થઈને ઘટાદિ બનાવવાના કામમાં જ લાગી ગયું હોય તો તો તેને પણ નિર્વર્તક કારણ અર્થાત્ કર્તાકારક જરૂર કહેત, પરંતુ કાળદ્રવ્ય કુંભારની જેમ સ્વતંત્રપણે કર્તાપણે કાર્ય કરતું જ નથી તેથી આ કર્તાકારક તો છે જ નહીં. આ રીતે નિર્વર્તક કારણ માનવાથી આપત્તિ આવતી નથી.

તથા માટી જે ઘટનું ઉપાદાન કારણ છે. કારણ કે માટી પોતે જ ઘટાત્મકપણે પરિણામ પામે છે. તેની જેમ કાળ એ પરિણામી કારણ પણ નથી. કારણ કે કાળ પોતે જ ઘટાત્મક કાર્યસ્વરૂપે પરિણામ પામતો જ નથી. એટલે કાળ એ પરિણામી કારણ પણ નથી. (અહીં પરિણામી કારણ એટલે જૈનોની દૃષ્ટિએ ઉપાદાન કારણ અને નૈયાયિકોની અપેક્ષાએ સમવાયિકારણ પણ કાળ બનતું નથી).

આ કાળ કુંભારની જેમ નિર્વર્તક કારણ પણ નથી તથા मृत्तिकावत् માટીની જેમ ઉપાદાનકારણ (અર્થાત્ સમવાયિકારણ) પણ નથી. પરંતુ अपेक्षाकारणं हि सः = તે કાળદ્રવ્ય માત્ર અપેક્ષા કારણ જ છે. અપેક્ષાકારણ માનો તો કોઈ દોષ આવતો નથી. જેમ પોતાની રીતે પ્રગટ થતાં કાર્યોમાં આ કાર્ય આ કાળે જ થાય અન્ય કાળે ન થાય એમ કાળની અપેક્ષા રાખીને જે કાર્યો થાય છે ત્યાં કાળ એ અપેક્ષાકારણ છે.

જેમ જીવ-પુદ્ગલો ગતિ કરે પોતાના ભાવે, તો પણ તેમાં ધર્માસ્તિકાયની અપેક્ષા રાખે તેથી જ અલોકમાં ગતિ કરતા નથી. તેની જેમ આ કાળ દ્રવ્ય પણ અપેક્ષાકારણ છે આમ માનીએ તો કોઈ દોષ આવતો નથી. ઉલટી વાત સારી રીતે સંગત થાય છે. વરસાદ પડવામાં ચોમાસાનો કાળ એ અપેક્ષાકારણ છે. ઠંડી-ગરમી પડવામાં શિયાળો અને ઉનાળો એ અપેક્ષાકારણ છે. નિદ્રા આવવામાં રાત્રિનો સમય એ અપેક્ષાકારણ છે. જાગ્રતિ લાવવામાં પ્રભાતનો કાળ એ અપેક્ષાકારણ છે.

એવી જ રીતે સુખદુ:ખાદિનાં ઉદાહરણો પણ સ્વયં સમજી લેવાં. જેમકે શીયાળાનો કાળ હોય તો તાપણું સુખકારી લાગે, અને ઉનાળાનો કાળ હોય તો પંખો સુખકારી લાગે, બંધબારણાવાળું મકાન હોય તો દુ:ખકારી લાગે ઈત્યાદિ ઉદાહરણો અપેક્ષાકારણનાં જાણવાં.

હવે મૂળ વાત ઉપર આપણે આવીએ. સૂત્રકારે ૫-૨૨ સૂત્રમાં वर्तना-परिणाम અને क्रिया આ ત્રણ શબ્દો જે કહ્યા છે તે ત્રણ પદો સમાસ કરીને કહ્યા છે કે સમાસ વિનાના સ્વતંત્રપણે કહ્યા છે ?

આ બાબતમાં केचिदाचक्षते = કેટલાક આચાર્ય મહર્ષિઓ કહે છે કે આ ત્રણે પદોનો સમાસ થયેલો છે એમ કહીએ તો કોઈ વિરોધ દેખાતો નથી. परत्वापरत्वे આ છેલ્લાં બે પદો સામાસિક છે. પરંતુ પ્રથમનાં ત્રણ પદોનો પણ સમાસ લઈએ તો કોઈ દોષ દેખાતો નથી. માટે સમાસ કરવા પૂર્વકનું વિધાન છે. विरोधासम्भवाद् वर्तनादिपदत्रयसमासः આમ કેટલાક આચાર્યો કહે છે -

अपरे पुनरसमस्तान्येवाधीयते = વળી બીજા કેટલાક આચાર્યો તો આ ત્રણે પદોને અસમસ્ત = સમાસ વિનાનાં જ છે આમ કથન કરે છે અને તેઓ કહે છે કે છેલ્લાં જે બે પદો છે તેનો જ સમાસ થયેલો છે. પ્રથમનાં ત્રણ પદોનો સમાસ થયેલો નથી. परत्वापरत्वे પદમાં પરસ્પર અપેક્ષા હોવાથી સમાસ થયો છે.

હવે વર્તના પરિણામ ક્રિયા પરત્વ અને અપરત્વ આ પાંચ પદોને આ ક્રમે કેમ ગોઠવ્યાં છે ? તેનું કારણ સમજાવે છે જેને જૈનશાસ્ત્રોમાં ઉપન્યાસક્રમ કહેવામાં આવે છે.

वर्तना શબ્દમાં આગળ-પાછળ કોઈ પણ પ્રકારના પ્રત્યયની અપેક્ષા વિના નિરપેક્ષપણે જ પ્રતિપાદન કરવાના કારણથી આ સ્વતંત્ર દ્વાર છે એમ જણાવવા સૌથી પ્રથમ અને વિભક્તિ વિનાનું પદ કહેલ છે.

तदनु परिणामग्रहणं = ત્યારબાદ પરિણામ શબ્દનું ગ્રહણ કરેલ છે અને ત્યારબાદ ક્રિયા પદનું ગ્રહણ કરેલ છે. કારણ કે પરિણામ અને ક્રિયા એ વર્તમાનની જ જાતિ છે. કારણ કે કેટલાક ભાવ પરિણામ સ્વરૂપ છે. અર્થાત્ રૂપાન્તર થવાવાળા છે. જેમકે દૂધનું દહીં, દહીંનું માખણ, અને માખણનું ઘી થાય છે તથા કેટલાક ભાવો ક્રિયાત્મક હોય છે. જેમકે ઘડીયાળા કાંટા, માણસની જીંદગી વિગેરે બન્ને પ્રકારના ભાવો એ વર્તનાની જ જાતિ છે. તે માટે વર્તના પછી પરિણામ અને ક્રિયા શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

ત્યારબાદ "परत्वापरत्वे" શબ્દ લેવામાં આવ્યો છે. કારણ કે પરત્વ અને અપરત્વ કાળકૃત અને ક્ષેત્રકૃત અને પ્રશંસાકૃત ત્રણ પ્રકારનું હોય છે. તેમાંથી અહીં કાળકૃત જ લેવાનું છે પણ ક્ષેત્રકૃત તથા પ્રશંસાકૃત લેવાનું નથી. આ પ્રમાણે પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત એવા બે પ્રકારના પરત્વ-અપરત્વને ત્યજીને માત્ર કાળકૃત જ પરત્વ અને અપરત્વ લેવાનું છે એમ જાણવું. તથા વળી આ સૂત્રમાં છેલ્લો જે च શબ્દ કહેલ છે તેનું કારણ એ છે કે સૂત્ર નં. ૫-૧૭ માં કહેલ उपकार શબ્દ જે છે તેની અનુવૃત્તિ માટે કહેલ છે.

**भाष्यम् :- तद्यथा-सर्वभावानां वर्तना, कालाश्रया वृत्तिः । वर्तना उत्पत्तिः, स्थितिरथ गतिः, प्रथमसमयाश्रयेत्यर्थः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- સર્વે પણ ભાવોની વૃત્તિ (એટલે કે વર્તના) કાળને આશ્રયી હોય છે વર્તના એટલે ઉત્પત્તિ અને સ્થિતિ એટલે કે પ્રથમ સમય સંબંધી ગતિ આવો અર્થ કરવો.**

**संस्कृत टीका :-** तद्यथा = सर्वभावानामित्यादि भाष्यम् ॥ तद्यथेत्यनेन वर्तनादीनां सकलभावव्यापितां दर्शयति । तत्र वर्तनैव तावद् भाव्यते-वर्तना कालाश्रया वृत्तिरिति । वर्तन्ते स्वयमेव पदार्थास्तेषां वर्तमानानां प्रयोजिका कालाश्रया वृत्तिः ।, वर्त्यन्ते यया सा वर्तना ॥ "ण्यासश्रन्थो युच्" (पा.अ.३, पा.३, सूत्र-१०७) । अथवा सैव कालाश्रया वृत्तिर्वर्तनशीलेति, "अनुदात्तेतश्च हलादेः" (पा.अ.३, पा.२, सूत्र-१४९) इति युस् ॥ वृत्तिर्वर्तनं तथाशीलतेति । सा च वर्तना प्रतिद्रव्यपर्यायमन्तर्णीतैकसमयस्वसत्तानुभूतिलक्षणा उत्पाद्यस्येतरस्य वा भावस्य प्रथमसमय-संव्यवहारोऽनुमान गम्यस्तण्डुलादिविकारवदग्न्युदकसंयोगनिमित्ता विक्रिया प्राथमिक्यतीतानागत-

विशेषविनिर्मुक्ता, वर्तते पाकः अस्य वा भावाऽनुसमयस्थितेर्वर्तना प्रतीता । सा चातिनिपुणपुरुषबुद्धि-गम्या । यथाऽऽह -

"बिसस्य बाला इव दह्यमाना, न लक्ष्यते विकृतिरिहाग्निपाते ।
तां वेदयन्ते मितसर्वभावाः, सूक्ष्मो हि कालोऽनुमितेन गम्यः ॥"

**ગુજરાતી ભાષાંતર :-** "तद्यथा सर्वभावानां" વિગેરે પાઠવાળું ભાષ્ય છે તે ભાષ્ય ઉપર વિવેચન સમજાવાય છે.

"तद्यथा" આવા પાઠ દ્વારા કાળના જે ભાવો છે તે સમજાવાય છે. કાળના જે આ પાંચ પ્રકારો કહ્યા તે (૧) વર્તના, (૨) પરિણામ, (૩) ક્રિયા (૪) પરત્વ અને (૫) અપરત્વ. આ પાંચે ભાવોની સકલવ્યાપિતા જણાવી છે. કાળના આ ભાવો સર્વત્ર વ્યાપક રીતે વર્તે છે. ત્યાં સૌથી પ્રથમ "વર્તના" ની સર્વવ્યાપિતા વિચારાય છે. ત્યાં વર્તના એટલે કાલને આશ્રયીને દ્રવ્યોની જે વૃત્તિ તેને જ વર્તના કહેવાય છે. ગુજરાતી ભાષામાં "જગતમાં પદાર્થોનું જે હોવું" અર્થાત્ જે "વિદ્યમાનતા" છે તેને જ વૃત્તિ અથવા વર્તના કહેવાય છે.

પદાર્થો પોતે અસ્તિ સ્વરૂપ હોવાથી જગતમાં સ્વયં વર્તે જ છે. સ્વયં પોતાની રીતે વર્તતા એવા તે પદાર્થોને કાળદ્રવ્ય પ્રેરણા કરનાર બને છે. તે કારણથી "જેના દ્વારા વર્તના (વિદ્યમાનતા) કરાય" છે. તેને વર્તના કહેવાય છે. ("ण्यासश्रन्थो युच्" પાણિની વ્યાકરણના અધ્યાય ત્રીજાના પાદ ત્રીજાના સૂત્ર નં. ૧૦૭ થી युच् પ્રત્યય લાગીને વર્તના શબ્દ બન્યો છે.) આ એક વ્યુત્પત્તિ અર્થ સમજાવ્યો. હવે બીજી વ્યુત્પત્તિ પણ થાય છે તે સમજાવાય છે -

અથવા તે જ કાળના આશ્રયવાળી જે વૃત્તિ છે તેને જ વર્તના કહેવાય છે. કારણ કે તે વર્તનશીલા છે. (વર્તવાના સ્વભાવવાળી છે). જ્યારે આવી "वर्तनशीला" વર્તવાના સ્વભાવવાળી વૃત્તિ લો. ત્યારે (પાણિનિ વ્યાકરણ અ.૩, પા.૨, સૂત્ર-૧૪૯ થી) युस् પ્રત્યય થાય છે. આવી વ્યુત્પત્તિ જ્યારે કરો ત્યારે જે વૃત્તિ છે તે જ વર્તના કહેવાય છે. વર્તના એટલે કે વર્તવાનો સ્વભાવવિશેષ તે વર્તના જાણવી.

તે વર્તના કેવી છે ? તે જણાવે છે કે પ્રત્યેક દ્રવ્યમાં અને પ્રત્યેક પર્યાયમાં રહેલી એક સમયના કાળ વાળી પોતપોતાના સ્વરૂપની જે સત્તા (વિદ્યમાનતા) છે તેનો અનુભવ કરવાના લક્ષણવાળી જે સત્તા તે વર્તના જાણવી.

ઉત્પન્ન કરવા લાયક એવો અથવા તેનાથી ઈતર (સત્તામાત્રમાં જ રહેલો) એવો ભાવાત્મક જે પદાર્થ છે તેમાં પ્રતિસમયે પરિવર્તન પામતું જે સ્વરૂપ છે તેમાં પ્રથમસમયસંબંધી

જે સમ્યગ્ વ્યવહાર થાય છે કે જે અનુમાનમાત્રથી જ જાણી શકાય છે. ચૂલા ઉપર ચડાવેલા કાચા તંદુલ (ચોખાના દાણા) ધારો કે અર્ધા કલાકે ભાત રૂપે વિકાર પામે છે તો તે ૩૦ મિનિટમાં સમયે સમયે જે રૂપાંતર થયું તે પાકાત્મક રૂપાંતર થવામાં અતીતકાળ અને અનાગતકાળના સમયોને ત્યજીને માત્ર વર્તમાન કાળના એક સમયમાં જે વિક્રિયા થઈ તે અનુમાનથી જણાય છે. પરંતુ એક સમયની જે આ વિક્રિયા થાય છે તે પ્રત્યક્ષ જ્ઞાનથી ગમ્ય થતી નથી તેને જ વર્તના અથવા વૃત્તિ કહેવાય છે.

અથવા પાક (પચનક્રિયા) વર્તે છે જ્યાં તે પાચનક્રિયા પ્રત્યેક સમયોમાં વર્તતી હોવાથી તેને વર્તના કહેવાય છે. સમયે સમયે કંઈક કંઈક પાકની વર્તના વર્તે છે. આ વાત અતિશય નિપુણ પુરુષોની જ બુદ્ધિથી ગમ્ય છે. સામાન્ય માસણથી ગમ્ય નથી. પરંતુ સમય સમયની અંદર કંઈક કંઈક (વિક્રિયા) પરાવૃત્તિ છે અવશ્ય જ, કારણ કે તો જ અર્ધા કલાકે ચોખામાંથી ભાત થાય છે. તેને વર્તના કહેવાય છે. જે કારણથી શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

"અગ્નિપાત થયે છતે ઘાસના તણખલાનો નાનો વાલાગ્ર (કમળના રેસા-તાંતણા) જેમ દાહ પામે છે પરંતુ તેના વિકાર રૂપે થયેલ (રખ્યા આદિ) અનુભવાતા નથી. આ તાર અતિશય (બારીક) હોવાથી તેમાં અગ્નિ એવી વ્યાપ્ત કરાય છે કે જેથી તે દેખાતી નથી પરંતુ જાણ્યા છે સર્વભાવો જેઓએ એવા કેવળજ્ઞાની ભગવંતો તે વિકૃતિને જોઈ શકે છે તે કારણથી આવા પ્રકારનો આ સૂક્ષ્મ કાળ અનુમાનથી જ જણાય છે. પ્રત્યક્ષથી ગમ્ય નથી.

**संस्कृत टीका :-** ननु च सवितुरुदयेन वर्तमानेनोपलक्षिता भावानां प्रतिविशिष्टा क्रियैव वर्तते इत्यावेद्यते कोऽन्यस्तद्व्यतिरिक्तः काल इति ? तथा ह्यः श्व इत्यतीतानागतोदयलक्षणा ब्रध्नमण्डलभ्रमणानुमेया वस्तुक्रियैवोच्यतेऽवृतद् वर्तिष्यत इति ॥ यथा चोक्तम्- नृलोके, तत्कृतो कालो विभागः (अ. ४, सूत्र-१४-१५) ?

अत्रोच्यते - प्रागुत्पतद्भिरेवास्माभिरिदमुक्तम् - "धर्मादिद्रव्यपरिणतिमात्रं कालस्तदन्यो वा ?, तत्र प्रथमपक्षे सिद्धसाध्यता, तदन्यपक्षेऽपि न दोषः, आदित्यगत्युपलक्षिता नैषा वस्तुक्रिया वर्तत इति, तद्गतावपि सद्भावाद्, वर्तते व्रज्या सवितुर्यथा आकाशप्रदेशनिमित्तेति चेत् ? तदप्यसमञ्जसम्, तां प्रत्यधिकरणभावात् स्थालीवत्, कथं पुनरिदमभिधातुं पार्यते-कालाश्रया वृत्तिरिति ? अवधृते हि काले तदाश्रया वृत्तिर्युज्येत ॥

**ગુજરાતી ભાષાંતર :-** કોઈક શિષ્ય તત્ત્વ જાણવા માટે પ્રશ્ન કરે છે કે "સૂર્યનો ઉદય થયે છતે તે સૂર્યોદય થવા દ્વારા પદાર્થોની હલન ચલનાદિ સ્વરૂપે થતી ક્રિયા જ વર્તે છે. અને તેવા પ્રકારની વર્તતી એવી હલન-ચલનાદિ ક્રિયા જ દેખાય છે. તે ક્રિયા વિના તેનાથી ભિન્ન એવો "કાળ" નામનો કોઈ પદાર્થ જણાતો નથી તો તે કાળ શું છે ? અર્થાત્ આવા

પ્રકારનો કાળ જેવો કોઈ પદાર્થ જ જણાતો નથી. વર્તમાનપણે કરાતી જે ક્રિયા તે ક્રિયા જ છે. તેનાથી ભિન્ન એવો કાળ નામનો કોઈ પદાર્થ જ નથી ! આવા પ્રકારનો કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે.

તથા ગઈકાલ, આવતીકાલ ઈત્યાદિ જે શબ્દો બોલાય છે તેનાથી તો સૂર્યનો ઉદય થવા દ્વારા લોકોની હલન-ચલનાદિ ક્રિયા જ જણાય છે. સૂર્યના માંડલાની ભ્રમણક્રિયા દ્વારા અનુમાન કરવા દ્વારા લોકો વડે કરાતી પ્રભાતની ક્રિયા જ દેખાય છે. તે ક્રિયાને જ અવસર થયો, આ કામ કરી લો તે કામ કરી લો એમ સર્વત્ર ક્રિયા જ જણાય છે. માટે ક્રિયા જ વર્તે છે. તેનાથી અન્ય એવો અર્થાત્ તે ક્રિયાથી અતિરિક્ત એવો કાળ શું છે ?

તથા વળી "ત્યારે, વર્ત્યો, વર્તશે ઈત્યાદિ સ્વરૂપે જે ક્રિયા છે તેને જ કાલ માની લો, તો ભલે પણ તે છે ક્રિયા, તત્ત્વાર્થાધિગમસૂત્રમાં જ ચોથા અધ્યાયમાં કહ્યું છે કે - **मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके तथा तत्कृतः कालविभागः** (અ.૪, સૂત્ર-૧૪+૧૫). આ બન્ને સૂત્રોથી સૂર્યની ગતિક્રિયા જ જણાય છે. તેનાથી અન્ય સ્વતંત્ર કાળ નામનું કોઈ દ્રવ્ય છે જ નહીં.

ટેબલ ઉપર હાથ પછાડતા એવા અમારા વડે જોરશોરથી પહેલાં પણ આ જ કહેવાયું છે કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જે પરિણતિ થાય છે તે જ શું કાળ છે ? કે તેનાથી અન્ય ભિન્ન એવો કાળ છે ? હવે જો પ્રથમપક્ષ કહો તો સિદ્ધસાધ્યતા થશે. અમારી કહેલી જે વાત હતી કે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો જ છે. વધારે અધિક દ્રવ્યો નથી. એટલે આમ માનવાથી અમે પાંચ દ્રવ્યો જે માન્યાં છે તે જ સિદ્ધ થવાથી સિદ્ધસાધ્યતા જ થઈ. કારણ કે આમ માનવાથી પાંચ જ દ્રવ્યો છે. કાલ નામનું છઠ્ઠું દ્રવ્ય રહેતું જ નથી એવો જ અર્થ થયો.

હવે જો બીજો પક્ષ કહો તો તેમાં પણ સૂક્ષ્મ વિચારણા કરતાં બીજો કોઈ દોષ દેખાતો નથી. કારણ કે સૂર્યની ગતિ ક્રિયા વડે ઓળખાતી આ ક્રિયા વાસ્તવિક કાળ જેવા કોઈ અન્ય દ્રવ્યસ્વરૂપ છે જ નહીં. કારણ કે સૂર્યાદિ જ્યોતિષ્ચક્રની જે ગતિ થાય છે તે તો ગમનક્રિયા સ્વરૂપ જ છે અને તેમાં આધાર સ્વરૂપે આકાશાસ્તિકાય કારણ છે તેમાં પણ કાળ નામનું કોઈ દ્રવ્ય કારણ જણાતું નથી આવો કદાચ કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર આ પ્રમાણે જાણવો.

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્ન અસમંજસ છે વિચાર કર્યા વિનાનો છે. સૂર્યની જે ગતિક્રિયા થાય છે તે ક્રિયાને જ ઉપચારે કાલદ્રવ્ય કહેવાય છે. આકાશાસ્તિકાય તો તેમાં આધાર સ્વરૂપે

નિમિત્તકારણ છે. જેમ એક થાળી છે. તેમાં મુકેલો કોઈ નાનો ગોળો થાળીના ઢાળના કારણે ગોળ ગોળ ફર્યા કરતો હોય એવું જોવા મળે છે. તેની જેમ આધારભૂત એવા આ આકાશમાં સૂર્યાદિ જ્યોતિષ્કનાં વિમાનો ગોળગોળ ફર્યા કરે છે. બાકી કાળ નામનું દ્રવ્ય તેમાં કારણ નથી જ. અને કાળ એ દ્રવ્ય પણ નથી જ.

હવે જો કાળ નામનું સ્વતંત્ર દ્રવ્ય જ ન હોય. તો તેને આશ્રયીને દ્રવ્યોની વૃત્તિ છે એમ કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય. જો કાળ નામનું સ્વતંત્ર દ્રવ્ય જણાતું હોત તો તો તે કાળને આશ્રયી આ વૃત્તિ છે એમ કહેવું ઉચિત ગણાય. પરંતુ તે કાળ દ્રવ્ય જ નથી તો તેને આશ્રયી વૃત્તિ છે આમ પણ કેમ કહેવાય ? અર્થાત્ આમ ન જ કહેવાય. માટે નક્કી થાય છે કે કાળ નામનું છઠ્ઠું સ્વતંત્ર કોઈ દ્રવ્ય જ નથી. માત્ર પાંચ દ્રવ્યો જ છે.

**संस्कृत टीका :-** ननु चात्मादयोऽप्यनवधृतस्वरूपा एव साक्षात् बुद्धिसुखदुःखादिभिः कार्यैरुभयनिश्चितैरधिगम्यन्ते । दृश्याश्चामी । न चान्यथोपपद्यन्ते, तद्वदेव वर्तना सकलवस्तुव्युपाश्रया । अतोऽस्ति कार्यानुमेयः कालः पदार्थपरिणतिहेतुः लोकप्रसिद्धाश्च कालद्रव्याभिधायिनः शब्दाः सन्ति, न वस्तुक्रियामात्राभिधायिनः । यथाऽऽह – "युगपदयुगपद् क्षिप्रं चिरं चिरेण परमिदमपरमिदमिति च । वर्त्स्यति, नैतद् वर्त्स्यति वर्तते तद् वृत्तमपि वर्तत इदमन्तर्वर्तत" इति । कालापेक्षमेव आप्ता यत् सर्वे ब्रुवन्ति । तस्मान्ननु सर्वेषां मतः कालः । ह्यः श्वोऽद्य सम्प्रति परुत् परारि नक्तं दिवैषमः प्रातः सायमिति काल वचनानि कथं युक्तान्यसति काले ? । तस्याश्च वृत्तेः कालापेक्षायाः कालस्वरूपाया वा भाष्यकारः शब्दानेकार्थान् कथयति –

वर्तनेत्यादि ॥ वर्तना–उक्तलक्षणा, उत्पत्तिरात्मलाभः, स्थितिरप्रच्युतिरिति किञ्चिद्भेदा वर्तनैवोच्यते । निर्विभागः कालः समयः, स च प्रथम इति वस्तूत्पत्त्या व्यवच्छिन्नस्तदाश्रया समयपरिणतिस्वभावेत्यर्थः ॥

**ગુજરાતી ભાષાંતર :-** આત્મા (આકાશ) વિગેરે કેટલાક પદાર્થો એવા છે કે જે પદાર્થોનું સ્વરૂપ સાક્ષાત્ ઈન્દ્રિયો દ્વારા અવધૃત (ગોચર) થતું નથી એટલે કે જાણી શકાતું નથી. આત્મા (આકાશ-ધર્મ-અધર્મ) વિગેરે કેટલાક પદાર્થો જરા પણ (અલ્પમાત્રાએ પણ) પ્રત્યક્ષ જણાતા નથી. પરંતુ તે દ્રવ્યમાં ઉત્પન્ન થતી બુદ્ધિ-સુખ અને દુ:ખ, કડવા-મીઠા અનુભવો સ્વરૂપ ઉપાયો દ્વારા (આવા પ્રકારનાં) કાર્યો પ્રગટ થતાં જોઈને વાદી અને પ્રતિવાદી એમ ઉભયને (અર્થાત્ બન્નેને) આત્મા વિગેરે દ્રવ્યો છે જ, એમ આવા ઉપાયો દ્વારા અનુમાન વડે સ્વીકારવાં જ પડે છે.

બુદ્ધિ, સુખ, દુ:ખ, કડવા-મીઠા અનુભવો, આ સઘળા જે ઉપાયો છે. તે ઉપાયો સર્વે દષ્ટિગોચર થાય છે. અર્થાત્ દશ્ય છે આવા પ્રકારના આ સર્વે ઉપાયો સાક્ષાત્ દેખાય

છે. તે ઉપાયો ઉપેય વિના હોઈ શકે નહીં. એમ માનીને ઉપેય એવા આત્મા આદિ દ્રવ્યને પણ આપણે સ્વીકારીએ છીએ.

तद्वदेव = તેની જેમ જ વર્તના નામનો પર્યાય જીવ અજીવ આદિ સર્વ વસ્તુઓમાં રહેલો છે. આ પ્રમાણે બુદ્ધિસુખ અને દુઃખાદિ કાર્યો વડે જેમ આત્માનું અનુમાન થાય છે તેમ વર્તના આદિ કાર્યો વડે કાળ નામના દ્રવ્યનું પણ અવશ્ય અનુમાન થાય જ છે. સર્વે પણ પદાર્થોના પરિણમનમાં કારણભૂત કાળદ્રવ્ય છે. કોઈ પણ એક નાનું બાળક, મોટું બાળક થાય, કુમારાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા અને છેવટે મૃત્યુ અવસ્થા પામે તેમાં કાળ એ અપેક્ષાકારણભૂત દ્રવ્ય છે.

તથા કાળ નામનું દ્રવ્ય જગતમાં છે. તો જ તેના પર્યાયવાચી શબ્દો પણ પ્રસિદ્ધ છે. જે પર્યાયવાચી શબ્દો છે તે કંઈ વસ્તુની ક્રિયા માત્રને કહેનારા શબ્દો નથી. જેમકે (૧) युगपद् - अयुगपद्, क्षिप्रं, चिरं, चिरेण, આ પર છે, આ અપર છે. वर्त्स्यति, एतद्न वर्त्स्यति, वर्तते, तद्वृत्तमपि वर्तते, इदमन्तर्वर्तते ઉપર કહેલા સર્વે પણ કાલવાચક શબ્દો આપ્ત પુરુષો યથાવસરે સર્વસ્થાનોમાં અને સર્વે કાળમાં બોલે જ છે. આ પ્રમાણે ઉપરોક્ત શબ્દપ્રયોગોથી પણ સમજાય છે કે કાળ નામનું એક સ્વતંત્ર દ્રવ્ય છે.

જો કાળ નામનું દ્રવ્ય असत् હોય અર્થાત્ ન હોય તો ह्यः (ગઈકાલ), श्वः (આવતીકાલ), अद्य (આજનો દિવસ), सम्प्रति (હાલ-ચાલુ કાળે), परुत् (પોર-ગઈસાલ), परारि (પરાર-બે વર્ષ પહેલાં), नक्तं (રાત્રિના સમયે), दिवा (દિવસે), ऐषमः (આવતી સાલ), प्रातः (પ્રભાતે), सायं (સાંજે) આવા પ્રકારના કાળવાચી શબ્દો કેમ બોલાત ? જો કાળદ્રવ્ય ન હોય તો આવા કાળવાચક શબ્દોનો પ્રયોગ આ સંસારમાં કેમ થાત ? પ્રયોગ થાય છે. માટે પણ કાળદ્રવ્ય છે આમ નક્કી થાય છે.

तस्याश्च = તે વર્તનાની જે વૃત્તિ છે તે કાળની અપેક્ષાવાળી છે. અથવા કાળના સ્વરૂપવાળી છે. એમ ભાષ્યકાર મહારાજા કાળના એકાર્થક શબ્દોને જણાવે છે. (૧) वर्तना (વર્તવું, હોવું, અસ્તિત્વ) ઈત્યાદિ ઉક્ત લક્ષણવાળી જાણવી. (૨) उत्पत्तिः = આત્મલાભ-પ્રગટ થવું, પ્રકાશિત થવું, (૩) स्थिति = (રહેવું, વિનાશ ન પામવું, પોતાના સ્વરૂપે વર્તવું), ઉપરોક્ત સર્વે પણ શબ્દો વર્તનાના જ પર્યાયવાચી છે. માત્ર તેમાં કંઈક કંઈક તફાવત હોવા છતાં પણ આખરે ઉપરોક્ત સર્વે શબ્દો વર્તનાના જ વાચક છે.

निर्विभागः कालः समयः = એટલો બધો નાનો-સૂક્ષ્મ કાળ લઈએ કે જેના આપણે તો નહીં પરંતુ સર્વજ્ઞ ભગવંત પણ બે ભાગ કરી ન શકે તેવો અવિભાજ્ય જે કાળ તે **સમય** કહેવાય છે. તે નાના ભાગને અવિભાજ્ય ભાગને કાળનો પ્રથમસમય કહેવાય છે કે જે

સમય વસ્તુની ઉત્પત્તિ સાથે સંકળાયેલો છે અને આદિસમય છે તે માત્ર એકસમયમાં તે વિવક્ષિત દ્રવ્યની વર્તના તેને સમય રૂપે પરિમિત સ્વભાવવાળી વૃત્તિ કહેવાય છે. અતિશય નાનો કાળ તે સમય આંખના એક પલકારામાં આવા અસંખ્ય સમયો પસાર થાય છે. એટલો નાનો જે કાળ તે સમય કહેવાય છે.

ત્યારપછી સમયોના સમૂહને મુહૂર્ત-દિવસ-રાત્રિ-માસ-વર્ષ વગેરે સ્વરૂપે વ્યવહાર કરાય છે. આ બધા કાળદ્રવ્યના જ ભેદો છે.

**भाष्यम् :- परिणामो द्विविधः । अनादिरादिमांश्च । तं परस्ताद् ( अ.५, सूत्र-४२ ) वक्ष्यामः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- પરિણામ બે પ્રકારનો છે (૧) અનાદિ અને (૨) આદિમાન્, તે બન્ને ભેદોને અમે આગળ ઉપર (અ.૫, સૂત્ર-૪૨ માં) સમજાવીશું.**

**संस्कृत टीका :-** परिणामो द्विविध इत्यादि । द्रव्यस्य स्वजात्यपरित्यागेन परिस्पन्देतर प्रयोगजपर्यायस्वभावः परिणामः । तद्यथा – अङ्कुरावस्थस्य वनस्पतेर्मूल-काण्ड-त्वक्-पत्र-स्कन्ध-शाखा-विटप-पुष्प-फल-सद्भावलक्षणः परिणामः । आसीदङ्कुरः, सम्प्रति स्कन्धवान्, ऐषमः पुष्पिष्यतीति ॥

पुरुषद्रव्यस्य वा बाल-कुमार-युव-मध्यमाद्यवस्था-परिणामसद्भावलक्षणः । स द्विविधः, अविद्यमानादिरनादि-रमूर्तेषु धर्मादिषु, मूर्तेषु पुनरादिमानभ्रेन्द्रधनुरादिषु स्तम्भकुम्भादिषु च । चशब्दो अवधारणार्थः । परिणामो द्विविध एव । तं चाध्यायपरिसमाप्तौ (सूत्र-४१) वक्ष्यामः = **तद्भावः परिणामः** इति । स च वस्तूनामृतुविभागवेलानियमकृतः । तत्रर्तवो हेमन्त १, शिशिर २, वसन्त ३, ग्रीष्म ४, वर्षा ५, शरत्संज्ञाः ६, कालस्यैकस्य शक्तिभेदाः प्रतिविशिष्टकार्य-प्रसवानुमेयाः । तद्यथा –

**ગુજરાતી ભાષાંતર :-** વર્તનાનું સ્વરૂપ સમજાવીને હવે **પરિણામ** કોને કહેવાય ? તે સમજાવે છે. પરિણામ બે પ્રકારે હોય છે. (૧) નથી વિદ્યમાન આદિ જેની એવો અર્થાત્ અનાદિ અને બીજો (૨) આદિમાન્ એમ બે પ્રકારનો પરિણામ હોય છે. તે પરિણામને આગળ ઉપર સૂત્ર ૪૨માં સમજાવવામાં આવશે.

પરિમામ બે પ્રકારનો હોય છે. (૧) અનાદિ અને (૨) સાદિ અર્થાત્ આદિમાન્, પરિણામ એટલે શું ? તેનો અર્થ જણાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે દ્રવ્યનું મૂળભૂત જે સ્વજાતીય સ્વરૂપ હોય તેનો ત્યાગ કર્યા વિના પરિસ્પંદન થવા રૂપે અથવા તેનાથી ઈતર એવા વિજાતીય પ્રયોગજન્ય નવા પર્યાયને પામવાનો જે સ્વભાવ તેને પરિણામ કહેવાય છે.

જેમકે અંકુરા વાળી અવસ્થામાં રહેલી વનસ્પતિમાં વનસ્પતિપણું કાયમ અખંડ રાખીને અંકુરામાંથી મૂળ સ્વરૂપે, થડ સ્વરૂપે, ત્વચા સ્વરૂપે, પત્ર સ્વરૂપે, સ્કન્ધ સ્વરૂપે તથા શાખા સ્વરૂપે, પ્રતિશાખા સ્વરૂપે તેમાંથી પુષ્પ સ્વરૂપે અને ફળ સ્વરૂપે પરિવર્તન પામવાપણું, રૂપાંતર થવા પણું તે પ્રમાણે નવી નવી અવસ્થાઓને પ્રાપ્ત કરવા પણું તેને પરિણામ કહેવાય છે. રૂપાન્તર અથવા અવસ્થાન્તર તેને પરિણામ કહેવાય છે.

પૂર્વકાળમાં જે અંકુરો હતો તે જ વર્તમાન કાળે થડ રૂપે બન્યો છે અને ભવિષ્યકાળમાં તે જ થડ પુષ્પાદિવાળા પણે બનશે એવી જ રીતે કોઈ પણ એક પુરુષ બાલ્યાવસ્થામાં, કુમારાવસ્થામાં, મધ્યમાવસ્થામાં (યુવાવસ્થામાં) તથા અંતિમ જરાદિ અવસ્થામાં (એટલે કે વૃદ્ધાવસ્થામાં નવા નવા પર્યાય સ્વરૂપે પરિણામ પામે છે. તે પરિણામ પર્યાય અર્થાત્ પરિણમન પર્યાય કહેવાય છે. તે અનાદિકાળથી ચાલુ છે.

આ પરિણામ બે પ્રકારનો છે (૧) જેની આદિ વિદ્યમાન નથી એવો જે પરિણામ તે અનાદિ પારિણામિક ભાવ કહેવાય છે. અમૂર્ત એવાં અર્થાત્ અરૂપી એવાં ધર્માસ્તિકાયાદિ (ધર્મ-અધર્મ-આકાશ અને જીવદ્રવ્યમાં જે સમયે સમયે પરિણમન થાય છે તે અનાદિકાળથી ચાલુ જ છે. એટલે સમયે સમયે આવા પ્રકારનું પરિણમન ચાલ્યા જ કરે છે.

પરંતુ મૂળભૂત દ્રવ્યોમાં ઉપરોક્ત ચાર દ્રવ્યો વિના પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં કેટલાંક પરિણમન **આદિવાળાં** પણ છે જેમકે ઈન્દ્રધનુષ્ય થાય, વાદળાં થાય. વિજળી થાય તથા સ્તંભ અને કુંભાદિ રૂપે જે જે પરિણમનો થાય છે. તથા કલર કરાવતાં રૂપાંતર થવા રૂપે જે પરિવર્તનો થાય છે તે સર્વે આદિવાળાં પરિણમનો છે.

**च** શબ્દ જે લખ્યો છે તે આ પરિણમન બે જ પ્રકારનાં છે. તેનાથી અધિક સંખ્યાવાળાં નથી. આ વાત સમજાવવા માટે જ લખ્યો છે. આ પરિણમનો બે જ પ્રકારનાં છે. તે વાત આ અધ્યાય સમાપ્ત થવા આવે ત્યારે ૫-૪૧ માં તથા ૫-૪૨ માં સમજાવવામાં આવશે.

"तद्भावः परिणामः" = ઋતુઓના વિભાગના કારણે તથા વેળાના નિયમને અનુસારે (અવસર-કાળના નિયમને અનુસારે) જે જે કાર્ય થવાની વેળા (અવસર) આવે છે. ત્યારે તે તે કાર્ય થાય છે એમ આ વેળાનિયમ વડે કરાયેલા પણ આ પરિણામ છે એમ જાણવું.

ત્યાં ઋતુઓ છ હોય છે (૧) હેમંત, (૨) શિશિર, (૩) વસંત, (૪) ગ્રીષ્મ, (૫) વર્ષા, (૬) શરદ. જો કે કાળ નામનું દ્રવ્ય એક જ છે. પરંતુ તે તે અવસરે (તે તે મહિનાઓમાં) તે તે કાર્ય કરવાની શક્તિ સ્વરૂપે **અનુમેય** સ્વરૂપવાળી આ છ ઋતુઓ છે.

અર્થાત્ આ છ પ્રકારનાં શક્તિ ભેદો છે. જેમ કોઈ એક જ પુરુષ બાલ્યાવસ્થાના કાળે રમત-ગમત અને હાસ્યાદિ તથા વિનોદાદિના ઘણા ભાવો ભજવી શકે છે. પરંતુ તે જ્યારે કુમારાવસ્થામાં તથા યુવાવસ્થામાં આવે છે ત્યારે તે ભાવો ઘણા ભજવતો નથી. પરંતુ પહેલાં ન હતા તેવા વિકારી ભાવો ઘણા ભજવે છે તથા વળી તે જ પુરુષ જ્યારે વૃદ્ધાવસ્થામાં આવે છે ત્યારે માનના ઘણા ભાવો ભજવે છે તેવી જ રીતે ઋતુઓ પણ પોતપોતાના કાળે ભિન્ન ભિન્ન ભાવોનું પરિવર્તન વાળી થાય છે. શિયાળામાં ઠંડી વધારે પડે, ઉનાળામાં ગરમી વધારે પડે, અને ચોમાસામાં વરસાદ ઘણો પડે. તેમ આ ઋતુઓ પણ પોત-પોતાના અવસરે તેવા તેવા ભાવો ભજવે છે.

**संस्कृत टीका :-** हेमन्ते - हिमानीनिपातप्रम्लानानि वृन्ताककार्पासीवनानि । पथिकाः सङ्कोचितपाणयः क्वणद्दन्तवीणिकाः कम्पमानगात्रयष्टयः प्रत्यग्निशलभा इवापतन्तो लक्ष्यन्ते । वायवश्च तुषारलेशसङ्गतोऽतिशयशिशिराः शरीराण्यायासयन्तः प्राणभाजामावान्ति ॥ प्रियतमा परिष्वङ्गदुर्ललितेषु युवसु प्रसरमलभमानाः कुङ्कुमारुणाः प्रियतामुपनमन्त्यंशवः सहस्ररश्मेर्जीव-लोकस्य ॥ अनवरतशीतपातजनितव्यथाः काष्टशकलानि डिम्भाः समाहृत्यैकतो हुतभुजमादीप्य तापमासेवन्ते प्रसारितपाणयः सहःसहस्यसंज्ञयोर्मासयोः ॥

तथा शिशिरे - अतिदुर्भगशशाङ्ककिरणे परिपाकसुरभिफलसम्पद्विनम्यमानशाखाभराः फलार्थाभिः शिशुकदम्बकैरनुगततला बदरीतरवः, तुहिनशिलाशकलविशदकुन्द मालतीकुसुमवासवाहिनो मारुताः । प्रियङ्गुरोध्रप्रसवसनाथानि दिङ्मुखानि, प्रलीनाः पङ्कजाकराः सायामा यामिन्यः कश्मीरजा गुरुगन्धाढ्यगर्भगेहशायिनः सुखिनस्तपस्तपस्यनाम्नोर्मासयोः ॥

**ગુજરાતી ભાષાંતર :-** ઉપરના બન્ને સંસ્કૃત ફરાઓમાં હેમંત અને શિશિર આ બન્ને ઋતુઓનું વર્ણન છે. हिमानी = ઘણો જ ઘણો હિમ પડવાથી કરમાઈ ગયાં છે વૃન્તાકનાં અને કપાસનાં વનો જ્યાં એવી આ **હેમંત** ઋતુ છે. તથા એક ગામથી બીજે ગામ જવા વાળા મુસાફર લોકો કે જેઓએ હાથ અને પગ અતિશય ટુંકાવ્યા છે, સંકોચિત કરીને બેઠેલા છે. તથા જેઓના દાંતમાંથી ઠંડીના ચમકારાની ચિચિયારીઓ થતી દૂર દૂર સુધી સંભળાય છે તથા કંપાયમાન છે શરીરના અવયવો જેના એવા મનુષ્યો અગ્નિની આગળ-પાછળ ઉડાઉડ કરતા પતંગીયાની જેમ ચારે તરફથી અગ્નિની સન્મુખ દોડતા હોય (અથવા ઉભા હોય અથવા ત્યાં બેઠા હોય) એવા દેખાય છે.

તથા વળી વાયુઓ તો જાણે હિમના કણીઆથી જ ભરપુર ભરેલા હોય તેવા અતિશય શીતળતા વાળા વાય છે. સર્વ જીવોના શરીરને ધ્રુજાવતા ચારે બાજુ ઠંડા ઠંડા પવનો *વાય છે તથા સર્વે યુવાન પુરુષો પોતપોતાની પ્રિયતમાના આલિંગનમાં કઢંગી રીતે આસક્ત*

બનતે છતે ઘરોના બધાં જ બારી-બારણા બંધ હોવાથી ક્યાંય પણ પ્રવેશને ન પામતાં એવાં સૂર્યનાં કુમકુમ જેવાં લાલલાલ કિરણો જીવલોકની પ્રીતિમત્તાનો ત્યાગ કરે છે (સૂર્યનાં કિરણો હાજર છે તો પણ ઠંડીનો નાશ ન કરતાં હોવાથી સૂર્ય પ્રત્યેની લોકોની જે પ્રિયતા (પ્રેમ) પૂર્વે હતો તેનો ત્યાગ થાય છે. લોકોની સૂર્ય તરફ તેવી પ્રીતિ રહી નથી. કારણ કે તે ઠંડીને દૂર કરતો નથી.

તથા સતતપણે પડતી અતિશય ઘણી ઠંડીની અસરથી ઉત્પન્ન થઈ છે પીડા જેને એવાં બાળકો નાના નાના લાકડાંના ટુકડાઓનો ઢગલો કરીને એક બાજુથી આગ લગાડીને લાંબા લાંબા કરેલા હાથ દ્વારા અગ્નિનો તાપ ગ્રહણ કરે છે અગ્નિનો શેક લે છે તેના દ્વારા ઠંડીને ઉડાડે છે. આ પ્રમાણે सहः (માગસર) અને सहस्य (પોષ) નામના બન્ને માસમાં હેમંત ઋતુ હોવાથી આવું વાતાવરણ છે.

તથા વળી **શિશિર** ઋતુમાં ચંદ્રનાં કિરણો ઘણાં જ ઓછાં હોય છે. તેવાં દૌર્ભાગ્યતા વાળાં કિરણો હોતે છતે બોર વિગેરે ફળો ખાવાની લોલુપતા વાળા બાળકોના સમૂહ વડે વૃક્ષો ઉપર ઉગેલી મોટી મોટી શાખાઓ ફળોના ભારના કારણે ભૂમિ સુધી લટકતી શાખા વાળાં વૃક્ષો જ્યાં થયાં છે અને ત્યાં જ આ બાળકો વડે તે શાખાઓ ઉપરનાં બોર લુંટી લેવાઈ રહ્યાં છે તથા બરફની શીલાઓના કણીઆઓ જેવા નિર્મળ, તથા મચકુંદ (મોગરા)નાંફૂલો અને માલતીનાં પુષ્પોની સુવાસને વહન કરનારા એવા વાયુઓ (પવનો) જ્યાં વાય છે (જ્યાં આવા વાયુઓ પ્રવર્તે છે).

તથા પ્રિયંગુ (રાયણ) અને રોધ્ર (એક જાતની સુગંધીદાર વનસ્પતિ) ની ઉત્પત્તિથી સહિત છે તથા શોભાવાળાં છે દિશાઓનાં મુખો જ્યાં સૂર્યવિકાસી કમળોના સમૂહો કરમાઈ ગયા છે તથા લાંબી લાંબી છે રાત્રિઓ જ્યાં તથા કેસર અને અગુરુધૂપ વિગેરેની અતિશય સુગંધથી ભરપૂર ભરેલાં ગર્ભગૃહ (ભોંયરાઓ)માં સૂતેલા અને અતિશય સુખી લોકો છે. જ્યાં તેવી આ શિશિરઋતુ છે કે જે तपस् (મહા) અને तपस्य (ફાગણ) નામવાળા બન્ને માસની આ શિશિર ઋતુ પ્રવર્તે છે.

तथा **वसन्ते** - समन्ततः किञ्चिद्विभाव्यमानकुसुमाः कुन्दयष्टयः केसरतिलककुरबक शिरीषकोल्लप्रसूनजृम्भमाणपरागभाजः समीरणाः तरुणजनहृदयहारिणः, सहकारमञ्जरीरजः-पुञ्जपिञ्जरितविग्रहाः कुसुमासवपानवशगताः सहचरीपक्षपातैराच्छुरन्तः कलगिरो बद्धमण्डलाः कातरजनान् रागपरिवृतः कुसुमधनुषो गोचरीकुर्वन्तः परिपतन्ति वनानि मधूपाः, परभृतकुलकलनिनादकोलाहलप्रतिबध्यमानगमनाः पदे पदे प्रस्खलन्तः पलाशवनानि कुसुमभरभाञ्जि ज्वलदनलकूटानीव पुरः प्रेक्ष्यमाणा मलयवायुवेगावधूतचम्पकरजःपटलैरवकीर्यमाणलोचनपुटाः प्रत्यावर्तन्त एव पथिकसार्थाः

परिणतबिम्बफलच्छविभिरशोकपुष्पप्रकरैरुपशोभिताश्च सर्वतो दिशां भागा मासयोर्मधुम-धवाभिधानयोः ॥

तथा निदाघसमये-दहनमिव किरणनिकरैः किरन् किरणमाली भुवस्तलमास्तीर्णाङ्गारप्रकरमिव करोति । चीरीविरावद्राघीयांसो दिवसाः कथञ्चिदपवाह्यन्ते पथिकजनैः ॥ आवाहोपकण्ठ-प्ररूढद्रुमच्छयाधिश्रयितश्रान्तकार्पटिक धोरणध्वानपरिपूरिता दिगाभोगाः । चन्दनपङ्काङ्गरागपरिपाण्डुराः किङ्करकरोत्क्षिप्ततालवृन्तश्वसनशीतलितशरीराः शिशिरेषूपवनेषु सरित्सरसीतीरेषु च विविधधारागृहान्तर्गता भोगिनो निरस्तधर्मप्रसरमभिरमन्ते, करिदशनशकलधवलमल्लिकाकोरकबहलपरिमलहारिणः परिमलितपाटलप्रसवाः सायं प्रातश्च पवना विलासिनां मदनमादीपयन्तः सुरभयो विचरन्ति ॥

अरण्यान्यः कठोरकठिनकन्धरवराहदंष्ट्राकोटिविलेखोत्खात मुस्तादलसुगन्धयः करिमहिषयूथावगाढपल्वलाः कलभचित्कारपूरितदशदिशो मृगतृष्णाभिरारचित सरस्तरङ्गमालाभिरिव विप्रलब्धमुग्धहरिणव्रजाः शुचिशुक्राभिख्ययोर्मासयोः ॥

**ગુજરાતી ભાષાંતર :-** ત્રીજી વસંત ઋતુમાં ચારે બાજુ કંઈક કંઈક વિકાસ પામતાં છે પુષ્પો જેનાં એવી મોગરાની શાખાઓ છે જ્યાં એવી આ વસંતઋતુ છે તથા કેસર, તિલક, કુરુંબક, શિરીષ અને અંકોલ્લાના વિકાસ પામતાં (ખૂબ જ ખીલતાં) પુષ્પોની પરાગનું (પુષ્પોની સુગંધનું) અપહરણ કરનારા વાયુઓ (પવનો) જ્યાં વાય છે ત્યાં, આ પવનો કેવા છે ? તો ફરીથી જણાવે છે કે યુવાન સ્ત્રી-પુરુષોના હૃદયને આકર્ષણ કરનારા પવનો છે તથા આંબાની મંજરીઓના રજકણોના સમૂહથી રંગબેરંગી બન્યું છે શરીર જેનું એવા, તથા કુસુમ નામનાં પુષ્પોમાં રહેલા દારૂનું પાન કરવાથી તેને પરવશ થયેલા એવા ભમરાઓ સાથે રહેનારી ભમરીઓની પાંખોનો પરસ્પર સંઘર્ષ થવાથી ખડખડ હસતા એવા તથા મનોહર અવાજ વાળા એવા તથા ચારે બાજુ ગોળગોળ ઉડતા અને ફરતા એવા તથા રાગદશાને પરવશ એવા કાયર મનુષ્યોને કામવાસનાથી અતિશય વાસિત કરતા એવા ભમરાઓ આ વનોમાં ચારે તરફ ઉડાઉડ કરતા હોય છે એવી આ વસંતઋતુ છે.

તથા કોયલોના સમૂહના મનોહર અવાજ અને તેના કોલાહલથી અટકી ગઈ છે ગતિ જેની એવા તથા ડગલે અને પગલે ગતિમાં વારંવાર સ્ખલના પામતા મુસાફર લોકો છે જ્યાં તેવા, તથા કુસુમ (રાત્રે જ વધારે વિકાસ પામનારાં કમલો)ને જ વધારે સેવનારા તથા સળગતા અગ્નિના લાલ લાલ કણીયા જ હોય એવા દેખાતાં પલાશનાં વનોને આગળ આગળ દેખતા એવા મુસાફર લોકો તથા મલયાચલ પર્વતના વાયુના વેગથી હચમચેલા ચંપકના રજકણોના સમૂહ વડે આમતેમ ફરતાં છે લોચન જેઓનાં એવા મુસાફર લોકો ભયભીત થયા છતા પાછા ફરે છે જ્યાં એવી આ વસંતઋતુ ચારે તરફ ખીલી ઉઠી છે.

તથા પાકેલી બિંબ નામની જે વનસ્પતિ છે તેની કાન્તિ વડે તથા અશોકવૃક્ષનાં પુષ્પોના સમૂહ વડે ચારે તરફની દિશાઓના ભાગો જ્યાં સુશોભિત થયા છતા રમણીય લાગે છે તેવી મધુ (ચૈત્ર માસ) અને માધવ (વૈશાખ માસ) નામના બે માસની આ વસંત ઋતુ હોય છે.

તથા વળી ચોથી "ગ્રીષ્મ ઋતુમાં" જ્યારે ઉનાળાનો સમય હોય ત્યારે અર્થાત્ નિદાઘકાળે આકાશમાં રહેલો સૂર્ય પોતાનાં ઉગ્ર કિરણો દ્વારા અગ્નિની જેમ અતિશય ગરમીને ફેલાવતો છતો જાણે ચારે તરફ પાથર્યો છે અંગારાનો સમૂહ જ્યાં એવાં ત્રણે ભુવનને અંગારાવાળાં અર્થાત્ દાહક બનાવે છે. ભૂમિ ઉપર પગ મુકો તો પણ દાઝો એવી ગરમ ભૂમિ કરે છે. તથા તમરા નામના ક્ષુદ્ર જીવોના અવાજથી ભરપૂર ભરેલા અને લાંબા લાંબા છે દિવસો જેમાં એવી આ ગ્રીષ્મ ઋતુના દિવસો મુસાફર લોકો વડે કેમે કરી પસાર કરાય છે.

વનોના કિનારા સુધી ઉગેલાં જે વૃક્ષો છે તે વૃક્ષોની છાયાનો કર્યો છે આશ્રય જેઓએ એવા અને તાપથી અને ચાલવાથી થાકેલા એવા તથા યાત્રામાં ફરનારા હાથી-ઘોડા વિગેરેનો હાંક વાળો જે અવાજ થાય છે, તેનાથી પુરી દીધી છે દશે દિશાઓ જ્યાં એવી આ ગ્રીષ્મ ઋતુ છે.

(ઠંડક માટે) શરીર ઉપર કરાયેલા ચંદનના વિલેપનથી અંગ (શરીર) ઉપરના રંગથી અતિશય પીળા થયેલા શરીરવાળા મુસાફર લોકો છે જ્યાં એવી આ ગ્રીષ્મઋતુ છે. તથા સેવક લોકોના હાથથી ઉંચા ઉંચા કરાયેલા અને ચારે તરફ વીંજાતા પંખાઓથી પવન કરતાં પણ વધારે શીતલીભૂત થયેલું છે શરીર જેનું એવા મુસાફર લોકો છે જ્યાં તેવી આ ગ્રીષ્મઋતુ છે.

તથા અતિશય શીતળતાવાળા બગીચાઓમાં, તથા નદીઓના અને સરોવરના કાંઠા ઉપર અનેક પ્રકારના કરાયેલા પાણીના ફુવારાવાળાં સ્નાનગૃહોમાં સ્નાન કરતા એવા ભોગી જીવો પરસેવાના પ્રવાહને દૂર કરવા દ્વારા જલક્રીડા કરીને ઘણો ઘણો આનંદ માણે છે. આવા પ્રકારના સ્નાનગૃહોમાં ભોગી જીવો જલક્રીડા કરે છે અને આનંદ અનુભવે છે.

તથા હાથીના દંતુશલના ટુકડા જેવાં ધોળાં મોગરા વિગેરેનાં ફુલોની જે પુષ્કળ સુગંધ છે તે સુગંધને હરી લેનારા એવા તીવ્ર સુગંધવાળાં ગુલાબ વિગેરે વિશિષ્ટ કોટિનાં ફુલોની રચના (ગોઠવણી) છે જ્યાં એવા વાતાવરણમાં વર્તતો સુગંધી પવન સવારે અને સાંજે વિલાસી જીવોની કામવાસનાને વધારે વધારે ઉત્તેજિત કરતો છતો વાય છે તેવી આ ગ્રીષ્મઋતુ છે.

તથા કઠોર અને કઠીન (ઘણી જ મજબૂત) એવી ડોકવાળા વરાહ નામના પશુઓની દાઢાઓની અણીઓથી ખોદવા દ્વારા મૂળમાંથી જ ઉખેડી નંખાયેલી "મુસ્તાદ" નામની વનસ્પતિના પાનની સુગંધ જ્યાં વ્યાપેલી છે તથા હાથી અને પાડાઓના ટોળાઓ વડે ખીચોખીચ ભરાયેલા છે જલાશયો જ્યાં એવી આ ગ્રીષ્મઋતુ છે તથા હાથીઓના નાના નાના બચ્ચાઓ વડે કરાયેલી ચિચિયારીઓ દ્વારા ભરપૂર ભરાઈ દેવાઈ છે દશે દિશાઓ જ્યાં એવી આ ગ્રીષ્મ ઋતુ આવેલી છે.

તથા ઝાંઝવાના જળો વડે દેખાતાં કૃત્રિમ સરોવરોના તરંગોની પંક્તિઓ જ જાણે હોય શું ? એવાં મૃગતૃષ્ણાના જળને સાચું જળ માનીને ઠગાયેલાં ભોળાં હરણીયાંનો સમૂહ છે જ્યાં એવી આ ગ્રીષ્મ ઋતુ છે જ્યાં મોટાં મોટાં જંગલો છે તેવી આ ગ્રીષ્મઋતુ શુક્ર (જેઠ) અને શુચિ (અષાઢ) નામના બે માસની આ ગ્રીષ્મ ઋતુ છે.

तथा वर्षासु सौदामिनीवलयविद्योतितोदराभिनवजलधरपटलस्थगितमम्बरमारचितपाकशासन-चापलेखमासारधाराप्रपातशमितधूलिजालं च विश्वम्भरामण्डलम् । अङ्गसुखाः समीराः कदम्बकेतकरजः परिमलसुरभयः । स्फुरदिन्द्रगोपकप्रकरशोभिता शाद्वलवती भूमिः । कुलडकषजलाः सरितः । विकासिकुटजप्रसूनकन्दलीशिलीन्द्रभूषिताः पर्वतोपत्यकाः । पयोदनादाकर्णनोपजाततीव्रोत्कण्ठाः परिमुषितमनीषा इव प्रवासिनः ॥

चातकशिखण्डिमण्डलमण्डूकध्वनिविषमविषवेगमोहिताः पथिकजायाः, क्षणं क्षणद्युति-दीपिकाप्रकाशिताशामुखासु क्षणदासु परिभ्रमत्खद्योतकीटकासु सञ्चरन्ति मसृणमभिसारिकाः । पङ्कबहुलाः पन्थानः क्वचिज्जलाकुलाः क्वचिदविरलवारिधाराधौतहारिसीकताः नभोनभस्योर्मासयोः ॥

तथा शरदि दिनकृतो मयूखाः पङ्कमाश्यानयन्तः प्रतापमुग्रतरमातन्वते विनिद्राम्भोजकुमुदवनानि, सरांसि सहंससारसानि स्फटिकमणिभित्तिविमलवारिपूर्णानि । कल्हारकुवलयामोदवाहिनो गन्धवाहाः सप्तच्छदकुसुमरजोधूलिधूसरितवपुषः कलगुञ्जिनो मधुलेहिनः काष्टाः कृतबन्धुजीवकावतंसाः । सञ्जातदर्पास्तथोक्षाणो मत्तध्वानगम्भीरमुन्नदन्तः श्लिष्टमृत्तिकाखण्डमण्डितशृङ्गकोटयः परिष्वष्कन्ते । कृषिवलहृदयहारीणि हरिणकदम्बकदशनालूनतटस्तम्बाग्राणि कैदार्याणि समधिगतपाककलमानि कलमगोपिकाच्छूत्कारवित्रासितशूकमण्डलानि नितरां चकासति । तुषारदीधितेर्धवलयन्तो मुखानि हरितामभीशवः कामिनां प्रमोदमन्तःकरणेषु शनकैः समेधयन्ति प्रसभमिषोर्जयोर्मासयोः ॥

**ગુજરાતી ભાષાંતર** :- તથા પાંચમી વર્ષા ઋતુમાં કેવા કેવા ભાવો હોય છે તેનું ટીકાકારશ્રી કવિરાજ વર્ણન કરે છે કે "વિજળીઓના વલયોના ચમકારાથી પ્રકાશિત થયો છે મધ્યભાગ જેનો એવાં અતિશય ગાઢ સ્વરૂપે ચડી આવેલાં વાદળોના સમૂહથી આચ્છાદિત

કરાયેલું એવું તથા નવા બનેલા ઈન્દ્રધનુષ્યની રેખાઓથી ભરપૂર રીતે ભરેલું આકાશ બનેલું છે. સારાંશ કે આકાશમાં વાદળાંની ઘટા ચોતરફ જામી છે અને વચ્ચે વારંવાર વિજળીના ચમકારા જણાય છે.

તથા મૂસલધાર વરસતા વરસાદની ધારાઓ દ્વારા દબાઈ ગયેલી ધૂળવાળું આ પૃથ્વીમંડળ બની ગયું છે તથા નવા બનેલા ઈન્દ્રધનુષ્યની રેખાઓથી ભરેલું આ આકાશ થયેલું દેખાય છે તથા કદંબ અને કેતકીના નામવાળા પુષ્પોની રજકણોની સુગંધથી સુગંધિત થયેલા અને શરીરને સુખાકારી આપનારા એવા વાયુઓ જ્યાં વાય છે એવી આ ઋતુ હાલ વર્તે છે.

તથા સ્ફૂરાયમાન એવી ઈન્દ્રગોપની કળીઓના સમુદાયથી સુશોભિત લાલ-લીલા પીળા ઘાસવાળી ભૂમિ જ્યાં શોભી રહી છે તથા નદીઓ પાણીથી ભરપૂર ભરેલી છે કે ઠેઠ કિનારા સુધી જળથી ભરપૂર ભરેલી વહી રહી છે તથા વિકસ્વર થયેલાં કુટજ નામનાં વૃક્ષનાં ફુલો તથા કંદલી અને કેળના પુષ્પોથી અને પત્રોથી શોભાયમાન થયેલી છે પર્વતની તળેટીઓ જ્યાં એવી આ વર્ષા ઋતુ ચાલી રહી છે તથા વાદળોના ગર્જારવના જોરદાર અવાજથી ઘરે પહોંચવાની અતિશય તીવ્ર ઉત્કંઠા વાળા બનેલા મુસાફર લોકો "હવે શું કરવું" તે વિષયમાં જાણે બુદ્ધિ ચોરાઈ ગઈ હોય તેમ કંઈ સુઝતું નથી તેવા થયા છતાં આમ-તેમ જોયા કરે છે અને ઉંડી વિચારણામાં ડુબેલા હોય તેવા દેખાય છે.

તથા તે મુસાફર લોકોની પત્નીઓ પોતપોતાના ઘરમાં રહી છતી ચાતકપક્ષી, મોરોનું જુથ અને દેડકાઓ આવા પ્રકારના ભિન્ન ભિન્ન જીવો દ્વારા બોલાતા શબ્દો સાંભળીને હૃદયની અંદર વિષમપણે વ્યાપેલા એવા મોહના વિકારો રૂપી વિષના વેગથી મોહાન્ધ અને વિકારીભાવ વાળી બનેલી એવી આ પત્નીઓ પોતપોતાના પતિદેવના આગમનની રાહ જોઈ રહી છે. એવી આ વર્ષા ઋતુ છે.

તથા ક્ષણે ક્ષણે થતી વિજળીઓના ચમકારા રૂપી દીવડાઓ દ્વારા પ્રકાશિત કરાયા છે દિશાઓના ભાગો જેનાથી એવી વિજળીઓ જ્યારે ચમકી રહી છે ત્યારે રાત્રિના સમયે આગીઆઓ જ્યાં ત્યાં પરિભ્રમણ કરી રહ્યા છે. ત્યાં ભોગ યોગ્ય ભૂમિ ઉપર અભિસારિકાઓ (વેશ્યાઓ) આમ તેમ ફરી રહી છે. ગ્રાહકોની રાહ જોતી છતી આંટા-ફેરા મારે છે. એવી આ વર્ષા ઋતુ પસાર થઈ રહી છે.

તથા ક્યાંક ક્યાંક માર્ગો કાદવ-કીચડથી ઘણા ઘણા ભરાયા છે. તથા ક્યાંક ક્યાંક પાણીથી ભરપૂર ભરાયા છે અને ક્યાંક ક્યાંક ધારાબદ્ધ રીતે પડતા વરસાદની ધારાઓથી

ધોવાયેલી મનોહર રેતીવાળા બન્યા છે. આવા પ્રકારના અવસરે નભસ્ અને નભસ્ય નામના માસમાં એટલે શ્રાવણ તથા ભાદરવા માસમાં પસાર થતી આ વર્ષા ઋતુ શોભી રહી છે.

કવિરાજ શ્રી હવે છઠ્ઠી શરદઋતુનું વર્ણન સમજાવે છે શરદ નામની છઠ્ઠી ઋતુમાં "કાદવ અને કીચ્ચડને શોષી નાખતાં એવાં સૂર્યનાં કિરણો પોતાના પ્રતાપને ઉગ્ર અને વધુ ઉગ્ર એમ ઉગ્રતર રીતે પ્રકાશિત કરે છે. તેનાથી ચાલી ગઈ છે નિદ્રા જેની એવાં અર્થાત્ અતિશય વિકસિત થયેલાં કમળો અને કુમુદનાં પુષ્પો છે જ્યાં એવાં વનો શોભી ઉઠ્યાં છે.

તથા હંસ અને સારસ નામનાં પક્ષીઓ જ્યાં મનોહર અને સુંદર અવાજ કરી રહ્યાં છે તેવાં તથા જાણે સ્ફટિક અને મણીઓની જ બનેલી દિવાલો હોય શું એવાં નિર્મળ અને અતિશય સ્વચ્છ પાણીથી ભરપુર ભરેલાં સરોવરો જ્યાં છે. તથા કલ્હાર (સફેદ કમળો) તથા કુમુદ (ચંદ્રવિકાસી કમળો)ની સુગંધને વહન કરનારા પવનો (વાયુઓ) જ્યાં વાય છે તથા સપ્તચ્છદ નામનાં પુષ્પોની રજવાળી ધૂળથી રંગબેરંગ બનેલા શરીરવાળા અને મનોહર ગુંજારવ કરતા એવા ભમરાઓ જ્યાં ગુંજી રહ્યા છે એવી આ શરદઋતુ પસાર થઈ રહી છે.

તથા બધી જ દિશાઓ બપોરીયાના બનેલા મુગટવાળી જાણે બની ચૂકી હોય તેવી દેખાય છે. તથા મદથી ઉત્પન્ન થયેલા એવા ગંભીર શબ્દને કરતા તથા શરીરથી ઉછળતા એટલે કે કુદાકુદ કરતા એવા અને તેના જ કારણે ચોટી ગયેલી એવી માટીના ટુકડાઓથી સુશોભિત લાગતી શીંગડાંઓની અણીઓ વાળા બળદો જ્યાં દોડાદોડી કરે છે તથા ખેડુતોના હૃદયને હરણ કરનારા તથા હરણીયાંના ટોળાના દાંતો વડે જેના કિનારાઓના અગ્રભાગોનો જ્યાં નાશ કરાયો છે તથા પ્રાપ્ત થઈ ગઈ છે પાકી ગયેલી કલમો જેની એવા અક્ષતના (ચોખાના) દાણાંના ખેતરો છે જ્યાં, તથા કલમોનું અને ડાંગરનું રક્ષણ (ગોપન) કરનારી સ્ત્રીઓની ચીચીયારોથી ત્રાસ પામેલા અને અહીંથી તહી ઉડાઉડ કરતા એવા પોપટ નામનાં પક્ષીઓનાં ટોળાં જ્યાં અતિશય પ્રમાણમાં શોભે છે એવી આ શરદ ઋતુ છે.

તથા દિશાઓનાં મુખોને સફેદ કરવામાં સમર્થ એવા (तुषारदीधितेः) ચંદ્રમાનાં કિરણો ધીમે ધીમે કામાન્ધ જીવોના હૃદયમાં અતિશય હર્ષને (વિકારીભાવને) પ્રગટ કરે છે આવા પ્રકારના ભાવો શરદ ઋતુવાળા માસમાં જણાય છે. આ શરદ ઋતુ સમજાવી.

ઉપરોક્ત થનારાં તમામ કાર્યોમાં કાળ નામનું એક દ્રવ્ય અવશ્ય કારણ છે. તો જ તે તે ઋતુમાં તે તે કાર્ય થાય છે. તેથી ઋતુઓના આવા પ્રકારના વ્યવસ્થિત કાર્યથી કાળદ્રવ્ય તેમાં કારણ છે એવું અનુમાન કરાય છે.

तथा वेलानियमसमधिगतपाटवानि प्रातः कुशेशयकोशजालानि भास्वत्करसम्पर्काद् विकासमाददते। कुमुद्वतीनाथकिरणकलापपरामृष्टानि च कुमुदकुवलयकुड्मलानि निष्ठ्यूतसुरभिपरिमलं दलन्ति । कोशातकीपुष्पपटप्रावरणाः सन्ध्यासु ग्रामवृत्तयः सुरभिगन्धोद्गारिणः कामिजनजनित-सम्मदास्तरुण्य इय बहलाङ्गरागा विराजन्ते । जलधिरपि वेलानियममनुवर्तमानः शिशिरकिरणोदये वलिततुङ्गवीचिबाहुभिरम्भोधरध्वानगम्भीरव्याहारमेलाफलपरिमलपिशुनामालम्बते वेलावधूम् ।

कौशिकशकुन्तयश्च रजनीषु द्राघीयसा भयानकध्वनिना स्थायं स्थायमारटन्ति । प्रतानितग्रीवाः कृकवाकवोऽपि वेणुपर्यन्तन्यस्तच्छित्वरकृताधिवसतयो दीर्घैः कलगम्भीरध्वनिभिरावेदयन्ते यामच्छेदान्। वनस्पतयश्च केचिदाबद्धपत्रसङ्कोचाश्चिराय नियतवेलासु निद्रां भजन्ते ॥

सोऽयमृतुविभागो वेलानियमश्च चित्रपरिणामः कारणं, नियामकमन्तरेणानुपपन्नः सकलकारणकलापसन्निधाने सत्यप्यनासादितोपजनत्वात् अनेकशक्तियुक्तकालद्रव्यापेक्षस्तु प्रादुरस्ति।

तस्मात् प्रतिविशिष्टकार्यानुमेयः कालोऽणुवत्, अन्यथा नियामकहत्वभावे युगपदेते भावा भवेयुरपरायत्तत्वात्। अतः प्रतिनियतकालभावित्वादमीषां परिणामानामस्त्येकमनेकशक्तिकलापान्वितं कारणम्। ताश्च शक्तयः कदाचिदेव स्वकार्यनिष्पादनाय प्रवर्तन्ते समासादितपरिपाका न सर्वदेति ॥

अथ कदाचिदेवमधिगच्छेत् कश्चित् खरविषाणशक्तिरसौ तादृशीति, तदयुक्तम्, अवस्तुत्वापत्तेः प्रतिवाद्यप्रसिद्धेश्चेति ॥

**ગુજરાતી ભાષાંતર** :- હવે વેળાના નિયમથી પણ વસ્તુઓનો પરિણામ થાય છે તે માટે વેળા એટલે કાળદ્રવ્ય છે. આ વાત ટીકાકારશ્રી જણાવે છે.

વેળા એટલે અવસર, પોતપોતાનો સમય, ઘણાં ઘણાં કાર્યો એવાં છે તે પોતાની વેળાએ જ એટલે કે પોતાના સમયે જ થાય છે. તે માટે વેળા એટલે કાળ નામનું કોઈક દ્રવ્ય અવશ્ય છે જ, પોતપોતાની વેળાએ (પોતપોતાના અવસરે) જ પ્રાપ્ત થઈ છે પટુતા જેમાં એવા કમળોની કળીઓના સમૂહને વિકસાવતા એવા સૂર્યનાં કિરણો જળહળે છે. અર્થાત્ સૂર્યના કિરણોના સંપર્કથી કમળોની કળીઓ ખીલી ઉઠે છે.

તથા કુમુદ્વતીનાથ એટલે કે ચંદ્રમા, તેના કિરણોના સમૂહના સ્પર્શથી વિકસ્વર થયેલાં કુમુદ (રાત્રિવિકાસી કમળ) અને કુવલય = નીલા વર્ણવાળાં કમળોની કળીઓએ છોડેલી સુગંધ (સુવાસ) જ્યાં ચારે તરફ પ્રસરી રહી છે. તથા કોશાતકીનાં પુષ્પો રૂપી ઉત્તરીય વસ્ત્ર વાળી (ઉપરના સાડલાવાળી) તથા સુરભિગન્ધને ચારે તરફ મ્હેંકાવતી, તથા કામાન્ધ પુરુષો વડે ઉત્પન્ન કરાયો છે અતિશય હર્ષ જેમાં એવી તરૂણ અવસ્થાવાળી સ્ત્રીઓની જેમ શરીર ઉપર કર્યો છે ઘણો જ અંગરાગ (શારીરિક શોભા) જેઓએ એવી ગ્રામવૃત્તિઓ (ગામમાં રહેનારી સ્ત્રીઓ) સંધ્યાના સમયે (રાત્રિની વેળાએ) શોભા પામે છે.

તથા વેળાના નિયમને અનુસરનારો સમુદ્ર પણ ચંદ્રમાનાં કિરણોનો ઉદય થયે છતે સામસામે આવતા અને ઉંચે ઉંચે ઉછળતા એવાં પાણીના તરંગો (પાણીનાં મોજાં) રૂપી બાહુઓ વડે - મેઘના જેવા ગંભીર અવાજવાળી અને એલાયચીના ફળની સુગંધની ચાડી ખાતી હોય એવા સ્વરૂપવાળી જે રાત્રિની વેળા (રાત્રિનો અવસર) રૂપી વધૂને આલંબન આપે છે. તથા કૌશિકશિશુઓ (ઘુવડનાં બચ્ચાંઓ) રાત્રિના સમયે સમુદ્રના તરંગોના ભયાનક ઘુઘવાટાવાળા અવાજ વડે અટકી અટકીને અવાજ કરી રહ્યા છે તથા લાંબી અને ઊંચી કરેલી ડોકવાળા તથા વાંસના છેડા સુધી સ્થાપિત કરેલી નાની નાની ચીપોથી બનાવેલા ઘરવાળા કુકડાઓ મનોહર અને ગંભીર એવા લાંબા લાંબા ધ્વનિ (શબ્દો) બોલવા વડે રાત્રિની સમાપ્તિ થવા આવી છે એવી જાણે સૂચના કરતા હોય શું ? એમ જણાય છે. તથા કેટલીક વનસ્પતિઓ (જે રાત્રિમાં જ વિકાસ પામનારી હોય છે તે) પ્રભાતનો સમય થતાં જ પત્રોથી સંકોચાયેલી લાંબા કાળ સુધી (દિવસના બાર કલાક પસાર થાય ત્યાં સુધીની) નિદ્રાને આધીન અવશ્ય થાય છે. આ પ્રક્રિયામાં વેળા (અર્થાત્ તેવો સમય) અવશ્ય કારણ છે. માટે કાળ નામનું કોઈક દ્રવ્ય છે.

सोऽयमृतुविभागो = તે આ ઋતુવિભાગ અને વેળાનો નિયમ (અવસરની નિયામકતા) સંસારમાં જે છે તે નિશ્ચિત વિચિત્ર પરિણામવાળો છે અને પોતપોતાના અવસરે તે તે કાર્ય કરવા વડે દેખાય છે. તેનું જો કોઈ નિયામક કારણ હોય તો તે આ કાળ જ કારણ છે. નિશ્ચિત નિયામક કારણ વિના આવા પ્રકારનો નિશ્ચિત અને નિયમિત કાર્યક્રમ થાય જ નહીં. માટે કાળ અવશ્ય કારણ છે.

બીજાં બધાં નિમિત્ત-ઉપાદાન-કર્તા વિગેરે કારણો હાજર હોય તો પણ જો કાળદ્રવ્ય નામનું કારણ ન માનો તો ઉપરની તમામ વ્યવસ્થા ન ઘટતી હોવાથી (अनासादितोपजनत्वात्) આવા પ્રકારનાં કાર્યો કરવાની અનેકવિધ શક્તિઓથી યુક્ત એવું કાળ નામનું કોઈ દ્રવ્ય છે. તેની અપેક્ષાએ જ બધાં કાર્યો થાય છે.

આપણે સામાન્યપણે એક દાખલો લઈએ જેમકે ચૂલા ઉપર ચા બનાવવા મુકી છે. તેમાં ચા-ખાંડ-દૂધ-મસાલા વિગેરે બધું જ નાખ્યું છે. નીચે અગ્નિ પણ પ્રગટાવ્યો છે. ચા બનાવનાર સ્ત્રી અથવા પુરુષ ત્યાં હાજર છે. છતાં તેને ઉકળવા દેવાનો કાળ અર્ધો કલાક વિગેરે યથાયોગ્ય આપવો જ પડશે. તેની જેમ કાળ સર્વત્ર ન દેખાતું હોવા છતાં પણ કારણ અવશ્ય છે જ.

જેમ પરમાણુ ભલે દેખાતો નથી તો પણ દ્વયણુકાદિથી અનંતાણુક સુધીના સ્કંધો

જણાતા હોવાથી પરમાણુનું અનુમાન કરાય છે. તેવી જ રીતે પ્રતિવિશિષ્ટ એવાં ઉપર જણાવેલાં કાર્યો દેખાય છે. તેનાથી કાળ નામના દ્રવ્યનું અસ્તિત્વ અનુમાન દ્વારા અવશ્ય સિદ્ધ થાય છે.

જો કાળ જેવું નિયામક કારણ ન હોય તો (એટલે કે જો કાળદ્રવ્ય કારણ છે આમ ન માનીએ તો) છએ ઋતુના બધા જ ભાવો એકી સાથે જ થવા જોઈએ. કારણ કે જો કાળદ્રવ્ય ન માનીએ તો તે તે ભાવો તે તે ઋતુ આદિને આધીન નથી એવો જ અર્થ થાય. અને જો આમ હોય તો છએ ઋતુઓ સમકાળે સમાન ફળવાળી બનવી જોઈએ તથા આ વેળાનો નિયમ છે તે પણ ઘટી શકે નહીં. માટે કાળદ્રવ્ય છે જ, તેને આશ્રયી જ આ સઘળા વ્યવહારો છે આમ વાત સિદ્ધ થાય છે.

સારાંશ કે આ પરિણામો અમુક પ્રતિનિયત કાળે જ થાય છે તે માટે તેની પાછળ અનેક પ્રકારની શક્તિથી યુક્ત એવું કાળ નામનું દ્રવ્ય કારણ છે. તે કાળમાં રહેલી સર્વે શક્તિઓ પોતપોતાનું કાર્ય કરવા માટે પોતપોતાના પ્રતિનિયત કાળે જ પ્રવર્તે છે જ્યારે જ્યારે જે જે કામકાજ કરવાનો સમય પાક્યો હોય છે. ત્યારે ત્યારે તે કાર્ય સર્વે કારણો તથા કર્તા સાથે મળીને કરે છે. માટે કાળ તેમાં અવશ્ય કારણ છે. જ્યારે જ્યારે જે જે કાર્ય કરવાનો કાળ પાક્યો હોય ત્યારે ત્યારે જ તે તે કાર્ય થાય છે. પરંતુ સર્વકાળે આ શક્તિઓ તે તે કાર્ય કરતી નથી.

અહીં કદાચ કોઈક આવો પ્રશ્ન કરે કે જો આમ જ થતું હોય તો ખરવિષાણ એ પણ એક શક્તિ હોય. કાળાન્તરે તે કાર્ય પણ પ્રગટ થાઓ અર્થાત્ ક્યારેક ખરવિષાણ પણ પ્રગટ થાઓ. પરંતુ આ પ્રશ્ન વ્યાજબી નથી. કારણ કે ખરવિષાણ એ નામની કોઈ વસ્તુ જ ન હોવાથી તેવી શક્તિ છે. એમ માનવું એ અવસ્તુ જ છે, મિથ્યા વસ્તુ જ છે અર્થાત્ તેવી શક્તિ છે જ નહીં. તથા વળી પ્રતિવાદીઓમાં આવી ગધેડાના શીંગડાં પ્રગટ થવાની શક્તિ સ્વીકારાઈ જ નથી. માટે તે દૃષ્ટાન્ત આપી શકાય નહીં. વર્તના અને પરિણામ આ બે ભેદો સમજાવીને હવે ક્રિયા નામનો કાળનો ત્રીજો પ્રકાર સમજાવાય છે.

**भाष्यम् :- क्रिया गतिः । सा त्रिविधा - प्रयोगगतिः, विश्रसागतिः मिश्रिकेति ॥**

**ભાષ્યનું ગુજરાતી :- ક્રિયા એટલે ગમન ॥ તે ત્રણ પ્રકારની ગતિ છે એક પ્રયોગગતિ, બીજી વિશ્રસાગતિ, અને ત્રીજી મિશ્રિકાગતિ ॥**

**संस्कृत टीका :-** क्रिया गतिरित्यादि भाष्यम् । करणं क्रिया द्रव्यपरिणामस्तस्यानुग्राहकः

कालः । तद्यथा - आकाशदेशावल्यामङ्गुली वर्तते अतीताऽनागतेति च, अन्यथाऽतीत एव वर्तमानोऽनागतश्च स्यात् । एवमनागतो वर्तमानश्च सङ्कीर्येत । अनिष्टं चैतत् । तस्मादस्ति कालो यदपेक्षयाऽतीतादिव्यपदेशाः परस्परासङ्कीर्णाः संव्यवहारानुगुणाः प्रथन्ते ॥

तत्रातीतो द्विविधः । भाव-विषयभेदात्, विनष्टो घट इति भावातीतः । विषयातीतश्चक्षुरादिग्रहणानन्तरमद्राक्षं घटम् । तथाऽनागत दिदृक्षाऽभ्यर्णो घटो विषयानागतः । अलब्धात्मभावो भावानागत इति ॥

तत्र प्रयोगगतिः । जीवपरिणामसम्प्रयुक्ता । शरीराहारवर्णगन्धरसस्पर्शसंस्थानविषया ॥ विश्रसागतिः प्रयोगमन्तरेण केवलाजीवद्रव्यस्वपरिणामरूपा । परमाण्वभ्रेन्द्रधनुःपरिवेषादिरूपा विचित्रसंस्थाना ॥ मिश्रिका-प्रयोगविश्रसाभ्यामुभयपरिणामरूपत्वाज्जीवप्रयोगसहचरिताचेतनद्रव्यपरिणामात् कुम्भस्तम्भादिविषया । कुम्भादयो हि तेन तादृशा परिणामेनोत्पत्तुं स्वत एव शक्ताः कुम्भकारसाचिव्यादुपजायन्ते ।

वर्तनापरिणामयोः क्रियाजातित्वादेव पर्यन्ते क्रियोपादानम् । परिणामश्चात्र प्रधानमित्यतो वर्तनाक्रिययोः स मध्येऽधीतः सूत्रकारेण । परिणतिविशेषा एव वर्तनाक्रियाभेदा इति ॥

**ગુજરાતી ભાષાંતર :-** ક્રિયા એટલે ગતિ ઈત્યાદિ ભાષ્યનાં જે પદો છે. તેના અર્થો હવે સમજાવાય છે.

करणं क्रिया = કાર્ય કરવું તેને ક્રિયા કહેવાય છે. આ ક્રિયા એટલે દ્રવ્યનો પરિણામ થવો, દ્રવ્યનું રૂપાંતર થવું પરિણમન થવું તે ક્રિયા કહેવાય છે. કોઈપણ દ્રવ્યના રૂપાંતર થવા સ્વરૂપ પરિણામાન્તર થવામાં કાળદ્રવ્ય અનુગ્રાહક છે ઉપકારક છે સહાયક છે. તે આ પ્રમાણે :-

આકાશાસ્તિકાયદ્રવ્યના પ્રદેશોની પંક્તિમાં અંગુલી વર્તે છે. (આ વર્તમાનકાળ થયો), अतीता = અંગુલી હતી (આ ભૂતકાળ થયો). અને अनागतेति આ ભવિષ્યકાળ થયો. આ પ્રમાણે ત્રણે કાળના પ્રયોગો થતા દેખાય છે. अन्यथा = જો આવું કાલદ્રવ્ય છે એમ માનવામાં ન આવે તો ભૂતકાળ જ વર્તમાન સ્વરૂપ અને ભવિષ્ય સ્વરૂપ થઈ જશે તથા અનાગત જ વર્તમાન સ્વરૂપ થઈ જશે. આમ પરસ્પર સાંકર્ય થઈ જાય એટલે કે એક-બીજા કાળમાં એકબીજા કાળના પ્રયોગો બની જાય, પરંતુ આવું બનતું નથી અર્થાત્ પરસ્પર સાંકર્ય થતું નથી. માટે તેનો વ્યવસ્થાપક કોઈક પદાર્થ છે અને એનો વ્યવસ્થાપક જે પદાર્થ છે તે કાળદ્રવ્ય જ છે. આવો સાંકર્ય દોષ આવે તે કોઈને પણ ઈષ્ટ નથી. अनिष्टं चैतद् તે માટે ભૂત-*ભાવિ અને વર્તમાન એમ ત્રણે કાળની વ્યવસ્થા કરનારો કાળ નામનો પદાર્થ (દ્રવ્ય) છે.*

જો નિયામક એવું કાળદ્રવ્ય સ્વીકારીએ તો આ સાંકર્ય દોષ આવે નહીં આ કાળ દ્રવ્યની અપેક્ષાએ જ અતીત અનાગત અને વર્તમાનના વ્યવહારો વ્યવસ્થિતપણે ઘટે છે. તેથી કાળ નામનું એક સ્વતંત્ર દ્રવ્ય છે કે જેની અપેક્ષાએ પરસ્પર સંકીર્ણતા ન આવે તેવી રીતે સમ્યગ્વ્યવહારને અનુકૂળ પડે તે રીતે કાળ નામના દ્રવ્યનો વ્યવહાર સ્વીકારવો જોઈએ.

ત્યાં અતીત કાળ બે પ્રકારનો છે. (૧) ભાવ અતીતકાળ અને (૨) વિષય અતીતકાળ. ત્યાં विनष्टो घटः = ઘટ વિનાશ પામ્યો છે. તે ભાવ અતીતકાળ કહેવાય છે. અર્થાત્ જે ભાવાત્મક પદાર્થ છે તેનો જ વિનાશ થયો છે. તેથી ઘટ-પટ ઈત્યાદિ જે ભાવાત્મક પદાર્થો છે. તેનો જ નાશ થવાથી તેનો જ અભાવ વર્તમાનકાળમાં જણાય છે. એટલે કે વર્તમાનકાળમાં તે ઘટ નથી. ભૂતકાળમાં તે ઘટ હતો આવો જ અર્થ થાય છે.

હવે વિષય અતીત કોને કહેવાય ? તે સમજાવાય છે ચક્ષુ વિગેરે ઈન્દ્રિયોથી ઘટ જોયા પછી "મેં ઘટને જોયો" "મેં ઘટને જાણ્યો" ઈત્યાદિ જે કહેવું તે વિષય અતીત કહેવાય છે. જોવાનું કામ પતી ગયું હોવાથી દૃષ્ટિ લઈ લેવામાં આવે અને તેનાથી ઘટ દેખાતો બંધ થાય તેને વિષય અતીત કહેવાય છે. તેવી જ રીતે અનાગત કાળના પણ બે ભેદ છે (૧) વિષય અનાગત અને (૨) ભાવ અનાગત. તે બન્નેના અર્થો આ પ્રમાણે છે.

(૧) ભવિષ્યમાં જલ્દી જલ્દી સ્મૃતિગોચર થાય તે માટે વારંવાર જોવા માટે નજીક રાખેલ ઘટ તે વિષય અનાગત કહેવાય છે અને (૨) હજુ જે માટી જ છે ઘટ નથી. પણ તેમાંથી ઘટ બનવાનો છે. તે માટે જ માટી લાવી છે. તે લાવેલી માટીમાં જે ઘટબુદ્ધિ થાય છે તે ભાવ અનાગત કહેવાય છે. જેમાં ઘડાપણાનો આત્મલાભ પ્રગટ થયો નથી પણ ઘટ પ્રગટ થવાનો છે. તે ભાવ અનાગત કહેવાય છે.

ક્રિયા એટલે ગતિ, સામાન્યથી ગતિ ત્રણ પ્રકારે હોય છે. (૧) પ્રયોગગતિ, (૨) વિશ્રસા ગતિ, (૩) મિશ્રિકાગતિ. ત્યાં આ ત્રણે પ્રકારની ગતિના અર્થો આ પ્રમાણે છે. (૧) **પ્રયોગગતિ** જીવના પ્રયત્નવિશેષથી પરિણામ પામેલી અર્થાત્ પરિણામથી સંયુક્ત એવી જે ક્રિયા તે પ્રયોગગતિ ક્રિયા કહેવાય છે. જેમકે શરીરની રચના કરવી, આહારનું ગ્રહણ કરવું, આહારનું પાચન કરવું, શરીર ઉપર વર્ણ ગંધ રસ સ્પર્શ અને સંસ્થાનની જે રચના કરવી તે પ્રયોગગતિ ક્રિયા કહેવાય છે.

**વિશ્રસાગતિ :-** જીવ દ્વારા થતા પ્રયત્નવિશેષ વિના જ કેવળ અજીવદ્રવ્યના સ્વભાવે પોતાની પરિણતિ જે બદલાય તે વિશ્રસા ગતિ પરિણામ કહેવાય છે જેમકે પરમાણુ, વાદળ, ઈન્દ્રધનુષ્ય પરિવેષાદિ (સૂર્યની આજુબાજુ ફરતું આભામંડળ વિગેરે) વિચિત્ર આકારવાળાં પરિવર્તનો થાય છે.) તે વિસ્રસાગતિ પરિણામ કહેવાય છે.

**મિશ્રિકાગતિ :-** જીવનો પ્રયત્નવિશેષ તથા અજીવની પોતાની તેવા ભાવે પરિણામ પામવાની સ્વાભાવિક જે શક્તિ એમ ઉભયસ્વરૂપે જીવ અને અજીવના સહકારથી બનેલા પરિણામ સ્વરૂપ જે ક્રિયાગતિ પરિણામ થાય છે તે મિશ્રિકાગતિ કહેવાય છે. જેમકે ઘટ-કુંભ-સ્તંભ વિગેરે કાર્યો. માટી દ્રવ્યમાં અને કાષ્ટદ્રવ્યમાં આવા પદાર્થો બનવાની શક્તિ રહેલી છે અને તેમાં જીવનો સહકાર મળવાથી તે ઘટ આદિ પ્રગટ થાય છે. તે માટે તેને મિશ્રિકાગતિ કહેવાય છે.

કુંભ અને સ્તંભ તથા ઘટ-પટ આદિ પદાર્થો એવા પ્રકારના સ્વભાવવાળાં છે જેથી અજીવ દ્રવ્યમાંથી તેવા તેવા પરિણામો થવા વડે તેવા તેવા કાર્યસ્વરૂપે પ્રગટ થવાને સમર્થ છે. છતાં તેમાં કુંભકારાદિ જે કાર્યના કર્તા છે. તેના સહકારથી તે તે કાર્ય થાય છે તે માટે તેને મિશ્રિકાગતિ કહેવાય છે.

**પ્રશ્ન :-** મૂળસૂત્રમાં ક્રિયાને છેલ્લે ત્રીજા ક્રમાંકે અને પરિણામને બીજા ક્રમાંકે કેમ મુક્યા ?

**ઉત્તર :-** તે સમજાવાય છે. વર્તના અને પરિણામ એ પણ એક પ્રકારની ક્રિયા (જાતિ) વિશેષ જ છે તે કારણથી આ બન્ને શબ્દોનું પ્રથમ ગ્રહણ કરીને તેની અંતે ક્રિયાશબ્દનો ઉલ્લેખ કરેલ છે તથા આ પ્રકરણમાં પરિણામની (પરિણમન થવા સ્વરૂપ રૂપાંતર થવાપણાની જ) પ્રધાનતા હોવાથી વર્તના અને ક્રિયા આ બન્ને શબ્દોની વચ્ચે પરિણામ શબ્દનું ગ્રહણ સૂત્રકાર વડે કરાયું છે.

વર્તનાના તથા ક્રિયાના જે જે ભેદો છે તે સઘળી પણ પરિણતિ વિશેષ જ છે. આ પ્રમાણે આ સઘળો ય કાળદ્રવ્ય વડે કરાયેલો ઉપકાર સમજાવ્યો છે હવે પરત્વાપરત્વ વિષે ભાષ્યકાર શ્રી પોતે જ વિશિષ્ટ સમજ આપે છે :-

**भाष्यम् :- परत्वापरत्वे त्रिविधे = ( १ ) प्रशंसाकृते, क्षेत्रकृते, कालकृते इति । तत्र प्रशंसाकृते-परो धर्मः, परंज्ञानमपरोऽधर्मः अपरमज्ञानमिति । क्षेत्रकृते एकदिक्कालावस्थितयोर्विप्रकृष्टः परो भवति । सन्निकृष्टोऽपरः ॥ कालकृते द्विरष्टवर्षाद् वर्षशतिकः परो भवति । वर्षशतिकाद् द्विरष्टवर्षोऽपरो भवति । तदेवं प्रशंसाक्षेत्रकृते परत्वापरत्वे वर्जयित्वा वर्तनादीनि कालकृतानि कालस्योपकार इति ॥५-२२॥**

**ભાષ્યનું ગુજરાતી :-** પરત્વ અને અપરત્વ ત્રણ પ્રકારનાં હોય છે. (૧)

પ્રશંસાકૃત, (૨) ક્ષેત્રકૃત, (૩) કાળકૃત, ત્યાં પ્રશંસાકૃત એટલે કે ધર્મ એ શ્રેષ્ઠ છે જ્ઞાન તે શ્રેષ્ઠ છે અને અધર્મ તે અપર છે (તુચ્છ છે) તથા જે અજ્ઞાનદશા છે આ પણ તુચ્છ છે. આવી વિચારણા કરવી તે પ્રશંસાકૃત પરત્વ અને અપરત્વ કહેવાય છે.

એક જ દિશામાં એક જ કાળે રહેલી વસ્તુમાં જે પદાર્થ દૂર હોય તેને પર કહેવાય છે અને જે પદાર્થ નજીક હોય તે અપર કહેવાય છે. આ ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વ જાણવું.

તથા કાળકૃત પરત્વ-અપરત્વમાં બે વાર આઠ વર્ષવાળા (એટલે કે સોળ વર્ષવાળા) પુરુષ કરતાં સો વર્ષવાળો પુરુષ પર કહેવાય છે અને સો (૧૦૦) વર્ષવાળા પુરુષ કરતાં બે વાર આઠ વર્ષવાળો (એટલે કે સોળ વર્ષવાળો) પુરુષ અપર કહેવાય છે. તે આ પ્રમાણે ત્રણ પ્રકારના પરત્વ અને અપરત્વમાંથી પ્રશંસાકૃત અને ક્ષેત્રત પરત્વ અને અપરત્વને વર્જી દઈને વર્તનાદિ સ્વરૂપ કાળકૃત જે પરત્વ અને અપરત્વ છે તેના વડે કરાયેલો જે ઉપકાર છે તે કાલકૃત ઉપકાર કહેવાય છે. આ પ્રમાણે બાવીસમા સૂત્રના ભાષ્યનો અર્થ સમજાવ્યો. ॥૫-૨૨॥

**संस्कृत टीका :-** परत्वापरत्वे इत्यादि ॥ प्रशंसाक्षेत्रकालभेदात् त्रैविध्यम् ॥ तत्र **प्रशंसायाम्,** परो धर्मः, सर्वोत्तमत्वात्, **प्रशस्तः**, सकलमङ्गलनिलयत्वात् प्रकर्षकाष्ठागत इति ॥ **अपरोऽधर्मो** जघन्यः स्वल्पगुणत्वात् । निष्कर्षावस्थाप्राप्तः ॥ तथा **परं ज्ञानं** यथावस्थितवस्तुवेदित्वात् ॥ **अपरमन्यथा**, तच्चाज्ञानमेवाप्रशस्तत्वात् कुत्सितमसम्यग्दृष्टेरिति ॥

**क्षेत्रकृते** इत्यादि ॥ एकस्यां दिश्येकदा विप्रकृष्टो दूरवर्ती परः प्रत्यासन्नोऽपरः सन्निकृष्ट इत्यर्थः, दिशः प्राधान्यमविनाभावित्वात् कालोऽप्यत्राक्षिप्यते । कालैकत्वेऽप्यपदेशो भवत्येक-दिग्व्यवस्थितयोः परोऽपर इति ॥ **कालकृते** इत्यादि, व्यतिकरेणापरस्मिन् परं । परस्मिश्चापरमिति । यन्निमित्ते प्रत्ययाभिधाने स कालः ॥ तद्यथा-षोडशवर्षात् परो वर्षशतायुः, वर्षशतायुषोऽपरो द्विरष्टवर्षायुः । प्रशंसा-क्षेत्रकृतपरत्वापरत्वे चैते न भवतः । लुब्धकादावपि दर्शनात् । यस्माल्लुब्धकेऽपि देशकुलजातिविद्यापरिहीणे परत्वापरत्वप्रत्ययाभिधानसम्भवात् ॥ न च बन्धुजनापेक्षे । एकाकिन्यपि भावात् ॥ न च तपश्चरणालम्बने, अतपस्केऽपि दर्शनात् । न च कर्मसंस्कारापेक्षे, तयोरनधिकारात् ॥

न चादित्यनिमित्ते, तत्रापि दृष्टत्वात् ॥ परोऽभियोग्यः, अपर आदित्यः ॥ परः सविता, अपरोऽभियोग्य इति ॥

अतः सामर्थ्यात् कालकृते । तयोर्विशेषणार्थमिदमुच्यते-प्रशंसाक्षेत्रकृतेऽपि परत्वापरत्वे वर्जयित्वेति । वर्तनादयः सर्वे कालकृताः कालस्यापेक्षाकारणस्यानुग्रह उपकार इति सत्रार्थः ॥

एवं चायं यत्परत्वापरत्वे सूत्रभेदेन समस्य निर्दिष्टे सूरिणा तदवगमकं – न प्रशंसाक्षेत्रकृतयोरत्र परिग्रहः । वर्तना परिणाम क्रियाश्च द्रव्यस्वभावः कालापेक्षो निरदेशि । परत्वापरत्वे चावधित्वेन काललिङ्गमिति ॥५-२२॥

**ગુજરાતી ભાષાંતર** :- પરત્વાપરત્વ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે જાણવું. (૧) પ્રશંસાકૃત, (૨) ક્ષેત્રકૃત, (૩) અને કાળકૃત, ત્યાં સૌથી પ્રથમ પ્રશંસાકૃત પરત્વ અને અપરત્વ આ પ્રમાણે છે. (૧) ધર્મ એ શ્રેષ્ઠ તત્ત્વ છે. અર્થાત્ સૌથી પર છે તથા જ્ઞાનમાર્ગ એ પણ શ્રેષ્ઠ છે અર્થાત્ પર છે. કારણ કે ધર્મ અને જ્ઞાન એ સર્વોત્તમ સ્વરૂપ હોવાથી પ્રશસ્ત છે. તથા સકલ જીવોના કલ્યાણનું કારણ હોવાથી અર્થાત્ સકલ મંગલભાવોનું સ્થાન હોવાથી ધર્મ અને જ્ઞાનતત્ત્વ પ્રકૃષ્ટ દશાને (સર્વોત્તમ દશાને) પામેલું છે.

જ્યારે અધર્મ એ અપર છે. અતિશય અલ્પગુણવાળો આ અધર્મ છે. અતિશય અલ્પગુણવાળો હોવાથી જઘન્ય છે અર્થાત્ અતિશય તુચ્છ છે. તુચ્છ દશાને પામેલો છે તથા જ્ઞાનમાર્ગ એ પર માર્ગ છે. સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. જે વસ્તુ જેમ છે તે વસ્તુને તે પ્રમાણે જ જાણનાર હોવાથી શ્રેષ્ઠ છે. કલ્યાણકારી છે. જીવનને ધન્ય બનાવનાર માર્ગ છે.

अन्यथा - ઉપર કહેલી વાતથી જે અન્યથા છે અર્થાત્ વિપરીત માર્ગ છે. તે અજ્ઞાનમાર્ગ છે. જે અતિશય અપ્રશસ્ત હોવાથી કુત્સિતદશા વાળું છે. નિન્દિત માર્ગ છે. હલકો માર્ગ છે. કારણ કે તે અજ્ઞાનદશા અસમ્યક્દષ્ટિ સ્વરૂપ અર્થાત્ મિથ્યાદષ્ટિ સ્વરૂપ છે. તેથી આત્માનું અહિત કરનાર છે તે માટે તે કુત્સિત માર્ગ છે. આ પ્રમાણે પ્રશંસાકૃતની વાત પૂર્ણ કરી હવે ક્ષેત્રકૃત પરત્વાપરત્વ એ પદોનો અર્થ સમજાવાય છે.

एकस्यां दिशि = કોઈ પણ એક દિશામાં એક જ કાળે અતિશય દૂર દૂર રહેલો જે પદાર્થ છે. તે પર કહેવાય છે અને પ્રત્યાસન્ન એટલે કે સન્નિકૃષ્ટ અર્થાત્ નિકટવર્તી જે પદાર્થ છે. તે અપર કહેવાય છે. આ વિષયમાં દિશાની સાથે અવિનાભાવિપણું હોવાથી તેની પ્રધાનતા છે ત્યાં एकदा શબ્દ લખીને જો કે કાળ વિધાન કરવામાં આવ્યું છે. તે આપેક્ષિક વિધાન છે. કાળ એક હોવા છતાં પણ તે ત્યાં ગૌણપણે જાણવો. અને એક દિશામાં રહેલા બે પુરુષોને દૂર અને નજીક આશ્રયી આ પરત્વ અને અપરત્વ ક્ષેત્રકૃત જાણવું. જેમ

અમદાવાદથી સુરત અને મુંબઈ આ બન્ને નગરોમાં સુરત અપર છે અને મુંબઈ પર છે. આમ સર્વત્ર સમજવું.

તથા હવે ત્રીજા પ્રકારવાળું કાળકૃત પરત્વ અને અપરત્વ આ પ્રમાણે જાણવું. વાસ્તવિકપણે અપરમાં પણ પરપણાની અને પરમાં પણ અપરપણાની બુદ્ધિ જેના નિમિત્તે થાય છે તે કાળકૃત પરત્વ-અપરત્વ છે. ક્ષેત્રથી આપણી અપેક્ષાએ જે નજીક હોય પરંતુ ઉંમરમાં ઘણા મોટા હોય તે ક્ષેત્રથી અપર હોવા છતાં કાળથી પર કહેવાય છે. તેમ અહીં કાળકૃત પરત્વ-અપરત્વ સમજાવાય છે.

(૧) સોળ (૧૬) વર્ષના આયુષ્યવાળો જે પુરુષ છે તેની અપેક્ષાએ (૧૦૦) વર્ષના આયુષ્યવાળો પુરુષ પર કહેવાય છે.

(૨) અને (૧૦૦) વર્ષના આયુષ્યવાળા પુરુષ કરતાં બે વાર આઠ એટલે કે સોળ વર્ષના આયુષ્યવાળો પુરુષ અપર કહેવાય છે.

આ પ્રમાણે પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત એમ ત્રણ પ્રકારનાં પરત્વ અને અપરત્વ છે. તેમાંથી પ્રથમનાં (પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત) આ બેનો ત્યાગ કરીને અંતિમ જે કાળકૃત પરત્વ અને અપરત્વ છે તે અહીં વિચારાય છે. પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત પરત્વ-અપરત્વ તો શિકારી આદિ લુબ્ધક જીવોમાં (હલકા-તુચ્છ કક્ષાના જીવોમાં) પણ હોય છે માટે તેની વિચારણા અહીં કરાતી નથી.

(૧૬) સોળ વર્ષવાળા પુરુષ કરતાં (૧૦૦) સો વર્ષવાળો પુરુષ **પર** કહેવાય છે અને (૧૦૦) સો વર્ષવાળા પુરુષ કરતાં બે વાર આઠ (એટલે કે ૧૬) વર્ષવાળો પુરુષ અપર કહેવાય છે. આ પરત્વ-અપરત્વ કાળને આશ્રયી છે. પરંતુ પ્રશંસાકૃત કે ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વ છે તે કાળને આશ્રયી નથી. તે તો લુબ્ધક એવા શિકારી આદિમાં હોઈ શકે છે. કારણ કે તેવા જીવોમાં દેશ (ક્ષેત્રની અપેક્ષાએ), કુલ (કુલ ધર્મની અપેક્ષાએ), જાતિ (બ્રાહ્મણ-વૈશ્ય-ક્ષત્રિયાદિ જાતિની અપેક્ષાએ), તથા વિદ્યા (જ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ) રહિત એવા જીવોમાં પણ આ પરત્વ-અપરત્વ તો જણાય છે. તે શું કામનું ? સારાંશ કે દેશથી, કુળથી જાતિથી અને વિદ્યાથી જે રહિત જીવો છે અર્થાત્ શિકારી વ્યભિચારી લંપટ જીવો છે તેવામાં પણ એટલે કે આવા પ્રકારના હલકા જીવોમાં પણ પરત્વ અને અપરત્વના નિમિત્તવાળું કથન સંભવી શકે છે. પરંતુ તે અહીં લેવાનું નથી. કારણ કે તે બે ભાઈઓની અપેક્ષાવાળું નથી. નાનો-મોટો ભાઈ એમ જે બે બંધુજન હોય તેની અપેક્ષા તેમાં નથી. તથા આવું પરત્વ અને અપરત્વ તો એકલા એક પુરુષમાં પણ અપેક્ષા વિશેષથી સંભવી શકે છે.

ઘણા માણસો આવું કહેતા જ હોય છે કે તે પુરુષ અતિશય નીચલી કક્ષાનો છે. તે દુષ્ટ છે. તે જુગારી છે તે વ્યભિચારી છે ઈત્યાદિ માટે આવું પરત્વ અને અપરત્વ અહીં લેવાનું નથી.

હવે કદાચ અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે આ કાળકૃત પરત્વ અને અપરત્વ જે છે તે ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વથી પણ થઈ જાય છે. કારણ કે ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વના અવસરે પણ કાળ તો અવશ્ય સહકારી કારણ રૂપે હાજર જ છે. તો કાળકૃત પરત્વ-અપરત્વનો ક્ષેત્રમાં સમાવેશ થઈ જશે. કાળકૃત માનવાની શી જરૂર છે ?

આવા પ્રકારનો પ્રશ્ન જો કોઈ કરે તો તે બરાબર નથી. કારણ કે જ્યાં દિશાની કે ક્ષેત્રની પ્રધાનતા હોય ત્યાં કાળની પ્રધાનપણે વિવક્ષા ના હોઈ શકે અને કાળની પ્રધાનતા તો ત્યારે જ થાય કે જ્યારે તેની જ પ્રધાનતા હોય તેની જ પ્રધાનપણે વિવક્ષા કરી હોય, માટે ક્ષેત્રકૃત પરત્વાપરત્વ વિચારાય ત્યારે કાળ ગૌણ થઈ જાય છે તે માટે કાળકૃત પરત્વાપરત્વમાં કાળની જ પ્રધાનપણે વિવક્ષા કરીને આ કાળકૃત પરત્વ-અપરત્વ અહીં વિચારાય છે.

શિકારી આદિ હલકા જીવોમાં પણ જે પરત્વ અપરત્વ જણાય છે. તે દેશકૃત (એટલે કે ક્ષેત્રને આશ્રયી) પણ નથી. કારણ કે સમાન ક્ષેત્રમાં વર્તતા બે શિકારીઓમાં પણ વયકૃત (એટલે કે કાળકૃત) પરત્વ-અપરત્વનો બોધ તથા વ્યવહાર થાય છે. તથા સમાન કુળવાળામાં પણ આ વયકૃત (કાળકૃત) પરત્વ-અપરત્વનો બોધ થાય છે. બે સમાન જાતિવાળા ભાઈઓમાં પણ આ કાળકૃત પરત્વ-અપરત્વ જણાય છે એવી જ રીતે વિદ્યાવિહીન (અર્થાત્ અભણ) જીવોમાં પણ આ કાળકૃત પરત્વ અને અપરત્વનો વ્યવહાર જણાય છે તે કારણોથી આ સઘળોય પરત્વ અને અપરત્વનો વ્યવહાર કાળકૃત છે એમ સ્વીકારવું જોઈએ અને તેના કારણે કાળ નામનું એક દ્રવ્ય છે એમ પણ સ્વીકારવું જોઈએ.

કદાચ અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે “આ પરત્વ અને અપરત્વ કાળકૃત ન સ્વીકારીએ અને બંધુજનની અપેક્ષાએ આ પરત્વ-અપરત્વ છે એમ માની લઈએ તો ચાલે કે ન ચાલે ? આમ કહો તો પણ તે ઉચિત નથી. કારણ કે જેને કોઈ બંધુજન હોતા નથી એવા એકાકી પુરુષમાં પણ આ કાળકૃત પરત્વ અપરત્વ હોય છે. તેથી આ સ્વતંત્રપણે કાળકૃત જ પરત્વ અને અપરત્વ માનવું જોઈએ.

કદાચ કોઈ એવો પ્રશ્ન કરે કે જે આત્માએ તપ અને ચારિત્રના આલંબનમાં ઘણો જ ઘણો વિકાસ સાધ્યો હોય અને હાલ સાધતા હોય તેવા મુનિને આશ્રયી આ પરત્વ-અપરત્વ હોઈ શકે છે તો તે બચાવ પણ ઉચિત નથી. કારણ કે જેઓ તપસ્વી અને સંયમી

(ચારિત્રની) સાધનાવાળા નથી. જેઓમાં તપ જાપ-સંયમ આદિની સાધનના નથી. તેઓમાં પણ આવા પ્રકારનો નાના-મોટાનો વ્યવહાર એટલે કે કાળકૃત પરત્વ-અપરત્વનો વ્યવહાર હોય છે. આવો અનુભવ થાય જ છે. માટે કાળકૃત પરત્વ અને અપરત્વ એ સર્વથા જુદા જ ભાવો છે.

કદાચ કોઈ એવો પ્રશ્ન કરે કે જેના જીવનમાં ઘણી જ ઘણી ધર્મક્રિયા કરવાના વ્યવહારો હોય છે. તેની અપેક્ષાએ આ પરત્વ-અપરત્વ હશે તો તે બચાવ પણ ઉચિત નથી. કારણ કે જે જીવોમાં આવા પ્રકારની ઘણી ઘણી ધર્મક્રિયાઓ ધર્મ અને તેના સંસ્કારો એમ ઉભય નથી તેવા જીવોમાં પણ આ કાલકૃત પરત્વ અને અપરત્વના વ્યવહારો જણાય જ છે. માટે આ પરત્વ અને અપત્વમાં કાળ જ પ્રધાનપણે કારણ છે.

કદાચ વળી કોઈક આવો પ્રશ્ન કરે કે સૂર્યના નિમિત્તે આ પરત્વ-અપરત્વના વ્યવહારો હશે તો પણ તે કલ્પના યથાર્થ નથી. કારણ કે આવા પ્રકારનું પરત્વ અપરત્વ સૂર્યમાં પોતાનામાં પણ છે. જેમકે નક્ષત્રો પર (દૂર) છે અને સૂર્ય અપર (નજીક) છે. અથવા સૂર્ય પર છે અને નક્ષત્રો (નજીક) અપર છે. હવે જો સૂર્યની અપેક્ષાએ આ સઘળા વ્યવહારો હોત તો સૂર્યમાં પોતાનામાં આ વ્યવહાર કેવી રીતે થાય ? તે માટે આ સર્વે પણ વ્યવહારોમાં **કાળ નામનું એક સ્વતંત્ર દ્રવ્ય જ કારણ છે** માટે કાળકૃત પરત્વ-અપરત્વ છે જ, તેને જ પ્રમાણભૂત સ્વીકારવું જોઈએ.

ઉપરોક્ત ચર્ચાની વિચારણા કરતાં જણાશે કે સોળ વર્ષની વયવાળા કરતાં સો વર્ષની વયવાળો પર છે અને સો વર્ષની વયવાળા કરતાં સોળ વર્ષની વયવાળો અપર છે તેમાં પ્રશંસાકૃત કે ક્ષેત્રકૃત પરત્વ-અપરત્વ સંભવતું જ નથી. તથા દેશકૃત, કુલકૃત, જાતિકૃત કે વિદ્યાકૃત પરત્વ અને અપરત્વ પણ સંભવતું નથી તથા બંધુજનકૃત કે તપકૃત કે ચારિત્રકૃત અથવા કર્મસંસ્કારકૃત કે સૂર્યકૃત આવા પ્રકારનું કોઈ પરત્વ-અપરત્વ ત્યાં સંભવતું નથી જ, તે માટે સામર્થ્યથી સિદ્ધ થાય છે કે કાળકૃત (અર્થાત્ વયને લઈને એટલે કે ઉંમરને કારણે) જ આ પરત્વ-અપરત્વ છે.

ઉપર કરેલી ચર્ચા પ્રમાણે વિચારણા કરતાં જણાશે કે **કાળકૃત પરત્વ અને અપરત્વ છે જ** આમ સ્પષ્ટ સમજાતું હોવાથી ભાષ્યના પાઠમાં પણ સ્પષ્ટપણે કહ્યું જ છે કે "પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત એવું પરત્વ અને અપરત્વ જે છે તેને વર્જીને એટલે કે તેનો ત્યાગ કરીને વર્તના-પરિણામ વિગેરે પર્યાયો કાળકૃત જ છે એમ માનીને કાળકૃત ઉપકાર છે. આમ સ્વીકારી લેવો જોઈએ તેથી કાળદ્રવ્ય છે. આમ સ્વીકારવું જ જોઈએ. અપેક્ષામાં કારણભૂત એવા કાળદ્રવ્યના જ આ ઉપકારો છે આમ આ વાત સ્વીકારી લેવી જોઈએ.

તથા વળી ગ્રંથકર્તા પૂજ્ય શ્રી ઉમાસ્વાતિજી મ. શ્રી વડે મૂળસૂત્રમાં વર્તના-પરિણામ અને ક્રિયા આ ત્રણ પદો જુદાં જુદાં કહીને ત્યારબાદ परत्वापरत्वे આ બે જ પદનો સમાસ કરીને મૂળસૂત્રમાં જે વિધાન કરેલ છે તે રચના આ વિષયની ખાસ ગમક છે સૂરિ મહારાજ વડે આવા પ્રકારની જે સૂત્રરચના કરાઈ છે તે એમ સૂચવે જ છે કે "કાળકૃત પરત્વ-અપરત્વ છે." એવા પ્રકારના વિશેષવિધાન માટે જ આ બે પદનું સામાસિક વિધાન છે.

આવા સ્થાનોમાં પ્રશંસાકૃત કે ક્ષેત્રકૃતનો આગ્રહ રાખવો નહીં. સૂત્રકાર ભગવંત વડે વર્તના પરિણામ અને ક્રિયા આ ત્રણ દ્રવ્યસ્વભાવો છે અને તે કાલાપેક્ષિત છે કાળની અપેક્ષા રાખનારા છે. એવું ગ્રંથકારશ્રી વડે જણાવાયું છે. તથા પરત્વ અને અપરત્વ આ બન્ને ભાવો અવધિવાચી હોવાના કારણે મર્યાદા જણાવતા હોવાથી કાળનું લિંગ છે તેમાં કાળ કારણ છે જ એવી સાબિતી કરવામાં હેતુભૂત છે. આ પ્રમાણે કાળ માટેની ઘણી લાંબી ચર્ચા અહીં સમાપ્ત થાય છે. ॥૫-૨૨॥

❋ ❋ ❋

**भाष्यम् :- अत्राह-उक्तं भवता ( अ. ५, सूत्र-१९ भाष्ये ) - शरीरादीनि पुद्गलानामुपकार इति । पुद्गला इति च तन्त्रान्तरीया जीवान् परिभाषन्ते ॥ स्पर्शादिरहिताश्चान्ये । तत् कथमेतदिति ? अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- આપશ્રી વડે પૂર્વે અધ્યાય-૫, સૂત્ર-૧૯ માં કહેવાયું છે કે ઔદારિકાદિ પાંચ પ્રકારનાં જે શરીરોની પ્રાપ્તિ થાય છે. તે પુદ્‌ગલાસ્તિકાયનો ઉપકાર છે તેમાં આપશ્રીએ વાપરેલ "પુદ્‌ગલ" શબ્દનો અર્થ અન્ય દર્શનકારો "જીવ" એમ કરે છે તથા વળી બીજા કેટલાક દર્શનકારો સ્પર્શાદિ ગુણોથી રહિત આ પુદ્‌ગલ હોય છે એમ માને છે તો આ વિષય અમારે કેવી રીતે સમજવો ? આવો કોઈ પ્રશ્ન કરે તો ગુરુજી કહે છે કે હવે તેનો ઉત્તર કહેવાય છે :-**

**संस्कृत टीका :-** अत्राह-उक्तं भवतेत्यादिसम्बन्धग्रन्थः । अत्र प्रस्तावे परोऽभिधत्ते-प्रतिपादितं भवता शरीरादयः सुखादयश्च पुद्गलानामुपकार इति । तन्त्रान्तरीयाश्च मायासूनवीयाः "पुद्गला" इत्यनेन शब्देन जीवान् परिभाषन्ते-पुद्गलशब्दं जीवेषु सङ्केतयन्ति व्यवहारसिद्ध्यर्थमिति ॥

ननु च तेषां जीव एव नास्ति, कथं तद्विषयं पुद्गलध्वनिं परिभाषेरन्निति ? उच्यते - अस्त्यार्यसम्मितीयानामात्मा, सौत्रान्तिकानां तु चित्ततद्युक्तसन्ततौ तत्पुद्गलप्रज्ञप्तिः, चित्तसन्ततौ

वेदनासंज्ञा, चेतनादिधर्मयुक्तायां चक्षुरादिसहितायां च चित्तेनान्योन्यानुविधानात् इत्येषा चित्ततद्युक्तानां धर्माणां सन्ततिरहङ्कारवस्तुत्वादात्मेत्युपचर्यते । तथा पुनः पुनर्गत्यादानात् पुद्गल इत्युपचर्यते । योगाचाराणां तु विज्ञानपरिणामः पुद्गलः ॥ यथाऽऽह-

"आत्मधर्मोपचारो हि, विविधो यः प्रवर्तते ।
विज्ञानपरिणामोऽसौ, परिणामः स च त्रिधा ॥"

एवं तन्त्रान्तरीयैः पुद्गलो जीव उक्तः, त्वया पुनः शरीराद्युपकारिणः पुद्गलाः इत्युच्यते, तदेतत् कथं विप्रतिषिद्धत्वादिति प्रश्नयति ॥

नन्वनुपपन्नः संशयः । पूर्वमुक्तमेव-रूपिणः पुद्गला (अ.५, सूत्र-४) इति । न च रूप्यात्मा प्रतीत इति । उच्यते-रूपशब्देन तत्र मूर्तिरुक्ता । सा च मूर्तिरन्यैरसर्वगतद्रव्यपरिमाणमिष्यते । यथा मनः । तच्च स्पर्शादिरहितम् । एतन्निरासार्थमिदमवश्यं वक्तव्यं भवति सूत्रं-स्पर्शादियुक्ता मूर्तिः । तथा चतुस्त्रिद्व्येकगुणानि पृथिव्यादीनि कणभूजोक्तानि । तत्प्रतिषेधार्थं चावश्यंतया विधेयं सर्वाण्येतानि चतुर्गुणानीति । एता विप्रतिपत्तीः सर्वाश्चैतस्याधायात्रोच्यत इत्याह - ॥

**ગુજરાતી ભાષાંતર** :- ભાષ્યના મૂલપાઠમાં આપશ્રી દ્વારા કહેવામાં આવ્યું છે કે "उक्तं भवता" ઈત્યાદિ પાઠની સાથે સંબંધવાળી કેટલીક વાતો હવે વિચારાય છે. આ પ્રસંગે પર એવો કોઈ શિષ્ય ગુરુજીને પ્રશ્ન કરે છે કે "આપના વડે પૂર્વે તત્ત્વાર્થસૂત્રમાં જ (અ.૫, સૂત્ર-૧૯/૨૦ માં જ) કહેવાયું છે કે શરીરાદિ અને સુખ-દુઃખાદિ આ સંસારી જીવને જે પ્રાપ્ત થાય છે તે પુદ્ગલ દ્રવ્યોનો ઉપકાર છે. આવું આપશ્રીએ આ બન્ને સૂત્રોમાં કહ્યું છે. ત્યાં પ્રશ્ન થાય છે કે "पुद्गल" એ શું સમજવું ? કારણ કે આ વિષયમાં અન્યદર્શનકારો ખાસ કરીને માયાસૂનવીયો (માયાપુત્રો એટલે કે બૌદ્ધો) "पुद्गल" શબ્દનો અર્થ જીવ કરે છે. પુદ્ગલ એટલે જીવ એમ તેઓ જણાવે છે. આવા પ્રકારનો આ પુદ્ગલ શબ્દ જીવમાં સંકેતિત કરે છે પોતાના શાસ્ત્રીય વ્યવહારોની સિદ્ધિ માટે પુદ્ગલનો જીવ એવો અર્થ તે બૌદ્ધો કરે છે.

હવે આ વિષયમાં એવો પ્રશ્ન ઉઠે છે કે બૌદ્ધદર્શનકારોને તો આત્મા (જીવ) જેવો કોઈ પદાર્થ જ માન્ય નથી. કારણ કે સર્વે પણ વસ્તુઓ ક્ષણિકમાત્ર જ છે. જો જીવ જેવો કોઈ પદાર્થ માન્ય જ ન હોય તો પુદ્ગલ શબ્દનો અર્થ જીવ કરીને તેના વિષે ભાષણ કેમ કરી શકે ? તેઓ જે પદાર્થને માનતા જ ન હોય તેને જ બીજા શબ્દથી પણ પ્રકાશિત કેમ કરી શકે ? આવો પ્રશ્ન થાય છે.

उच्यते = ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર હવે અપાય છે - (૧) **આર્યસમ્મિતિ**ને માનનારો બૌદ્ધદર્શનનો એક સંપ્રદાય "आत्मा" છે એમ માને છે. (ભલે કદાચ તેઓ આત્માને ક્ષણિક

(ક્ષણમાત્ર વૃત્તિવાળો) માને, અથવા બૌદ્ધનો બીજો એક સંપ્રદાય ચાર ક્ષણની વૃત્તિવાળો આત્મા છે એમ માને છે. પણ આત્મા છે એમ માને છે.)

(૨) તથા **સૌત્રાન્તિક** નામનો બૌદ્ધદર્શનનો બીજો એક સંપ્રદાય ચિત્તમાં તથા ચિત્તયુક્ત સંતતિમાં જીવને "पुद्गल" દ્રવ્ય છે એમ કહીને પણ સ્વીકારે છે ખરો. કારણ કે ચિત્તસન્તતિમાં વેદનાસંજ્ઞા (દુઃખની પીડાનો અનુભવ અને જ્ઞાનચેતના) છે એટલે કે ચિત્તસંતતિને જ વેદના એવી સંજ્ઞા આપે છે. ચેતના આદિ ધર્મથી યુક્ત એવી અને ચક્ષુરાદિ ઈન્દ્રિયોથી સહિત એવી વેદના શક્તિ હોતે છતે ચિત્તની સાથે તે એકમેકપણે વ્યાપ્ત થાય છે. તેને ચિત્તસંતતિ કહેવાય છે.

તે માટે તે વેદના (સંવેદના) શક્તિને જ આત્મા કહે છે. આવા પ્રકારની આ ચિત્તસન્તતિ તથા તેનાથી યુક્ત એવા ધર્મોની જે પરંપરા છે કે જે अहंकारात्मक વસ્તુ છે તે अहं એવા સ્વરૂપવાળી જે વસ્તુ છે તેમાં જ आत्मा એવો ઉપચાર (વ્યવહાર) કરે છે. તે વારંવાર ગમન અને ગ્રહણ (અર્થાત્ ગલન અને પૂરણ) કરતો હોવાથી તે આત્માને જ "पुद्गल" કહે છે. પુદ્ગલ શબ્દનો તેમાં ઉપચાર કરાય છે.

(૩) योगाचारवादी આ નામનો બૌદ્ધોનો ત્રીજો એક સંપ્રદાય છે જ્ઞાનાત્મક જે પરિણામ છે તે જ આત્મા છે પરંતુ આત્મા જેવું જ્ઞાનગુણવાળું દ્રવ્ય કોઈ નથી. તેઓના સિદ્ધાંતમાં કહ્યું છે કે

"આત્મધર્મ" એવો જે ઉપચાર કરાય છે તે વિવિધ પ્રકારે પ્રવર્તે છે. તે વાસ્તવિકપણે **વિજ્ઞાનાત્મક** પરિણામ જ માત્ર છે (અર્થાત્ ચેતનાધર્મ જ છે) અર્થાત્ આત્મા નામનું ધર્મીદ્રવ્ય કોઈ નથી તે પરિણામ ત્રણ પ્રકારનો છે."

આ પ્રમાણે અન્ય દર્શનકારો વડે (બૌદ્ધો વડે) પુદ્ગલ એ જ જીવ કહેવાયો છે. પણ ચેતનાવાળું એવું જીવ દ્રવ્ય છે. આવો જીવ સ્વીકારાયો નથી.

(૪) माध्यमिक નામના ચોથા પ્રકારના બૌદ્ધો છે કે જેઓ શૂન્યવાદને જ સ્વીકારે છે આ સંસારમાં જીવ-પુદ્ગલ જેવું કશું છે જ નહીં સર્વથા શૂન્યતા જ છે જે જે દેખાય તે સર્વ ભ્રમમાત્ર છે બૌદ્ધોના ઉપર સમજાવ્યા પ્રમાણે ચાર પેટાભેદો છે.

જ્યારે જૈનો વડે પુદ્ગલ એ અચેતન દ્રવ્ય છે અને તે વર્ણ ગંધ રસ અને સ્પર્શવાળું દ્રવ્ય છે. શરીરાદિ સ્વરૂપે જીવને ઉપકાર કરનારા ભાવો છે તો આ બૌદ્ધની વાત અને જૈનની વાત પરસ્પર વિરુદ્ધ સ્વરૂપવાળી હોવાથી સંગત કેમ થાય ? આવા પ્રકારનો કોઈ શિષ્યનો

પ્રશ્ન છે. બૌદ્ધની વાત અને જૈનદર્શનની વાત પરસ્પર વિશેષ પ્રતિસિદ્ધ સ્વરૂપવાળી છે તો સંગતિ કેમ થાય ? આવો કોઈ શિષ્યનો પ્રશ્ન છે.

**ઉત્તર** :- જૈનદર્શનવાળા તેનો જવાબ આપે છે કે **अयमनुपपन्नः संशयः** = આ સંશય જ અઘટિત છે. કારણ કે પૂર્વે (અ. ૫, સૂત્ર-૪માં) અમે જ કહ્યું છે કે જે જે રૂપવાળી વસ્તુ જણાય છે તે તે વસ્તુઓ પુદ્ગલ છે (रूपिणः पुद्गलाः ૫-૪) દેખાય તેવાં જે દ્રવ્યો દૃશ્ય હોવાથી પુદ્ગલ જ છે. તે જીવ નથી. કારણ કે જીવ ક્યારેય રૂપી નથી. શરીરધારી હોવાથી શરીર રૂપી છે એટલે તેમાં રહેલા આત્માને શરીર સાથે અભેદના કારણે રૂપી કહેવાય છે. પરંતુ પરમાર્થે તે અરૂપી દ્રવ્ય છે.

અહીં રૂપી શબ્દનો અર્થ મૂર્તિવાળો એવો કરવો. અહીં મૂર્તિ શબ્દનો અર્થ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળાપણું એવો અર્થ કરવો પણ અન્ય દર્શનકારો મૂર્ત એટલે **असर्वव्यापी द्रव्यपरिमाण** આવો અર્થ કરે છે. તે ન કરવો. તે ખોટો અર્થ છે તે લોકો એમ માને છે કે જે દ્રવ્યો અસર્વવ્યાપી હોય છે તે તે દ્રવ્ય મૂર્ત જ હોય છે. જેમકે મન, મન તે અણુપરિમાણવાળું છે તે માટે મૂર્ત છે અને તે મન સ્પર્શાદિ ચારે ગુણોથી રહિત છે આમ તે અન્ય દર્શનકારો માને છે. પરંતુ તે વાત બરાબર નથી.

ઉપરોક્ત બૌદ્ધ દર્શનની માન્યતાનું ખંડન કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે આવા પ્રકારનું સૂત્ર અવશ્ય કરવું જોઈએ અને કહેવું જોઈએ કે સ્પર્શ-વર્ણ-ગંધ અને રસ આ ચારે ગુણોથી યુક્ત એવો જે પદાર્થ છે તે મૂર્ત જ છે અને તે પુદ્ગલદ્રવ્ય જ છે પુદ્ગલદ્રવ્ય સદાકાળ વર્ણાદિ ચારે ગુણોવાળું જ દ્રવ્ય હોય છે અને મૂર્તદ્રવ્ય જ હોય છે. પુદ્ગલાસ્તિકાય નામનું જે દ્રવ્ય છે તે અજીવદ્રવ્ય છે, મૂર્તદ્રવ્ય છે અને વર્ણાદિ ચારગુણવાળું જ છે. પુદ્ગલદ્રવ્ય સદા રૂપી જ હોય છે એટલે મૂર્ત જ હોય છે.

પરંતુ કણાદ ઋષિના અનુયાયી જીવો (એટલે કે નૈયાયિકો અને વૈશેષિકો) જે એમ માને છે કે પૃથ્વીદ્રવ્ય ચારગુણવાળું છે. જળદ્રવ્ય ગંધ વિના ત્રણ ગુણવાળું છે તેજ નામનું દ્રવ્ય, રૂપ અને સ્પર્શ એમ બે ગુણવાળું દ્રવ્ય છે અને વાયુ નામનું દ્રવ્ય એક સ્પર્શગુણવાળું છે. એટલે કે પૃથ્વી-જલ-તેજ અને વાયુ અનુક્રમે ચાર-ત્રણ-બે અને એક ગુણવાળાં દ્રવ્યો છે આવું તેઓનું જે કથન છે તે ઉચિત નથી તે બરાબર નથી. તેથી તેઓના નિષેધ માટે જ અમારે અવશ્ય કહેવાનું જ છે કે પૃથ્વી આદિ આ ચારે દ્રવ્યો ચાર ગુણવાળાં જ છે. પરંતુ પાણી ત્રણ ગુણવાળું નથી, અગ્નિ બે ગુણવાળો નથી અને વાયુ એક ગુણવાળો નથી જ. આ સર્વે દ્રવ્યો ચાર ગુણવાળાં જ છે.

ઉપર સમજાવેલી આ સર્વ ચર્ચા ચિત્તમાં રાખીને જ વિશેષપણે વિવક્ષા કરવા માટે હવે પછીના સૂત્રમાં ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર કહેવાય છે.

**भाष्यम् :- एतदादिविप्रतिपत्तिप्रतिषेधार्थं विशेषवचनविवक्षया चेदमुच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- ઉપર કહેલા "પુદ્ગલ શબ્દથી આત્મા લેવાય છે" વિગેરે વિવાદોના પ્રતિષેધ માટે અને યથાર્થ સાચું શું છે ? તે વિશેષવાણી જણાવવાની ઈચ્છાથી સૂત્રકાર મહારાજા આ પ્રમાણે જણાવે છે કે :-**

**संस्कृत टीका :-** एतदादीत्यादि ॥ एषा आदिर्यासां ता एतदादयः, पुद्गलशब्देनात्मोच्यत इत्येषा विप्रतिपत्तिराद्या । कुत्सिता प्रतिपत्तिर्विप्रतिपत्तिः, तथा सर्वगतं द्रव्यं स्पर्शादिरहितं चेति द्वितीया विप्रतिपत्तिः ॥ तन्निषेधाय सूत्रारम्भः । तथा च पृथिव्यादिद्रव्याणि विशेषवचनैर्वक्तुमिष्टानि पृथक् पृथक् चतुर्गुणानीत्येतदभिधीयते ॥ -

**ગુજરાતી ભાષાંતર :-** एतदादि પદોવાળી ભાષ્યની જે પંક્તિઓ છે તેનો અર્થ સંસ્કૃત ટીકામાં કરાય છે. एषा = આ વિપ્રતિપત્તિ (અર્થાત્ વિવાદ) છે આદિમાં જેને તે एतदादि = આ વિગેરે વિવાદો, ત્યાં સૌથી પ્રથમ વિવાદ જૈન દર્શનકારોને અન્ય દર્શનકારો સાથે (બૌદ્ધ દર્શનકારો સાથે) "પુદ્ગલ શબ્દથી આત્મા" ગ્રહણ કરાય છે તે જ આ પ્રથમ વિવાદનો વિષય છે. જૈનો પુદ્ગલ એટલે અજીવ-જડ પદાર્થો કહે છે જ્યારે બૌદ્ધો પુદ્ગલ શબ્દથી આત્મા અર્થગ્રહણ કરે છે. આ સૌથી પ્રથમ મોટો વિવાદ છે તથા બીજો વિવાદ પુદ્ગલ દ્રવ્ય સર્વવ્યાપી છે અને સ્પર્શાદિ ગુણોથી રહિત છે. આવું બૌદ્ધો જે માને છે તે બીજો વિવાદનો વિષય છે. कुत्सिता प्रतिपत्तिः = ઉલટી સુલટી - મનફાવે તેમ આડાઅવળી જે કલ્પના તે વિપ્રતિપતિ કહેવાય છે. અથવા વિવાદનું સ્થાન કહેવાય.

ઉપરોક્ત બન્ને વાતોના નિષેધ માટે હવે પછીના સૂત્રનો આરંભ કરાય છે. તેથી પૃથિવી આદિ ચારે દ્રવ્યો ભિન્ન ભિન્ન છે અને ચારે દ્રવ્યો ચાર ચાર ગુણોવાળાં છે આ પૃથિવી આદિ ચારે દ્રવ્યો છે આવા પ્રકારનું વિશેષ વચન દ્વારા વર્ણન કરવાને સૂત્રકારને જે ઈષ્ટ છે તે જ હવે કહેવાય છે. કોઈ દ્રવ્ય એક-બે કે ત્રણ ગુણવાળાં નથી ચારે દ્રવ્યો ચાર ચાર ગુણવાળાં જ છે. તે હવે જણાવે છે.

**सूत्रम् :- स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥५-२३॥**

**સૂત્રનો અર્થ :- સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ (રૂપ) આ ચારે ગુણોવાળાં પુદ્ગલ દ્રવ્યો છે. ।।૫-૨૩।।**

**संस्कृत टीका :-** प्राङ्निर्दिष्टेन्द्रियक्रमापेक्षः स्पर्शादिविन्यासः । विषयबलवत्त्वात् स्पर्शग्रहणमादौ। सति च तस्मिन् रसादिसद्भावात् ॥ एतदुक्तं भवति - स्पर्शित्वादबादीनि चतुर्गुणानि पृथिवीवत्। तथा मनः स्पर्शादिमदसर्वगतद्रव्यत्वात् पार्थिवाणुवत्। कृतद्वन्द्वानां मत्वर्थीयः । स च सम्बन्धापेक्षः । सम्बन्धश्च स्पर्शनादिप्राप्ताः पुद्गलाः स्पर्शाद्याकारेणोपपद्यन्त इति ॥ अथवा सर्वदैव स्पर्शादियुक्ताः पुद्गला इति नित्ययोगे मतुप् विहितः । तस्मादिन्द्रियसम्बन्धात् प्रागपि स्पर्शाद्याकारभाजस्त इति ॥

**ગુજરાતી ભાષાંતર :-** પૂર્વે પસાર કરેલા અધ્યાયમાં (અર્થાત્ બીજા અધ્યાયના વીસમા ૨-૨૦ સૂત્રમાં) જણાવ્યા પ્રમાણે પાંચે ઈન્દ્રિયોના ક્રમને અનુસારે તેના વિષયભૂત સ્પર્શ આદિ ગુણોની આ સૂત્રમાં રચના કરેલી છે.

**પ્રશ્ન :-** આ ચારે ગુણોમાં **સ્પર્શગુણને** સૌથી પ્રથમ કેમ ગ્રહણ કર્યો છે ?

**ઉત્તર :-** વિષયોનું બળવાનપણું હોવાથી ચારે ગુણોમાં "સ્પર્શ" ગુણને સૌથી પ્રથમ કહ્યો છે કારણ કે જો સ્પર્શ ગુણ હોય તો જ તે ગુણ હોતે છતે રસાદિ શેષ ચાર ગુણ હોય છે. અન્યથા સ્પર્શ વિના રસાદિ ગુણો હોતા નથી. ઉપરોક્ત કથનનો સાર એ છે કે, अप् (પાણી) જળ વિગેરે દ્રવ્યો (જળ, તેજ અને વાયુ) આ ત્રણે દ્રવ્યો પણ તથા પૃથ્વીની સાથે ચારે દ્રવ્યો પણ ચાર ચાર ગુણવાળાં જ છે. પૃથ્વી દ્રવ્યની જેમ જળાદિ બાકીનાં ત્રણ દ્રવ્યો પણ ચાર ગુણવાળાં જ છે. સારાંશ કે જેમ પૃથ્વીદ્રવ્ય સ્પર્શાદિ ચાર ગુણવાળું છે તેમજ જળ-તેજ અને વાયુ આ દ્રવ્યો પણ રૂપાદિ ચારે ગુણોવાળાં જ છે (એટલે કે નૈયાયિકો અને વૈશેષિકો જે એમ માને છે કે (૧) પૃથ્વી ચાર ગુણવાળી, (૨) જળદ્રવ્ય ગંધ વિના ત્રણ ગુણવાળું, (૩) તેજ દ્રવ્ય રૂપ અને સ્પર્શ એમ બે ગુણવાળું, (૪) અને વાયુ દ્રવ્ય એક સ્પર્શમાત્ર ગુણવાળું છે તે વાત સર્વથા ખોટી જ છે. ચારે દ્રવ્યો ચાર ચાર ગુણવાળાં છે પણ ચાર-ત્રણ-બે અને એક ગુણવાળાં નથી.

તથા મન નામનું દ્રવ્ય પણ અસર્વવ્યાપી હોવાથી રૂપ-રસાદિ ચાર ગુણોવાળું જ દ્રવ્ય છે. પૃથ્વીના પરમાણુઓની જેમ મન પણ ચાર ગુણોવાળું જ દ્રવ્ય છે. મન એ પણ મનોવર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યનું જ બનેલું છે તેથી પૌદ્ગલિક હોવાથી ચાર ગુણવાળું જ છે.

સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ આ ચારે શબ્દોનો ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરેલો છે. ઇતરેતર દ્વન્દ્વ સમાસ કર્યા પછી મત્વર્થીય એવો मत् પ્રત્યય લાગેલો છે અને ત્યારબાદ मत् પ્રત્યયના म् નો व् થયેલો છે. જેથી वर्णवन्तः રૂપ બનેલું છે.

અહીં જે આ મત્ પ્રત્યય કરવામાં આવ્યો છે તે સંબંધની અપેક્ષાએ કરવામાં આવ્યો છે. સ્પર્શ આદિ ચારે ગુણોને પ્રાપ્ત કર્યા છે જેઓએ એવાં જ ચાર ગુણોવાળાં જ સર્વ પુદ્ગલો છે અને ઘણા ઘણા પરમાણુઓ સાથે મળીને દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુકાદિ સ્કંધ રૂપે પરિણામ પામે છે તે સર્વે પણ પરમાણુઓ તથા સ્કંધો સ્વરૂપે રહેલાં પુદ્ગલદ્રવ્યો સ્પર્શાદિ ચારે ગુણવાળાપણે જ પ્રગટ થાય છે. સ્કંધો બન્યા પૂર્વે પણ તે અણુઓ ચાર ગુણોવાળા જ સદા હતા અને પરસ્પર જોડાઈને સ્કંધ સ્વરૂપે બન્યા હોય ત્યારે પણ ચાર ગુણવાળા જ છે પરંતુ ક્યારેય પણ એક ગુણવાળા કે બે ગુણવાળા કે ત્રણ ગુણવાળા બન્યા નથી, બનતા નથી અને બનશે પણ નહીં જ. આવું પુદ્ગલનું સ્વરૂપ છે.

અથવા સર્વે પણ પુદ્ગલ દ્રવ્યો સર્વકાળે સ્પર્શાદિ ચારે ગુણોથી યુક્ત જ હોય છે. નિત્ય ચાર ગુણોવાળાં હોવાથી વ્યાકરણશાસ્ત્રના નિયમને અનુસારે नित्य ના યોગમાં मतुप् પ્રત્યય લાગેલો છે. કારણ કે તે આ સર્વે પણ પુદ્ગલદ્રવ્યો ચક્ષુરાદિ ઈન્દ્રિયોની સાથે સંબંધ પામે ત્યારે તે તે ગુણો જણાય છે. પણ આ ગુણો તો તેમાં પૂર્વકાળથી હતા જ અને રહેશે જ તેથી તે પુદ્ગલ દ્રવ્યો સદાકાળ ચાર ગુણોને ભજનારાં છે.

**भाष्यम् :- स्पर्शः रसः गन्धः वर्ण इत्येवंलक्षणाः पुद्गला भवन्ति ॥**

**ભાષ્યનો અર્થ :- સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ આવા લક્ષણવાળાં પુદ્ગલ દ્રવ્યો છે.**

**संस्कृत टीका :-** स्पर्श इत्यादि भाष्यम् । कर्मसाधनाः सर्वे स्पर्शादयः । इतिशब्दो यस्मादर्थे । यस्मादित्थं लक्षणाः पुद्गला भवन्ति तस्मान्न जीवाः पुद्गलशब्दवाच्या इति । यथा चैते परमाण्वादिगताः स्पर्शादयो गुणाः परमाण्वादिभ्यो भिन्नाश्चाभिन्नाश्च, तथा "गुणपर्यायवद् द्रव्यम्" इत्यत्र (३७) सूत्रे प्रतिपादयिष्यामः ॥

ननु च नैव केचन विज्ञानाद् बहिः स्पर्शादिमन्तः पुद्गला विद्यन्ते । विज्ञानमेव तथा प्रत्यवभासते । बाह्यार्थनिरपेक्षस्वप्नादाविवेति । अयुक्तमेनत्, अनुभवविरोधात् । यस्माद् देशविच्छेदेन स्वान्तर्वर्तिनोऽनुभवाद् बहिरवभासमानो दृश्यते नीलपीतादिरर्थः ॥

स्वसंवेद्यो हि बुद्धिसन्निवेशी बाह्यार्थाकारानुकारो द्योतते ! स निह्नोतुमशक्यः । यदा चार्थस्य ज्ञानग्राह्यं स्वरूपं तद्द्योतते, कथं सोऽर्थो नास्तीत्युच्यते ? ॥ स्वप्ने च विपर्ययदर्शनादविपर्ययदर्शनाच्च जाग्रदवस्थायामित्यसमञ्जसमुदाहरणम् प्रमाणप्रमाणाभासाविशेषाच्च ॥

बाह्यार्थशून्यतायां हि वस्तुस्वलक्षणग्राहि ज्ञानं प्रमाणं प्रत्यक्षमर्थान्तरविकल्पमुखेन प्रवर्तमानं

प्रत्यक्षाभासमित्येष विशेषो न स्यात् । तस्माद् विज्ञानं बहिरर्थस्वरूपानुकारितया साकारम्, अनाकारत्वे प्रत्यासत्तिविप्रकर्षाभावात् सर्वार्थग्रहणमग्रहणं वा स्यात् । अतो ग्राहकविशेषादेव ग्राह्यदृष्टिनिबन्धनम्, अन्यथाऽर्थज्ञानमित्येतदपि न स्यात् । व्यपदेशस्योपकारप्रभावितत्वात् । उपकारस्य च जन्यजनकभावनान्तरीयकत्वात् अलमतिविस्तरेण, प्रकृतमुच्यते -

**ગુજરાતી ભાષાંતર :-** स्पर्श ઈત્યાદિ પદોવાળા ભાષ્ય ઉપર વિવેચન લખાય છે - સ્પર્શ-રસ-ગન્ધ અને વર્ણ આ ચારે શબ્દો કર્મકારકમાં નિષ્પન્ન થયા છે એટલે કે કર્મમાં પ્રત્યય લાગીને બનેલા છે. જેમકે स्पृश्यते यः सः स्पर्शः જે સ્પર્શ કરાય તે સ્પર્શ, જે ચખાય તે રસ, જે સુંઘાય તે ગંધ અને જે દેખાય તે રૂપ આવા અર્થો આ શબ્દોના જાણવા.

ભાષ્યમાં જે इति શબ્દ છે તે यस्मात् અર્થમાં છે. સારાંશ કે જે કારણથી આવાં લક્ષણો વાળાં પુદ્ગલ દ્રવ્યો છે. અર્થાત્ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળાં જે દ્રવ્યો છે. તે પુદ્ગલ દ્રવ્ય જ છે. તે કારણથી पुद्गल શબ્દથી જીવદ્રવ્યને વાચ્ય ન બનાવવું. કારણ કે पुद्गल શબ્દ ક્યાંય જીવદ્રવ્યવાચી પ્રાપ્ત થતો નથી. જે કારણથી આવા પ્રકારના લક્ષણવાળાં (અર્થાત્ સ્પર્શાદિ ચારે ગુણવાળાં) પુદ્ગલ દ્રવ્યો જ છે. (અર્થાત્ અજીવ દ્રવ્યો જ છે.) એટલે કે જડદ્રવ્યો જ હોય છે. ચેતન દ્રવ્ય ક્યારેય આવું સ્પર્શાદિ ચાર ગુણવાળું હોતું નથી. તે તો અરૂપી દ્રવ્ય છે. તેથી पुद्गल શબ્દથી વાચ્ય પદાર્થ તરીકે जीव નામનો પદાર્થ ક્યારેય ભૂલેચૂકે પણ ન સમજવો.

ચૈતન્યાદિ ગુણોવાળું અને ચક્ષુરિન્દ્રિયથી અગોચર એવું જીવદ્રવ્ય જે છે તે તદ્દન જુદું જ દ્રવ્ય છે. જીવ એ પુદ્ગલ દ્રવ્ય નથી અને પુદ્ગલ એ જીવદ્રવ્ય નથી એકરૂપી છે બીજું અરૂપી છે એક વર્ણાદિ ગુણોવાળું છે બીજું વર્ણાદિ ગુણોથી રહિત છે. એક ચક્ષુથી ગોચર છે બીજું અતીન્દ્રિય છે માટે બન્ને દ્રવ્યો સ્વતંત્ર છે.

હવે પરમાણુ આદિ પુદ્ગલદ્રવ્યોમાં જ રહેવાવાળા સ્પર્શાદિ જે આ ચાર ગુણો છે (સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ નામના જે ગુણો છે) તે ચારે ગુણોના આધારભૂત માત્ર એક પુદ્ગલદ્રવ્ય જ છે. તથા વળી તે ચારે ગુણો આ પુદ્ગલ દ્રવ્યથી ભિન્નાભિન્ન પણે વર્તે છે અર્થાત્ કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે પરંતુ નૈયાયિક-વૈશેષિકો આદિ જેમ માને છે તેમ એકાન્તે ભિન્ન નથી તે લોકો પ્રથમ એકાન્તે ભિન્ન માને છે પછી ગુણ-ગુણી ભાવ લાવવા "સમવાય સંબંધ" જેવો કોઈ સંબંધ માને છે પરંતુ આ ગુણ અને ગુણી એકાન્તે ભિન્ન પણ નથી. તથા બન્નેને જોડવા સમવાયસંબંધ જેવો કોઈ સંબંધ પણ નથી. માત્ર તાદાત્મ્યસંબંધ છે. જેથી ભિન્નાભિન્ન સમજાય છે અને તે પ્રમાણે કહેવાય પણ છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં જ અધ્યાય-૫, સૂત્ર-૩૭ માં જ કહ્યું છે કે "गुणपर्यायवद् द्रव्यम्" ગુણો અને પર્યાયોવાળી જે વસ્તુ છે. તે દ્રવ્ય છે આ પ્રમાણે અમે આગળ ઉપર આ સૂત્ર આવશે ત્યારે સમજાવવાના છીએ.

**પ્રશ્ન :-** અહીં યોગાચારવાદી બૌદ્ધ દર્શનકારો પોતે એવું માને છે કે આત્મા જેવું કોઈ સ્થિર દ્રવ્ય છે જ નહીં માત્ર વિજ્ઞાન પરંપરા છે ક્ષણે ક્ષણે પ્રગટ થતું નવું નવું જ્ઞાન એ જ તત્ત્વ છે. એને જ લોકો જીવ માની લે છે પરંતુ વિજ્ઞાનથી ભિન્ન સ્પર્શાદિ ચાર ગુણોવાળું પુદ્‌ગલ દ્રવ્ય જેવું કોઈ દ્રવ્ય જ નથી. વિજ્ઞાન એ જ એક તત્ત્વ છે અને તે વિજ્ઞાન જ તે તે સ્વરૂપે પ્રગટ થાય છે તેથી ભાષિત થાય છે જેમ સ્વપ્નમાં જે જણાય છે તે પદાર્થ ત્યાં સંભવતો નથી અને જ્ઞાનમાત્ર થાય છે. તેવી જ રીતે આ સકળ જગત્ જ્ઞાનમાત્ર રૂપ જ છે. પદાર્થો કોઈ છે જ નહીં તેથી બાહ્ય પદાર્થોથી નિરપેક્ષ એવું સ્વપ્નજ્ઞાન એ એક પ્રકારનું વિજ્ઞાન જ છે તેની જેમ પદાર્થો વિના આ જગત પણ વિજ્ઞાનાત્મક જ માત્ર છે. આ પ્રમાણે બૌદ્ધદર્શનના ચાર ફિરકામાંના ત્રીજા નંબરવાળા યોગાચારવાદી નામના બૌદ્ધદર્શનના એક ફિરકાવાળા આમ કહે છે.

अयुक्तमेतद् = ઉત્તર-બૌદ્ધદર્શનના યોગાચારવાદીનું ઉપરોક્ત કથન સઘળું પણ અયુક્ત જ છે અનુચિત જ છે અર્થાત્ બીલકુલ ખોટું છે. કારણ કે અનુભવથી વિરુદ્ધ બૌદ્ધોની આ વાત છે પોતાના હૃદયની અંદર પ્રગટ થતા અનુભવ થકી ભિન્ન અને બહાર પદાર્થ સ્વરૂપે જણાતા એવા જે પદાર્થો છે. તે પદાર્થોના દેશ દેશ સ્વરૂપે જો ટુકડા થઈ જાય તો પણ તે પદાર્થ ટુકડા સ્વરૂપે પણ જણાય જ છે નીલા અને પીળા વિગેરે કલરવાળી બધી વસ્તુઓ આંખ સામે છેદ-ભેદ પામતી, અને પોતપોતાને ઉચિત કામકાજમાં વપરાતી વસ્તુઓ દેખાય જ છે. જેમકે તેલ ભરેલી એક કાચની બરણી હાથમાંથી પડી ગઈ અને ફુટી ગઈ. અનેક ટુકડા થઈ ગયા. ત્યારે ભૂમિ ઉપર રેલા રૂપે વહેતું તેલ પણ દેખાય છે. કાચના ટુકડા પણ દેખાય છે. શૂન્ય ઉપયોગે નજીક જતાં કાચ વાગે પણ છે. રૂધિરાદિ વહે પણ છે આ સર્વને શૂન્ય છે આમ કેમ મનાય ?

કેવળ એકલું વિજ્ઞાન માત્ર જ હોય તો વિજ્ઞાન એ તો આત્માનો ગુણ છે. જ્ઞાનગુણ હોવાથી આત્મામાં જ ભાષિત થવું જોઈએ. બહાર પદાર્થ સ્વરૂપે, ટુકડા થવા સ્વરૂપે, પગમાં વાગવા સ્વરૂપે, રૂધિરાદિ વહેવરાવે તે ભાવે આ કાચના ટુકડા કેમ દેખાય ? અને બાહ્ય પદાર્થસ્વરૂપે દેખાય તો છે જ, તે માટે વિજ્ઞાન માત્ર જગત્ નથી. પરંતુ જીવ અજીવ આદિ દ્રવ્યોથી ભરપૂર ભરેલું આ જગત છે. બાહ્ય પદાર્થો તે તે રૂપે સત્ છે. યથાર્થ છે કેવળ એકલું વિજ્ઞાનમાત્ર નથી.

આ પ્રમાણે પોતાના અનુભવથી સંવેદન સ્વરૂપે થતો, બુદ્ધિમાં પ્રતિભાસિત થતો તથા બાહ્ય પદાર્થના પારમાર્થિક આકારને ધારણ કરનારો જે જે ઘટ-પટ આદિ પદાર્થ દેખાય છે જેનાથી જલાધાર અને શરીરાચ્છાદન આદિ કાર્ય કરાય છે. તેવા સાચા પદાર્થને છુપાવવો આ પદાર્થ એ પદાર્થ જ નથી. આમ કહેવું તે કેમ યોગ્ય ગણાય ? સત્ય કેમ કહેવાય ? આવું કહેવું તે ઉચિત જ ન ગણાય,

જ્યારે જ્ઞાનથી સમજી શકાય તેવું, દેખી શકાય તેવું, તથા અનુભવી શકાય તેવું પદાર્થનું સ્વરૂપ સાક્ષાત્ જણાય જ છે ત્યાં "પદાર્થ નથી" "જ્ઞાન જ માત્ર છે" આમ કેમ કહેવાય ?

(૧) ઘણી તરસ લાગી હોય ત્યારે એક ગ્લાસ પાણી પીવાથી તૃષાનો છેદ થાય છે. ઘણો સંતોષ થાય છે બીજા કામોમાં ચિત્ત પરોવાય છે ત્યારે તે એક ગ્લાસ પાણીને વિજ્ઞાન માત્ર છે આમ કેમ કહેવાય ?

(૨) સળવળ સળવળ થતો, ફુંફાડા મારતો તથા ફણા ઉંચી કરીને ડરાવતો સાપ સામે આવતો હોય ત્યારે "આ વિજ્ઞાનમાત્ર જ છે" આમ કેમ કહેવાય ?

(૩) ચાલતાં ચાલતાં રસ્તામાં કુવો આવે, અંદર પડી જવાય, પાણીમાં ડુબી જવાય, મૃત્યુ પણ થઈ જાય, જલચર જીવો વડે ડંખ પણ થાય છતાં આ "વિજ્ઞાનમાત્ર જ છે" આમ કેમ કહેવાય ? માટે બાહ્ય પદાર્થો નથી, આવી બૌદ્ધદર્શનની વાત બરાબર નથી. આ સંસાર સ્વપ્નવત્ છે એમ કહીને સંસારને મિથ્યા છે એમ કહેવું વ્યાજબી નથી મોહ ઉતારવા સ્વપ્નવત્ કહેવાય છે. સ્વપ્નમાં જે જ્ઞાન થાય છે તે ભ્રમમાત્ર છે. તે પ્રમાણે પદાર્થ હોતા નથી. પરંતુ જાગ્રત અવસ્થામાં જે જ્ઞાન થાય છે તે પદાર્થ યથાર્થ હોય છે. સ્વપ્નમાં મોદક ખાધા હોય તો પેટ ભરાતું નથી. પરંતુ જાગ્રત અવસ્થામાં મોદક ખાધા હોય તો પેટ ભરાય છે. માટે સ્વપ્નની જેમ મિથ્યા કહેવાય નહીં.

સંસારમાં જે વસ્તુ જે સ્વરૂપે છે તે વસ્તુને તે સ્વરૂપે સ્વીકારવી જોઈએ વસ્તુ જેવી હોય છે તેને અનુસારે તેનું જ્ઞાન થાય છે માટે વસ્તુને મિથ્યા કેમ કહેવાય ? વિજ્ઞાન માત્ર જ છે અને બાહ્ય પદાર્થ કોઈ છે જ નહીં આમ માનવાથી વર્તમાન કાળે ઉપર કહેલા દૃષ્ટાન્ત પ્રમાણે જે જે અનુભવો થાય છે તેને અસમંજસ (ખોટા) કહેવા પડશે તથા બાહ્ય કોઈ પદાર્થ નથી આમ માનવાથી પ્રમાણજ્ઞાન અને અપ્રમાણજ્ઞાન સરખાં માનવાં પડશે. આ વાત કેમ સત્ય કહેવાય ? જે સર્વથા ખોટું જ છે.

બાહ્ય પદાર્થો નથી જ અર્થાત્ શૂન્ય જ છે આવું માનવાથી વસ્તુના પોતાના સ્વરૂપને

સમજાવનારું જે જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષપ્રમાણ છે અને હોય સર્પ અને માની લઈએ રજ્જુ, તેને પકડવા જઈએ ત્યારે સર્પ કરડે એટલે જે આ રજ્જુનું જ્ઞાન છે. તે પ્રમાણાભાસ છે. આવા પ્રકારની વિશેષતા જગતમાં જે પ્રવર્તે છે તે ઘટશે નહીં. તેથી માનવું જોઈએ કે મગજની અંદર થતું જે જ્ઞાન છે તે વિજ્ઞાન છે. તે વિજ્ઞાન જો બાહ્ય પદાર્થનું જે સ્વરૂપ છે તેને અનુસરનારું હોય તો અર્થાત્ બાહ્ય પદાર્થના આકારને ઝીલનારું એટલે કે સવિષયક હોય તો તે સાકારોપયોગ જ્ઞાન કહેવાય છે અને તે પ્રમાણજ્ઞાન કહેવાય છે.

જ્ઞેય પદાર્થનો આકાર જો જ્ઞાનમાં પ્રતિભાષિત થતો હોય તો તે સાકારજ્ઞાન કહેવાય છે અને જ્ઞેયનો આકાર જો જ્ઞાનમાં પ્રતિભાષિત થતો ન હોય તો તે અનાકારજ્ઞાન કહેવાય છે. એટલે કે આ કંઈક વસ્તુ માત્ર છે (इदं किञ्चित्) આવું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તેમાં નિયત વિષયનો પ્રતિભાસ ન થતો હોવાથી प्रत्यासत्ति (નિકટતા) કે विप्रकर्षता (દૂરપણું) આ બન્નેનો અભાવ હોવાથી કાં તો સર્વ અર્થનું ગ્રહણ થવું જોઈએ અથવા સર્વ અર્થનું અગ્રહણ થવું જોઈએ પરંતુ આમ બનતું નથી. તેથી જ્ઞાન અને જ્ઞેય બન્ને તત્ત્વો ભિન્ન ભિન્ન છે માટે જ જ્ઞાન પોતે જ્ઞેયાકારપણે પરિણામ પામે છે ત્યારે સાકારોપયોગ કહેવાય છે.

ઉપરની ચર્ચાથી સમજાશે કે જો જ્ઞાન તે ગ્રાહ્ય વસ્તુના વિશેષ ધર્મનું ગ્રાહક હોય એટલે કે વિશેષ ધર્મને જણાવતું હોય ત્યારે જ તે **પ્રમાણજ્ઞાન** કહેવાય છે. અને પારમાર્થિકપણે તે જ્ઞાન જ જ્ઞેયને યથાર્થપણે સમજાવનારું બને છે. અન્યથા અર્થાત્ આવા પ્રકારના વિશેષ બોધ વિના પદાર્થનું સાચું જ્ઞાન થતું જ નથી. કારણ કે "આ ઘટ છે" એવા પ્રકારનું જે જ્ઞાન થાય છે તેથી ઘટ નામનો જે પદાર્થ છે તે જ્ઞાન પ્રગટ કરવામાં ઉપકારક તત્ત્વ છે અને જ્ઞાન એ ઉપકાર્ય તત્ત્વ છે. આ પ્રમાણે ઘટ અને ઘટજ્ઞાન વચ્ચે પણ જન્ય-જનકભાવ હોવાથી તે નામનો સંબંધ છે. આ ઉપકાર જન્ય-જનકભાવથી સહિત છે. જો બાહ્ય પદાર્થનું અસ્તિત્વ ન માનવામાં આવે તો વિજ્ઞાનમાત્રથી આ વ્યવસ્થા ઘટી શકશે નહીં.

આ પ્રમાણે જન્ય-જનકભાવ પણ છે અને તેમાં બાહ્યપદાર્થનો ઉપકાર પણ છે જ, તેથી બાહ્યપદાર્થ પરમાર્થથી સત્ છે. વાસ્તવિક છે. જો બાહ્ય પદાર્થ શૂન્ય હોય તો જ્ઞેય વિના જ્ઞાન એટલે કે વિજ્ઞાનમાત્ર પણ કેમ હોઈ શકે ? વિજ્ઞાન પણ ઘટી શકે નહીં. આ વિષયની હવે ઘણી ચર્ચા કરવા પડે સર્યું. જે પ્રસ્તુત વાત છે તેની આપણે વાત કરીએ.

**भाष्यम् :- तत्र स्पर्शोऽष्टविधः - कठिनो मृदुर्गुरुर्लघुः शीत उष्णः स्निग्धो रूक्ष इति । रसः पञ्चविधः-तिक्तः कटुः कषायोऽम्लो मधुर इति ।**

**गन्धो द्विविधः-सुरभिरसुरभिश्च । वर्णः पञ्चविधः-कृष्णो नीलो लोहितः पीतः शुक्ल इति ॥५-२३॥ किञ्चान्यत्**

**ભાષ્યનું ગુજરાતી :-** ત્યાં સ્પર્શ આઠ પ્રકારનો હોય છે. (૧) કઠિન (કર્કશ), (૨) મૃદુ (કોમળ), (૩) ગુરુ (ભારેપણું), (૪) લઘુ (હલકાપણું), (૫) શીતળ (ઠંડાપણું), (૬) ઉષ્ણ (ગરમપણું), (૭) સ્નિગ્ધ (ચીકણાપણું), (૮) રૂક્ષ (લુખાપણું) એમ આઠ પ્રકારના સ્પર્શ જાણવા.

(૧) તિક્ત (તીખો), (૨) કટુ (કડવો), (૩) કષાય (તુરો), (૪) આમ્લ (ખાટો), (૫) મધુર (મીઠો). આ પાંચ રસ જાણવા.

તથા ગન્ધ બે પ્રકારની છે - (૧) સુરભિ (સુગંધ), (૨) અસુરભિ (દુર્ગન્ધ) તથા વર્ણ પાંચ પ્રકારનો છે. (૧) કૃષ્ણ (કાળો), (૨) નીલ (નીલો), (૩) લોહિત (લાલ), (૪) પીત (પીળો), અને (૫) શુક્લ (ધોળો) આ પ્રમાણે વર્ણાદિના ૨૦ ભેદ જાણવા. ॥૫-૨૩॥

**संस्कृत टीका :-** तत्रेत्यादि । स्पर्शादीनामनन्तपर्यायत्वेऽपि मौलभेदप्रसिद्ध्यर्थमिदं प्रक्रियते । कठिनादयो विद्वदङ्गनाबालादिप्रतीतास्तथापि सुप्रयुक्तकारिभिरमूनि लक्षणानि प्रत्येकं प्रकाश्यन्ते । अनमनात्मकः कठिनः, सोन्नतिलक्षणो मृदुः, अधोगमनहेतुर्गुरुः, प्रायस्तिर्यगूर्ध्वगमनहेतुर्लघुः, वैशद्यकृत् स्तम्भनस्वभावः शीतः, मार्दवपाककृदुष्णः, संयोगे सति संयोगिनां बन्धकारणं स्निग्धः, तथैवाबन्धकारणं च रूक्षः, इतिशब्दः परिस्थूरस्पर्शभेदेयत्ताप्रतिपादनार्थः ॥ अत्र च स्निग्धरूक्षशीतोष्णाश्चत्वार एव अणुषु सम्भवन्ति, स्कन्धेषु अष्टावपि यथासम्भवमभिधानीयाः ॥

श्लेष्मशमनकृत् तिक्तः, श्लेष्मभेदपाटवकृत् कटुः, अन्नरुचिस्तम्भनकर्मा कषायः, आश्रवणक्लेदनकृदम्लः, ह्लादनबृंहणकृन्मधुरः, लवणो मधुरान्तर्गत इत्येके, संसर्गज इत्यपरे ॥

सुरभिश्चन्दनोशीरकश्मीरजादीनाम्, असुरभिर्लसुनविष्ठादीनाम् ॥ सौमुख्यवैमुख्यकारित्वात् साधारण इत्येके, तन्न, उभयोरन्तर्णीतविषयत्वात् ॥ कृष्णादयो वर्णाः क्रमेणाञ्जनशुकपत्ररुधिर-काञ्चनशङ्खादिषु विभावनीयाः, संसर्गजाः सारङ्गादयः ॥

एवमेतद् द्रव्यमेव स्पर्शादिभेदेन भिद्यते त्वगादीन्द्रियप्राप्तमनेकशक्तियुक्तत्वाद् द्रव्यनयाभिप्रायः । पर्यायस्य तु स्पर्शादय एव, न द्रव्यं, तदग्रहे तदबुद्ध्यभावादिति ॥५-२३॥

**ગુજરાતી ભાષાંતર :-** तत्रेत्यादि આવો જે ભાષ્યનો પાઠ છે તેનો અર્થ આ પ્રમાણે છે. સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ ઈત્યાદિ જે ગુણો છે તેના તરતમભાવે અનંત પર્યાયો (ભેદો) હોવા છતાં પણ મૂલભૂતપણે જે ભેદો છે તેનું વર્ણન કરાય છે.

કઠિનતા વિગેરે આઠે પ્રકારનો સ્પર્શ બહુ જ જાણીતો છે. વિદ્વાન પુરુષો, સ્ત્રીવર્ગ અને બાલાદિ જીવોમાં પણ આ વિષય પ્રસિદ્ધ છે. અર્થાત્ સર્વજનને જાણીતા છે. તો પણ સારી રીતે સમજી શકાય તે માટે તે સર્વભેદોનાં લક્ષણો સમજાવાય છે.

(૧) અનમનાત્મક જે સ્વભાવ (નમવું નહીં એવો અક્કડ રહેવાનો જે સ્વભાવ તે **कठीनस्पर्श**.

(૨) વિશેષ વિશેષ ઉપર-નીચે નમવું તેવા નમનસ્વભાવવાળો જે સ્પર્શ તે **मृदुस्पर्श**.

(૩) અધોગમન થવામાં-અતિશય નીચે જવામાં કારણભૂત જે સ્વભાવ તે **गुरू**.

(૪) ઘણું કરીને તિર્છું અને ઊંચે જવામાં કારણભૂત એવો જે સ્પર્શ તે **लघु**.

(૫) આકુળ-વ્યાકુળ કરનાર તથા સ્તંભિત કરવામાં હેતુભૂત જે સ્પર્શ તે **शीत**.

(૬) મૃદુતા (વસ્તુમાં કોમળતા) કરનાર તથા વસ્તુમાં પક્વતા કરનાર જે સ્પર્શ તે **उष्ण**.

(૭) જ્યારે વસ્તુઓનો સંયોગ થાય ત્યારે સંયોગ પામનારી તે તે વસ્તુઓને પ્રતિબંધિત કરનારો જે સ્પર્શ તે **स्निग्ध**.

(૮) તે જ પ્રમાણે વસ્તુઓનો પરસ્પર સંયોગ થવા છતાં બંધ ન થવામાં કારણભૂત જે સ્પર્શ તે **રૂક્ષ સ્પર્શ** જાણવો.

ભાષ્યના પાઠમાં જે इति શબ્દ છે તે સ્થૂલ રીતિએ સ્પર્શના આટલા જ ભેદ છે એમ જણાવવા માટે જ इति શબ્દ કહેલ છે. ઉપરોક્ત આઠ સ્પર્શમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે (૧) સ્નિગ્ધ, (૨) રૂક્ષ, (૩) શીત, અને (૪) ઉષ્ણ એમ કુલ આ ચાર જ સ્પર્શ પરમાણુઓમાં હોય છે. પરમાણુઓમાં આઠ સ્પર્શ હોતા જ નથી, પરંતુ સ્કંધોમાં તો આઠે સ્પર્શો યથાસંભવ હોઈ શકે છે.

હવે રસનું વર્ણન કરે છે.

(૧) શ્લેષ્મને (કફને) શમન કરનાર જે રસ તે તિક્તરસ જાણવો.

(૨) શ્લેષ્મનો (કફનો) ભેદ-છેદ કરવામાં જે પટુતાવાળો રસ તે कटु રસ (કડવો રસ) જાણવો.

(૩) અન્ન ઉપરની રૂચિને અટકાવનાર જે રસ તે કષાયરસ (તુરો રસ).

(૪) આશ્રવણ એટલે કે કાન સુધી ભીંજવનાર, આંખોમાંથી એવું પાણી નીકળે કે કાન સુધીનો બધો ભાગ ભીનો ભીનો થઈ જાય તેવો જે રસ તે આમ્લ રસ.

(૫) આહ્લાદ (હર્ષ)ની વૃદ્ધિ કરનારો જે રસ તે મધુર રસ (મીઠો).

લવણ એટલે ખારો રસ, તેને કેટલાક આચાર્યો મધુરરસનો પ્રતિપક્ષી હોવાથી તેમાં જ અંતર્ગત કરે છે અને બીજા કેટલાક આચાર્યો એમ કહે છે કે લવણરસ સ્વતંત્રપણે છઠ્ઠો રસ નથી. પરંતુ બીજા ઘણો રસોના મિશ્રણથી થાય છે. એટલે પાંચમાં જ અંતર્ભાવ પામે છે. તત્ત્વ કેવલિગમ્ય.

હવે ગન્ધનું વર્ણન કરે છે.

(૧) ચંદન-ઉશીર અને કેસર આદિ સુગંધી પદાર્થોથી ઉત્પન્ન થયેલી જે સુવાસ તે સુરભિગંધ.

(૨) લસણ અને વિષ્ટા વિગેરેના જેવી જે ગંધ તે અસુરભિગંધ એટલે કે દુરભિગંધ.

હવે વર્ણના (રૂપના) ભેદો સમજાવે છે.

(૧) કૃષ્ણ (કાળો વર્ણ), (૨) નીલો વર્ણ, (૩) રક્તવર્ણ, (૪) પીતવર્ણ અને (૫) શ્વેતવર્ણ. આ પાંચે વર્ણો અનુક્રમે (૧) અંજન (કાજળ) જેવો, (૨) પોપટની પાંખ જેવો, (૩) લોહ (રૂધિર) જેવો લાલ, (૪) સુવર્ણ (સોના જેવો), (૫) શંખ જેવો એમ પાંચ પ્રકારના વર્ણ જાણવા. બીજા કેટલાક વર્ણોના પરસ્પર મીલાપનથી કાબરચિતરૂ વિગેરે થાય છે. પરંતુ તેને સંસર્ગજન્ય વર્ણ કહેવાય છે.

આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી સ્પર્શ આદિ ગુણોના ભેદો વડે દ્રવ્યના ભેદ થાય છે. છએ દ્રવ્યો અનેક પ્રકારની શક્તિથી યુક્ત હોવાના કારણે સ્પર્શનેન્દ્રિયાદિ ઈન્દ્રિયોની સાથે જોડાયાં છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપે તે દ્રવ્યો દેખાય છે. જેમકે મીઠું, ચક્ષુથી દેખો તો શ્વેત દેખાય, જીભથી ચાખો તો ખારું જણાય, હાથમાં સ્પર્શનેન્દ્રિયથી જાણો તો કાંગડા હોય ત્યારે ખડબચડું લાગે અને દબેલું હોય તો સુંવાળું લાગે એમ અનેક પ્રકારે દ્રવ્ય જણાય છે. પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ જુઓ તો સ્પર્શાદિ ગુણો એ જ પર્યાયાત્મક હોવાથી સાચા છે. દ્રવ્ય કોઈ પદાર્થ જ નથી. જ્યારે જ્યારે પદાર્થને ઈન્દ્રિય સાથે જોડો છો ત્યારે ત્યારે વર્ણાદિ પર્યાયો જ જણાય છે તે માટે આ નય પર્યાયને જ વધુ મહત્વ આપે છે. તેનાથી ભિન્ન એવું દ્રવ્ય કોઈ છે જ નહીં. એમ આ પર્યાયાર્થિકનય કહે છે. ॥૫-૨૩॥

❋ ❋ ❋

**અવતરણ :-** किञ्चान्यदित्यनेन सम्बन्धयति । असकलरूपद्रव्यधर्म-निर्देशादनेनेदमुच्यते - किञ्चान्यदिति - पुद्गलानां न केवलं स्पर्शादयो धर्माः, शब्दादयश्चेति दर्शयति -

પૂજ્ય શ્રી ભાષ્યકાર મહારાજા ભાષ્યમાં किञ्चान्यद् આવું પદ લખીને જણાવે છે કે ? વળી પુદ્‌ગલને વિષે બીજું શું જાણવા જેવું છે ? એમ પ્રશ્ન કરવા દ્વારા આગળ આવતા ૫-૨૪ મા સૂત્રની સાથે સંબંધ કરે છે. આ ચાલુ સૂત્ર જે ૫-૨૩ છે. તેમાં પુદ્‌ગલ દ્રવ્યના ચાર જ ધર્મો જણાવ્યા હોવાથી સકલ ધર્મોનો નિર્દેશ કરેલ ન હોવાથી વધારે ધર્મો જાણવાની જિજ્ઞાસાથી શિષ્ય પ્રશ્ન કરે છે કે પુદ્‌ગલ દ્રવ્યમાં ઉપર કહેલા ચાર ધર્મો તો છે. પરંતુ બીજા પણ કયા ધર્મો હોઈ શકે છે ? આવો પ્રશ્ન પુછવા દ્વારા હવે તેનો ઉત્તર ૫-૨૪ માં આપે છે.

**सूत्रम् :- शब्द-बन्द-सौक्ष्म्य-स्थोल्य-संस्थान-भेद-तमश्छा-याऽऽतपोद्यतवन्तश्च ॥५-२४॥**

**સૂત્રાર્થ :- શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન-ભેદ-તમસ્ (અંધકાર), છાયા (પડછાયો), આતપ (તડકો), ઉદ્યોત (છાંયડો) ધર્મવાળાં પુદ્‌ગલો હોય છે. અર્થાત્ આ સર્વે પર્યાયો પુદ્‌ગલ દ્રવ્યના છે. ॥૫-૨૪॥**

**भाष्यम् :- तत्र शब्दः षड्विधः-ततो विततो घनः शुषिरः संघर्षो भाषा इति ।**

**ભાષ્યનું ગુજરાતી :- ત્યાં શબ્દ છ પ્રકારનો છે - (૧) તત, (૨) વિતત, (૩) ઘન, (૪) શુષિર, (૫) સંઘર્ષ, (૬) ભાષા. આ પ્રમાણે છ પ્રકારનો શબ્દ હોય છે.**

**संस्कृत टीका :-** तत्र शब्द इत्यादि भाष्यम् । तत्रेति तेषु शब्दादिषु पुद्गलपरिणामेषु शब्दस्तावदेवंस्वरूपः । विवक्षावशादन्वयव्यतिरेकाभ्यां प्रधानगुणभावतया सामान्यविशेषवतोऽर्थस्याभिधायकः प्रत्यर्थनियतसङ्गतवर्णादिविभागवान् ध्वनिरेव शब्दः । न स्फोटः । अनादिवृद्धपरम्परासङ्केतप्रसिद्धिवशात् प्रत्यर्थनियतत्वम् । परस्परापेक्षातः स्वाभिधेयैकार्थकारितया शिबिकोद्वाहकवत् सङ्गतत्वम् । वर्णपदवाक्यानि विभागः, तद्वान् ध्वनिरेव च शब्दः - श्रोत्रग्रहणः । न स्फोटः ।

शालातुरीयमतानुसारिवैयाकरणनिकायपरिकल्पितः । तेषां हि ध्वनिरुच्चरितः स्फोटं

किलाभिव्यनक्ति । तस्मादभिव्यक्तादर्थप्रतीतिरिति । असम्बन्धमेतत्, अनित्यत्वापत्तेः । स्फोटस्य अभिव्यज्यमानत्वान्मूलकीलोदकादिवत् । अर्थप्रतीतिहेतुत्वात्, प्रदीपादिवत्, प्रदीपादिनित्यत्वे वा दृष्टान्ताभावः । न च स्फोटमभिव्यञ्जन्ति ध्वनयः । अचाक्षुषप्रत्यक्षत्वात् गन्धवदित्यतो ध्वनिरूपः शब्दः स्मृतेः कारणम् । सर्वस्य शब्दस्य प्राग्व्युत्पन्नसङ्केतवशादर्थप्रत्यायनम् । ततश्च पूर्वोपलब्धार्थानुस्मरणात् स्मार्तं शब्दविज्ञानम् । न चान्योपोहमात्रं शब्दार्थः विधिनिरपेक्षस्य व्यतिरेकस्यात्राप्रसिद्धेरन्वयस्य च व्यतिरेकशून्यस्यानुपलब्धेः । परस्परापेक्षाभ्यामन्वयव्यतिरेकाभ्यां सर्वत्रार्थाधिगतेः व्यतिरेकस्यैव प्राधान्यमित्ययुक्तम् ॥ तथा चाह दत्तकभिक्षुरेव –

**ગુજરાતી ભાષાંતર** :- ત્યાં શબ્દ એ પૌદ્ગલિક દ્રવ્ય છે તેના છ પ્રકારો છે ઈત્યાદિ ભાષ્યમાં જે પાઠ છે. તે જ સમજાવાય છે. ત્યાં શબ્દ-બંધ-સ્થૌલ્ય-સૌક્ષ્મ્ય વિગેરે પુદ્ગલના જે ૧૦ ભેદ સમજાવ્યા છે તેમાં શબ્દ નામનો જે પ્રથમ ભેદ છે તે છ પ્રકારનો છે. પુદ્ગલના પરિણામ સ્વરૂપ એવા શબ્દાદિ ૧૦ પ્રકારોમાંથી પ્રથમ ભેદ સ્વરૂપ જે શબ્દ છે તે આવા પ્રકારના છ ભેદવાળો છે. ત્યાં શબ્દ નામનો પ્રથમ પરિણામ આવા સ્વરૂપવાળો છે. કર્તા અને શ્રોતાના હૃદયગત વિવક્ષાના વશથી અન્વય અને વ્યતિરેકને અનુસારે, પ્રધાન તથા ગૌણભાવે સામાન્ય ધર્મવાળા અને વિશેષ ધર્મવાળા અર્થને કહેનારો (જણાવનારો) પ્રત્યેક અર્થમાં નિશ્ચિતપણે ગોઠવાયેલા વર્ણાદિના વ્યવસ્થિત વિભાગવાળો જે ધ્વનિ છે. તે ધ્વનિ જ પ્રતિનિયત અર્થ સમજાવનાર હોવાથી **શબ્દ** કહેવાય છે.

શબ્દને પ્રમાણ માનવામાં નીચેનાં કારણો આવશ્યક છે -

(૧) વક્તાની વિવક્ષા કયા અર્થમાં છે ? (૨) કેવા સંજોગોમાં તે શબ્દનો પ્રયોગ કરાયો છે. તે બરાબર સમજવું જોઈએ. (૩) તથા તે શબ્દનો તે અર્થ સાથે અન્વય-વ્યતિરેક સંબંધ બરાબર છે ને ? તેનું પણ ધ્યાન રાખવું. (૪) જ્યારે જ્યારે વક્તા શબ્દપ્રયોગ કરે છે ત્યારે ત્યારે ક્યારેક પ્રધાનપણે પ્રયોગ કરાયો હોય છે અને ક્યારેક ગૌણપણે પ્રયોગ કરાયો હોય છે તેથી જ્યારે વક્તા શબ્દ પ્રયોગ કરે છે. ત્યારે પ્રધાન અને ગૌણપણે વક્તાનો કહેવાનો આશય કયો છે ? તેવી વિચારણા કરવી. (૫) ક્યારેક શબ્દ સામાન્ય અર્થમાં પણ વક્તા વડે વપરાયો હોય ? અને (૬) ક્યારેક તે જ શબ્દ વિશેષ અર્થમાં પણ વક્તા વડે વપરાયો હોય ? આવું બને છે માટે ધ્યાનપૂર્વક અર્થ કરવો.

ઉપરોક્ત બધી બાબતોને ધ્યાનમાં રાખીને કયો શબ્દ કયા અર્થમાં હાલ પ્રયોગ કરાયો છે ? તેનો પૂર્વાપર વિચાર કરીને નિર્ણય કરવો તે પ્રમાણશબ્દ કહેવાય છે તથા વળી અનાદિકાળથી વૃદ્ધ પુરુષોએ જે દેશમાં જે શબ્દનો જે અર્થમાં સંકેત કરેલો છે તે દેશમાં તે જ અર્થમાં તે શબ્દનો પ્રયોગ થવો જોઈએ. આ પ્રમાણે વિવક્ષિત દેશ અને કાળને અનુસારે

સંકેતની સિદ્ધિના વશથી સર્વે પણ શબ્દો પોતપોતાના પ્રતિનિયત અર્થમાં જ પ્રસિદ્ધિ પામેલા છે અને નિયતપણે તે શબ્દ તે દેશ અને તે કાળમાં તે જ અર્થને સમજાવે છે. દેશાન્તર હોય અથવા કાલાન્તર હોય તો અન્ય અર્થ પણ સમજાવે છે.

જે એક ઉદાહરણ રૂપે દૃષ્ટાન્ત લઈને આ વાત સમજાવાય છે કે -

એક શિબિકામાં રાજા બેઠેલા છે. તેને ચારે દિશાના છેડેથી ચારે સૈનિકોએ તે શિબિકા ઉંચકી છે અને આગળ આગળ ચાલે છે. તેમાંના કોઈ પણ એક દિશાનો શિબિકા ઉપાડનાર સૈનિક જો બરાબર ન ચાલે તો શિબિકા આગળ ચાલી શકે નહીં. ચારે પુરુષોને સમાન લેવલથી જ ચાલતું પડે. તેની જેમ પરસ્પરની અપેક્ષાથી જ જોડાયેલા શબ્દમાં પોતાના પ્રતિનિયત એવા વાચ્ય-અર્થને કહેનારા તરીકે અક્ષરોની અને પદોની સંગતિ હોય છે. જેમકે (૧) મગ, (૨) મન, (૩) મણ. આ ત્રણે શબ્દોમાં માત્ર એક અક્ષર જ બદલાય છે. તો પણ ત્રણેના અર્થો ભિન્ન ભિન્ન થઈ જાય છે.

તે માટે જ વર્ણો (અક્ષરો) પદો, અને વાક્યો ભલે વિભાગ પ્રમાણે ગોઠવવામાં આવ્યાં હોય તો પણ પરસ્પર સાપેક્ષતા હોવાથી જ પોતપોતાના નિયત અર્થને કહેનારા તે શબ્દો થાય છે. જે કારણે આવા પ્રકારે ગોઠવાયેલા વર્ણો જ પોતપોતાનો પ્રતિનિયત અને વિશિષ્ટ એવો અર્થ સમજાવે છે. तद्वान् = આવા પ્રકારના વ્યવસ્થિત વિભાગવાળો ધ્વનિ જ શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણ થાય છે અને પોતપોતાના પ્રતિનિયત અર્થને સમજાવે છે. માટે તેવા શબ્દને જ **પ્રમાણ શબ્દ** કહેવાય છે.

પરંતુ શાલાતુરીય મતને અનુસરનારા એવા પાણિનિ વ્યાકરણનું અધ્યયન અને અધ્યાપન કરનારા અને કરાવનારાઓ વડે મનમાન્યો, કલ્પના કરાયેલો અને શબ્દને તોડી ફોડીને કરેલો અર્થ કે જેને સ્ફોટ કહેવાય છે. તે પ્રતિનિયત વિષયનો બોધક થતો નથી. તે વૈયાકરણીઓ એવું માને છે કે ઉચ્ચારણ કરાયેલો ધ્વનિ જ સ્ફોટ ને વ્યક્ત કરે છે. "સ્ફોટ એટલે વિશિષ્ટ એવું વર્ણોનું ઉચ્ચારણ કરવું તે" અને અભિવ્યક્ત કરાયેલા એવા તે સ્ફોટ થી અર્થનો બોધ થાય છે.

જેમકે "ગોળ અને ગૉળ" આ બન્ને શબ્દનું ઉચ્ચારણ લગભગ સરખું જ હોય છે. તો પણ પ્રથમના શબ્દમાં ઉચ્ચારણ સામાન્ય છે એટલે તેનાથી ગોળ ગોળ, બંગડી જેવી ગોળ-મટોળ એક વસ્તુ જણાય છે. જ્યારે બીજા ગૉળ શબ્દથી ખાવાલાયક, તથા દાળ-શાળામાં નખાતો ગૉળ સમજાય છે. આવા પ્રકારના વિશિષ્ટ ઉચ્ચારણને જ સ્ફોટ કહેવાય છે.

જે વાદીઓ આમ કહે છે તે વાદીઓની આ વાત અસંબંધવાળી છે. જો આમ સ્ફોટ

થી અર્થની પ્રતીતિ થતી હોય તો તે સ્ફોટ ને અનિત્ય માનવાનો પ્રસંગ આવે. કારણ કે આ સ્ફોટ અભિવ્યજ્યમાન હોવાથી એટલે કે અવસરે અવસરે પ્રગટ થતો હોવાથી અનિત્ય માનવો પડે, જેમ (૧) મૂળીયાં, (૨) किल = ખીલો, (૩) उदक (પાણી). આ ખનન ક્રિયા વડે પ્રગટ થતું હોવાથી અનિત્ય છે. તેની જેમ સ્ફોટ પણ અભિવ્યજ્યમાન હોવાથી અનિત્ય થશે અને અનિત્ય થવાથી તેનો નાશ પણ થાય છે એવો અર્થ થશે.

તથા વળી દીપક જેમ અર્થપ્રતીતિનો હેતુ છે તથા તે અનિત્ય છે. તેની જેમ સ્ફોટ પણ અર્થપ્રતીતિનો હેતુ હોવાથી અનિત્ય છે એમ સિદ્ધ થશે જ, આ કારણથી શબ્દોના ઉચ્ચારણથી સ્ફોટ અભિવ્યક્ત થાય છે અને સ્ફોટ અભિવ્યક્ત થવાથી અર્થની પ્રતીતિ થાય છે. પરંતુ આ વાત ઉચિત નથી, મિથ્યા છે.

હવે જો સ્ફોટ ને નિત્ય માનવામાં આવે અને નિત્ય માનવાનો અતિશય આગ્રહ રાખવામાં આવે તો ત્યાં દીપકનું ઉદાહરણ ઘટશે નહીં. જેથી દૃષ્ટાન્તનો અભાવ થશે. કારણ કે દીપક અનિત્ય છે અને સ્ફોટને જો નિત્ય હોય તો દીપકનું દૃષ્ટાન્ત ત્યાં લાગુ પડશે નહીં. હવે જો સ્ફોટને અનિત્ય માનવામાં આવે તો જ અભિવ્યંજકની સિદ્ધિ માટે દીપકનું દૃષ્ટાન્ત બંધબેસતું યથોચિત ગણાશે.

હવે કદાચ ઉપરોક્ત દોષના ભયથી જો આવો બચાવ કરવામાં આવે કે જે ધ્વનિ છે. તે સ્ફોટની અભિવ્યંજક થતી નથી. કારણ કે ધ્વનિ તો ચક્ષુથી ભિન્ન એવી અન્ય ઈન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે. જેમ ગંધ અચાક્ષુષ (અર્થાત્ ચક્ષુર્ભિન્નેન્દ્રિય) ગ્રાહ્ય છે. તેમ ધ્વનિ પણ ચક્ષુર્ભિન્નેન્દ્રિય ગ્રાહ્ય હોવાથી સ્ફોટની અભિવ્યંજક થથી નથી. તેનું અનુમાન આ પ્રમાણે છે:

(૧) ધ્વનિ : (પક્ષ), સ્ફોટ ની અનભિવ્યંજક છે (સાધ્ય), અચાક્ષુષ હોવાથી (આ હેતુ થયો), गन्धवत् (આ દૃષ્ટાંત થયું).

ઉપરોક્ત અનુમાનથી ધ્વનિ સ્વરૂપ જે શબ્દ છે તે સ્મૃતિનું કારણ બનશે. કારણ કે પૂર્વકાળમાં ઘણા જ અનુભવી એવા વિદ્વાન પુરુષ પાસેથી પ્રાપ્ત કરેલા સર્વે પણ સંકેતો શબ્દોના અર્થનું જ્ઞાન કરાવે છે. એટલે ધ્વનિ સ્વરૂપ શબ્દથી પૂર્વકાળમાં પ્રાપ્ત કરેલા સંકેતથી અર્થનું જ્ઞાન જે મેળવેલું છે તેનું સ્મરણ થઈ શકે છે. તેથી શબ્દોથી થતું જે જ્ઞાન છે તે સ્માર્ત થશે (સ્મૃતિજન્ય થશે). એટલે કે સ્મૃતિવિષયક થશે.

તથા વળી બીજા કેટલાક વાદીઓ (અન્યાપોહવાદી બૌદ્ધ દર્શનકારો) કહે છે કે "શબ્દનો વિષય અન્ય વિષયનો **અપોહ** માત્ર છે." જેમકે આ ઘટ છે તેનો અર્થ આ પદાર્થ

પટ-મઠ આદિ ઈતર પદાર્થ સ્વરૂપ નથી. "આ પુરુષ છે." તેનો અર્થ પુરુષ છે એમ વિધાનાત્મક નહીં કરવાનો પરંતુ સ્ત્રી નથી, નપુંસક નથી, પશુ નથી. એમ ઈતરનો નિષેધમાત્ર કરવાનો થાય છે. આ રીતે અન્યાપોહ (અન્યનો અમોહ) કરવો એ જ સાચો શબ્દાર્થ છે. સારાંશ કે અન્યાપોહવાદીઓનો આ મત છે કે શબ્દમાત્રનો નિષેધ જ અર્થ થાય છે. (વિધાનાત્મક અર્થ હોતો જ નથી).

હવે તે અન્યાપોહવાદીઓના મતનું ખંડન કરતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે - કેવળ એકલો अन्यापोह (અન્યનો નિષેધમાત્ર) એ શબ્દાર્થ હોઈ શકે જ નહીં. न चान्यापोहमात्रं **शब्दार्थः, विधिनिरपेक्षस्य व्यतिरेकस्यात्राप्रसिद्धेः, अन्वयस्य च व्यतिरेकशून्यस्यानुपलब्धेः ।**

(કેવળ એકલો અન્યાપોહ માત્ર એવો શબ્દાર્થ હોતો જ નથી. વિધિથી નિરપેક્ષ એવો વ્યતિરેક અને વ્યતિરેકથી શૂન્ય એવો અન્વય ક્યારેય ક્યાંય ઉપલબ્ધ થતો ન હોવાથી ઉપરોક્ત વાદીની વાત બરાબર નથી.)

ઉપરોક્ત વાતનો સાર એવો છે કે (૧) વિધાન વિનાનો વ્યતિરેક તથા (૨) નિષેધ વિનાનું કેવળ એકલું વિધાન ક્યારેય ક્યાંય સંભવતું નથી. આ અન્વય અને વ્યતિરેક એ બન્ને પરસ્પર અપેક્ષાવાળા છે. તે કારણે આ બન્ને વડે જ સર્વત્ર અર્થબોધ થાય છે. પરસ્પર અપેક્ષાવાળા એવા અન્વય અને વ્યતિરેક એમ ઉભય વડે જ સર્વત્ર અર્થબોધ થાય છે. તે માટે કેવળ એકલા अन्यापोह માત્ર જ કહેવો. અર્થાત્ તેમ કરવામાં વ્યતિરેકની જ પ્રધાનતા ગાવી તે ખરેખર અયુક્ત જ છે. ઉચિત નથી. આ વિષયમાં દત્તકભિક્ષુ નામના ઋષિનું પ્રમાણ આપતાં ટીકાકારશ્રી જણાવે છે કે - દત્તકભિક્ષુ ઋષિએ પણ આ જ પ્રમાણે કહ્યું છે - તે આ પ્રમાણે -

**संस्कृत टीका :-** "अर्थान्तरापोहं हि स्वार्थे कुर्वती श्रुतिरभिधत्त इत्युच्यते ।" हि शब्दो यस्मादर्थे । यथा वृक्षशब्दोऽवृक्षशब्दनिवृर्ति स्वार्थे कुर्वन् स्वार्थं वृक्षलक्षणं प्रत्याययतीत्युच्यते । एवं च निवृत्तिविशिष्टं वस्तु शब्दार्थः । न निवृत्तिमात्रम् । अलक्षणीयमेव च स्यान्निवृत्तिमात्रमवस्तुत्वात् । खरविषाणकुण्ठतीक्ष्णतादिवर्णनवत् । अत्र च न प्राग् विधिना घटं गृहीत्वा पश्चादन्यापोहं करोति, नाप्यन्यापोहं कृत्वा पश्चाद् घटं कालभेदेन गृह्णाति, क्रमेण हि ग्रहणे ह्रसिष्ठत्वात् क्षणिकत्वाच्च सर्वभावानां ध्वनेर्ज्ञानस्य च न युक्तं व्यापारद्वयानुष्ठानम् । सन्तानाच्चेत् तदयुक्तमवस्तुत्वात्, एवं तर्हि घटग्रहणमन्योपोहश्च युगपदुभयं सिद्धम् । यथा सवितुरुदये सन्तमसविदलनं स्वरूपप्रकाशनं च स्वभावात् । एवं सत्युभयमभिधेयं, सामान्यं विशेषश्चेत्यवशेनापि प्रतिपत्तव्यमन्यापोहशब्दार्थयादिना । अन्वयव्यतिरेकयोस्तुल्यकक्षत्वाद् । विधेयमपि प्रधानमेवास्तु, न हि द्वयोरर्थयोर्धवखदिरवद् युगपदुपात्तयोरेकस्य गुणभावकल्पना श्रेयसी ॥

**ગુજરાતી ભાષાંતર :-** દત્તકભિક્ષુ નામના ઋષિમુનિએ જે કહ્યું છે તે આ પ્રમાણે છે. અર્થાન્તરને દૂર કરવા પૂર્વક (એટલે કે અન્યાપોહ કરવા પૂર્વક) સ્વાર્થને જણાવતો (પોતાના વાચ્ય અર્થનું વિધાન કરતો) એવો જે શબ્દ છે. તે જ પ્રમાણશબ્દ કહેવાય છે. આ કથનમાં अन्यापोहं જે શબ્દ છે તે વ્યતિરેક સૂચવે છે અને स्वार्थे कुर्वती श्रुति આ પદો જે છે તે અન્વય સૂચવે છે. તે માટે અન્વય-વ્યતિરેક બન્ને સાથે હોય તે જ સાચો વાચ્યાર્થ છે. કેવળ એકલો અન્યાપોહ એ વાચ્યાર્થ નથી. દત્તકભિક્ષુ ઋષિએ આપેલી વ્યાખ્યામાં "हि स्वार्थे" આ વાક્યમાં જે हि શબ્દનું કથન કરેલ છે. તે हि શબ્દ यस्मात् અર્થમાં વપરાયેલ છે. જેથી વાક્યનો સારાંશ આ પ્રમાણે થાય છે.

"જે કારણથી કોઈ પણ શબ્દ પોતાના પ્રતિનિયત અર્થથી અન્ય અર્થનો अपोह = ત્યાગ કરતો છતે स्वार्थे कुर्वती श्रुति = પોતાના નિયત અર્થનું એટલે કે વિવક્ષિત અર્થનું વિધાન કરતો છતો બોધ કરાવનારો શબ્દ બને છે. આ અર્થનો ભાવાર્થ આ પ્રમાણે થાય છે. જેમકે "આ વૃક્ષ છે" આ પ્રમાણે બોલવામાં વપરાતો વૃક્ષ શબ્દ વૃક્ષ વિનાના એટલે કે વૃક્ષથી ભિન્ન એવા ઈતર જે પદાર્થો છે. કે જેને अवृक्ष કહેવાય છે. તેનો નિષેધ કરતો છતો अवृक्षની निवृत्ति જેમ જણાવે છે. તેની જેમ જ स्वार्थे कुर्वन् = પોતાનો જે વાચ્ય અર્થ "વૃક્ષનું હોવું" તે પણ જણાવે જ છે કે "આ વૃક્ષ છે પણ अवृक्ष (ઈતર પદાર્થ) નથી." આવો બોધ કરાવે છે.

ઉપરોક્ત વાતનો સાર એ છે કે "પરની નિવૃત્તિ સ્વરૂપ અને વિવક્ષિત વસ્તુના વિધાન સ્વરૂપે તે પદાર્થ આવા પ્રકારનો છે એમ ઉભયાત્મક શબ્દાર્થ છે. "જેવો પરનો નિષેધ અંદર છે તેવું જ પોતાનું વિધાન પણ અંદર છે જ" એમ ઉભયાત્મક જ બોધ કરાવે છે, પરંતુ કેવળ એકલા અપોહમાત્રને જ (એટલે કે પરની નિવૃત્તિ માત્રને જ) તે શબ્દ જણાવતો નથી તે વિવક્ષિત શબ્દ "જેવી ઈતરની નિવૃત્તિ સૂચવે છે તેવું જ સ્વનું વિધાન પણ અવશ્ય સૂચવે જ છે." તેથી કોઈ પણ વાચક શબ્દો નિષેધપૂર્વક વિધાનવાળા જ હોય છે પરંતુ કેવળ એકલો નિષેધ માત્ર શબ્દાર્થ સંભવતો જ નથી.

કેવળ એકલી "નિવૃત્તિ માત્ર" તો અર્થ હોઈ જ ન શકે જેથી "નિવૃત્તિ માત્ર વસ્તુ છે." આમ કહેવું તે અલક્ષણીય જ છે (શૂન્ય જ છે). કારણ કે નિવૃત્તિમાત્ર વસ્તુ તે અવસ્તુસ્વરૂપ જ હોવાથી અર્થાત્ વસ્તુસ્વરૂપ ન હોવાથી ગધેડાના શિંગડા કુંઠિત છે, તીક્ષ્ણ છે, અણીદાર છે. આવું વર્ણન કરીએ કે જે સર્વથા મિથ્યા જ હોય છે. તેની જેમ ઉપરની વાત પણ સર્વથા મિથ્યા જ છે. હવે ગધેડાને જ્યાં શિંગડાં જ નથી હોતા, તો તે શિંગડાં કુંઠિત છે તિક્ષ્ણ છે ઈત્યાદિ વર્ણન કરવું તે જેમ મિથ્યા વચન છે. તેની જેમ આ શબ્દાર્થ સમજવો.

ઉપરના દૃષ્ટાંતની જેમ જ સ્વના વિધાન વિના કેવળ એકલો અન્યનો અપોહ (એટલે કે અન્યનો નિષેધ) પણ આવો જ છે. સર્વથા શૂન્યસ્વરૂપ જ છે. આ કારણથી નિવૃત્તિમાત્ર શબ્દાર્થ છે. આવું માનવું કે આવું બોલવું તે અવસ્તુ જ થાય છે. मे माता वन्ध्या એના જેવું અનુચિત - અનર્થક વાક્ય બને છે. તે માટે નિવૃત્તિમાત્ર શબ્દાર્થ ન માનતાં (૧) અન્યની નિવૃત્તિ અને (૨) સ્વનું વિધાન એમ ઉભયાત્મક વસ્તુ માનવી-સ્વીકારવી એ જ સાચો ન્યાયમાર્ગ છે.

આ વિષયમાં આપણે થોડીક આપણી દૃષ્ટિને સૂક્ષ્મ રીતે દોડાવીશું તો અવશ્ય સમજાશે કે પ્રથમ વિધાન કરવા પૂર્વક અર્થાત્ "આ ઘટ છે" આવું વિધિમુખે જાણ્યા પછી અન્યાપોહને કાળાન્તરે આ જીવ કરતો હોય એવું પણ નથી. તથા પ્રથમ અન્યાપોહ કરીને પછી કાળાન્તરે "આ ઘટ છે" એમ સ્વનું વિધાન કરતો હોય એમ પણ નથી જ. એકલા એકલા આ બન્ને ભાવો અસંભવિત જ છે.

પરંતુ સર્વે પણ પદાર્થો હ્રસ્વકાળવાળા છે. અને ક્ષણે ક્ષણે પર્યાયો બદલાય છે. તેથી પર્યાયને આશ્રયી વસ્તુ ક્ષણિક પણ છે તે કારણથી જ્ઞાનનો વ્યવહાર અને ધ્વનિનો વ્યવહાર એકી સાથે થઈ શકતા નથી. માટે આ બન્ને અનુષ્ઠાનોનું આચરણ એકી સાથે ઘટી શકતું નથી. જ્યારે ધ્વનિનો વ્યવહાર થાય છે ત્યારે જ્ઞાનનો વ્યવહાર હોતો નથી. તે પૂર્વે થયેલો છે અને જ્યારે જ્ઞાનનો વ્યવહાર થાય છે ત્યારે ધ્વનિનો વ્યવહાર હોતો નથી કારણ કે તે વ્યવહાર પછી જ થાય છે.

ઉપર સમજાવ્યા પ્રમાણે કેવળ એકલી નિવૃત્તિમાત્ર તે શબ્દાર્થ નથી. પરંતુ "અન્યાપોહપૂર્વક સ્વાર્થનું વિધાન" એ શબ્દાર્થ છે જે કાળે અન્યનો નિષેધ થાય છે તે કાળે જ સ્વનું વિધાન પણ થાય છે. આ બન્ને સાથે જ થાય છે. આ પ્રમાણે અન્વય અને વ્યતિરેક એમ ઉભયાત્મક જ વસ્તુ છે. પરંતુ અન્યથા નથી.

**બૌદ્ધ** - અમે **સંતાન** માનીશું તેનાથી ઉભયરૂપ સિદ્ધ થશે.

**જૈન** - ઉપરોક્ત બચાવ સર્વથા મિથ્યા છે. કારણ કે સંતાન જેવું કોઈ તત્ત્વ જ નથી. સંતાન તે તમારા મનની માત્ર કલ્પના છે. વાસ્તવિક સંતાન એ કોઈ વસ્તુ નથી જ કે જેનાથી ધ્રુવત્વ સિદ્ધ થાય. ઉપર પ્રમાણે તત્ત્વનો વિચાર કરતાં સર્વે પણ વસ્તુ માત્ર "સામાન્ય અને વિશેષ" એમ ઉભયાત્મક જ છે. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જ આવા પ્રકારનું છે. સામાન્ય અને વિશેષાત્મક અર્થાત્ ઉભયાત્મક છે તેથી ઘટ નામના પદાર્થમાં "આ ઘટ છે" એવું ઘટ ગ્રહણ જેમ થાય છે તેમ આ ઘટ તે અન્ય પદાર્થ સ્વરૂપ નથી એમ પણ ગ્રહણ થાય જ છે. સ્વાર્થનું ગ્રહણ અને અન્યનો અપોહ આ બન્ને એકી સાથે જ થાય છે. કાળાન્તરે થતા

નથી. તથા સંતાન જેવું કોઈ તત્ત્વ પણ નથી. નાહક ખોટી કલ્પનાઓ કરવાની શી જરૂર? સત્ય વાતને કેમ ન સ્વીકારવી ?

જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે ગાઢ એવા તમસ્‌નો (અંધકારનો) નાશ પણ અવશ્ય થાય છે. આ બન્ને સાથે જ થાય છે તેવી જ રીતે વિધિ અને નિષેધ પણ સાથે જ થાય છે. (૧) સૂયનો પોતાના પ્રકાશ થવો આ વિધિ છે અને તે જ કાળે અંધકારનો જે નાશ થાય છે તે નિષેધ છે. આ બન્ને સાથે જ છે. તેવી જ રીતે "આ ઘટ છે પણ અઘટ (પટાદિ) નથી આ બન્ને બોધ સાથે જ થાય છે જીભ દ્વારા બોલાય છે ભલે ક્રમસર પણ તે બન્ને ભાવોની ઉત્પત્તિ સાથે જ છે. પણ સમયાન્તરે કે કાળાન્તરે નથી.

ઘટનું ગ્રહણ અને અઘટની નિવૃત્તિ આ બન્ને ભાવો અન્વય અને વ્યતિરેક સ્વરૂપ છે તે સાથે જ થાય છે. આ જ પ્રમાણે સામાન્યાત્મક અને વિશેષાત્મક પણ ધર્મો પણ પદાર્થમાં સાથે જ હોય છે. તથા સર્વે પણ વસ્તુઓ અન્વય અને વ્યતિરેક સ્વરૂપવાળી પણ છે. આ વાત પણ સ્વીકારવી જ પડશે અને આ જ વાત સત્ય છે યથાર્થ છે. તેમાં જરા પણ સંદેહ કરવા જેવો નથી. "આ ઘટ છે પણ અઘટ નથી" આ વાક્યમાં જેમ વિધિ પ્રધાનપણે સમજાય છે તેમ નિષેધ પણ પ્રધાનપણે જ સમજાય છે તથા નિષેધ જેમ પ્રધાનપણે સમજાય છે. તેમ વિધાન પણ પ્રધાનપણે જ સમજાય છે. તેમાં કોઈ ગૌણ-મુખ્ય નથી. તેથી તેમાં ગૌણ-મુખ્યની કલ્પના કરવી તે પણ મિથ્યાત્વ, છે, અસંગત વાત છે.

"માત્ર અન્યાપોહ એ જ શબ્દાર્થ છે" આવું માનનારા વાદીએ પણ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક વસ્તુ છે એમ સ્વીકારવું જોઈએ. એકલું સામાન્ય ભિન્ન પદાર્થોમાં રહે અને એકલું વિશેષ ભિન્ન પદાર્થોમાં રહે આવું ક્યારેય બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહીં. કારણ કે અન્વય અને વ્યતિરેક આ બન્ને તુલ્ય કક્ષાવાળા પ્રસંગો છે. તમે જેમ અન્યાપોહને (વ્યતિરેકને) પ્રધાન માનો છો, પરંતુ તેવી જ રીતે સામે દેખાતાં વૃક્ષોમાં "આ ધવ છે, આ ખદિર છે" એમ વિધાનની સાથે જ "ઈતરવૃક્ષ" નથી એમ વિધાન અને નિષેધ બન્ને તુલ્યકક્ષાએ સાથે જ જણાય છે તેવી જ રીતે સામાન્ય અને વિશેષ, તથા અન્વય અને વ્યતિરેક પણ સાથે જ જણાય છે. તેમાં ગૌણ મુખ્યની કલ્પના કરવી તે મિથ્યા વાત છે.

ઇતરેતર દ્વન્દ્વસમાસમાં બન્ને પદો પ્રધાન જ હોય છે તો જ સમાસ થાય છે. તેના પ્રમાણે જ ક્રિયાપદમાં વચનપ્રયોગ પણ થાય છે. તેથી દ્વન્દ્વસમાસમાં ધવ અને ખદીર બન્ને પ્રધાન છે. આ બન્નેમાંથી કોઈ એકને પ્રધાન અને બીજાને ગૌણ કહી શકાય નહીં અને જો કહીએ તો ઇતરેતર દ્વન્દ્વ સમાસ જ ન થાય.

**संस्कृत टीका :-** ननु चान्वयस्य प्राधान्येऽभ्युपेयमाने प्रयत्नानान्तरीयकत्वमव्याप्तसपक्षं सन्नेवानित्यत्वं गमयेत् । केन चेदमुक्तं - व्याप्तसपक्षं गमयति, अव्याप्तसपक्षं न गमयतीति । एतावत् तु उच्यते । अन्वयनिरपेक्षो न गमयति व्यतिरेकः ॥ नापि व्यतिरेकनिरपेक्षोऽन्वयः प्रतिपादकोऽर्थस्य । परस्परापेक्षतायां च शिबिकोद्वाहकादिवत् सर्वत्र प्राधान्यं । क्वचिद् विवक्षावशाद् वाऽन्यतरस्य गुणप्रधानकल्पनेति ॥ यथाऽऽह-द्वादशशतिकायाम् - "यदप्युक्तमप्रसक्तस्य किमर्थं प्रतिषेध इति ? नैवैतत्, प्रतिषेधमात्रमुच्यते । किन्तु तस्य वस्तुनः कश्चिद् भोगार्थान्तरनिवृत्या लोके गम्यते यथा विषाणित्वादनश्व इति । न चार्थाक्षिप्तो विशेषः । साक्षाद् अभिधीयमानत्वात् । ।" यथैव सामान्यमुच्यते, तथा विशेषोऽपीत्युभयमत्र मुख्यं वाच्यमित्यतः सामान्यविशेषात्मकमेवाभिधेयम् ॥

शब्दश्च पुद्गलद्रव्यपरिणामः । तत्परिणामता चास्य मूर्तत्वात् । मूर्तता च द्रव्यान्तर-विक्रियापादनसामर्थ्यात् पिप्पलादिवत् । ताड्यमानपडहतलस्थकलिंचादिप्रकम्पनात् । तथा शङ्खादि-शब्दानामतिमात्रप्रवृद्धानां श्रवणबधिरीकरणसामर्थ्यम् ॥ तच्च नाकाशादावमूर्तेऽस्ति, तथा प्रतीपयायित्वात्, पर्वतप्रतिहताश्मवत् ॥ द्वारानुविधायित्वादातपवत् । संहारसामर्थ्यादगुरुधूपवत् । वायुना प्रेर्यमाणत्वात् तृणपर्णादिवत् । सर्वदिग्ग्राह्यत्वात् प्रदीपवत् । अभिभवनीयत्वात् तारासमूहादिवत् । अभिभावुकत्वात् सवितृमण्डलप्रकाशवत् । महता हि शब्देनाल्पोऽभिभूयते शब्द इति प्रतीतम् । तस्मात् पुद्गलपरिणामः शब्दः ॥

**ગુજરાતી ભાષાંતર :-** જો અન્વયને જ પ્રધાન (વિધિને જ પ્રધાન) માનવામાં આવે તો प्रयत्नान्तरीयकत्व હેતુ (પ્રયત્ન વિના કાર્યનું ન થવું) આ હેતુ સપક્ષમાં સર્વત્ર વ્યાપ્ત નથી. અર્થાત્ अव्याप्तसपक्ष વાળો છે તેથી સાધ્યનો ગમક ન બનવો જોઈએ. પરંતુ સાધ્યનો ગમક બને જ છે. તે આ પ્રમાણે "शब्दः अनित्यः प्रयत्नान्तरीयकत्वात् पटवत् ॥ આ અનુમાનમાં શબ્દ એ પક્ષ છે, अनित्य એ સાધ્ય છે અને प्रयत्नान्तरीयकत्व એ હેતુ છે. તથા घटवत् એ દૃષ્ટાન્ત છે.

આ અનુમાનમાં પ્રયત્નાન્તરીયકત્વ = પ્રયત્ન વિના ન થવાપણું" આ હેતુ છે. તે હેતુ શબ્દ નામના પક્ષમાં વર્તે છે. ઘટ એવા સપક્ષમાં પણ વર્તે છે. પરંતુ अनित्य એવા સાધ્યની સાથે સર્વત્ર વર્તતો નથી. સપક્ષમાં જે જે ઘટ-પટાદિ કર્તાજન્ય છે તેમાં વર્તે છે. પરંતુ જે વાદળ-વિજળી મેઘ-ગર્જારવ વિગેરે કાર્યો સ્વતઃ છે તેમાં સાધ્ય છે. પરંતુ હેતુ વર્તતો નથી. એટલે સાધ્યની સાથે સર્વત્ર વ્યાપ્ત નથી. "જે જે પ્રયત્નાનન્તરીય છે તે તે જરૂર અનિત્ય છે. એમ અન્વયવ્યાપ્તિ થાય છે. પરંતુ સાધ્યની સાથે સર્વત્ર વ્યાપ્ત આ હેતુ ન હોવા છતાં સાધ્યની સિદ્ધિ નિર્દોષપણે થાય છે. સપક્ષમાં સર્વત્ર વ્યાપક નથી. છતાં સાધ્યનો ગમક જરૂર થાય જ છે. એટલે આ હેતુ अव्याप्तसपक्ष સપક્ષમાં સર્વત્ર વ્યાપ્ત ન હોવા છતાં

સાધ્યનો ગમક થાય છે. તેથી આવો પ્રશ્ન થાય છે કે સાધ્યની સાથે વ્યાપકવૃત્તિવાળો ન હોવાથી સાધ્યનો ગમક ન થવો જોઈએ અને આ ગમક કેમ થાય છે ?

**ઉત્તર** :- એવું કોણે કહ્યું કે હેતુ વ્યાપ્તસપક્ષ (સપક્ષમાં સર્વત્ર વ્યાપ્ત) હોય તો જ ગમક થાય ? અર્થાત્ સપક્ષમાં સર્વત્ર વ્યાપક હોય તો જ તે હેતુ સાધ્યનો ગમક થાય આવું કોણે કહ્યું ? અર્થાત્ અમે આવું કહેતા નથી. અમે તો એમ કહીએ છીએ કે "અન્વય નિરપેક્ષ એવો વ્યતિરેક સાધ્યનો ગમક થતો નથી. તેવી જ રીતે વ્યતિરેક વિનાનો કેવળ એકલો અન્વય સાધ્યનો ગમક થતો નથી." બસ આટલું જ અમારા વડે કહેવાય છે.

આ અન્વય અને વ્યતિરેક બન્ને પરસ્પર સાપેક્ષ જ છે. જેમ શિબિકાને વહન કરનારા (ઉપાડનારા) ચારે ખુણે ચાર પુરુષો હોય છે. તે ચારે યથાસ્થાને પરસ્પર પ્રધાનપણે જ છે. કારણ કે ચારેને પરસ્પર ભારવહનમાં સાપેક્ષતા છે. હા, ક્યારેક વિવક્ષાના વશથી કોઈ એકની ગૌણતા અને કોઈ એકની પ્રધાનતાની કલ્પના માત્ર કરાય છે. દ્વાદશશતિકા નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

"વળી મહાત્માં પુરુષો વડે કહેવાયું છે કે "જે પ્રસંગને પ્રાપ્ત નથી તેનો નિષેધ શા માટે ? (અર્થાત્ વિવક્ષિત પ્રસંગે જે વિષય પ્રાપ્ત જ ન હોય તેનો નિષેધ કરવાનો કોઈ અર્થ નથી. તેનો નિષેધ શા માટે કરવો ? કોઈ પણ વિવક્ષિત સ્થાને નિષેધ જ માત્ર કરાય છે. આમ કહેવું તે ઉચિત નથી. પરંતુ તે વસ્તુનો કોઈ એક ભાગ અર્થાન્તરથી નિવૃત્તિ સમજાવવા માટે લોકમાં જણાવાય છે. જેમકે अयं प्राणी अश्वो नास्ति विषाणित्वात् = આ પ્રાણી ઘોડો નથી શિંગડાં હોવાથી, આવા પ્રકારનો જે આ અર્થ કહ્યો તે કંઈ વિશેષ નથી. સાક્ષાત્પણે જ તે કહેવાય છે. આ કથનમાં શિંગડાં નામનો હેતુ દેખાતો ન હોવાથી અશ્વાદિ પ્રાણીઓ (કે જેમાં શિંગડાં હોતાં નથી તેવા પ્રાણીઓ)નો નિષેધ કરાય છે. તેમાં કંઈ ખોટું નથી. શિંગડાં હોવાથી અશ્વાદિથી ભિન્ન એવાં મહિષાદિ હોવાં જોઈએ આમ સમજાય પણ છે અને કહેવાય પણ છે.

જેમ વ્યાખ્યાનને અનુસારે ક્યારેક સામાન્યનું કથન થાય છે તેની જેમ જ વ્યાખ્યાનને અનુસારે ક્યારેક વિશેષનું પણ કથન થાય છે. પ્રસંગને અનુસારે સામાન્ય અને વિશેષ એમ બન્ને પણ ક્રમશઃ મુખ્ય થઈ શકે છે. આ કારણથી સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે. આવો અર્થ જણાય છે. તે કારણથી શબ્દ એ પણ વસ્તુનું સામાન્ય અને વિશેષાત્મક સ્વરૂપ જ છે તેને સમજાવનારી ભાષા માત્ર છે. પરંતુ સ્ફોટ પણ નથી અને કેવળ એકલો અન્યાપોહ પણ નથી. ફક્ત સામાન્ય અને વિશેષાત્મક એવું વસ્તુનું જે પારમાર્થિક સ્વરૂપ છે તેને જ જણાવનારા સર્વે પણ શબ્દો છે.

આ પ્રમાણે શબ્દ એ પુદ્ગલદ્રવયનો પરિણામ માત્ર જ છે. કારણ કે આ સર્વે શબ્દો જે બોલાય છે તે ભાષાવર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યો જ માત્ર છે. તેથી તે મૂર્ત છે અને મૂર્ત હોવાથી (અર્થાત્ રૂપાદિ ગુણવાળાં હોવાથી) પુદ્ગલ દ્રવ્યના પરિણામાત્મક છે.

**પ્રશ્ન :-** શબ્દો તે મૂર્ત છે એમ કોના આધારે તમે કહો છો ? જો મૂર્ત હોય તો દષ્ટિગોચર પણ થવાં જોઈએ ને ?

**ઉત્તર :-** શબ્દો તે અવશ્ય મૂર્ત છે. કારણ કે દ્રવ્યાન્તરમાં (બીજા દ્રવ્યોમાં) વિક્રિયા ઉત્પન્ન કરનારા હોવાથી અવશ્ય મૂર્ત છે જ, જેમ પિપ્પલાદિ પદાર્થો અન્ય દ્રવ્યમાં ભળ્યા છતાં વિકાર ઉત્પન્ન કરે છે તેમ શબ્દ પણ અન્ય દ્રવ્યમાં ભલ્યો છતો વિકાર ઉત્પન્ન કરે છે તે માટે મૂર્ત છે. વક્તા જ્યારે પણ પ્રેમવાળાં અને કડવાશવાળાં વચનો બોલે છે ત્યારે શ્રોતાના મુખ ઉપર હર્ષની લાગણી અને વેરઝેરની ભાવના ઉત્પન્ન થતી નજરોનજર સર્વને દેખાય છે. તે માટે તે શબ્દ અવશ્ય મૂર્ત છે અને પુદ્ગલ દ્રવ્ય છે.

**પ્રશ્ન :-** શબ્દમાં મૂર્તતા સમજાય છે પરંતુ દ્રવ્યાન્તરમાં (બીજા દ્રવ્યોમાં) વિકાર કરવાપણું - વિકારવત્ત્વ કેવી રીતે સમજવું ?)

**ઉત્તર :-** (૧) તાડન કરાતા પડહની નીચે તળીયે રહેલી ધૂળાદિ પદાર્થમાં પ્રકંપનાદિ પ્રક્રિયા સ્પષ્ટપણે જણાય જ છે તથા શંખાદિ વાજીંત્રોના શબ્દો જ્યારે અતિમાત્રાએ પ્રવર્તે છે અને જ્યારે કાનમાં અતિમાત્રાએ તે શબ્દો ભરાય છે ત્યારે સાંભળનારાના કાનમાં બહેરાશ કરવાનું સામર્થ્ય પ્રત્યક્ષ જણાય છે. તે કારણથી જ સાંભળનારા લોકો બન્ને કાન આડા બન્ને હાથ ધરી દેતા હોય છે. આવા વિકારો આકાશાદિ અમૂર્ત દ્રવ્યમાં થતા નથી એટલે કે અમૂર્તદ્રવ્યો દ્રવ્યાન્તરમાં વિકારકતા ઉત્પન્ન કરવાને સમર્થ નથી અને શબ્દ આવી વિકારકતા કરે છે માટે તે પૌદ્ગલિક છે અને મૂર્ત હોવાથી પુદ્ગલ પરિણામ સ્વરૂપ છે.

તથા શબ્દ એ ભાષાવર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યો જ છે ભાષાવર્ગણાનાં પુદ્ગલોનો જ પરિણામ છે. આ વાત સમજાવવા બીજી પણ એક યુક્તિ ગ્રંથકારશ્રી જણાવે છે.

પર્વતની સાથે અથડાયેલ પત્થર પર્વત કરતાં વિપરીત દિશામાં જાય છે. કોઈ માણસે પર્વત જે દિશામાં છે. તે દિશામાં પત્થર જોરથી ફેંક્યો હોય ત્યારે પર્વત સાથે અથડાય ત્યાં સુધી જ તે દિશામાં જાય છે. તેવી જ રીતે વક્તા વડે બોલાયેલો શબ્દ પણ પર્વતની સાથે (અથવા ઘરની દિવાલની સાથે) અથડાઈને સામી દિશામાં જ જાય છે તેથી તે શબ્દ પુદ્ગલ પરિણામ જ છે. આકાશનો ગુણ નથી વર્ણાદિ જેવા પુદ્ગલના ગુણો છે તેવો શબ્દ એ પુદ્ગલનો ગુણ નથી. પણ પુદ્ગલાત્મક દ્રવ્યસ્વરૂપ જ છે.

તથા द्वारानुविधायित्वात् = आतपवत् જેમ આતમ એટલે તડકો સૂર્યનો પ્રકાશ બારી-બારણાં અને મોટાં કમાડ વિગેરેમાં પડેલાં છિદ્રો દ્વારા અંદર પ્રવેશ કરે છે અને અંદરની વ્યક્તિ બોલે તો તે શબ્દ આ છિદ્ર દ્વારા બહાર જાય છે. જ્યાં છિદ્ર નથી ત્યાં અંદર અને બહારની વ્યક્તિ વાતચીત કરી શકતી નથી તેમ ફોરવીલ વાળી ગાડીમાં કાચ બંધ હોય ત્યારે અને ટ્રેનના ડબ્બામાં કાચ બંધ હોય ત્યારે વાત થઈ શકતી નથી. તેથી શબ્દ એ પુદ્ગલદ્રવ્ય છે. ઉપરના દૃષ્ટાંતોથી જ્યાં છિદ્ર હોય છે ત્યાં જ શબ્દોનું ગમનાગમન થાય છે. તડકાની જેમ. તેથી શબ્દ એ પુદ્ગલ દ્રવ્ય છે. દ્વારને (છિદ્રને) અનુસરનાર હોવાથી શબ્દ એ પુદ્ગલદ્રવ્ય છે.

તથા અગુરુલઘુ ધૂપ પવન વડે જમણી-ડાબી દિશામાં સંહરણ કરાતો હોવાથી પુદ્ગલ દ્રવ્ય છે. તેવી જ રીતે વક્તા વડે બોલાતો શબ્દ પણ પવનને અનુકૂળ દિશા તરફ સંહરણ કરાતો હોવાથી પુદ્ગલ દ્રવ્ય જ છે. તથા વળી જેમ રસ્તા ઉપર પડેલાં વૃક્ષમાં તૃણ-પર્ણાદિ પદાર્થો પુદ્ગલદ્રવ્ય હોવાથી પવન દ્વારા તે તે દિશામાં ઉડાઉડ કરે છે. તેવી જ રીતે વક્તા વડે બોલાતો શબ્દ પણ પવન વડે પ્રેરણા પામતો હોવાથી પુદ્ગલદ્રવ્યનો પરિણામ જ છે તથા વળી દીપકનો પ્રકાશ પુદ્ગલદ્રવ્ય હોવાથી બધી જ દિશામાં ગમનાગમન કરે છે તેની જેમ વક્તા વડે બોલાતો શબ્દ પણ સર્વ દિશામાં ગમનાગમન કરે છે. એટલે વ્યાખ્યાનાદિમાં વક્તાનો શબ્દ સર્વત્ર સંભળાય છે. પુદ્ગલદ્રવ્ય હોવાથી નિકટવાળી વ્યક્તિને વધારે સંભળાય છે અને દૂર દૂરની વ્યક્તિને હીન-હીનતર સંભળાય છે.

તથા તારાઓના વિમાનોનો પ્રકાશ સૂર્યના વિમાનના પ્રકાશથી અભિભવ (પરાભવ) પામે છે તેથી જ પુદ્ગલ દ્રવ્યનો પરિણામ છે તેવી જ રીતે શબ્દ પોતે પણ મોટા અવાજવાળા ઈતર શબ્દ વડે પરાભવ પામતો હોવાથી પુદ્ગલદ્રવ્યનો પરિણામ છે તથા સૂર્યનો પ્રકાશ જેમ અભિભાવુક છે (આંજી દેનાર છે) તેથી જ તારા-ગ્રહ-નક્ષત્ર અને સૂર્યનો પ્રકાશ દીપક આદિના પ્રકાશનો પરાભવ કરનાર છે. દબાવી દેનાર છે તેથી તે પુદ્ગલ પરિણામ છે.

તેવી જ રીતે શબ્દ પણ અભિભાવુક હોવાથી મોટો અવાજ નાના અવાજનો પરાભવ કરતો હોવાથી પુદ્ગલ પરિણામ છે. મોટા અવાજ વડે નાનો અવાજ પરાભવ પામે જ છે. આ વાત લોકમાં અનુભવ સિદ્ધ હોવાથી પ્રતીત જ છે સમજાવવી પડે તેમ નથી.

આ પ્રમાણે ઉપર કહેલી તમામ ચર્ચાથી અને ઉદાહરણોથી સાબિત થાય છે કે "શબ્દ એ પુદ્ગલ દ્રવ્યનો જ પરિણામ છે" પરંતુ આકાશનો ગુણ નથી. નૈયાયિકો વિગેરે જે આકાશનો ગુણ માને છે તે સર્વથા ખોટી માન્યતા છે.

ननु चाकाशस्य गुणाः - शब्दसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागाः । आकाशस्य गुणः शब्द इति कणभुङ्मतम् । एकद्रव्यवत्त्वात् । एकेनाश्रयद्रव्येण द्रव्यवत्त्वमेकद्रव्यवत्त्वं । अथवा एकं च तद् द्रव्यं चेत्येकद्रव्यं तदस्याश्रयोऽस्तीत्येकद्रव्यवांस्तद्भाव एकद्रव्यवत्त्वं । तस्मादेकद्रव्यवत्त्वान्न द्रव्यम् । न च कर्माचाक्षुषप्रत्यक्षत्वात् । अतः परिशेषाद् गुणः । स च क्षणिकः । प्रागूर्ध्वं चोच्चारणात् सत्त्वे लिङ्गाभावात् । कारणसामग्र्याः प्रागभूतात्मलाभत्वात् । शब्दाभिव्यञ्जकवस्त्व-भावात् । सति चाभिव्यञ्जके कारणजो विकारो न स्यात् । न हि घटस्य प्रदीपादिदिव्यमणिव्यञ्जकसन्निधाने परिमाणानुविधानं दृष्टम् । तावानेव हि घटकोऽभिव्यञ्जकभेदे सत्यपि । अयं त्वल्पमध्यादिभेद उपलभ्यते ।

तथा भेर्यादिसंयोगान्निष्पत्तेर्वेणुपर्वविभागाच्छब्दाच्च शब्दनिष्पत्तेः वीचिसन्तानवत् । न चायं विशेषगुणः स्पर्शवतां द्रव्याणां भूजलानलानिलानामकारणगुणपूर्वत्वात् । यथा शुचौ शङ्खे कारणगुणपूर्वं धवलं रूपमालक्ष्यते । विनष्टेऽपि तस्मिन् जलजे तथालक्षणमेव रूपं शकलेषु गृह्यते । न त्वेवं भेर्यादिशब्दाः प्रध्वस्तेषु भेर्यादिषु तदवयवेषूपलभ्यन्ते । शरीरे वा सामश्लोकादिशब्दाः शरीरावयवेषु वोपलक्ष्यन्ते । तस्मान्न कारणगुणपूर्वः शब्दः । तथा यदि स्पर्शवतो गुणः स्यात् शब्दस्ततो यावत् तानि स्पर्शवद् द्रव्याणि तावद् भवेद् रूपादिवत् । न चैवमुपपद्यते । तस्मादयावद्द्रव्यभावित्वान्न पृथिव्यादिगुणः शब्दः । इतश्च न स्पर्शवद्द्रव्यगुणः शब्दः ।

आश्रयादन्यत्रोपलब्धेः । अन्यत्र हि शङ्खमुखसंयोगोऽन्यत्र दिगन्तरेऽवस्थितैः श्रोतृभिरुपलभ्यते शब्दः । स्पर्शवद्गुणास्तु रूपदयोऽन्यत्राश्रयान्न गृह्यन्ते । तस्मान्न शब्दः स्पर्शवतां गुणः । बाह्येन्द्रियप्रत्यक्षत्वाच्च नात्ममनोदिक्कालानाम् पारिशेष्यादाकाशगुणः । लिङ्गमाकाशस्यानुप-लभ्यमानस्येति ॥

**ગુજરાતી ભાષાંતર** :- શબ્દ એ ભાષાવર્ગણાનાં પુદ્ગલો જ છે. પરંતુ આકાશનો ગુણ નથી. તે કારણથી નૈયાયિકો અને વૈશેષિકો શબ્દને જે આકાશનો ગુણ માને છે. તેનું ગ્રંથકાર મહારાજાશ્રી ખંડન કરે છે -

નૈયાયિકો અને વૈશેષિકો આ પ્રમાણે માને છે કે **"શબ્દ-સંખ્યા-પરિમાણ-પૃથક્ત્વ-સંયોગ અને વિભાગ આ સર્વે આકાશ નામનું જે દ્રવ્ય છે તેના ગુણો છે."** આવા પ્રકારના સૂત્રના વિધાનસામર્થ્યથી શબ્દ એ આકાશનો ગુણ છે. આ પ્રમાણે આ વૈશેષિકો (એટલે કણાદઋષિના શિષ્યો અર્થાત્ કાણભૂજનો અનુયાયી વર્ગ) આ પ્રમાણે માને છે. કારણ કે આ સર્વે પણ ગુણો આકાશ દ્રવ્યમાં રહેનારા છે. એક દ્રવ્ય છે આશ્રય (આધાર) જેને તેવા આ ગુણો છે. તે કારણથી અર્થાત્ ઉપરોક્ત સર્વે પણ ગુણો (આકાશ) દ્રવ્યમાં વર્તતા હોવાથી તે સર્વે આકાશદ્રવ્યના ગુણો છે એમ કહેવાય છે. આ પ્રમાણે નૈયાયિકાદિ કહે છે.

"एकद्रव्यवत्त्वात्" આ શબ્દનો અર્થ તે વૈશેષિકો આ પ્રમાણે કરે છે કે - આધારભૂત માત્ર એક જ દ્રવ્ય છે જેને તેના કારણે જ એક દ્રવ્યવાળા પણે જેની પ્રસિદ્ધિ છે એવા જે ગુણો છે. તે एकद्रव्यवत्त्व કહેવાય છે અથવા एकं च तद् द्रव्यं च = એક એવું જે દ્રવ્ય તે एक द्रव्य, આ પ્રથમ કર્મધારય સમાસ થયો.

तदस्याश्रयोऽस्तीति एकद्रव्यवान् તે એક જ દ્રવ્ય છે આધાર સ્વરૂપે જેને તે एकद्रव्यवत्त्वम् = તે એક જ દ્રવ્ય છે આધાર જેને તે એક દ્રવ્યવાન્, "तद्वान्" એ અર્થમાં मतुप् प्रत्यय થયો છે. તેને ભાવ અર્થમાં त्व प्रत्यय થવાથી एकद्रव्यवत्त्व શબ્દ બનેલ છે. જેના આધારભૂત એક જ દ્રવ્ય છે તેવા જે ગુણો તે એક દ્રવ્યવાળા ગુણો કહેવાય છે.

"શબ્દ" નામનો ગુણ એક આકાશદ્રવ્યમાં જ વર્તે છે તેથી તે શબ્દ આવા પ્રકારનો એટલે કે એક દ્રવ્યમાં જ માત્ર રહેવાવાળો ગુણ છે. તેથી જ જ્યાં જ્યાં પોલાણ (આકાશ) છે. ત્યાં ત્યાં જ શબ્દ ઉત્પન્ન થાય છે. મુખમાં, નગારામાં, ઢોલકમાં, તબલામાં, વાંસળીમાં પોલાણ (આકાશ) છે તેથી તે પોલાણમાં (આકાશમાં) શબ્દ ઉત્પન્ન થાય છે. તે માટે શબ્દ એ પોલાણનો અર્થાત્ આકાશનો ગુણ છે. આ પ્રમાણે નૈયાયિક-વૈશેષિકોનું કહેવું છે.

(૧) શબ્દ એ આકાશ નામના એક દ્રવ્યના આશ્રયવાળો પદાર્થ હોવાથી આકાશ તે દ્રવ્ય છે. પરંતુ તેમાં વર્તનારો શબ્દ તે આકાશનો ગુણ છે.

(૨) શબ્દ એ તર્કસંગ્રહમાં બતાવેલા કર્મ નામના ત્રીજા પદાર્થમાં સમાવેશ પામતો નથી. "शब्दः, न कर्म, अचाक्षुषप्रत्यक्षत्वात् = શબ્દ એ ક્રિયા નથી. ચક્ષુથી ભિન્ન એવી શ્રોત્રેન્દ્રિય દ્વારા જણાતો હોવાથી જે જે ક્રિયસ્વરૂપ હોય છે તે તે ચાક્ષુષ પ્રત્યક્ષ હોય છે અને શબ્દ એ ચાક્ષુષ પ્રત્યક્ષ નથી. શ્રવણેન્દ્રિય પ્રત્યક્ષ છે એટલે કે અચાક્ષુષ પ્રત્યક્ષ છે તે માટે કર્મસ્વરૂપ નથી.

દ્રવ્ય-ગુણ અને કર્મ આ ત્રણ પ્રકારના પદાર્થમાંથી શબ્દ એ દ્રવ્ય પણ નથી અને કર્મ પણ નથી એટલે કે શેષથી ગુણ અવશ્ય છે એમ સાબિત થાય છે. આ પ્રમાણે નૈયાયિક અને વૈશેષિકોનું કહેવું છે.

તથા વળી આ શબ્દ એ ગુણ છે પણ સાથે સાથે તે ક્ષણિક પણ છે. ઉચ્ચારણ કરાય ત્યારે જ ઉત્પન્ન થાય છે અને તેથી તે કાળે જ જણાય છે. ઉચ્ચારણથી પૂર્વકાળમાં કે ઉર્ધ્વકાળમાં (પશ્ચાદ્ કાળમાં) જરા પણ જણાતો નથી સંભળાતો નથી તેથી શબ્દનું તે કાળે એટલે કે સંભળાવવાના કાળથી આગલા-પાછલા કાળે सत्त्व (अस्तित्व) માનવામાં કોઈ પ્રબળ હેતુ દેખાતો નથી. પ્રબળ કારણ ખાસ કોઈ જણાતું નથી. તેથી આગળ-પાછળ તે શબ્દ નથી. માટે ક્ષણિક છે.

તથા શબ્દને પ્રગટ કરવામાં કંઠ-તાલુ આદિની સામગ્રી પ્રાપ્ત થાય ત્યારે જ પ્રગટ થતો હોવાથી તે કાળે જ જણાય છે. પરંતુ આવા પ્રકારની કંઠ-તાલુ આદિની સામગ્રી આવ્યા પૂર્વે अभूतः તે શબ્દ હતો નહીં. તેનો જ आत्मलाभात् = પ્રગટભાવ એટલે કે પ્રગટીકરણ થતું હોવાથી હવે શબ્દ જણાય છે. તે માટે ક્ષણિક છે.

**स च क्षणिकः = प्रागूर्ध्वं चोच्चारणात् सत्त्वे लिङ्गाभावा त् ।** તે શબ્દ ક્ષણિક છે. ઉચ્ચારણકાળથી પૂર્વે અને પછી તે શબ્દના અસ્તિત્વનાં કોઈ લિંગો દેખાતા નથી. માટે ક્ષણિક છે. તેની કારણસામગ્રી ભેગી થાય તેની પૂર્વે ન હતો અને કારણસામગ્રી કાળે જ પ્રગટ થયેલો છે. કારણ કે જ્યારે તે શબ્દ પ્રગટ થાય છે તેના પૂર્વકાળમાં અને પછીના કાળમાં શબ્દને અભિવ્યંજિત (પ્રગટ) કરે તેવી સામગ્રીનો અભાવ હોવાથી શબ્દ એ ક્ષણિક છે.

કારણ કે જેમ ઘટને અભિવ્યક્ત કરનાર (પ્રગટ કરનાર) પ્રદીપ (દીપક) આવે કે દિવ્યમણિ આવે તો પણ ઘટનું જે પરિમાણ (માપ) છે. તેમાં કંઈ ફરક પડતો નથી. ઘટ તો જેમ છે તેમ જ રહે છે. પ્રદીપાદિ તો માત્ર તેના અભિવ્યંજક (પ્રગટ કરનારા જ) થાય છે. ઘટને જણાવનારા જ થાય છે. સારાંશ કે અભિવ્યંજક દિવ્યમણિ કે દીપક એમ ગમે તે ભિન્ન ભિન્ન આવે તો પણ ઘટ તેટલી માત્રાવાળો જ રહે છે. ઘટમાં કંઈ તફાવત થતો નથી. જ્યારે શબ્દમાં આવું નથી.

પરંતુ શબ્દમાં તેનાથી ઉલટું છે. શબ્દ અલ્પમાત્રાવાળો પણ છે, મધ્યમ માત્રાવાળો પણ છે. અને તીવ્ર-તીવ્રતમ માત્રાવાળો પણ છે તે આ પ્રમાણે - (૧) ભેરી આદિના સંયોગથી પણ શબ્દની ઉત્પત્તિ થાય છે. (૨) વેણુ અને પર્વના વિભાગથી પણ શબ્દની ઉત્પત્તિ થાય છે તથા (૩) શબ્દથી પણ શબ્દની ઉત્પત્તિ થાય છે. જેમ મોજાના તરંગોમાં એક મોજાથી બીજું મોજું અને બીજા મોજાથી ત્રીજું મોજું ઉત્પન્ન થાય છે એમ એક શબ્દ બીજા શબ્દને, બીજો શબ્દ ત્રીજા શબ્દને, ત્રીજો શબ્દ ચોથા શબ્દને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે શબ્દધારા ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે સંયોગજ, વિભાગજ અને શબ્દજ એમ ત્રણ પ્રકારનો શબ્દ ઉત્પન્ન થાય છે આવા પ્રકારની નૈયાયિક અને વૈશેષિક દર્શનકારોની માન્યતા છે તથા વૈશેષિકો શબ્દને આકાશનો ગુણ માને છે તેની સિદ્ધિ તેઓ આ પ્રમાણે કરે છે -

સ્પર્શવાળાં જે દ્રવ્યો છે. તે પૃથ્વી, જળ, અનલ (અગ્નિ) અને અનિલ (પવન-વાયુ) આ ચારે દ્રવ્યોનો શબ્દ એ વિશેષગુણ નથી. કારણ કે આ શબ્દ એ अकारणगुणपूर्वक પ્રગટ થતો હોવાથી જેમકે શંખ ધોળા વર્ણવાળો છે. તે શંખની ઉત્પત્તિ જે પરમાણુઓમાંથી થઈ છે

તે કારણભૂત પરમાણુઓ શ્વેત હતા. એટલે તેનાથી બનેલો શંખ શ્વેત બન્યો છે. અર્થાત્ કારણગુણપૂર્વક શંખ બનેલો છે માટે શ્વેત છે. તેથી જ જ્યારે તે શંખ નષ્ટ થાય છે. ત્યારે અર્થાત્ શંખ ભાંગે છે ત્યારે તેના થયેલા એક એક ટુકડા ટુકડામાં પણ તેવા જ સ્વરૂપવાળું શ્વેત રૂપ દેખાય છે.

શબ્દોમાં આવું બનતું નથી. ભેરી આદિ વાજીંત્રોથી ઉત્પન્ન થયેલા શબ્દો ભેરી આદિ વાજીંત્રો નાશ પામે ત્યારે તેના અવયવ ભૂત ટુકડાઓ રૂપી કારણમાં તે શબ્દ જણાતો નથી. તેથી કારણગુણપૂર્વક નથી. પરંતુ અકારણગુણપૂર્વક છે. તેવી જ રીતે જે શરીરમાં સામવેદાદિના શ્લોકોના શબ્દો બોલાતા હતા તે જ શરીરના અવયવોમાં સામવેદાદિના શ્લોકોના શબ્દો જણાતા નથી. તે કારણથી શબ્દ એ કારણગુણ પૂર્વક નથી. ઉપરોક્ત બન્ને ઉદાહરણોથી આ વાત સિદ્ધ થાય છે કે શબ્દો અકારણગુણપૂર્વક છે પણ કારણગુણપૂર્વક નથી.

તથા શબ્દ એ જો સ્પર્શવાળાં (પૃથ્વી આદિ ચાર) દ્રવ્યોનો ગુણ હોત તો સ્પર્શવાળાં પૃથ્વી આદિ જે ચાર દ્રવ્યો છે તે દ્રવ્યોમાં રૂપ-રસ-ગંધ આદિ ગુણો જેમ વર્તે જ છે. તેમ શબ્દ ગુણ પણ તે ચાર દ્રવ્યોમાં વર્તતો હોત. પરંતુ પૃથ્વી આદિ ચારે દ્રવ્યોમાં જેવા રૂપ-રસ અને ગંધ ગુણ વર્તે છે. તેવો શબ્દગુણ તેમાં વર્તતો નથી. તેથી પૃથ્વી આદિ ચારે દ્રવ્યોમાં શબ્દગુણ ન વર્તતો હોવાથી એટલે કે अयावद्द्रव्यभावित्वात् = પૃથ્વી આદિ ચારે દ્રવ્યોની સાથે સદા વર્તનારો ન હોવાથી તે શબ્દ પૃથ્વી આદિ ચાર દ્રવ્યોનો ગુણ નથી.

તથા વળી शब्दः (પક્ષ), स्पर्शवद्द्रव्यगुणो न (સાધ્ય), आश्रयादन्यत्रोपलब्धेः (હેતુ). શબ્દ એ સ્પર્શવાળા જે ચાર દ્રવ્યો છે તેનો ગુણ નથી. કારણ કે આશ્રયથી (આધારથી) અન્યત્ર (અન્ય ક્ષેત્રોમાં) તે શબ્દ શ્રવણ થાય છે તે માટે, જેમકે શંખ વગાડાતો હોય ત્યારે શંખ અને મુખ આ બન્નેનો જ્યાં સંયોગ છે તે સંયોગ તો મુખ પાસે છે અને શબ્દ તો ત્યાંથી अन्यत्र - દૂર દૂર ઉભેલા અને બેઠેલા માણસો વડે સંભળાય છે. શંખનો શબ્દ ઉત્પન્ન થાય છે મુખ પાસે, અને સંભળાય છે અન્યત્ર, એટલે શબ્દ એ પૃથ્વી આદિ (શંખનો કે મુખનો) નો ગુણ નથી. પરંતુ જ્યાં પોલાણ હોય છે ત્યાં જ સંભળાય છે. તેથી આકાશનો ગુણ છે. એમ નૈયાયિક અને વૈશેષિકોનું કહેવું છે.

તથા બાહ્યેન્દ્રિય જે શ્રોત્રેન્દ્રિય છે તેનાથી આ શબ્દ પ્રત્યક્ષ ગ્રહણ થાય છે. તે કારણથી તે શબ્દ આત્મા-મન-દિશા અને કાળ એ શેષ ચાર દ્રવ્યોનો પણ ગુણ નથી. કારણ કે આ ચારે દ્રવ્યો અતીન્દ્રિય છે તેથી તેના જે જે ગુણો હોય છે તે તે ગુણો પણ અતીન્દ્રિય જ છે અને શબ્દ એ અતીન્દ્રિય નથી. શ્રોત્રેન્દ્રિયગમ્ય છે. ઉપરની ચર્ચાથી સમજાશે કે શબ્દ

એ પૃથ્વી આદિ પ્રથમનાં ચાર દ્રવ્યોનો પણ ગુણ નથી અને આત્મા આદિ પાછલાં ચાર દ્રવ્યોનો પણ ગુણ નથી. એમ કુલ આઠ દ્રવ્યોનો ગુણ નથી. વૈશેષિકોના મતે કુલ ૯ (નવ) દ્રવ્યો છે તેમાંથી શબ્દ એ આઠ દ્રવ્યોનો ગુણ ન હોવાથી શેષ બાકી રહેલા એક આકાશ નામના દ્રવ્યનો ગુણ છે એમ સમજાય જ છે. આ સઘળી વાત વૈશેષિકોના મતે કહી છે.

વૈશેષિકોના મતે કુલ નવ દ્રવ્યો છે તેમાંથી આઠ દ્રવ્યોનો આ શબ્દ એ ગુણ નથી. તેથી બાકી રહેલું જે આકાશદ્રવ્ય છે તેનો જ આ ગુણ છે. તે આકાશ દ્રવ્ય ચક્ષુ આદિ બાહ્ય પાંચ ઈન્દ્રિયોથી અદશ્ય છે (અનુપલભ્યમાન છે) તેનો જ શબ્દ આ ગુણ છે આ પ્રમાણે વૈશેષિકો અને નૈયાયિકો પોતાની વાત પોતાની રીતે રજુ કરે છે.

ગ્રંથકારશ્રી તથા ટીકાકારશ્રી હવે તે વૈશેષિક દર્શનકારની માન્યતા અઘટમાન છે અર્થાત્ મિથ્યા છે એમ કહીને જણાવે છે કે તે દર્શનકારોની પોતાની બોલવાની વાચાળતાના કારણે પોતાની બુદ્ધિને અનુસારે વસ્તુની કલ્પના કરવાની કુશળતા હોવાથી મનના વિકલ્પો રૂપી શિલ્પરચના માત્ર પ્રગટ કરવામાં આવી છે જેમ આકાશ તો પોલાણવાળું જ દ્રવ્ય છે. તો પણ તેમાં બુદ્ધિના વૈભવથી મહાશિખરનું વર્ણન કરવામાં આવે તેની જેમ માત્ર બુદ્ધિના ઘોડા જ દોડાવવામાં આવ્યા છે. કલ્પનાઓ જ માત્ર કલ્પવામાં આવી છે. સત્ય કંઈ છે જ નહીં (તેનું ખંડન હવે કરવામાં આવે છે).

**संस्कृत टीका :-** तदेतदघटमानकमेव वैशेषिकैर्वाचालतया स्वमतिविकल्पशिल्परचनामात्रमाविष्क्रियते, गगनमहाशिखरवर्णनवत्, मूर्तत्वं हि प्रत्ययादि प्रागस्यास्माभिर्युक्तितः । तत् कथं मूर्तस्य व्योमगुणत्वोपपत्तयः संङ्गस्यन्ते । न हि रूपादयो व्योमगुणा इति व्याहारः शोभते । पुद्गलानामेव हि तथाविधः परिणामः शब्दव्यपदेशभागित्येकद्रव्यवत्त्वाभावः ततश्च स्याद् द्रव्यं स्याद् गुणः । परिणामस्य परिणामिनोऽर्थान्तरानर्थान्तरत्वेनाभ्युपेतत्वात्, एतेनानित्यत्वैकान्तः प्रत्युक्तः । सर्ववस्तूनां द्रव्यपर्यायात्मकत्वात् ।

एवं तर्ह्याकाशस्यापि केनचिदाकारेण गुण एवेति चेत् ? नामाकाशादिविवक्षावशाददोषोऽयमनेकान्तवादिनः ॥ द्रव्यपरिणाममात्रत्वाच्च कर्मणोऽचाक्षुषप्रत्यक्षताऽप्यसिद्धा, यदि कथञ्चित् क्षणिकत्वम्, (तर्हि) सिद्धसाध्यता । सर्वात्मना चेत् ? दृष्टान्ताभावः ॥

सत्त्वमपि केनचित् पुद्गलरूपाद्याकारेणेत्यतः सत्त्वे लिङ्गाभावादित्यसम्बद्धम् । कारणसामग्र्या चाकारान्तरावस्थानमापद्यत । इत्युत्थितासीनशयितपुरुषवदित्यभूतात्मलाभत्वमसिद्धम् । शब्दपर्यायेणाभूत इति चेत् ? उक्तमसकृत् न वस्तु पर्यायमात्रं, किं तर्हि ? द्रव्यं पर्यायश्चेत्युभयम् ॥ अभिव्यक्तिदूषणान्यप्येकान्तावस्थितवस्तुपक्षेऽवतरीतुमुत्सहन्ते । न तु परिणामा यस्य कथंचिदनित्यं कथञ्चिन्नित्यमिति ?

**ગુજરાતી ભાષાંતર :-** શબ્દ એ મૂર્ત છે. આ પ્રમાણે આ શબ્દનું મૂર્તપણું અમારા વડે પૂર્વે યુક્તિઓ પૂર્વક પ્રતિપાદન કરાયું જ છે. તેથી શબ્દ એ મૂર્ત છે. આ વાત તો અમે પૂર્વે જણાવી ચુક્યા છીએ. હવે જે મૂર્ત હોય તેને આકાશનો ગુણ છે આમ માનવું યુક્તિની યુક્તતાને કેમ પામે ? અર્થાત્ આ વાત કેમ સંગત થાય ? જે મૂર્ત હોય તે અમૂર્ત દ્રવ્યનો ગુણ કેમ હોય ? રૂપ-રસાદિ જે ગુણો છે તે ગુણો આકાશના છે આ પ્રમાણે કહેવું કે પ્રવચન કરવું તે વ્યવહાર શોભા પામતો નથી. કારણ કે તે વાત સર્વથા મિથ્યા વાત જ છે. જૈન શાસ્ત્રોથી વિરુદ્ધ છે. તેમ અહીં પણ સમજવું. કારણ કે રૂપ-રસાદિ ગુણોનું હોવું તે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનો જ તેવા પ્રકારનો પરિણામ છે. સારાંશ કે પુદ્ગલ દ્રવ્ય જ રૂપ-રસાદિ ગુણવાળાપણે પરિણામ પામે છે અને પામતું જ રહેશે. પરંતુ આકાશ દ્રવ્ય જે અમૂર્ત છે તે કંઈ રૂપ રસાદિ ગુણવાળાપણે ક્યારેય પણ પરિણામ પામતું નથી. આકાશ એ અરૂપી દ્રવ્ય હોવાથી તેમાં રૂપાદિ ગુણો ક્યારેય હોતા નથી.

તે કારણથી પુદ્ગલોનો જ તેવા પ્રકારનો પરિણામ છે કે જે શબ્દના વ્યવહારને પામનાર બને છે. તે માટે શબ્દમાં "एकद्रव्यवत्त्व" ધર્મ છે આવું જે વૈશેષિકો માને છે તે ઘણું ખોટું છે શબ્દ એ ગુણ જ નથી. પણ પુદ્ગલદ્રવ્ય જ છે. (ભાષાવર્ગણાનાં પુદ્ગલો જ છે) અનંત અનંત અણુઓના સ્કંધો જ છે તે પુદ્ગલો જ શબ્દ સ્વરૂપે પરિણામ પામે છે. પૌદ્ગલિક હોવાથી મૂર્તદ્રવ્ય છે અને મૂર્તદ્રવ્ય હોવાથી આકાશનો ગુણ નથી, માટે શબ્દ એ આશાકનો ગુણ છે. આમ કેમ કહેવાય ? શબ્દ તે આકાશનો ગુણ નથી, પણ ભાષાવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો છે.

આ કારણથી શબ્દ એ કથંચિદ્ દ્રવ્ય છે અને કથંચિદ્ ગુણ છે. વસ્તુનું જે કંઈ પરિણમન થાય છે તે પરિણમન પરિણામી એવા દ્રવ્યથી અર્થાન્તર (એટલે ભિન્ન) પણ છે અને અનર્થાન્તર (એટલે અભિન્ન) પણ છે. સારાંશ કે કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન ઉભયસ્વરૂપે સ્વતઃ જ જગતમાં છે અને અમે જૈનોએ જેમ છે તેમ સ્વીકારેલું છે. મનમાની અમારી આ કલ્પનામાત્ર નથી પણ હકીકતથી દ્રવ્ય તેવું જ છે. અર્થાત્ ગુણની સાથે ભિન્નાભિન્ન છે.

શબ્દનું પણ આવા જ પ્રકારનું દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપ હોવાથી "શબ્દ" એકાન્તે અનિત્ય જ છે. આવા પ્રકારની અન્ય દર્શનકારોની (ખાસ કરીને નૈયાયિક-વૈશેષિકોની) જે આ કલ્પના છે તેઓ આવી માન્યતા જે ધરાવે છે. તે સર્વથા ખોટી જ છે, મિથ્યા જ છે. એમ અમે તેઓની સામે અહીં સુધી તેઓનું ખંડન જ કર્યું છે કારણ કે સંસારમાં સર્વે પણ વસ્તુઓ દ્રવ્ય અને પર્યાય એમ ઉભય સ્વરૂપાત્મક છે. તેથી નિત્યાનિત્ય જ છે. પરંતુ એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય નથી જ.

**પ્રશ્ન :-** જો આમ જ હોય અને સર્વત્ર દ્રવ્ય-ગુણ અને પર્યાય આત્મકતા જ હોય તો આકાશ નામનું જે દ્રવ્ય છે તેમાં પણ કોઈ કોઈ આકાર (અર્થાત્ પર્યાય પામવા) સ્વરૂપે ગુણ હોવો જ જોઈએ તો જ તે આકાશદ્રવ્ય-દ્રવ્યપર્યાયાત્મક કહેવાય. અને જો આમ હોય તો આકાશ પણ નિત્યાનિત્ય જ થઈ જાય. અત્યાર સુધી અમે તો એમ જ સમજીએ છીએ અને અન્ય સર્વ દર્શનકારો પણ એમ જ સમજે છે કે આકાશ તો નિત્ય જ છે. અનાદિ-અનંત જ છે. તેમાં ઉભયાત્મકપણું કેવી રીતે સંગત થાય ? આકાશ દ્રવ્યમાં પર્યાયો હોય છે અને તેની અપેક્ષાએ કથંચિત્ અનિત્ય પણ છે આ વાત કેમ મગજમાં ઉતરે ?

**ઉત્તર :-** આકાશ નામના દ્રવ્યમાં પણ અનેકાન્તપણું જ તે છે તે આ પ્રમાણે જાણવું - (૧) નામાકાશ, (૨) સ્થાપનાકાશ, (૩) દ્રવ્યાકાશ અને (૪) ભાવાકાશ એમ ચાર નિક્ષેપાઓથી અને સાત નયોથી જ્યારે વિચારણા કરાય છે ત્યારે શબ્દ જેનાથી ઉત્પન્ન થાય તે આકાશ આમ કહીએ ત્યારે ભેરી વિગેરે વાજીંત્રો દ્વારા શબ્દ ઉત્પન્ન થાય છે. તે ભેરી વિગેરેમાં રહેલું જે પોલાણ તે આકાશ હોવાથી ભેરી વિગેરે વાજીંત્રને પણ ઉપચારે આકાશ કહેવાશે. ભેરીનો અવાજ, નગારાનો અવાજ વિગેરેમાં આવો જ વ્યવહાર થાય છે. ઉપચારે એમ માનવામાં કંઈ દોષ આવતો નથી. અનેકાન્તવાદી એવા જૈનોને તો તેમાં પણ સ્યાદ્વાદ શૈલીની વિવક્ષાએ બધું જ યથાર્થપણે યથોચિત્ત રીતે ઘટી શકે છે.

તથા નૈયાયિકોએ શબ્દ એ બોલવા સ્વરૂપ ક્રિયાત્મક નથી. પણ આકાશનો ગુણ છે પોતાની માનેલી આ વાતને સિદ્ધ કરવા માટે જે अचाक्षुषत्वात् હેતુ નૈયાયિકોએ મુક્યો હતો તેનો અર્થ એ હતો કે તે ક્રિયાત્મક નથી. પરંતુ નૈયાયિકની આ વાત અસિદ્ધ છે. અર્થાત્ ખોટી છે. કારણ કે શબ્દ્ એ ભાષાવર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યો જ છે. અને તે પરિણામ પામનાર દ્રવ્ય છે. દ્રવ્યનું પરિવર્તન થતું હોવાથી અચાક્ષુષપ્રત્યક્ષતા પણ અસિદ્ધ છે દ્રવ્ય જો ચાક્ષુષ છે તો દ્રવ્યમાં રહેલી ક્રિયા પણ ચાક્ષુષપ્રત્યક્ષ જ કથંચિદ્ કહેવાય. જેથી તમે જે અચાક્ષુષપ્રત્યક્ષતા કહી છે તે અસિદ્ધ છે.

તથા વળી નૈયાયિક અને વૈશેષિકોએ શબ્દમાં જે ક્ષણિકત્વ માન્યું છે તેનું કારણ તેઓની દૃષ્ટિએ આ પ્રમાણે છે કે શબ્દનું ઉચ્ચારણ કરતાં પૂર્વે પણ શબ્દ ન હતો (હતો નહીં) અને ઉચ્ચારણ કર્યા પછી પણ સમયાન્તરે તે રહેતો નથી જ. તે માટે શબ્દ તે ઉચ્ચારણ કાળ પુરતો એક સમયાત્મક કાળવાળો છે. અર્થાત્ ક્ષણિક છે. આ પ્રમાણે તેઓ માને છે.

પરંતુ દીર્ઘદૃષ્ટિથી જો વિચારીએ તો શબ્દમાં કથંચિદ્ ક્ષણિકપણું તમે કહેતા હો અમને જૈનોને તો સિદ્ધસાધ્યતા છે કારણ કે જગતમાં રહેલી તમામ વસ્તુઓ પર્યાયાર્થિકનયથી કથંચિત્ ક્ષણિક છે જ, આ વાત અમને કંઈ બાધાકારી નથી. અમને આ વાત સ્વીકાર્ય જ

છે. પરંતુ જો सर्वात्मना = સર્વથા એકાન્તે ક્ષણિક જ છે. આમ જો તમે કહેતા હો તો તમારી વાત સર્વથા ખોટી છે એવું કોઈ દૃષ્ટાન્ત જ નથી કે જેના ઉદાહરણથી એકાન્ત ક્ષણિકતા સિદ્ધ થાય. કારણ કે શબ્દ અને સર્વે પણ પદાર્થો જગતમાં દ્રવ્યરૂપે તો કાયમ છે જ.

તથા વળી આગલા પાઠમાં તમે જે આ પ્રમાણે કહ્યું છે કે "स च क्षणिकः, प्रागूर्ध्वं चोच्चारणात् सत्त्वे लिङ्गाभावात्" તે શબ્દ ક્ષણિક છે. કારણ કે ઉચ્ચારણ કરો તેની પૂર્વે અને પછી તેની હયાતી હોય તેવું કોઈ લિંગ (હેતુ) જણાતું નથી. ઈત્યાદિ તમે જે કહ્યું તે વાત असम्बन्धम् = સંબંધ વિનાની છે. કારણ કે પુદ્ગલાસ્તિકાયના કોઈ પણ આકારપણે તેનું સત્પણું (અસ્તિત્વ) પણ અવશ્ય છે જ, કારણોની સામગ્રી મળવાથી ભિન્ન ભિન્ન આકાર રૂપે તે શબ્દ પરિણામ પામે છે.

કારણ કે શબ્દ એ પુદ્ગલનો જ પરિણામ છે. તેથી ઉભા રહેલા, બેઠેલા અને સુતેલા પુરુષની અવસ્થા જ માત્ર જેમ બદલાય છે પરંતુ અવસ્થાવાન પુરુષ બદલાતો નથી. પુરુષ સદા તેનો તે જ રહે છે. તેની જેમ ઉચ્ચારણ કાળે શબ્દ મન્દ-મધ્યમ-તીવ્ર-તીવ્રતર ભાવે પરિણામ પામે છે. પરંતુ અવસ્થાન્તરતાને પ્રાપ્ત કરનાર શબ્દ સદા છે જ. એવી જ રીતે જે પુદ્ગલદ્રવ્યો તીવ્ર-મન્દ-મન્દતર રૂપે પરિણામ પામે છે પરંતુ પુદ્ગલ સ્વરૂપે સદાકાળ છે જ. માટે અન્યદર્શનકારોએ જે વાત કરી છે. કે अभूतात्मलाभत्व = શબ્દ હતો નહીં. પછી પોતાના સ્વરૂપે થયો. વિગેરે વાત સંબંધ વિનાની છે. સર્વથા મિથ્યા વાત છે.

**પ્રશ્ન :-** જ્યારે ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે જ શબ્દ પ્રગટ થાય છે તેની પૂર્વે અને ઉચ્ચારણની પછી શબ્દ છે જ નહીં. તો પુદ્ગલ રૂપે હતો તે વાત કેમ સંગત થાય ?

**ઉત્તર :-** અમે જૈનોએ આ વાત અનેક વખત કહી છે કે કોઈ પણ વસ્તુ કેવળ એકલા પર્યાય માત્ર સ્વરૂપ નથી. ત્યારે શું છે ? કેવળ એકલા પર્યાય સ્વરૂપ નથી. પરંતુ દ્રવ્ય અને પર્યાય એમ ઉભયસ્વરૂપે વસ્તુ છે. એટલે કે ઉચ્ચારણ કાળ વિના તેના પૂર્વકાળમાં પણ અને પછીના કાળમાં પણ શબ્દરૂપે ભલે તે ન રહ્યો. પરંતુ શબ્દ સ્વરૂપે બનનારાં જે પુદ્ગલદ્રવ્યો છે. તે ભાષાવર્ગણાના પુદ્ગલ સ્વરૂપે તો તે પુદ્ગલો પૂર્વે પણ હતાં જ અને પછી પણ છે જ. પુદ્ગલદ્રવ્યપણે સદાકાળ હોવું એ જ તેનું લક્ષણ છે. લિંગ છે માટે **लिङ्गाभावात्** જે કહો છો તે સર્વથા ખોટી વાત છે.

**પ્રશ્ન :-** ઉચ્ચારણની આગળ અને ઉચ્ચારણની પાછળ પણ જે શબ્દાત્મક આ દ્રવ્ય હોય જ તો શબ્દ જેમ સંભળાય છે તેમ પૂર્વ-પશ્ચાદ્ કાળમાં રહેલા તે પુદ્ગલ દ્રવ્યની અભિવ્યક્તિ કેમ થતી નથી ? પ્રગટપણે દેખાતું કેમ નથી ? સંભળાતું કેમ નથી ?

**ઉત્તર** :- જે વાદીઓ એકાન્તે અવસ્થિત (નિત્ય) જ દ્રવ્ય માને છે તે વાદીઓને અભિવ્યક્તિ થવામાં (પ્રગટ થવામાં) દૂષણો આવે છે, પરંતુ જે વાદીઓ (જૈનો) દ્રવ્ય છે અને દ્રવ્યના પર્યાયો પણ છે (પરિવર્તનો-પરિમામીપણું પણ) છે. એમ માને છે તેને આ દૂષણો આવતાં નથી. તેઓની દૃષ્ટિએ સર્વે પણ દ્રવ્યો કથંચિદ્ નિત્ય છે (દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ), અને કથંચિદ્ અનિત્ય છે (પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ) પારમાર્થિકપણે આ જ માર્ગ સાચો છે. ઉભયનયની દૃષ્ટિએ વસ્તુનું સ્વરૂપ ઉભયાત્મક છે. આ જ વાત સાચી છે.

**संस्कृत टीका** :- दण्डादिताडनोत्थितभेर्यादिपुद्गलाश्च समासादितशब्दरूपादिमन्तः सन्तोऽपि सूक्ष्मत्वात् कारणगुणपूर्वका अपि नोपलभ्यन्ते ॥ विध्यातदीपशिखारूपादिवद् गन्ध परमाणुव्यवस्थितरूपादिवद् वा । न च सर्वदा स पर्यायः शब्दाख्यः प्रादुरस्ति । द्रव्यक्षेत्रकालभावापेक्षत्वात् पित्तादिप्रकोपवत् ॥

भेर्याद्याश्रयाश्च निस्सरन्तः स्कन्धाः शब्दपर्यायमजहतो दिगन्तरस्थितैरपि गृह्यन्त इतिं नाश्चर्यम् । नैव चोपलभ्यते स्वोपघ्नादन्यत्र शब्दपरिणामः तादृग्विधाकारेषु परमाणुष्वेववावतिष्ठते । आध्यात्मिकश्च शब्दः काययोगात्तशब्दवर्गणायोग्यस्कन्धपरिणतिर्वाग्योगः प्रयोगविक्षिप्तो रूपादिमत्पुद्गल सङ्घात एवेति ॥

बाह्यस्तु अनेकाकारः सङ्घर्षजादिः । अपि च शब्दत्वं नित्यमभ्युपयन् कणादः पर्युनुयुज्यते- "श्रावणत्वान्नित्यः शब्दत्ववच्छब्दः कृतकत्वस्यानित्यत्वेन व्याप्तेर्विरुद्धाव्यभिचारित्वमिति चेत् ? नित्यानित्य स्वभावसर्वपदार्थवादिनस्तत्र बाधायालम् ॥ अनेकान्तवादिना च न नित्यानित्यत्वयोर्विरोधोऽभ्युपगम्यते । विरोधलक्षणासम्भवात् ॥ एकस्तावद् विरोधोऽहिनकुलाग्निजलादीनामेकस्मिन् काले सति संयोगे द्वित्ववदनेकाश्रयत्वाद् वध्यघातकलक्षणः ॥

न ह्यसंयुक्तमुदकमग्निं विध्यापयति । त्रैलोक्येऽप्यग्न्यभावप्रसङ्गात् । संयोगेन तु क्षणमात्रावस्थितत्वात् । पश्चादेकस्याबलता, द्वितीयस्य बलीयस्त्वम् ॥ न चैवं नित्यानित्यत्वयोः क्षणमात्रमप्येकस्मिन् वृत्तिरेकान्तवादिनाऽभ्युपेयते । अतो न वध्यघातकलक्षणो विरोधः समस्ति ॥

**ગુજરાતી ભાષાન્તર** :- દંડાદિના તાડનથી ભેરીમાંથી ઉત્પન્ન થયેલા શબ્દાત્મક પુદ્ગલો અવશ્ય રૂપવાળી અવસ્થાથી યુક્ત છે તથા શબ્દમય અવસ્થાવાળા છે. આ પ્રમાણે શબ્દપર્યાય અને રૂપાદિપર્યાયવાળાં હોવા છતાં પણ અતિશય સૂક્ષ્મ પરિમાણવાળાં હોવાથી કારણગુણપૂર્વક છે. તો પણ જાણી શકાતાં નથી કે જોઈ શકાતાં નથી.

શબ્દનું ઉપાદાન કારણ ભાષાવર્ગણાનાં પુદ્ગલો છે. પરંતુ આકાશ નથી. મૂલ કારણભૂત ભાષાવર્ગણાના પુદ્ગલ સ્કંધોમાં રહેલા વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એ શબ્દમાં

પ્રગટ થતા વર્ણાદિ ચારે ગુણોનું ઉપાદાન કારણ છે અને શબ્દમાં પ્રગટ થતા વર્ણાદિ ચારે ગુણો એ કાર્ય છે. સંક્ષેપમાં ભાષાના પુદ્‌ગલોમાં રહેલા વર્ણાદિ ગુણો કારણ અને શબ્દમાં રહેલા વર્ણાદિ ગુણો એ કાર્ય છે એટલે શબ્દમાં પ્રગટ થતા વર્ણાદિ ચારે ગુણો કારણગુણપૂર્વક પ્રગટ થનારા છે પરંતુ સૂક્ષ્મ હોવાથી ચક્ષુથી દશ્ય થતા નથી.

જેમ બુઝાયેલો દીપક હોય તો તે દીપકની શિખાનું રૂપ બુઝાયેલી અવસ્થામાં ચક્ષુર્ગોચર થતું નથી તેમ શબ્દમાં રહેલી આ રૂપ નામની વસ્તુ પણ અતિશય સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિગોચર થતી નથી. અથવા રૂપાદિ ચારે ગુણોવાળી પૃથ્વી માટીના ટેફા રૂપે હોય તો ચક્ષુર્ગોચર થાય છે પરંતુ પરમાણુ રૂપે હોય તો પરમાણુઓ અતીન્દ્રિય હોવાથી તેનું રૂપ પણ જણાતું નથી. અને ગંધ જણાય છે તેની જેમ આ શબ્દ એ પણ પુદ્‌ગલ પરિણામ હોવા છતાં તેમાં રૂપાદિ ગુણો છે. પરંતુ આ શબ્દ એ સૂક્ષ્મપરિણામવાળું દ્રવ્ય હોવાથી તેના રૂપાદિ ગુણો વ્યક્તપણે ઇન્દ્રિયગોચર થતા નથી.

**પ્રશ્ન :-** રૂપાદિ પર્યાયો એ પુદ્‌ગલના ગુણો (અથવા પર્યાયો) છે તેથી ત્રણે કાળે (સદા કાળ) પણ તેમાં રૂપાદિ પર્યાય હોય જ છે. ચક્ષુથી અગોચર ભલે હોય પરંતુ રૂપાદિ પર્યાયો અવશ્ય હોય જ છે. ચક્ષુથી ભલે દેખાય નહીં. પરંતુ તે પુદ્‌ગલદ્રવ્યમાં રૂપાદિ પર્યાયો નથી હોતા એમ નહીં પણ અવશ્ય હોય જ છે. તેની જેમ શબ્દ એ જો પુદ્‌ગલપર્યાય હોય તો તે શબ્દપર્યાય પુદ્‌ગલદ્રવ્યમાં સદાકાળ થતો હોવો જોઈએ પરંતુ આવું જણાતું નથી ભેરી આદિ વાજિંત્રો જ્યારે વગાડવામાં આવે છે ત્યારે જ શબ્દ જણાય છે, સદાકાળ તે શબ્દપર્યાય કેમ જણાતો નથી ?

**ઉત્તર :-** જે જે પર્યાય જે જે દ્રવ્યના હોય છે તે તે દ્રવ્યમાં જ હોય છે અને સદાકાળ હોય જ છે, પરંતુ સદાકાળ જણાતા નથી. જ્યારે જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનાં નિમિત્તો સામે આવે છે. ત્યારે ત્યારે તેની અપેક્ષાએ જ તે તે પર્યાયો જણાતા થાય છે.

જેમ કે શરીરમાં વાત-પિત્ત અને કફ આદિના પર્યાયો છે પરંતુ સદાકાળ તે પ્રગટ થતા નથી. પરંતુ પિત્તનો પ્રકોપ થાય તેવાં દ્રવ્યોનું નિમિત્ત મળે ત્યારે જ પિત્ત પ્રકોપ જણાય છે. તેવી જ રીતે વાયુનાં નિમિત્તો મળે ત્યારે જ વાયુનો પ્રકોપ વધે છે અને કફનાં નિમિત્તો મળે ત્યારે કફનો પ્રકોપ વધે છે. અને જણાય છે. તેમ પુદ્‌ગલદ્રવ્યમાં શબ્દપરિણામ થવાની યોગ્યતા હોવા છતાં પણ તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનાં કારણો આવે ત્યારે તે શબ્દસ્વરૂપે પરિણામ પામે છે અને તેમાંથી શબ્દપર્યાય પ્રગટ થાય છે. આ રીતે આ શબ્દ એ પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય જ છે પરંતુ આકાશદ્રવ્યનો ગુણ નથી.

શબ્દ એ ભાષાવર્ગણાના પુદ્ગલસ્કંધો જ હોવાથી ભેરી વગેરે વાજિંત્રોના આધારમાંથી પ્રગટ થતા અને બહાર ફેલાતા આ પુદ્ગલસ્કંધો ભાષાપર્યાયને પામ્યા છતા દૂર દૂર દિશામાં જતા હોય છે. ત્યારે શબ્દપણાના પર્યાયને ત્યજ્યા વિના જ સર્વત્ર ફેલાય છે. તેથી દીપકના પ્રકાશની જેમ દૂર દૂર ઊભેલા પુરુષ વડે પણ તે શબ્દપર્યાયને પામેલાં પુદ્ગલદ્રવ્યો કર્ણગોચર થાય છે અને શ્રોત્ર દ્વારા ગ્રહણ કરાય છે તે તેનો વિષય છે તેથી તેમાં કઈ આશ્ચર્ય નથી.

કારણ કે શબ્દ એ ભાષાવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જ છે. પુદ્ગલસ્કંધો જ છે અને શબ્દ તે આ પુદ્ગલસ્કંધોનો ગુણ છે. અર્થાત્ ભાષાવર્ગણાના પુદ્ગલસ્કંધો જ ભાષા રૂપે પરિણામ પામે છે. તે કારણથી ભાષા રૂપે પરિણામ પામેલા શબ્દો એ પુદ્ગલદ્રવ્યના ગુણ સ્વરૂપ હોવાથી અથવા પર્યાયસ્વરૂપ હોવાથી પુદ્ગલદ્રવ્યને છોડીને સ્વતંત્રપણે અન્યત્ર ક્યાંય જતા જ નથી. પરંતુ શબ્દ સ્વરૂપે પરિણામ પામેલા જે પુદ્ગલસ્કંધો છે તે પુદ્ગલસ્કંધો જ દ્રવ્ય હોવાથી ભેરીથી ઘણે દૂર દૂર જાય છે તથા મુખથી બોલાયેલા શબ્દો મુખથી ઘણે દૂર દૂર પણ જાય છે અને ભાષા સ્વરૂપે જણાય જ છે.

આ કારણે જ ભેરી અને દંડના સંયોગથી ઉત્પન્ન થયેલા શબ્દો સ્વરૂપ પુદ્ગલસ્કંધો ભેરીને અને દંડને છોડીને અન્યત્ર જાય છે. પરંતુ કેવળ એકલો શબ્દાત્મક આ પર્યાય મૂળભૂત પુદ્ગલદ્રવ્યને છોડીને અન્યત્ર ક્યાંય જતો નથી. પરંતુ ભાષાત્મક પર્યાયરૂપે બનેલું પુદ્ગલ દ્રવ્ય વક્તા આદિથી દૂર દૂર જાય છે.

આ પ્રમાણે **स्वोपघ्नात्** પોતાના જ આધારભૂત એવા પુદ્ગલદ્રવ્યથી અન્યત્ર શબ્દપરિણામ વર્તતો નથી. પરંતુ તેવા પ્રકારના આકારને પામેલા પુદ્ગલદ્રવ્યમાં જ (પુદ્ગલદ્રવ્યના પરમાણુઓમાં જ) શબ્દપર્યાય વર્તે છે. શબ્દપણું એ પર્યાય છે અને પુદ્ગલાસ્તિકાયમાં સમજાવેલી ભાષાવર્ગણા એ દ્રવ્ય છે. પર્યાયથી યુક્ત એવું દ્રવ્ય જ અન્યત્ર જાય છે પરંતુ દ્રવ્યને છોડીને એકલા પર્યાયો કે પર્યાયને છોડીને કેવલ એકલું દ્રવ્ય ક્યારેય પણ દૂર દૂર જતા નથી (જતું નથી).

આ શબ્દાત્મક પર્યાય (પરિણમન) પોતાના આધારભૂત પુદ્ગલદ્રવ્યને છોડીને તેમાંથી બહાર ક્યાંય વર્તતો નથી પરંતુ ભાષા વર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જ શબ્દાત્મકપણે પરિણામ પામીને તે દ્રવ્ય જ દૂર દૂર જાય છે. આ કારણથી શબ્દપરિણામના આધારભૂત જે પુદ્ગલદ્રવ્ય (ભાષાવર્ગણા) છે તેને છોડીને શબ્દપરિણામ બહાર જતો નથી, પરંતુ શબ્દપર્યાયને પામેલાં ભાષાવર્ગણાનાં પુદ્ગલસ્કંધો જ દ્રવ્ય હોવાથી દૂર દૂર જાય છે અને તે જઈ શકે છે. અને શ્રોતાવર્ગને સંભળાય છે.

નૈયાયિક અને વૈશેષિકો ૧ સંયોગજ, (૨) વિભાગજ, અને (૩) શબ્દજ. એમ ત્રણ પ્રકારનો શબ્દ માને છે, પરંતુ બીજી રીતે વિચારીએ તો જૈન દર્શનકારોએ (૧) આધ્યાત્મિક શબ્દ અને (૨) બાહ્ય શબ્દ. એમ બે પ્રકારનો પણ શબ્દ જણાવ્યો છે.

(૧) ત્યાં પ્રથમ પ્રકારવાળો આધ્યાત્મિક શબ્દ "કાયયોગ દ્વારા आत्त = ગ્રહણ કરાયેલ શબ્દને યોગ્ય (ભાષાવર્ગણાના) પુદ્ગલસ્કંધોનું ગ્રહણ કરીને ભાષાપણે જ પરિણમન થાય છે તે ભાષાપણે જે પરિણમન કરવામાં આવ્યું તેને વચનયોગ કહેવાય છે. જીવ દ્વારા જે વચનો છોડવામાં આવ્યાં છે તે જીવ દ્વારા પ્રયત્નવિશેષ કરવા વડે રૂપાદિ ચારે ગુણોવાળાં પુદ્ગલદ્રવ્યોનો સમૂહ જ ભાષાસ્વરૂપે છોડાય છે. સારાંશ કે ભાષાવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જ કાયયોગ વડે ગ્રહણ કરીને ભાષા સ્વરૂપે પરિણમાવીને છોડાતાં ભાષાવર્ગણાનાં પુદ્ગલદ્રવ્યો જે છે તેને જ આધ્યાત્મિક શબ્દ કહેવાય છે. અહીં આધ્યાત્મિક શબ્દનો અર્થ આત્મા દ્વારા છોડાયેલાં પુદ્ગલો આવો અર્થ કરવો. આ શબ્દપ્રયોગ જીવના પોતાના પ્રયત્નવિશેષથી જ થાય છે.

(૨) બીજો પ્રકાર **"બાહ્યશબ્દ"** એટલે ધ્વનિરૂપ માત્ર અવાજ સ્વરૂપે બોલાતો શબ્દ તે બીજો પ્રકાર જાણવો. આ શબ્દ વક્તાના પ્રયત્નથી થતો નથી, પરંતુ સંઘર્ષ આદિથી ઉત્પન્ન થાય છે. ભેરી અને દાંડી આ બન્નેના સંઘર્ષથી જે અવાજ આવે, વાદળાંના ગર્જારવથી જે અવાજ આવે, ટેપ-વીડિયો દ્વારા જે અવાજ આવે તે સઘળો ધ્વનિરૂપ બાહ્ય શબ્દ છે જે બીજા ભેદમાં આવે છે. આ અવાજ માત્ર ધ્વનિસ્વરૂપ છે, ભાષાત્મક નથી. તેમાંથી કોઈ વિવક્ષિત અર્થ સંભવતો નથી.

તથા વળી આ શબ્દ એ પુદ્ગલોનો પરિણામ તો છે, પરંતુ આ જે શબ્દ છે તે નિત્ય છે કે અનિત્ય છે ? આ વિષયની ચર્ચા હવે વિચારાય છે.

કોઈક દર્શનકારો શબ્દને નિત્ય માને છે અને બીજા કોઈક દર્શનકારો શબ્દને અનિત્ય માને છે. કણાદ ઋષિના અનુયાયી વર્ગ (વૈશેષિક દર્શનકારો) શબ્દને અનિત્ય જણાવે છે, જ્યારે મીમાંસક દર્શનકારો શબ્દને નિત્ય સમજાવે છે. તેથી બન્ને બાજુની વાતો તથા તેઓની દલીલો (તર્કો) સાંભળવાથી સંશય થાય છે કે શબ્દને નિત્ય માનવો કે અનિત્ય માનવો ? ઉપરોક્ત બન્ને દર્શનકારો ભિન્ન ભિન્ન અભિપ્રાય ધરાવે છે તેઓ તરફનાં અનુમાનો આ પ્રમાણે છે - નિત્યવાદી માનનારા મીમાંસક દર્શનકારોનું કહેવું છે કે **"शब्दः नित्यः श्रावणत्वात्, शब्दत्ववत्"** શબ્દ એ શ્રાવણ (શ્રોત્રેન્દ્રિય ગોચર) હોવાથી નિત્ય છે, શબ્દત્વ જાતિની જેમ. તેની સામે અનિત્યવાદી મતવાળા કણાદ ઋષિના અનુયાયીઓનું કહેવું છે કે **शब्दः अनित्यः कृतकत्वात् घटवत्** આ પ્રમાણે બન્ને બાજુની વાતો સંભળાતી હોવાથી સંશય થાય છે કે શું ખરેખર શબ્દ એ નિત્ય છે કે શબ્દ એ અનિત્ય છે ?

મીમાંસક દર્શનકાર અને વૈશેષિક દર્શનકાર આ બન્ને શબ્દની બાબતમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો ધરાવે છે. તેઓ તરફનાં અનુમાનો ઉપર જણાવ્યા પ્રમાણે છે.

હેત્વાભાસોમાં "અનૈકાન્તિક" નામનો એક હેત્વાભાસ આવે છે. તેના અનેક ભેદો છે. તેમાં વિરુદ્ધાવ્યભિચારી નામનો એક ભેદ આવે છે તે હેત્વાભાસ અહીં લાગુ પડે છે, કારણ કે મીમાંસક દર્શનકારો શબ્દને નિત્ય સમજાવે છે, જ્યારે વૈશેષિક દર્શનકારો શબ્દને અનિત્ય સમજાવે છે. તે કારણથી સદાકાળ મનમાં સંદેહ જ રહે છે કે શબ્દને નિત્ય માનવો કે અનિત્ય માનવો ? બન્ને અનુમાનોના હેતુઓ પરસ્પર વિરુદ્ધ સાધ્ય સિદ્ધ કરતા હોવાથી આ હેતુઓએ વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ કહેવાય છે.

સ્યાદ્‌વાદી એવા જૈન દર્શનકારો કહે છે કે માત્ર એક શબ્દ જ નહીં પરંતુ "સર્વે પણ પદાર્થો દ્રવ્યાર્થિક નયથી નિત્ય છે અને પર્યાયાર્થિક નયથી અનિત્ય છે. આ પ્રમાણે નિત્યાનિત્ય માનનારા જૈન દર્શનકારોને ઉપરોક્ત બન્ને વાદીઓની માનેલી વાત બાધા માટે સમર્થ થતી નથી, કારણ કે અનેકાન્તવાદી એવા જૈન દર્શનકાર વડે નિત્યત્વ અને અનિત્યત્વનો પરસ્પર વિરોધ સ્વીકારાયો નથી બલ્કે અપેક્ષાવિશેષથી બન્ને સાથે જ હોય છે, માત્ર ભિન્ન ભિન્ન નયની ભિન્ન ભિન્ન વિવક્ષા જ છે.

વિરોધનું જે લક્ષણ છે તે અહીં ઘટતું જ નથી માટે બન્નેને સાથે માનવામાં કોઈ વિરોધ આવતો નથી.

વિરોધનાં કુલ ત્રણ લક્ષણો છે : (૧)વધ્યઘાતક ભાવ, (૨) અસહાવસ્થાન લક્ષણ, (૩) પ્રતિબધ્ય પ્રતિબંધકભાવ એમ કુલ ત્રણ પ્રકારે વિરોધ હોય છે. પરંતુ સ્યાદ્‌વાદી એવા જૈનો વડે મનાયેલા અનેકાન્તવાદમાં ઉપરોક્ત ત્રણે વિરોધનાં લક્ષણોમાંથી એક પણ વિરોધનું લક્ષણ સ્યાદ્વાદ સિદ્ધાન્તમાં ઘટતું નથી, જેથી કોઈ દોષ આવતો નથી.

**(૧) વધ્યઘાતક ભાવ નામનો પ્રથમ વિરોધ :-**

જેમ સર્પ અને નોળિયો તથા અગ્નિ અને પાણી, આ બન્ને પદાર્થોનો એકી સાથે સંયોગ થાય તો નોળિયો સાપનો અને પાણી અગ્નિનો નાશ કરે છે. જેમ "દ્વિત્વ" બેની સંખ્યા બે વસ્તુ સાથે હોય તો જ સંભવે, કોઈ પણ બે વસ્તુ સાથે મળી હોય, બેનો સંયોગ થયો હોય તો જ દ્વિત્વ સંભવે. જ્યાં એક ધર્મનો આશ્રય ન હોય પરંતુ પરસ્પર વિરોધી બે ધર્મનો આશ્રય હોય તો જ દ્વિત્વ હોય છે. જો સાપ અને નોળિયાનો સંયોગ જ ન થાય તો નોળિયો સાપનો ઘાતક બનતો નથી. એવી જ રીતે અગ્નિ અને પાણીનો જો સંયોગ જ ન થાય તો પાણી અગ્નિનો નાશ કરતો નથી. જો સંયોગ વિના પણ પાણી અગ્નિને

બુઝાવતો હોય અને નોળિયો સાપનો નાશ કરતો હોય તો ત્રણે લોકમાં અગ્નિનો અભાવ જ થઈ જાય અને સર્પનો પણ અભાવ જ થઈ જાય. પરંતુ આમ બનતું નથી.

ઉપર સમજાવ્યા પ્રમાણે "સર્પ અને નકુલ" તથા "અગ્નિ અને પાણી" જો બન્ને સાથે રહે તો એક ક્ષણ સાથે રહ્યા પછી બીજી જ ક્ષણે એક વડે બીજાનો નાશ જ કરાય છે. તેનાથી એકની દુર્બળતા અને બીજાની સબળતા સિદ્ધ થાય છે આ પ્રમાણે વિચારીએ તો અનિત્યતાના એકાન્તવાદી વડે કે નિત્યતાના એકાન્તવાદી વડે એક ક્ષણમાત્ર પણ એક વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા સાથે મનાઈ જ નથી તેથી એકાન્તવાદીઓના મતમાં નિત્યપણાનો અને અનિત્યપણાનો એક સાથે માન્ય ન હોવાથી વધ્યઘાતક ભાવ નામનો વિરોધ સંભવતો નથી. ॥

**संस्कृत टीका :-** नाप्यसहावस्थानलक्षणः । तत्र हि शीतोष्णयोः फले वृन्तसंयोग-विभागयोराम्रफले च श्यामता- पीततयो नैकस्मिन् वस्तुनि एककाला वृत्तिरस्ति। किन्तु एकस्य प्राग्विद्यमानता द्वितीयस्य "चोत्पद्यमानतास्वभाव इत्यसावुत्पद्यमानः पूर्वं विरुणद्धि, यथा सहकारफले पीतता श्यामताम् ॥ न चैवमवस्थितं प्राग्नित्यत्वम-नित्यत्वेनोपजायमानेन नाश्यते ॥ तद्धि नित्यमेव न स्यादध्रुवत्वादिति न च प्रतिबध्य-प्रतिबन्धकलक्षणो विरोधः स्याद्वादिनं प्रति घटते, यत एकस्मिन्नात्मद्रव्ये युगपद् धर्माधर्मावुभौ सम्भवतः ॥

तत्र त्वेकस्य गुणभूतत्वमन्यस्य प्रधानत्वमेवं चेत् ?

इष्यते एव द्रव्यपर्याययोरन्यतरस्य गुणप्रधानभावः॥ त्वयाऽप्येकस्मिन् काले द्रव्ये च धर्माधर्मावश्यमभ्युपगन्तव्यौ । अन्यथा प्रतिबध्यप्रतिबन्धक भाव एव न स्यात् । अतो वाङ्मात्रमेव विरोध इति । **न च सामान्यादत्यन्तभिन्ना व्यक्तिरिति जैनसिद्धान्तः ॥**

**ગુજરાતી ભાષાન્તર :-** નિત્યત્વ અને અનિત્યત્વ. આ બન્નેમાં **असहावस्थान** = સાથે ન રહેવાપણાવાળો વિરોધ પણ સંભવતો નથી, જેમ કે "શીતળતા અને ઉષ્ણતા" તથા ફળોમાં વૃન્તનો = ઉપરના ડીંટાનો "સંયોગ અને વિયોગ" તથા કેરીમાં (આમ્રફળમાં) "પીતતા અને શ્યામતા" કોઈ પણ એક વસ્તુમાં એક જ કાળે ઉપરોક્ત વિરોધી બન્ને ભાવો સાથે રહેતા નથી.

પરંતુ વિરોધી બે ભાવોમાંથી એકની પૂર્વકાળમાં વિદ્યમાનતા હોય છે અને તેના સમાપ્તિકાળે બીજા ભાવની ઉત્પદ્યમાનતા સ્વભાવ હોય છે. અથવા એકતત્ત્વ પૂર્વકાલથી રહેલું હોય છે તે સમાપ્ત થવા આવે છે ત્યારે બીજું તત્ત્વ ઉત્પદ્યમાન અવસ્થાવાળું થાય છે એવો તેનો સ્વભાવ છે; એટલે કે ઉત્પદ્યમાન અવસ્થાવાળો પર્યાય પૂર્વ પર્યાયનો નાશ કરે

છે. જેમ કે કેરીમાં પ્રગટ થતી પીળાશ પૂર્વકાલીન નીલતાનો ત્યાગ કરાવે છે. અર્થાત્ ઉત્પન્ન થતું નવું પીળું સ્વરૂપ પૂર્વના નીલા સ્વરૂપનો વિરોધ કરે છે. (વિનાશ કરે છે) તેથી તે **असहावस्थान** નામનો વિરોધ કહેવાય છે.

આ પ્રમાણ પૂર્વકાળમાં નિત્યતા રહેલી હોય અને તે નિત્યતાનો તેની પાછળ ઉત્પન્ન થતી એવી અનિત્યતા વિનાશ કરાતી હોય તો **असहावस्थान** બની શકે છે. પરંતુ આમ અહીં બનતું નથી. કારણ કે જો પાછળ આવતી અનિત્યતા વડે પૂર્વકાલીન નિત્યતાનો નાશ કરાય તો તે નિત્યતા જ ન કહેવાય, કારણ કે તે પૂર્વકાલીન જે સ્વરૂપ હતું તે ચાલ્યું ગયું એટલે તે અધ્રુવ થવાથી નિત્યત્વ જ ન રહ્યું, કારણ કે જે અધ્રુવ હોય અર્થાત્ નાશ પામનાર હોય તે નિત્ય જ ન કહેવાય.

આ પ્રમાણે "**असहावस्थान**" નામનો વિરોધ પણ સંભવતો નથી.

હવે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની ચર્ચા

કોઈ પણ એક સ્થાનમાં બે સાથે ન રહે અર્થાત્ એક પદાર્થ રહેતો હોય અને બીજો પદાર્થ ત્યાં રહેવા આવે એટલે પ્રથમ રહેવા આવેલા પદાર્થને જે અટકાવે તેને પ્રતિબધ્ય = પ્રતિબન્ધકભાવ કહેવાય છે. તે નામનો આ ત્રીજો વિરોધ ન્યાયશાસ્ત્રમાં કહેવામાં આવે છે, જેમકે નિત્યત્વ એ અનિત્યત્વનો પ્રતિબંધકભાવ છે અને અનિત્યત્વ એ નિત્યત્વનો પ્રતિબંધકભાવ છે. નિત્યત્વ જ્યાં રહે છે ત્યાં અનિત્યત્વ રહી શકતું નથી અને અનિત્યત્વ જ્યાં રહેલું હોય છે ત્યાં નિત્યત્વ રહી શકતું નથી. એટલે નિત્યત્વ અને અનિત્યત્વની વચ્ચે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ એ નામનો વિરોધ ઘટી શકે છે. એમ કોઈ કહે તો તે બરાબર નથી. કારણ કે દ્રવ્ય અપેક્ષાએ નિત્યત્વ, અને પર્યાય અપેક્ષાએ અનિત્યત્વ એક જ દ્રવ્યમાં એક જ કાળે અપેક્ષાભેદથી રહી શકે છે. તેમાં કોઈ વિરોધ આવતો નથી.

ઉપરોક્ત ત્રણ પ્રકારના વિરોધો જૈનને કોઈ કહે તો તેના ઉત્તર રૂપે સ્યાદવાદી એવો જૈન દર્શનનો અનુયાયી હવે ઉત્તર આપે છે.

**સ્યાદ્વાદી જૈન :-** સ્યાદ્વાદને જાણનારા અને માનનારા એવા જૈન દર્શનના અનુયાયી આત્માઓને પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ એ નામનો વિરોધ હોઈ શકતો નથી. કારણ કે એક જ આત્મામાં એક જ કાળે એકી સાથે ધર્મ અને અધર્મ, પુણ્ય અને પાપ, સારું અને ખરાબ એમ બન્ને તત્ત્વો સારી રીતે સાથે જ રહેતા હોય છે. આ પ્રમાણે ધર્મ અને અધર્મમાં, પુણ્ય અને પાપમાં તથા સારું અને ખરાબ ઇત્યાદિમાં પ્રતિબધ્ય-પ્રતિબંધક ભાવ હોવા છતાં પણ એક જ આત્મામાં એક જ કાળે સાથે રહે જ છે. તેની જેમ નિત્યત્વ અને અનિત્યત્વની વચ્ચે

પણ પ્રતિબંધ્ય અને પ્રતિબંધકભાવ હોવા છતાં પણ એક જ આત્મામાં એક જ કાળે આ બન્ને ભાવો એકી સાથે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયની અપેક્ષા વિશેષે હોઈ શકે છે.

જેમ એક જ માણસમાં એક જ કાળે નાભિથી ઉપરના અવયવો શુભ અને નાભિથી નીચેના અવયવો અશુભ આમ શુભાશુભ સાથે જ રહે છે. આંખની પાંપણ અને છાતીના ધબકારા અસ્થિર અને હાડકાં પોતપોતાના સ્થાને સ્થિર એમ સ્થિર અને અસ્થિર બન્ને સાથે હોઈ શકે છે તેની જેમ નિત્ય અને અનિત્ય પણ દ્રવ્ય અને પર્યાયને આશ્રયી સાથે હોઈ શકે છે. આ જ પ્રમાણે અપેક્ષાભેદથી વિરોધી બન્ને ભાવો સાથે રહેવામાં વધ્યઘાતકભાવ કે અસહાવસ્થાન કે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ લાગતો નથી. સાપેક્ષપણે બન્ને ભાવો સાથે રહી શકે છે.

એક જ પુરુષ એક જ કાળે કોઈનો પિતા અને કોઈનો પુત્ર એમ બન્ને ભાવો સાથે હોઈ શકે છે સાપેક્ષવાદ અર્થાત્ અનેકાન્તવાદ એટલે કે સ્યાદ્વાદ દૃષ્ટિ દોડાવવામાં આવે તો આ વાત સમજાય તેવી જ છે.

**વાદી :-** નિત્યત્વ અને અનિત્યત્વ આ બન્નેને સાથે માનવામાં ખરેખર પરસ્પર વિરોધી હોવાથી એકનો ગૌણ ભાવ અને બીજાનો મુખ્ય ભાવ સ્વીકારવો જ પડશે? જ્યારે પર્યાયની પ્રધાનતા હોય ત્યારે દ્રવ્યની ગૌણતા અને જ્યારે દ્રવ્યની પ્રધાનતા હોય ત્યારે પર્યાયની ગૌણતા એમ ગૌણ-મુખ્યતા તો અવશ્ય સ્વીકારવી જ પડશે.

**જૈન :-** અમને જૈનદર્શનના અનુયાયીઓને તો આ ગૌણ-મુખ્યતા ઇષ્ટ જ છે. દ્રવ્ય અને પર્યાય એમ ઉભયાત્મક વસ્તુનું સ્વરૂપ છે. તેમાં જ્યારે દ્રવ્યની પ્રધાનતા કરો ત્યારે પર્યાય ગૌણ હોય છે અને જ્યારે પર્યાયની પ્રધાનતા કરો ત્યારે દ્રવ્યની ગૌણતા હોય છે. તેની જેમ નિત્યતા અને અનિત્યતામાં પણ સાપેક્ષભાવે બન્ને સાથે માનવામાં કોઈ જ વિરોધ નથી.

જેમ અમદવાદ શહેર, મુંબઈની અપેક્ષાએ ઉત્તરમાં, પાલનપુરની અપેક્ષાએ દક્ષિણમાં અને જૂનાગઢની અપેક્ષાએ પૂર્વમાં તથા કપડવંજની અપેક્ષાએ પશ્ચિમમાં એમ સાપેક્ષપણે એક જ શહેર ચારે દિશામાં છે આમ માનવામાં કોઈ દોષ તો નથી જ પરંતુ સંપૂર્ણપણે આ સાપેક્ષવાદ જ સત્ય છે, એકાન્તવાદ જ મિથ્યા છે.

તથા વળી હે વાદી ! તારા મતમાં પણ એક જ કાળે એક જ દ્રવ્યમાં ધર્મ અને અધર્મ નામના પરસ્પર વિરોધી બન્ને ગુણો એકી સાથે તમે પણ અવશ્ય સ્વીકારાયેલા છે જ ॥ અન્યથા - જો ન સ્વીકારાયા હોય તો એટલે કે બન્ને સાથે રહે છે એમ ન માનો તો બન્ને

વચ્ચે પ્રતિબંધ્ય-પ્રતિબંધકભાવ પણ ઘટે જ નહીં. એવી જ રીતે એક જ કાળે એક જ દ્રવ્યમાં નિત્યત્વ અને અનિત્યત્વ ન માનો તો બન્ને જુદા જ રહેતા હોય તો આ બન્ને વચ્ચે વિરોધ આવે છે. આ તો કેવળ બોલવા પૂરતું જ રહે છે તે બે સાથે છે જ નહીં તો વિરોધ કે પ્રતિબંધ્ય-પ્રતિબંધકભાવ જ આવતો નથી. તેથી આ વિરોધી છે. આ વિરોધી છે એ તો માત્ર બોલવા પૂરતું જ રહે છે. વાઙ્માત્ર જ થાય છે પરમાર્થે કંઈ જ નથી.

**વાસ્તવિક તત્ત્વ વિચારીએ તો સામાન્યથી વિશેષ તત્ત્વ સર્વથા ભિન્ન છે જ નહીં. વિવક્ષાકૃત ભેદમાત્ર છે. આવા પ્રકારનો સાપેક્ષવાદ-અનેકાન્તવાદ-સ્યાદ્વાદ સ્વરૂપવાળો જૈન સિદ્ધાન્ત જ જગદ્વર્તી સર્વ ભાવોમાં વ્યાપકપણે વર્તે છે. જગદ્વર્તી સર્વે પણ ભાવો સામાન્ય પણ છે અને વિશેષ પણ છે. અત્યન્ત ભેદ છે જ નહીં. જ્યારે સર્વે પણ ભાવો દ્રવ્યાર્થિક નયથી વિચારીએ ત્યારે સામાન્યાત્મક દેખાય છે અને પર્યાયર્થિક નયથી વિચારીએ ત્યારે વિશેષાત્મક ભાવે જણાય છે આ જ સાચો પરમાર્થ છે. સો ટચના સોના જેવી આ વાત છે.**

**संस्कृत टीका** :- एतेन "नादवृद्धिः परेति" प्रत्युक्तम् । नादो महान् मध्योऽल्पश्च । न शब्द इति शबरेणोक्तम् । तदसत् । शब्दस्यैव ताथाविध्यात् । तीव्रमन्दमध्यप्रयत्नभेदान्महाञ्छन्दोऽल्पो मध्यश्चेति । सामानाधिकरण्येन शब्द एव व्यपदिश्यते न च शब्दव्यतिरिक्तं श्रोत्रस्य ग्राह्य मस्ति । शब्दधर्म एव नाद इति चेत् ? स ततोऽन्योऽनन्य इति वाच्यम् ॥ उभयथा च दोष इति ॥

येऽपि प्रधानपरिणाममुशन्ति शब्दं, तैरपि सामान्यविशेषवान् मूर्तश्चाभ्युपेयः ॥ अन्यथा तत्कृतव्यवहारो विच्छिद्येत ॥

येऽपि सङ्गिरन्ते श्रोत्रेन्द्रियविषयमुपात्तानुपात्तोभयमहाभूतहेतुकं शब्दम् । तैरपि न विशेषमात्रमुत्खातसामान्यमूलमवलम्बनीयम् । अयोनयो हि विशेषाः खपुष्प सौरभवदनासादितात्मलाभा एव स्युः । एकान्तक्षणिकता च दृष्टान्ताभावादेवातिदुर्लभेति । तस्मादवस्थितमेतत् ॥

पुद्गल द्रव्यमेव प्रतिविशिष्टपरिणामानुगृहीतं शब्द इति । स द्विधा विस्रसा-प्रयोगभेदात् । तत्र वैस्रसिको जलधरध्वानादिः प्रयोगजो जीवव्यापारनिष्पन्नः षोढा ततादिः ॥ ततो भृदङ्गपटहादि-समुद्भवः ॥ विततो वीणात्रिसरिकादितन्त्रीप्रभवः । कांस्यभाजनकाष्ठशलाकादिजनितो घनः ॥ वेणुकम्बुवंशविवराद्युद्भवः शुषिरः ॥ क्रकचकाष्ठादिसंघर्षप्रसूतः सङ्घर्षः ॥ व्यक्तवाग्भिर्वर्णपद-वाक्याकारेण भाष्यत इति भाषा ॥ प्रतिनियत् संस्थानान्यक्षराणि वर्णाः । वर्ण समुदायः पदम् । पदसमुदायो वाक्यमर्थविशेषप्रतिपत्तिहेतुः । इतिशब्दः शब्दभेदेवत्ता परिसमाप्तिदर्शनपरः ।

**ગુજરાતી ભાષાન્તર** :- "નાદની વૃદ્ધિ" એ પરા છે અર્થાત્ નાદની (અવાજની) અતિશય વૃદ્ધિ થવી તે પરાતત્ત્વ છે (અલગ સ્વતંત્ર તત્ત્વ) છે. આવું કથન જે વાદીઓ કરે

છે તે બરાબર નથી કારણ કે જૈનદર્શનમાં જણાવ્યા પ્રમાણે તો સર્વે પણ પદાર્થો સામાન્ય અને વિશેષ એમ ઉભયધર્મવાળા હોય જ છે સર્વે પદાર્થો સામાન્ય ધર્મવાળા પણ છે મને વિશેષ ધર્મવાળા પણ છે જીવ-અજીવ વગેરે સર્વે પણ પદાર્થો સામાન્ય અને વિશેષ એમ બન્ને પ્રકારના ધર્મવાળા છે. નાદ એ પણ એક પ્રકારનો શબ્દ જ છે. શબ્દથી ભિન્ન સ્વરૂપવાળો નથી, આ નાદ એ શબ્દના પેટાભેદ સ્વરૂપ છે.

શબર નામના ઋષિમુનિએ તેમના જ બનાવેલા શાબર નામના ભાષ્યમાં જે કહ્યું છે તે બરાબર નથી. તેઓએ કહ્યું છે કે "નાદ એ મહાન, મધ્યમ અને અલ્પ; એમ ત્રણ પ્રકારનો છે પરંતુ શબ્દ આવો ત્રણ પ્રકારવાળો નથી તેથી નાદથી શબ્દ ભિન્ન વસ્તુ છે. આ પ્રમાણે શબર મુનિ વડે જે કહેવાયું છે તે યથાર્થ નથી એટલે કે तदसत् = તે વાત મિથ્યા છે તે શબર મુનિની વાત સર્વથા ખોટી જ છે કારણ કે -

જેમ નાદ ત્રણ પ્રકારનો છે તેમ શબ્દ પણ ત્રણ પ્રકારનો જ છે શબ્દ પણ તેમજ છે (૧) તીવ પ્રયત્નથી બોલાયેલો શબ્દ મહાન છે (૨) મંદ પરિણામથી બોલાયેલો શબ્દ અલ્પ છે અને (૩) મધ્યમ પ્રયત્નથી બોલાયેલો શબ્દ મધ્યમ છે. સારાંશ કે -

તીવ્ર-અલ્પ અને મધ્યમ પ્રયત્નથી બોલાયેલા જે શબ્દો હોય છે તે શબ્દો મહાન-અલ્પ અને મધ્યમ કહેવાય છે. આ પ્રમાણે સમાનાધિકારપણે કર્મધારય સમાસ લેવાથી વિશેષ્ય તરીકે "શબ્દ" જ આવે છે કારણ કે શબ્દને છોડીને બીજી કોઈ પણ વસ્તુ શ્રોત્રેન્દ્રિય ગ્રાહ્ય છે જ નહીં. અર્થાત્ શ્રોત્રેન્દ્રિય શબ્દને જ માત્ર ગ્રહણ કરે છે. એટલે શ્રોત્રગ્રાહ્ય શબ્દથી "શબ્દ" જ લેવાય છે અને નાદ પણ શ્રોત્રથી જ માત્રગ્રાહ્ય હોય છે તે માટે નાદ એ પણ શ્રોત્રગ્રાહ્ય જ હોવાથી એક પ્રકારનો "શબ્દ" જ છે. શબ્દથી અતિરિક્ત "નાદ" જેવું કોઈ તત્ત્વ નથી.

જો નાદને શબ્દથી ભિન્ન પદાર્થ માનીએ તો તે નાદ શ્રોત્રગ્રાહ્ય બને જ નહીં પણ આવું બનતું નથી. એટલે કે નાદ પણ માત્ર શ્રોત્રથી જ ગ્રાહ્ય છે તેટલા માટે નાદ એ શબ્દ વિશેષ જ છે.

**પ્રશ્ન :-** "નાદ" એ શબ્દ નથી, પરંતુ શબ્દનો ધર્મવિશેષ છે એમ માનીએ તો ચાલે કે નહીં ?

**ઉત્તર :-** "નાદને" શબ્દનો ધર્મ માનો તો તે નાદ શબ્દથી ભિન્ન છે કે શબ્દથી અભિન્ન છે ? બન્ને પક્ષે દોષ જ આવે છે. જો નાદને શબ્દથી અભિન્ન માનીએ તો તે નાદ શબ્દસ્વરૂપ જ થયો. એટલે શબ્દ શ્રોત્રગ્રાહ્ય છે. તેથી નાદ પણ શ્રોત્રગ્રાહ્ય જ થયો. બન્ને એક જ છે. જે અમે તમને સમજાવી રહ્યા છીએ.

અને જો નાદને શબ્દથી ભિન્ન માનશો તો જે શબ્દ છે તે શ્રોત્રગ્રાહ્ય હોવાથી તેનાથી ભિન્ન એવો નાદ શ્રોત્રગ્રાહ્ય બનવો જોઈએ નહીં કારણ કે તમે તે નાદને શબ્દથી ભિન્ન માન્યો છે તે માટે। આ કારણથી નાદ એ શબ્દથી ભિન્ન તત્ત્વ છે જ નહીં. આવી ભિન્નની કલ્પના કરવી તે પણ એક પ્રકારનું મિથ્યાત્વ જ છે.

હવે બીજા કેટલાક દર્શનકારો (સાંખ્ય વગેરે) શબ્દને પ્રધાન નામના તત્ત્વનો પરિણામ છે. એમ કહે છે. તેઓએ પણ સામાન્ય અને વિશેષ એમ ઉભય ધર્મવાળો તથા મૂર્ત જ માનવો પડશે. મૂર્ત જ છે આમ સ્વીકારવું જ પડશે. જો શબ્દને સામાન્ય અને વિશેષ એમ ઉભયધર્મવાળો અને મૂર્ત નહીં માનો તો તે શબ્દથી કરાયેલા જે વ્યવહારો છે તેનો નાશ થશે. તે વ્યવહારો ઘટશે નહીં. જેમકે તીવ્ર શબ્દથી બોલો તો કાન બહેરા થઈ જાય છે અને ધીમું બોલો તો શબ્દો બરાબર સંભળાતા નથી તથા સમજાતા નથી. આવા જે વ્યવહારો થાય છે તે ઘટશે નહીં માટે શબ્દ એ પુદ્ગલ દ્રવ્ય જ છે.

તથા વળી બીજા કેટલાક દર્શનકારો એમ માને છે કે "શબ્દ" એ શ્રોત્રેન્દ્રિયનો વિષય છે તથા ઉપાત્ત (ગ્રહણ કરેલ) અને અનુપાત્ત (ગ્રહણ નહીં કરેલા) એવા વાયુ અને આકાશ એવા નામવાળાં બે મહાભૂતો કારણ છે જેમાં એવો શબ્દ છે.

અર્થાત્ શબ્દોની ઉત્પત્તિમાં મૂળ કારણભૂત વાયુ અને આકાશ - એમ બે મહાભૂત કારણ છે જેમાં એવો શબ્દ છે. વાયુ અને આકાશ એવા નામવાળા બે ભૂતોમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે. આવા પ્રકારનું જે વાદીઓ માને છે તે માન્યતા પણ બરાબર નથી. કારણ કે "उत्खातसामान्यमूलम्" ઉખેડી નાંખ્યુ છે અર્થાત્ ત્યજી દેવાયું છે સામાન્યાત્મક મૂલ જેમાંથી એવું વિશેષમાત્ર જ શબ્દ છે. આવું જે માને છે તે ઉચિત નથી, યથાર્થ નથી.

કારણ કે સામાન્ય વિના કેવળ એકલું વિશેષ જગતમાં સંભવતું જ નથી. અર્થાત્ "अयोनयो हि विशेषाः खपुष्पसौरभवदनासादितात्मलाभा एव स्युः" અર્થાત્ આધારભૂત એવા સામાન્ય નામના તત્ત્વ રૂપ યોનિ માન્ય વિના સ્વીકારાયેલા વિશેષો તે આકાશ પુષ્પની જેમ નથી પ્રાપ્ત કર્યુ અસ્તિત્વ જેણે એવા જ તે વિશેષ થાય છે; એટલે કે નથી પ્રાપ્ત કર્યું પોતાનું સ્વરૂપ જેણે એવા असत् જ થશે અર્થાત્ સામાન્ય વિનાના વિશેષો સંભવતા જ નથી. તેથી સર્વથા असत् જ સિદ્ધ થશે.

તથા વળી શબ્દને એકાન્તે ક્ષણિક જ માનશો તો તેને સિદ્ધ કરવામાં કોઈ દૃષ્ટાન્ત જ નહીં મળે કારણ કે એવું કોઈ ઉદાહરણ નથી કે જે શબ્દને ક્ષણિક પણે સાધી આપે. દૃષ્ટાન્તનો અભાવ હોવાથી ક્ષણિકતા સિદ્ધ થવી પણ ઘણી દુષ્કર છે તેથી ક્ષણિકતા સિદ્ધ થયા વિના પણ તેને સ્વીકારવી તે ન્યાય વિનાની વાત છે.

ઉપરોક્ત ઘણી લાંબી ચર્ચા જાણતાં અને પદ્ધતિસર રીતે આ ચર્ચા સાંભળતાં સિદ્ધ થાય છે કે "પ્રતિવિશિષ્ટ એટલે કે અમુક ચોક્કસ પ્રકારના પરિણામને પામેલાં અર્થાત્ તેવા પ્રકારના પરિણામથી અનુગૃહીત થયેલાં પુદ્ગલદ્રવ્યો જ શબ્દસ્વરૂપે બનેલાં છે.

હવે મૂળ વાત ઉપર આવીએ કે તે શબ્દો બે પ્રકારના છે : (૧) વૈસ્રસિક, (૨) અને પ્રાયોગિક. શબ્દો ઉપર કહેલા બે ભેદથી બે પ્રકારના છે તથા પૂર્વે આધ્યાત્મિક અને બાહ્ય એમ બે ભેદ પણ સમજાવ્યા હતા. આ પ્રમાણે ભિન્ન ભિન્ન વિવક્ષાથી ભિન્ન ભિન્ન રીતે ભેદો થાય છે કુદરતી જે અવાજ હોય જેમ કે વાદળાંનો ગર્જારવ, વીજળી તડાકા અને ભડાકા કરે તે બધો વૈસ્રસિક અવાજ કહેવાય છે.

તથા જીવના પ્રયત્નવિશેષથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તે પ્રાયોગિક (અર્થાત્ જીવના પ્રયત્નવિશેષથી જન્ય) શબ્દ કહેવાય છે. આ પ્રાયોગિક શબ્દના (૧) તત (૨) વિતત (૩) ઘન, (૪) શુષિર, (૫) સંઘર્ષ અને (૬) ભાષા - એમ છ ભેદ છે. તેના અર્થો તથા ઉદાહરણો આ પ્રમાણે છે :

(૧) **तत** :- મૃદંગ અને પડહ (ઢોલ) વગેરેથી ઉત્પન્ન થયેલા જે શબ્દો તે તત કહેવાય છે.

(૨) **वितत** :- વીણા, ત્રિસારિકા- ત્રણ તારવાળો તંબુરો એ નામનું એક વાજિંત્ર, તથા સારંગી આદિ સાધનોથી ઉત્પન્ન થયેલો જે શબ્દ. તે વિતત કહેવાય છે.

(૩) **घन** :- કાંસાનાં વાસણો ઉપર તથા કથરોટ આદિ વાસણો ઉપર લાકડાની દાંડી મારવાથી પ્રગટ થયેલો જે શબ્દ (જેમ કે ઘંટ-ઝાલર આદિનો અવાજ) તે ઘન કહેવાય છે.

(૪) **शुषिर** :- પોલાણ, જે વાજિંત્રોની અંદર વચ્ચે પોલાણ હોય અને ફૂંક મારવાથી વગાડાતાં હોય તે, જેમ કે વાંસળી, શંખ વગેરેના વિવરમાંથી નીકળતો શબ્દ. તે શુષિર.

(૫) **संघर्ष** :- ઘસવું- જેમ કે કરવતથી કાપતાં, તથા કાષ્ટાદિને ફાડતાં કપડાને ચીરતાં આવતો જે અવાજ તે સંઘર્ષ શબ્દ કહેવાય છે.

(૬) **भाषा** :- સ્પષ્ટ એવી વાણી કે જે પોતપોતાની ભાષા સ્વરૂપે બોલાય તે, જેમાં વર્ણો, પદો, વાક્યો, મહાવાક્યો વગેરે વ્યવસ્થિતપણે અર્થ સમજાય તેમ બોલાતાં હોય તે भाष्यते इति भाषा.

આ ભાષામાં - (૧) પ્રતિનિયત સંસ્થાનવાળા અર્થાત્ જગતમાં પોતપોતાના નિશ્ચિત આકારે પ્રસિદ્ધ થયેલા **વર્ણો** જેમ કે क આવો આકાર હોય તે ક કહેવાય, ख આવો આકાર હોય તે ખ કહેવાય, ग આવો આકાર હોય તે ગ કહેવાય ઇત્યાદિ જે વર્ણો તે અક્ષરો કહેવાય. (૨) વર્ણોનો જે સમુદાય તે **પદ** કહેવાય, જેમ કે घट, पट, नट, मठ, तडाग औषधि વગેરે શબ્દો તે પદ કહેવાય છે. (૩) પદોનો જે સમુદાય તે **વાક્ય** કહેવાય છે, જેમ કે "त्वं ग्रामं गच्छ".

ભાષ્યના પાઠમાં છેલ્લો લખેલો જે इति શબ્દ છે તે શબ્દના ભેદો આટલા જ છે (અર્થાત્ છ જ છે). આમ આ વિષયની સપ્તાપ્તિ સૂચક આ इति શબ્દ છે. એમ જાણવું.

**भाष्यम् :- बन्धस्त्रिविधः- प्रयोगबन्धो, विश्रसाबन्धो, मिश्रबन्ध इति । स्निग्धरूक्षत्वाद् भवतीति वक्ष्यते ( अ, प, सूत्र ३२ ).**

**ભાષ્યનું ગુજરાતી :- બંધ ત્રણ પ્રકારનો થાય છે. (૧) પ્રયોગબંધ, (૨) વિશ્રસા બંધ, (૩) મિશ્રબંધ. આ પ્રમાણે બંધના ૩ ભેદ જાણવા. પુદ્ગલદ્રવ્યોમાં રહેલી સ્નિગ્ધતા અને રુક્ષતાના કારણથી પુદ્ગલદ્રવ્યોનો પરસ્પર બંધ થાય છે (જે આગળ ઉપર સમજાવાશે).**

**संस्कृत टीका :-** बन्धस्त्रिविध इत्यादि । बन्धनं बन्धः = परस्पराश्लेषलक्षणः । प्रयोगो-जीवव्यापारस्तेन घटितो बन्धः प्रायोगिकः- औदारिकादि शरीर जतुकाष्ठादिविषयः । विश्रसास्वभावः प्रयोगनिरपेक्षो विश्रसाबन्धः । स द्विधा आदिमदनादिभद्भेदात् । तत्रादिमान् विद्युदुल्काजल-धराग्नीन्द्रधनुः-प्रभृतिर्विषमगुणविशेषपरिणतपरमाणुप्रभवः स्कन्धपरिणामः । अनादिरपि धर्मा-धर्माकाशविषयः । प्रयोगविश्रसाभ्यां जीवप्रयोगसहचरिताचेतनद्रव्यपरिणतिलक्षणः स्तम्भकुम्भादिर्मिश्रः ।

अत्र चोभयमपि प्राधान्येन विवक्षितम् । सामान्यलक्षणं च बन्धस्य ग्निग्धरूक्षत्वादित्युपरि व्याख्यास्यते । एतच्च बन्धलक्षणमनादौ वैस्रसिके न सम्भवन्यन्यत्र तु सङ्गच्छते "सामान्योक्तो विधिर्विशेषेऽवस्थानं लभत इति वचनात् ॥

**ગુજરાતી ભાષાન્તર :-** बन्धस्त्रिविधः = ઇત્યાદિ સંસ્કૃતનું હવે ગુજરાતી કરાય છે. બાંધવું તેનું નામ બંધ, પરસ્પર પુદ્ગલોનું ચોટવું એકમેક થવું તેનું નામ બંધ તે બંધ ત્રણ પ્રકારનો હોય છે. (૧) પ્રાયોગિક (૨) વિશ્રસા અને (૩) મિશ્રબંધ.

ત્યાં પ્રથમ (૧) **प्रायोगिक बन्ध** :- પ્રયોગ એટલે જીવનો વ્યાપાર વિશેષ. હલનચલનાદિ સ્વરૂપ, તેનાથી થયેલો જે બંધ તે પ્રાયોગિક બંધ કહેવાય છે. જીવના

પોતાના પ્રયત્નવિશેષથી ઔદારિકાદિ વર્ગણાઓનો આત્માની સાથે જે બંધ થાય છે. તે તથા પરસ્પર પુદ્ગલો બંધાઈને શરીરરૂપે જે થાય છે તે એકમેકબંધ થાય તે પ્રયોગજન્ય બંધ કહેવાય છે.

ભાવાર્થ એવો છે કે પૂર્વકાળમાં બાંધેલા ઔદારિકાદિ શરીર નામકર્મના ઉદયથી ઔદારિકાદિ શરીરને યોગ્ય ઔદારિકાદિ વર્ગણાઓનાં પુદ્ગલોને આ જીવ ગ્રહણ કરે છે અને પોતાના ઔદાયિક ભાવના પ્રયોગવિશેષથી તેનું શરીર સ્વરૂપે નિર્માણ કરે છે. આ રીતે વર્ગણાઓના બનતા શરીરની સાથે "લાખ અને કાષ્ટના સંયોગથી જેમ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય છે. તેની જેમ આત્માના પ્રયત્નવિશેષથી પુદ્ગલોનું એકમેકપણે જે જોડાવાનું બને છે. તેને **પ્રયોગબંધ** કહેવાય છે."

(૨) **વિશ્રસાબંધ :-** વિશ્રસા એટલે સહજ, પોતાની મેળે, અર્થાત્ આત્માના પ્રયત્ન વિના સ્વાભાવિક પણે કુદરતી રીતે પુદ્ગલોનો પરસ્પર જે બંધ થાય તે વિશ્રસાબંધ કહેવાય છે. આ વિશ્રસાબંધ બે પ્રકારનો હોય છે : (૧) आदिमत् = પ્રારંભવાળો, અને अनादिमत् = પ્રારંભ વિનાનો.

ત્યાં વીજળી, ઉલ્કાપાત, વાદળ, અચાનક થતી અગ્નિ, ઈન્દ્રધનુષ્ય, વગેરે વિશેષ પ્રકારે ગુણવિશેષ સ્વરૂપે પરિણામ પામેલા પરમાણુઓમાંથી ઉત્પન્ન થયેલો સ્કંધાત્મક જે પરિણામવિશેષ છે તે आदिमान् विश्रसा ઉત્પાદ જાણવો. रूपिष्वादिमान् (સૂત્ર-૫-૪૩)

ત્યાં સ્નિગ્ધ પરમાણુઓનો હીનાધિકપણે બીજા સ્નિગ્ધ પરમાણુની સાથે કે રુક્ષ પરમાણુઓની સાથે જે બંધ થાય છે તે સઘળો પણ બંધ આદિવાળો છે. પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય સ્વરૂપે આ ત્રણે દ્રવ્યોમાં પોતપોતાના અસંખ્ય પ્રદેશોનો (અને આકાશમાં અનંત પ્રદેશોનો) પરસ્પર જે બંધ (સંબંધ) થયેલો છે તે अनादि ભાવવાળો બંધ જાણવો. तत्रानादिररूपिषु धर्माधर्माकाशजीनेत्विति (સૂત્ર-૫-૪૨ ના ભાષ્યમાં)

(૩) **મિશ્રબંધ :-** જીવના પ્રયત્નવિશેષથી સહચરિત, તથા અચેતન દ્રવ્યમાં થતું પરિણમન તે મિશ્રબંધ કહેવાય છે, જેમ કે લાકડામાંથી થાંભલા-પૂતળી વગેરેની બનાવટ કરવામાં આવે તે, તથા માટીમાંથી ઘટાદિ બનાવવામાં આવે તે, મિશ્રબંધ જાણવો. કારણ કે તે બનાવવામાં જીવનો પ્રયત્નવિશેષ પણ અવશ્ય કારણ છે જ, તથા લાકડામાં પણ થાંભલો-પૂતળી વગેરે બનવાનો કુદરતી સ્વભાવ પણ છે તથા માટીમાં ઘટ-માટલું વગેરે બનવાનો સ્વભાવ પણ છે અને બનાવનાર કર્તાનો પ્રયત્ન પણ કારણ છે તે કારણથી આ मिश्रसा ઉત્પાદ કહેવાય છે.

થાંભલા અને ઘટાદિની ઉત્પત્તિમાં જીવની તેવા પ્રકારની આવડત પણ કારણ છે

અને તેની સાથે સાથે કારીગરીપણ કામ કરે છે તથા લાકડામાં થાંભલા રૂપે અને પૂતળી રૂપે બનવાની યોગ્યતા તથા માટીમાં ઘટાદિ બનવાની યોગ્યતા પણ રહેલી છે તેથી તે પણ કારણ છે એમ જીવનો પ્રયત્નવિશેષ તથા તે તે વસ્તુમાં તે તે કાર્ય રૂપે થવાની યોગ્યતાનો સ્વભાવ એમ ઉભય કારણ હોવાથી આ બંધ મિશ્રસા બંધ કહેવાય છે.

બંધનું સામાન્ય લક્ષણ "સ્નિગ્ધતા અને રુક્ષતાથી પુદ્ગલોનો પરસ્પર જે સંબંધ થવો તે બંધ કહેવાય છે." આવું લક્ષણ જાણવું. આ લક્ષણ આદિમાન્ બંધને આશ્રયી કરવામાં આવ્યું છે જે આદિમાન બંધ છે. તેમાં આ લક્ષણ સારી રીતે ઘટે છે.

પરંતુ ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યોમાં પ્રથમનાં બે દ્રવ્યોમાં અસંખ્યાતા અને આકાશમાં અનંતા પ્રદેશોનો પરસ્પર જે સંબંધ છે, તે અનાદિકાળથી જ છે અને અનંતકાય સુધી આમ જ રહેવાનો છે તેથી તે ત્રણમાં પ્રદેશોનો જે બંધ છે તે વૈસ્રસિક છે પરંતુ અનાદિ છે, આદિમાન્ નથી. કારણ કે તેઓનો આ સંબંધ સહજ રીતે જ છે અને અનાદિ કાળથી છે એટલે આદિમાન્નું લક્ષણ આ ત્રણ દ્રવ્યોમાં ઘટતું નથી માટે અનાદિબંધ છે.

પરંતુ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં आदिमान् આ લક્ષણ સારી રીતે ઘટી શકે છે. ઘટ-પટ-ટેબલ-ખુરશી આ બધા પુદ્ગલસ્કંધો પરસ્પર જોડવાથી થયા છે અને કાળાન્તરે વિખેરાવાના પણ છે માટે તે आदिमान् બંધ છે. સામાન્યપણે કહેવાયું છે કે વિધાન વિશેષમાં પર્યવસાન પામે છે. અર્થાત્ સામાન્ય કરતાં વિશેષ બળવાન હોય છે. ધર્માદિ દ્રવ્યોમાં अनादिमान् બંધ હોય છે, પણ आदिमान् બંધ હોતો નથી અને પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં आदिमान् બંધ હોય છે આટલી વિશેષતા જાણવી ॥

**भाष्यम् :- सौक्ष्म्यं द्विविधम्-अन्त्यमापेक्षिकं च । अन्त्यं परमाणुष्वेव । आपेक्षिकं च द्व्यणुकादिषु सङ्घातपरिणामापेक्षं भवति । तदयथा- आमलकाद् बदरमिति ॥**

**ભાષ્યનું ગુજરાતી :- સૂક્ષ્મતા બે પ્રકારની છે : (૧) અન્ત્ય સૂક્ષ્મતા, (૨) આપેક્ષિક સૂક્ષ્મતા. ત્યાં અન્ત્યસૂક્ષ્મતા પરમાણુઓમાં જ હોય છે, જ્યારે આપેક્ષિક સૂક્ષ્મતા દ્વયણુક આદિ સ્કંધોમાં સ્કંધોના પરિણમણના કારણે હોય છે, જેમ કે "આમળાથી બોર સૂક્ષ્મ છે ઇત્યાદિ.**

**संस्कृत टीका** – सौक्ष्म्यं द्विविधमित्यादि । सूक्ष्मता-सौक्ष्म्यं पुद्गलपरिणामः। तद् द्विधा। अन्ताः विभागाः परमाणवस्तद्भवमन्त्यमन्यत्रासम्भवात् । परमाणुष्वेवेत्युच्यते । अपेक्षा =

प्रतीत्यबुद्धिस्तत्प्रयोजनमापेक्षिकम् ॥ द्वयणुक स्कन्ध स्त्र्यणुकाद्य-पेक्षया सूक्ष्मः, चतुरणुकादीन् प्रतीत्य त्र्यणुकस्कन्धः सूक्ष्म इत्यादि बहुभेदम्। सङ्घातपरिणामः = स्कन्धपरिणामस्तदपेक्षं भवति ॥ तद्यथेत्यनेन निदर्शनोपन्यासं सूचयति। आमलकं प्रतीत्य बदरं सूक्ष्मम्। आदिशब्दार्थ इति शब्दः ॥

**ગુજરાતી ભાષાન્તર :-** સૂક્ષ્મતા બે પ્રકારની છે. ઇત્યાદિ ભાષ્યના પાઠનું વિવેચન હવે લખાય છે. ત્યાં સૂક્ષ્મતા એટલે સૌક્ષ્મ્ય = સૂક્ષ્મપણું આ પુદ્ગલદ્રવ્યનો જ પરિણામ છે. અર્થાત્ પુદ્ગલદ્રવ્ય જ સ્થૂલ પણ હોય છે અને સૂક્ષ્મ પણ હોય છે અન્ય દ્રવ્યો જેવાં કે ધર્મ-અધર્મ આકાશ અને જીવ- આ ચાર દ્રવ્યો પ્રતિનિયત માપવાળાં જ દ્રવ્યો છે- ધર્મ અને અધર્મ- આ બે દ્રવ્યો લોકાકાશવ્યાપ્ત છે. આકાશાસ્તિકાયદ્રવ્ય લોકાલોકવ્યાપી દ્રવ્ય છે. તથા જીવદ્રવ્ય લોકાકાશના પ્રદેશપ્રમાણ દ્રવ્ય છે. પરંતુ જીવદ્રવ્ય સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળું દ્રવ્ય છે. માત્ર એક પુદ્ગલદ્રવ્ય જ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારનું છે.

તે સ્થૂલતા અને સૂક્ષ્મતામાં જે સૂક્ષ્મતા છે તે બે પ્રકારની છે. (૧)અન્તિમ= અન્ત્ય સૂક્ષ્મતા, અને (૨) આપેક્ષિક સૂક્ષ્મતા. ત્યાં अन्त्य એટલે જે છેલ્લો વિભાગ તે પરમાણુઓ કે જે સૌથી વધારે સૂક્ષ્મ છે અને અન્તે છેવટે તે જ દ્રવ્ય છે. તેનાથી નાના ટુકડા કોઈ હોતા નથી. तद्भवम् = તે પરમાણુઓમાં રહેલી જે સૂક્ષ્મતા તે અન્ત્ય સૂક્ષ્મતા જાણવી. આવા પ્રકારની આ સૂક્ષ્મતા પરમાણુ દ્રવ્યોમાં જ હોય છે પણ પરમાણુઓથી અન્યત્ર એટલે પરમાણુ વિના દ્વયણુકાદિ સ્કંધોમાં આ અન્તિમ સૂક્ષ્મતા હોતી નથી. તેથી આ અન્તિમ સૂક્ષ્મતા તો માત્ર પરમાણુ દ્રવ્યોમાં જ હોય છે એમ શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

બીજી આપેક્ષિક સૂક્ષ્મતા = અપેક્ષા એટલે प्रतीत्य बुद्धिः અપેક્ષાવાળી જે બુદ્ધિ તે આપેક્ષિક, તેના પ્રયોજનવાળી જે સૂક્ષ્મતા તે આપેક્ષિક સૂક્ષ્મતા કહેવાય છે. જેમ કે દ્વયણુકવાળો જે સ્કંધ છે. તે ત્ર્યણુક આદિ સ્કંધોની અપેક્ષાએ સૂક્ષ્મ છે તથા ત્ર્યણુકવાળો જે સ્કંધ છે તે ચતુરણુકાદિની અપેક્ષાએ સૂક્ષ્મ છે તથા ચતુરણુકવાળો જે સ્કંધ છે તે પંચાણુકાદિની અપેક્ષાએ સૂક્ષ્મ છે. ઇત્યાદિ રીતે જે સૂક્ષ્મતા છે તે આપેક્ષિક સૂક્ષ્મતા બહુભેદવાળી છે.

અહીં જે સંઘાતપરિણામ શબ્દ છે તેનો અર્થ સ્કંધાત્મક જે પરિણામ તે સંઘાતપરિણામ એવો અર્થ કરવો. અર્થાત્ સંઘાતપરિણામ કહો કે સ્કંધપરિણમન કહો તે બન્નેનો અર્થ સમાન જ થાય છે. એટલે સ્કંધોમાં જે સૂક્ષ્મતા છે. તે આપેક્ષિક સૂક્ષ્મતા છે. જેમ કે "આમળાની અપેક્ષાએ બોર એ સૂક્ષ્મ પરિણામી છે સાથે સાથે આમળું પણ કેળાની અપેક્ષાએ સૂક્ષ્મ છે અને કેળું પણ મોટા પપૈયાની અપેક્ષાએ સૂક્ષ્મ છે. ઇત્યાદિ ઉદાહરણો સ્વયં સમજી લેવાં.

ભાષ્યમાં લખેલો છેલ્લો જે इति શબ્દ છે તે આદિ અર્થમાં વરપરાયેલો છે. તેથી

બીજાં પણ આવાં ઘણાં ઉદાહરણો છે. તે સર્વે ઉદાહરણો આ કહેલા એક ઉદાહરણ ઉપરથી સ્વયં સમજી લેવાં. આ પ્રમાણે इति શબ્દનો અર્થ કરવો.

**भाष्य :- स्थौल्यमपि द्विविधम् । अन्त्यमपेक्षिकं, च । सङ्घात परिणामापेक्षमेव भवति । तत्रान्त्यं सर्वलोकव्यापिनि महास्कन्धे भवति । आपेक्षिकं बदरादिभ्य आमलकादिष्विति ॥**

**ભાષ્યનું ગુજરાતી :- (જેમ સૂક્ષ્મતા બે પ્રકારની છે તેમ) સ્થૂલતા પણ બે પ્રકારની છે : (૧) અન્ત્ય અને (૨) આપેક્ષિક. આ સ્થૂલતા પણ સંઘાતની (સ્કંધની) અપેક્ષાએ જ હોય છે. તેમાં અન્ત્ય સ્થૌલ્ય સર્વલોકાકાશમાં વ્યાપ્ત એવા અચિત્ત મહાસ્કંધમાં હોય છે અને આપેક્ષિક સ્થૂલતા અન્ય દ્રવ્યોમાં હોય છે. જેમ કે બોરથી આમળું એ સ્થૂલ છે. વગેરે ॥**

**संस्कृत टीका :-** स्थौल्यमपीत्यादि । स्थूलभावः स्थौल्यं- परमाणुप्रचयपरिणामः। तत्रान्त्यमशेषलोकव्यापिन्यचित्तमहास्कन्धे । इह चावयवविकासः स्थौल्यं विवक्षितम् । प्रवचने त्वयं सूक्ष्मपरिणाम एवाधीतः । यदि च बादरः स्थूलपरिणामः स्यात् ततो महामहीध्रवत् समस्तं लोकमुत्सादयेदतः स्थौल्यं विकासितावयवानामचक्षुर्गम्यम् । आपेक्षिकं तु बदरादामलकं स्थूलमामलकाद् दाडिमम् । इह तु विकासे सत्यप्यवयवानां बादरः परिणामः । ततश्चामलकादिर्नयनोपलभ्यम् ॥

**ગુજરાતી ભાષાન્તર :-** સ્થૌલ્ય ઇત્યાદિ ભાષ્યનો જે પાઠ છે તેનો અર્થ સમજાવાય છે. જે સ્થૂલભાવ છે (મોટાપણું છે) તે સ્થૌલ્ય કહેવાય છે. પરમાણુઓના સમૂહ સ્વરૂપ બનેલો જે પરિણામ તે સ્થૌલ્ય કહેવાય છે. તે સ્થૌલ્યના પણ બે ભેદ છેઃ (૧) અન્ત્ય અને (૨) આપેક્ષિક. ત્યાં જે અન્ત્ય સ્થૌલ્ય છે તે તો ચૌદરાજલોકમાં વ્યાપ્ત એવા અચિત્ત મહાસ્કંધમાં હોય છે.

અહીં અવયવોનો જે વિકાસ તે વિકાસસ્વરૂપ જે સ્થૂલતા છે તે વિવક્ષિત કરાઈ છે.

પ્રવચનમાં તો આ અચિત્ત મહાસ્કંધને સૂક્ષ્મ પરિણામવાળો જ કહ્યો છે. અને ચાર સ્પર્શવાળો જ કહ્યો છે. આ અચિત્ત મહાસ્કંધમાં સ્થૂલતાનો અભાવ હોવાથી બીજો કોઈ સ્કંધ ગ્રહણ કરવો, જેથી તે આઠ સ્પર્શવાળો મહાસ્કંધ લેવો. પરંતુ આ અચિત્ત મહાસ્કંધ તો ચાર સ્પર્શવાળો છે, માટે તે ન લેવો.

આ કારણથી અહીં સ્થૂલતાનો વિભાગ કરતાં કરતાં અન્ત્ય સ્થૂલતા કે જેનાથી વધારે

સ્થૂલતા બીજા કોઈમાં નથી એવી સ્થૂલતા અચિત્ત મહાસ્કંધમાં છે એમ સમજવું પરંતુ તે સ્કંધ સૂક્ષ્મ પરિણામવાળો છે. બાદર પરિણામવાળો નથી. જો આ પુદ્ગલોનો સ્થૂલ પરિણામ બાદર હોય તો, મોટા મોટા પર્વતોની જેમ સમસ્ત લોકનો નાશ થઈ જાય માટે અહીં અચિત્ત મહાસ્કંધમાં સ્થૌલ્ય કહ્યું છે. તે વિકાસવાળા અવયવોનું ચક્ષુથી અગમ્યપણું (અગોચરપણું) જ સમજવું. એટલે જ કોઈ પણ ઇન્દ્રિયથી આ અચિત્ત મહાસ્કંધનું પ્રત્યક્ષ થઈ શકતું નથી તેવો આ સ્કંધ છે એમ જાણવું. આ અન્તિમ સ્થૌલ્યની વાત કરી.

**હવે બીજી આપેક્ષિક સ્થૌલ્યની વાત :-**

બોરથી આમળું મોટું છે, સ્થૂલ છે. આમળાથી દાડમ મોટું છે અને દાડમથી કેળું મોટું છે તથા કેળાથી દૂધી મોટી છે (સ્થૂલ છે). આ સર્વે પણ ઉદાહરણો આપેક્ષિક સ્થૌલ્યતાનાં છે. વળી આ આપેક્ષિક સ્થૌલ્યમાં અવયવોનો વિકાસ થવા છતાં પણ બાદર પરિણામ જ રહે છે તે કારણથી આમળાં આદિ (આમળાં, બોર, દાડમ, કેળાં અને દૂધી વગેરે) ચક્ષુથી ગોચરપણું (નયનોથી ઉપલભ્યપણું) જાણવું. ॥

**भाष्य :- संस्थानमनेकविधम् । दीर्घह्रस्वाद्यनित्थन्त्वपर्यन्तम् ॥**

**ભાષ્યનું ગુજરાતી :- સંસ્થાન પણ અનેક પ્રકારનું છે. દીર્ઘ અને હ્રસ્વથી પ્રારંભીને અનિત્થંત્વ સુધીનાં ઘણાં સંસ્થાનો છે.**

**संस्कृत टीका :-** संस्थानमित्यादि । आकृतिः संस्थानं रचना सन्निवेशः । तद् द्विविधमात्मानात्मपरिग्रहात् । तत्रात्मानः पृथिव्यप्तेजोवायुवनस्पतयः द्वित्रिचतुरिन्द्रियाः पञ्चेन्द्रियाश्च क्रमेणैषां मसूरस्तिबुकसुचीकलापपताकाऽनित्थन्त्वसंस्थानानि, पुद्गलकृतानि शरीराणीति यावत्, विकलेन्द्रियाणां हुण्डकं त्रयाणामपि वपुः, पञ्चेन्द्रिणां षोढा शरीरसन्निवेशो यथासम्भवो नामकर्मोदयनिर्वृत्तः समचतुरस्रन्यग्रोधपरिमण्डल-सादि-कुब्ज-वामन-हुण्डलक्षणोऽनया गाथया विभावनीयः-

**"तुल्लं वित्थडबहुलं, उस्सेहबहुं च मडहकोट्ठं च ।**
**हिट्ठिल्लकायमडहं, सव्वत्थासंठियं हुंडं ॥"- आर्या**

**ગુજરાતી ભાષાન્તર :-** संस्थानमित्यादि ભાષ્યનો જે પાઠ છે તેનો અર્થ સમજાવાય છે. ત્યાં આકૃતિ એટલે કે જે આકાર છે તેને જ સંસ્થાન-રચના-અથવા સન્નિવેશ કહેવાય છે. આ ચારે શબ્દો એક જ અર્થવાળા છે. તે સંસ્થાન બે પ્રકારનું છે :

(૧) જીવ વડે ગ્રહણ કરાયેલ, (૨) અજીવ વડે ગ્રહણ કરાયેલ. ઉપરોક્ત બે પ્રકારના સંસ્થાનમાં પ્રથમ જીવ વડે ગ્રહણ કરાયેલ સંસ્થાન સમજાવાય છે.

જીવ વડે ગ્રહણ કરાયેલ સંસ્થાન (આકૃતિ) આ પ્રમાણે છે. (૧) પૃથ્વીમય જીવો વડે કરાયેલી પોતાના શરીરની રચના તે મસૂર જેવી છે. (૨) અપકાયના જીવો વડે કરાયેલી જે પોતાના શરીરની રચના છે તે પાણીના પરપોટા જેવી છે. (૩) તેઉકાયના જીવો વડે કરાયેલી જે પોતાના શરીરની રચના છે તે સોયના સમૂહ જેવી છે (૪) વાઉકાય જીવો વડે કરાયેલી જે પોતાના શરીરની રચના છે તે ધજાતુલ્ય છે. (૫) વનસ્પતિકાયના જીવો વડે કરાયેલી જે પોતાના શરીરની રચના છે તે અનિત્યંત્વ અર્થાત્ અનિયત આકારવાળી અનેક પ્રકારની છે. આ સર્વે શરીરના આકારો પુદ્ગલ દ્રવ્યના કરાયેલા છે. જીવો વડે પૌદ્ગલિક શરીરો આવા પ્રકારનાં બનાવાયાં છે.

વિકલેન્દ્રિય જીવો એટલે કે બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો- એમ આ ત્રણે પ્રકારના જીવોનું શરીર હુંડક સંસ્થાનવાળું છે પંચેન્દ્રિય જીવોના શરીરની રચના યથાસંભવ છ પ્રકારના સંસ્થાન નામકર્મના ઉદયથી છ પ્રકારની છે (૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધ પરિમંડલ, (૩) સાદિ, (૪) કુબ્જ, (૫) વામન, અને (૬) હુંડક આવા પ્રકારના નામવાળાં છ સંસ્થાન જાણવાં. આ છ પ્રકારનાં સંસ્થાનને જણાવતી ગાથા આ પ્રમાણે છે જે ગાથા ઉપર લખી છે તેના અર્થો આ પ્રમાણે છે.

(૧) જેના ચારે ખૂણા સમાન હોય તે સમચતુરસ્રસંસ્થાન.

(૨) वित्थडबहुलं - વિસ્તારથી જે વ્યાપ્ત હોય તે ન્યગ્રોધ. ઉપરનો ભાગ-પ્રમાણસર હોય તે.

(૩) उस्सेहबहुं - નાભિથી નીચેનો ભાગ પ્રમાણસર હોય તે સાદિ.

(૪) मडहकोष्टं - જ્યાં ખુંધ નીકળેલી હોય તે કુબ્જ.

(૫) हिट्ठिल्लकायमडहं - નીચેની કાયા જ્યાં નમી ગયેલી હોય તે વામન.

(૬) सव्वत्थासंठियं हुंडं - સર્વ અવયવોમાં જ્યાં અનિયતપણું હોય તે હુંડક સંસ્થાન.

આ જીવવડે ગ્રહણ કરાયેલા શરીરનાં પુદ્ગલોમાં જે આકૃતિ (સંસ્થાન) બનાવાય છે તેના છ ભેદ છે. તે સમજાવ્યા. હવે અજીવની આકૃતિઓના (સંસ્થાનના) ભેદો સમજાવાય છે.

**संस्कृत टीका :-** अथाजीवपरिगृहीतं वृत्त-त्र्यस्र-चतुरस्रायत-परिमण्डलभेदात् पञ्चधा । तत्र वृत्तं द्विविधं युग्मायुग्मभेदात् । युग्ममपि द्विविधं प्रतरघनभेदात् । तत्र प्रतरयुग्ममिदं जघन्येन द्वादशप्रदेशम् । इदमेव च युग्मं घनवृत्तं भवति द्वादशभिरन्यैः प्रक्षिप्तैर्मध्यमेषु च चतुर्षु घरकेषू-पर्यधश्चतुर्भिः प्रक्षिप्तैर्द्वात्रिंशत् प्रदेशमिदम् ।

विषमप्रतरवृत्तं तु जघन्येन पञ्चप्रदेशमिदम् । एतदेव मध्यगेहं प्रदेशद्वयप्रक्षेपादुपर्यधश्च विषमघनवृत्तं सप्तप्रदेशमिति ॥ उत्कर्षेणानन्तप्रदेशमसङ्ख्येयप्रदेशावगाढम् ॥ अधुना त्र्यस्रं द्विधा । युग्मायुग्मभेदात् । युग्मं द्विधा प्रतरघनभेदात् ॥ युग्मप्रतरत्र्यस्रं जघन्येन षट्प्रदेशमिदम्, उत्कर्षेणानन्तप्रदेशम् । युग्मघनत्र्यस्रं जघन्येन चतुःप्रदेशम्, उत्कर्षेणानन्तप्रदेशम् । अयुग्ममपि द्विधा, प्रतरघनभेदात् । ओजप्रतरत्र्यस्रं जघन्येन त्रिप्रदेशम्, उत्कर्षेणानन्तप्रदेशम् । घनत्र्यस्रं जघन्येन पञ्चत्रिंशत्प्रदेशम्, अत्रैव चान्त्यान्त्यप्रदेशानुज्झित्वा दश षट् त्रय एकश्च क्षेप्यः । उत्कर्षेणानन्तप्रदेशम् ॥

एतदेव प्रदेशचतुरस्रमपि द्विधा युग्मायुग्मभेदात् । युग्मं द्विधा प्रतरघनभेदात्, युग्मप्रतरचतुरस्रं जघन्येन चतुःप्रदेशम्, उत्कर्षेणानन्तप्रदेशम् । एतदेव प्रदेशचतुष्टयप्रक्षेपाद् युग्मघनचतुरस्रं भवत्यष्टप्रदेशम् ॥ उत्कर्षेणानन्तप्रदेशम्

**ગુજરાતી ભાષાન્તર :-** અજીવ વડે ગ્રહણ કરાયેલી આકૃતિ પાંચ પ્રકારની હોય છેઃ (૧) વૃત્ત, (૨) ત્ર્યસ્ર (ત્રિખૂણિયું) (૩) ચતુરસ્ર (ચઉખૂણિયું), (૪) આયત-લાંબુ (૫) અને પરિમણ્ડલ- લંબગોળ, એમ પદાર્થોની આકૃતિ પાંચ પ્રકારની હોય છે. તેમાં પ્રથમ ભેદ જે વૃત્ત છે. તે યુગ્મ અને અયુગ્મના ભેદથી વૃત્ત બે પ્રકારે છે. તેમાં પણ પ્રથમ ભેદ જે યુગ્મવૃત્ત



છે તે પ્રતર અને ઘનના ભેદથી બે પ્રકારે છે તેમાં પ્રતરયુગ્મવૃત્ત તેને કહેવાય છે જે જઘન્યથી પણ બાર પ્રદેશવાળું હોય છે. તે પ્રતરયુગ્મવૃત્તની આકૃતિ આ પ્રમાણે જાણવી. આ પ્રતરયુગ્મવૃત્તની આકૃતિ સમજવી. ઉપરના સંસ્કૃત પ્રથમ ફકરામાં બીજી તથા ત્રીજી પંક્તિમાં આ વાત લખી છે કે तत्र प्रतरयुग्ममिदं जघन्येन द्वादशप्रदेशम् તે ઉપર સમજાવ્યા પ્રમાણે જાણવું. આ લંબાઈમાં પણ ચાર પ્રદેશ છે અને પહોળાઈમાં પણ ચાર પ્રદેશ છે એટલે પ્રતર વૃત્ત કહેવાય છે. તેના ઉપરથી ઘનવૃત્તયુગ્મ કરવું હોય તો કુલ ૩૨ પ્રદેશોનું થાય છે. ૧૨ બિન્દુઓ જે છાપ્યા છે તેના ઉપર એ જ પ્રમાણે બીજાં ૧૨ બિન્દુઓ ગોઠવો અને સૌથી વચ્ચેના ૪ બિન્દુઓ ઉપર અને નીચે ૪ + ૪ બિન્દુઓ ગોઠવો એટલે ૧૨ + ૧૨ + ૪ + ૪ = કુલ ૩૨ બિન્દુઓનું ઘનવૃત્તયુગ્મ થશે. આ વાત પ્રથમ ફકરાની ત્રીજી અને ચોથી પંક્તિમાં કહેલી છે.

હવે વિષમપ્રતરવૃત્તની વાત સમજાવાય છે. તે જઘન્યથી પાંચપ્રદેશવાળું છે  આ વિષમપ્રતરવૃત્તના ચિત્રમાં સૌથી વચ્ચેનું જે મધ્ય બિન્દુ છે તેની ઉપર અને તેની નીચે એક એક બિન્દુ ગોઠવવાથી કુલ ૫ + ૨= ૭ સાત બિન્દુઓનું જે વૃત્તાકાર બને તે વિષમઘનવૃત્ત કહેવાય છે. આ વિષમપ્રતરવૃત્ત પાંચ પ્રદેશવાળું અને વિષમઘનવૃત્ત સાત પ્રદેશવાળું જે છે તે જ અયુગ્મ પ્રતરવૃત્ત અને અયુગ્મ ધનવૃત્ત છે આમ અર્થ સમજવો. વૃત્તની વાત સમાપ્ત થઈ. પ્રથમ ભેદ સમાપ્ત થયો.




હવે ત્ર્યસ્ર (ત્રિખૂણિયું) જે બીજા નંબરનું છે તેના ભેદ સમજાવે છે ત્ર્યસ્રના પણ યુગ્મ અને અયુગ્મના ભેદથી બે પ્રકાર છે. આ બન્નેના પણ પ્રતર અને ઘનના ભેદથી બે બે ભેદ છે. એટલે કુલ ૪ ભેદ થાય છે

તે ચાર ભેદોમાં પ્રથમ નંબરવાળું પ્રતરયુગ્મત્ર્યસ્ર જે છે તે જઘન્યથી છ બિન્દુવાળું સમજવું જેમકે  ઉત્કર્ષથી તો અનંત પ્રદેશવાળું છે. બે નંબરવાળું ઘન યુગ્મત્ર્યસ્ર ચાર પ્રદેશવાળું થાય છે.  આ ત્રણ અણુઓમાં વચ્ચેના અણુ ઉપર બીજો એક અણુ મૂકવાથી ચાર અણુવાળું ઘનયુગ્મત્ર્યસ્ર થશે. બધી બાજુથી બે બે પ્રદેશો દેખાશે.

અયુગ્મ પ્રતરત્ર્યસ્ર ત્રણ અણુવાળું જાણવું.  અને અયુગ્મ ઘનત્ર્યસ્ર પાંત્રીસ પ્રદેશવાળું જાણવું તે આ પ્રમાણે  કુલ ૧૫ પ્રદેશ છે તેની ઉપર છેલ્લી પાંચની ૧ લાઈન છોડીને ગોઠવો તો દશ ગોઠવાશે.  તેની ઉપર છેલ્લી લાઈન છોડીને ગોઠવશો તો છ  ગોઠવાશે તેની ઉપર પણ છેલ્લી લાઈન છોડીને ગોઠવો તો ત્રણ પ્રદેશ આવશે  અને તેની ઉપર છેલ્લી લાઈન છોડીને ગોઠવો તો બિન્દુ આવશે એટલે ૧૫ + ૧૦ + ૬ + ૩ + ૧ = ૩૫ થશે. આ બીજો ભેદ સમાપ્ત થયો.




હવે एतदेव प्रदेशचतुरस्रमपि द्विधा युग्मायुग्मभेदात् = આ જ પ્રમાણે ચતુરસ્ર (ચાર ખૂણાવાળું) જે ત્રીજા ભેદવાળું સંસ્થાન છે તે સમજાવાય છે. આ પ્રદેશચતુરસ્ર પણ યુગ્મ અને અયુગ્મના ભેદથી બે પ્રકારે છે. યુગ્મચતુરસ્ર પણ પ્રતર અને ઘનના ભેદથી બે પ્રકારનું છે તે બન્નેમાં જે પ્રથમ યુગ્મપ્રતર ચતુરસ્ર છે તે જઘન્યથી પણ ચાર પ્રદેશવાળું  છે અને ઉત્કૃષ્ટથી આ પણ અનંત પ્રદેશવાળું છે. બે નંબરવાળું યુગ્મઘન ચતુરસ્ર આઠ પ્રદેશવાળું છે. જે આ ચાર બિન્દુ છે તેના ઉપર બરાબર બીજાં ચાર બિન્દુઓ ગોઠવીએ એટલે બધી બાજુથી બે બે બિન્દુ થશે

તે આ યુગ્મઘન ચતુરસ્ર કહેવાય છે જેમ કે.... આ ચારની ઉપર બીજાં ચાર બિન્દુઓ મૂકીએ ત્યારે કુલ આઠ બિન્દુઓનું આ જઘન્યથી યુગ્મ ઘનચતુરસ્ર માપ થયું કહેવાય અને ઉત્કૃષ્ટથી તો અનંતપ્રદેશવાળું આ યુગ્મઘનચતુરસ્ર જાણવું.

**संस्कृत टीका :-** ओजचतुरस्रमपि द्विधा, प्रतरघनभेदात् ओजप्रतरचतुरस्रं जघन्येन नवप्रदेशम्। इदमुत्कर्षेणानन्तप्रदेशम्। एतदेवौजघन चतुरस्रम् भवत्युपर्यधश्च नवभिर्नवभिः प्रक्षिप्तैः सप्तविंशतिप्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशम्॥

आयतमपि द्विधा, युग्मायुग्मभेदात्। युग्मं द्विधा श्रेणिप्रतरभेदात्। तत्र युग्मश्रेण्यायतं जघन्येन द्विप्रदेशम् उत्कर्षेणानन्तप्रदेशम्। युग्मं प्रतरायतं जघन्येन षट्प्रदेशम्। उत्कर्षेमानन्तप्रदेशम्। एतदेव च युग्मघनायतं भवति यथान्यासमुपरिषट्प्रदेशक्षेपाज्जघन्येन द्वादशप्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशम्।

अयुग्मायतमपि द्विधा, श्रेणिप्रतरभेदात्। तत्रौजश्रेण्यायतं जघन्येन त्रिप्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशम्। ओजप्रतरायतं जघन्येन पञ्चदशप्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशमिदम्॥ एतदेवौजघनायतं भवत्युपर्यधश्च पञ्चदशाभिःक्षिप्तैः जघन्येन पञ्चचत्वारिंशत्प्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशम्॥

परिमण्डलं द्विधा, प्रतरघनभेदात्। तत्र प्रतरपरिमण्डलं जघन्येन विंशतिप्रदेशमिदम्। एतदेव घनपरिमण्डलम् भवत्यन्यैर्विंशति संख्यैः प्रदेशैर्निहितैर्जघन्येन चत्वारिंशत्प्रदेशम्। उत्कर्षेणानन्तप्रदेशम्॥

अत्र च भाष्ये दीर्घह्रस्वग्रहणादायतमेव परिगृहीतमादिशब्दाच्छेषाणि। उक्तेन प्रकारेण वृत्तादिना निरूपयितुं यन्न शक्यं तदनित्थं, तद्भावोऽनित्थन्त्वं तत्पर्यन्तमनेकधा संस्थानमिति॥

**ગુજરાતી ભાષાન્તર :-** અયુગ્મચતુરસ્ર એટલે તેને ઓજચતુરસ્ર પણ કહેવાય છે તે અયુગ્મ ચતુરસ્ર (અર્થાત્ ઓજ ચતુરસ્ર) પણ પ્રતર અને ઘનના ભેદથી બે પ્રકારનાં છે ત્યાં ઓજપ્રતર ચતુરસ્ર જઘન્યથી નવ પ્રદેશવાળું છે  ચારે ખૂણાવાળું હોવાથી ચતુરસ્ર કહેવાય છે. આ જ ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અયુગ્મ પ્રતર ચતુરસ્ર બને છે.

હવે અયુગ્મ ઘન ચતુરસ્ર અર્થાત્ ઓજ ઘનચતુરસ્ર (૨૭) સત્યાવીસ પ્રદેશોવાળું થાય છે જે આ  નવ પ્રદેશોવાળું અયુગ્મ પ્રતરચતુરસ્ર છે. તેની ઉપર અને તેની નીચે આ જ પ્રમાણે. નવ નવ બિન્દુઓ મુકવાથી પ્રતરને બદલે ઘન થશે, એટલે આ ૯ છે તેની ઉપર ૯ અને તેની નીચે ૯ એમ કરવાથી ૯ + ૯ + ૯ = ૨૭ બિન્દુઓનું અયુગ્મઘન ચતુરસ્ર જાણવું. ઉત્કૃષ્ટથી આ જ અનંતા પ્રદેશોવાળું અયુગ્મ ઘન ચતુરસ્ર સમજવું.




आयतमपि द्विधा- युग्मायुग्मभेदात् - युग्मं द्विधा ઇત્યાદિ. હવે આયત (લાંબું), તે પણ યુગ્મ અને અયુગ્મના ભેદથી બે પ્રકારનું છે. શ્રેણી અને પ્રતરના ભેદથી તે પણ બે પ્રકારની આકૃતિ છે. આકૃતિ ત્યાં શ્રેણી યુગ્મ આયત (એક નંબરવાળું) આ પ્રમાણે  બે શૂન્યનું થાય છે. આ બે શૂન્યવાળું યુગ્મ શ્રેણી આયત કહેવાય છે. આ પણ ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશવાળું થાય છે. શ્રેણીયુગ્મ આયત કહ્યા પછી હવે બે નંબરવાળું પ્રતરયુગ્મ આયત સમજાવાય છે. આ જઘન્યથી છ પ્રદેશોવાળું હોય છે તે આ પ્રમાણે  જાણવું આ પણ ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશોવાળું હોય છે. હવે તેનો ત્રીજો ભેદ કે જેનું નામ "યુગ્મઘન આયત" છે તે આ પ્રમાણે જાણવું. જે આ છ પ્રદેશો ગોઠવેલા છે બરાબર તેના ઉપર બીજા છ પ્રદેશો ગોઠવવામાં આવે ત્યારે કુલ (૧૨) પ્રદેશોવાળું જઘન્યથી ઘનયુગ્મઆયત થશે. ઉત્કૃષ્ટથી આ પણ અનંતપ્રદેશવાળું છે

હવે અયુગ્મ શ્રેણી આયત વગેરે ત્રણ ભેદો જે ૪-૫-૬ નંબરના છે તે સમજાવાય છે. તે પણ શ્રેણી અને પ્રતરના ભેદથી બે પ્રકારનાં છે. ત્યાં ઓજ શ્રેણિઆયત  જઘન્યથી ૩ પ્રદેશોવાળું છે. લાઇનસર હોવાથી શ્રેણી કહેવાય છે ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશોવાળું છે. હવે અયુગ્મ પ્રતર આયત  પંદર પ્રદેશવાળું જાણવું અને આ જ અયુગ્મ પ્રતર આયત જે છે તેની ઉપર અને તેની નીચે બીજા ૧૫ + ૧૫ શૂન્ય જોડો એટલે ૪૫ પ્રદેશોવાળું અયુગ્મઘન આયત થાય છે. ઉત્કૃષ્ટથી આ પણ અનંત પ્રદેશોવાળું છે.

परिमण्डलमपि द्विधा प्रतरघनभेदात् ॥ હવે પરિમંડલ નામનું જે પાંચમું સંસ્થાન છે. તે સમજાવાય છે. આ પરિમંડલ સંસ્થાન પણ પ્રતર અને ઘનના ભેદથી બે પ્રકારનું છે ત્યાં પ્રથમ પ્રતરપરિમંડલ સંસ્થાન તે જઘન્યથી (૨૦) વીસ પ્રદેશવાળું છે. આ જ (૨૦) માપવાળા પ્રતર પરિમંડલને ઘન પરિમંડલ કરવું હોય તો આ જ (૨૦) શૂન્યની ઉપર બીજાં (૨૦) શૂન્ય ગોઠવો એટલે જઘન્યથી કુલ (૪૦) બિન્દુઓનું ઘનપરિમંડલ થશે અને ઉત્કૃષ્ટથી તો આ ઘનપરિમંડલ અનંત પ્રદેશોવાળું છે. આ પ્રમાણે (૧) વૃત, (૨) ત્ર્યસ્ર (૩) ચતુરસ્ર, (૪) આયત અને (૫) પરિમંડલ એમ પાંચ જાતનાં સંસ્થાન સમજાવ્યાં.

અહીં ભાષ્યના મૂળપાઠમાં દીર્ઘ અને હ્રસ્વના ગ્રહણથી આયત સંસ્થાન પણ સમજી લેવું અને आदि શબ્દથી શેષ સર્વ ભેદ-પ્રભેદ પણ સમજી લેવા. ઉપર સમજાવેલા વૃતાદિ

પાંચે પ્રકારોમાંથી જેને એક પણ પ્રકારના આકારે કહી શકાય તેમ ન હોય અર્થાત્ જે કહેવાને શક્ય ન હોય એટલે કે ઉપર કહેલા પાંચે પ્રકારોમાંથી જે કાંઈ પણ એક પ્રકારમાં ન જ આવતું હોય તેને અનિત્યન્ત્વ સંસ્થાન કહેવાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે इत्थं = આવા પ્રકારનું, अनित्थं = જે આવા પ્રકારનું છે એવું વર્ણન કરવાને શક્ય નથી તે अनित्थं તેનો ભાવ તે अनित्थन्त्व કહેવાય છે. તે અનિત્થન્ત્વ અનેક પ્રકારનાં હોય છે. આ પ્રમાણે આ સંસ્થાનની વાત સમાપ્ત થઈ.

※ ※ ※

**भाष्य :- भेदः पञ्चविधः - औत्कारिकः, चौर्णिकः, खण्डः, प्रतरः, अनुतट इति ।**

**ભાષ્યનું ગુજરાતી :- ભેદ પાંચ પ્રકારનો છે. (૧) ઔત્કારિક, (૨) ચૌર્ણિક, (૩) ખંડ (૪) પ્રતર અને (૫) પાંચમો ભેદ અનુતટ.**

**संस्कृत टीका :-** भेदः पञ्चविध इत्यादि । एकत्वद्रव्यपरिणतिविश्लेषो भेदः । स च पुद्‌गलपरिणामो, भिद्यमानवस्तुविषयत्वात् । तद्‌व्यतिरेकेणानुपलब्धेर्भिन्नद्वयमेव भेदः । तत्रौत्कारिकः समुत्कीर्यमाणदारुप्रस्थकभेरी-बुन्दाघर्षादिविषयः । अवयवशश्चूर्णनं चौर्णिकः क्षिप्तपिष्टमुष्टिवत् । खण्डशो विशरणं खण्डभेदः क्षिप्तमृत्पिण्डवत् । प्रतरभेदोऽभ्रपटलभूर्यपत्रादिषु बहुतिथपुटोच्छोटन-लक्षणः अनुतटभेदस्तु वंशेक्षुयष्टित्वगुत्पाटनम् । इति शब्देन भेदेयत्तामवधारयति ॥

**ગુજરાતી ભાષાન્તર :-** પુદ્‌ગલોમાં થતો ભેદ તૂટવું-ફૂટવું, ચિરાવું, ફાડવું વગેરે જે કહેવાય છે તે ભેદના પાંચ પ્રકાર છે. પ્રથમ ભેદ ઔત્કારિક છે.

(૧) **औत्कारिक :-** પુદ્‌ગલદ્રવ્યની એકમેક થયેલી જે પરિણતિ છે તેનો વિશ્લેષ કરવો, વિભાગ કરવો. વસ્તુને ફાડવી, ચીરવી, ટુકડા કરવા તે ઔત્કારિકભેદ કહેવાય છે. તે પુદ્‌ગલદ્રવ્યનો જ પરિણામ હોય છે તે દ્રવ્યમાં જ આવો ભેદ થાય છે (શેષ ચાર દ્રવ્યો ધર્મ-અધર્મ-આકાશ અને જીવ એમ આ ચાર દ્રવ્યોમાં આવો ભેદ થતો નથી). પુદ્‌ગલ દ્રવ્યને ફાડવું, ટુકડા કરવા, કપડાને ચીરવું વગેરે સર્વ ભેદ પુદ્‌ગલદ્રવ્યમાં જ થાય છે. છોલાઈ રહેલું લાકડું, તથા લાકડાનાં પ્રસ્થક વગેરે માપીયાં બનાવવાં, તથા ભેરી વગેરે વાજિંત્રોના અવાજ, તથા બુન્દાદિના (મેઘ વગેરેના)ઘર્ષણ સ્વરૂપે પરસ્પર અફળાવા સ્વરૂપે આ ઔત્કારિક ભેદ છે અર્થાત્ પરસ્પરના ઘસારાથી જે છૂટા પડવું, જેમ કે ચંદન ઘસવાથી તેના ઘસારા પડે તથા લાકડાં આદિને ફાડવાં, ચિરવાં, વેરવાં, પત્થર તોડવા વગેરે જે ભેદ કરાય છે. કાપડ ફાડવું, કાગળ ફાડવા વગેરે જે તોડફોડ થાય છે તે ઔત્કારિક ભેદ જાણવો.

(૨) **चौर्णिक भेद** :- નાના નાના અવયવ સુધી વસ્તુને ચૂરવાથી એક એક દાણો દાણો છૂટો પાડવાથી જે ભૂકો થાય તે ચૌર્ણિક ભેદ કહેવાય છે. દાખલા તરીકે ઘઉંનો લોટ, બાજરીનો લોટ, ચણાનો લોટ, મેંદો વગેરે ચૌર્ણિક ભેદ કહેવાય છે.

(૩) **खंडभेदः** = વસ્તુના જે મોટા મોટા ખંડ કરવા (ટુકડા કરવા), તેના દ્વારા કકડા કરવા, ઘટ-માટલું વગેરેને ફોડવાથી માટીના તે ટુકડા થાય તે ખંડ કહેવાય છે. કપડાને ફાડવાથી મીટર-બે મીટરના જે ટુકડા થાય તે ખંડ, વસ્તુને ખંડ ખંડ રૂપે કરવી. જેમ કે એક મોટો કાચ સામે દીવાલે ફેંકીએ તો તે કાચના ટુકડેટુકડા થઈ જાય તે ખંડભેદ કહેવાય છે.

(૪) **પ્રતરભેદ** :- જ્યાં વસ્તુમાં ઘણાં પડ હોય અને તે પડ ઉકેલાય તેને પ્રતરભેદ કહેવાય છે. જેમ કે અબરખ, હલવો, આવી જે જે વસ્તુ હોય કે જેમાં એક પછી એ પડ ઉકેલાતાં હોય તે.

(૫) **અનુત્તર ભેદ** :- વાંસ, શેરડીનો સાંઠો, વિગેરે પદાર્થો કે જેને છોલવાં પડે જેનાં છોતરાં ઊખડે त्वगुत्पाटनम् = ઉપર ઉપરની ચામડી છોલવી. પપૈયા ચીભડાં વગેરેમાં છોલ માત્ર જ જુદી કરાય છે તે અનુત્તરભેદ.

ભાષ્યના પાઠમાં જે इति શબ્દ છે તે ભેદની इयत्ता સૂચવે છે. ભેદના આ પાંચ જ પ્રકાર છે વધારે ભેદ નથી એમ સમજાવવા માટે આ इति શબ્દ લખેલ છે.

**भाष्य :- तमश्छायातपोद्योताश्च परिणामजाः । सर्व एवैते स्पर्शादयः पुद्गलेष्वेव भवन्तीत्यतः पुद्गलास्तद्वन्तः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- અંધકાર, પડછાયો, આતપ અને ઉદ્યોત આ સર્વે પુદ્ગલદ્રવ્યના જ પરિણામો છે. સર્વે પણ આ સ્પર્શાદિ ચારે ગુણો પુદ્ગલદ્રવ્યોમાં જ હોય છે આ કારણથી આ સર્વે પુદ્ગલ દ્રવ્યો તે સ્પર્શાદિ ચાર ગુણોવાળાં છે ॥**

**संस्कृत टीका** :- तमश्छयेत्यादि भाष्यम् । समानविचारत्वादेकप्रघट्टेन निर्देशः। एते च तमश्छायादयः पुद्गलद्रव्यपरिणामजा इति प्रतिपादयति । तमस्तावद् पुद्गलपरिणामो दृष्टिप्रतिबन्ध कारित्वात् कुडयादिवद्, आवारकत्वात् पटादिवत् ॥

छायाऽपि शिशिरत्वादाप्यायकत्वाज्जलवातादिवत् । आतपोऽपि तापकत्वात् स्वेदहेतुत्वादुष्ण-त्वादग्निवत् उद्योतश्च चन्द्रिकादिराह्लादकत्वाज्जलवत् प्रकाशकत्वादग्निवत्, तथाऽनुष्णाशीतत्वात् उद्योतः पद्मरागोपलादीनाम् । अतो मूर्तद्रव्यविकारस्तमश्छायादिः ॥

ननु च द्रव्यगुणकर्मनिष्पत्तिवैधर्म्याद् भावाभावस्तमः । यदि चेदं द्रव्यं भवेदनित्यत्वाद् घटादिद्रव्यवत् निष्पद्येत । न च द्रव्यवन्निष्पद्यते अमूर्तत्वादस्पर्शत्वात् प्रकाशविरोधादणुभिरकृतत्वाच्च । नापि गुणः, तदाधारानुपलब्धेः प्रकाशविरोधाच्च । कर्मापि न भवति, तदाश्रयानुपलब्धेः । संयोगविभागसंस्काराहेतुत्वात् । अतस्तेजसो यत्राभावस्तत्र तमः। तथा तेजसो द्रव्यान्तरावरणाच्च तमो भवतीति ॥ अत्रोच्यते-

**ગુજરાતી ભાષાન્તર :-** "तमश्छाया" ઇત્યાદિ જે ભાષ્યનો પાઠ છે તેનો અર્થ સમજાવાય છે (૧) तमस् = (અંધકાર) (૨) छाया = પડછાયો-પ્રતિબિંબ (૩) आतप = તડકો (૪) उद्योत = ચંદ્રાદિનો શીતળ પ્રકાશ. આ ચારે પર્યાયો (પરિણામો અર્થાત્ પરિણમનો) જે દેખાય છે (ભાષ્યના મૂળપાઠમાં ચારેનો સમાસ કરીને) એકી સાથે જે ચારે તત્ત્વો સમજાવાયાં છે આ ચારે તત્ત્વો પુદ્ગલદ્રવ્યના પરિણામો જ છે. પુદ્ગલોનું તે તે ભાવે પરિણમન થયેલું છે તથા તે તે કાળે તેવું તેવું પરિવર્તન થાય છે. પુદ્ગલોનું તે તે ભાવે પરિણમન થવાથી થાય છે. ધર્માસ્તિકાયાદિ અન્ય ચાર દ્રવ્યોમાં આવાં પરિણમનો થતાં નથી.

સ્પર્શાદિ ચારે ગુણો (સ્પર્શ-રસ-ગંધ અને સ્પર્શ) આ ગુણો પુદ્ગલ સ્કંધોમાં જ હોય છે. પુદ્ગલના સ્કંધો હોય કે પરમાણુ હોય એમ સર્વમાં સ્પર્શાદિ ગુણો હોય છે.

તમસ્-છાયા-આતપ અને ઉદ્યોત એ પુદ્ગલસ્કંધોમાં જ હોય છે પરંતુ સ્પર્શાદિ જે ચાર ગુણો છે તે પુદ્ગલસ્કંધોમાં તથા પરમાણુઓમાં પણ એમ બન્નેમાં અવશ્ય હોય છે તેટલા માટે જ બન્ને સૂત્રોની રચના ભિન્ન ભિન્ન કરેલી છે.

જૈનદર્શનકારો तमस् એટલે કે જે અંધકાર છે તે પણ તેવા પ્રકારના (કૃષ્ણવર્ણવાળાં) પુદ્ગલદ્રવ્યો જ છે. પરંતુ અજવાળાનો અભાવ તે અંધકાર છે આવી નૈયાયિક અને વૈશેષિકોની જે વાત છે. તે સર્વથા ખોટી છે. અંધકાર એ પણ એક પ્રકારનાં પુદ્ગલદ્રવ્યો જ છે. આ કારણથી જ જ્યાં જ્યાં અંધકાર હોય ત્યાં ત્યાં શીતળતા જ જણાય છે. ભાવનો અભાવ તે અંધકાર નથી.

(૧) **तमस्** (અંધકાર), વગેરે ચારે પર્યાયો પુદ્ગલદ્રવ્યના પરિણામો જ છે. પુદ્ગલ દ્રવ્ય જ તે તે ભાવે પરિણામ પામે છે. અંધકાર એ દૃષ્ટિનો પ્રતિબંધક હોવાથી કુડ્યાદિની જેમ (દીવાલ અર્થાત્ ભીંતની જેમ) દૃષ્ટિને રોકનાર છે. તે માટે દીવાલની જેમ અંધકાર એ પુદ્ગલદ્રવ્ય જ છે.

જેમ કોઈ નાની-મોટી દીવાલ (ભીંત) દૃષ્ટિનો પ્રતિબંધ કરનાર હોવાથી પુદ્ગલદ્રવ્યની

બનેલી છે તેની જેમ તમસ્ (અંધકાર) એ પણ દષ્ટિને રોકનાર હોવાથી એટલે કે પ્રતિબંધક હોવાથી દીવાલની જેમ પુદ્ગલદ્રવ્ય જ છે તથા વસ્રાદિ દ્રવ્યો આંખ આડા રાખો તો કંઈ જ દેખાતું નથી. એટલે વસ્રાદિ જેમ દષ્ટિના પ્રતિબંધક હોવાથી પુદ્ગલ દ્રવ્ય છે. તેની જેમ અંધકાર પણ દષ્ટિને રોકનાર હોવાથી પુદ્ગલદ્રવ્ય જ છે. પુદ્ગલદ્રવ્ય જ દષ્ટિનો પ્રતિબંધ કરે છે.

(૨) **छाया** = છાંયડો અથવા પ્રતિબિંબ, છાંયડો શીતળતા આપનાર હોવાથી પુદ્ગલદ્રવ્ય જ છે. પાણી અને શીતળ વાયુ આ બન્ને જેમ શીતળ હોવાથી અપકાય અને વાઉકાયના શરીર સ્વરૂપે પુદ્ગલદ્રવ્ય જ છે. તેની જેમ છાયા પણ શીતળતા આપતી હોવાથી પુદ્ગલદ્રવ્ય જ છે. આતપ પણ તાપ આપનાર હોવાથી, પરસેવાનું કારણ હોવાથી, તથા ઉષ્ણતાવાળા અગ્નિની જેમ પુદ્ગલ દ્રવ્ય છે. ચાંદણી આદિ પાણીની જેમ આહ્લાદક હોવાથી (ખુશી ખુશી પ્રગટ કરનાર હોવાથી) પુદ્ગલદ્રવ્ય છે તથા (૨) ચંદ્રનાં કિરણો પણ અગ્નિની જેમ પ્રકાશ આપનાર હોવાથી અને જળની જેમ આહ્લાદક હોવાથી તથા અગ્નિની જેમ પ્રકાશક હોવાથી પુદ્ગલદ્રવ્ય જ છે.

ઉપરોક્ત યુક્તિઓથી સિદ્ધ થાય છે કે અંધકાર-છાયા, આતપ અને ઉદ્યોત- આ ચારે પુદ્ગલદ્રવ્ય જ છે. પુદ્ગલના જ પર્યાયો છે.

તથા પદ્મરાગમણિનો પ્રકાશ અનુષ્ણાશીત હોવાથી જેમ પૌદ્ગલિક દ્રવ્ય જ છે. તેમ ચાંદણી પણ અનુષ્ણાશીત હોવાથી પુદ્ગલ દ્રવ્ય જ છે. આ જ પ્રમાણે વિચાર કરતાં અંધકાર આદિ ચારે તત્ત્વો પુદ્ગલ દ્રવ્ય જ છે. મૂર્તદ્રવ્યના વિકારો જ છે.

અહીં નૈયાયિકો અને વૈશેષિકો તમસ્ ને દ્રવ્ય માનતા નથી. તેઓનું કહેવું એવું છે કે તમસ્ (અંધકાર) એ કોઈ દ્રવ્ય જ નથી. માત્ર તેજનો અભાવ એ જ અંધકાર કહેવાય છે પણ અંધકાર એ દ્રવ્ય નથી.તેથી તે દર્શનકારો જૈનોને પ્રશ્ન કરે છે કે तमः, भावाभावः, द्रव्यगुणकर्म निष्पत्ति वैधर्म्यात् ॥ અંધકાર (પક્ષ) એ ભાવાત્મક દ્રવ્ય નથી (સાધ્ય), ભાવાત્મક દ્રવ્યના અભાવ સ્વરૂપ છે આ સાધ્ય થયું. કારણ કે દ્રવ્ય-ગુણ અને કર્મ આ ત્રણે પદાર્થોની ઉત્પત્તિ કરતાં વૈધર્મ્યવાળી ઉત્પત્તિવાળો આ અંધકાર છે તે માટે તે દ્રવ્ય નથી. (આ હેતુ જાણવો).

દ્રવ્ય-ગુણ અને કર્મ- આ ત્રણ દ્રવ્યોની ઉત્પત્તિથી વિરુદ્ધ ધર્મવાળું જે જે હોય છે તે તે દ્રવ્ય હોતું નથી. અર્થાત્ અભાવાત્મક જ હોય છે. શૂન્યાત્મક જ હોય છે. જેમ કે શૂન્યતા, આ વ્યાપ્તિ થઈ. તેની જેમ આ અંધકાર પણ દ્રવ્ય-ગુણ અને કર્મની ઉત્પત્તિ કરતાં

વૈધર્મ્યવાળી ઉત્પત્તિયુક્ત આ અંધકાર છે. તે માટે તે દ્રવ્ય-ગુણ અને કર્માત્મક પદાર્થ નથી. પરંતુ અભાવાત્મક-શૂન્યાત્મક છે.

નૈયાયિક અને વૈશેષિકો આમ કહે છે કે જો આ અંધકાર એ દ્રવ્ય હોત તો ઉત્પત્તિ અને વિનાશવાળું થવાથી અનિત્ય કહેવાય અને અનિત્ય હોવાથી ઘટ-પટાદિ દ્રવ્યોની જેમ તેની ઉત્પત્તિનાં સમવાયિકારણ-અસમવાયિકારણ અને નિમિત્ત કારણો પણ હોવાં જોઈએ અને તે તે કારણોના મિલનથી આ પદાર્થોની ઉત્પત્તિ થતી હોવી જોઈએ, પરંતુ ઘટ-પટનાં સમવાયિ કારણે માટી અને તન્તુ છે તથા અસમવાયિ કારણ તેનો સંયોગ છે નિમિત્તકારણ તેવાં તેવાં સાધનો છે તેની જેમ અંધકારમાં આવાં કોઈ કારણો દેખાતાં નથી માટે અંધકારની ઉત્પત્તિ ઘટ-પટની જેમ ત્રણ પ્રકારનાં કારણોથી થતી નથી માટે દ્રવ્ય નથી. તથા આ વાત સમજાવનારાં અનુમાન આ પ્રકારે છે.

(१) तमः, न द्रव्यं, अमूर्तत्वात् ॥
(२) तमः, न द्रव्यं, स्पर्शरहितत्वात् ॥
(३) तमः, न द्रव्यं, प्रकाशविरोधात् ॥
(४) तमः, न द्रव्यं, अणुभिरकृतत्वात् ॥

ઉપર સમજાવ્યા પ્રમાણે (૧) અમૂર્ત હોવાથી, (૨) સ્પર્શરહિત હોવાથી (૩) પ્રકાશનું વિરોધી હોવાથી (૪) અણુઓ વડે બનાવાયેલ ન હોવાથી એમ આ ચાર હેતુઓ દ્વારા સિદ્ધ થાય છે કે તમસ્ એ દ્રવ્ય નથી એમ નૈયાયિકો અને વૈશેષિકો કહે છે.

તથા તેઓ જ કહે છે કે તમસ્ એ ગુણ પણ નથી. તે આ પ્રમાણે "तमः, न गुणः, तदाधारानुपलब्धेः । तथा प्रकाशविरोधित्वाच्च ।"

તમસ્ એ ગુણ નથી જો ગુણ હોત તો તેના આધારભૂત કોઈક દ્રવ્ય હોત, કારણ કે ગુણો દ્રવ્યના આધારે જ રહે છે. જેમ ગંધ ગુણ છે તો તે પૃથ્વીની અંદર જ વર્તે છે. ઉષ્ણતા ગુણ અગ્નિ દ્રવ્યમાં વર્તે છે તેમ તમસ્ એ જો ગુણ હોત તો તેના આધારભૂત કોઈક દ્રવ્ય હોવું જોઈએ, પરંતુ કોઈ દ્રવ્ય નથી માટે તમસ્ એ ગુણ પણ નથી.

**तथा तमः कर्मापि न भवति, तदाश्रयानुपलब्धेः ।**
**संयोग विभाग संस्काराहेतुत्वात् ॥**

તથા તમસ્ એ કર્મ (ક્રિયા) પણ નથી. કારણ કે જો ક્રિયા હોત તો તેના આધારભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ પરંતુ તેના આધારભૂત કોઈ દ્રવ્ય ન હોવાથી ક્રિયા સ્વરૂપ પણ નથી તથા સંયોગ અને વિભાગના સંસ્કારોનું અકારણ હોવાથી કર્મ પણ નથી. જે જે પદાર્થો

કર્માત્મક (ક્રિયાત્મક) હોય છે તેનો કોઈ ને કોઈ આધારભૂત પદાર્થ હોય છે. જેમ કે માણસ ગમનાગમનની ક્રિયા કરે છે તો તે માનવ તે ક્રિયાના આધારભૂત પદાર્થ છે. તેમ અહીં તમસ્ એ જો કર્મ હોત તો તેના આધારભૂત કોઈક દ્રવ્ય હોત, પરંતુ તેના આધારભૂત કોઈ દ્રવ્ય જણાતું નથી. માટે તે કર્મસ્વરૂપ પણ નથી.

તથા જે કર્માત્મક (ક્રિયાત્મક પદાર્થ) હોય છે તે ગમનાગમનવાળું હોવાથી એક સ્થાનનો સંયોગ છોડીને બીજા સ્થાનનો સંયોગ કરે છે. આમ સંયોગ અને વિયોગના સંસ્કારવાળું દ્રવ્ય હોય છે. અંધકારમાં આવા પ્રકારના સંયોગ અને વિયોગના સંસ્કારવાળો કોઈ પદાર્થ જણાતો નથી. માટે તે અંધકાર કર્મસ્વરૂપ પણ નથી જ.

આ પ્રમાણે તમસ્ એ દ્રવ્ય પણ નથી ગુણ પણ નથી અને ક્રિયા (કર્મ) પણ નથી. માટે જ તે અભાવાત્મક (શૂન્યાત્મક) છે. આ પ્રમાણે નૈયાયિકો અને મીમાંસકો કહે છે અને તેઓ આ પ્રમાણે માને પણ છે.

તથા તેજની આડું વસ્ત્ર કે લાકડાનું પાટીયું આડું ધરો તો આવા પ્રકારના દ્રવ્યાન્તર દ્વારા તેજનું આવરણ કરવાથી તમસ્ જણાય છે માટે પણ તમસ્ એ દ્રવ્ય નથી. આ પ્રમાણે જૈનોની સામે નૈયાયિકો અને વૈશેષિકો કહે છે. અહીં સુધી નૈયાયિકો અને વૈશેષિકો જે માને છે તે તેમના દ્વારા કહેવાતો પૂર્વપક્ષ સમજાવ્યો.

હવે તેની સામે જૈનો જે કહે છે તે સમજાવાય છે તેથી अत्र उच्यते હવે નૈયાયિક અને વૈશેષિકોની ઉપરોક્ત માન્યતાનો જવાબ જૈનદર્શનકારો વડે કહેવાય છે.

**संस्कृत टीका :-** व्यवधानक्रियासामर्थ्यात् कुड्यदिवत् तमः पौद्गलम् ॥ अमूर्तत्वास्पर्शत्व परमाण्वकृतत्वान्यसिद्धानि मूर्तत्वादियोगात् तमसः ॥ सत्यपि च मूर्तादिमत्वे न स्पर्शादयोऽस्मदा-दिभिर्लक्ष्यन्ते । तमस्तथाविध-परिणतिभाक्त्वाद् वातायनदृश्यरेणुस्पर्शादिवत् ॥

यत्तूक्तं – "प्रकाशविरोधात्" इति ॥ न किल किञ्चित् कार्यद्रव्यं तैजसेन प्रकाशेन विरुध्यते। तमस्तु प्रकाशविरोधि ॥ तस्मान्न पृथिव्यादिकार्यं तम इति ॥ एतदयुक्तम् ॥ तेजः प्रकाशयोरेकत्वा-भ्युपगमात् ॥ जलद्रव्यं च विरोधकमित्यसिद्धार्थतैव ॥

स्यादारेका – निरन्तरधारं वर्षति बलाहके प्रदीपोऽलिन्दकादिव्यवस्थितापितः प्रद्योतत एव बहिः ॥ यदि च विरोधः- स्यान्न बहिः प्रकाशो विभाव्येत ॥ जलपातेनापनीतत्वादिति ।

अत्रोच्यते – प्रादीपाः पुद्गलास्ताथात्म्यमपरित्यजन्तो निःसृताः तथाविधतामुदबिन्दुसम्पर्काद् विजहति, तत्समकालं चापरे प्रदीपशिखया विकीर्णाः कृशानु पुद्गलास्तमाकाश-मश्नुवते। न च ते जलपातेन विध्यापयितुं शक्याः परिणामवैचित्र्याद् वडवानलावयवा इवेति ॥

स्याद्वादिनां च किञ्चिद् द्रव्यं केनचित् सह विरुध्यते । दध्यादि तैलादिना। न तु गुडादिना ॥ न च किञ्चिन्न विरुध्यते, तैलं दध्यादिना, न च तस्य द्रव्यता हातुं पार्यते । अतः परिणतिक्रमविशेषात् तथाविधं परिणाममपहाय पुद्गलाः परिणामान्तरेण वर्तन्ते ॥ पृथिव्यादि परमाणुजातिनियमश्चासिद्धः ॥ सर्वेषां स्पर्शत्वे सति रूपादिमत्वात् । गुणक्रिययोश्च द्रव्यपरिणाममात्रत्वात् तदाधारानुपलब्ध्याद्यप्य-सिद्धम् । एतेन छायादयोऽपि व्याख्याताः ॥

**ગુજરાતી ભાષાન્તર :-** નૈયાયિકોએ અને વૈશેષિકોએ પોતાનો જે પક્ષ સમજાવ્યો તેની સામે સ્યાદ્વાદી એવા જૈનો હવે ઉત્તર આપે છે કે- અંધકાર (પક્ષ), એ પુદ્ગલદ્રવ્ય જ છે (સાધ્ય), વ્યવધાન કરવાની જે ક્રિયા છે તે ક્રિયાના સામર્થ્યવાળું હોવાથી (હેતુ), ભીંત (દીવાલ) આદિ પદાર્થની જેમ (દૃષ્ટાન્ત-), સંસ્કૃત ભાષામાં આ અનુમાન આ પ્રમાણે થાય છે तमः, पुद्गलद्रव्यमेव व्यवधानक्रियासामर्थ्यात्, कुड्यदिवत् (આ અનુમાન ઉપર જણાવેલું જ છે.)

ઉપરોક્ત અનુમાનથી અંધકાર એ પુદ્ગલ દ્રવ્ય જ છે આ વાત સો ટચના સોનાની જેમ સિદ્ધ થાય છે તથા વળી નૈયાયિકોએ અને વૈશેષિકોએ તમસ્ એ તેજનો અભાવમાત્ર જ છે, પરંતુ પુદ્ગલદ્રવ્ય નથી જ આ વાત સમજાવવા માટે પૂર્વે જે ચાર હેતુઓ આપ્યા છે. (૧) अमूर्तत्वात्, (२) अस्पर्शत्वात्, (३) प्रकाशविरोधात्, (४) अणुभिरकृतत्वात्) એ ચારે હેતુઓ સદ્હેતુ ન હોવાથી ઘટતા નથી કારણ કે આ ચારે હેત્વાભાસ છે.

(૧) तमस् દ્રવ્ય વર્ણાદિ ગુણવાળું હોવાથી મૂર્તત્વધર્મવાળું છે. તેથી તેમાં अमूर्तत्व હેતુ સંભવતો જ નથી એટલે અસિદ્ધ હેત્વાભાસ થાય છે. (૨) તથા तमस् એ શીતળ સ્પર્શવાળું દ્રવ્ય હોવાથી अस्पर्शवत्त्वात् હેતુ પણ તમસમાં ઘટતો નથી માટે ત્યાં પણ અસિદ્ધ હેત્વાભાસ થાય છે. તથા (૩) परमाण्वकृतत्व આ હેતુ પણ અંધકારમાં ઘટતો નથી કારણ કે તમસ્ પણ અણુપણાના परिणाम પામેલા અનંત અનંત અણુઓના એ સ્કંધો છે. તેથી परमाणुकृत છે પણ परमाण्वकृत નથી આ પ્રમાણે આ ત્રણે હેતુઓ અસિદ્ધ હેત્વાભાસ માત્ર હોવાથી તે વાદીઓના સાધ્યની સિદ્ધિ થતી નથી.

तमस्માં મૂર્તત્વ આદિ ધર્મો હોવા છતાં પણ આપણા લોકો વડે તેમાં રહેલા સ્પર્શાદિ ગુણો બરાબર જાણી શકાતા નથી. માત્ર શીતળતા અને કૃષ્ણરૂપવત્તા- આ બે ગુણ જ જાણી શકાય છે. તેનું કારણ એ છે કે તે અતિશય સૂક્ષ્મ છે તે માટે ગુણો જણાતા નથી. જેમ કે બારીમાંથી ગમનાગમન કરતી એવી અને પવન વડે બહાર લઈ જવાતી અને અંદર દાખલ કરાતી એવી ઝીણી ઝીણી રજ, તેના કણો મૂર્ત હોવા છતાં જણાતા નથી પરંતુ તે કણો જણાતા નથી. એટલે નથી એમ નહીં, તે સૂક્ષ્મ રજકણોનો સ્પર્શ થાય છે પણ દેખી

શકાતા નથી. રજકણોનું ગમનાગમન હોવા છતાં પણ અનુભવી શકાતું નથી. તેની જેમ તમસ્‌ના રજકણોનું પણ ગમનાગમન હોવા છતાં પણ સ્પર્શેન્દ્રિયથી ગમ્ય થતું નથી પરંતુ તેનાથી તમસના કણો નથી એમ નહીં, તે માટે તે તમસ્ પુદ્ગલદ્રવ્ય જ છે.

સારાંશ કે તમસ્‌ના કણો પુદ્ગલ દ્રવ્ય હોવાથી મૂર્ત જ છે પણ અમૂર્ત નથી. સ્પર્શાદિ ગુણવાળા જ છે પણ સ્પર્શાદિથી રહિત નથી જ, માટે તમારા બન્ને હેતુઓ अमूर्तत्वात् અને अस्पर्शत्वात् આ બન્ને હેત્વાભાસ છે.

તથા तमस् એ દ્રવ્ય નથી આ વાત સિદ્ધ કરવા માટે તમે લોકોએ (એટલે કે નૈયાયિકોએ અને વૈશેષિકોએ) प्रकाश-विरोधात् આવો પણ એક હેતુ કહ્યો છે. અને આ વાત સિદ્ધ કરવા માટે તમારા વડે (નૈયા. વૈશે. વડે) કહેવાયું હતું કે ઘટ-પટ આદિ કોઈ પણ કાર્યાત્મક દ્રવ્ય તેજની સાથે વિરોધ પામતું નથી જ્યારે તેજનો પ્રકાશ પથરાય ત્યારે ઘટ-પટ-દીવાલ આદિ પદાર્થો યથાસ્થાને જેમ છે તેમ રહે જ છે. શૂન્ય થઈ જતા નથી માટે વિરોધ નથી. જ્યારે तमस् આવું દ્રવ્ય નથી એટલે કે પ્રકાશ પથરાય ત્યારે तमस् નાશ જ પામે છે એટલે પ્રકાશનું વિરોધી તત્ત્વ છે તેથી तमस् એ દ્રવ્ય નથી પણ તેજનો અભાવમાત્ર જ છે, પ્રકાશનો અભાવ માત્ર જ છે. આ પ્રમાણે તમે (નૈયાયિકોએ અને વૈશેષિકોએ) જે કહ્યું તે તમારી કહેલી વાત एतदयुक्तम् ટીકાકારશ્રી જણાવે છે. આ વાત અયુક્ત છે. નૈયાયિક અને વૈશેષિકોની વાત ઉચિત નથી, પાયા વિનાની છે.

કારણ કે તેજ કહો કે પ્રકાશ કહો આ બન્ને એક જ સ્વરૂપવાળાં છે અને પ્રકાશનું વિરોધી તત્ત્વ તો જળદ્રવ્ય છે. આગ ઉપર પાણી નાખો તો આગ બુઝાઈ જ જાય છે. માટે જળદ્રવ્ય અગ્નિનું વિરોધી તત્ત્વ છે પણ અંધકાર એટલે કે तमस् એ પ્રકાશનું વિરોધી તત્ત્વ હોવા છતાં પણ પોતે પોતાના સ્વરૂપે કાર્યાત્મક દ્રવ્ય હોઈ શકે છે. જેમ **"સાપ અને નોળિયો"** **"વાઘ અને હરણ"** વિરોધી હોવાથી સાથે ભલે ન હોય પણ અલગ અલગ જગતમાં હોઈ શકે છે, શૂન્યાત્મક કે અભાવાત્મક નથી. જે જે વિરોધી તત્ત્વ હોય તે સાથે ન હોય પણ જગતમાં જ ન હોય એમ બનતું નથી.

તેવી જ રીતે પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય એમ અવશ્ય બને પણ એક રૂમમાં પ્રકાશ અને બીજા રૂમમાં અંધકાર એમ બન્ને સ્થાનભેદે સાથે હોઈ શકે છે માટે અંધકાર એ પ્રકાશનું વિરોધી તત્ત્વ જરૂર છે પણ શૂન્યાત્મક નથી.

ઉપરની ચર્ચાથી સમજાશે કે તમસ્ એ પ્રકાશનું વિરોધી તત્ત્વ જરૂર છે તેથી પ્રકાશ હોય ત્યાં અંધકાર ન જ હોય, પરંતુ અંધકાર એ પણ એક કાર્યાત્મક દ્રવ્યવિશેષ જ છે

શૂન્યાત્મક નથી. જેમ જળ એ અગ્નિનું વિરોધી તત્ત્વ હોવા છતાં પણ જળ એ પણ એક દ્રવ્યવિશેષ છે તેની જેમ तमस् એ પણ પ્રકાશનું વિરોધી તત્ત્વ હોવા છતાં પણ શૂન્યાત્મક નથી, तमस् એ પણ એક દ્રવ્ય વિશેષ છે અને તે કાર્યાત્મકભાવે વર્તે છે માટે તમારો હેતુ એ હેત્વાભાસ જ થાય છે.

स्यादारेका = કદાચ તમે (નૈયાયિકો અને વૈશેષિકો) અમને જૈનોને આવા પ્રકારનો પ્રશ્ન કરશો કે "જળ નાખવાથી અગ્નિ બુઝાઈ જાય છે" એટલે કે જળ એ અગ્નિનું વિરોધી તત્ત્વ છે આવું તમે જૈનોએ ઉપર જે સમજાવ્યું ત્યાં તમારી જૈનોની વાતમાં એક દોષ દેખાય છે તે દોષ આ પ્રમાણે છે-

"જો જળ અને અગ્નિ વિરોધી તત્ત્વ જ હોય તો "बलाहके निरन्तरधारं वर्षति" વાદળ નિરન્તર ધારાએ જ્યારે વરસતું હોય છે ત્યારે अलिन्दकादिव्यवस्थितः = अलिन्दक" એટલે કે ઘરનો ટોડલો = દીવો મૂકવાની એક જગ્યા, ઘરના ટોડલા ઉપર મૂકેલો જે દીવો છે તે દીવાનો પ્રકાશ વરસતા વરસાદમાં પણ જ્યાં સુધી જવાય ત્યાં સુધી જાય છે. બેટરીનો પ્રકાશ લઈને લોકો પાણીમાં પણ કામકાજ કરે જ છે. બહાર ધારાવાહી વરસાદ વરસતો હોય ત્યારે ટોડલાના દીપકનો પ્રકાશ જે ચોકમાં ગયો તેને વરસાદનું પાણી કંઈ બૂઝવી દેતું નથી. જળ અને અગ્નિ વિરોધી હોવાથી તે પ્રકાશ બુઝાઈ જવો જોઈએ પરંતુ બેટરીનો પ્રકાશ, ટોડલાના દીવાનો પ્રકાશ વરસતા વરસાદના પાણીમાં પણ ઠેઠ સુધી જાય છે માટે એકાન્તે જળ એ અગ્નિનું વિરોધી તત્ત્વ કેમ કહેવાય ? હવે પ્રકાશ એ જો જળનું વિરોધી તત્ત્વ જ હોય તો વરસતા ધારાવાહી વરસાદમાં પણ બહાર ગયેલો ટોડલાના દીપકનો પ્રકાશ જીવંત કેમ રહે છે ? બુઝાઈ જતો કેમ નથી ? માટે આ બન્ને વિરોધી છે આવી જૈનોની વાત બરાબર સંગત થતી નથી-એમ નૈયાયિકો અને વૈશેષિકો કહે છે (તેનો જવાબ હવેના ફકરામાં જૈનો કહે છે)

अत्रोच्यते-प्रादीपाः વગેરે વાક્યોથી જૈનોએ આપેલો ઉત્તર હવે સમજાવાય છે. નિરન્તર વરસાદ વરસતે છતે ઘરના ટોડલા ઉપર મૂકેલા દીપકનો પ્રકાશ બહાર ચોકમાં જાય ત્યારે વરસાદના પાણીથી તે પ્રકાશ બુઝાઈ કેમ જતો નથી ? આવો પ્રશ્ન થવો વાજબી છે. તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી જણાવે છે કે - प्रादीपाः = દીપક સંબંધી તેજનાં પુદ્ગલો "પોતાનું પ્રકાશાત્મક" જે સ્વરૂપ છે તેનો ત્યાગ કર્યા વિના જ (અર્થાત્ પ્રકાશમયપણે જ) ઘરમાંથી બહાર ચોકમાં અને વરસતા વરસાદમાં જાય છે. અગ્નિ અને જળ વિરોધી તત્ત્વ હોવાથી વરસતા વરસાદના પાણીથી તે દીપકના પ્રકાશના અણુઓ પોતાની પ્રકાશવત્તાનો ત્યાગ કરે જ છે.

પરંતુ તેના સમાનકાળમાં જ અર્થાત્ તે જ ક્ષણે તે જ દીપક વડે પોતાના પ્રકાશનાં બીજાં કિરણો છોડાય છે. પ્રથમનાં અગ્નિનાં કિરણો જેમ બુઝાઈ જાય છે તે જ સમયે દીપક પોતાનાં બીજાં કિરણોને છોડે છે. બીજી વાર છોડાયેલાં તે અગ્નિનાં કિરણો વરસાદના પાણીમાં પણ વ્યાપ્ત થાય છે. પ્રથમના પ્રકાશના પુદ્ગલોનું બુઝાઈ જવું અને નવા પ્રકાશના પુદ્ગલોનું બહાર જવું. આ બન્ને ક્રિયા એક સાથે થાય છે. પ્રથમના પ્રકાશનાં પુદ્ગલો વરસાદના પાણી વડે બુઝાઈ શકે છે, પરંતુ નવાં આવેલાં પ્રકાશનાં પુદ્ગલો વરસાદના પાણી વડે બુઝાવાને શક્ય નથી કારણ કે નવાં આવેલાં દીપકના પ્રકાશનાં આ પુદ્ગલોમાં પ્રકાશપણાનો જે પરિણામ થયો છે તે કોઈથી ન હણાય તેવો પોતાના સ્વભાવે જ વિચિત્ર બનેલો છે.

જેમ પાણી કોઈ પણ પ્રકારના નાના-મોટા અગ્નિને બૂઝવી શકે છે તો પણ વડવાનળનો જે અગ્નિ છે તેને પાણી બુઝાવી શકતું નથી. તેની જેમ દીપકના પ્રકાશનાં પ્રથમ જે પુદ્ગલો હતાં તે તો પાણીથી બુઝાઈ જાય છે પરંતુ દીપક દ્વારા પ્રથમ પ્રકાશની જગ્યાને નવાં મુકાયેલાં બીજી વારનાં પ્રકાશનાં પુદ્ગલો વરસાદના પાણીથી ન હણાય તેવા સ્વભાવવાળાં પરિણમાવીને પછી જ છોડાય છે તેથી જળપાત વડે પણ તે પ્રકાશનાં પુદ્ગલો હણાતાં નથી.

સ્યાદ્વાદી એવા જૈનોની દૃષ્ટિએ કોઈક કોઈક દ્રવ્ય કોઈક કોઈકની સાથે વિરોધ જરૂર પામે છે જેમ કે દહીં નામનું જે દ્રવ્ય છે તે તેલ નામના દ્રવ્યની સાથે જરૂર વિરોધ પામે છે પરંતુ ગોળ આદિ બીજા કેટલાક પદાર્થો સાથે વિરોધ નથી પામતું.

જે તેલ છે તે દહીં દ્રવ્યની સાથે વિરોધ નથી પામતું એમ નહીં પણ વિરોધ જરૂર પામે છે તો પણ તે તેલ દહીંમાં રહેલા દ્રવ્યપણાનો નાશ કરવા સમર્થ થતું નથી. સારાંશ કે કોઈ પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે અમુક અપેક્ષાએ વિરોધી હોઈ શકે છે પરંતુ સર્વથા વિરોધી હોતું નથી, બીજી અપેક્ષાએ અવિરોધી પણ હોય છે.

આ પ્રમાણે પુદ્ગલદ્રવ્યમાં પરિણામ સ્વભાવ બદલાયા જ કરે છે. તેથી પરિણતિના ક્રમવિશેષથી (અર્થાત્ અનુક્રમે અનુક્રમે પરિણતિ વિશેષ બદલાવાથી) તેવા પ્રકારના જૂના પરિણામનો ત્યાગ કરીને તે જ પુદ્ગલો નવા પરિણામ- પણે પણ વર્તતા હોય છે.

પૃથ્વી આદિ પરમાણુઓની જાતિનો નિયમ પણ અસિદ્ધ જ છે, કારણ કે પૃથ્વી રૂપે રહેલા પરમાણુઓ કાળાન્તરે જળ રૂપે, તેજ રૂપે, વાયુ રૂપે પણ પરિણામ પામે છે પૃથ્વીના પરમાણુઓ સદાકાળ પૃથ્વી રૂપે જ રહે એવો કોઈ નિયમ નથી. તેવી જ રીતે જળ રૂપે રહેલાં

પુદ્ગલો પણ ઔદારિક વર્ગણા હોવાથી અપકાય જીવો વડે જ્યારે મૃત્યુ પામવાથી તે જીવોથી જ્યારે છૂટાં પડે છે ત્યારે તે જ પુદ્ગલો પૃથ્વીકાયાદિ જીવો વડે શરીર બનાવવા રૂપે ગ્રહણ કરાય છે. આમ પુદ્ગલોનું પરિવર્તન થતું જ રહે છે.

જળ રૂપે રહેલાં પુદ્ગલો કાળાન્તરે પૃથ્વી રૂપે, અગ્નિ રૂપે અને વાયુ રૂપે પણ પરિણામ પામે જ છે, એવી જ રીતે તેજ રૂપે રહેલાં પુદ્ગલો પણ કાળાન્તરે પૃથ્વી રૂપે, જળ રૂપે અને વાયુ રૂપે પરિણામ પામે જ છે. અને વાયુ રૂપે રહેલાં પુદ્ગલો પણ કાળાન્તરે પૃથ્વી-જળ અને તેજ રૂપે પરિણામ પામે જ છે.

ઉપરોક્ત સર્વે પણ પરમાણુઓ અને સ્કંધો સ્પર્શવાળા હોતે છતે વર્ણાદિ ચારે ગુણોવાળા હોવાથી કાળાન્તરે કાળાન્તરે પરિણામ પામે જ છે. બધા જ પરમાણુઓ અને સ્કંધો ચાર ગુણવાળા જ છે.

પરંતુ નૈયાયિકો અને વૈશેષિકો જે એમ માને છે કે પૃથ્વી વર્ણાદિ ચાર ગુણવાળી છે અને પાણી(જળ)દ્રવ્ય ગંધ વિના ત્રણ ગુણવાળું છે જ્યારે અગ્નિદ્રવ્ય સ્પર્શ અને રૂપ બે ગુણવાળો પદાર્થ છે અને વાયુ માત્ર એક સ્પર્શ ગુણવાળો જ છે. આ માન્યતા સર્વથા મિથ્યા છે. કોઈ પણ પુદ્ગલદ્રવ્ય સ્પર્શાદિ ચાર ગુણવાળું જ છે.

તથા વળી અંધકાર (तमस्) એ દ્રવ્ય નથી એમ કહેનારા નૈયાયિકોએ અને વૈશેષિકોએ तदाधारानुपलब्धेः = તે અંધકાર નામના પદાર્થનો આધાર (ઉપાદાનકારણભૂત) કોઈ દ્રવ્ય જણાતું નથી માટે तमस् એ દ્રવ્ય નથી તથા અંધકાર એ કોઈ ગુણ પણ નથી અને તે અંધકાર કોઈ ક્રિયા સ્વરૂપ પણ નથી ઈત્યાદિ જે કંઈ આ દર્શનકારો વડે કહેવાયું છે તે સર્વે પણ વાત મિથ્યા છે, સર્વથા ખોટું છે.

કારણ કે ગુણ અને ક્રિયા એ તો, દ્રવ્યનાં પરિણમનો છે. અર્થાત્ દ્રવ્યમાં રહેનારા દ્રવ્યના ધર્મો જ છે. અંધકાર એ પણ એક પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ છે. પુદ્ગલદ્રવ્યનો પરિણામ અર્થાત્ પર્યાય છે. તેથી તે પર્યાયના આધારભૂત જે દ્રવ્ય છે. તે જ પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય છે. આ પ્રમાણે અંધકાર નામના પર્યાયનો આધાર પુદ્ગલદ્રવ્ય હોવાથી "तदाधारानुपलब्धि" એ હેતુ એટલે કે અંધકારના આધારભૂત કોઈ દ્રવ્ય દેખાતું નથી. ઈત્યાદિ તમારા વડે જે કંઈ કહેવાયું છે તે સર્વથા અસિદ્ધ છે, મિથ્યા છે.

ઉપરોક્ત ચર્ચાથી નક્કી થાય છે કે અંધકાર એ પુદ્ગલદ્રવ્યનો જ પરિણામ છે. આ વાત સિદ્ધ થવાથી છાયા વગેરે (છાયા-આતપ અને ઉદ્યોત) આ ભાવો પણ પુદ્ગલદ્રવ્યના જ પરિણામ છે. આ વિષય પણ સ્વયં સમજી લેવો. ॥

**संस्कृत टीका :-** कथं पुनर्दर्पणतलादिषु प्रतिबिम्बं मुखादीनां सम्मुखमेव छायाकारेण परिणमते, न पराङ्मुखम् । कथं वा कठिनमादर्शमण्डलं प्रतिभिद्य मुखतो विनिर्गताः पुद्गलाः प्रतिबिम्बमाजिहत इति ? यत् तावदुच्यते सम्मुखमेव प्रतिबिम्बमुदेति, नान्यतो मुखमिति । तत्र परिणामः स तादृशः पुद्गलानाम्, न हि तद्विषयः पर्येनुयोगः कर्तुं शक्यः । को हि नामाभिदध्यात् प्रेक्षापूर्वकारी पयः किमिति दध्यादित्वेन परिणमते तृणगोभक्ष्यादयो वा क्षीरादित्वेनेति ? किमत्र युक्त्या ? तथा हि तं पश्यामः ॥

न च दृष्टे किञ्चिदनुपन्नम्, उपहास्यश्चैवमाचक्षाणो भवति । केन हेतुना वा चक्षू रूपं गृह्णाति? तस्मान्न परिणामः पर्यनुयोगार्हः ॥ येषामपि न परिणामस्तेषामपि मुखाद्याश्रित्यानेकं कारणं प्रतिबिम्बोत्पादः सप्रतिघस्तेनाकारेण भवति, नान्येनेति ? तुल्यः पर्यनुयोगो विधेयः ॥

प्रतिभेदः पुनः कठिनशिलातल परिश्रुतजलेनायस्पिण्डेऽग्निपुद्गलप्रवेशेन शरीरात् प्रस्वेद-वारिलेशनिर्गमनेन च व्याख्येयः प्रतिबिम्बोदयः शुचौ दर्पणेऽन्यत्र वा ॥ तमश्छायादय पुद्गलपरिणति-विशेषाः ॥

सम्प्रति निगमयति सूत्रद्वयोपात्तमर्थं "सर्व एवैत" इत्यादि भाष्येण । स्पर्शरसगन्धवर्णशब्दादयः पुद्गलेष्वेव भवन्त्यतः पुद्गलाः स्पर्शादिमन्त इति नित्ययोगार्थं विहितस्तत्परिणामविशेषाविष्कारी मतुप्प्रत्ययः । स्पर्शादिशब्दादिपरिणामो येषामात्मभूतो येषु वा ते तद्वन्त इत्यनन्यत्वं प्राक्तनपरिणामापेक्षया चान्यत्वमिति ॥

**ગુજરાતી ભાષાન્તર :-** દર્પણની ઉપરનો ભાગ (ઉપરનું તળિયું) અતિશય કઠણ છે. નાનું પણ છિદ્ર તેમાં નથી. તો પછી તેની સામે ધરેલા મુખાદિ ભાગોનું પ્રતિબિંબ તેમાં કેવી રીતે પડે છે ? મુખાદિ અવયવોનાં પુદ્ગલો કઠણ કાચમાં કેવી રીતે ગયાં ? આવો પ્રશ્ન કોઈક શિષ્યનો છે. તે શિષ્ય ગુરુજી સામે પ્રશ્ન કરે છે કે-

**પ્રશ્ન :-** તથા વળી દર્પણના ઉપરના કાચવાળા તળિયાદિમાં મુખાદિ ભાગોનું પ્રતિબિંબ સન્મુખ હોય તો જ કાચમાં મુખની છાયાના આકારે કેવી રીતે પરિણામ પામે છે ? કાચને અવળો કરો તો પરાઙ્મુખે કેમ પરિણામ પામતાં નથી?

તથા કાચનો ઉપલો ભાગ ઘણો જ કઠિન અને છિદ્ર વિનાનો છે.નાનું પણ છિદ્ર (પોલાણ) તેમાં નથી તો મુખાદિ ભાગમાંથી નીકળેલાં પુદ્ગલો કઠણ એવા દર્પણના કાચવાળા ભાગને ભેદીને કેવી રીતે અંદર જાય છે ? અને અંદર જઈને પણ બરાબર મુખાદિના પ્રતિબિંબાકારે ગોઠવાઈ કેવી રીતે જાય છે ? આ પ્રક્રિયા કેવી રીતે બનતી હશે ? કાચમાં છિદ્ર તો પડતાં નથી. તો આ પુદ્ગલો અંદર ગયાં કેવી રીતે ?

**ઉત્તર** :- જો દર્પણ સામું હોય તો જ પ્રતિબિંબ પડે છે પરંતુ પરાઙ્મુખ હોય તો પ્રતિબિંબ પડતું નથી તેમાં પુદ્ગલોનો જ તેવા પ્રકારનો "પરિણામ જ" કારણ છે. પુદ્ગલદ્રવ્યોનો જ તેવા પ્રકારનો સ્વભાવ જ છે. સ્વભાવ વિના બીજો કોઈ ઉત્તર નથી. જ્યાં સ્વભાવ એ જ ઉત્તર હોય છે ત્યાં બીજો કોઈ સવાલ કરવાનો કે પ્રશ્ન પૂછવાનો રહેતો જ નથી. આ સંસારમાં એવો કયો પુરુષ છે કે જે નીચેના પ્રશ્નોનો (સ્વભાવ વિના) બીજો ઉત્તર આપે ?

(૧) દૂધ જ દહીં સ્વરૂપે કેમ પરિણામ પામે છે ? દૂધની જેમ પાણીમાં મેળવણ નાખીએ તો પાણી દહીં કેમ બનતું નથી ?

(૨) તૃણાદિ પદાર્થો અથવા ગાય-ભેંસ-બકરી આદિ પશુઓ વડે ખાવાલાયક ખાણ વગેરે પદાર્થો દૂધ આદિ રૂપે પરિણામ કેમ પામતા હશે ?

આવા પ્રકારના સ્વાભાવિક બનતા પરિણામોમાં "તથાસ્વભાવ" જ મુખ્ય કારણ છે એટલે પ્રશ્નો કરવાના રહેતા જ નથી. અને પ્રશ્ન કરો તો પણ તે પ્રશ્નોના ઉત્તરમાં તથાસ્વભાવ જ ઉત્તર આવવાનો છે. માટે જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે "પુદ્ગલોનો પરિણામ" જ ત્યાં કારણ છે. આવા પ્રકારનો પરિણામ જ જ્યારે કારણ હોય છે ત્યારે પ્રશ્ન કરવાનો અવકાશ જ રહેતો નથી. તે કારણથી આવાં સ્થાનોમાં "વસ્તુનો તથાસ્વભાવ" એ જ કારણ બને છે. જે કાળે જે વસ્તુ જેમ દેખાય છે તે કાળે તે વસ્તુને તેમ જ સ્વીકારવાની જ રહે છે. તેમાં પ્રશ્નો કરવાના રહેતા જ નથી. "न हि दृष्टमनुपपन्नम्" = જે વસ્તુ પ્રત્યક્ષ નજરે દેખાતી હોય તે વસ્તુને તેવી જ માનવી. તેમાં અઘટિત કંઈ છે જ નહીં. (૧) મરચું તીખું જ કેમ ? મીઠું ખારું જ કેમ ? લસણ દુર્ગન્ધવાળું જ કેમ ? શેરડી મીઠી જ કેમ ? લીંબુ ખાટાં જ કેમ ? આવા પ્રકારના અનેક પ્રશ્નોનો ઉત્તર એક જ છે કે **"તેનો તેવો સ્વભાવ"** છે.

(૧) ચક્ષુની સામે ધરેલા પદાર્થમાં વર્ણાદિ ચારે ગુણો છે. છતાં ચક્ષુ રૂપને જ માત્ર જોઈ શકે છે, બાકીના રસ-ગંધ અને સ્પર્શને કેમ જાણી શકતી નથી ?

(૨) કાન શબ્દને જ માત્ર સાંભળે છે આમ કેમ ? રૂપાદિ અન્ય ગુણોને કેમ ગ્રહણ નથી કરતો ? એવી જ રીતે જીભ રસને જ માત્ર જાણી શકે છે. આવું કેમ બને છે ?

ઉપરોક્ત બધા જ પ્રશ્નોનો ઉત્તર માત્ર "તથાસ્વભાવ" જ છે, બીજો કોઈ ઉત્તર સંભવી શકતો નથી. તેવી જ રીતે કાચનો પણ તેવો સ્વભાવ જ છે કે "પ્રતિબિંબ રૂપે પુદ્ગલો તેમાં ગોઠવાય છે" આવા પ્રકારનો કાચનો તથા- સ્વભાવ જ છે. આ **"તથાસ્વભાવ"** એ ઉત્તર હવે પ્રશ્નને યોગ્ય રહેતો જ નથી. અહીં વાત સમાપ્ત જ થાય છે.

જે વાદીઓ પરિણામને માનતા નથી તેઓ દર્પણમાં મુખાદિનું જે પ્રતિબિંબ પડે છે તેમાં બીજાં અનેક કારણો ભલે કહે તો પણ જે સપ્રતિઘ (બરાબર યથાર્થ) એવો જે બિંબોદય થાય છે એટલે કે પ્રહાર મારતો હોય ત્યારે પ્રહારવાળું, ક્રોધ કરતો હોય ત્યારે ક્રોધવાળું, અને મશ્કરી-મજાક કરતો હોય ત્યારે તેવા ભાવવાળું જ જે પ્રતિંબબ પડે છે તેમાં "તથાસ્વભાવ" એ જ પ્રધાન કારણ બને છે.

તથા વળી મુખમાંથી નીકળેલાં પુદ્ગલો કઠિન દર્પણને ભેદીને પણ અંદર કેવી રીતે ગોઠવાતાં હશે ! પ્રતિબિંબ- પણાને કેવી રીતે પામતાં હશે ? આ સર્વે પણ પ્રશ્નોનો એક જ ઉત્તર છે કે તેમાં "તથાસ્વભાવ" જ કારણ છે. તેને સમજવા માટે ઉપર થોડાંક દૃષ્ટાન્ત આપ્યાં છે, છતાં બીજાં કેટલાંક દૃષ્ટાન્તનો આ પ્રમાણે છે -

(૧) કઠણ એવા પણ પથ્થરમાંથી (શિલાતલમાંથી) ટપકતા પાણીનાં બિન્દુઓના ઉદાહરણની સાથે સરખાવી શકાય છે કે આ ઉદાહરણથી દર્પણ કઠણ હોવા છતાં પણ તેમાં પુદ્ગલોનું ગમનાગમન સિદ્ધ થાય છે (૨) લોખંડ દ્રવ્ય અતિશય કઠણ હોવા છતાં તેમાં અગ્નિદ્રવ્યનાં પુદ્ગલોનું ગમનાગમન થાય છે. તેની જેમ દર્પણ કઠણ હોવા છતાં તેમાં પુદ્ગલોનું ગમનાગમન થાય છે. (૩) શરીરમાંથી જેમ પરસેવાનાં બિન્દુઓ બહાર આવે છે તેવી જ રીતે દર્પણ કઠણ હોવા છતાં તેમાં પુદ્ગલોનું ગમનાગમન થાય છે.

આ પ્રમાણે પવિત્ર એવા દર્પણમાં (સ્વચ્છ એવા દર્પણમાં) તથા સ્વચ્છ એવા જલાદિ અન્ય પદાર્થમાં પ્રતિબિંબોદય થઈ શકે છે. આ પ્રમાણે તમસ્ (અંધકાર), છાયા, આતપ અને ઉદ્યોત- આ ચારે પુદ્ગલોના જ પરિણામવિશેષ જ છે પરંતુ શૂન્યાત્મક કે અભાવાત્મક નથી જ. તથા સ્પર્શ-રસ-ગંધ અને રૂપ ગુણોવાળાં પુદ્ગલદ્રવ્યો છે તથા શબ્દ-બંધ-સ્થૌલ્ય-સૂક્ષ્મતા-ભેદ-તમસ્-છાયા-આતપ અને ઉદ્યોત- આ સર્વે પુદ્ગલદ્રવ્યના જ ધર્મો (પર્યાયો) છે.

હવે सम्प्रति निगमयति વાળો જે ફકરો છે તેનો અર્થ સમજાવાય છે. ભાષ્યના પાઠમાં છેલ્લી જે પંક્તિ છે કે "सर्व एव एते स्पर्शादय पुद्गलेष्वेव भवन्तीत्यतः पुद्गलास्तद्वन्तः ॥ આ સર્વે સ્પર્શાદિ ગુણો પુદ્ગલદ્રવ્યોમાં જ હોય છે. આ કારણથી પુદ્ગલદ્રવ્યો જ આવા ગુણોવાળાં છે. અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે સ્પર્શાદિ ચારે ગુણો પણ પુદ્ગલ દ્રવ્યમાં જ હોય છે અને શબ્દ-બન્ધ વગેરે ભાવો પણ પુદ્ગલદ્રવ્યમાં જ હોય છે તો પછી બન્ને સૂત્રોની ૫-૨૩ અને ૫-૨૪ આ બન્નેની રચના ભિન્ન ભિન્ન શા માટે કરી હશે ? એક સૂત્ર કર્યું હોત તો લાઘવ થાત ?"

ઉત્તરઃ- સ્પર્શાદિ ચારે ગુણો જે ૫-૨૩માં જણાવ્યા છે તે પરમાણુ આત્મક પુદ્ગલોમાં અને સ્કંધાત્મક પુદ્ગલદ્રવ્યોમાં એમ બન્નેમાં હોય છે જ્યારે શબ્દાદિ ભાવો જે ૫-૨૪ માં જણાવ્યા છે તે માત્ર પુદ્ગલસ્કંધોમાં જ હોય છે. પરમાણુઓમાં સંભવતા નથી આટલી વિશેષતા જાણવી. તે માટે જ સૂત્રરચના પૃથક્ પૃથક્ કરી છે.

બન્ને સૂત્રોમાં ૫-૨૩માં वर्णवन्तः અને ૫-૨૪માં उद्योतवन्तः આ છેલાં છેલ્લાં બન્ને પદોમાં જે मतुप् પ્રત્યય કરેલો છે તે નિત્યયોગ અર્થમાં કરેલો છે એટલે કે પુદ્ગલદ્રવ્યો સદાકાળ સ્પર્શાદિ ચાર ગુણોવાળાં જ હોય છે અને સ્કંધો ચાર ગુણવાળાં તથા શબ્દાદિ કોઈ પણ સ્વરૂપે હોય છે. આવા પ્રકારનો પરિણામવિશેષ આ પુદ્ગલદ્રવ્યમાં સદાકાળ છે એમ નિત્યયોગ સમજાવવા માટે मतुप् પ્રત્યય કરેલો છે.

"શબ્દાદિ ભાવો તથા સ્પર્શાદિ પરિણામો આત્મભૂત છે જેઓને અથવા આત્મભૂત છે જેઓમાં તે પુદ્ગલદ્રવ્યો तद्वान् કહેવાય છે." અહીં ષષ્ઠી અને સપ્તમીના અર્થમાં मतुप् પ્રત્યય થયેલો છે.

આ પ્રમાણે ગુણ અને ગુણી એવાં પુદ્ગલદ્રવ્યોનું અનન્યપણું જાણવું. (અર્થાત્ અભેદ સંબંધ જાણવો). તથા કાળાન્તરે કાળાન્તરે વર્ણાદિ પર્યાયો અને શબ્દાદિ ભાવો પરિવર્તન પણ પામે છે અર્થાત્ બદલાય પણ છે માટે અન્યત્વ (કથંચિદ્ ભેદ પરિણામ પણ) અંદર છે એમ ભેદાભેદ પર્યાયવાળું આ પુદ્ગલ દ્રવ્ય છે આ પ્રમાણે સમજવું. ॥

**भाष्यम् :- तत्राह-किमर्थं स्पर्शादीनां शब्दादीनां च पृथक्सूत्रकरण-मिति ? ॥ अत्रोच्यते- स्पर्शादयः परमाणुषु स्कन्धेषु च परिणामजा एव भवन्ति । शब्दादयश्च स्कन्धेष्वेव भवन्त्यनेकनिमित्ताश्चेत्यतः पृथक्करणम् ॥५-२४॥**

**ભાષ્યનું ગુજરાતી :- ત્યાં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે-સ્પર્શાદિ ગુણોનું અને શબ્દાદિ ગુણોનું સૂત્ર ભિન્ન ભિન્ન કેમ બનાવ્યું હશે ? ભિન્ન સૂત્રરચના કરવાનું કારણ શું ? અહીં તેનો ઉત્તર અપાય છે. સ્પર્શાદિ ચાર ગુણો પરમાણુઓમાં પણ હોય છે અને સ્કંધોમાં પણ હોય છે. પરંતુ શબ્દાદિ ભાવો તો માત્ર સ્કંધોમાં જ હોય છે (પરમાણુઓમાં હોતા નથી) તથા વળી અનેક કારણોથી આ ભાવો થાય છે આ કારણથી બન્ને સૂત્રોની રચના ભિન્ન ભિન્ન કરી છે ॥ ૫-૨૪ ॥**

**संस्कृत टीका :-** अत्राहेत्यादि भाष्यम्-गरीयस्त्वात् पृथग्योगस्य एकयोग-प्रतिबन्धाच्चाभिलषितप्रसिद्धेः प्रश्नयति-आचार्यस्तु विवक्षितार्थप्रतिपत्तेरभावादेकयोगसङ्ग्रह व्युदासायाह-स्पर्शादय इति ॥ प्राक्तनसूत्रोपन्यस्ताः स्पर्शादयः परमाणुषु स्कन्धेषु च द्वयणुकादिषु नानाविधपरिणामोत्पत्तेः प्रादुर्भवन्ति । शब्दादयः पुनः स्कन्धविषया एव ॥ नाणुविषयाः ॥ द्वयणुकादि स्कन्धविषयत्वप्राप्तौ नियमेन विकल्पयति । चशब्देनानेकनिमित्ताश्चेति । शब्दो न द्वयणुकादिविषयोऽनन्ताणुकस्कन्धविषयत्वात् । एवमन्यदप्यायोज्यं सम्भवात्, अतः पृथग्योगकरणं विवक्षितमर्थं पुष्णाति नैकयोग इति ॥ ५-२४ ॥

**ગુજરાતી ભાષાન્તર :-** अत्राह ઇત્યાદિ જે ભાષ્યનો પાઠ છે તેના ઉપર લખાયેલી ટીકાનું ગુજરાતી લખાય છે. ૫-૨૩ અને ૫-૨૪ આ બન્ને સૂત્રોમાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનું જ વર્ણન કરેલ છે. ભિન્ન ભિન્ન સૂત્ર બનાવવાથી એક તો ગૌરવ થાય. (સૂત્રો વધારે રચવાં પડે છે) તથા એક જ સૂત્રની રચના કરવાથી કામ થઈ જતું હોય તો પૃથક્ પૃથક્ સૂત્રરચના કરવી તે એક યોગ કરવામાં પ્રતિબંધક થાય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન સૂત્રરચના કરવાથી એક તો ગૌરવ થાય. અને વળી એકયોગનો પ્રતિબંધક થાય. જો બન્નેને સાથે રાખીને એક સૂત્ર રૂપે રચના કરી હોત તો ગ્રંથકારને જે ઇષ્ટ અર્થ છે તેની સિદ્ધિ થઈ જ જાત, તો જાણી બૂઝીને બે સૂત્રરચના બનાવવા રૂપ ગૌરવ કરવાની શી જરૂર ? શા માટે પૃથગ્યોગ કરીને ગૌરવ કર્યું હશે ?

આ વિષય વધારે સ્પષ્ટતાથી સમજવા માટે પ્રશ્નકાર આ પ્રશ્નને વધારે સ્પષ્ટ કરે છે કે પૃથગ્યોગ કરવાથી એટલે કે ૫-૨૩ અને ૫-૨૪ આ બન્ને સૂત્રોની રચના ભિન્ન ભિન્ન જે કરી છે તે રચના એકસૂત્ર રૂપે થઈ શકે તેમ છે છતાં બે સૂત્રો બનાવવાથી એકયોગવાળી રચનાનો પ્રતિબંધ થતો હોવાથી ભલે ઇષ્ટ અર્થની સિદ્ધિ થાય છે, પરંતુ તેમાં આવો પ્રશ્ન થાય છે કે આવું ગૌરવ કરવાની શી જરૂર ?

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપતાં આચાર્ય મહારાજશ્રી કહે છે કે જો બન્ને સૂત્રોનો એકયોગ (સાથે રચના) કરીએ તો અમારે જે વિવક્ષિત અર્થ કહેવો છે તેનો અભાવ થઈ જાય. અમારે આ પ્રમાણે સમજાવવું છે કે સ્પર્શાદિ ચાર ગુણો પરમાણુમાં અને સ્કંધોમાં એમ બન્નેમાં હોય છે. જ્યારે શબ્દાદિ દશ ભાવો માત્ર સ્કંધોમાં જ હોય છે (પરમાણુમાં સંભવતા નથી). આવો ભાવ અમારે જે કહેવો છે તેનો અભાવ થઈ જાય. તે માટે એકસૂત્ર રચના કરવાના આગ્રહનો (સંગ્રહનો) વ્યુદાસ(નિષેધ) જણાવવા માટે બન્ને સૂત્રરચના પૃથક્ પૃથક્ કરેલ છે. स्पर्शादयः પાઠવાળું જે સૂત્ર છે તેનો (૫-૨૩નો) અર્થ એવો છે કે આ ચાર ગુણો પરમાણુમાં અને સ્કંધોમાં એમ બન્નેમાં છે અને તે ગુણ પરિણામજન્ય છે રૂપાન્તર થનારા છે.

શબ્દાદિ જે દશ પર્યાયો છે તે માત્ર સ્કંધોમાં જ હોય છે પરમાણુમાં તે ભાવો હોતા નથી તથા આ શબ્દાદિ જે દશ ભાવો છે. તે અનેક નિમિત્ત કારણોથી થનારા છે. આ શબ્દાદિ ભાવો અનંતાણુક સ્કંધોમાં જ હોય છે અને તે તે શબ્દાદિ પરિણામો થાય પણ ખરા, અને ન પણ થાય એમ વિકલ્પવાળી વાત છે. તથા આ શબ્દાદિ ૧૦ ભાવો પ્રગટ થવામાં અનેક નિમિત્ત કારણો પણ છે.

જોકે જે ભાષાવર્ગણાનાં પુદ્‌ગલસ્કંધોનો શબ્દાત્મક પર્યાય પ્રગટ થાય છે તે તો દ્વયણુક-ત્ર્યણુક આદિ સ્કંધોનો વિષય જ નથી. તે તો અનંતાણુકનો જ વિષય છે. આ પ્રમાણે શબ્દાદિ દશ ભાવોમાં યથાયોગ્ય અન્ય વિષય પણ જે સંભવતો હોય તે સ્કંધ હોવાથી ઘટી શકે છે. તે માટે ભિન્ન ભિન્ન સૂત્રરચના કરેલી છે. આ કારણથી જે આ પૃથક્ યોગ કરાયો છે તે વિવક્ષિત અર્થને પુષ્ટ કરે છે.

એક સૂત્ર રચના કરવાથી સ્પર્શાદિ ચાર ગુણો પરમાણુમાં તથા સ્કંધોમાં- એમ બન્નેમાં છે, અને શબ્દાદિ ૧૦ ભાવો માત્ર સ્કંધોમાં જ છે, આવા પ્રકારનું ગ્રંથકારને જે વિધાન કરવું છે તે થતું નથી, તે કારણે પૃથક્ પૃથક્ સૂત્રરચના કરેલી છે. ॥ ૫-૨૪ ॥

**भाष्य :- त एते पुद्गलाः समासतो द्विविधा भवन्ति ॥ तद्यथा-**

**ભાષ્યનું ગુજરાતી :- તે આ પુદ્‌ગલો સંક્ષેપથી બે પ્રકારનાં હોય છે તે આ પ્રમાણે-**

**संस्कृत टीका :-** त एते पुद्गला इत्यादि सम्बन्धग्रन्थः । सत्यपि पुद्गलजातीयत्वे निरवयव सावयवभेदात् परिप्राप्तानन्त्या अपि आहितद्वैविध्या वेदितव्या इत्यभिप्रायः । य एते स्पर्शादि शब्दादि परिणतिभाजः पुद्गलास्ते संक्षेपाद् द्विविधा भवन्ति ॥ द्वैविध्योपन्यासाय तद्यथे त्याह-

**ગુજરાતી ભાષાન્તર :-** તે આ પુદ્‌ગલો ઈત્યાદિ વાક્ય સંબંધસૂચક છે. પરમાણુઓ અને સ્કંધો પુદ્‌ગલની જાતિપણે સમાન હોવા છતાં પણ (૧) નિરવયવ અને (૨) સાયવયન ભેદથી અનંત ભેદ હોવા છતાં પણ સંક્ષેપમાં "બે ભેદ" છે એમ જાણવું. તે બે ભેદ જણાવવા માટે तद्यथा ઈત્યાદિ પદ વડે તે બે ભેદો જણાવે છે.

**सूत्रम् :- अणवः स्कन्धाश्च ॥ ५-२५ ॥**

**સૂત્રનો અર્થ :- પુદ્‌ગલદ્રવ્યો બે પ્રકારનાં છે. (૧) પરમાણુ અને (૨) સ્કંધો ॥ ૫-૨૫ ॥**

**संस्कृत टीका** :- अण्यन्त इत्यणवोऽस्मदादीन्द्रियव्यपारातीतत्वात् केवलसंशब्दन समधिगम्याः सौक्ष्म्यात् । स्थौल्याद् ग्रहणादानादिव्यापारसमर्थाः प्रायः स्कन्धाः सङ्घाता इति । च शब्दः समुच्चेता, समस्तपुद्‌गला एव द्विविधाः परमाणवः स्कन्धाश्चेति । तत्र परमाणोर्लक्षणमाचार्यैः पूर्वकैरेवाचि तदुपन्यासाय उक्तं चेत्याह-

**ગુજરાતી ભાષાન્તર** :- "अण्यन्ते" इति अणवः- જે અતિશય અણુસ્વરૂપ છે તેને અણુ-પરમાણુ કહેવાય છે આપણા જેવા સર્વે પણ છદ્મસ્થ જીવો વડે જોવા જાણવાના વ્યવહાર રૂપે કરાતી ચક્ષુરિન્દ્રિયાદિ ઇન્દ્રિયો સંબંધી જે જ્ઞાન છે તે જ્ઞાનના વ્યવહારથી રહિત હોવાથી તેના દ્વારા જાણી શકાતા નથી કે જોઈ શકાતા નથી, પરંતુ ફક્ત અણુ એવા પ્રકારના કેવળ એકલા શબ્દમાત્ર બોલવા વડે જ શાસ્ત્ર માત્ર દ્વારા જ ગમ્ય છે અને અતિશય સૂક્ષ્મ છે. આવા પ્રકારના અત્યન્ત સૂક્ષ્મ જે છે તે પરમાણુ કહેવાય છે. સારાંશ કે સૂક્ષ્મ હોવાથી અણુ-પરમાણુ એવા શબ્દમાત્રથી જ જે જાણી શકાય છે પરંતુ આપણા જેવા છદ્મસ્થ જીવો વડે દૃષ્ટિ દ્વારા જે જાણી શકાતા નથી અર્થાત્ જોઈ શકાતા નથી ઇન્દ્રિયોથી ગમ્ય નથી તે અણુ કહેવાય છે.

તથા દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુકથી પ્રારંભીને અનંતાણુક સુધીના જે પુદ્‌ગલોના પિંડસ્વરૂપ પદાર્થ છે. તે સ્કંધો છે તથા ગ્રહણ કરવાના (એટલે કે હાથથી પકડવાના) તથા આદાનાદિના (લેવડ-દેવડ આદિના) વ્યવહાર કરવાના વિષયવાળા છે તેવા પ્રકારના વ્યવહાર કરવામાં સાધનભૂત છે અર્થાત્ તેવા પ્રકારના વ્યવહારને જે યોગ્ય છે તે અજીવ દ્રવ્યનો (પુદ્‌ગલ દ્રવ્યનો) સ્કંધ નામનો બીજો પ્રકાર છે.

આ સ્કંધો સ્થૂલ હોવાથી ગ્રહણ કરવામાં તથા બીજાની સાથે લેવડ-દેવડ કરવામાં સમર્થ છે. આવા પ્રકારના લેવડ-દેવડ કરવાને યોગ્ય જે પુદ્‌ગલો છે તે સ્કંધ કહેવાય છે સ્કંધો બધા લેવડ-દેવડ કરાતા નથી. પરંતુ જેની લેવડ-દેવડ થાય છે તે નિયમા સ્કંધ જ હોય છે. આ સ્કંધનું બીજા નામ સંઘાત પણ છે.

મૂલસૂત્રમાં લખેલો જે च શબ્દ છે તે સમુચ્ચય અર્થમાં છે સમસ્ત એવાં પુદ્‌ગલદ્રવ્યો માત્ર બે પ્રકારનાં જ છે : (૧) પરમાણુ અને (૨) સ્કંધ. ત્યાં પરમાણુનું લક્ષણ પૂર્વકાલીન આચાર્યો વડે જણાવાયું છે આ વાત જણાવવા માટે જ ભાષ્યકાર મહારાજાશ્રી કહે છે કે उक्तं च - એમ કહીને એક કારિકા દ્વારા પરમાણુનું વર્ણન કરતાં જણાવે છે કે-

**भाष्य :- उक्तं च-**

**"कारणमेव तदन्त्यं, सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।**
**एकरसगन्धवर्णो, द्विस्पर्शो कार्यलिङ्गश्च ॥" -आर्या ॥**

**ભાષ્યનું ગુજરાતી :- કહ્યું છે કે જે અન્તિમ કારણમાત્ર જ છે, અતિશય સૂક્ષ્મ છે નિત્ય છે, એક રસ, એક ગન્ધ અને એક જ વર્ણ જેમાં છે પરંતુ સ્પર્શ જેમાં બે છે તથા તેનાં થયેલાં કાર્યોથી (અનુમાન દ્વારા) જે જાણી શકાય છે તે પરમાણુ છે.**

**संस्कृत टीका :-** कारणमेव तदन्त्यमित्यादि । करोतीति कारणं सकलभेदपर्यन्तवर्तित्वादन्त्यं । द्वयणुकस्कन्धप्रभृति स्थूलसूक्ष्मभेदं कार्यं यावदचित्तमहास्कन्धः, स एष कारणकार्यविभागः कारिकया निरूप्यते – मूर्तस्य वस्तुतः कारणं परमाणवो द्वयणुकादेः । अमूर्तस्य ज्ञानादेरात्मादयः, तच्चोभयमपि कारणं न सर्वथा नष्टम्, असत्त्वापत्तेः, न च तादृगवस्थं किञ्चिज्जनयति व्योमपुष्पादिवत्, नानष्टमे कान्तेनैवाविकृतत्वात् प्रागवस्थावत्, न चान्यावस्थाऽस्त्येकान्तवादिनः कार्यकारणाभ्युपगतौ ॥

ननु चावक्तव्यपक्षः प्रज्वलति पक्षान्तरत्वात्, इत्ययुक्तम्, अवक्तव्यतायाः सुदुःस्थितत्वात् वक्तुमयशक्यत्वात् तावदवक्तव्यं न भवति । लोके तथा प्रतीतत्वात् ॥

नाज्ञानात्, आप्तस्य तदनुपपत्तेः। नाभावाद् वस्तुनः, तथादृष्टत्वात्, एवं तर्ह्ययमन्यः पक्षः कारणकार्ययोर्नाशोत्पादसमकालत्वात्। एषाऽपि हि व्यवस्था नातिक्रामति पूर्वं विकल्पद्वयम्, यतः कारणं नष्टं, कार्यं चोत्पन्नम् ॥ अनष्टे तावत् कारणे न कार्योत्पादः॥

अथैवं मन्येत– कारणं च विनस्यति, कार्यं चोत्पद्यते, तदपि विचाराक्षमम् । तत्र विनश्यतीत्यनेन विनाशक्रियाविष्टमेकं वस्तूच्यते स्वरसभङ्गुरं, वर्तमानकालावधिक मनासादितसमस्तनाशमर्धनष्टमतोऽयं बाह्यार्थः किंचिन्नष्टं किञ्चिच्चानष्टमुभयधर्माघ्रातं विनश्यतीत्यनेन प्राप्तक्रियापवर्गमार्गमभिधीयते वस्तु । न चैवमसम्बद्धबुद्धव्याहारोपहतचेतसः सौगताः सङ्गच्छन्ते । अभिन्नैकतुलादण्डकद्रव्यप्रति-बद्धान्तद्वयस्य वा युक्ते नतोन्नती समकमत्र तु विनश्यति । वस्तुनि नैकं किञ्चिदभिन्नमस्त्यन्वयि प्रदीर्घतुलादण्डकाकृति कारणं यत्प्रतिद्धौ नाशोत्पादौ युगपद् भवेताम् । पूर्वोत्तरक्षणयोश्चत्यन्तभेदे सभागसन्ततिरियं विसभागसन्ततिरेषेति व्यपदेशाभावात् स्वसन्ततौ फलाधानमसाम्प्रतम् । न हि वृद्धसन्तानोऽस्मत्सन्ताने फलमाधातुमुत्सहते । तस्मात् यत् किञ्चिदेतत् ॥ प्रकृतमनुश्रियते–

ગુજરાતી ભાષાન્તર :- જે પરમાણુ સ્વરૂપે પુદ્ગલદ્રવ્ય છે તે કારણમાત્ર સ્વરૂપ છે.

અન્તિમ અવસ્થાવાળું કારણ હોવાથી તે કોઈના કાર્યસ્વરૂપ નથી ઇત્યાદિ જે ટીકાનો પાઠ છે તે હવે સમજાવાય છે.

કાર્યને જે કરે તેને કારણ કહેવાય છે. મોટા સ્કંધોનું કારણ નાના સ્કંધો બને છે. કારણ કે નાના નાના સ્કંધો જોડાવાથી મોટા સ્કંધોની ઉત્પત્તિ થાય છે. એવી જ રીતે નાના સ્કંધનું કારણ તેનાથી પણ નાના નાના જે સ્કંધો છે તે કારણ બને છે એમ પુદ્ગલાસ્તિકાયના સ્કંધોમાં જે છેલ્લું અન્તિમ કારણ છે તે પરમાણુ કહેવાય છે.

દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુક વગેરેથી પ્રારંભીને સ્થૂલ અને સૂક્ષ્મ એવા તમામ સ્કંધાત્મક કાર્ય યાવત્ અચિત્ત મહાસ્કંધ સુધીના જે સ્કંધો છે તે કાર્ય છે. નાના નાના સ્કંધોનું કાર્ય મોટા સ્કંધો બને છે અને અતિશય નાના સ્કંધોનું કાર્ય મધ્યમ સ્કંધો કાર્ય બને છે. એમ છેલ્લા દ્વયણુક-ત્ર્યણુ અતિશય નાના સ્કંધોનું કારણ જે છે તેને કારણ કહેવાય છે. અને તે પરમાણુ કહેવાય છે. પરંતુ પરમાણુ તે કોઈનું કાર્ય કહેવાતા નથી. કારણ કે પરમાણુથી કોઈ નાના અણુ છે જ નહીં કે જે સાથે મળવાથી પરમાણુ બનતા હોય આવું ક્યારેય બનતું નથી, કારણ કે તેનાથી નાના અણુ સંસારમાં હોતા જ નથી. તે પરમાણુ જ અન્તિમ અણુ છે.

તે જ કાર્ય-કારણનો વિભાગવાર નિરૂપણ કરાય છે કે (૧) પરમાણુ દ્રવ્ય કેવું છે ? (૨) શું તે એકાન્તે નિત્ય છે ? કે (૩) એકાન્તે અનિત્ય છે ? તેની ચર્ચા સમજાવાય છે કે આ પરમાણુ દ્રવ્ય અત્યન્ત સૂક્ષ્મ દ્રવ્ય છે. તે કોઈ પરમાણુઓના પુંજથી બન્યો નથી. પોતે જ અન્તિમ અણુ છે તથા એકાન્તે નિત્ય પણ નથી તથા એકાન્તે અનિત્ય પણ નથી. એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનીએ તો કાર્યકારણ ભાવ ઘટી જ ન શકે તે આ પ્રમાણે સમજવું.

દ્વયણુક-ત્રયણુકાદિ પૌદ્ગલિક મૂર્તસ્વરૂપવાળા સ્કંધનું જો કોઈ કારણ હોય તો "પરમાણુઓ" જ અન્તિમકારણ છે. અને તે પરમાણુઓ પણ મૂર્ત સ્વરૂપવાળા જ છે, અમૂર્ત નથી. વર્ણાદિ ગુણોવાળા હોય તેને મૂર્ત કહેવાય. પરમાણુઓ પણ વર્ણાદિ ચારે ગુણોવાળા જ છે માટે મૂર્ત જ કહેવાય છે, અમૂર્ત નથી. આંખે દેખાય તે મૂર્ત એવો અર્થ અહીં ન કરવો.

તથા અમૂર્ત એવા જ્ઞાનાદિ જે આત્મગુણો છે તે જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાન કારણ આત્મા જ છે અને તે આત્મા પણ અમૂર્ત જ (અરૂપી જ) છે તે બન્ને પ્રકારનાં કારણો પોતે જ કાર્યસ્વરૂપે પરિણામ પામે છે. અમૂર્ત કારણ પોતે જ અમૂર્ત કાર્ય સ્વરૂપે બને છે અને મૂર્ત એવાં કારણો પોતે જ મૂર્ત એવા કાર્ય સ્વરૂપે પરિણામ પામે છે.

પરંતુ કાર્ય બને ત્યારે કારણ સર્વથા નાશ પામતું નથી કારણ કે જે કારણ સર્વથા નષ્ટ જ થઈ જાય તો આકાશ પુષ્પની જેમ સર્વથા असत् બનવાથી તેનાથી કોઈ કાર્ય પ્રગટ કરી શકાય નહીં. આ પ્રમાણે પરમાણુઓ અને આત્મા જે કારણ સ્વરૂપે છે તે જો સર્વથા નાશ પામે તો તેમાંતી કોઈ પદાર્થ જ ઉત્પન્ન ન થાય તે કારણે તે પરમાણુઓમાંથી દ્વ્યણુકાદિ કાર્ય તથા આત્મામાંથી સુખ-દુઃખાદિ ગુણોરૂપ કાર્ય કેમ ઉત્પન્ન થાય ? અર્થાત્ ન જ થાય. અને જો કાર્ય થાય જ નહીં તો પરમાણુને અને આત્માને કારણ પણ કેમ કહેવાય ? કારણ કહેવાય જ નહીં.

તથા પરમાણુ અને આત્મા આ મૂળભૂત અજીવ અને જીવ દ્રવ્યો એકાન્તે અનષ્ટ (અર્થાત્ એકાન્તે નિત્ય જ છે એમ) પણ ન મનાય, કારણ કે જો આમ એકાન્તે અનષ્ટ (અર્થાત્ નિત્ય) જ માનીએ તો તે દ્રવ્યો અવિકારી બનવાથી જેની અવસ્થા પૂર્વમાં હતી તેવી જ અવસ્થા પછી પણ સદાકાળ રહેશે જ । હવે જો પરમાણુ સદાકાળ પરમાણુ જ રહેવાનો હોય તો બે-ત્રણ-ચાર ભેગા મળવાથી દ્વ્યણુક-ત્ર્યણુકાદિ જે થાય છે તે બનશે નહીં. અને આત્મા પણ સુખી હોય તે સદાકાળ સુખી જ રહેશે, દુઃખી થશે જ નહીં, યુવાન સદાકાળ યુવાન જ રહેશે. રોગી સદાકાળ રોગી જ રહેશે, પરંતુ આવું બનતું નથી. માટે અજીવ કે જીવ કોઈ પણ પદાર્થ એકાન્તે નિત્ય નથી જ. કથંચિદ્ નિત્ય જરૂર છે કથંચિદ્ નિત્ય અને કથંચિદ્ અનિત્ય માનીએ તો જ જગતની વ્યવસ્થા સંગત થાય છે.

અનેકાન્તવાદ સ્વીકારો તો જ કાર્યકારણ ભાવ ઘટી શકે છે. જે એકાન્તવાદીઓ છે તેમની દૃષ્ટિએ જગતના સર્વે ભાવો કાં તો એકાન્તે નિત્ય જ છે અથવા એકાન્તે અનિત્ય જ છે આમ તેઓને માનવું પડે. તેમ માનવામાં કોઈ કાર્ય થાય જ નહીં દૂધમાંથી દહી તો જ થાય જો તેને પર્યાય આશ્રયી અનિત્ય સ્વીકારીએ તો, દહીમાંથી માખણ અને ઘી તો જ થાય જો તેને કથંચિદ્ પર્યાય આશ્રયી અનિત્ય માનીએ તો જ.

કથંચિદ્ નિત્ય અને કથંચિદ્ અંનિત્ય આ બન્ને પક્ષો સ્વીકાર્યા વિના બીજો કોઈ રસ્તો છે જ નહીં કે જેમાં દોષ ન આવે. તે માટે એકાન્ત નિત્ય કે એકાન્તે અનિત્ય સ્વીકારવામાં દોષો આવે જ છે.

**પ્રશ્ન** :- ननु चावक्तव्यपक्षः प्रज्वलति આ ફકરાનો અર્થ સમજાવાય છે. હવે કદાચ એકાન્તવાદીઓ પોતાના પક્ષનો બચાવ કરતાં આવું કહે છે કે "અમે વસ્તુ એકાન્તે નિત્ય જ છે કે એકાન્તે અનિત્ય જ છે એમ કહેતા નથી પરંતુ આ બન્ને પક્ષોથી અત્યન્ત જુદો ત્રીજો જ પક્ષ માનીશું કે જેમાં કોઇ દોષ આવશે નહીં તે ત્રીજો પક્ષ આ પ્રમાણે છે :-

अवक्तव्यपक्षः = વસ્તુ એકાન્તે નિત્ય પણ નથી અને એકાન્તે અનિત્ય પણ નથી તથા સ્યાદ્વાદવાળી દૃષ્ટિ પ્રમાણે જે નિત્યાનિત્ય કહેવાય છે તે પણ નથી પરંતુ ઉપરોક્ત કોઈ શબ્દોથી ન કહેવાય તેવી અર્થાત્ अवाच्य-એટલે કે अवक्तव्य જ વસ્તુ છે આ પ્રમાણે વસ્તુને અવક્તવ્ય માનવાવાળો અમારો આ પક્ષ જાજવલ્યમાન છે, કારણ કે ઉપરોક્ત પક્ષો સ્વીકારવામાં સર્વત્ર દોષો જ આવે છે તે માટે સ્વીકારવા યોગ્ય નથી પરંતુ તેનાથી સર્વથા ભિન્ન એવો अवक्तव्य પક્ષ જ સ્વીકારવો સૌથી વધારે ઉચિત છે જેમાં કોઈ દોષ આવતો નથી. એમ અમારું કહેવું છે.

**ઉત્તર :-** તમારી વાત પણ ઉચિત નથી જ, "અવક્તવ્ય પક્ષ" કહેવો એ પણ અતિશય દુષ્કર છે. કારણ કે નીચે લખેલાં ત્રણ કારણોને લીધે વસ્તુ अवक्तव्य કહેવાય છે. (૧) वक्तुमशक्यत्वात्, (૨) अज्ञानात् (૩) अभावाद् = આ ત્રણ કારણોમાંથી અહીં એક પણ કારણ સંગત થતું નથી. તે આ પ્રમાણે-

(૧) પહેલું કારણ તે છે કે જે લોકમાં કહી શકાય તેવું ન હોય તે अवक्तव्य કહેવાય. કોઈ વાદી આવું અવક્તવ્ય સ્વરૂપ કહે તો તે બરાબર નથી કારણ કે લોકવ્યવહારમાં અણુ આદિ પુદ્ગલના સર્વવ્યવહારો અને જીવના સર્વ વ્યવહારો પ્રતીત જ છે, જણાય તેવા પણ છે અને બોલાય તેવા પણ છે માટે वक्तुमशक्यत्वात्- अवक्तव्य આ અર્થવાળો પ્રથમ પક્ષ તો ઘટતો જ નથી. જીવ અને પુદ્ગલના સર્વ વ્યવહારો ભિન્ન ભિન્ન શબ્દોથી વાચ્ય છે માટે अवक्तव्य પક્ષ બરાબર નથી.

(૨) अज्ञानात् - કાર્ય કારણભાવનું જ્ઞાન ન હોવાથી બોલી શકાતા નથી માટે अवक्तव्य આમ કહો તો તે પણ બચાવપક્ષ વ્યાજબી નથી કારણ કે આપણા જેવા સામાન્ય માણસોને કદાચ તેવું પ્રબળ જ્ઞાન ન પણ હોય એટલે કે अज्ञान હોઈ શકે છે પરંતુ આપ્તપુરુષોને અને ખાસ કરીને ચૌદપૂર્વધારી શ્રુતજ્ઞાની અને કેવલી ભગવંતોને તેવું अज्ञान સંભવતું નથી. તેઓ સર્વે તો મહાજ્ઞાની ગીતાર્થ પુરુષો છે. બધી વસ્તુ સમજી પણ શકે છે અને બોલી પણ શકે છે માટે આ अज्ञान કારણ પણ अवक्तव्यમાં બેસતું નથી.

(૩) अभावात् - તેવા તેવા શબ્દોથી વાચ્ય વસ્તુ જ જગતમાં નથી. અર્થાત્ વાચ્ય વસ્તુનો જ અભાવ છે માટે अवक्तव्य છે. આ પક્ષ પણ સત્ય નથી, કારણ કે તેવા પ્રકારની તે તે શબ્દોથી વાચ્ય વસ્તુઓ ઘટ-પટ-પથ્થર-માણસ આદિ પ્રત્યક્ષ જ દેખાય છે તેથી શબ્દોથી વાચ્ય સર્વે પણ વસ્તુઓ વિદ્યમાન જ છે. વસ્તુઓનો અભાવ છે જ નહીં માટે अवक्तव्य માનવામાં આ પક્ષ પણ વ્યાજબી નથી.

ઉપરોક્ત ત્રણમાંથી એક પણ કારણ યુક્તિયુક્ત નથી તેથી अवक्तव्य પક્ષ બરાબર નથી.

एवं तर्ह्ययमन्यः पक्षः = આ પ્રમાણે अवक्तव्य માનવામાં ઉપરના ત્રણે પક્ષો સંગત થતા ન હોય તો અમે આવા પ્રકારનો એક અન્ય પક્ષ (ચોથો જુદો પક્ષ જ) નવા અર્થવાળો માનીશું તે આ પ્રમાણે કે- "કારણનો નાશ અને કાર્યની ઉત્પત્તિ" આ બન્ને એકીસાથે એક જ કાળે થાય છે એમ અમે માનીશું જેથી અમને કોઈ દોષ આવશે નહીં.

**ઉત્તર :-** તમારી કહેલી આ વાત પણ યુક્તિસંગત થતી નથી કારણ કે કારણ જ્યાં સુધી નાશ ન પામે અર્થાત્ કારણ પોતે કારણપણે જ્યાં સુધી વર્તતું હોય ત્યાં સુધી કારણકાળ હોવાથી કાર્ય થાય જ નહીં. માટી પોતે માટીપણે જ્યાં સુધી વર્તે ત્યાં સુધી ઘટ થવા દે જ નહીં અર્થાત્ ઘટ થાય જ નહીં અને જે કાળે કારણ ચાલ્યું જાય તે કાળે કારણ ન હોવાથી કાર્ય થાય નહીં માટે એકાન્તવાદમાં ઉપર કહ્યા પ્રમાણે દોષો આવવાના જ છે તેથી એકાન્તવાદમાં કાર્ય કારણભાવ કોઈ પણ રીતે સંગતિને પામતો નથી.

તથા વળી આ ચોથો अन्य पक्षः એ માર્ગ સ્વીકારશો તો પ્રારંભમાં કરેલા બે વિકલ્પોઃ (૧) कारणं सर्वथा न नष्टम्, અને (૨) नानष्टमेकान्तेन ઇત્યાદિ જે બે પક્ષો (૩૦૦મા પાનામાં ટીકાની ચોથી પંક્તિમાં) કહ્યા હતા તે જ પક્ષો અહીં સમજી લેવા. તે બન્ને વિકલ્પોનું જરા પણ ઉલ્લંઘન થતું નથી જ,(૧)કારણ નાશ પામ્યા પછી કાર્ય ઉત્પન્ન થાય એમ માનો તો કારણ જ ચાલ્યું ગયું. હવે કારણ વિના કાર્ય કેમ થાય ? માટી જ ચાલી ગઈ તો ઘટ શેમાંથી થાય ? અને (૨) કારણ નાશ ન પામ્યું હોય ત્યારે કાર્ય ઉત્પન્ન થાય આ પક્ષ પણ ઉચિત નથી. કારણ કે માટી નામનું કારણ જ્યાં સુધી માટીપણે વર્તે છે. ત્યાં સુધી તે ઘટને થવા જ ન દે તેથી તે પક્ષ પણ ઉચિત નથી. આવા પ્રકારના કોઈ પણ પક્ષો માનવા તે એકાન્તવાદમાં ઉચિત નથી. સર્વત્ર દોષો જ આવશે.

अथ एवं मन्येत–कारणं च विनश्यति, कार्यं चोत्पद्यते, ઇત્યાદિ પંક્તિવાળી જે ટીકા છે તેનો અર્થ સમજાવાય છે જેવું કારણ નાશ પામે છે. તેવું જ કાર્ય ત્યાં તુરત જ થઈ જાય છે આ પક્ષ જો કહેવામાં આવે तदपि विचाराक्षमम् = તે પક્ષ પણ વિચાર કરતાં બરાબર બંધબેસતો નથી.

આ બાબતમાં કોઈક વાદી પોતાનો પક્ષ રજૂ કરતાં એમ કહે છે કે જે સમયે કારણ નાશ પામે છે તે જ સમયે કાર્ય ઉત્પન્ન થાય છે એમ અમે માનીશું તો તેમાં શું દોષ આવશે? અને જગતમાં આવા વ્યવહારો દેખાય પણ છે કે જે સમયે ઘટ ફૂટ્યો એટલે તે જ સમયે ઠીકરાં થયાં, કાચની બરણી હાથમાંથી પડી ગઈ એટલે કે ફુટી ગઈ તે જ ક્ષણે કાચના સેંકડો ટુકડા થયા. આ પ્રમાણે કારણના નાશથી સાથે કાર્યની ઉત્પત્તિ થાય છે આમ માનવામાં કોઈ જ દોષ દેખાતો નથી બલ્કે બધી વાત સુસંગત થાય છે.

**ઉત્તર**- ઉપર કહેલી વાત પણ ખોટી છે, ઉચિત નથી. થોડાક સૂક્ષ્મ વિચારો કરો તો આ વાત સમજાશે જ્યાં ઘટઃ विनश्यति = ઘટ વિનાશ પામે છે ત્યાં જ ઠીકરાં અવશ્ય દેખાશે જ, બરણી જ્યાં ફુટે છે ત્યાંજ કાચના ટુકડા દેખાશે જ. આ પ્રમાણે કારણના નાશની સાથે જ કાર્યની ઉત્પત્તિ રહેલી છે. પૂર્વપર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ -આ **બન્ને એકીસાથે એક જ સમયે થાય છે** પરંતુ પૂર્વ ક્ષણે નાશ અને ઉત્તર ક્ષણે ઉત્પાદ આવો વ્યવહાર છે જ નહીં. સારાંશ કે વિનાશ ક્રિયાથી અને ઉત્પત્તિ ક્રિયાથી યુક્ત એવી જે એક વસ્તુ (દ્રવ્ય) છે કે જે દ્રવ્ય પોતે જ પોતાના સ્વભાવથી જ (स्वरसतः एव) ક્ષણે ક્ષણે પર્યાયથી પલટાય છે. વર્તમાનકાળની અવધિવાળો પૂર્વ પર્યાય જ્યારે નાશ પામે છે ત્યારે સમસ્ત પર્યાયો જેના નાશ નથી પામ્યા એવી તે વસ્તુ અર્ધનષ્ટ થયેલી કહેવાય છે અર્થાત્ પૂર્વ પર્યાય માત્ર ગયો છે દ્રવ્ય ગયું નથી તેથી अर्धनष्टम् કહેવાય છે બાહ્ય દૃષ્ટિએ ભલે ઘટ નાશ પામેલો દેખાતો હોય પરંતુ અબાહ્ય દૃષ્ટિએ એટલે કે સૂક્ષ્મદૃષ્ટિએ ઘટાકારતા માત્ર જ નાશ પામે છે. તેમાં રહેલાં જે કપાલ (ઠીકરાં) પણાનો આકાર તો રહે જ છે. નાશ પામતાં નથી પણ કપાલપણે પ્રગટ થાય છે એટલે કે સર્વથા નાશ કોઈનો ક્યારેય પણ થતો નથી જાડાં જાડાં મોટાં લાકડાં બાળી નાખીએ તો પણ તે લાકડાનો જેમ નાશ થયેલો દેખાય છે તેમ તેની સાથે જ તેની રખ્યા પ્રગટ થયેલી પણ હોય જ છે એટલે સર્વથા નાશ કોઈનો ક્યારેય થતો જ નથી. એક માણસ મૃત્યુ પામ્યો તેનો અર્થ એ થયો કે તે જીવ માનવપણે વિનાશ પામ્યો પરંતુ દેવાદિ અન્ય ભવ સ્વરૂપે ઉત્પન્ન થયો તે બન્ને ભાવો બનવામાં દ્રવ્ય તેનું તે જ રહ્યું છે. જેને ધ્રુવ કહેવાય છે એમ ત્રિપદીવાળું જ વસ્તુનું સ્વરૂપ છે.

વસ્તુ સ્વરૂપ આ પ્રમાણે ત્રિપદીવાળું હોતે છતે સર્વે પણ વાત સંગત પણ થાય છે. કોઈ દોષ ત્રિપદીમય સ્વરૂપમાં આવતો નથી. છતાં બૌદ્ધદર્શનાનુયાયી એમ માને છે કે પૂર્વ પર્યાયનો સર્વથા નાશ થાય છે અને ઉત્તર પર્યાયની સર્વથા નવી જ ઉત્પત્તિ થાય છે. સર્વે પણ વસ્તુઓ ક્ષણિક માત્ર જ છે પૂર્વાપર કોઈ પણ જાતનો સંબંધ નથી ધારાવાહી ક્ષણે ક્ષણે નવો નવો પદાર્થ આવે છે અને જૂનો જૂનો પદાર્થ જાય છે. ધ્રુવ જેવું કોઈ સ્વરૂપ છે જ નહીં આવું બૌદ્ધો માને છે.

પરંતુ તેઓનું આ કથન ઉચિત નથી. પૂર્વ ક્ષણ અને ઉત્તર ક્ષણ આ બન્નેનો સર્વથા અસંબંધ છે. પૂર્વ ક્ષણનું દ્રવ્ય સર્વથા નષ્ટ જ થાય છે અને ઉત્તર ક્ષણનું દ્રવ્ય સર્વથા નવું જ આવે છે એમ असम्बन्ध પૂર્વાપરના સંબંધ વિનાનું બૌદ્ધનું જે કથન છે તેનાથી હણાયેલી ચેતનાવાળા તેમના અનુયાયીઓ (સૌગતો) જે કહે છે તે સંગતિને પામતું નથી.

જેમ સેંકડો માણસને લાઇનસર રાખનાર તેઓની વચ્ચે એક દોરી હોય છે. તેની

જેમ अभिन्नैकतुला = અખંડ એવી ત્રાજવાની એક દાંડી નામના દ્રવ્યની સાથે જોડાયેલા બન્ને છેડે બન્ને ત્રાજવામાં નમન અને ઉન્નમન એકી સાથે જોવા મળે છે તેની જેમ એક જ દ્રવ્યમાં પૂર્વપર્યાયના નાશની સાથે જ ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે એમ नाशोत्पादौ युगपद् भवेताम् = પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ- આ બન્ને એકીસાથે જ થાય છે, ક્રમસર થતા નથી. તે બન્ને પર્યાયને જોડનાર દ્રવ્ય એક જ છે.

પરંતુ બૌદ્ધદર્શનના અનુયાયી લોકો જે એમ કહે છે કે પૂર્વ ક્ષણનો પર્યાય અને ઉત્તર ક્ષણનો પર્યાય અત્યન્ત ભિન્ન ભિન્ન છે પૂર્વ ક્ષણનો પર્યાય સર્વથા નાશ પામી જાય છે પછી જ ઉત્તર ક્ષણનો પર્યાય પ્રગટ થાય છે. તે બન્નેની વચ્ચે અનુસંધાનવાળું એક દ્રવ્ય કોઈ છે જ નહીં. આવું જે કહે છે તે બધું યુક્તિસંગત નથી. કોઈ પણ એક દ્રવ્યમાં જો પ્રતિક્ષણે સર્વથા નવું નવું જ સ્વરૂપ આવતું હોય અને પૂર્વ ક્ષણ અને ઉત્તર ક્ષણનો અત્યન્ત ભેદ જ હોય તો માટી-ઘટ-કપાલ-ચૂરો આ સર્વે સભાગસન્તતિ છે અને ઘટ-પટ-મઠ આ વિસભાગસન્તતિ છે આવો જે વ્યપદેશ તેઓના દર્શનમાં થાય છે તેનો પણ સર્વથા અભાવ જ થશે, કારણ કે જેમ ઘટથી પટ ભિન્ન છે વિસભાગસન્તતિમાં જેમ એકાન્તભેદ છે તેની જેમ માટી ઘટ-કપાલ ઇત્યાદિ સભાગસન્તતિમાં પણ એકાન્તભેદ જ થવાથી આ સભાગ અને આ વિસભાગ આવો વ્યપદેશ થશે નહીં તેથી સ્વસન્તાનમાં જે ફલાધાન થાય છે, માટી સુંવાળી હોય તો ઘટ સુંવાળો જ થાય, તન્તુ કોમળ હોય તો વસ્ત્ર કોમળ જ થાય તે વાત આ બૌદ્ધમતમાં असाम्प्रतम्= ઘટશે નહીં. કારણ કે વિસભાગસન્તતિની જેમ સભાગસન્તતિમાં પણ એકાન્તભેદ જ તેઓએ સ્વીકાર્યો છે, દ્રવ્યની અપેક્ષાએ જે અભેદ હતો તે માન્ય રાખ્યો નથી માટે તેઓને આ દોષ આવશે.

આ પ્રમાણે વિચારણા કરતાં બૌદ્ધદર્શનની વાત યુક્તિ વિનાની અને અસંગત વાત છે. तस्मात् यत् किञ्चित् एतद् = તેથી આ બૌદ્ધની વાત નિરર્થક છે. હવે તેની વાત ઘણી કરવા વડે સર્યું ॥ प्रस्तुतमनुस्त्रियते = જે પ્રસ્તુત વાત છે તે જ **હવે સમજાવાય છે.**

**संस्कृत टीका :-** तत्र परमाण्वात्मादि परिणामिकारणम् । तस्मिन् सति भवत्येव कार्यं द्वयणुकादि ज्ञानादि वा, अन्यथा तु न भवत्येव । यतो यस्मिन् सति भवत्येव यस्य सद्भावस्तदभावे च न भवत्येव यत्, तद् कारणमितरत् कार्यम् । एवं च यदृच्छया प्राप्तानां व्योमाराममहीध्रादीनां कारणभावोऽन्यत्र निराकृतोऽवसेयः । एवमप्यनुपपन्नमवधारणं यस्मिन् सति भवत्येव कार्यं न भवत्येव चान्यथेति । यतः करवीरजन्मारुणोत्पलफलात् स्वकाण्डात् स्वबीजाच्च दृष्टम्, दुर्वा च गोलोमाविलोमादिभ्यः । सरस्तु श्रृङ्गादिति, ?

अत्रोच्यते- परमाणुषु सत्सु भवत्येवेदमात्मनि चेत्यदोषः । संक्षेपात् परिणामिकारणापेक्षाः

परिणामाः प्रतिस्वमासादयन्त्युपजननं कारणवैफल्ये तु न प्रादुष्यन्ति मन्त्रप्रतिबद्धविषमारणशक्तिवत् । इत्थं निरवद्यं कार्यकारणलक्षणम् । यान्यपि कर्तृनिमित्तापेक्षाख्यानि कुम्भकारदण्डाकाशादीनि, तान्यप्यनयैव दिशा योजनीयानीति, न कश्चिद् विरोध इति सूचनीयः सूक्ष्म आगमसमधिगम्योऽस्मदादिभिः॥

नित्यश्चेति द्रव्यास्तिकनयापेक्षयाऽनुज्झितमूर्तिः । पर्यायापेक्षया तु नीलादिभिराकारैरनित्य एवेति । न ततः परमणीयोऽस्ति द्रव्यमिति परमाणुः । पञ्चानां रसानां द्वयोर्गन्धयोः पञ्चविधस्य वर्णस्यान्यतमेनैकेन रसादिना युक्तः । चतुर्णां स्पर्शानां मध्ये स्पर्शद्वयेनाविरुद्धेन युक्तः कार्येणास्मदादिप्रत्यक्षदृश्येन बादरपरिणामभाजाऽनेकविधेन लिङ्ग्यते-समधिगम्यत इति । अणुस्कन्धभेदप्रतिपादनायेदमाह-

**ગુજરાતી ભાષાન્તર :-** (૧) પરમાણુ (આ અજીવનું ઉદાહરણ છે) અને આત્મા આદિ (આ જીવનું ઉદાહરણ છે) જે મૂળભૂત દ્રવ્ય છે. તે પરિણામી કારણ કહેવાય છે પરિણામી એટલે પરિણામ પામનાર અર્થાત્ ઉપાદાન કારણ કહેવાય છે. જેમ દૂધ એ દહીંનું પરિણામી કારણ છે (ઉપાદાન કારણ છે) તેમ અહીં સમજવું. તે પરમાણુ આદિ અને આત્મા આદિ પરિણામી કારણ આ સંસારમાં છે તે પરિણામી કારણ હોતે છતે જ તેના કાર્યસ્વરૂપે અનુક્રમે દ્વયણુકાદિ સ્કંધો અને જ્ઞાનાદિ પર્યાયો પ્રગટ થવા સ્વરૂપ કાર્ય થાય છે. अन्यथा= (જો આ પરિણામી કારણ ન હોત તો) દ્વયણુકાદિ અને જ્ઞાનાદિ કાર્યો થાત નહીં.

કારણ કે "જે હોતે છતે જે થાય છે અને જે ન હોતે છતે જે થતું નથી" તે બન્નેની વચ્ચે કાર્ય-કારણ ભાવ કહેવાય છે જેમ કે-ઘાસ ખાણ વગેરે હોતે છતે દૂધ ઉત્પન્ન થાય છે જેથી ઘાસ અને ખાણને કારણ કહેવાય અને દૂધને કાર્ય કહેવાય છે. એવી જ રીતે દાહ્ય એટલે કે બાળવા લાયક કાષ્ટાદિ હોતે છતે અગ્નિ પ્રગટે છે અને દાહ્ય ન હોતે છતે અગ્નિ પ્રગટતો નથી તેથી દાહ્ય એવા કાષ્ટાદિને કારણ કહેવાય છે અને દાહક એવા અગ્નિને કાર્ય કહેવાય છે.

ઉપર કહેલાં બન્ને દૃષ્ટાન્તોને અનુસારે પરમાણુઓ હોતે છતે દ્વયણુક-ત્ર્યણુક સ્કંધો થાય છે તે માટે પરમાણુને કારણ કહેવાય છે અને સ્કંધને કાર્ય કહેવાય છે તથા આત્મા હોતે છતે જ્ઞાનાદિ કાર્યો થાય છે તેથી આત્મા એ કારણ છે અને જ્ઞાનાદિ ભાવો એ કાર્ય છે. આત્મા ન હોત તો જ્ઞાનાદિ કાર્ય ન થાત.

આ પ્રમાણે વિચારણા કરતાં "જે કારણ હોતે છતે જે કાર્ય થાય અને જે કારણ ન હોતે છતે જે કાર્ય ન થાય" ત્યાં જ કાર્યકારણ ભાવ જાણવો. કેટલાક યદચ્છાવાદીઓ યદચ્છાને કારણ અને આકાશ-બગીચો-અને પર્વત આદિને કાર્ય માને છે તે વાત બરાબર નથી. પરંતુ હાલ અમે તેઓના મતનું ખંડન કરતા નથી. તેનું ખંડન (નિરાકરણ) અન્ય

ગ્રંથોમાં કરેલું છે. ત્યાંથી જ જાણી લેવું. અહીં કોઈક શિષ્ય તત્ત્વ જાણવા માટે નીચે કહ્યા પ્રમાણે પ્રશ્ન કરે છે કે-

પ્રશ્ન- "જે હોતે છતે જે થાય જ, અને જે ન હોતે છતે જે ન જ થાય" તેને જ કાર્યકારણભાવ કહેવાય આવા પ્રકારના આપશ્રીએ કરેલા વિધાનમાં જે "જ" શબ્દ વાપરવામાં આવ્યો છે તે ઉચિત લાગતો નથી. કારણ કે કોઈ કોઈ કાર્ય બે-ત્રણ કારણોમાંથી પણ થતું હોય એમ પણ દેખાય છે, જેમ કે કણવીરની (કણેરની) ઉત્પત્તિ (૧) લાલ લાલ ઉત્પલના ફળથી પણ થાય છે (૨) પોતાની શાખા-પ્રશાખામાંથી પણ થાય છે અને (૩) પોતાના બીજથી પણ થાય છે એમ કણવીરની ઉત્પત્તિ ત્રણ સ્થાનેથી થાય છે અને વર્તમાનકાળે તેમ સાક્ષાત્ અનુભવાય પણ છે.

તથા દુર્વા(ધ્રો) નામનું ઘાસ (૧) ગાયના રૂવાંટામાંથી પણ થાય છે અને (૨) ઘેટાના રૂંવાંટામાંથી પણ થાય છે તથા બાણ નામનો પદાર્થ (૧) શીંગડામાંથી પણ થાય અને બીજી રીતે પણ થાય છે. ઉપરોક્ત દૃષ્ટાન્તો પ્રમાણે કોઈ કોઈ કાર્ય અનેક કારણોમાંથી પણ થતાં દેખાય છે તે માટે "આ કારણનું જ આ કાર્ય" અને "આ કાર્ય કરવા માટે આ જ કારણ" આવો નિયમ રહેતો નથી એટલે કે કાર્યકારણભાવ નિયત પદાર્થ સ્વરૂપે દેખાતો નથી. તેનો ઉત્તર સમજાવશો.

**ઉત્તર** :- "અમે જે અવધારણ જણાવ્યું છે. તે યથાર્થ જ છે" તેમાં જરા પણ દોષ હોતો નથી "(૧) પરમાણુઓ (એ કારણ) હોતે છતે જ દ્વયણુકાદિ સ્કંધો થાય છે" અને "(૨) આત્મા નામનું દ્રવ્ય હોતે છતે જ જ્ઞાનાદિ ગુણાત્મક પર્યાયો પ્રગટ થાય છે" અમારા વડે કહેવાયેલાં ઉપરોક્ત બન્ને વાક્યોના અવધારણમાં કોઈ જ દોષ આવતો નથી.

સંક્ષેપમાં વાત આ પ્રમાણે છે કે પરિણામી કારણ હોય તો જ તેમાં પરિણામાત્મક કાર્ય ઉત્પન્ન થાય છે જ્યારે પરિણામી કારણ હાજર હોય, તો જ પરિણામાત્મક કાર્ય પ્રગટ થાય છે. ફક્ત તેમાં (૧) કર્તા, (૨) નિમિત્ત કારણ અને (૩) અપેક્ષા કારણ પણ હોવાં જોઈએ. જેમ કે ઘટ બનાવવામાં (૧) કુંભકાર (૨) દંડ, અને (૩) આકાશાદિ આ ત્રણે અનુક્રમે કર્તા-નિમિત્ત અને અપેક્ષાકારણ હાજર હોવાં જોઈએ. આ પ્રમાણે સ્વયં સમજી લેવું.

કારણોની જ્યારે વિકલતા હોય ત્યારે કાર્ય થતું નથી. જેમ કે જે વિષ (ઝેર) છે તે મારણાત્મક કાર્યનું કારણ છે. જ્યારે જ્યારે વિષપાન કરવામાં આવે છે ત્યારે ત્યારે મૃત્યુ સ્વરૂપ કાર્ય થાય જ છે. પરંતુ મંત્રબળથી વિષમાંથી મારણાત્મક શક્તિનો જો નાશ કરવામાં આવ્યો હોય તો વિષપાનથી મૃત્યુ થતું નથી મંત્રબળ એ પ્રતિબંધક તત્ત્વ છે. આ પ્રમાણે

વિચારતાં જે કાર્યકારણ ભાવ છે તે સર્વથા નિર્દોષ અને નિયમબદ્ધ જ હોય છે. સર્વે પણ પરિણામાત્મક કાર્યો પોતપોતાના પરિણામી કારણમાંથી જ જન્મે છે. એટલે કાર્યો પરિણામી કારણની અવશ્ય અપેક્ષા રાખે છે. તે તે પરિણામી કારણોથી જ તે તે કાર્ય થાય છે. આ નિયમની આધીનતાના કારણે જ "સર્વે પણ દ્વયણુક-ત્ર્યણુકાદિ સ્કંધાત્મક કાર્યો પરમાણુ નામના કારણની અપેક્ષા રાખે જ છે અને જ્ઞાનાદિ કાર્યો આત્મા નામના સમવાયી કારણની અપેક્ષા અવશ્ય રાખે જ છે આ વાત બરાબર સિદ્ધ થાય છે.

પરમાણુ એ અત્યન્ત સૂક્ષ્મ દ્રવ્ય છે. તેના કારણે આપણા લોકો વડે તે જોઈ શકાતો નથી પરંતુ (૧) આગમ પ્રમાણથી જ જાણી શકાય છે. (તથા કથંચિદ્ તર્કપ્રમાણથી પણ જાણી શકાય છે). અને તે અતિશય સૂક્ષ્મતર પદાર્થ છે તથા આ પરમાણુ નામનો પદાર્થ દ્રવ્યાર્થિક નયથી અનાદિ-અનંતકાળવાળો હોવાથી નિત્ય છે. તે પરમાણુ પોતે પરમાણુપણાના પર્યાયનો ક્યારેય ત્યાગ કરતો નથી.

પરંતુ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ નીલ-પીત-શ્વેત આદિ વર્ણાત્મકપણે, ભિન્ન ભિન્ન ગંધાત્મકપણે, ભિન્ન ભિન્ન રસાત્મકપણે પરિણામ પામતો હોવાથી કથંચિદ્ અનિત્ય પણ છે) આ પરમાણુ દ્રવ્યથી વધારે સૂક્ષ્મ બીજું કોઈ દ્રવ્ય નથી. આ પરમાણુ જ અતિશય સૂક્ષ્મ દ્રવ્ય છે તે માટે જ તેનું નામ "પરમાણુ" રાખવામાં આવ્યું છે.

પાંચ વર્ણો, બે ગંધ અને પાંચ રસમાંથી કોઈ પણ ૧ વર્ણ, ૧ ગંધ અને ૧ જ રસ દરેક પરમાણુમાં હોય છે પણ સ્પર્શની બાબતમાં ચાર સ્પર્શમાંથી પરસ્પર અવિરુદ્ધ બે સ્પર્શો તે પરમાણુમાં હોય છે. આપણે લોકો છદ્મસ્થ હોવાથી છદ્મસ્થના જ્ઞાન વડે આ પરમાણુઓ ગમ્ય થતા નથી. પરંતુ તેના કાર્ય રૂપે થયેલા સ્કંધો દ્વારા પરમાણુઓ જાણી શકાય છે. સમજી શકાય છે તેથી અનુમાન દ્વારા ગમ્ય છે. પ્રત્યક્ષથી ગમ્ય નથી. કેવલજ્ઞાની સર્વજ્ઞભગવંતો તેને પ્રત્યક્ષથી જોઈ શકે છે.

આપણા વડે આ પરમાણુઓ પ્રત્યક્ષ ગોચર થતા નથી પણ અનુમાન ગોચર થાય છે તથા આગમગોચર પણ છે. આ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના મુખ્યત્વે અણુ અને સ્કંધ એમ બે ભેદ છે. નવતત્ત્વાદિ ગ્રંથોમાં સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ ૪ ભેદ આવે છે. પરંતુ દેશ એ નાનો પણ સ્કંધ હોવાથી સ્કંધમાં જ અંતર્ભૂત થાય છે અને પ્રદેશ તથા પરમાણુ કદમાં સરખા જ હોય છે માત્ર પ્રદેશ એ સ્કંધ સાથે જોડાયેલો હોય છે અને પરમાણુ સ્કંધથી ભિન્ન હોય છે. આટલો જ તે બન્ને વચ્ચે તફાવત છે તેથી તે ભેદ પરમાણુમાં સમાઈ જાય છે માટે ગીતાર્થ પુરુષોએ પરમાણુ અને સ્કંધ એમ બે જ ભેદ બીજા ગ્રંથોમાં જણાવ્યા છે ॥

**ભાષ્ય :- तत्राणवोऽबद्धाः, स्कन्धास्तु बद्धा एवेति ॥ ५-२५ ॥**

**ભાષ્યનું ગુજરાતી :- ત્યાં અણુઓ (સ્કંધોની સાથે) બંધાયેલા હોતા નથી. પરંતુ સ્કંધો પરસ્પર અણુઓથી બંધાયેલા જ હોય છે. ॥ ૫-૨૫ ॥**

**भाष्य :- कथं पुनरेतद् द्वैविध्यं भवतीति ? अत्रोच्यते-स्कन्धास्तावत् ॥ अत्राह-**

**ભાષ્યનું ગુજરાતી :- પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં આ બે પ્રકાર કેવી રીતે છે ? અહીં તેનો ઉત્તર અપાય છે. એક ભેદ તો સ્કંધનો છે. (બીજો ભેદ પરમાણુનો છે. જે આગળ ઉપર સમજાવવામાં આવશે). અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે-**

**संस्कृत टीका :-** तत्राणव इत्यादि । अबद्धाः- परस्परेणासंयुक्ताः परमाणवः, स्कन्धाः पुनर्बादरपरिणामपरिणता अष्टस्पर्शा बद्धा एवाणुसङ्घाताः । सूक्ष्मपरिणामभाजस्तु चतुःस्पर्शा एव भवन्ति । बद्धाश्चे (एव) ति परस्परसंहत्या व्यवस्थिता इति ॥ ५-२५ ॥

**संस्कृत टीका :-** अत्राहेत्यादि सम्बन्धग्रन्थः ॥ अतः प्रश्नयति- परमाणवः स्कन्धाश्चेति । किंकृतोऽयं विशेषस्तुल्ये पुद्‌गलद्रव्ये ? सूरिराह- स्कन्धास्तावदित्यादि । क्रमप्राप्तेषु परमाणुषु वक्तव्येषु स्कन्धास्तावद् बहुवक्तव्यत्वात् प्रथममुच्यन्ते । तावच्छब्दः क्रमभेदावद्योतनार्थः । यथा च ते स्कन्धा समुद्‌भवन्ति, तथा सूत्रेऽत्र दर्शयति-

**ગુજરાતી ભાષાન્તર :- तत्राणवः** ઇત્યાદિ પદોવાળી ટીકાનું ગુજરાતી ભાષામાં રૂપાન્તર કરે છે- ત્યાં **अबद्धाः**= એટલે કે પરસ્પર સંયુક્ત થઈને અર્થાત્ પરસ્પર જોડાઈને- એકમેક થઈને સ્કંધ સ્વરૂપે નહીં બનેલા અર્થાત્ છૂટા છૂટા સ્વતંત્રપણે જ રહેલા જે પરમાણુઓ છે તે અણુઓ કહેવાય છે તથા સ્કંધોમાં સ્થૂલ બન્યા છતા બાદર પરિણામે પરિણત થયેલા એવા જે સ્કંધો છે તે આઠ સ્પર્શવાળા છે. અને પરસ્પર બદ્ધભાવને પામેલા એવા પરમાણુઓનો સમુદાય જ છે કે જે બાદરસ્કંધ સ્વરૂપે પરિણામ પામ્યા છે તથા વળી સૂક્ષ્મ પરિણામને પામેલા જે સ્કંધો છે તે ચાર સ્પર્શવાળા છે. અરસ-પરસ સમુદાય સ્વરૂપે બનીને પરસ્પર ચોંટેલા સ્કંધો સ્કંધ સ્વરૂપે બનેલા હોય છે. સારાંશ કે અણુઓ પરસ્પર અબદ્ધ જ હોય છે જ્યારે સ્કંધો પરસ્પર બદ્ધ હોય છે.

"**अत्राह**" ઇત્યાદિ પદોવાળી જે ટીકા છે કે જે ટીકા આગલા સૂત્રની સાથે સમન્વય સ્વરૂપે (અવતરણ સ્વરૂપે) છે. તેની સાથે જોડવા માટે આ પદો લખાય છે. અજ્ઞાની (અર્થાત્ અજાણ) એવો કોઈક શિષ્ય પ્રશ્ન પૂછે છે કે "પરમાણુ પણ પુદ્‌ગલદ્રવ્ય જ છે." અને

"સ્કન્ધ એ પણ પુદ્‌ગલ દ્રવ્ય જ છે" એમ પુદ્‌ગલ દ્રવ્યત્વધર્મની અપેક્ષાએ બન્ને સમાન જ છે. આમ સમાન હોવા છતાં એકને પરમાણુ કહેવાય અને બીજાને સ્કંધ કહેવાય ? આમ આવા પ્રકારનો આ વિશેષભેદ કોની અપેક્ષાએ કરવામાં આવ્યો છે ?

સૂરિમહારાજ (અર્થાત્ ગુરુ ભગવંત) ઉત્તર આપે છે કે સ્કંધ કોને કહેવાય ? તે પ્રથમ સમજીએ. મૂલસૂત્ર ૫-૨૫માં પ્રથમ પરમાણુનો ઉલ્લેખ છે પછી જ સ્કંધનો ઉલ્લેખ છે તેથી અર્થ પણ ક્રમસર જ લખવો જોઈએ તેના કારણે પરમાણુનો અર્થ પ્રથમ લખીને પછી જ સ્કંધનો અર્થ લખવો જોઈએ તો આ ક્રમનું ઉલ્લંઘન કરીને સ્કંધનો અર્થ પ્રથમ સમજાવવામાં કેમ આવે છે ? સ્કંધનું સ્વરૂપ પ્રથમ કેમ કહો છો ?

તેનો ઉત્તર ગુરુજી કહે છે કે बहुवक्तव्यत्वात् = સ્કંધના સ્વરૂપમાં ઘણું ઘણું કહેવાનું છે. તે કારણથી સ્કંધને પ્રથમ સમજાવાય છે. तावत् શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે ક્રમનો ભેદ સૂચવવા માટે જ છે. કારણ કે સ્કંધમાં ઘણું કહેવાનું છે તેની અપેક્ષાએ અણુમાં થોડું કહેવાનું છે. ઘણું જે કહેવાનું હોય તે કહેવાયે છતે થોડુ કહેવાનું હોય તે તો આપોઆપ જ સમજાઈ જાય છે આવો આશય મનમાં રાખીને સ્કંધને પ્રથમ સમજાવે છે. **तावत्** એવો જે શબ્દપ્રયોગ ગુરુજીએ કર્યો છે તે ક્રમનો ભેદ જણાવવા માટે જ કરેલ છે. ક્રમને છેદીને પણ હવે તે સ્કંધો કેવી રીતે બને છે ? તે વાત ૫-૨૬ સૂત્રમાં પ્રથમ જણાવે છે ॥ ૫-૨૫ ॥

## सूत्रम् :- सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ॥ ५-२६ ॥

**સૂત્રાર્થ :- સ્કંધોની ઉત્પત્તિ સંઘાત અને ભેદથી (તથા ઉભયથી) થાય છે.**

**भाष्य :- सङ्घाताद् भेदात् सङ्घातभेदादित्येभ्यस्त्रिभ्यः कारणेभ्यः स्कन्धा उत्पद्यन्ते द्विप्रदेशादयः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- (૧) સંઘાતથી, (૨) ભેદથી, અને (૩) સંઘાત તથા ભેદ એમ ઉભયથી આ પ્રમાણે ત્રણ કારણોથી દ્વિપ્રદેશી આદિ સ્કંધોની ઉત્પત્તિ થાય છે ॥**

**संस्कृत टीका :-** संघातादित्यादि भाष्यम् । एतदुक्तं भवति-संहतत्वाद् भिन्नत्वात् सङ्घात भेदाच्च स्कन्धानामुद्भवः ॥ इतिशब्दः कारणेयत्ताप्रकाशनार्थः । द्विप्रदेशादय इति सकल = स्कन्धराशेराद्यस्कन्धोपन्यासभावनयाऽशेषस्कन्धविषयः सङ्घातः सुज्ञान इत्यादिग्रहणमुदचीचरत् ॥

**ગુજરાતી ભાષાન્તર :- सङ्घात** ઇત્યાદિ પદોવાળા ભાષ્યના પદોના અર્થો સમજાવાય

છે. ઉપર ભાષ્યનો જે પાઠ છે તેનો અર્થ આ પ્રમાણે થાય છે: (૧) સંઘાતથી, (૨) ભેદથી (૩) અને સંઘાત તથા ભેદ એમ ઉભયથી- આમ કુલ ત્રણ પ્રકારે સ્કન્ધોની ઉત્પત્તિ થાય છે. જેમ કે બે પરમાણુ પરસ્પર મળવાથી જે દ્વયણુક બને છે. તે સંઘાતથી થયો કહેવાય. ત્ર્યણુક-ચતુરણુકાદિ જે સ્કંધો બનેલા હોય તેમાંથી એક-બે અણુ છૂટા પડવાથી દ્વયણુક જે થાય તે ભેદથી દ્વયણુક બન્યો કહેવાય તથા જે ત્ર્યણુકાદિ સ્કંધ હોય તેમાંથી બે અણુ છુટા પડી જાય અને નવો એક અણુ જોડાય તેનાથી દ્વયણુક બને તે સંઘાત અને ભેદ એમ ઉભયથી બન્યો કહેવાય છે આ પ્રમાણે (૧) સંઘાતથી, (૨) ભેદથી અને (૩) ઉભયથી એમ ત્રણ પ્રકારે સ્કંધોની ઉત્પત્તિ થાય છે.

ભાષ્યના પાઠમાં **सङ्घातभेदादित्येभ्यः** આ પાઠમાં જે इति શબ્દ વાપરવામાં આવ્યો છે તે સ્કંધોની ઉત્પત્તિમાં આ ત્રણ જ કારણો છે. તેનાથી અધિક કારણો નથી એમ **कारणेयत्ताप्रकाशनार्थं** કારણોની **इयत्ता** (આટલાં જ કારણો છે એમ) **इयत्ता** જણાવવા માટે પ્રકાશિત કરેલ છે.

સૌથી પ્રથમ સ્કંધ દ્વયણુકનો ગણાય છે. તેને આદિમાં રાખીને અન્તિમ અનંતાણુક વાળા સ્કંધો સુધીના તમામ સ્કંધોની ઉત્પત્તિ આ સૂત્રમાં સમજાવી છે આ પ્રમાણે સર્વે પણ સ્કંધોની જે રાશિ છે તેમાંથી પ્રથમ સ્કંધ જે દ્વયણુક નામનો છે તેનું નામ "**द्विप्रदेश**" આવા ભાષ્યના પાઠમાં કહીને એટલે કે દ્વયણુક આવા પ્રકારનો પ્રથમ સ્કંધના નામનો ઉલ્લેખ કરવા દ્વારા બાકીના સર્વે પણ સ્કંધોનો વિષય સારી રીતે સમજાઈ જાય તે માટે જ **आदि** શબ્દનું ગ્રહણ કરેલું છે. એમ જાણવું. ॥

**भाष्य :- तद्यथा-द्वयोः परमाण्वोः सङ्घातात् द्विप्रदेशः, द्विप्रदेशस्याणोश्च सङ्घातात् त्रिप्रदेशः । एवं सङ्ख्येयानामसङ्ख्येयानां च प्रदेशानां सङ्घातात् तावत्प्रदेशाः ॥**

**ભાષ્યનું ગુજરાતી:- બે પરમાણુઓનો સંઘાત થવાથી દ્વિપ્રદેશી સ્કંધ બને છે. દ્વિપ્રદેશી એક સ્કંધ તથા એક પરમાણુ સાથે મળવાથી ત્રિપ્રદેશી સ્કંધ બને છે. આ પ્રમાણે સંખ્યાત પ્રદેશો અને અસંખ્યાત પ્રદેશો સાથે મળીને તેવા તેવા સ્કંધ સ્વરૂપે જે બને છે તેને સંખ્યાત પ્રદેશી અને અસંખ્યાત પ્રદેશી સ્કંધ કહેવાય છે.**

**संस्कृत टीका :-** तद्यथेत्यादिना सङ्घातादित्रितयं भावयति । स्कन्धोत्पादकारणं

**त्रिविधम् । प्रकारान्तराभावप्रदर्शनपरमिदं वचनं मुनेः । द्वयोरित्यादि - द्वयोरणुकयोः सङ्घाताद् अन्योन्याश्लेषपरिणामात् द्वयणुकस्कन्धो निष्पद्यते । वक्ष्यत्युपरिष्टात् ( अ. ५, सूत्र ३२ )- "स्निग्धरूक्षत्वाद् बन्धः" इति । कथं पुनर्निरवयवयोर्द्वयोरणुकयोः संहतौ द्वयणुकः स्कन्धो निष्पद्यते । एवं मन्यते-तयोर्हि संश्लेषः परस्परेण सर्वात्मनैकदेशेन वा भवेत् ? यदि च सर्वात्मना ततः सकलमपि जगदेकपरमाणुमात्रं स्यात्**

**एकदेशेन चेत् सावयवोऽणुः प्रसज्यते, सैषोभयतः पाशा रज्जुरिति दुर्घटः सङ्घातः । तस्मात् परमाणवः परस्परेणानाश्लिष्टा एव प्रत्यासत्तिभाजः केशा इवाकाशे समुदिता एवोपलभ्यन्ते, न विदूरवर्तिन इति प्रतीतं तथा दर्शनमाविद्वदङ्गनाबालम् । परस्परसङ्घट्टस्त्वसम्बध्यमानकत्वादुपेक्षणीय इति ॥**

**ગુજરાતી ભાષાન્તર :-** (૧) સંઘાત (૨) ભેદ અને (૩) ઉભય (સંઘાત અને ભેદ એમ બન્ને સાથે)- એમ કુલ ત્રણ પ્રકારે સ્કંધો બને છે. આ વાત ટીકાકારશ્રી હવે સમજાવે છે. સ્કંધોની ઉત્પત્તિમાં કુલ ત્રણ કારણો છે તે ત્રણ કારણો આ પ્રમાણે છે -

**(૧) સંઘાત-** એટલે સાથે મળવું. બે પરમાણુઓ પરસ્પર જોડાવાથી દ્વયણુક સ્કંધની એમ આગળ આગળ સ્કંધોની ઉત્પત્તિ થાય છે તથા (૨) ત્ર્યણુક-ચતુરણુક વગેરે મોટા સ્કંધોમાંથી એક અથવા બે વગેરે પરમાણુઓનો ભેદ થવાથી (એટલે કે એક અથવા બે પરમાણુઓ વિખેરાઈ જવાથી) પણ દ્વયણુક-ત્ર્યણુક આદિ સ્કંધોની ઉત્પત્તિ થાય છે આ ભેદથી ઉત્પત્તિ થઈ એમ કહેવાય છે.

(૩) તથા વળી ત્ર્યણુક ચતુરણુક આદિ સ્કંધોમાંથી એક અથવા બે પરમાણુઓનો ભેદ થાય તે જ કાળે સાથે સાથે બીજા એક-બે પરમાણુઓ નવા ઉમેરાય ત્યારે પણ દ્વયણુક-ત્ર્યણુક આદિ સ્કંધોની જે ઉત્પત્તિ થાય છે તે આ સંઘાત અને ભેદ એમ ઉભયનું દૃષ્ટાન્ત સમજવું. આ પ્રમાણે સ્કંધોની ઉત્પત્તિ કુલ ત્રણ પ્રકારે થાય છે.

આ પ્રમાણે સ્કંધની ઉત્પત્તિનાં કારણો (૧) સંઘાત, (૨) ભેદ, અને (૩) ઉભય- એમ ત્રણ પ્રકારે સ્કંધો બને છે. આ ત્રણ પ્રકાર વિના બીજો કોઈ પ્રકાર સ્કંધ બનવાનો નથી જ, આ ત્રણ પ્રકાર વિના અન્ય પ્રકારનો અભાવ છે એમ પરમમુનિ પુરુષોનું કથન છે.

"द्वयोः" આવો જે ભાષ્યમાં પાઠ છે ત્યાં બે અણુઓનો સંઘાત થવાથી (પરસ્પર મિલન થવાથી), અરસપરસ આલિંગન થવાથી, એકમેકપણે પરિણામ પામવા સ્વરૂપે દ્વયણુકાદિ સ્કંધો બને છે. આગળ ઉપર (અધ્યાય ૫, સૂત્ર ૩૨માં આ વાત કહેવાશે કે)

પુદ્ગલદ્રવ્યોમાં રહેલી સ્નિગ્ધતા અને ઉષ્ણતા આ બન્ને ગુણો હોવાથી જ પરસ્પર બંધ થાય છે.

**પ્રશ્ન :-** બન્ને પરમાણુઓ પોતે નિરવયવી છે આવા પ્રકારના અવયવ વિનાના બે પરમાણુઓનું પરસ્પર મિલન થવાથી દ્વયણુક નામનો સ્કંધ કેવી રીતે બને ? કારણ કે પરસ્પર સાથે જોડાનારા બન્ને પરમાણુઓ પોતે નિરવયવી છે (અવયવ વિનાના છે) તેમાંથી દ્વયણુકનો સ્કંધ કેવી રીતે બને ? આ વિષયમાં ઘણો સૂક્ષ્મ વિચાર કરતાં આ પ્રમાણે સમજાય છે કે તે બન્ને પરમાણુઓનો જે સંશ્લેષ (સંબંધ) થાય છે તે શું સર્વાત્મના (પૂર્ણપણે એકમેક) થાય છે કે માત્ર એકદેશથી (એક ભાગથી) જ સંબંધ થાય છે ? જો સર્વથા બન્ને પરમાણુઓ મળી જતા હોય તો બે પરમાણુઓ સાથે મળીને એક પરમાણુ સ્વરૂપ બન્યો એમ જ અર્થ થયો અને એમ થાય તો ધીરે ધીરે ત્રણ પરમાણુનો સંબંધ થતાં ત્ર્યણુકનો પણ એક પરમાણુ જ થઈ જાય એમ યાવત્ આખુંય જગત એક પરમાણુ સ્વરૂપ જ બની જશે. આવી આપત્તિ આવશે, જેનાથી આ જગત પદાર્થો વિનાનું માત્ર એક પરમાણુ સ્વરૂપ થઈ જશે.

હવે જો તમે એમ કહો કે કોઈ પણ એક પરમાણુ બીજા પરમાણુ સાથે સર્વથા એકસ્વરૂપ થતો નથી, પરંતુ એક દેશથી (કોઈ પણ એક ભાગથી) જોડાય છે તો તે વિવક્ષિત પરમાણુ પણ દેશભાગવાળો હોવાથી સાવયવી થશે. અર્થાત્ તે વિવક્ષિત પરમાણુને પણ ભાગો છે એવો અર્થ થશે એટલે કે વિવક્ષિત પરમાણુને પણ આગલો ભાગ- પાછલો ભાગ એમ ભાગવાળો માનવો પડશે પરંતુ પરમાણુમાં આવા ખંડ-ભાગ હોતા નથી. આમ બન્ને બાજુથી (સર્વાત્મના માનો તો પણ તથા એકદેશથી માનો તો પણ એમ બન્ને રીતે) તમને ઉભય બાજુ ગળે "पाशरज्जु" નામનો દોષ જ લાગશે. અર્થાત્ બન્ને બાજુ દોષ જ આવશે, તેને કહેવાય કે ગળામાં રજ્જુથી બંધાવાનો દોષ રૂપ પાશ (જાળ) લાગશે.

તમને "પરમાણુઓનો સંઘાત થવાથી દ્વયણુકાદિ થાય" આ વાત માનવામાં આવી આવી ઘણી આપત્તિ આવશે માટે સંઘાત ઘટવો ઘણો જ દુષ્કર બનશે તેથી પરમાણુઓ પરસ્પર અનાશ્લિષ્ટ જ (એકબીજાની સાથે એકમેક થયા વિનાના જ માત્ર પ્રત્યાસત્તિભાવને (નિકટવર્તીપણાને) ભજનારા બને છે જેમ માથાના વાળ પરસ્પર નિકટવર્તી છે પરંતુ એકમેક થઈને સ્કંધસ્વરૂપ બન્યા હોય એવું નથી. માથાના વાળની જેમ પરમાણુઓ પરસ્પર અડેલા છે પરંતુ પિંડીભાવ પામીને સ્કંધસ્વરૂપ બન્યા નથી. અને આ વાત પ્રત્યક્ષસિદ્ધ છે તથા આ વાત વિદ્વાન પુરુષોમાં સ્ત્રીવર્ગમાં અને બાળકોમાં પણ જાણીતી છે. પરમાણુઓનો પરસ્પર સંઘર્ષ થવાનું તો અબધ્યમાન હોવાથી જ ઉપેક્ષા કરવા યોગ્ય છે આ પ્રમાણે માથાના કેશની જેમ પરમાણુઓ પરસ્પર અડીને જ રહેલા છે પરંતુ એકમેક થઈ જતા નથી. જેથી દ્વયણુકાદિ

સ્કંધો બનતા જ નથી. તેથી દ્વયણુકાદિ સ્કંધો છે, આ તમારી કહેલી વાત મગજમાં ઊતરતી જ નથી. આ પ્રમાણે પ્રશ્નકારે પોતાનો પ્રશ્ન રજુ કર્યો છે. ઉત્તર હવે આગલા પાઠમાં અપાય છે.

अयुक्तमेतदुच्यते- परेणाप्रेक्षितवस्तुयाथात्म्येनेति यथा तथा विभाव्यते । परमाणवो हि रूपरसगन्धस्पर्शात्मकत्वात् सप्रतिघाः संयोगकाले सव्यवधयो न परस्पर व्याप्त्या वर्तन्ते । रूपाद्यवयत्वात्, स्तम्भकुम्भादिवत् । प्रतिपादितश्चायमर्थः प्राक्-स्यान्निरवयवः स्यात् सावयवः परमाणुर्द्रव्यभावभेदात् । अपि च-द्रव्यात्मनाऽणुरेकः प्रत्यस्तमितसकलभेदस्तत्र कथं सर्वशब्दः प्रयुज्यमानोऽनेकवस्तुविषयो निरवशेषाभिधायितया लोकेऽविगानेन रूढो नासम्बन्धार्थो भवेत् ?

कथं वा नानाध्यवसितस्य वस्तुनः कस्यचिदेवाभिधाय्येकदेशशब्दो निर्भेदपरमाणुविषये प्रसज्यमानः साध्यमानं प्रतिपत्स्यते ? सोऽयमेवं विकल्पद्वयानुसारी वचनप्रयोगः शब्दार्थानभिज्ञानानामत्यन्तप्रसिद्धलोकव्यवहारपराङ्मुखानां जडिमानमातनोति क्षुत्रसत्त्वानाम् ॥

आशङ्कते चैवंप्रकारान् कातरपुरुष एवैकान्तवादी, न पुनः सकलवादपरमेश्वरस्याद्वाद समाश्रयोपपन्नातुलसामर्थ्यः स्याद्वादीति । न च परमाण्वन्तरेण सह घटमानोऽसौ केनचिद् देशेन युज्यते निरवयवत्वात् । किन्तु स्वयमेवावयवो द्रव्यान्तरावयवद्रव्यरहितः परमाणुना सह भेदेन योगमायाति, न चाण्वन्तरमाविशति । स हि सक्रियः परमाणुस्थमाकाशमेवाविशति, अणुस्तिष्ठत्यस्मिन्नित्यणुस्थं करणाधिकरणयोर्घजर्थे कविधानम् । "स्थास्नापाव्यधिहति बुध्यर्थमणौ वा तिष्ठतीति" विवक्षावशादणुसम्बन्धमुच्यते ।

यद्यावेशो नास्ति देशे न तर्हि योगः प्रसक्तः । परस्परमनाश्लिष्टत्वाद् द्वयङ्गुलवदिति । अयमनपदेशः ॥

न वयमावेशतो योगं सङ्गिरामहे । किन्तु निरवयवत्वात्, तस्य द्रव्यप्रदेशान्तरं द्वयङ्गुलयेव संयुक्तं नास्ति । स्वयमेवासौ युक्त इत्येतावदभिदध्महे । हेतोश्चानैकान्तिकता । सूक्ष्मक्षेत्रच्छेदप्रविभक्त द्वयङ्गुलपर्यन्तवर्तिनौ प्रदेशौ निरन्तरावस्थितावनाविशन्तावेव संयुक्तौ । न च देशेन, सूक्ष्मत्वादन्यस्य देशान्तरस्यासम्भवात् । न च नाङ्गुल्यौ युक्ते, निरन्तरत्वात्, न चान्योन्यावेशः प्रदेशानाम् द्वयङ्गुलाभाव प्रसङ्गादिति ॥

**ગુજરાતી ભાષાન્તર :**- ઉપરના ફકરામાં વિસ્તારથી જે પ્રશ્ન કરવામાં આવ્યો છે તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી જણાવે છે કે-अयुक्तम् एतद् उच्यते - ઉપર જે પ્રશ્ન કરવામાં આવ્યો છે. તે આ અયુક્ત વાણી છે. અર્થાત્ વસ્તુના યથાર્થ સ્વરૂપનો વિચાર કર્યા વિના જ પર (શિષ્ય) વડે જેમતેમ મનમાં વિચાર કરાયો છે. (એટલે કે તેઓએ કરેલો પ્રશ્ન વિચાર

વિનાનો છે. અને અયોગ્ય છે.) આવું કહેનારો આ વાદી યથા-તથા (જેમ-તેમ) મન ફાવે તેમ યુક્તિ વિનાનું બોલનાર છે. મનમાં જેવું આવ્યું તેવું બોલનાર છે. પૂર્વાપરની સંકલના કરીને તે સંકલનાપૂર્વક વિચારો કરીને બોલનાર આ પ્રશ્નકાર નથી. મનમાં જેમ આવ્યું તેમ બોલી નાખનાર આ શિષ્ય છે.

સર્વે પણ પરમાણુઓ પુદ્ગલદ્રવ્ય હોવાથી વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એમ આ ચાર ગુણોવાળા પરમાણુ હોવાથી દ્રવ્યથી તે પરમાણુ એક હોવા છતાં પણ અનેક ગુણોનો આધાર હોવાથી "सप्रतिघ" છે. અર્થાત્ ભાવથી પ્રદેશોવાળા છે અનેક ગુણોના સમૂહવાળો આ પરમાણુ છે.

પરમાણુ પોતે સંખ્યામાં એક પરમાણુ હોવાથી એક છે. છતાં પણ અનેક ગુણોનો આધાર છે તે માટે કથંચિદ્ સાવયવ અને કથંચિદ્ નિરવયવ પણ છે દ્રવ્યથી જોઈએ તો પરમાણુ પોતે સંખ્યામાં એક જ હોવાથી નિરવયવી છે. પરંતુ તેમાં ગુણો (અને પર્યાયો) ઘણા હોવાથી ભાવથી તે પરમાણુ સાવયવી પણ છે.

એટલે જ્યારે બે પરમાણુનો સંયોગ થાય છે અને દ્વયણુકાદિ સ્કંધો બને છે ત્યારે તેવા સંયોગના કાળમાં એક બીજાનું વ્યવધાન કરનારા છે. એટલે કે એક પરમાણુમાં બીજો પરમાણુ ઘૂસી જાય બન્ને મળીને એક જ થઈ જાય તેવી રીતે એક પરમાણુમાં બીજો પરમાણુ સમાઈ જાય છે. એમ વ્યાપકપણે વર્તતો નથી. જેમ સ્તંભ (થાંભલો) અને કુંભ(ઘટ) પરસ્પર જોડાય ખરા, પરંતુ એકમાં બીજો ઘૂસી જાય અને બે પદાર્થનો એક પદાર્થ થઈ જાય તેમ સર્વથા એકમેક થતા નથી. તેવી જ રીતે એક પરમાણુ બીજા પરમાણુ સાથે જોડાઈને સંયોગ પામે છે તેનાથી દ્વયણુક બને છે પરંતુ બન્ને પરમાણુ એકમેક થઈને અને એક પરમાણુ સ્વરૂપ બની જાય દ્વિત્વનો ત્યાગ કરી દે તેમ વ્યાપકપણે વર્તતા નથી, એક પરમાણુ સ્વરૂપ બની જતા નથી, કારણ કે આ સર્વે પરમાણુઓ વર્ણાદિ ગુણોવાળા હોવાથી રૂપાદિ ગુણો રૂપી ભાવ અવયવોવાળા છે. અર્થાત્ દ્રવ્યથી સાવયવી નથી પણ ગુણોથી સાવયવી છે.

ઉપર કહેલો અર્થ જોકે અમે પૂર્વે જણાવી ચૂક્યા છીએ કે દ્રવ્ય અને ભાવના ભેદથી પરમાણુઓ નિરવયવ અને સાવયવ- એમ બે પ્રકારના છે. દ્રવ્યથી નિરવયવી અને ભાવથી સાવયવી છે એટલે કે દ્વયણુકાદિ સ્કંધો જ્યારે બને છે ત્યારે એક પરમાણુમાં બીજો પરમાણુ ઘૂસી જતો નથી કે જેથી ત્રણે જગત ધીરે ધીરે ઘૂસતાં ઘૂસતાં એક પરમાણુ સ્વરૂપ બની જાય. આવું તમે જે કહ્યું તે થતું નથી પરંતુ પરસ્પર જોડાઈને એકમેક થઈને દ્વયણુક ત્ર્યણુક સ્વરૂપે સ્કંધાત્મક બનીને રહે છે એમ સર્વત્ર પુદ્ગલાસ્તિકાયમાં સમજવું.

તથા વળી પરમાણુ દ્રવ્યસ્વરૂપે સંખ્યામાં એક જ છે. કોઈપણ પરમાણુ સંખ્યામાં એક જ હોય છે. प्रत्यस्तमित = નાશ પામ્યા છે સર્વ ભેદ-પ્રભેદો જેમાંથી એવો કોઈ પણ પરમાણુ પોતે સંખ્યામાં એક જ છે. ત્યાં સર્વ શબ્દનો પ્રયોગ જ કેમ થાય ?

સર્વ શબ્દ કેમ વપરાય ? આ સર્વ શબ્દ તો અનેક વસ્તુનો વિષય સૂચવનાર છે. તેટલા જ માટે લોકમાં આ सर्व શબ્દ નિરવશેષ (સંપૂર્ણ) એવા અર્થના અભિધાયીપણે જ રૂઢ છે. સર્વ એટલે સઘળું જેમાં કોઈ બાકી નથી તે ઘણી વસ્તુના સમૂહને સૂચવનારો આ સર્વ શબ્દ છે એવા સઘળા અર્થને સૂચવનારો આ સર્વ શબ્દ લોકમાં રૂઢ છે.

આ પ્રમાણે હોવાથી એક પરમાણુ બીજા પરમાણુની સાથે સર્વાત્મના વ્યાપ્ત થાય છે અર્થાત્ એક પરમાણુમાં બીજો પરમાણુ મળી જાય છે. બન્નેનો મળીને એક પરમાણુ થઈ જાય છે. આવો અર્થ અસંબંધિત છે તે કેમ સંભવી શકે! અર્થાત્ સર્વાત્મનાવાળો પક્ષ તો હવામાં જ ઊડી જાય છે.

તથા नानाध्यवसितस्य = ભિન્ન ભિન્ન અનેક અધ્યવસાયના અભિપ્રાયવાળી જે વસ્તુ હોય છે તેના કોઈ એક અભિપ્રાયની ચર્ચા કરવી હોય તો જ एकदेश શબ્દ વપરાય છે જ્યારે પરમાણુમાં કોઈ બીજા ભેદો જ નથી, અખંડ દ્રવ્ય છે. તેવા નિર્ભેદાવસ્થાવાળા પરમાણુને વિષે વપરાતો આ "આ એકદેશ શબ્દ " સંગતિને કેવી રીતે પામે ? જે પરમાણુમાં અંશો જ નથી ત્યાં એકદેશથી સંબંધી છે કે સર્વાંશથી સંબંધ છે આવો પ્રશ્ન જ ઊઠતો નથી.

જે વસ્તુ અનેકદેશવાળી હોય તેમાં જ "એકદેશ" શબ્દ વપરાય છે પરંતુ જ્યાં પોતે એક જ છે. બીજા અંશો (દેશો) નથી.તેવા પ્રકારનો પરમાણુ પોતે એક જ છે. નિરવયવી દ્રવ્ય છે ત્યાં "एकदेशथी" સંબંધ છે આવી વાત પણ કેમ કરાય એટલે આ પ્રશ્ન જ અનુચિત છે.

આ પ્રમાણે સર્વથા કે દેશથી ? આવા પ્રકારના બન્ને વિકલ્પોવાળો આ વચનપ્રયોગ (બે વિકલ્પોવાળી આ ચર્ચા) શબ્દને અને તેના અર્થને નહીં જાણનારા એવા લોકો તથા અત્યન્ત પ્રસિદ્ધ એવા લોકવ્યવહારથી પરાઙ્મુખ જે લોકો છે તે લોકો તથા લોકવ્યવહારને નહીં અનુસરનારા જે લોકો છે, તેવા લોકો ક્ષુદ્રજીવોની (સામાન્ય બાલ જીવોની) મૂર્ખતાને વધારનારા છે. સારાંશ કે પરમાણુ જેમ નિરવયવી દ્રવ્ય છે તેમાં સર્વથી કે દેશથી આવા પ્રશ્નો કરીને પોતાની અજ્ઞાનતાને (મૂર્ખતાને) જ જણાવે છે અને લોકમાં પોતાની મૂર્ખતા જ પ્રદર્શિત કરે છે.

જે કાયરપુરુષો હોય છે તથા જે હીનસત્ત્વવાળા પુરુષો હોય છે વળી જે એકાન્તવાદી

મિથ્યામતિવાળા લોકો હોય છે. તે જ આવા ખોટા ખોટા પ્રશ્નો કરે છે અને પોતાના મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, અનંત સંસાર વધારે છે.

પરંતુ સર્વ વાદોના પરમેશ્વર એવા સ્યાદ્‌વાદમાર્ગનો આશ્રય કરનારા અને સ્યાદ્વાદના આશ્રયના કારણે જ પ્રગટ થયું છે અનુપમ સામર્થ્ય (અપરિમિત બળ) જેઓને તેવા પારમાર્થિક જૈનોને આવા પ્રશ્નો ઊઠતા જ નથી કારણ કે સ્યાદ્‌વાદવાળી દૃષ્ટિથી જ તેનો નિર્ણય કરી શકાય છે તેથી કોઈ પ્રશ્નો રહેતા જ નથી.

કોઈ પણ એક પરમાણુ બીજા પરમાણુની સાથે જે સંબંધ પામે છે. ત્યાં આ સંબંધ પરમાણુના કોઈ એક ભાગથી સંબંધ થાય છે આમ બનતું નથી કારણ કે પરમાણુ પોતે નિરવયવી છે તેથી તેમાં આ ભાગ અને પેલો ભાગ એવા ભેદ જ નથી. તેના કારણે આ બાજુના ભાગથી સંબંધ થયો છે. આમ કહી શકાતું નથી. અને તેમ હોઈ શકતું પણ નથી. પરંતુ સ્વ એટલે પરમાણુ પોતે અવયવસ્વરૂપ છે જ, અને બીજો પણ કોઈ એક પરમાણુ (કે જે દ્રવ્યાન્તરના અવયવભૂત છે) અનેક દ્રવ્યોથી રહિત છે તેવો કેવળ એક પરમાણુ સ્વરૂપ જ છે તે બીજા પરમાણુની સાથે ભિન્ન રહીને (અર્થાત્ બન્ને પરમાણુઓ પરમાણુપણે સ્વતંત્ર રહીને જ) સંયોગ પામે છે.

સારાંશ કે બે પરમાણુનો એક પરમાણુ થઈ જાય એવો એકમેક સંબંધ પામતા નથી, એકમેક થતા નથી. પરંતુ પરસ્પર ભિન્ન ભિન્ન રહ્યા છતા સંયોગમાત્રથી જોડાઈને દ્વયણુક-ત્ર્યણુક આદિ રૂપે પરિણામ પામે છે.

પરંતુ પાણીમાં જેમ મીઠું ઓગળી જાય તથા પાણીમાં સાકર જેમ પીગળી જાય તેમ એક પરમાણુમાં બીજો પરમાણુ ભળી જાય અને બન્ને પરમાણુઓનો એક પરમાણુ થઈ જાય એવો અત્યન્ત અભેદ પણ થતો નથી.

આવા પ્રકારનો એક પરમાણુ સક્રિય થયો છતો જે આકાશપ્રદેશમાં છે તે જ આકાશપ્રદેશમાં બીજો પરમાણુ પણ ત્યાં વ્યાપ્ત થઈ શકે છે. "अणुः तिष्ठति अस्मिन्"એક પરમાણુ રહે છે જે આકાશપ્રદેશમાં તે જ આકાશપ્રદેશમાં બીજો અણુ પણ સુખે સુખે સંયોગ પામીને રહી શકે છે. આ પ્રમાણે અધિકરણ અને કરણ આ બન્ને અર્થમાં घञ् પ્રત્યયના અર્થમાં क પ્રત્યય(પાણિનિ વ્યાકરણના નિયમ પ્રમાણે) લાગીને બનેલ છે. क પ્રત્યયનું વિધાન છે. अणु+स्था+क તેમાં क इत જાય છે. એટલે अणुस्थम् શબ્દ બને છે "स्थापस्नापाव्यधिहतिबुध्यर्थमणौ वा तिष्ठतीति" આવી વિવક્ષા કરવાથી अणुની સાથે જે સંબંધવાળું હોય તેને પણ अणुस्थ કહેવાય છે આ રીતે શબ્દો બને છે.

**પ્રશ્ન** :- જો આ પ્રમાણે એક પરમાણુની અંદર બીજો પરમાણુ આવેશ (પ્રવેશ) પામ્યો ન હોય, એકમેક બન્ને થયા ન હોય તો વિવક્ષિત એવા એક પરમાણુના ક્ષેત્રમાં જ બીજા પરમાણુનો યોગ થયો છે (મિલન થયું છે) આમ કહેવાશે નહીં ? જે બે આંગળીઓ પરસ્પર સ્પર્શીને રહેતી હોય તેમ બે પરમાણુઓ જો પરસ્પર અડીને (સ્પર્શીને જ) રહ્યા હોય પરંતુ એક પરમાણુમાં બીજા પરમાણુ આશ્લિષ્ટ (આલિંગિત)એકમેક બન્યો ન હોય તો તેને દ્વયણુકાદિનો વ્યવહાર થઈ શકે છે. પરંતુ બન્ને પરમાણુ મળીને એક પરમાણુ થયો છે આમ કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય.

**ઉત્તર** :- ઉપર કહેલો જે માર્ગ છે તે પણ અપદેશ છે. અર્થાત્ ઉચિત નથી, સાચો જવાબ નથી. અમે જૈનો પણ આવેશથી (અંદર પ્રવેશ પામી જાય એવો) સંયોગ થાય છે એમ કહેતા નથી અર્થાત્ એક પરમાણુમાં બીજો પરમાણુ પ્રવેશ પામી જાય છે જેમ પાણી અને મીઠું એકમેક થાય છે તથા પાણી અને સાકર જેમ એકમેક થાય છે તેમ એકમેક બે પરમાણુઓ થઈ જાય છે એવું અમારું એટલે કે જૈનોનું કહેવું નથી.

પરંતુ વિવક્ષિત એવો એક પરમાણુ નિરવયવી હોવાથી બે આંગળીની જેમ તેમાં આગલો ભાગ પાછલો ભાગ કે ઉપરનો ભાગ કે નીચેનો ભાગ એમ અંશો પણ હોતા નથી. દ્રવ્યાત્મક ટુકડા તેમાં સંભવતા નથી. નાનામાં નાનો છેલ્લો અને નિરવયવી એવો આ પરમાણુ છે એટલે તે અણુનો ઉપલો ભાગ કે સાઈડનો ભાગ એમ આંગળીની જેમ કલ્પાતા નથી અને હોતા પણ નથી. દ્રવ્યથી સાવયવી નથી, નિરવયવી જ છે.

પરંતુ નિરવયવી એવો એક પરમાણુ નિરવયવી એવા બીજા પરમાણુની સાથે મળીને પરસ્પર જોડાય છે. સંયોગ માત્ર પામે છે. તેથી દ્વયણુક-ત્ર્યણુકાદિ સ્કંધો બને છે. આટલું જ અમે જૈનો કહીએ છીએ.

"પરમાણુ પોતે નિરવયવી હોવાથી અન્ય પરમાણુની સાથે સંયોગ પામ્યો છતો દ્વયણુકાદિ રૂપે બને છે" ફક્ત આટલું જ અમારું કહેવું છે. પરમાણુ પોતે નિરવયવી છે અને તે એક ભાગથી બીજા પરમાણુ સાથે સંયોગ પામે છે એમ અમારું કહેવું નથી. પરમાણુના ભાગ જ હોતા નથી. એક પરમાણુમાં બીજો પરમાણુ પાણી અને મીઠાની જેમ એકમેક થઈ જાય છે એવું પણ અમારું જૈનોનું કહેવું નથી.

પરંતુ અન્તિમ અવસ્થાવાળો નિરવયવી એવો આ પરમાણુ પોતે જ બીજા પરમાણુની સાથે મળીને બન્નેના મિલનમાં બન્ને પરમાણુ સ્વતંત્રપણે રહે જ છે. માત્ર જોડાઈને બે થાંભલાની જેમ દ્વયણુક સ્વરૂપે પરિણામ પામે છે. જેમ એક રૂમમાં એક લાઈટ ચાલુ કરીએ તો તેના પ્રકાશનાં પુદ્ગલો આખા રૂમમાં પથરાય છે. ત્યારબાદ બીજી-ત્રીજી લાઈટ ચાલુ

કરીએ તો તેના પ્રકાશના પરમાણુઓ પણ રૂમમાં જ પથરાય છે એટલે જ પ્રકાશ ઘટ્ટ થતો જણાય છે.

એકી સાથે ૧૦૦ લાઈટ ચાલુ કરીએ તો સોએ લાઈટનો પ્રકાશ તે રૂમમાં પથરાય છે તેથી ગરમ ગરમ રૂમ થાય છે. ત્યારબાદ જે જે લાઈટ બુઝવો તેનો તેનો જ પ્રકાશ ઓલવાય છે. જેમ એક જ રૂમમાં સેંકડો દીપકના પ્રકાશો પોતપોતાની રીતે ભિન્ન ભિન્ન પણે એકી સાથે વર્તે છે, તેમ સ્કંધમાં પરમાણુઓ પણ લાઈટના પ્રકાશની જેમ પોતાનું વ્યક્તિત્વ સાચવીને જ સમૂહ રૂપે સાથે રહે છે જેથી પ્રકાશ ઘટ્ટ લાગે છે. તેમ આ સ્કંધ પરિણામ પામે છે.

વિવક્ષિત એવો એક પરમાણુ બીજા પરમાણુની સાથે દૂધ-પાણીની જેમ એકમેક થતો નથી પરંતુ ભિન્ન રહીને પરસ્પર પણે જોડાયો છતો. સંયોગથી સાથે વર્તે છે- આટલો જ અર્થ કરવો. એક પરમાણુની સાથે બીજા પરમાણુનો સંયોગસંબંધ છે. પરમાણુઓનો ભેદ તો રહે જ છે, માત્ર સંયોગસંબંધ થવાથી પિંડીભાવ થાય છે અર્થાત્ સ્કંધ સ્વરૂપે પરિણામ પામે છે.

તથા વળી વાદીઓએ **अनाश्लिष्टत्वात्** આવો જે હેતુ કહ્યો હતો તે સાધ્યાભાવવદ્વૃત્તિવાળો હેતુ હોવાથી સાધારણાનૈકાન્તિક હેત્વાભાસ થાય છે, સદ્હેતુ રહેતો નથી. તેઓનો જે હેતુ છે તે હેતુ નથી પણ હેત્વાભાસ થાય છે. ખરેખર તો, સૂક્ષ્મ એવા ક્ષેત્રનો લગભગ છેડો આવે તેવી રીતે છેદ કરતાં કરતાં અન્તિમ અવસ્થામાં રહેલા બે પ્રદેશો (અંગુલના અન્તે-છેડે વર્તનારા બે અણુઓ) નિરવયવી છે અને પરસસ્પર જોડાયેલા છે પરંતુ બન્ને સ્વતંત્ર અણુઓ છે.

**"सूक्ष्मक्षेत्रप्रविभक्त द्वयङ्गुलपर्यन्तवर्तिनौ प्रदेशौ, निरन्तरौ, अवस्थितौ, अनाविशन्तौ एव संयुक्तौ"**

સૂક્ષ્મ એવા ક્ષેત્રનો લગભગ છેડો આવે તેવી રીતે છેદ કરતાં કરતાં અન્તિમ અવસ્થામાં રહેલા બે અંગુલના છેલ્લા બન્ને ભાગોમાં વર્તનારા બે અણુઓ (બે પ્રદેશો) પરસ્પર નિરવયવી છે અને ભિન્ન જ રહે છે. એક પરમાણુમાં બીજો પરમાણુ ઘૂસી જતો નથી. ભિન્ન રહ્યા છતા ચાર આંગળીની જેમ સંયોગમાત્ર પામે છે જેથી તે દ્વયણુક કહેવાય છે. બે અણુઓ પોતે પણ નિરવયવી છે અને પરસ્પર અતિશયપણે જોડાયેલા છે જેથી દ્વયણુક-ત્ર્યણુક ઇત્યાદિ સ્કંધ રૂપે પરિણામ પામ્યા છે. પરંતુ બે અણુઓનો એક અણુ થતો નથી અને થશે પણ નહીં. આવા પ્રકારનું આ પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ છે.

બે અંગુલીને ભેગી કરવાથી સંયોગ નથી પામી એમ નથી પરંતુ અવશ્ય સંયોગ પામી જ છે. પરસ્પર નિરન્તર- પણે જોડાયેલી હોવાથી વચ્ચે વચ્ચે અંતર નથી જ, પરંતુ એક અંગુલીમાં બીજી અંગુલીનો પ્રવેશ થઈ ચૂક્યો હોય અને એક અંગુલી સ્વરૂપ બની ગઈ હોય તેવું પણ થયું નથી જ। જો એક-બીજામાં મળી ગયાં હોય તો બે અંગુલી અથવા બે અણુ એમ કહેવાય જ નહીં, ઊલટું એમ કહેવાત કે બે અણુઓ સાથે મળીને એક અણુ જ થયો છે, આમ કહેવાત.

પરંતુ આમ બોલાતું પણ નથી અને એક અણુ થયો હોય એમ દેખાતું પણ નથી માટે બન્ને અણુઓ સ્વતંત્ર છે નિરવયવી છે અને સાથે જોડાવા છતાં રહેશે પણ ભિન્નપણે જ। માત્ર બન્નેનો અતિશય સંયોગવિશેષ જ થયો છે તેથી દ્વયણુક-ત્ર્યણુક ઇત્યાદિ રૂપે કહેવાય છે. જો આમ સ્કંધ ન બન્યો હોત તો આ દ્વયણુક સ્કંધ છે, આ ત્ર્યણુક સ્કંધ છે આવું કહેવાત જ નહીં. દ્વયણુકાદિ તમામ સ્કંધોનો અભાવ જ થઈ જાય, તે માટે બે પરમાણુઓ મળીને એક પરમાણુ થઈ જાય છે આ વાત સર્વથા ભૂલભરેલી છે, ખોટી છે, મિથ્યા છે, ઉચિત નથી તથા તર્કશૂન્ય છે.

**संस्कृत टीका :-** ननु च संस्थानित्वात् सावयव एवाणुः किमिति निरवयवयता अभ्युपेयत इति ? । उच्यते-द्रव्यावयवकृतं संस्थानम् । तच्चावयविनो घटादेरवयवेषु सत्सु भवति । ते चाणोर्न सन्त्यतो निरवयवत्वात् संस्थानित्वासिद्धिः । एवं तर्ह्यसंस्थानित्वादसत्परमाणुरिति ? । उच्यते-व्योमासंस्थानमपि सदेवेत्यनेकान्तः । न च कन्दुकादिवत् दृष्टपरिधित्वेनाभ्युपगम्यते विहायः ॥ सर्वलोकशास्त्रानुमानविरोधादिति ।

योऽप्याशङ्केत अभूतान्तर्बहिर्भावान्यदेशत्वेन युज्माभिरभ्युपगतत्वान्नास्ति परमाणुः, तस्यापि हेतोर्निरंशैकक्षणवृत्तिविज्ञाने वर्तमानत्वादनैकान्तिकता ।

अपि च - योगः-सम्प्राप्तिलक्षणः न चासौ प्रदेशैरेव क्रियते ।

निष्प्रदेशस्यापि स्वयं प्राप्तिरस्त्येवेति । एतेन नास्तित्वं प्रतिषिद्धमप्यवसातव्यम् । अवयवैर-कृतत्वात् तस्येति । पिष्टपेषणं चैतत् कार्यामहे-(कारयामहे) वयम् । उक्तं प्राक्- सर्वमेवं हि स्थूलं प्रविभज्यमानमवश्यन्तया निरवयवनिष्टमुपजायते द्रव्यं ॥ सूक्ष्मपूर्वकत्वात् स्थूलस्येति ॥ आह च-

''सर्वं सविभागमविभागप्रविष्टम्'' यत् पुनस्तेषामेकस्मिन्नेवाकाशप्रदेशेऽनन्तानामप्यवगाढत्वं तदप्रतिघातपरिणामपरिणतत्वात् । व्याप्तैकापवरके प्रदीपप्रभयेवान्यप्रदीपप्रभाणाम् ॥ शीततमः-शब्दत्वपरिणतपुद्गलानां चाप्रतिघातित्वदर्शनात् तद्वद् परमाणुरेकस्मिन् व्योमप्रदेशे व्यवस्थितो-ऽन्येषामपि परमाणूनां भूयसामवगाहमानानां विघातं प्रति न निर्वर्तितुमुत्सहते । कथं तर्हि असति प्रतिघाते महतो द्रव्यस्य निष्पत्तिः ? सङ्घातस्तु सति संयोगे सम्भवति । संयोगश्चाप्राप्तयोः प्राप्तिमात्रं नान्योन्यावेश इति ॥

**ગુજરાતી ભાષાન્તર :- પ્રશ્ન :-** અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે "પરમાણુ એ પુદ્‌ગલદ્રવ્ય હોવાથી તેનો કોઈ ને કોઈ આકાર છે, અર્થાત્ સંસ્થાની છે. અને જેને આકાર હોય તે વસ્તુ અવયવવાળી જ હોય છે. જેમ કે ઘટ-પટ। જેમ ઘટ-પટ પુદ્‌ગલ દ્રવ્ય હોવાથી આકારવાળા જ પદાર્થો છે તેમ જે જે દ્રવ્યો આકારવાળાં હોય છે તે તે દ્રવ્યો સાવયવી જ હોય છે. તેથી પરમાણુ દ્રવ્ય પણ પુદ્‌ગલ હોવાથી આકારવાળો જ (સાકાર જ) સંસ્થાની જ હોય છે. તેના કારણે તે સાવયવી છે. તો તે પરમાણુને તમે જૈનો નિરવયવી કેમ કહો છો ?"

ઉપરનો વિષય મગજમાં રાખીને કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે "જે પરમાણુ છે તે પણ સંસ્થાની હોવાથી (આકારવાળો હોવાથી) સાવયવી જ છે. પરમાણુ એ પણ એક પ્રકારનું પુદ્‌ગલદ્રવ્ય જ છે અને તે આકારવાળું જ છે તથા સાકાર હોવાથી સાવયવી જ છે તેને તમે વારંવાર નિરવયવી નિરવયવી દ્રવ્ય કેમ કહો છો ? આવો કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે."

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્નનો જવાબ હવે અપાય છે જે સંસ્થાન છે તે આકારવિશેષ હોવાથી દ્રવ્યભૂત અવયવો વડે કરાયેલો છે. આવા પ્રકારના આકારવિશેષસ્વરૂપ જે સંસ્થાન છે તે અવયવીમાં જ સંભવે છે જે અવયવીદ્રવ્ય હોય તેમાં જ આવું સંસ્થાન (આકારવિશેષ) સંભવી શકે છે તથા અવયવી એવા ઘટ-પટાદિના અવયવોમાં તે સંસ્થાન (આકાર) હોય છે.

પરંતુ પરમાણુ પોતે નિરવયવી દ્રવ્ય છે. તમારા કહેવા પ્રમાણે (સિદ્ધાન્તકારના આશય પ્રમાણે તો) પરમાણુ એ નિરવયવી દ્રવ્ય હોવાથી પરમાણુમાં સંસ્થાનીપણું (આકારવાળાપણું) સિદ્ધ થતું નથી. આ પ્રમાણે પરમાણુઓ તો આકાર વિનાના જ છે એટલે કે સંસ્થાન વિનાના જ છે તેથી અવયવ સ્વરૂપ છે. પણ અવયવી સ્વરૂપ નથી.

**પ્રશ્ન :-** एवं तर्हि असंस्थानित्याद्- જો પરમાણુઓ આકાર વિનાના છે આમ કહેશો તો આકાર ન હોવાથી તે પરમાણુ **असत्** દ્રવ્ય થઈ જશે. અર્થાત્ પરમાણુ જગતમાં નથી જ એવો અર્થ સિદ્ધ થશે જેને આકાર ન હોય તે વસ્તુ **असत्** જ હોય છે. જેમ કે આકાશનું ફુલ-

**ઉત્તર :-** उच्यते-व्योमासंस्थानमपि सदेवेत्यनेकान्तः = જેને આકાર ન હોય તે અસત્ જ હોય એવો નિયમ નથી. જેમ કે આકાશ દ્રવ્ય પોતે લોકાલોકવ્યાપી હોવાથી તેનો કોઈ આકાર નથી છતાં તે સત્પદાર્થ છે. આકાશ નામનું દ્રવ્ય असंस्थानमपि સંસ્થાન વિનાનું છે. તો પણ सदेव = સત્ છે જ. એટલે આકાર ન હોય તે असत् જ હોય આ વાત વ્યભિચારવાળી

છે. તેથી અનૈકાન્તિક નામનો હેત્વાભાસ થાય છે, કારણ કે જેમ કન્દુક (દડો) ચારે બાજુથી પરિધિ (છેડો-અંત)દેખાય તેવો જ પદાર્થ છે અર્થાત્ દૃષ્ટપરિધિવાળો છે તેવું આકાશ દૃષ્ટપરિધિવાળું નથી. એટલે કે અમાપ-નિરવધિક અને અસંસ્થાનીક છે છતાં જગતમાં તે પદાર્થ છે ખરો, એટલે કે સત્ જ છે માટે ઉપરોક્ત પ્રશ્નકારની વાત અનૈકાન્તિક હેત્વાભાસવાળી છે.

જેમ કે **परमाणुः असत् असंस्थानित्वात्** = પરમાણુ તે અસત્પદાર્થ છે. સંસ્થાન વિનાનો હોવાથી આ અનુમાનમાં કહેલો **असंस्थानित्वात्** આ હેતુ અસત્ એવું જે સાધ્ય છે, તેના અભાવ રૂપ સત્ એવા આકાશમાં વર્તે છે. તેથી સાધ્યાભાવવદ્ વૃત્તિવાળો હેતુ હોવાથી અનૈકાન્તિક હેત્વાભાસ થાય છે. તેથી તમારો હેતુ વ્યભિચારી છે તથા

**પ્રશ્ન :- न च कन्दुकादिवत्** = દડો વિગેરે પદાર્થો ગોળ ગોળ હોય છે એટલે ચારે બાજુથી પરિધિવાળો છે (એટલે કે ચારે બાજુ અન્તિમ ભાગવાળો છે) તેની જેમ આકાશ પણ ભલે ગમે તેટલું મોટું હોય તો પણ ચારે બાજુથી દેખાતી પરિધિવાળું (અર્થાત્ દેખાતા છેડાવાળું જ) આકાશ છે એમ અમે કહ્યું એટલે જ તમને પ્રશ્ન કરીશું કે આકાશ સાકાર હોવાથી સંસ્થાનવાળું છે તેની જેમ પરમાણુ પણ તેવો આકાર અને પરિધિવાળો જ હશે. આવો અર્થ થશે ?

**ઉત્તર :-** જો આ પ્રમાણે તમે મનમાની કલ્પના કરીને પોતાની બુદ્ધિ પ્રમાણે જ કલ્પના કરશો તો જૈનશાસ્ત્રોમાં તે માર્ગ ઉચિત નથી, યોગ્ય નથી. મન ફાવે તેમ કલ્પના કરવાથી સર્વે પણ લૌકિક શાસ્ત્રોનો અને અનુમાનનો વિરોધ આવે છે. તે આકાશદ્રવ્ય સદાકાળ અરૂપી છે, નિરાકાર છે અને અપરિમિત છે એટલે કે અનંત દ્રવ્યસ્વરૂપ છે.

**પ્રશ્ન :-** योऽप्याशङ्केत- તથા વળી જે કોઈ પ્રશ્નકાર આવા પ્રકારની શંકા કદાચ કરે કે "આ અંદરનો ભાગ, આ બહારનો ભાગ (તથા આ જમણી બાજુનો ભાગ, આ ડાબી બાજુનો ભાગ આ ઉપરનો ભાગ અને આ નીચેનો ભાગ) આ પ્રમાણે અન્ય અન્ય ભાગોની કલ્પના જેમાં થઈ શકતી નથી અર્થાત્ આવા પ્રકારના ભાગો જેમાં નથી એવો નિરવયવી દ્રવ્યસ્વરૂપ જ પરમાણુ છે."

આ વિષયમાં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે પુદ્ગલદ્રવ્યમાં અંદર-બહાર કે અન્ય એવા દેશભાગો હોવાથી માત્ર સ્કંધ રૂપ જ છે. પરમાણુ સ્વરૂપ કોઈ પદાર્થ નથી. તમારા વડે (જૈનો વડે) સ્વીકારાયેલો પરમાણુ જગતમાં નથી. અંદર-બહાર આદિ દેશભાગો ન હોવાથી તે અનુમાન આ પ્રમાણે છે **परमाणुः नास्ति, अभूतान्तर्बहिर्भावान्यदेशत्वात्** આ પ્રમાણે જે લોકો કહે છે ત્યાં તેમના અનુમાનમાં કહેવાયેલો જે આ હેતુ છે તે હેતુ અનૈકાન્તિક

હેત્વાભાસ છે એટલે સદ્‌હેતુ નથી. કારણ કે નિરંશ એવા એક ક્ષણમાં વર્તતા વિજ્ઞાનમાં પણ આ હેતુ ઘટે છે અને તે વિજ્ઞાન અસત્ નથી. અર્થાત્ સત છે સત્ હોવાથી સાધ્યાભાવ થયો ત્યાં સાધ્યાભાવવાળા એવા ક્ષણિકવિજ્ઞાનમાં પણ અંદર-બહાર-ઉપર અને નીચે એમ ક્યાંય ભાગો દેખાતા નથી. એટલે **अभूतान्तर्बहिर्भावान्यदेशत्व** આ હેતુ વિજ્ઞાનમાં છે તેથી અનૈકાન્તિક હેત્વાભાસ થવાથી ઉપરનું અનુમાન ખોટું છે.

अपि च= યોગ થવો અર્થાત્ મિલન થવું, જોડાણ થવું, આ વિષયમાં વપરાયેલ જે **योग** શબ્દ છે તે સમ્પ્રાપ્તિ અર્થમાં છે. અર્થાત્ પરસ્પર મિલન થવું, જોડાવું એવા અર્થમાં છે, એક પરમાણુ બીજા પરમાણુની સાથે મિલન કરે છે. જોડાય છે. દ્વયણુક-ત્ર્યણુકાત્મક બને છે આવો અર્થ ત્યાં થાય છે પરંતુ એકમાં બન્ને ભળી જાય છે આવો અર્થ ન કરવો.

ઉપરના કથનથી સમજાશે કે (૧) જે અવયવોથી બનેલા હોય છે અર્થાત્ અવયવી સ્વરૂપ હોય છે તે અને (૨) જે અવયવો વડે બનેલા હોતા નથી. પરંતુ અવયવસ્વરૂપ જ હોય છે એટલે કે અવયવાત્મક જ હોય છે તે બન્ને સત્ હોય છે. પરંતુ જે અવયવો વડે બનેલા (અવયવી) સ્વરૂપ પણ નથી અને અવયવસ્વરૂપ પણ નથી. તે પદાર્થો असत् હોય છે. આવા પ્રકારનો નિયમ છે. પરંતુ પરમાણુ અસત્ જ છે એમ તમે જે સિદ્ધ કરવા ઇચ્છો છો તે તમારી વાત સર્વથા મિથ્યા છે. સારાંશ કે અવયવોવાળું અવયવી જ માત્ર દ્રવ્ય હોય અને અવયવાત્મક દ્રવ્ય ન હોય તેવા પ્રકારનું તમારું કથન યુક્તિયુક્ત નથી અર્થાત્ તમારી આ વાત મિથ્યા છે.

કારણ કે અવયવી દ્રવ્ય જેમાંથી બને છે તે અવયવાત્મક જો દ્રવ્ય ન હોય તો અવયવી દ્રવ્ય બને જ નહીં. અવયવી દ્રવ્યના ઉપાદાન કારણભૂત જે દ્રવ્ય છે તે અવયવાત્મક દ્રવ્ય પણ સત્ છે, તેનાથી જ અવયવી દ્રવ્ય બને છે તે માટે પરમાણુ નામનું દ્રવ્ય ચોકસ છે જ, અને તે દ્રવ્ય નિરવયવી, નિષ્પ્રદેશી અને અવયવસ્વરૂપ છે.

આ રીતે ઘટ-પટ આદિ પદાર્થોની જેમ પરમાણુઓ પણ જગતમાં સત્ પદાર્થ સ્વરૂપ હોવાથી જે વાદીઓ પરમાણુઓનું નાસ્તિત્વ માને છે તે વાત પ્રતિસિદ્ધ થયેલી (અર્થાત્ ખંડિત થયેલી) જાણવી. સારાંશ કે જે વાદીઓ પરમાણુનું નાસ્તિત્વ કહે છે તેઓની તે વાત ખોટી છે નિષિદ્ધ છે સર્વથા મિથ્યાવાત છે. એમ જાણવું.

પરંતુ હા, એટલી વાત ચોક્કસ નક્કી થાય છે કે જે પરમાણુઓ છે તે અવયવ સ્વરૂપ જ માત્ર છે. પણ અવયવો વડે કરાયેલા એટલે કે અવયવી સ્વરૂપ તે પરમાણુ નથી. અર્થાત્ પરમાણુને પોતાને પેટા અવયવો કોઈ હોતા નથી. અર્થાત્ નિરવયવી છે પરંતુ असत् નથી

પણ અવશ્ય સત્ જ છે. ફક્ત તે અવયવ સ્વરૂપ છે અને તે રૂપે સત્ છે. આટલો જ અર્થ સમજવો.

પરમાણુઓ પોતે જ અવયવ સ્વરૂપ હોવાથી તે અવયવો કોઈ પેટા અવયવો વડે કરાયેલા નથી. ટીકામાં લખ્યું છે કે "अवयवैः अकृतत्वात् तस्येति" તે પરમાણુઓ અવયવો વડે કરાયેલા અવયવી સ્વરૂપ નથી.

ઉપરની વાત અમે ફરી ફરીને વારંવાર સમજાવી રહ્યા છીએ કે પરમાણુઓ પોતે અવયવ સ્વરૂપ છે, અવયવી સ્વરૂપે નથી. આટલાથી જ સઘળો અર્થ સમજી લેવો. ઘણું વધારે પિષ્ટપેશન કરવાની જરૂર નથી (વારંવાર આ વાત લખીએ તો દળેલાને દળવા જેવું નિરર્થક લાગે) અને અમે એ જ કામ કરી રહ્યા છીએ. આ વાત વધારે સૂક્ષ્મ હોવાથી વિદ્યાર્થીઓના મનમાં ઠસાવવા માટે વારંવાર પણ આ વાત સમજાવાઈ છે તેમાં પુનરુક્તિ દોષ લાગતો નથી.

અમે આ જ વાત પૂર્વે પણ સંક્ષેપથી કહી જ છે કે પરમાણુની સિદ્ધિ આ પ્રમાણે થાય છે. "સર્વે પણ સ્થૂલ વસ્તુઓનો વિનાશ કરતાં કરતાં છેલ્લું એવું દ્રવ્ય આવીને ઊભું જ રહે છે કે જે દ્રવ્યના વિભાગ ન થાય. અર્થાત્ પોતે જ છેલ્લો વિભાગ હોય કે જે નિરવયવી દ્રવ્ય હોય તેથી તેના ભાગ થાય નહીં, કારણ કે જે સ્થૂલદ્રવ્ય હોય છે, તેના જ સૂક્ષ્મ દ્રવ્યાંશો બને છે તે માટે અન્તિમ સૂક્ષ્મદ્રવ્યાં જે છે તે જ પરમાણુ નિરવયવી અવિભાજ્ય દ્રવ્ય જાણવું તેને જ પરમાણુ કહેવાય છે."

શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે **"सर्वं सविभागमविभाग प्रविष्टम्"** જે આકાશપ્રદેશમાં એક પરમાણુ છે તે જ આકાશ પ્રદેશમાં અનંતા અને અનંતાનંત પરમાણુઓ પણ અપ્રતિઘાત પરિણામે પરિણત થઈને રહેલા છે અને તે પરસ્પર સારી રીતે રહી શકે છે.

અહીં કદાચ કોઈને આવો પ્રશ્ન થાય કે "જ્યાં એક જ આકાશપ્રદેશ છે તેમાં એક પરમાણુ રહેલો છે તે જ આકાશપ્રદેશમાં અનંતાનંત પરમાણુઓ કેવી રીતે રહેતા હશે ? કેમ રહી શકે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે

પરમાણુઓનો પરસ્પર અપ્રતિઘાત પરિણામ પામવાપણાનો સ્વભાવ જ છે. તેથી સાથે રહી શકે છે. આ વાતને સમજાવવા માટે એક સુંદર ઉદાહરણ ટીકાકારશ્રી સમજાવે છે કે-

ધારો કે એક ઓરડામાં એક દીપક પ્રગટાવીએ તે પોતાના પ્રકાશ વડે આખા રૂમને ઝગમગાવે છે. ક્યાંય અંધકાર નથી. સર્વત્ર પ્રકાશનાં કિરણો વ્યાપ્ત છે તેવા પ્રકારના તે

જ ઓરડામાં વિવક્ષિત એવા એક દીપકની પ્રભાની જેમ તે દીપકની આજુબાજુ લાઇનસર સેંકડો દીપકો પ્રગટાવીએ તો તે પ્રગટાવેલા અન્ય સર્વે પણ દીપકોનો પ્રકાશ તે જ ઓરડામાં તે જ જગ્યામાં સર્વત્ર સારી રીતે સમાય જ છે."

આ જ વાત સમજાવવા બીજું પણ એક સુંદર ઉદાહરણ ટીકાકારશ્રી આપે છે કે રાત્રિના સમયે ચારે તરફ અંધકાર વ્યાપ્ત થયો હોય ત્યારે (૧) શીતળતાનાં, (૨) અંધકારનાં (૩) અને શબ્દનાં એમ ત્રણે પ્રકારનાં પુદ્ગલો ત્યાંના આકાશમાં સર્વત્ર વ્યાપ્ત થાય છે. કોઈ એક પ્રકારનાં પુદ્ગલો બીજા પ્રકારના પુદ્ગલોનો પ્રતિબંધક બનતાં નથી. પરંતુ શીતળતાનાં પુદ્ગલો શીતત્વપણે, અંધકારનાં પુદ્ગલો અંધકારપણે, અને ભાષાનાં પુદ્ગલો શબ્દપણે પરિણામ પામેલાં આમ ભિન્ન ભિન્ન પરિણામ પામેલાં પુદ્ગલો ત્યાં સર્વત્ર પરસ્પર અપ્રતિઘાતપણાના પરિણામ સ્વરૂપ કારણ સાથે જ રહે છે અને રહી શકે છે.

ઉપર સમજાવેલાં બન્ને ઉદાહરણોને અનુસાર એક જ આકાશપ્રદેશમાં રહેલો કોઈ પણ પરમાણુ, તે જ આકાશપ્રદેશમાં બીજા હજારો પરમાણુઓ ત્યાં અવગાહના કરનારા બને તો તે અવગાહના કરનારા અન્ય પરમાણુઓને ત્યાં વસવાટ કરવામાં વિઘાત કરવાને (એટલે કે અટકાવવાને) સમર્થ બનતો નથી પરંતુ ત્યાં રહેલો જૂનો પરમાણુ તથા નવા રહેવા આવેલા બીજા પરમાણુઓ એમ બધા સાથે મળીને એક જ આકાશપ્રદેશમાં સાથે સાથે રહે છે પરંતુ કોઈ પરમાણુ બીજા કોઈ પરમાણુને વિઘાત કરતો નથી.

તથા વળી એક જ ઓરડામાં હજારો દીવાઓનો પ્રકાશ એકી સાથે એવી રીતે પ્રવર્તે છે કે તેમાં કોઈ પણ એક પ્રકાશ બીજા પ્રકાશના પુદ્ગલોનો પ્રતિઘાત કરતો નથી, તેવી જ રીતે પરમાણુઓમાં પણ સમજવું.

**પ્રશ્ન :-** જો પરમાણુઓ પરસ્પર પ્રતિઘાત ન જ કરતા હોય તો તે પરમાણુઓ પરસ્પર જોડાય ત્યારે પ્રતિઘાત ન કરતા હોવાથી સર્વે પણ તે પરમાણુઓ સાથે મળીને એકરૂપ થઈ જવાથી એક પરમાણુસ્વરૂપ જ બની જશે પરંતુ "આ મહાન દ્રવ્ય ઉત્પન્ન થયું છે એમ કેમ કહેવાશે ? આ મોટા દ્રવ્યની ઉત્પત્તિ થઈ છે આવું કેમ કહેવાશે ? જેમ ઘણી ઈંટોથી વ્યવસ્થિત એક દીવાલ ચણીએ તો પણ પરમાણુઓનો પુંજ જ કહેવાશે, પણ આ એક સુંદર દીવાલ બની છે એમ કેમ કહેવાશે ? અર્થાત્ એમ કહેવાશે નહીં. પરંતુ સંસારમાં તો આ એક સારી ઊંચી દીવાલ બની છે આમ જ કહેવાય છે તો આ વાત કેમ સમજવી ?

તથા વળી દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુક ઈત્યાદિ જે સ્કંધો બને છે ત્યાં પણ બે-ત્રણ અને ચાર આદિ પરમાણુઓનો સંયોગ જ માત્ર બન્યો છે. તેઓનો જ સંઘાત થયો છે આમ

જ કહેવાશે, અને આવો જ અર્થ થશે. સારાંશ કે પરસ્પર અપ્રાપ્ત અર્થાત્ એક-બીજામાં ન ભળેલા બે-ત્રણ-ચાર પરમાણુઓનો પરસ્પર સંયોગ માત્ર જ થયો છે આવો જ અર્થ થશે. प्राप्तिमात्र= બે પરમાણુઓનો પરસ્પર સ્પર્શ જ સંબંધ માત્ર થયો છે, આવો જ અર્થ થશે પરંતુ અન્યોન્ય પ્રવેશ પામી જાય છે એકમેકરૂપ બની જાય છે આવો અર્થ થતો નથી એટલે પરમાણુઓનો સંયોગ માત્ર જ છે, પરંતુ મહાન એવા એક દ્રવ્ય સ્વરૂપે ઉત્પત્તિ પ્રગટ થતી નથી- આ પ્રમાણે કોઈ શિષ્ય શંકા કરે છે તેનો ઉત્તર હવે આપવામાં આવે છે.

**संस्कृत टीका :-** उच्यते-महतो द्रव्यस्यारम्भकाले परमाणूनामप्रतिघातित्वमस्मान् प्रत्यसिद्धम्। यतस्त्रिविधं प्रतिघातमामनन्ति भगवन्तः परमाणूनां-बन्धपरिणामोपकाराभाववेगाख्यम्। तत्र बन्धपरिणामप्रतिघातः स्निग्धरूक्षत्वाद् बन्ध इत्यत्र (सूत्र-३२) वक्ष्यमाणः । उपकाराभाव-लक्षणप्रतिघातो गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकार इत्यत्र (अ. ५, सू. १७ सूत्रे) अर्थाक्षिप्तः प्रेक्षणीयः ॥

लोकादन्यत्र जीवानाभजीवानां च गतेः प्रतिघातो गत्युपग्रहहेतुरहितत्वाज्झषमकरादे रिवाम्भसोऽन्यत्र । अन्वयः सामन्येन सुशक्यः कर्तुम् । अतः परमाणुर्लोकान्ते प्रतिहन्यत इति उपकाराभात् प्रतिघातितेति ।

तथाऽणोरण्वन्तरेणापतता विस्रसासमुद्भूतगतिरंहसा प्रतिघातो दृष्टः । प्राप्तवेगगतिर्हि परमाणुरापतन् जविनमेव परमाणुं प्रतिहन्ति। वेगवत्त्वे सति स्पर्शवत्त्वान्मुर्तिमत्त्वाच्च प्रबलवेगः प्रभञ्जनो वाद्यान्तरमिवेति प्रतिघातित्वं वेगादध्यवसीयत इति ॥

एवमनेकयोपपत्त्या प्रतिघातित्वाप्रतिघातित्वे परमाणुविषये प्रसाधिते ॥ सम्प्रति तेषामेकव्योमप्रदेशास्कन्दिनामणूनामनन्तानामपि कदाचित् संयोगवृत्त्यावस्थानमनारब्धस्कन्धकार्याणामेव जातुचिद् बन्धाकारेण घटितकार्याणाम् । कः पुनरनयोः संयोग बन्धयोर्विशेष इति ? ॥

**ગુજરાતી ભાષાન્તર :-** ઉપર કહેલા પ્રશ્નનો ઉત્તર પ્રથમ કહેવાય છે -

**ઉત્તર :-** પરમાણુઓ ઘણા સાથે મળીને મહાન એવા એક દ્રવ્યની ઉત્પત્તિ સ્વરૂપે જ્યારે થતા હોય છે ત્યારે "महान् द्रव्यना" આરંભકાળમાં પણ પરમાણુઓનું પરસ્પર અપ્રતિઘાતીપણું જ રહે છે. આવા પ્રકારની પ્રશ્નકારે કરેલી વાત અમોને (જૈનોને) અસિદ્ધ છે. કારણ કે પરમાણુઓનો પરસ્પર ત્રણ પ્રકારનો પ્રતિઘાત હોય છે. એમ વીતરાગ જિનેશ્વર ભગવન્તો કહે છે.

(૧) બંધપરિણામ પ્રતિઘાત, (૨) ઉપકારાભાવ પરિણામ પ્રતિઘાત અને (૩) વેગ પ્રતિઘાત । આ ત્રણે પ્રકારના પ્રતિઘાતોનું સ્વરૂપ આ પ્રમાણે છે :-

(૧) **बन्धपरिणामप्रतिघात** = પુદ્ગલદ્રવ્યોમાં સ્નિગ્ધ અને રુક્ષ નામના જે બે સ્પર્શ હોય છે તેના કારણે પુદ્ગલોનો પરસ્પર જે બંધ થાય છે, તે બંધને બંધપરિણામ પ્રતિઘાત કહેવાય છે.

(૨) **उपकाराभावलक्षणप्रतिघात** = ઉપકાર કરનારાં એવાં દ્રવ્યોનો અભાવ હોવાથી જે પ્રતિઘાત થાય છે તે જેમ કે ગતિમાં ધર્માસ્તિકાય અને સ્થિતિમાં અધર્માસ્તિકાય દ્રવ્યનો જે ઉપકાર છે (તત્ત્વાર્થસૂત્ર ૫-૧૧) ભાવાર્થ એવો છે કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો માત્ર લોકાકાશમાં જ છે તથા લોકબહાર તે દ્રવ્ય ન હોવાથી જીવ અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિ ત્યાં અલોકાકાશમાં થતી નથી કારણ કે ગતિ અને સ્થિતિમાં ઉપકાર કરે તેવાં દ્રવ્યોનો ત્યાં અભાવ છે તે માટે જીવ અને પુદ્ગલદ્રવ્યની ગતિ-સ્થિતિ થતી નથી આ **ઉપકારાભાવ** છે એમ આ વાત આ અર્થથી સમજી લેવી.

ચૌદ રજ્જુ આત્મક એવા લોકાકાશની બહાર (એટલે કે અલોકમાં) જીવ અને અજીવ દ્રવ્યોની ગતિનો અભાવ છે કારણ કે તે અલોકમાં જીવ દ્રવ્યોની ગતિનો પ્રતિઘાત થાય છે, ગતિમાં સહાય કરે તેના હેતુભૂત (ધર્મ અને અધર્મ) દ્રવ્યોનો ત્યાં અભાવ હોવાથી જીવ-પુદ્ગલ દ્રવ્યોની ગતિ થતી નથી. જીવ અને પુદ્ગલ દ્રવ્યોની ગતિ થવામાં પ્રત્યાઘાત થાય છે. જેમ કે માછલાને અને મગરમચ્છને પાણી વિનાની (નિર્જળ) એવી ભૂમિ જેમ ગતિ કરવામાં ઉપકાર કરતી નથી તેમ અહીં પણ સમજવું.

આ પ્રમાણે ઉપર કહેલી સંસ્કૃત પંક્તિનો **"झषमकरादेरिवाम्भसोऽन्यत्र"** આ પંક્તિનો અન્વય કરવો સહેલો છે. આ પ્રમાણે લોકની બહાર અલોકમાં ગતિ-સ્થિતિમાં સહાયક દ્રવ્ય ન હોવાથી જીવ અને પુદ્ગલ દ્રવ્યોની ગતિ અને સ્થિતિ આ બન્ને પ્રક્રિયા પ્રતિઘાતને પામે છે.

સામાન્યથી ઉપરોક્ત વાક્યનો અન્વય કરવો સહેલો છે, આ પ્રમાણે વિચારતાં લોકાકાશના છેડે જે પરમાણુ છે. તે અલોકમાં જતાં પહેલાં જ પ્રતિઘાત પામે છે. આગળ ઉપર અલોકાકાશમાં ગતિ તથા સ્થિતિમાં ઉપકાર કરે એવા ધર્મ અને અધર્મ દ્રવ્યોનો અભાવ છે. તેના કારણે આ પ્રતિઘાત થાય છે. આ પ્રમાણે ઉપકારક દ્રવ્યોનો અભાવ હોવાથી પ્રતિઘાત થાય છે આ વાત સમજવી.

(૩) **वेगप्रतिघात** = અતિશય બહુ જ ઝડપવાળી ગતિ થવાથી સામસામા બે પરમાણુઓનું ટકરાવું અને તેનાથી પ્રતિઘાત થવો તે વેગપ્રતિઘાત કહેવાય છે. જેમ કે વિવક્ષિત એવા એક પરમાણુની વિશ્રસા સ્વભાવથી જ ઉત્પન્ન થયેલી વેગવાળી ગતિ છે. અને સામેથી પણ તેવી જ વેગવાળી જ ગતિ વડે પુરજોશમાં આવતા બીજા પરમાણુની સાથે

પ્રતિઘાત પામવાવાળી વેગપૂર્વકની ગતિ થાય છે. આવા પ્રકારનો પરસ્પર પ્રતિઘાત થતો જોવાય છે.

કારણ કે પ્રાપ્ત થઈ છે વેગવાળી ગતિ જેને એવો વિવક્ષિત એક પરમાણુ, સામેથી વેગપૂર્વક આવતા બીજા પરમાણુનો પ્રતિઘાત કરે જ છે કારણ કે વિવક્ષિત પરમાણુ પણ વેગવાળો છે તથા સ્પર્શવાળો અને મૂર્તિવાન્ હોવાથી આ પ્રતિઘાત થાય જ છે જેમ સંસારમાં પ્રબળ વેગથી જતો પવન સામેથી ઘણા જ વેગથી આવતા પવન સાથે ટકરાય છે તેની જેમ જ વેગપૂર્વક ગતિ કરતો પરમાણુ સામેથી આગતિ કરનારો પરમાણુ (૧) ગતિપરિણામવાળું દ્રવ્ય હોવાથી (૨) સ્પર્શવાળું દ્રવ્ય હોવાથી અને (૩) મૂર્તિમંત દ્રવ્ય હોવાથી ટકરાય જ છે અને પરસ્પર પ્રતિઘાત પણ અવશ્ય થાય જ છે.

આ પ્રમાણે અનેક યુક્તિઓ વડે પરમાણુના વિષયમાં પ્રતિઘાતિત્વ અને અપ્રતિઘાતિત્વ અમે તમને સમજાવ્યાં, સિદ્ધ કર્યાં.

આ સમજાવટથી એક વાત નક્કી થાય છે કે પરમાણુ પ્રતિઘાતવાળો પણ છે અને અપ્રતિઘાતવાળો પણ છે. આમ હોવાથી તત્ત્વ જાણવા માટે અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે પ્રતિઘાતવાળો તે ક્યારે બને ? અને અપ્રતિઘાતવાળો ક્યારે બને ?

હવે તે સમજાવાય છે કે પરમાણુઓમાં પ્રતિઘાત પરિણામ અને અપ્રતિઘાત પરિણામ ક્યારે ક્યારે હોય ?

सम्प्रति तेषाम् = એક જ આકાશપ્રદેશમાં રહેલા હોય તે અનંત પરમાણુઓ ક્યારેક સંયોગવૃત્તિ વડે જ માત્ર રહેલા હોય છે. પરંતુ સ્કંધાત્મક કાર્યસ્વરૂપે પરિણામ પામ્યા ન હોય અર્થાત્ સ્કંધાત્મક કાર્યના અનારંભક હોય, માત્ર સાંયોગિકભાવે સાથે રહેલા હોય ત્યારે તે પરમાણુઓમાં અપ્રતિઘાત પરિણામ હોય છે.

તથા ક્યારેક પરસ્પર બંધાઈ જવા સ્વરૂપ બંધપરિણામથી પરિણત થયા છતાં બંધાકારે થયેલા કાર્યસ્વરૂપ પરિણામ પામ્યા હોય છે ત્યારે સ્કંધાત્મકભાવે પરિણામ પામ્યા છતા તે પરમાણુઓ સ્કંધસ્વરૂપે હોય છે. આમ (૧) માત્ર સંયોગ વડે અને (૨) પરસ્પર થયેલા બંધ વડે જોડાયેલા તે પરમાણુઓમાં (૧) પ્રતિઘાત પરિણામ અને (૨) અપ્રતિઘાત પરિણામ- એમ બન્ને પ્રકારના પરિણામવાળા આ પરમાણુઓ હોય છે આ વાત સમજાવી.

**પ્રશ્ન :-** અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે (૧) સંયોગ અને (૨) બંધ આ બન્ને ભાવો પરમાણુઓમાં થાય છે એમ તમે સમજાવો છો પરંતુ સંયોગ અને બંધ આ બન્નેમાં તફાવત શું ? તે તો કંઈ સમજાતું જ નથી. તેથી તે બન્નેનો અર્થ અને પરસ્પર ભેદ અમને પ્રથમ સમજાવો.

જેમ થાળીમાં રહેલો બે કિલો ઘઉંનો લોટ, તથા તેમાં પાણી તથા ઘી-તેલનું મુણ નાખીને રોટલી કે ખાખરા બનાવવા માટે બાંધેલો લોટ, આ બન્ને વચ્ચે જેટલો ભેદ, તેટલો ભેદ સંયોગ અને બંધ વચ્ચે જાણવો. છતાં આ વિષય હવે વધારે સ્પષ્ટતાથી સમજાવાય છે.

**संस्कृत टीका :-** उच्यते–नैरन्तर्येणावयवप्राप्तिमात्रं संयोगः बन्धः पुनरन्योन्याङ्गाङ्गि भावपरिणाम इति । विरोधोद्भिभावयिषया कश्चिदाचक्षीताविचक्षणः–कथमेकस्यैवाणोः प्रतिघातित्वाप्रतिघातित्वे परस्परबिरुद्धे स्त इति ? उच्यते- विरोधाभावः प्रागुक्तः ।

अपि च- परिणामविशेषादुभयमपि सम्भाव्यते पुद्गलेषु । शब्दस्तावत् तिरस्कृतोऽपि कुड्यादिभिरप्रतिहन्यमानः श्रवणपथमभ्युपैति । स एव कदाचिदुह्यमानत्वाद् वायुना प्रतिहन्यते । प्रतिवातस्थितेनानुपलभ्यमानत्वादनुवातस्थितेन चोपलभ्यमानत्वाद् गन्धवत् । उक्ष्यते च वायुना शब्दो मा स्म संशयिष्ठाः ॥ तस्मात् सुष्ठूच्यते- सङ्घातादुत्पत्तिः स्कन्धानाम् ॥ एकदेशयोगस्तु दूरादुत्सारितः । कृत्स्नसंयोगस्तु कदाचिदुपचारवशादिष्येताप्यनवयवत्वात् कृत्स्नो योगो नावेशतो ह्येषामिति ॥

**ગુજરાતી ભાષાન્તર :-** સંયોગ અને બંધ આ બન્નેમાં તફાવત શું ? તે હવે સમજાવાય છે (૧) નિરન્તરપણે અવયવોની જ્યાં પ્રાપ્તિમાત્ર છે તેને સંયોગ કહેવાય છે. જ્યારે (૨) જ્યાં બે-ચાર અથવા ઘણા (અસંખ્ય અને અનંત) પરમાણુઓ અરસ-પરસ મળ્યા છતા અંગાંગીભાવને (એકમેકપણાને) પામ્યા હોય એવો તન્મય થવાવાળો જે પરિણામ તેને બંધ કહેવાય છે. જેમ કે રોટલી બનાવવા માટે દળાવેલો પાંચ કિલો ઘઉંનો લોટ, અને તે લોટનો બાંધેલો પિંડો, આ બન્નેમાં જેટલો તફાવત છે તેટલો જ તફાવત સંયોગ અને બંધમાં છે. **સંયોગ** તે દળેલા લોટ જેવો છે અને **બંધ** બાંધેલા લોટ જેવો છે.

આ વિષયમાં વિરોધ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી કોઈક અવિચક્ષણ (અજ્ઞાની) એવો શિષ્ય પ્રશ્ન કરે છે કે- એકના એક જ પરમાણુમાં પરસ્પર વિરુદ્ધ એવા પ્રતિઘાતિત્વ અને અપ્રતિઘાતિત્વ- આવા બન્ને ધર્મો કેવી રીતે રહી શકે ? કોઈ પણ એક પદાર્થમાં પરસ્પર વિરોધી બે ધર્મો કેવી રીતે રહી શકે ?

**ઉત્તર :-** ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર કહેવાય છે આ વિષયમાં કોઈ વિરોધ આવતો નથી. આ વાત પૂર્વે કહેલી જ છે છતાં વિશેષ બોધ થાય તે માટે ફરીથી પણ સમજાવાય છે. પુદ્ગલદ્રવ્યોમાં તેવા પ્રકારનો પરિણામવિશેષ છે કે જેના કારણે પ્રતિઘાતિત્વ અને અપ્રતિઘાતિત્વ એમ બન્ને પણ સ્વભાવો સાથે સંભવી શકે છે. બન્ને સ્વભાવો સાથે હોવા છતાં કોઈ વિરોધ આવતો નથી આ વાત પૂર્વે કહી છે છતાં ફરીથી પણ સમજાવાય છે.

પુદ્ગલ દ્રવ્યોમાં પરિણામવિશેષ હોવાથી પ્રતિઘાતીપણું અને અપ્રતિઘાતીપણું એમ પરસ્પર વિરોધી એવા બન્ને ધર્મો હોઈ શકે છે. જેમ કે "શબ્દ" એ પુદ્ગલદ્રવ્ય છે છતાં તેમાં પ્રતિઘાત અને અપ્રતિઘાત બન્ને જણાય છે. દૂરથી બોલાતો શબ્દ દૂરથી આવતો હોય છે પરંતુ વચ્ચે ભીંત આદિ કોઈ પ્રતિઘાતક પદાર્થ વડે રોકાયો ન હોય તો કર્ણપથમાં બરાબર આવે છે (બરાબર શ્રવણગોચર થાય છે, જેવું બોલાય છે તેવું જ બરાબર દૂર દૂર પણ સંભળાય છે.)

પરંતુ તે જ શબ્દ ક્યારેક પ્રતિકુલ વાયુ વડે હણાય છે. જ્યારે પ્રતિકૂલ દિશામાં લઈ જવાય છે ત્યારે બરાબર સંભળાતો નથી અને સમજાતો પણ નથી અથવા પ્રતિકૂલ પવન હોય ત્યારે અથવા વક્તા અને શ્રોતા પ્રતિકૂલ દિશામાં ઊભા હોય ત્યારે બરાબર સંભળાતો પણ નથી અને સમજાતો પણ નથી.

જેમ ગન્ધ જે દિશામાંથી આવતી હોય તેનાથી વિપરીત દિશામાં ઊભેલા તે પુરુષને ગન્ધ જરા પણ જણાતી નથી તેની જેમ પ્રતિકૂલ દિશામાં ઊભેલા પુરુષ વડે આ શબ્દ બિલકુલ સંભળાતો નથી અને સમજાતો પણ નથી.

(૧) આ પ્રમાણે શબ્દ એ પુદ્ગલ દ્રવ્ય છે (૨) વાયુ વડે પ્રતિઘાત અને અપ્રતિઘાત પામે છે. આ વિષયમાં જરા પણ શંકા કરવા જેવી નથી તે કારણથી જ મહાત્મા પુરુષોએ શાસ્ત્રોમાં સારું જ કહ્યું છે કે "સ્કંધોની ઉત્પત્તિ સંઘાતથી થાય છે." આ વાત સો ટચના સોના જેવી છે. ॥

એક પરમાણુનો સંયોગ બીજા પરમાણુની સાથે જે થાય છે તે શું એક દેશથી સંયોગ થાય છે ? કે સર્વથા સંયોગ થાય છે ? આ વાત જાણવા માટે આવા પ્રકારના ઉપરોક્ત બન્ને પ્રશ્નો કરવામાં જો આવે તો ત્યાં "(૧) એક દેશથી સંયોગ થાય છે" આ પક્ષ તો દૂરથી જ હવામાં ફેંકી દેવાય છે. કારણ કે પરમાણુને અંશો ન હોવાથી અને નિરવયવી હોવાથી એક દેશથી સંયોગ થાય છે આ વાત હોઈ શકતી જ નથી, કારણ કે પરમાણુમાં આવા ભાગો નથી." કે જેથી "એક દેશ" એમ કહી શકાય.

હવે વાત રહી માત્ર **"सर्वात्मना संयोगः= कृत्स्नसंयोगः"** આ વાત ઉપચારથી સ્વીકારાય છે કારણ કે પરમાણુ પોતે નિરવયવી છે. અર્થાત્ પોતે અવયવાત્મક છે પણ અવયવી નથી. એટલે કે પરમાણુઓનો અરસપરસ સર્વાત્મના સંયોગમાત્ર જ બને છે પરંતુ એક પરમાણુમાં બીજો પરમાણુ પ્રવેશી જાય, એકાકાર થઈ જાય તેવો પ્રવેશ ઘટતો નથી. આ પ્રમાણે વિચારણા કરતાં સ્કંધોની ઉત્પત્તિ સંઘાતથી થાય છે. આ એક વાત નિશ્ચિત થઈ.

**संस्कृत टीका :-** अथ यदुक्तमनाश्लिष्टा एवाणवः प्रत्यासत्तिभाजः समुदिता विभाव्यन्ते। तदतितरामसमञ्जसम्। अणुसमवस्थानामसंहतत्वाच्च दर्शनं न स्यात्। कस्तेषामतिशयोऽतीन्द्रियाणामुपाजनि प्रत्यासत्तावसंहतानां येन ते लोचनादीन्द्रियगोचरतामापद्यन्ते, न हि पूर्वावस्थायामेकका: सन्तोऽदृष्टास्तद्वदुत्तरावस्थायामपि न दृश्येरन्। न हि शक्या विच्छिन्ना अणवोऽनन्ता अपि द्रष्टुम्॥ केशनिदर्शनादेवं प्रतीयत इति चेत् ?

तदयुक्तम्। केशा ह्येकका अपि कदाचिद् दृश्या भवन्ति न कदाचिद् अणवः प्रत्येकं चक्षुरादि ग्राह्याः। परस्परमनाश्लिष्टेषु चाणुषु भूयांसो दोषाः सम्भवन्त्यमी ॥ देशे च धार्यमाणे घटस्य कृत्स्नस्य धारणं न स्यात् ॥ उत्क्षेपावक्षेपाकर्षाश्च तथैव न भवेयुः ॥

तस्मादङ्गाङ्गिभावरूपेणाणूनां बन्धपरिणामाभ्युपगमात् सकलस्य संहतस्य महतो द्रवस्याकर्षणादीन्येकदेशेऽपि वर्तमानानि सिद्धन्यतोऽन्यथा न स्युः ॥ संयोगमात्रत्वे बालिकापुरुषादिवदिति बहुलोकसिद्धं विघटेत। तच्च महद् द्रव्यं कणभूक्परिकल्पितावयवीव नास्ति मौनीन्द्रदर्शने। द्रव्यास्तिकनयाभिप्रायान्मुञ्जेषिकावद् भेदेनाग्रहणात् ॥

अतो नावयवी स्वदेशेभ्योऽन्यो भिन्नोऽञ्जसा प्रत्यक्षेणानुमानेन वा ग्रहीतुं शक्येतेत्यर्थान्तरभूतावयविनो निषेधः। नान्यो देहादिरवयवी स्वावयवकलापादबद्धत्वे सक्रियत्वे च सति विभागेनागृह्यमाणत्वादवयवस्वरूपवत् स्थानासनशयनादिक्रियावान् देहस्तदवयवाश्चादानविहरणादिक्रियया सचेष्टाः ॥

परस्परप्रतिबद्धपुरुषद्वयव्यभिचारनिरासार्थमबद्धग्रहणम् तथा धर्माधर्माकाशानां नानात्वेऽपि विभागेनागृह्यमाणत्वमस्तीत्यनैकान्तिकारेकाव्युदासाय सक्रियत्वविशेषणम्।

तस्मादवयवव्यतिरेकेणासत्परिकल्पितोऽवयवी। कन्दलीदलव्यतिरिक्तकदलीदलसारवत्॥ यदपि लोके तस्य दर्शनं, तदपि देशेष्वेव। तदेकदेश दृष्टौ सर्वो दृष्ट इति व्यवहारात्॥ अत्यन्तव्यतिरेकपक्षे चावयविनः प्रत्यवयववृत्तित्वादयोऽप्युद्ग्राहणीया दोषाः ॥

**ગુજરાતી ભાષાન્તર :-** ઉપર જે એમ કહેવામાં આવ્યું કે- "પરમાણુઓ પરસ્પર અનાશ્લિષ્ટ (પરસ્પર એકમેક થયા વિના) જ રહ્યા છતા સંયોગભાવે પ્રત્યાસત્તિને ભજનારા બને છે. (નિકટતાને ભજનારા બને છે). અને આ રીતે નિકટ રહ્યા છતા સમુદાય સ્વરૂપ બને છે (પરંતુ પરસ્પર પિંડીભાવ થઈને એક સ્કંધ સ્વરૂપ બનતા નથી)"

આવા પ્રકારનું જે વાદીઓ કથન કરે છે તે વાત બરાબર નથી. જે વાદીઓ ઉપર મુજબ વાત કરે છે તે તો અતિશય અસમંજસ (ઢંગધડા વિનાની) વાત છે અર્થાત્ બિલકુલ યુક્તિથી રહિત છે. હડહડતું જૂઠાણું માત્ર જ છે.

કારણ કે અણુપણે પરસ્પર સમાન અવસ્થાવાળા પરમાણુઓ જો સંહત (સમુદાય સાથે મળીને સ્કંધ સ્વરૂપે) થતા ન જ હોય તો તેઓ પરમાણુ જ રહ્યા છે. આવો જ અર્થ થાય છે અને જો તે પરમાણુઓ પરમાણુઓપણે જ રહેતા હોય તો તેઓનું દર્શન જ ન થાય એટલે કે બનેલો સ્કંધ પણ પરમાણુઓનો પુંજ જ હોવાથી ચક્ષુર્ગોચર થશે નહીં.

તે પરમાણુઓ જો પરમાણુના પુંજ સ્વરૂપે જ રહેતા હોય તો તે પરમાણુઓના પુંજમાં એવો તો શું અતિશયવિશેષ ઉત્પન્ન થઈ ગયો કે અતીન્દ્રિય (ઇન્દ્રિયોથી અગોચર) એવા તે પરમાણુઓ અસંહત રૂપે હોવા છતાં પણ (સ્કંધાત્મક ન બન્યા હોવા છતાં પણ) પ્રત્યાસત્તિ માત્ર પ્રાપ્ત થયે છતે (નિકટતા જ માત્ર હોતે છતે) તે પરમાણુઓ ચક્ષુરાદિ ઇન્દ્રિયોની ગોચરતાને પામે ?

એક એક પરમાણુ જેમ પરમાણુ છે તેમ તેનો પિંડીભાવ તે પણ જો પરમાણુ રૂપ જ રહેતો હોય તો અર્થાત્ સ્કંધસ્વરૂપ જો ન બનતો હોય અને પરમાણુના સમૂહસ્વરૂપ જ રહેતો હોય તો ચક્ષુર્ગોચરતાને કેમ પામે ? કારણ કે પૂર્વકાળમાં જ્યારે એકલા એકલા પરમાણુઓ હતા ત્યારે પણ અદૃશ્ય જ હોય છે. (ન દેખાય તેવા જ હોય છે) તેની જેમ ઉત્તરાવસ્થામાં પિંડીભાવ થાય તો પણ ન જ દેખાવા જોઈએ કારણ કે છૂટા છૂટા એક હોય કે અનંત હોય તો પણ તે પરમાણુઓ પરમાણુ હોવાથી ચક્ષુર્ગોચર ન જ થવા જોઈએ અને સ્કંધ રૂપે બને ત્યારે ચક્ષુર્ગોચર થાય છે માટે હવે પરમાણુ પણું રહ્યું નથી, સ્કંધ સ્વરૂપે રૂપાન્તર થયું છે આમ માનવું જોઈએ.

અહીં કદાચ તમે આવી દલીલ કરો કે "માથાના વાળ (કેશ) એક હોય તો દેખાતો નથી. પરંતુ પિંડીભાવ થયો હોય તો દેખાય છે તેની જેમ કેશના ઉદાહરણ માત્રથી એક પરમાણુ હોય તો ન પણ દેખાય. પરંતુ ઘણા પરમાણુઓનો સંયોગ થાય(એટલે કે સ્કંધ સ્વરૂપ બને) ત્યારે દેખાય આમ કહો તો તમારું આ કથન વાજબી નથી. કેશનું ઉદાહરણ યોગ્ય નથી.

**तदयुक्तम्**- તે કેશનું ઉદાહરણ બરાબર યોગ્ય નથી કારણ કે કેશ એક હોય તો પણ સર્વથા **अगोचर** નથી પરંતુ દૃશ્ય છે દેખાય પણ છે. જ્યારે આ પરમાણુ તો સર્વથા અદૃશ્ય જ છે, ક્યારેય ચક્ષુથી દૃશ્ય થતો નથી માટે "માત્ર અણુઓનો સમૂહ જ છે સ્કંધ નથી" આ માન્યતા ઉચિત નથી. એમ માનવામાં તો ઘણા ઘણા દોષો આવે છે. કેશની જેમ પરમાણુઓનો સમૂહ જ માત્ર છે પણ સ્કંધાત્મક નથી પરમાણુઓ પરસ્પર **"अनाश्लिष्ट"** જ છે એકમેક થયેલા નથી. વાળની જેમ પિંડીભાવ માત્ર છે આમ માનવામાં ઉપર સમજાવ્યું તેમ ઘણા દોષો સંભવે છે.

જો સ્કંધસ્વરૂપ ન બન્યા હોય અને પરમાણુઓનો સમૂહમાત્ર જ હોય તો ઘટનો કાંઠલો પકડીને ઊંચકો ત્યારે આખો ઘટ જે ઊંચકાય છે તે બને જ નહીં, માત્ર કાંઠલો જ હાથમાં ઊંચકાવો જોઈએ. જેમ પાંચ કિલો લોટ થાળમાં પડ્યો હોય અને તે ભરેલા થાળમાંથી તમે હાથ નાખીને લોટ ઊંચકો તો હથેળીમાં સમાય એટલો જ લોટ ઊંચકાય છે. પાંચે કિલો લોટ તે હથેળીમાં એકી સાથે ઊંચકાતો નથી. તેની જેમ સ્કંધાત્મક ન હોય તો ઘટનો કાંઠલો જ ઊંચકાવો જોઈએ, આખો ઘટ ન ઊંચકાવો જોઈએ, પરંતુ આમ બનતું નથી. માટે તમારી આ વાત બરાબર નથી.

તથા ઉત્ક્ષેપ, અપક્ષેપ અને આકર્ષણ વગેરે જે થાય છે તે જો પરમાણુસમૂહ માત્ર માનશો તો તે ન થવા જોઈએ. ભાવાર્થ આ પ્રમાણે છે. (૧) ઘટનો કાંઠલો પકડીને ઊંચકો તો આખો ઘટ જે ઊંચકાય છે તે ઉત્ક્ષેપ (ઉત્કર્ષણ) જો પરમાણુનો પિંડમાત્ર હોય તો આમ ન બનવું જોઈએ તથા (૨) **अपक्षेप** કોઈ પુરુષ અગાસી ઉપર ચડેલો હોય અને આપણે તેનો પગ પકડીને નીચે ખેંચીએ ત્યારે પગ એકલો નીચે નથી આવતો પરંતુ આખો પુરુષ નીચે આવે છે તે અપકર્ષણ જો પરમાણુનો પિંડમાત્ર જ હોત તો કેવળ એકલો પગ જ સરી આવત. આખો પુરુષ સરી આવત નહીં. પરંતુ આખો પુરુષ ખેંચાઈ આવે છે માટે પિંડમાત્ર નથી પણ સ્કંધસ્વરૂપ છે. તથા (૩)**आकर्षण=** દોરી ઉપર સુકાતી ધોતી કે સાડીને સુકાયા પછી દોરી ઉપરથી લઈ લેવા માટે એક છેડો પકડીને આકર્ષણ કરશો એટલે કે ખેંચશો તો આખી ધોતી અને આખી સાડી ખેંચાઈ આવશે હવે જો સ્કંધ ન બન્યો હોય અને પુદ્ગલોનો પિંડમાત્ર જ હોય તો હાથમાં પકડેલા છેડા જેટલો જ ભાગ ખેંચાઈ આવવો જોઈએ. આખી સાડી કે આખી ધોતી ખેંચાઈને ન આવવી જોઈએ.

ઉપરના ત્રણે દાખલા પ્રમાણે જે જે એકાંગીભાવવાળાં ઉદાહરણો છે, તે લોકોમાં આવાં ઘણાં ઉદાહરણો પ્રસિદ્ધ છે તે સઘળી વાત ઘટશે નહીં, આખો સ્કંધ જ ખેંચાય છે તે માટે પરમાણુઓનો સંયોગ માત્ર નથી, પરંતુ એકાંગીભાવ (અર્થાત્ અભેદ સંબંધ) અર્થાત્ સ્કંધાત્મક સંબંધવિશેષવાળો પરિણામ થયો છે, આમ સ્વીકારવું જોઈએ.

જો પરમાણુઓનો સંયોગમાત્ર જ છે આમ જ જો માનીએ તો એક બાલિકા અને એક પુરુષ આ બન્નેની જોડી ઊભી હોય તેનાથી ધારો કે બાલિકા ખસી જાય તો પુરુષ સ્થિર રહી શકે છે અને રહે છે તેવી જ રીતે ધારો કે પુરુષ ખસી જાય તો બાલિકા પોતે સ્થિર ઊભી રહી શકે છે આવી જગ્યાએ સંયોગમાત્ર જ કહેવાય. ત્યાં પિંડીભાવ નથી તેની જેમ કાંઠલો પકડી ઊંચકો ત્યારે જો આખો ઘડો ન ઊંચકાતો હોત અને માત્ર કાંઠલો જ ઊંચકાતો હોત અને ઘટનો નીચેનો તમામ ભાગ નીચે જ રહેતો હોત તો બાલિકા અને પુરુષના

સંયોગની જેમ સંયોગ માત્ર જ કહેવાત પરંતુ આમ થતું નથી, માટે સંયોગ માત્ર નથી, પરંતુ સ્કંધ સ્વરૂપે તે પદાર્થ બનેલો છે.

ઉપર સમજાવેલાં દૃષ્ટાન્તોથી હવે સમજાશે કે પરમાણુઓનો પરસ્પર એકાંગીભાવ (એકમેક થવાપણું) થવાથી એટલે કે સ્કંધ સ્વરૂપે પરિણામ પામવાથી જ્ઞાનીઓએ તેમાં બંધપરિણામ થાય છે એવું જોયું છે અને સ્વીકાર્યું છે તેથી સકલ અણુઓના સમૂહાત્મક બનેલું આ એક અખંડ દ્રવ્ય (પદાર્થ) જ છે આમ સ્વીકારવું જોઈએ તો જ આકર્ષણ ઉત્ક્ષેપ અપક્ષેપ વગેરે ભાવો સંગત થઈ શકે તથા એક ભાગમાં થતા ઉત્ક્ષેપાદિથી આખી વસ્તુ ખેંચાવાનું જે બને છે તે સંગત થાય માટે જ સ્કંધાત્મક મોટુ દ્રવ્ય જ બની જાય છે એમ સ્વીકારવું જોઈએ.

ઉપર કરેલી વિસ્તૃત ચર્ચાથી હવે સમજાશે કે કણાદ્ ઋષિના મતમાં (વૈશેષિક દર્શન અને ન્યાયદર્શનમાં) આવા પ્રકારની જે કલ્પના કરવામાં આવી છે કે અવયવોમાં અવયવી સમવાય સંબંધથી રહે છે તે બન્ને એકાન્તે ભિન્ન છે, સમવાય સંબંધના કારણે એક દેખાય છે ઇત્યાદિ તેઓની વાત સર્વથા મિથ્યા છે એમ જાણવું. તેને બદલે મૌનીન્દ્રના દર્શનમાં (વીતરાગ પરમાત્માએ બતાવેલા જૈન દર્શનના સિદ્ધાન્ત પ્રમાણે) અવયવોથી અવયવી એકાન્તે ભિન્ન પદાર્થ છે જ નહીં કે જેથી આવી કલ્પના દોડાવવી વડે.

પરંતુ અવયવો પોતે જ અવયવી સ્વરૂપે પરિણામ પામે છે. જેમ દૂધ પોતે જ દહીં બને છે દૂધમાં સમવાય સંબંધથી દહી છે. આ વાત બરાબર નથી) તન્તુઓ પોતે જ પટરૂપે પરિણામ પામે છે તેની જેમ અવયવો જ અવયવી ભાવને પામે છે. નૈયાયિક અને વૈશેષિકોની આ વાત એકાન્તભેદની છે તે સર્વથા મિથ્યા વાત છે. જૈન દર્શનકારોની આ વાત વ્યવસ્થિત છે કે અવયવો પોતે જ વ્યવસ્થિત ગોઠવાયા છતા અવયવી ભાવને પામે છે.

દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ મુંજની સળીઓથી સાવરણી જુદી નથી અથવા ઇસથી પલંગનો ભેદ નથી તેની જેમ અવયવથી અવયવી જુદો (ભિન્ન) નથી. આ કારણથી જ કોઈ પણ અવયવી દ્રવ્ય પોતાના અવયવોથી ભિન્ન જણાતો નથી. પોતાના અંશભૂત-દેશભૂત એવા અવયવોથી અવયવી ભિન્ન સ્વરૂપે ગ્રહણ થતો નથી. પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાન પ્રમાણથી અવયવી અવયવોથી અત્યન્ત ભિન્ન નથી. વજન પણ ડબલ થતું નથી.

સારાંશ કે અવયવી અવયવોથી અત્યન્ત ભિન્ન હોય અને અવયવોમાં સમવાય સંબંધથી અવયવી રહેતો હોય, આવી નૈયાયિક અને વૈશેષિકોની વાત ઉચિત નથી. આ વાતનું અનુમાન આ પ્રમાણે છે.

**देहादि अवयवी**,(પક્ષ) **स्वावयवकलापात्** (સાધ્ય)**नान्यः**, "**अबद्धत्वे सति सक्रियत्वे सति विभागेनागृह्यमाणत्वात्** (આ હેતુ સમજવો)। **अवयवस्वरूपवत्** (આ દષ્ટાન્ત જાણવું)"

સારાંશ કે અવયવી એવું દ્રવ્ય, પોતાના અવયવોથી એકાન્તે ભિન્ન પદાર્થ નથી, આ વાત ઉપરોક્ત અનુમાનથી સમજાવવામાં આવી છે. આ અનુમાનમાં દેહાદિ (શરીરાદિ) એવું જે અવયવી દ્રવ્ય છે. તે પક્ષ છે. પોતાના અવયવોના સમૂહથી એકાન્તે ભિન્ન નથી. આ સાધ્ય છે. પરસ્પર બંધાયાં નથી છતાં સક્રિય છે અને વિભાગ સ્વરૂપે ગ્રહણ થતાં નથી (આ હેતુ છે) માટે એકાન્તે ભિન્ન નથી.

ઉપરોક્ત અનુમાનથી સમજાય છે કે "અવયવી દ્રવ્ય, પોતાના દેશભાગોથી (અવયવોથી) અતિશય ભિન્ન (એકાન્તે ભિન્ન) નથી જ, આ વાત પ્રત્યક્ષ પ્રમાણ વડે તથા અનુમાન પ્રમાણ વડે પણ સમજાય તેમ છે.

અવયવોથી અવયવી એકાન્તે અર્થાન્તરભૂત (એટલે કે અત્યન્ત ભિન્ન) જ છે. આવી નૈયાયિક અને વૈશેષિકોની વાતનો પ્રતિષેધ સમજાવાય છે. અવયવો પોતે જ યથાસ્થાને ગોઠવાયા છતા અવયવી સ્વરૂપ બની જાય છે બની ગયા છે અને ભવિષ્યમાં પણ બનશે જ, માટે એકાન્તે ભેદ નથી જ। નૈયાયિક વૈશેષિકો જે એકાન્ત ભેદ માને છે એટલે જ તેઓને અવયવોમાં અવયવીને સિદ્ધ કરવા સમવાય સંબંધ માનવાની કલ્પના કરવી પડી છે તેઓની આ સર્વ વાત મિથ્યા કલ્પના માત્ર જ છે. અતિશય ખોટું જૂઠાણું જ છે.

જે દેહ (શરીર) વગેરે છે તે સ્થાન-આસન અને શયન વગેરે ક્રિયાવાળા પદાર્થો છે તેથી સક્રિય છે, અને સક્રિય હોતે છતે આ પદ હેતુમાં વિશેષણ સ્વરૂપે લગાડેલું છે. તે પક્ષમાં બરાબર ઘટે છે. તથા શરીરના અવયવો હાથ-પગ-માથુ-પેટ વગેરે ભાગો પણ પોતપોતાની શયનાદિ ક્રિયા કરનાર પણ છે જ, તથા આદાન-પ્રદાન (એટલે કે લેવડ-દેવડ કરવી) અને વિહરણ કરવું (પગે ચાલવું) વગેરે ક્રિયા કરનાર પણ છે તેથી **सचेष्टाः** ચેષ્ટાવાળા પણ છે."

**પ્રશ્ન** :- હેતુમાં **अबद्धत्वे सति** કેમ જોડ્યું છે ?

**ઉત્તર**- ધારો કે બે પુરુષ છે. પરસ્પર દોરડા વડે અથવા સાંકળ વડે બંધાયેલા છે તે એવા બંધાયેલા છે કે જે વિભાગ રૂપે દેખાય છે પણ દોરડાથી બંધાયેલા છે`ટલે વિભાગ પામતા નથી એટલે ત્યાં "**सबद्धत्वे सति विभागेन गृह्यमाणत्वात्**" આટલો હેતુ ઘટી શકે છે આ અનુમાનમાં **स्वावयवकलापात् नान्यः** આ સાધ્ય છે.

હવે જે પુરુષનું જોડકું છે તેમાં બે પુરુષ એ અવયવ છે, કારણ કે તેનાથી બનેલું

જે આ જોડકું છે તે જોડકા સ્વરૂપ હોવાથી અવયવભૂત બન્ને પુરુષોથી આ જોડકું એ ભિન્નતત્ત્વ છે તેથી આ જોડકું **स्वावयवकलापादअभिन्न** ને બદલે **स्वावयवकलापाद् भिन्न** એવા તે બે પુરુષમાં જોડકું રહેલું છે તેથી હેતુ સાધ્યના અભાવવાળામાં રહેનારો થયો.

આ જોડકું ક્રિયાવાળું પણ છે. એટલે **सक्रिय** પણ છે તથા **विभागेनागृह्यमाण** પણ છે તેથી **सक्रियत्वेसति विभागेनागृह्यमाणत्व** આટલો હેતુ રાખીએ તો **साध्याभाववद् वृत्ति** થાય છે એટલે ત્યાં વ્યભિચાર દોષ આવે છે. તે દોષ દૂર કરવા માટે **"अबद्धत्वे सति"** આટલું પદ હેતુમાં ઉમેરાયું છે. હવે વ્યભિચાર દોષ આવતો નથી કારણ કે બન્ને પુરુષો પરસ્પર બદ્ધ છે. **अबद्ध** નથી તેથી **अबद्धत्वे सति विभागेन अगृह्यमाणत्व** આ હેતુ નિર્દોષ સિદ્ધ થાય છે.

આખી વાતનો સારાંશ એવો છે કે પરસ્પર પ્રતિબદ્ધ એવા પુરૂષદ્વય જે છે તેમાં વ્યભિચાર વારવા માટે જ આ **अबद्ध** પદનું ગ્રહણ કરેલ છે.

**પ્રશ્ન :-** ઉપરની ચર્ચા સાંભળતાં એમ લાગે છે કે "**अबद्ध**" પદ જરૂરી છે તો તે પદ હેતુમાં ભલે રાખો, પરંતુ **सक्रियत्वे सति** આ પદ મૂકવાની શી જરૂર છે ? તે પદ ન કહીએ અને માત્ર "**अबद्धत्वे सति विभागेन अगृह्यमाणत्वात्**" આટલો જ હેતુ કહીએ તો શું ન ચાલે ?

**ઉત્તર :-** ઉપરના પ્રશ્નનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી ભગવંત કહે છે કે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યોમાં નાનાપણું હોતે છતે પણ એટલે કે **अबद्धत्व** હોતે છતે પણ **विभागेनागृह्यमाणत्व** પણ આ ત્રણે દ્રવ્યોમાં છે, સર્વત્ર સાથે રહે છે. અરૂપી દ્રવ્યો હોવાથી વિભાગવાર ગૃહ્યમાણપણું નથી. તે માટે **विभागेनागृह्यमाणत्व** આ હેતુ તે ત્રણ દ્રવ્યોમાં રહે છે તેથી ત્યાં વ્યભિચાર દોષ આવે છે. તે વ્યભિચાર દોષ એટલે કે અનૈકાન્તિકતા દોષની આશંકા દૂર કરવા માટે જ હેતુમાં **सक्रियत्व** આ વિશેષણ પણ આવશ્યક છે જ.

આ પ્રમાણે ઉપરોક્ત અનુમાનમાં **अबद्धत्वे सति सक्रियत्वे सति विभागेनागृह्यमाणत्व** આ હેતુ નિર્દોષ સિદ્ધ થાય છે. તેથી તે હેતુથી સિદ્ધ કરાતું **"स्वावयवकलापाद् न अन्यः"** આ સાધ્ય **देहादि** પક્ષમાં સારી રીતે સિદ્ધ થાય છે.

**तस्मात् अवयवव्यतिरेकेणासत्परिकल्पितोऽवयवी** = તે કારણથી નૈયાયિકોએ તથા વૈશેષિકોએ અવયવોથી અવયવી અત્યન્ત ભિન્ન જ છે અને તેમાં તે સમવાયસંબંધથી વર્તે છે. ઇત્યાદિ જે કલ્પના કરી છે. આવા પ્રકારની આ મનમાની જે કલ્પના છે તે નીચેના

ઉદાહરણની જેમ સર્વથા વ્યર્થ છે, તદ્દન મિથ્યા કલ્પના છે. તેઓની વાત અતિશય ખોટી છે.

જે કન્દલીના દળથી (કેળના પાનથી) અત્યન્ત ભિન્ન એવો કન્દલીના દળનો સાર (કેળના પાનનો સાર એટલે કે બળ) હોઈ શકે જ નહીં. કન્દલીના પાનનું બળ કન્દલીના પાનથી અત્યન્ત ભિન્ન હોઈ શકે નહીં તેની જેમ અવયવી પણ અવયવોથી ભિન્ન હોઈ શકે જ નહીં, કે જેના માટે સમવાય સંબંધની કલ્પના કરવી પડે. કન્દલીનું પાન અને તે કન્દલીના પાનનું બળ આ બન્ને ભિન્ન ભિન્ન હોતા જ નથી કે જેમાં સમવાયસંબંધ માનવાની જરૂરિયાત ઊભી થાય. તેની જરૂરિયાત જ નથી. કથંચિદ્ અભેદ સંબંધ જ છે.

તથા લોકમાં પણ અવયવીનું જે દર્શન થાય છે. તે પણ તેના તેના દેશભાગોમાં જ (એટલે કે અવયવોમાં જ) થાય છે માટે પણ અવયવી પોતાના અવયવોથી ભિન્ન નથી. જેમ કે ચૈત્ર કે મૈત્ર નામના પુરુષના હાથ-પગ કે મુખ એમ એક બે ભાગ (અવયવ) દેખાયા હોય તો પણ મેં ચૈત્રને જોયો, મેં મૈત્રને જોયો એમ જ બોલાય છે માટે પણ અવયવી પોતાના અવયવથી એકાન્તે ભિન્ન નથી, કારણ કે અવયવીનો એક ભાગ દેખાયે છતે તે સર્વ આખો અવયવી મેં દેખ્યો આવો જ વ્યવહાર થાય છે.

તથા વળી અવયવોથી અવયવી જો અત્યન્ત ભિન્ન છે એમ માનીએ અને સમવાય સંબંધથી અવયવી અવયવમાં રહે છે આમ કલ્પીએ તો ઘણા પ્રશ્નો ઊભા થાય છે. તે આ પ્રમાણે-

(૧) અવયવી દ્રવ્ય એક એક અવયવમાં પૂર્ણપણે રહે છે કે અંશથી રહે છે ? જો એક એક અવયવમાં અવયવીદ્રવ્ય પૂર્ણપણે રહેતું હોય તો જેટલા અવયવ તેટલા જ અવયવી પણ છે આવી આપત્તિ આવશે. અને જે એક એક અવયવમાં અવયવી અંશે અંશે રહે છે એમ માનશો તો તે અવયવીને પાછા બીજા અંશો માનવા પડશે ઇત્યાદિ ઘણાં દૂષણો આવે છે. ધારો કે ૧૦૦ તંતુઓનું એક પટ બનાવ્યું ત્યાં એક એક તંતુમાં પટ છે એમ માનીએ તો ૧૦૦ તંતુની જેમ ૧૦૦ પટ માનવાની આપત્તિ આવે અને એક એક તન્તુમાં પટનો અમુક અમુક ભાગ રહે છે એમ માનીએ તો તન્તુઓમાં રહેનારા પટને પણ પાછો ભાગવાળો એટલે કે અવયવવાળો માનવો પડે, જેનાથી અનવસ્થાદોષ આવે જ, તે માટે આ માન્યતા બરાબર નથી.

ઉપરોક્ત વિચારણાથી સમજાશે કે અવયવથી અવયવી અત્યન્ત ભિન્ન છે જ નહીં, પરંતુ અવયવો પોતે જ યથાસ્થાને ગોઠવાયા છતા અવયવી સ્વરૂપ બની જાય છે.

**संस्कृत टीका :-** सर्वथा चानुपपद्यमानवृत्तित्वात् खपुष्पवत् असन्नवयणी । उपलब्धि-कारणसन्निधाने सत्यवयवरूपादिव्यतिरेकेणानुपलभ्यमानरूपादिगुणत्वात् । हस्त्याद्यवयवव्यतिरेकेण सेनावत् । व्यतिरेके घटबदरादय: ।। पर्यायनयाभिप्रायेण तु नानात्वमवयविनोऽवयवेभ्य:। अवयवगुणेभ्योऽन्योऽअवयविगुणो व्यस्तेषु तेष्ववयवेषु तत्प्रमाणवर्णाकृतिरूपेणादृश्यमाणत्वात् अनेकरत्नसंघातनिष्पन्नरत्नावलीवत् रत्नेभ्य: ।। येन तेषु देशेषु व्यस्तेषु न चतुर्हस्त: पटश्चित्र: पट: समचतुरस्र: पट इत्यादिविशेषोपलब्धि: एवं द्रव्यपर्यायनयैकान्ते बहवो दोषा: ।।

स्याद्वादिनस्तु यथापरिणाममर्पणानर्पणविशेषोपनिपातिस्याच्छब्दोपपद प्रतिपादयिषितधर्म-स्वरूपाभिनिवेशादशेषधर्म कलापोपसङ्ग्रहणात् सर्वैकान्तधर्मविनिवृत्या सर्वैकान्तवाक्यसमवतारणात् स्यादन्य: स्यादनन्य: स्यादन्यानन्य:, स्यादवक्तव्य इत्यादि सप्तभङ्गी प्रतिज्ञानाद् दोषाणामनवकाश एव ।। यस्मादर्पितानर्पितनयद्वयविवक्षाऽविवक्षाभ्यामन्यत्वानन्यत्वे भाज्ये ।। पर्यायनयोऽर्पितस्तन्मतेन त्ववयवावयविनोर्भेद:, अनर्पितो द्रव्यास्तिक: तदभिप्रायादैक्यम् ।। एवं विश्वपरिणामप्रपञ्चस्थितिभाञ्जि द्रव्याणि स्वात्मन्यविद्यमानैरेव पर्यायत: कैश्चिद् धर्मैरुत्पद्यन्ते, कैश्चिद् विद्यमानैरपि धर्मैर्विनश्यन्ति, कैश्चित्पुनरन्वयिभि: पर्यायैर्नित्यानि ध्रुवाण्येव सर्वद्रव्याणीति मौनीन्द्रदर्शनमनवद्यम् ।।

**ગુજરાતી ભાષાન્તર :-** "અવયવથી અવયવી અત્યન્ત ભિન્ન છે અને સમવાય સંબંધથી અવયવોમાં અવયવી રહેલો છે" આમ માનવામાં ઘણા દોષો આવે છે. તે આ પ્રમાણે-

તન્તુના એક એક તારમાં પટ અવયવી વર્તે છે આમ જો માનીએ તો જેટલા તન્તુ હોય તેટલા પટ થાય જે વાત ઉચિત નથી. અને જો એક એક તન્તુમાં પટનો એક એક ભાગ છે આમ માનીએ તો પટ પોતે પણ તન્તુ વિના બીજા અનેક અવયવોવાળો થાય. ઈત્યાદિ દોષો આવતા હોવાથી અને અવયવોથી બહાર અવયવીની વૃત્તિ અનુપલભ્યમાન (અવિદ્યમાન) હોવાથી અવયવી એવો પટ સર્વથા **असत्** થશે. આકાશપુષ્પની જેમ.

પટ એ સર્વથા **असत्** છે જ કારણ કે તેના અવયવભૂત તન્તુઓમાં અનુપલભ્યમાન હોવાથી આકાશપુષ્પની જેમ આવા પ્રકારના ઘણા દોષો આ એકાન્તવાદમાં આવે છે. જેમ જગતમાં ખપુષ્પ નથી તેમ અવયવમાં અવયવી નથી જ. કારણ કે દેખાવાનાં જે કારણો (પ્રકાશ-ચક્ષુ-ઈન્દ્રિયસન્નિકર્ષ વગેરે) વિદ્યમાન હોવા છતાં, એટલે કે તે કારણોનું સન્નિધાન હોવા છતાં પણ અવયવ જે તન્તુ અને તન્તુરૂપાદિ ગુણો છે તેનાથી ભિન્નપણે પટ નામનું કોઈ દ્રવ્ય અને તેના રૂપાદિ ગુણો ઉપલબ્ધ થતા નથી. માત્ર તન્તુ અને તન્તુના ગુણો જ દેખાય છે, પટ નામનું અવયવી દ્રવ્ય અને તેના ગુણો તન્તુથી જુદા કોઈ દેખાતા નથી.

તે કારણથી અવયવી **असत्** છે. જેમ કે (૧) હાથી, (૨) ઘોડા, (૩) રથ અને (૪) પાયદળ આ ચાર અવયવો દેખાય છે. પરંતુ તે ચાર અવયવોથી ભિન્ન એવો સેના નામનો અવયવી કોઈ પદાર્થ દેખાતો નથી. તેમ સર્વત્ર સમજવું. આ રીતે અવયવો સત્ થશે પણ અવયવી અસત્ જ થશે.

અનુમાન પ્રમાણમાં જેમ અન્વયવ્યાપ્તિ થાય છે તેવી જ રીતે વ્યતિરેકવ્યાપ્તિ પણ થાય છે. **यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः** આ અન્વયવ્યાપ્તિ જેમ થાય છે તેમ **यत्र यत्र वह्नेरभावः तत्र तत्र धूमाभावः** આ પ્રમાણેની વ્યતિરેકવ્યાપ્તિ પણ થાય છે. તેની જેમ અહીં પણ (૧)***यत्र यत्र उपलब्धिकारणसन्निधाने सत्यवयवरूपादिव्यतिरेकेणानुपलभ्यमानरूपादि-*** **गुणत्वं, तत्र तत्र असत्, यथा खपुष्पम्** આ અન્વયવ્યાપ્તિ જેમ થાય છે તેવી જ રીતે **यत्र यत्र असत् न भवति, तत्र तत्र उपलब्धि कारणसन्निधाने सत्यवयवरूपादि व्यतिरेकेणानुपल-भ्यमानरूपादिगुणत्वं नास्ति**" આ વ્યતિરેકવ્યાપ્તિમાં **यथा घटबदरादयः** જેમ કે ઘટ અને બોર વગેરે આ દૃષ્ટાન્ત સમજવું.

હવે પર્યાયાથાર્થિકનયથી વિચાર કરીએ તો અવયવોથી અવયવી ભિન્ન છે એમ જાણવું, કારણ કે અવયવના ગુણોથી અવયવીના ગુણો જુદા જ હોય છે જેમ કે અવયવી એવી ધોતીમાં જે લંબાઈ આદિ પ્રમાણ, જે વર્ણ અને જે આકૃતિ સ્વરૂપે ગુણો છે તે ગુણો તેના તાર એવા અવયવોમાં અદૃશ્યમાન છે. શાસ્ત્રમાં આવો બીજો દાખલો પણ આપ્યો છે કે અનેક રંગ-બેરંગી રત્નોના સમૂહથી બનેલી રત્નાવલીમાં એક એક રત્નોમાં જે ભિન્ન ભિન્ન કલરો છે. તેનાથી રત્નાવલીમાં વ્યવસ્થિતપણે કલરકામ જણાય છે માટે તે ભિન્ન છે તેની જેમ અવયવથી અવયવી કથંચિદ્ ભિન્ન છે.

તથા વળી ચાર હાથ લાંબું એક વસ્ત્ર હોય, રંગ-બેરંગી ચિત્રોથી ભરેલું વસ્ત્ર હોય, ચારે ખૂણે સમાન ચાદર આદિ રૂપે વસ્ત્ર હોય તેવા વસ્ત્રમાં તેના બધા જ દેશભાગો (તાર) વ્યસ્ત (છૂટા છૂટા) કરીએ ત્યારે તે છૂટા છૂટા દેશભાગમાં ચાર હાથવાળું પટ, રંગબેરંગી પટ તો દેખાતું જ નથી માટે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પટ એ અવયવી દ્રવ્ય છે તે અવયવી અવયવોથી કથંચિદ્ ભિન્ન છે અને દ્રવ્યાર્થિક નયથી જે તન્તુઓ છે તે જ પટપણે પરિણામ પામ્યા છે અર્થાત્ અભિન્ન છે આમ ભિન્નાભિન્ન જ માનવું ઉચિત છે. અને ખરેખર તે જ માન્યતા સત્ય છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બન્ને નયોનો એકાન્ત સ્વીકાર કરવામાં ઘણા દોષો આવે છે માટે સાપેક્ષપણે બન્નેને સ્વીકારવા અને બન્નેને સાથે રાખવા. એ જ કલ્યાણકારી *માર્ગ છે.*

જે લોકો સ્યાદ્વાદમાર્ગને (અર્થાત્ અનેકાન્તવાદનાં) માર્ગને સ્વીકારે છે. તેઓની દૃષ્ટિએ તે વસ્તુમાં જેવું પરિણમન હોય છે તે પ્રમાણે તેની અર્પણા અને અનર્પણાની મુખ્યતા કરવાથી (એટલે કે પ્રધાનતા અને ગૌણતા) કરવાથી અથવા વિવક્ષા અને અવિવક્ષા કરવાથી અર્પણાવિશેષને જણાવનારો એવો **स्याद्** શબ્દ છે ઉપપદમાં જેને એવા **स्यादस्ति, स्यान्नास्ति** ઇત્યાદિ વાક્યોથી પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા, તથા અપેક્ષાપૂર્વકના ધર્મના સ્વરૂપને જણાવવાના આગ્રહથી (ગૌણપણે) સર્વધર્મના સમૂહનો સંગ્રહ થઈ જવાથી તથા સર્વે પણ એકાન્તવાદીના મતોની નિવૃત્તિવિશેષ થવાથી સર્વે પણ એકાન્તવાદીઓના વાદનો સાપેક્ષભાવે (ગૌણપણે) સમાવેશ થઈ જવાથી (૧) **स्यादन्यः** (૨) **स्यादनन्यः** (૩) **स्यादन्यानन्यः** (૪) **स्यादवक्तव्यः**, આ પ્રમાણે સાત ભાંગાવાળી સપ્તભંગીને બરાબર જાણવાથી કોઈ પણ દોષોનો અવકાશ રહેતો જ નથી.

કારણ કે અર્પણા (એટલે પ્રધાનતા અથવા વિવક્ષા) અને અનર્પણા (એટલે ગૌણતા અને અવિવક્ષા) એવા બે નયોની વિવક્ષા અને અવિવક્ષા દ્વારા અન્યત્વ અને અનન્યત્વ એમ બન્ને ધર્મો સમજાય છે.

જ્યારે પર્યાયાર્થિક નયની અર્પણા (વિવક્ષા-પ્રધાનતા) કરાઈ હોય ત્યારે તે નયની દૃષ્ટિએ અવયવ અને અવયવીનો ભેદ છે એમ મનાય છે. તે વિવક્ષાકાળે દ્રવ્યાર્થિકનય ગૌણ થઈ જાય છે. તેના કારણે દ્રવ્યાર્થિકનયને માન્ય જે એકતા અર્થાત્ અભેદ તે ગૌણ થાય છે અને જ્યારે દ્રવ્યાર્થિકનયની અર્પણા (વિવક્ષા-પ્રધાનતા) કરવામાં આવે છે ત્યારે તે નયની દૃષ્ટિએ અવયવ અને અવયવીનો જે અભેદ છે તે મુખ્ય બને છે તે કાળે પર્યાયાર્થિકનય ગૌણ થઈ જાય છે. તેના કારણે પર્યાયાર્થિકનયને માન્ય અન્યતા અર્થાત્ ભેદ તે ગૌણ થાય છે.

આ પ્રમાણે સમસ્ત પણ દ્રવ્યો તથા તેના સર્વે પણ પર્યાયોનો જે પ્રપંચ છે તે સઘળુંય પણ બે નયોથી વિચારાય છે. પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ (આ નયની વિવક્ષાએ) પોતાનામાં અવિદ્યમાન એવા કેટલાક ધર્મો (પર્યાયો)ની અપેક્ષાએ વસ્તુ ઉત્પન્ન થાય છે અને વર્તમાનકાળમાં વર્તતા એવા કેટલાક ધર્મો (પર્યાયો)ની અપેક્ષાઓ વસ્તુ નાશ પણ પામે છે. તથા દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ (આ નયની વિવક્ષાએ) પોતામાં તે તે ધર્મો રહેલા જ છે. માત્ર તેનો આવિર્ભાવ અને તિરોભાવ માત્ર થાય છે. અન્વય રૂપે ધર્મો સદાકાળ રહેલા જ છે તેથી નિત્ય છે અર્થાત્ ધ્રુવ છે. આ પ્રમાણે સર્વે પણ દ્રવ્યો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ધર્મવાળાં છે તથા નિત્યાનિત્ય છે.

આવું વસ્તુનું સ્વરૂપ તે યથાર્થ સ્વરૂપ છે અને તે યથાર્થ સ્વરૂપ સમજાવનારા શ્રી

વીતરાગ પરમાત્માનું જે દર્શન છે (શાસન છે) તે જ સર્વથા નિર્દોષ અને અનવદ્ય છે તેથી તે જ દર્શનનું જ શરણ લેવા લાયક છે.

આ જગત પોતે પોતાના ભાવે જ દ્રવ્ય અને પર્યાય એમ ઉભયાત્મક છે. તેથી જ પરમાત્મા શ્રી વીતરાગદેવે કેવળજ્ઞાન અને કેવળદર્શનથી જગતને તેવું જોયું છે અને તેવું લોકોને સમજાવ્યું છે એટલે પરમાત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે પરંતુ કર્તા-ભોક્તા નથી.

**सम्प्रति प्रस्तुतमनुश्रियते- द्विप्रदेशस्य स्कन्धस्य परमाण्वन्तरेण योगे त्रिप्रदेश-स्कन्धोत्पादः, चशब्दात् त्रयाणां च परमाणूनां सङ्घातपरिणामे त्र्यणुकस्कन्धस्योपजननम् । एवमित्यादिनाऽतिदेशं करोति ॥ शीर्षप्रहेलिकास्थानपर्यन्तवर्ति द्विसङ्ख्योपक्रमं गणितम् । तत्राप्युक्तेन न्यायेन भावना कार्या । ततः परं गणितविषयातिक्रमादसङ्ख्येयो राशिः । तत्रापि सङ्घातपरिणामभावना तुल्यैव । ततोऽप्यसङ्ख्येयादुपरि बहु बहुतर बहुतम परमाणु प्रचयोऽनन्तकराशिः। तस्मिन्नपि संहति परिणतिभावना सदृश्यैव । अनन्तानन्तानां चेत्यनेनान्तकराशेरनन्तानि स्थानानि भवन्तीति प्रदर्शयति । एवं तावत् सङ्घातात् परस्य प्रदेशाः स्कन्धतयोपजायन्त इति ॥**

***ગુજરાતી ભાષાન્તર :-*** *દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય અને અભિન્ન તથા પર્યાયાર્થિક* નયની અપેક્ષાએ અનિત્ય અને ભિન્ન એમ બન્ને નયોની વિવક્ષાએ નિત્યાનિત્ય તથા ભિન્નાભિન્ન દ્રવ્ય અને પર્યાયો છે આ પ્રમાણે ઉભયાત્મક સ્વરૂપ તથા તેનાથી થતી સપ્તભંગી વગેરે ભાવો સમજાવાયા. તથા તે સમજાવવાપૂર્વક સ્યાદ્વાદ સિદ્ધાન્ત સમજાવીને હવે પ્રસ્તુત જે વાત ચાલતી હતી તેનું વર્ણન કરાય છે.

દ્વિપ્રદેશી જે સ્કન્ધ છે તે સ્કન્ધનું બીજા એક પરમાણુની સાથે મિલન થતાં ત્રિપ્રદેશી સ્કંધની ઉત્પત્તિ થાય છે તથા તેનામાં લખેલા **च**શબ્દથી એમ પણ સમજવું કે તે ત્રણે પરમાણુઓ એકલા એકલા હોય અને તેવા એકલા એકલા ત્રણ પરમાણુઓનો પરસ્પર સંઘાતપરિણામ ઉત્પન્ન થયે છતે ત્ર્યણુક સ્કંધની ઉત્પત્તિ થાય છે. ટીકામાં લખેલ **एवं** શબ્દથી આ જ પ્રમાણે ચતુરણુક, પંચાણુક, ષડણુક આદિ સ્કંધોની ઉત્પત્તિ પણ સમજી લેવી. આ પ્રમાણે **एवं** શબ્દથી સ્કંધોનો અતિદેશ સૂચવ્યો છે.

આ પ્રમાણે સંખ્યાતા અણુઓના જે સ્કંધો થાય છે તે સંખ્યાતાણુક સ્કંધ કહેવાય છે. જૈન શાસનમાં જણાવ્યા પ્રમાણે ષડશીતિ નામના ચોથા કર્મગ્રંથની છેલ્લી ૭૧થી ૮૬ ગાથાઓમાં જણાવ્યા પ્રમાણે તો ચાર પાલાની રાશિ પ્રમાણ સંખ્યાતુ છે, પરંતુ આપણાથી તે સમજી શકાય તેમ નથી એટલે ઉપમાઓથી સમજાવાય છે.

તથા હાલ-વ્યવહારમાં ચાલતું જે ગણિતશાસ્ત્ર છે તેના પ્રમાણે બેની સંખ્યાથી શરૂ કરીને એકમ-દશક-સો-હજાર-દશ હજાર-લાખ-દશ લાખ-કરોડ-દશ કરોડ વગેરેથી શરૂ કરીને શીર્ષ પ્રહેલિકાના સ્થાન સુધી જ સંખ્યાતુ કહેવાય છે. કુલ ૧૭ આંક પ્રમાણ આ આંક જાણવો (૧ ૦૦૦૦ ૦૦૦૦ ૦૦૦૦ ૦૦૦૦) આ રકમ એ છેલ્લું સંખ્યાતુ જાણવું. વર્તમાનકાળમાં આટલું ગણિત ચાલે છે ત્યારબાદ એટલે કે (૧૭) આંકડા પ્રમાણ સંખ્યા થયા પછી) વર્તમાનકાળના ગણિતનો અવિષય થવાથી તે રાશિને અસંખ્યાતની રાશિ કહેવાય છે.

તે અસંખ્યાતની રાશિમાં પણ સંઘાત (પરમાણુઓનું જોડાવાપણું) વગેરેની ભાવના વિચારવી. ત્યારબાદ એટલે કે અસંખ્યાતાની ઉપર બહુ પરમાણુઓ, બહુતર પરમાણુઓ, અને બહુતમ પરમાણુઓ પ્રચય કરતાં કરતાં અનંત પરમાણુઓના પ્રચયરૂપ રાશિ થાય છે તે અનંતપરમાણુની રાશિવાળા સ્કંધોમાં પણ પરસ્પર સંહતિ થવી (સંઘાત થવો) તે સંઘાત પરિણામ કહેવાય છે. તેની પણ ભાવના ઉપર પ્રમાણે જાણવી તથા તેનાથી પણ આગળ અનંતાનંત પરમાણુઓના સ્કંધો પણ થાય છે. તેથી તે સ્કંધોની પણ ભાવના જાણવી.

આ પ્રમાણે અનંત પરમાણુવાળા સ્કંધોની રાશિનાં અનંતાં સ્થાનો છે (ભેદો છે) એમ જ્ઞાની પુરુષો જણાવે છે. આ પ્રમાણે પરમાણુઓનો પરસ્પર સંઘાત થવાથી, તથા સ્કંધોમાંથી પુદ્‌ગલો છૂટા પડવાથી નાના સ્કંધો જે બને તે ભેદથી અને કેટલાક સ્કંધોમાં થોડાક પરમાણુઓ વિખેરાય અને થોડાક નવા પરમાણુઓ જોડાય એમ સંઘાતભેદ-ઉભયથી પણ સ્કંધો બને છે તેમાં (૧) સંઘાતથી જે સ્કંધો બને છે તે સમજાવ્યા.

**अधुना द्वितीयं प्रकारं वक्तुकाम आह-**

હવે સ્કંધો બનવામાં (ભેદ નામના) બીજા પ્રકારને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર મહારાજા ભાષ્યના પાઠથી કહે છેઃ-

**भाष्यम् :- एषामेव भेदाद् द्विप्रदेशपर्यन्ताः ॥**

**ભાષ્યનું ગુજરાતી :- આ જ સર્વે પણ સ્કંધોનો ભેદ થતાં થતાં અન્તે છેલ્લા દ્વિપ્રદેશી સ્કંધ સુધીના સ્કંધોની ઉત્પત્તિ ભેદથી પણ થાય છે.**

**संस्कृत टीका :-** द्व्यणुकादिक्रमेणानन्तानन्तपरमाणुकपर्यवसानाः स्कन्धाः संघाताद् ये समुत्पन्नास्तेषां पर्यन्तवर्तिनः स्कन्धादेकोऽणुर्यदा भिन्नः पृथग् भवति । तदैकाणुभेदात् तन्न्यूनः स्कन्धः समुत्पद्यते । एवं द्वित्र्यादिपरमाणुभेदक्रमेणाधोऽधो यावत् द्विप्रदेशस्कन्धोत्पाद इति भावनीयम् ।

**ગુજરાતી ભાષાન્તર :-** દ્વયણુક વગેરે સ્કંધોના ક્રમ વડે સંખ્યાત-અસંખ્યાત-અનંત અને અનંતાનંત પરમાણુઓ વાળા અર્થાત્ અનંતાનંત પરમાણુઓના બનેલા સ્કંધોના પર્યવસાન સુધીના તમામ સ્કંધો સંઘાતથી (પરસ્પર પરમાણુઓ મળવાથી) બન્યા કહેવાય છે તે બનેલા સ્કંધોમાંથી કોઈ પણ વિવક્ષિત એવા સ્કંધમાંથી એક પરમાણુ વિખેરાઈ જાય ત્યારે એટલે કે એકાદ પરમાણુ કે બે પરમાણુ છૂટા પડી જાય ત્યારે અર્થાત્ પૃથક્ થઈ જાય ત્યારે એક પરમાણુનો ભેદ થવાથી (એક પરમાણુ છૂટો પડવાથી) તે એક પરમાણુથી ન્યૂન એવો સ્કંધ ઉત્પન્ન થાય છે તેનાથી નીચે નીચેની સંખ્યાવાળા સ્કંધો બનતાં બનતાં યાવત્ દ્વિપ્રદેશી સ્કંધ સુધીની ઉત્પત્તિ આ રીતે ભેદથી પણ સ્કંધો થાય છે એમ જાણવું.

***भाष्य :- एत एव च संघात भेदाभ्यामेकसामयिकाभ्यां द्विप्रदेशादयः* स्कन्धा उत्पद्यन्ते । अन्यसंघातेनान्यतो भेदनेति ॥ ५-२६ ॥**

**ભાષ્યનું ગુજરાતી :- આ જ તમામ સ્કંધો સંઘાત તથા ભેદ એમ બન્ને એક સમયમાં સાથે હોય તો તેના વડે પણ દ્વિપ્રદેશી સ્કંધ વગેરે સ્કંધોની ઉત્પત્તિ થાય છે. એક બાજુ સંઘાત થાય અને બીજી બાજુ ભેદ થાય એમ ઉભયથી પણ સ્કંધો બને છે.**

**संस्कृत टीका :-** एत एव चेत्यादिना तृतीयविकल्पभावना । बहुवचननिर्देशात् कृतैकशेषो निर्देशः । संघातश्च भेदश्च संघातभेदौ, संघातभेदौ च संघातभेदौः च (इति) संघातभेदाः । एत एव ह्यनन्तरोक्ता द्वयणुकादयः स्कन्धाः सङ्घातभेदाभ्यामेकसामयिकाभ्यां उद्भवन्ति । अविभागीयः कालः परमनिरुद्धश्च समयः स तत्रैकस्मिन् समये- अभिन्नकाले द्वयणुकस्कन्धादेकोऽणुर्भिद्यते, परः संहन्यते समकमेवेत्यताः सङ्घातभेदाभ्यामुत्पद्यन्ते । समये भवः सामयिकः । एकशब्दः समानार्थाभिधायी । एकशब्दः समानार्थे । तद्यथा- तेनैकदिक् (पाणिनी अ. ४, पा. ३, सू. ११२) सुदाम्ना पर्वतेनैकदिगित्यण् । सौदामिनीति विद्युदेकदिक्-समानदिगित्यर्थः । समानः समयो ययोः सङ्घातभेदयो-स्ताभ्यामेककालाभ्यामिति यावदिति, पाठान्तरं, वा एकसामयिकाभ्यामिति । एवं द्वयणुकादयोऽपि भाव्याः । अन्यस्य परमाणोः सङ्घातेनान्यतः स्कन्धात् भेदेनेत्येवं स्कन्धात् कारणादुत्पद्यत इति प्रतिपादितम् ॥ ५-२६ ॥

**ગુજરાતી ભાષાન્તર** :- કેવળ એકલા સંઘાત અને કેવળ એકલા ભેદથી થતા સ્કંધની વ્યાખ્યા સમજાવીને હવે ઉભયથી થતા સ્કંધની વ્યાખ્યા આ ભાષ્યના પાઠથી સમજાવે છે -

ભાષ્યના મૂળપાઠમાં **एत एव** વગેરે શબ્દોથી ત્રીજા વિકલ્પની ભાવના જાણવી (એકલા સંઘાતથી સ્કંધો બને છે આ પ્રથમ વિકલ્પ, તથા એકલા ભેદથી સ્કંધો બને છે આ

બીજો વિકલ્પ છે અને હવે) સંઘાત તથા ભેદ એમ બન્ને સાથે હોય તેનાથી પણ સ્કંધો બને છે એમ ત્રીજા વિકલ્પની વાત હવે સમજાવે છે. મૂલસૂત્રમાં સંઘાત અને ભેદ એમ બે જ પદો હોવા છતાં બહુવચન જે કરવામાં આવ્યું છે તે આટલા માટે જ છે કે આ સંઘાત અને ભેદ એમ બે જ પ્રકાર સ્કંધ બનવામાં છે એમ ન જાણવું પણ (૧) સંઘાત, (૨) ભેદ, અને (૩) ઉભય- એમ ત્રણ રીતે સ્કંધો બને છે ત્યાં પ્રથમના બે ભેદો સમજાવીને હવે ઉભયથી જે સ્કંધો બને છે. તે સમજાવાય છે. "**संघातश्च भेदश्च इति संघातभेदौ । तथा संङ्घातभेदौ च संङ्घतभेदौ च इति संङ्घातभेदाः**" આમ સમાસ કરવો. પ્રથમ બે પદનો જે સમાસ છે તે ઈતરેતર દ્વન્દ્વ સમાસ જાણવો અને ત્યારબાદ જે સમાસ છે તે એકશેષ સમાસ જાણવો."

**एते एव**- આ જ સ્કંધો કે જે હમણાં જ અહીં સમજાવવામાં આવ્યા છે. તે જ દ્વયણુકાદિ સ્કંધો એક જ સમયમાં એકી સાથે થનારા સંઘાત અને ભેદ એમ ઉભય વડે પણ સ્કંધો થાય છે અને કદાચ અહીં આવો પ્રશ્ન થાય કે "સમય" કોને કહેવાય ? તો ટીકાકારશ્રી જણાવે છે કે જેના બે વિભાગ ન થાય એવો જે સૂક્ષ્મકાળ તે સમયાત્મક સમજવો. આ સમયાત્મક કાળ એટલે અત્યન્ત સૂક્ષ્મ કાળ છે. જેના બે ભાગ કરી શકતા પણ નથી અને થઈ શકતા પણ નથી એવો નિર્વિભાજ્ય કાળ તે સમય સમજવો.

આવા પ્રકારના અભિન્ન એવા (જે ભેદાય જ નહીં, બે ખંડ થાય નહીં તેવા) આ એક સમયાત્મક કાળમાં દ્વયણુકાદિ સ્કંધોમાંથી એક અણુ ભેદાય (વિખેરાય) અને **परः** બીજો એક પરમાણુ ત્યાં જ **संहन्यते** = જોડાય એટલે કે એક બાજુ સંઘાતાવસ્થાને પામે છે અને બીજી બાજુ ભેદ અવસ્થાને પણ પામે છે. એમ છૂટા પડવું અને જોડાવું આ પ્રમાણે ભેદ અને સંઘાત એમ ઉભય વડે **समकमेव** એકી સાથે ઉભય થવાથી જે સ્કંધ બને તે ત્રીજો પ્રકાર પણ છે. આ સમજાવવા માટે જ બે જ પદ હોવા છતાં પણ સૂત્રમાં બહુવચન કરવામાં આવ્યું છે.

**समये भवः सामयिकः** = એક સમયમાં જે સાથે થાય તે સામયિક કહેવાય છે. અહીં એક એવો જે શબ્દ છે તે સમાન અર્થને કહેનારો છે. પાણિનિ વ્યાકરણમાં તેના માટે સૂત્ર આવે છે (અધ્યાય ૪, પાદ ૩, સૂત્ર ૧૧૨) "**तेनैकदिक्**" આવું સૂત્ર છે. આ સૂત્રથી **अण्** પ્રત્યય થયો છે **अण्** પ્રત્યય થવાથી "**सुदाम्ना पर्वतैकदिग्**" આ સૂત્રથી **सु** પદમાં વૃદ્ધિ થયેલી છે એટલે **सौदामिनी** એટલે વીજળી એક દિશામાં છે એટલે સમાન દિશામાં વીજળી છે એમ એક શબ્દ સમાન અર્થમાં વપરાયેલો છે.

સમાન છે સમય જેનો તે **एकसामयिक**. એકી સાથે થતા સંઘાત અને ભેદ તે એક સામયિક સંઘાત ભેદ જાણવા. જેમ કેવળ એકલા સંઘાતથી સ્કંધ બને છે તથા એકલા ભેદથી

સ્કંધો બને છે એમ ઉભયથી પણ સ્કંધો બને છે. અહીં **एकसामयिकाभ्यां** આવો પાઠાન્તર છે. એમ પણ જાણવું.

વિવક્ષિત એવા એક સ્કંધ નામના કારણમાં અન્ય કોઈ એક પરમાણુનો સંઘાત થાય છે. તે જ સમયે તે જ સ્કંધમાંથી બીજા એક પરમાણુનો ભેદ થાય છે ત્યારે સંઘાત અને ભેદ એમ બન્ને સાથે થવા દ્વારા પણ નવા સ્કંધની ઉત્પત્તિ થાય છે. એમ કુલ ત્રણ રીતે સ્કંધો બને છે (૧) સંઘાતથી, (૨) ભેદથી, અને (૩) ઉભયથી-સંઘાતભેદ એમ બન્નેથી સ્કંધોની ઉત્પત્તિ થાય છે. એટલા માટે જ સૂત્રમાં બહુવચન કરેલ છે. ॥ ૫-૨૬ ॥

**भाष्य :- अत्राह-अथ परमाणुः कथमुत्पद्यते इति । अत्रोच्यते -**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે હવે પરમાણુ કેવી રીતે ઉત્પન્ન થાય છે. તે સમજાવો. હવે તે સમજાવાય છે.**

**संस्कृत टीका** :- एवं स्कन्धानामुत्पत्तौ व्याख्यातायामजानानः संशयानो वाऽत्रावसरे परमाणूत्पादविषयेण प्रश्नेनोपक्रममाण आह-कथं परमाणुरित्यादि ॥ एवं मन्यते स्कन्धानामविशेषेण सङ्घाताद् भेदात् सङ्घातभेदाच्चोत्पत्तिरवधृता । तत्र हि परमाणूनामप्येवमाहोस्विदन्यथेति ? अत्रोच्यते-उत्पत्तिकारणत्रैविध्याविशेषे सति ॥

**ગુજરાતી ભાષાન્તર** :- સ્કંધો કેવી રીતે થાય છે તેની વાત ઉપર સમજાવવામાં આવી એટલે સ્કંધોની ઉત્પત્તિનું વ્યાખ્યાન કરાયે છતે તત્ત્વ નહીં જાણતો અજાણ એવો કોઈ શિષ્ય અથવા સંશયવાળી કોઈક વ્યક્તિ આ અવસરે "પરમાણુની ઉત્પત્તિ કેમ થાય છે ? આ વિષયક પ્રશ્ન વડે પોતાની વાત રજૂ કરતાં કહે છે કે- જેમ તમે સ્કંધોની ઉત્પત્તિ સમજાવી તેમ **"પરમાણુ"** કેવી રીતે થાય છે ? આ વિષય પણ સમજાવોને ? આવા પ્રકારનો કોઈક પ્રશ્ન કરે છે.

અને તેની સ્પષ્ટતા કરતાં પ્રશ્નકારશ્રી કહે છે કે (૧) સંઘાતથી (૨) ભેદથી (૩) સંઘાત-ભેદ એમ ઉભયથી આ પ્રમાણે અવિશેષે સ્કંધોની ઉત્પત્તિ ત્રણ પ્રકારે થાય છે એમ શાસ્ત્રકારો જે માને છે તે વાત અમે આપના સમજાવવા વડે અવધારણ કરી અર્થાત્ જાણી. ત્યાં હવે પરમાણુઓની પણ ઉત્પત્તિ શું આ જ પ્રમાણે ત્રણ રીતે જ થાય છે ? કે કંઈક **अन्यथा**= જુદી રીતે થાય છે ? તે અમને સમજાવો-ગુરુજી કહે છે કે- **अत्रोच्यते**= હવે તે જ વાત સમજાવાય છે.

**सूत्रम् :- भेदादणुः ॥ ५-२७ ॥**

**સૂત્રનો અર્થ :- અણુની ઉત્પત્તિ માત્ર કેવળ એકલા ભેદથી જ થાય છે ॥ ૫-૨૭ ॥**

**भाष्य :- भेदादेव परमाणुरुत्पद्यते । न सङ्घातादिति ॥ ५-२७ ॥**

**ભાષ્યનું ગુજરાતી :- પરમાણુની ઉત્પત્તિ માત્ર ભેદથી જ થાય છે પરંતુ સંઘાતથી થતી નથી. ॥ ૫-૨૭ ॥**

**संस्कृत टीका :-** सामर्थ्यादवधारणप्रतीतिमादर्शयति । यदि भेदादणुरित्युक्तेऽपि सङ्घातादेरप्युत्पद्यतेऽणुस्ततः सूत्रारम्भो निष्फलः स्यात् । अतो भेदादेव द्रव्याणुरुत्पद्यते, न सङ्घातादिति । इति शब्दो समुच्चितौ वर्तते । नापि सङ्घातभेदात् । प्रस्तुते विकल्पत्रये भेदादेवोत्पद्यतेऽणुरिति विकल्पद्वयपरित्यागः फलम् ॥

ननु च स्नेहरौक्ष्यविगमात् स्थितिक्षयाद् द्रव्यान्तरेण भेदात् स्वभावगत्या च द्व्यणुकादिस्कन्धभेदादुपजायमानोऽणुः कार्यमपि, द्व्यणुकादिस्कन्धेषु सङ्घातपरिणतौ सत्यां नाणोरणुभावेनावस्थानमस्ति स्थूलद्रव्यत्वेन । शेषपर्यायैश्च विद्यत एव ॥ "तद्भावः परिणामः" (अ ५, सूत्र-४१) इति वचनात् ॥ तस्य भावः सम्भवतीति कर्तृषष्ठ्यां पूर्वपरिणामोपमर्देन उत्तरपरिणामभवनम् । तस्मिंश्चोत्तरपरिणामे पूर्वपरिणामस्यासम्भव एव । भावान्तरापत्तिफलत्वात् परिणामस्येत्यतः सूक्ष्मपरिणामाद् बादरपरिणामस्यार्थान्तरत्वात् तत्राणुपरिणामाभाव इति ।

यथा गुडोदकधातकीद्रव्यसंयोगविशेषात् सरकद्रव्यपरिणामः सम्भवति । तदेव हि तत्तद् द्रव्यत्रय संयोगविशेषात् कालान्तरापेक्षं भावान्तरमन्यदेव प्रतिपत्तव्यं । यत्र तेषां विवेको दुःशकः कर्तुम्, अथ च तानि द्रव्याण्यन्तरेण स परिणामो नास्ति । न च तदानीं तानि प्राक्तनरूपेण सन्ति । यदि च स्युस्ततस्तत्परिणामासम्भव एव पूर्वकाल इव ॥ प्रयोगश्च-

**ગુજરાતી ભાષાંતર :-** ક્યારેક ક્યારેક સામર્થ્યથી પણ અવધારણ જણાય છે અવધારણની પ્રતીતિ દેખાય છે. જોકે મૂળસૂત્રમાં **एवकार** લખેલ નથી તો પણ સામર્થ્યના બળે (આગળ-પાછળના (અનુસંધાનના કારણે એટલે કે સંજોગોના કારણે પણ) એવકાર જણાય છે. જોકે મૂળસૂત્ર તો **भेदादणुः** આટલું જ માત્ર જણાવે છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે કે-

**भेदादणुः** આટલું જ માત્ર સૂત્ર કર્યું હોવા છતાં પણ જો સંઘાતથી અણુ થતો હોત તો તેનો અર્થ એ થયો કે સંઘાત અને ભેદ એમ બન્નેથી અણુ થાય છે. હવે જો એમ જ થતું હોત તો **"संघात भेदेभ्यः उत्पद्यन्ते"** (૫-૨૬) આ સૂત્રથી જ જેમ સ્કન્ધો બને છે તેમ પરમાણુ પણ ત્રણે રીતે થાય છે એવો જ અર્થ સમજાઈ જ જાત અને આ **भेदादणुः** (૫-

૨૧)સૂત્રની રચના કરવાની રહે જ નહીં વ્યર્થ જ થાય આ રચના ન જ કરવી પડે, આ સૂત્રરચના નિરર્થક કરી કહેવાય સારાંશ કે સૂત્ર વ્યર્થ જ થાય.

આ કારણથી પણ સમજાય છે કે સ્કન્ધો ભલે સંઘાતથી અને ભેદથી તથા ઉભયથી એમ ત્રણે પ્રકારે બને પણ દ્રવ્યાત્મક પરમાણુ તો માત્ર ભેદથી જ થાય છે. સંઘાતથી કે સંઘાતભેદ એમ ઉભયથી થતા નથી. પરમાણુ જો સંઘાતથી થાય એમ કહીએ તો તેનો અર્થ એ થયો કે **अणु**થી પણ હજુ નાના અણુઓ છે કે જેનો સંઘાત થવાથી વિવક્ષિત અણુ બને છે પરંતુ આ વાત ઉચિત પણ નથી તર્કયુક્ત પણ નથી. તથા શાસ્ત્રાનુસારી પણ નથી. કારણ કે આ વિવક્ષિત અણુ જ નિરવયવ અતિશય અન્તિમકોટિનો સૂક્ષ્મ છે. તેનાથી નાના-નાના બીજા અણુઓ હોઈ શકતા જ નથી કે જેના સંઘાતથી વિવક્ષિત અણુ બને માટે સંઘાતથી અણુ ક્યારેય પણ બને જ નહીં. તેથી ગ્રંથકારે જે કહ્યું છે તે બરાબર જ છે.

એટલે જ ભાષ્યકાર મહારાજાએ ભાષ્યમાં જ भेदादेव એમ एवकार પૂર્વકનું જ વિધાન કરેલ છે "न सङ्घातात् इति" એમ સંઘાતથી અણુ બનતો નથી આ વાત અત્યન્ત સ્પષ્ટ કરેલી જ છે તથા જે इति શબ્દ છે તે એટલા માટે જ કહેલ છે કે સ્કંધો સંઘાતથી, ભેદથી અને ઉભયથી એમ ત્રણે પ્રકારે બને છે. પરંતુ પરમાણુઓ તો માત્ર ભેદથી જ થાય છે સંઘાતથી કે ઉભયથી થતા નથી.

**પ્રશ્ન :-** પરમાણુઓ ભેદથી જ થાય છે આમ ભાષ્યમાં જે કહેવામાં આવ્યું છે તેનાથી પરમાણુ એ સ્કંધનું કારણ જ માત્ર છે એવો અર્થ રહેતો નથી, પરંતુ પરમાણુ પણ ઉત્પન્ન થાય છે એટલે તે પણ કાર્યાત્મક છે એવો તેનો અર્થ થાય છે જો પરમાણુને કાર્યસ્વરૂપ માનવામાં નીચે મુજબ ચાર કારણો હોઈ શકે છે તે આ પ્રમાણે-

(૧) પરમાણુઓનો પરસ્પર બંધ થવામાં જે સ્નેહ અને રુક્ષતા કારણ હતાં તેનો વિગમ (વિનાશ)થવાથી સ્કંધમાંથી છૂટો પડ્યો એટલે પરમાણુ સ્વરૂપે બન્યો આમ અર્થ થાય છે. **स्नेहरौक्ष्यविगमाद्** આ પ્રથમ કારણ.

(૨) દ્વયણુકાદિ સ્કંધરૂપે જે પરમાણુ છે. તે પરમાણુ બીજા સાથે ભળીને સ્કંધ બન્યો હોય છે. તેની સ્થિતિ (તેનો કાળ) સમાપ્ત થવાથી સ્કંધમાંથી છૂટો પડીને પરમાણુ પોતે પરમાણુ રૂપે બન્યો હોય (**स्थितिक्षयात्** વા).

(૩) બીજાં દ્રવ્યોની સાથે ટકરાવાથી અમુક ભાગ તૂટી ગયો એટલે ભેદ થવાના કારણે પરમાણુપણે બન્યો (**द्रव्यान्तरेण भेदात्**)

(૪) વિવક્ષિત તે પરમાણુમાં જ પોતાનો સ્વાભાવિક ગતિપરિણામ પ્રગટ થવાથી વિવક્ષિત પરમાણુ સ્કંધમાંથી ખરી પડ્યો ભિન્ન થયો (**स्वभावगत्या**)

ઉપરોક્ત ચાર કારણોને લીધે દ્વયણુકાદિ સ્કંધોમાંથી પરમાણુ વિખેરાઈને પરમાણુ સ્વરૂપે પ્રગટ થાય છે. આ રીતે પરમાણુ પણ પ્રગટ થતો હોવાથી કાર્યાત્મક પણ છે જ, જ્યારે તે વિવક્ષિત પરમાણુ, દ્વયણુકાદિ સ્કંધની સાથે જોડાયેલો હતો ત્યારે સંઘાત પરિણતિવાળો હોવાથી પરમાણુનું પરમાણુપણે અવસ્થાન જ ન હતું. ઘણા પરમાણુઓ સાથે મળીને સ્કંધ બનેલો છે. એટલે તે સ્થૂલ દ્રવ્યસ્વરૂપે બનેલો હતો. જ્યારે દ્વયણુક-ત્ર્યણુકાદિ સ્કંધોની સાથે જોડાયેલો છે. ત્યારે તો સ્કંધપણે સ્થૂલ દ્રવ્ય સ્વરૂપ હોવાથી તે પરમાણુ હાલ વર્તમાન કાળે પરમાણુપણાના પર્યાયમાં વર્તનારો નથી. સ્કંધની સાથે જોડાયેલ હોવાથી પ્રદેશપણાના પર્યાયમાં વર્તનારો છે. પરમાણુ પણાના આ એક ધર્મ વિના શેષ ધર્મોથી તો દ્રવ્યત્વ-જડત્વ-અચેતનત્વ ઇત્યાદિ ધર્મો વડે તો સ્કંધ સાથે જોડાયેલી અવસ્થા હોય કે વિખૂટા પડ્યાપણાની અવસ્થા હોય- એમ બન્ને અવસ્થામાં બધા જ ધર્મો છે પરંતુ એક પરમાણુપણું તો વિખૂટા પડે ત્યારે જ આવે છે, પરંતુ દ્વયણુક- ત્ર્યણુકાદિ સ્કંધ સ્વરૂપે બન્યો હોય ત્યારે તે પરમાણુમાં પરમાણુપણાનો પર્યાય રહેતો નથી. પણ તેને બદલે પ્રદેશપણાનો પર્યાય આવે છે.

કારણ કે **"तद्भावः परिणामः"** (અ.૫. સૂત્ર ૪૧) આવા પ્રકારનું શાસ્ત્રવચન હોવાથી સ્કંધસ્વરૂપે બન્યો હોય ત્યારે તે અણુ પરમાણુપણે રહેતો નથી **"तद्भावः परिणामः"** આ સૂત્રમાં જે **तद्भावः** પદ છે તેનો અર્થ **तस्य भावः** આવો અર્થ સંભવે છે. અહીં કર્તામાં છઠ્ઠી વિભક્તિ થયેલી છે એટલે દ્રવ્યનું તે તે સ્વરૂપે બનવું તેનું જ નામ પરિણામ કહેવાય છે.

પૂર્વકાલીન જે પરિણામ હતો તેનું ઉપમર્દન (વિનાશ) કરવા વડે ઉત્તરકાલીન પરિણામનું જે થવું તેનું જ નામ પરિણામ અર્થાત્ પર્યાય-પરિવર્તન-રૂપાન્તર કહેવાય છે.

સારાંશ કે પરમાણુ જ્યારે પૂર્વપર્યાય રૂપે નાશ પામે છે ત્યારે જ ઉત્તરપર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અર્થાત્ ઉત્તર પર્યાય પ્રગટ થયે છતે પૂર્વ પર્યાયનો અસંભવ જ હોય છે "પરિણામ પામવો એનો અર્થ જ એવો થાય છે કે પૂર્વ પર્યાયનો સર્વથા ત્યાગ કરીને ભાવાન્તરપણાના નવા ઉત્તરપર્યાય રૂપે પ્રગટ થવું એવો જ અર્થ છે.

એટલે જે પરમાણુ પૂર્વકાળમાં દ્વયણુકાદિ સ્કંધોની સાથે જોડાયેલા (સ્કંધાત્મક) પરિણામવાળો હતો તે જ પરમાણુ સ્કંધથી છૂટો પડીને પરમાણુ સ્વરૂપે પ્રગટ થાય છે. આ જ પરમાણુ સ્કંધ સાથે જ્યારે જોડાયેલો હતો ત્યારે બાદર પરિણામવાળો હતો અને છૂટો પડીને પરમાણુ બને છે ત્યારે સૂક્ષ્મ પરિણામવાળો બન્યો અને આ બાદરપરિણામ તથા સૂક્ષ્મ પરિણામ બન્ને અત્યન્ત જુદા જ છે, ભિન્ન જ છે.

તે કારણથી પરમાણુ જ્યારે દ્વયણુકાદિ સ્કંધની સાથે જોડાયેલો હોય છે ત્યારે

સ્કંધસ્વરૂપ બનવાના કારણે બાદરપરિણામે પરિણત થયેલો કહેવાય છે તથા સ્કંધાત્મકભાવવાળો કહેવાય છે. તે કાળે તેનામાં અણુપણાનો અભાવ જ છે. અને જ્યારે છૂટો પડશે ત્યારે સૂક્ષ્મ પરિણામવાળો થશે અને તે અણુપણે પરિણામ પામશે. હાલ સ્કંધ સાથે જોડાયેલો હોય ત્યારે તેમાં અણુપણાનો અભાવ છે.

જેમ કે (૧) ગોળ, (૨) પાણી, (૩) ધાવડી આવા નામવાળાં જગતમાં જાણીતાં ત્રણ દ્રવ્યોનો સંયોગ વિશેષ કરવાથી સરક નામવાળું (અર્થાત્ દારૂ એવા નામવાળું) દ્રવ્યવિશેષ બને છે. આવા પ્રકારનો પરિણામ તેમાં ઉત્પન્ન થાય છે. આ જે દારૂ સ્વરૂપે પરિણામ થયો છે તે પૂર્વકાલીન ત્રણે દ્રવ્યોનો પોતપોતાનો જે પરિણામ હતો તેનાથી સર્વથા ભિન્ન જ પરિણામ પ્રગટ થયો છે. જે ભૂતકાળમાં ત્રણે દ્રવ્યો હતાં તેઓનો જે પરિણામ હતો તે ભૂતકાલીન જાણવો. વર્તમાનકાળમાં દારૂપણાનો પરિણામ તેનાથી સર્વથા જુદો જ અન્યદેવ જાણવો, કારણ કે "દારૂ"વાળા કાળમાં પૂર્વકાલીન ત્રણે દ્રવ્યોનો ભેદ કરવો અશક્ય છે. ત્રણે દ્રવ્યો તન્મયપણાને પામ્યાં છે. એટલે ભેદ નથી.

તથા પૂર્વકાલીન ગોળ-પાણી અને ધાવડી આ દ્રવ્યો વિના દારૂ દારૂપર્યાય બનવો શક્ય નથી. કારણ કે આ દ્રવ્યો વિના દારૂ બનતો નથી અને જ્યારે દારૂ બને છે ત્યારે એટલે કે દારૂકાલે પૂર્વકાલીન ત્રણે દ્રવ્યોનું પૂર્વકાલમાં જે ભિન્ન ભિન્ન સ્વરૂપ હતું તે ભાવે હાલ વર્તતાં નથી. દારૂસ્વરૂપ પરિમામવાળા કાળમાં તે ત્રણે દ્રવ્યો પૂર્વકાલમાં ભિન્ન ભિન્ન પર્યાય રૂપે જે રહેતા હતા તેવા રૂપે રહેવાનો અસંભવ જ છે.

સારાંશ કે જે દ્રવ્યો ભૂતકાળમાં ગોળ-પાણી અને ધાવડી સ્વરૂપે હતાં પણ દારૂ સ્વરૂપે ન હતાં તેવી જ રીતે વર્તમાનકાળમાં દારૂસ્વરૂપે છે પરંતુ ગોળ-પાણી અને ધાવડી સ્વરૂપે વિદ્યમાન નથી. તેના અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે છે-

**संस्कृत टीका :-** बादरपरिणामपरिणतमहाद्रव्ये परमाणवः स्वेन रूपेण न सन्ति । परिणामान्तरापन्नत्वात् । यथा सीधुपरिणतौ गुडादय इति । ततश्च कारणमेव तदन्त्यं द्व्यणुकादीनामिति अवधारणविरोधः । न विरोधः । यतः सर्वमेव मूर्तद्रव्यं स्थूलं विदार्यमाणमशक्यभेदपरमाणुपर्यवसानं जायते न पुनरत्यन्ताभावरूपं निरूपाख्यमिति द्रव्यनयापेक्षया वा कारणमेवेत्यवधारणं सर्वेषां द्व्यणुकादि-द्रव्याणां तदेव कारणमिति । पर्यायनयाभिप्रायेण नूत्पद्यत इति उक्तुपजायमानत्वाच्च कार्यं भवत्येवेत्यविरोधः ।

स चाणुः स्वतो द्रव्यावयवद्वारेणाभेद्यः रूपादिभिस्तु स्याद् भेदवान्, न चासावप्रदेशत्वाद् गगनकुसुमादिवदसन्नित्याशङ्कनीयः सावयवद्रव्याभावात् । सावयवप्रतिपक्षेण चावश्यमनवयवेन सता वस्तुनैव भवितव्यम् । स चादिमप्रदेशोऽणुरिति युक्त्याऽऽगमेन च द्रव्यपरमाणुप्रसिद्धिः । तत्सिद्धौ च क्षेत्रकालभावपरमाणुसिद्धिरवश्यंभाविनीति विस्तरो द्रष्टव्य इति ॥

प्रागुपदिष्टमणुवर्जानां त्रिहेतुकोत्पत्तिः "सङ्घातभेदेभ्य उत्पद्यन्त" इत्यत्रसूत्रे । स एष द्व्यणुकादिष्वचाक्षुषेषु क्रमस्तद्विपर्ययभाजस्त्वेकान्तेनैव स्कन्धाः समुपजायन्ते ॥ ५-२७ ॥

**ગુજરાતી ભાષાન્તર :-** ઉપર લખેલા સંસ્કૃત ફકરાનો ગુજરાતી ભાષામાં અર્થ સમજાવાય છે.

(૧) **પક્ષ** - બાદરપરિણામે પરિણત થયેલા દ્રવ્યમાં એટલે કે દ્વ્યણુકાદિ સ્કંધોમાં.

(૨) **સાધ્ય** - પરમાણુઓ પરમાણુ સ્વરૂપે નથી જ.

(૩) **હેતુ** - પરિણામાન્તર રૂપે બનેલા હોવાના કારણે તેમાં નવો સ્કંધાત્મક પરિણામ આવ્યો હોવાથી.

(૪) **દૃષ્ટાન્ત** - દારૂ સ્વરૂપે બનેલા પદાર્થમાં હવે જેમ ગોળ-પાણી અને ધાવડી જુદાં જુદાં નથી. તેની જેમ સ્કંધકાળે પરમાણુઓ તે પરમાણુ નથી જ.

જેમ દારૂ કાળે **"ગોળ-પાણી અને ધાવડી"** આ ત્રણે દ્રવ્યો પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે વિદ્યમાન નથી તેની જેમ દ્વ્યણુકાદિ સ્કંધો બને ત્યારે તેમાં જોડાયેલા અણુઓ અણુસ્વરૂપે વિદ્યમાન નથી.

આ કારણથી જ્યારે દ્વ્યણુકાદિ સ્કંધ સ્વરૂપે પુદ્ગલદ્રવ્ય હોય છે ત્યારે તેમાં પરમાણુઓ જોડાયેલા હોય છે પરંતુ ત્યારે તે પરમાણુ સ્વરૂપે વિદ્યમાન પણ નથી તથા જણાતા પણ નથી અને કહેવાતા પણ નથી. આ પ્રમાણે સ્કંધ બને ત્યારે પરમાણુ તે પરમાણુ સ્વરૂપે ગણાતા પણ નથી અને કહેવાતા પણ નથી.

તે કારણથી સ્કંધમાંથી પરમાણુ જ્યારે છૂટા પડે છે ત્યારે જ તે પરમાણુપણે નીપજે છે, કહેવાય છે તેથી સ્કંધમાંથી જ્યારે પરમાણુઓ છૂટા પડે ત્યારે કાર્યસ્વરૂપે પરિણામ પણ પામે છે. પરમાણુપણે ઉત્પન્ન થયા એમ કહેવાય છે.

**ततश्च**-તેથી આ પરમાણુ એ દ્વ્યણુકાદિ સ્કંધોનું અન્તિમ કારણ માત્ર જ છે. આવું જે જકારપૂર્વક કહો છો તે તમારું કથન બરાબર નથી. અન્તિમ કારણ જરૂર છે. પણ અન્તિમ કારણ જ માત્ર છે એમ જે જકાર કહો છો તેમાં જ અમારો વિરોધ છે. જેમ અન્તિમ કારણ છે. તેમ કાર્યાત્મક પણ છે બે પરમાણુ સાથે મળીને જ્યારે દ્વ્યણુક બને છે ત્યારે પરમાણુ એ કારણ છે અને દ્વ્યણુકાદિ સ્કંધોમાંથી પરમાણુ જ્યારે વિખેરાય છે. ત્યારે કાર્યાત્મક પણ છે.

**न विरोध** ગુરુજી સમજાવે છે કે **कारणमेवतदन्त्यम्** ઇત્યાદિ વાક્યોમાં અમે જે અવધારણનો પ્રયોગ કર્યો છે તે બરાબર જ છે. કારણ કે સર્વે પણ મૂર્તદ્રવ્યો સ્થૂલ છે. તેનું

વિદારણ કરતાં કરતાં જ્યારે અશક્યભેદવાળો અન્તિમ અવસ્થાવાળો અણુ આવે છે ત્યાં સુધી જ ભેદ થાય છે પરમાણુ તે અન્તિમ ભેદ હોવાથી ત્યાંથી આગળ ભેદ થતા નથી. પરંતુ અન્તિમ ભેદ સ્વરૂપે પરમાણુ જ રહે છે અને તે પરમાણુ નિરૂપાખ્ય (અર્થાત્ કોઈ પણ સ્વરૂપે જેનું વર્ણન જ ન થાય તેવા) સ્વરૂપવાળો અર્થાત્ અત્યન્તાભાવ સ્વરૂપ પરમાણુ બની જતો નથી જ.

**જૈનદર્શનમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે નયો છે.**

માણસમાત્રને જેમ કુદરતી રીતે આંખો બે, કાન બે છે હાથ બે, પગ બે છે. તેમ વસ્તુનું સાચું અને યથાર્થ સ્વરૂપ સમજવા અને જાણવા માટે કુદરતે દૃષ્ટિ એટલે કે નયો પણ બે આપ્યા છે એક દ્રવ્યાર્થિક નય અને બીજો પર્યાયાર્થિક નય.

દ્વયણુકાદિ જે જે સ્કંધો બને છે તે તમામ સ્કંધોનું અન્તિમ કારણ પરમાણુ જ છે અને તે ધ્રૌવ્ય ધર્મવાળો છે. દ્વયણુકાદિ જે સ્કંધો છે તે કાર્ય કહેવાય છે અને પરમાણુ તે કારણ કહેવાય છે. આ દ્રવ્યાર્થિક નય જાણવો.

દ્રવ્યાર્થિક નયથી પરમાણુ એ કારણ અને પર્યાયાર્થિક નયથી પરમાણુ એ કાર્ય પણ છે આમ માનવામાં કોઈ દોષ નથી.

આ પ્રમાણે વિચારણા કરતાં કરતાં દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ પરમાણુ તે કારણ જ છે. એમ અવધારણ કરવું તે ઉચિત જ છે, કારણ કે દ્વયણુક વગેરે સર્વે પણ સ્કંધોનું અન્તિમ કારણ પરમાણુ જ છે અને તે ધ્રૌવ્ય ધર્મવાળો છે પરંતુ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે જ પરમાણુ સ્કંધથી છૂટો પડે ત્યારે પરમાણુપણે પ્રગટ થાય છે. આ પ્રમાણે પૂર્વે કહ્યું જ છે સમજાવ્યું પણ છે. તેથી પરમાણુપણે **उपजायमानत्वात्** ઉત્પન્ન થતો હોવાથી પરમાણુ સ્વરૂપે પ્રગટ થતો હોવાથી કાર્યાત્મક પણ છે જ. માટે બન્ને નયોની અપેક્ષાએ નિત્યાનિત્ય, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય માનવામાં કોઈ વિરોધ આવતો નથી. **सर्वत्राविरोधः** સર્વસ્થાને અવિરોધ જ થાય છે. અર્થાત્ **सर्वत्र न विरोधः ।**

તથા વળી પરમાણુ પોતે નિરંશ હોવાથી તેને પોતાને સ્વતઃ પોતાની રીતના કોઈ અવયવો નથી. એટલે પોતે અવયવી નથી. દ્રવ્યભૂત અવયવો ન હોવાથી નિરવયવી છે. અર્થાત્ અભેદ્ય છે. પરંતુ રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ ધર્મો વડે તે કેવળ એકલો પરમાણુ પણ ચાર ગુણવાળો હોવાથી ચાર ભેદવાળો છે.

પરમાણુને પ્રદેશો ભલે નથી. તેથી જેમ આકાશપુષ્પ એ સર્વથા **असत्** વસ્તુ છે તેમ પરમાણુ પ્રદેશ વિનાનો હોવાથી **असत्** વસ્તુ જ છે આવી શંકા કરવી નહીં. આ પરમાણુ

નામનું જે દ્રવ્ય છે તે સાવયવી દ્રવ્ય ન હોવાથી તેને પોતાને અવયવો ભલે નથી તો પણ સાવયવીના પ્રતિપક્ષપણે નિરવયવી એવું દ્રવ્ય અવશ્ય છે અને તેથી જ તે સત્ સ્વરૂપે છે સાવયવીપણે નથી તેનો જ અર્થ એ થયો કે નિરવયવીપણે છે જ, માટે પરમાણુ તે સત્ પદાર્થ છે. પણ અસત્ નથી જ.

તથા તે પરમાણુ એ સૌથી પ્રથમ નિરવયવ અંશ છે. આ વાત યુક્તિથી અને આગમશાસ્ત્રોથી આ રીતે સિદ્ધ થયે છતે ક્ષેત્રાત્મક પરમાણુ, કાલાત્મક પરમાણુ અને ભાવાત્મક પરમાણુની પણ સિદ્ધિ આ દ્રવ્યાત્મક અણુની જેમ જ આ રીતે જાણી લેવી. આ પ્રમાણે ઉપરોક્ત વાતનો વિસ્તારપૂર્વક અર્થ સમજાવ્યો. અમે અમારી મતિ પ્રમાણે વિસ્તારપૂર્વક આ અર્થ સમજાવ્યો છે. ક્યાંક ક્યાંક એક જ વાત બે-ત્રણ વાર પણ સમજાવી છે ત્યાં પુનરુક્તિ ન સમજવી. આ ચર્ચા બુદ્ધિના ઉપયોગપૂર્વક સૂક્ષ્મ દૃષ્ટિથી સ્વયં પણ સમજી લેવી.

દ્વયણુક-ત્ર્યણુક ઈત્યાદિ જે જે સ્કંધો છે અને તેમાં પણ જે અચાક્ષુષ (ચક્ષુથી અગોચર) સ્કંધો છે તે સર્વે પણ સ્કંધોમાં (૧) સંઘાત, (૨) ભેદ, અને (૩) ઉભય એમ ત્રણ કારણોથી ઉત્પત્તિ થવાનો ક્રમ છે. પરંતુ જે સ્કંધો તેનાથી એટલે અચાક્ષુષતાથી વિપરીતતાને ભજનારા છે અર્થાત્ ચાક્ષુષ છે તે સર્વે સ્કન્ધો અનંતા અણુવાળા હોવાથી ઉભયાત્મક (અર્થાત્ સંઘાત અને ભેદ એમ બન્ને) કારણોવાળા ત્રીજા પ્રકાર વડે જ ઉત્પન્ન થાય છે.

અચાક્ષુષ સ્કંધો ત્રિવિધ કારણથી થાય છે અને ચાક્ષુષ સ્કંધો બાદરપરિણામી હોવાથી ઉભયાત્મક એવા એક કારણ વડે જ થાય છે એટલે જ અચાક્ષુષસ્કંધોથી ચાક્ષુષ સ્કંધો વિપરીત ભાવને ભજનારા છે. અચાક્ષુષ સ્કંધો અને ચાક્ષુષ સ્કંધોમાં જે તફાવત હતો તે સમજાવ્યો ॥ ૫-૨૭ ॥

**सूत्र :- भेदसङ्घाताभ्यां चाक्षुषाः ॥ ५-२८ ॥**

**સૂત્રનો અર્થ :- ચક્ષુરિન્દ્રિયગોચર જે જે સ્કંધો છે તે નિયમા ભેદ અને સંઘાત એમ ઉભયથી જ થનારા છે. ॥ ૫-૨૮ ॥**

**भाष्य :- भेदसङ्घाताभ्यां चाक्षुषाः स्कन्धा उत्पद्यन्ते । अचाक्षुषास्तु यथोक्तात् सङ्घातात्, भेदात्, सङ्घातभेदाच्चेति ॥ ५-२८॥**

**ભાષ્યનો અર્થ :- જે જે સ્કંધો ચક્ષુરિન્દ્રિયગોચર છે તે તે સ્કંધો નિયમા સંઘાત અને ભેદ એમ ઉભયજન્ય જ હોય છે. પરંતુ જે જે સ્કંધો ચક્ષુરિન્દ્રિયગોચર**

**નથી અર્થાત્ અચાક્ષુષ જ છે તે સ્કંધો (૧) સંઘાતથી, (૨) ભેદથી અને (૩) ઉભયથી એટલે કે સંઘાત અને ભેદ એમ બન્નેથી એટલે કે ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છે. ॥ ૫-૨૮ ॥**

**संस्कृत टीका :-** चक्षुष इमे गोचरीभूता इति "तस्येदं" (पा. अ. ४, पा. ३ सूत्र १२०) इत्यण्। चक्षुर्ग्राह्याश्चाक्षुषाः प्रयोगविस्रसाजनितान् साङ्गत्यादायत्या स्कन्दनात् स्कन्धाः ते तु ईदृश्या उत्पद्यन्ते। ये च चक्षुषा गृह्यन्त इति, न त्वयं नियमो भेदसङ्घाताभ्यां उत्पन्नाः सर्वे चाक्षुषा भवन्ति। यतो भेदसङ्घाताभ्यामचाक्षुषाणामप्युत्पत्तिः

अत एवं व्याख्येयम्- स्वत एव परिणति विशेषाच्चक्षुषत्वपरिणामभाजो बादराः स्कन्धाः सङ्घातभेदाभ्यामुत्पद्यन्ते इत्येतन्नियम्यते ॥

अपरे वर्णयन्ति-सङ्घातादेव स्कन्धानामात्मलाभसिद्धेर्भेदसङ्घातग्रहणमनर्थकम्। नैतदेवम्। तद् विशेषज्ञापनार्थत्वात। न सर्व एव सङ्घातश्चक्षुषा ग्राह्यः। यतोऽनन्तानन्ताणुसंहतिनिष्पाद्योऽपि स्कन्धो बादरपरिणतिमानेव नयनादिगोचरतां प्रतिपद्यते। न शेष इति ॥

एवं च व्याचक्षणानां भेदग्रहणमनर्थकमेव स्यात्, तच्चायुक्तम्। यतः सूक्ष्मपरिणामोपरतौ स्थौल्यपरिणामः। तत्र च यथा संहन्यन्ते परमाणवस्तथा भिद्यन्तेऽपि च केचनेत्यतः सङ्घात भेदाभ्यामेव चाक्षुषा निष्पद्यन्ते, न सङ्घातादेवेति ॥

**ગુજરાતી ભાષાન્તર :-** ચક્ષુ દ્વારા જે વિષયો ગોચર થાય અર્થાત્ દેખાય, ચક્ષુ દ્વારા જોઈ શકાય એવા જે પદાર્થો છે તે ચાક્ષુષ કહેવાય છે "तस्येदं" (પા. અ ૪, પા.૩ સૂત્ર ૧૨૦) થી **अण्** પ્રત્યય થયેલ છે. ચક્ષુષ્ શબ્દના પ્રથમ અની વૃદ્ધિ થઈ તેથી ચાક્ષુષ શબ્દ થયેલ છે.

ચક્ષુ દ્વારા જે ગ્રાહ્ય છે તે ચાક્ષુષ કહેવાય છે. જે જે પદાર્થો ચક્ષુથી જોઈ શકાય, જાણી શકાય તે સર્વે પદાર્થો ચાક્ષુષ જાણવા. આવા પ્રકારના ચાક્ષુષ જે સ્કંધો છે તે પ્રયોગ દ્વારા અથવા વિશ્રસા પરિણામથી બનેલા છે. પરસ્પરની સંગતિથી અરસપરસ ચોટવા દ્વારા સ્કંધ સ્વરૂપે બનેલા છે બાદર પરિણામી હોવાથી ચક્ષુર્ગોચર થયા છે. કોઈ નાના નાના સ્કંધોના પરસ્પર મળવાથી એટલે સંઘાતથી સ્કંધો બન્યા હોય છે. અને કોઈ કોઈ સ્કંધો મોટામાંથી છૂટા પડવાથી ભેદથી નાના સ્કંધો બન્યા હોય છે એમ સંઘાતથી તથા ભેદથી અથવા સંઘાત-ભેદ એમ બન્નેથી પણ સ્કંધો બને છે.

તેમાં જે ચાક્ષુષ (ચક્ષુથી ગોચર) સ્કંધો છે તે નિયમા સંઘાત અને ભેદ એમ ઉભયથી

જ બનેલા હોય છે કારણ કે તે અનંત પરમાણુઓના તથા અનંતાનંત પરમાણુઓના બનેલા હોવાથી સંઘાત તથા ભેદ બન્ને ભાવો, તેમાં સાથે જ હોય છે.

પરંતુ જે ચક્ષુથી ગોચર નથી અર્થાત્ અચાક્ષુષ સ્કંધો છે તે એકલા ભેદથી પણ બને એકલા સંઘાતથી પણ બને છે અને ઉભયથી પણ બને છે. અચાક્ષુષ સ્કંધોની ઉત્પત્તિ ત્રણ પ્રકારે અને ચાક્ષુષ સ્કંધોની ઉત્પત્તિ માત્ર ઉભયાત્મક એક જ પ્રકારે હોય છે.

કારણ કે સૂત્ર નંબર (૫-૨૮)માં જે ભેદ પદનું ગ્રહમ કર્યું છે તે કંઈક વિશેષતા જણાવવા માટે જ કહેલ છે. તે એમ સમજાવે છે કે દ્વયણુક-ત્ર્યણુક ઈત્યાદિથી જે અનંતાણુક અને અનંતાનંતાણુક સુધીના કેટલાક સ્કંધો છે તે સર્વે સ્કંધો ચક્ષુગ્રાહ્યને પામતા નથી. પરંતુ અનંતાણુક અને અનંતાનંણુક જે સ્કંધો છે તેમાંથી જે બાદર પરિણામને પામ્યા હોય છે તે જ ચક્ષુગ્રાહ્યતાને પામે છે. જે સૂક્ષ્મ પરિણામને પામ્યા હોય છે તે અનંતાણુક હોય કે અનંતાનંતાણુક હોય તો પણ ચક્ષુર્ગોચરતાને પામતા નથી. તથા સંખ્યાતાણુક અને અસંખ્યાતાણુક તો ચક્ષુગ્રાહ્યતાને પામતા જ નથી અને સૂક્ષ્મપરિણામવાળા જ રહે છે. તે સંખ્યાવાળા હોય ત્યાં સુધી બાદર પરિણામને પણ પામતા નથી.

આખી વાતનો સાર આવો છે કે અનંતાણુક તથા અનંતાનંતાણુક એવા જે સ્કંધો છે તેમાંથી જ બાદરપરિણામને જે સ્કંધો પામ્યા છે તે જ સ્કંધો ચક્ષુર્ગોચરતાને પામે છે. આવી વિશેષતા જણાવવા માટે જ અધ્યાય (૫-૨૮માં) ભેદ પદનું કથન કરેલ છે તેથી ભેદ અને સંઘાત એમ બન્નેથી બનેલા જે સ્કંધો હોય અને બાદર પરિણામને પામેલા હોય આવા પ્રકારના જે સ્કંધો છે તે જ નયનગોચરતાને પામે છે. અર્થાત્ આવા જ સ્કંધો ચક્ષુર્ગોચરતાને પામે છે પરંતુ સર્વે સ્કંધો ચક્ષુર્ગોચર થતા નથી.

આવા પ્રકારનું વ્યાખ્યાન કરતા આચાર્ય મહારાજશ્રીની દષ્ટિએ મૂલસૂત્રમાં જે ભેદ પદનું ગ્રહણ કરેલ છે તે નિરર્થક જ છે એવું જે મહાત્માઓ કહે છે તે ઉચિત નથી. **तच्चायुक्तम्**- તે વાત અયુક્ત જ છે કારણ કે ચક્ષુર્ગોચર સ્કંધોમાં પણ જે અનંતાનંત પરમાણુઓવાળા છે તે સ્કંધોમાં જેમ સંઘાત થાય છે તેમ ભેદ પણ થાય જ છે. આવા પ્રકારના અનંતાનંત પરમાણુવાળા સ્કંધોમાં જેમ પ્રતિસમયે સંઘાત ચાલુ હોય છે તેમ પ્રતિસમયે ભેદ પણ ચાલુ જ હોય છે. માટે ભેદ પદનું વિધાન બરાબર ઉચિત જ છે.

આ પ્રમાણે ભેદ અને સંઘાત આ બન્ને પરિણામો સાથે જ જ્યારે વર્તતા હોય ત્યારે તથા બાદરપરિણામને તે સ્કંધો જ્યારે પામ્યા હોય ત્યારે જ ચક્ષુર્ગોચરતાને પ્રાપ્ત કરે છે કારણ કે પૂર્વકાળમાં જે સૂક્ષ્મ પરિણામ હતો તેનો ઉપરમ થયે છતે એટલે કે તે પરિણામનો વિનાશ થયે છતે સ્થૂલ પરિણામ જ્યારે તેમાં પ્રગટ થાય છે. ત્યારે જ તે સ્કંધો ચક્ષુર્ગોચરતાને પામે છે.

આ પ્રમાણે પુદ્ગલ સ્કંધોનું સ્વરૂપ જ આવું હોવાથી જેમ પરમાણુઓ પરસ્પર સંઘાત પામે છે તેમ તે જ સમયમાં ભેદ પણ અવશ્ય પામે જ છે. અનંતાનંત પરમાણુઓના બનેલા આ સ્કંધોમાં જેમ સંઘાત થાય છે તેમ પચીસ-પચાસ કે સો વગેરે પરમાણુઓનો ભેદ પણ અવશ્ય થાય જ છે. માટે ચક્ષુર્ગોચર સ્કંધમાં સંઘાત અને ભેદ એમ બન્ને સાથે જ હોય છે.

આ પ્રમાણે સંઘાત અને ભેદ એમ ઉભયભાવવાળા જ જે સ્કંધો છે તે જ સ્કંધો ચક્ષુર્ગોચરતાને પામે છે પરંતુ કેવળ એકલો સંઘાત જ થતો હોય અને ભેદ થતો ન જ હોય તેવા સ્કંધો અથવા કેવળ એકલો ભેદ જ થતો હોય તેવા સ્કંધો ચક્ષુર્ગોચરતાનો વિષય બનતા નથી.

**संस्कृत टीका :-** ननु चाचाक्षुषाणामणूनां समुदायस्तन्मात्रः । स कथमनाहितातिशयश्चाक्षुषः स्यात् ?

उच्यते–सर्वस्य वस्तुनः सतः परिणामात् परिणामान्तरं कथंञ्चिद् भिद्यत एवेत्यणुत्व-परिणामाच्चक्षुर्विषय परिणामो भिन्नः । परमाणवो हि अणुत्वपरिणामपरिणतत्वमपहाय बादर परिणाममागृह्णते । रौक्ष्यस्नेहविशेषात् ॥ अष्टविधः स्पर्शो भगवद्भिरुक्तः स्कन्धेषु यथासम्भवम् । परमाणुषु पुनश्चतुर्विधः स्पर्शो नान्यः । स च शीतोष्णस्निग्धरूक्षाख्यः तत्राप्येकपरमाणौ परस्पराविरोधि द्वयं समस्ति ।

अत्र च बन्धपरिणामे स्पर्शद्वयमुपयुज्यते स्निग्धरूक्षलक्षणम् । केचित् स्निग्धपरिणामपरिणताः केचिद् रूक्षपरिणतिभाज इति । उभयस्य तु विरुद्धत्वादेकस्मिन् परमाणावसम्भवः । तत्राप्येक-गुणस्निग्धत्वपरिणता इत्यादि यावदनन्तगुणस्निग्धत्वपरिणतास्तथा रूक्षत्वेऽपि ॥

परमाणवश्च सर्वेऽपि सजातीया एव, न केचिद् विजातीयाः । रूपादिचतुर्गुणत्वं सर्वेषां स्पर्शवत्त्वादिति द्रष्टव्यम् ॥ एवं च तेषां रौक्ष्यस्नेहविशेषाद् भवति द्रव्यान्तरेण बन्धपरिणामस्तादृशो येन प्रचयविशेषान्महत् स्थूलं घटाद्यभिनिवर्त्यते श्लेषमृद्रजः सम्बन्धितृणादिवदित्यतस्तन्मात्रत्वम-नाहितातिशयत्वं न सङ्गच्छते ॥

एवं चोपवर्णितस्वगतभेदाभ्युपगमान्निरतिशयत्वं सर्वथा सर्वप्रकारं न केषांचिदुपपद्यते पदार्थानाम् । न चात्यन्तिक एव भेदः । किन्तु किञ्चित् सामान्यप्यस्त्येव । न च केवलः परिणाम एवैन्द्रियकत्वे कारणं भवति । किन्तु प्रतिविशिष्टानन्तसङ्ख्यासङ्घातापेक्षः परिणामः स्थूलः प्रतीन्द्रियनियतविषयतामास्कन्दति ॥

तस्मान्नैन्द्रियकत्वे सङ्घातः केवलो हेतुर्भवति । नापि परिणामः । किं तर्हि ? उभाभ्यां भेदसङ्घाताभ्यामेककालाभ्यां चाक्षुषा भवन्ति । चक्षुर्ग्रहणाच्च समस्तेन्द्रियपरिग्रहः पश्यति- उपलभते इति चक्षुः ॥ स्पर्शरसगन्धशब्दा अप्येवंविधपरिणामभाज एव निजोपलम्भनैरुपलभ्यन्त इति ॥

**ગુજરાતી ભાષાન્તર :-** અચાક્ષુષ પરમાણુઓનો જ્યારે જ્યારે સમુદાય થાય છે ત્યારે "પરમાણુઓ પોતે ઇન્દ્રિયોથી જો અગોચર હતા તો સમુદાય થયો ત્યારે તેમાં એવો કોઈ **अनाहितातिशया** = અતિશયવિશેષ ઉત્પન્ન થતો નથી કે જેનાથી તે પરમાણુઓ ચાક્ષુષ સ્કંધ બની જાય ? અણુઓ પોતે જો અચાક્ષુષ હોય તો તેનો સમુદાય પણ અચાક્ષુષ જ રહેવો જોઈએ ? તો અનંતાણુવાળા સ્કંધો ચાક્ષુષ કેમ બની જાય છે ?

**उच्यते**- ઉપર કહેલા પ્રશ્નનો હવે ઉત્તર કહેવાય છે સર્વે પણ વસ્તુઓમાં જે વિદ્યમાન એવો સત્ પરિણામ હોય છે તેમાંથી તે વસ્તુ જ્યારે પરિણામાન્તરપણાને પામે છે ત્યારે તે વસ્તુ કથંચિદ્ ભિન્ન પરિણામવાળી જ બને છે. પરમાણુમાં પરમાણુપણાનો જ પરિણામ છે પરંતુ અનંતાનંત અણુઓ સાથે મળીને સમુદાય સ્વરૂપ (એક સ્કંધ સ્વરૂપ) જ્યારે બને છે ત્યારે બાદર પરિણામપણું પામવાના કારણે ચાક્ષુષપણાના પરિણામને પણ તે પામે છે તેથી તે ચાક્ષુષ પરિણામ કથંચિદ્ ભિન્ન પરિણામ છે.

જે પરમાણુઓ પરમાણુપણામાં અતીન્દ્રિય પરિણામવાળા હતા અને ચક્ષુથી અગોચર (એટલેકે અચાક્ષુષ) હતા તે જ આ પરમાણુઓ જ્યારે અનંતાનંતના સમુદાય સ્વરૂપ બને છે ત્યારે તે જ પરમાણુઓ પોતાનામાં જે અણુત્વપરિણામ હતો તેનો ત્યાગ કરીને બાદરપરિણામને અને અચાક્ષુષતાનો ત્યાગ કરીને ચક્ષુર્ગોચરતાવાળા પરિણામને પામે છે.

તે પરમાણુઓમાં વર્તતો રૌક્ષ્ય અને સ્નેહ એમ બે પ્રકારના સ્પર્શ વિશેષવાળા પણાના પરિણામથી અણુપણાના પરિણામની સાથે સૂક્ષ્મપણાના પરિણામનો ત્યાગ કરીને બાદર પરિણામને પ્રાપ્ત કરે જ છે. પરમાણુઓમાં રહેલા રૌક્ષ્ય અને સ્નેહાત્મક પરિણામનો જ આ પ્રતાપ છે. સારાંશ કે જ્યારે અનંતાનંત પરમાણુઓ સાથે મળે છે અને સાથે મળીને સ્કંધપરિણામને પામે છે ત્યારે પોતાનામાં રહેલી સ્નિગ્ધતા અને રુક્ષતા નામના પરિણામવિશેષના કારણે પરમાણુઓ પોતે પોતાના અણુપણાના પ્રાચીન પર્યાયને ત્યજીને બાદર પરિણામને પ્રાપ્ત કરે છે. તેના જ કારણે અચાક્ષુષપરિણામનો ત્યાગ કરીને તે જ સ્કંધ ચાક્ષુષપણાના પરિણામને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે અણુમાં અને સ્કંધોમાં પરિણામ બદલાય છે.

સારાંશ કે જ્યારે અનંતાનંત પરમાણુઓ સાથે મળીને સ્કંધ પરિણામને પામે છે. ત્યારે પોતાનામાં રહેલી સ્નિગ્ધતા અને રુક્ષતા નામના પરિણામવિશેષના કારણે પરમાણુઓ અણુપરિણામનો ત્યાગ કરવા દ્વારા સૂક્ષ્મપરિણામનો ત્યાગ કરીને બાદરપરિણામને પ્રાપ્ત કરે છે. તેના જ કારણે અચાક્ષુષ પરિણામનો ત્યાગ કરીને ચાક્ષુષપરિણામને પણ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે અણુમાં અને સ્કંધોમાં પરિણામ બદલાય છે.

શ્રી વીતરાગ ભગવંતોએ બાદર સ્કંધોમાં યથાસંભવ આઠ પ્રકારનો સ્પર્શ હોય એમ કહ્યું છે, પરંતુ એક એક પરમાણુમાં તો ચાર પ્રકારનો જ સ્પર્શ હોય છે. અને તે પણ શીત-ઉષ્ણ-સ્નિગ્ધ અને રૂક્ષ એ નામના ચાર સ્પર્શ હોય છે. **नान्यः** = અન્ય બીજા સ્પર્શો પરમાણુમાં હોતા નથી તેમાં પણ કોઈ પણ એક પરમાણુ તો પરસ્પર અવિરોધિ એવા બે સ્પર્શવાળો જ હોય છેઃ શીતસ્પર્શ હોય તો ઉષ્ણસ્પર્શ ન હોય અને ઉષ્ણસ્પર્શ હોય તો શીતસ્પર્શ ન હોય. તેવી જ રીતે સ્નિગ્ધ અને રૂક્ષમાંથી પણ એક હોય છે. સ્નિગ્ધ હોય તો રુક્ષ ન હોય અને રુક્ષ હોય તો સ્નિગ્ધ ન હોય. જેથી (૧) શીત-સ્નિગ્ધ (૨) શીત-રુક્ષ (૩) ઉષ્ણ-સ્નિગ્ધ અથવા (૪) ઉષ્ણ અને રુક્ષ એમ પરસ્પર અવિરોધી બે સ્પર્શ હોય છે.

**अत्र च बन्धपरिणामे**- ત્યાં પણ બે ચાર પરમાણુઓનો પરસ્પર જે બંધ થાય છે કે જે સ્કંધાત્મકપણે પરિણામ પામે છે તેમાં સ્નિગ્ધતા અને રુક્ષતા નામના બે સ્પર્શ જ કારણ બને છે. કેટલાક પરમાણુઓ સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે. અને કેટલાક પરમાણુઓ રુક્ષ સ્પર્શવાળા હોય છે તો જ તેઓનો પરસ્પર બંધ થાય છે. જેમ કે લોટમાં તેલ અથવા ઘી નાખ્યું હોય તો જ બંધ થાય છે અને પિંડીભાવ બને છે. ત્યાં લોટમાં રુક્ષતા છે અને ઘી-તેલમાં સ્નિગ્ધતા છે, તેથી પરસ્પર બંધ થાય છે.

સ્નિગ્ધતા અને રુક્ષતા પરસ્પર વિરોધી હોવાથી કોઈ પણ એક પરમાણુમાં સાથે હોતા નથી. જે જે પરમાણુઓમાં સ્નિગ્ધતા હોય છે તે તે પરમાણુઓમાં રુક્ષતા હોતી નથી. પરંતુ જે જે પરમાણુઓમાં સ્નિગ્ધતા હોય છે તે પરમાણુઓમાં પણ કોઈમાં એક ગુણ સ્નિગ્ધતા, કોઈમાં બે ગુણ સ્નિગ્ધતા કોઈમાં ત્રિગુણ સ્નિગ્ધતા, અને કોઈક પરમાણુમાં ચતુર્ગુણ સ્નિગ્ધતા હોય છે. એ જ પ્રમાણે રુક્ષતા પણ તરતમ પણે જ હોય છે. યાવત્ અનંતગુણ સ્નિગ્ધતા અને અનંતગુણરુક્ષતા સુધી જાણવું.

પરમાણુઓમાં પણ સ્નિગ્ધતા અને રુક્ષતા તરતમતાવાળી જાણવી. પરંતુ તે પરમાણુઓ હીનાધિક સ્નિગ્ધતાવાળા જે હોય છે તે સજાતીય કહેવાય છે. એવી જ રીતે હીનાધિક રુક્ષતાવાળા જે પરમાણુઓ હોય છે તે રૂક્ષતાવાળા કહેવાય છે. પૃથ્વીના પરમાણુઓ પૃથ્વીરૂપે જ રહે છે. જલરૂપે બની જતા નથી. જલના પરમાણુઓ જલરૂપે જ રહે છે, પૃથ્વી રૂપે થઈ જતા નથી. એ જ પ્રમાણે તૈજસ્કાય પરમાણુઓમાં તથા વાયવીય પરમાણુમાં પણ પોતપોતાનામાં સજાતીયપણું સમજી લેવું.

કોઈ પણ એક પરમાણુમાં રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એમ ચારે ગુણો અવશ્ય હોય જ છે, તે જ પ્રમાણે સર્વે પણ પરમાણુઓમાં પણ વર્ણાદિ ચારે ગુણો અવશ્ય હોય જ છે. તેમાં પણ એક પરમાણુમાં પાંચ રૂપમાંથી એક રૂપ, પાંચ રસમાંથી એક રસ, બે ગંધમાંથી

એક ગંધ હોય છે, પરંતુ સ્પર્શની બાબતમાં ચાર સ્પર્શમાંથી કોઈ પણ અવિરોધી બે સ્પર્શ હોય છે.

પૃથ્વીના પરમાણુઓ બધા જ પૃથ્વી રૂપ જ હોય છે. એટલે સજાતીય જ હોય છે. વિજાતીય હોતા નથી. જળના પરમાણુઓ સઘળાય પણ જળસ્વરૂપ જ હોય છે. વિજાતીય હોતા નથી. એ જ પ્રમાણે તૈજસીય અને વાયવીય પરમાણુઓમાં પણ સમજી લેવું.

સ્પર્શગુણ સર્વ પરમાણુઓમાં છે અને તે સ્પર્શગુણ હોવાથી શેષ રૂપ-રસ-અને ગંધ આ ત્રણ ગુણો પણ અવશ્ય હોય જ છે. કોઈ પણ પરમાણુમાં રૂપાદિ ચારે ગુણો અવશ્ય હોય છે, તેના પેટાભેદો બધા હોતા નથી. એક પરમાણુમાં પાંચ રૂપમાંથી એક જ રૂપ, પાંચ રસમાંથી એક જ રસ, બે ગંધમાંથી એક જ ગંધ હોય છે. પરંતુ સ્પર્શની બાબતમાં ચારમાંથી બે સ્પર્શ અવશ્ય હોય છે. આ પ્રમાણે પરમાણુઓમાં રહેલા સ્નેહગુણ અને રુક્ષગુણ વડે પરસ્પર સંબંધ થાય છે. જેમ લોટ રુક્ષ ગુણવાળો છે અને ઘી/તેલ સ્નિગ્ધગુણવાળું છે, તેના વડે પરસ્પર બંધ થાય છે. બંધ થવો એટલે પિંડીભાવ થવો-એક ગઠ્ઠો થવો તેને બંધ કહેવાય છે.

લોટમાં રુક્ષ ગુણ છે અને ઘી/તેલમાં સ્નિગ્ધ ગુણ છે તે માટે જ તેલ અથવા ઘી વડે લોટ બંધાય છે. કાગળમાં રુક્ષ ગુણ છે. પલાળેલા ગુંદમાં સ્નિગ્ધ ગુણ છે તેથી જ ગુંદ વડે કાગળ બે પરસ્પર ચોટી જાય છે. કોઈ પણ એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે પરસ્પર એવો બંધપરિણામ થાય છે કે જે બંધ પરિણામથી જોડાયેલા તે અંશોનો પ્રચયવિશેષ (પિંડીભાવ વિશેષ) થઈ જાય છે. આમ બનવાથી જ સ્થૂલ એવા ઘટ-પટ આદિ દ્રવ્યોની ઉત્પત્તિ થાય છે.

પરમાણુઓનો સંગ્રહ જ હતો તો પણ તેમાં રહેલા આ સ્નિગ્ધ અને રુક્ષ ગુણ વડે તે પરમાણુઓનો પરસ્પર એવો બંધ પરિણામ નીપજે છે કે જે બંધ પરિણામથી પરસ્પર જોડાઈને ઘટ-પટ એવાં મોટાં દ્રવ્યોની ઉત્પત્તિ થાય છે. ઘટ એવું દ્રવ્ય બની જાય છે કે તેને તમે કાંઠલેથી પકડો અથવા કાંઠલામાં દોરી નાખો અને પછી ઊંચકો તો આખો ઘટ ખેંચાઈ આવશે, આવા પ્રકારનું નવું સ્થૂલ દ્રવ્ય બની જશે.

માટીના પિંડમાંથી ઘટ એક એવું દ્રવ્ય બની જાય છે કે જેને કાંઠલેથી પકડીને ઊંચકતાં આખો ઘટ ઊંચકાઈ જાય છે પરંતુ કાંઠલો જ માત્ર ઊંચકાય અને બાકીનો ઘટ નીચે જ રહી જાય આવું બનતું નથી. આ પરસ્પર બંધ પરિણામ થયો હોવાથી પ્રચયવિશેષ જ કહેવાય છે.

તથા પ્રચયવિશેષ થવાથી ઘટ-પટાદિ સ્કંધાત્મક કાર્ય મહત્પરિણામવાળું પ્રગટ થાય છે અને આવા પ્રકારનો બાદરપરિણામવાળો સ્કંધ પ્રગટ થવાથી તે સ્કંધ ચક્ષુર્ગોચર (ચાક્ષુષ) થાય છે. પ્રચયવિશેષ બનવાથી તેમાં એવો અતિશયવિશેષ ઉત્પન્ન થાય છે જેનાથી સ્થૂલ ઘટ-પટાદિ રૂપ સ્થૂલદ્રવ્ય સ્વરૂપે પદાર્થ નીપજે છે. જેમ સ્નેહ ગુણવાળી માટી અને તેની સાથે રજ મળીને ઘાસના તણખલા સાથે ચોંટી જાય છે તેમ અહીં પણ સમજવું.

આ પ્રમાણે પ્રચયવિશેષ બનતો હોવાથી કોઈ આવું કહે કે પરમાણુઓનો પિંડ જ માત્ર છે. તેમાં બીજો કોઈ અતિશય વિશેષ ઉત્પન્ન થયો નથી. અનાહિતાતિશયવાળાપણું જ છે. આવું કથન કોઈ કરે તો તે ઉચિત નથી - તેમાં વિશિષ્ટ એવું સ્વરૂપ ઉત્પન્ન થાય જ છે તથા ચા-ખાંડ-દૂધ અને પાણી આ પદાર્થો ભેગા કરીને ઉકાળવાથી આ ચાર દ્રવ્યોથી અતિશય જુદું અને સ્વાદિષ્ટ તથા પીવા લાયક "ચા"નામનું અપૂર્વ દ્રવ્ય ઉત્પન્ન થાય છે. તેમ સર્વત્ર સમજવું.

આ પ્રમાણે આ સ્નિગ્ધતા અને રુક્ષતા ગુણોને લીધે જ પ્રચયવિશેષ થાય છે. અને પ્રચયવિશેષ થવાથી મહાન સ્થૂલ બાદર પરિમામવાળું કાર્યાત્મક દ્રવ્ય નીપજે છે અને તે દ્રવ્ય ચક્ષુરાદિ ઇન્દ્રિયોથી ગોચર થાય છે.

આ પ્રમાણે ઉપર સમજાવ્યા પ્રમાણે પરમાણુઓનો પરસ્પર ભેદ છે. આ પ્રમાણે સ્વીકાર્યું અને આવા પ્રકારનું પદાર્થોનું સ્વરૂપ હોવાથી કોઈ પણ પદાર્થોનો સર્વથા (સર્વ પ્રકારે) નિરતિશયપણું (સામાન્ય માત્રપણું) એકલું કેવળ નથી. પરંતુ વિશેષ પણ અંદર છે જ, તથા આત્યન્તિક કેવળ એકલો ભેદ જ માત્ર હોય એમ એમ પણ નથી, પરંતુ સર્વે પણ પદાર્થો સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે તથા ભેદાભેદ છે. એવી વાત સિદ્ધ થઈ.

સર્વે પણ પદાર્થો સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે તેથી જેમ પરસ્પર ભેદવિશેષ છે તેમ તે સર્વમાં સામાન્ય (સમાનતા અર્થાત્) અભેદ પણ અવશ્ય છે જ. "સામાન્યપણું હોવાથી સર્વે પણ પદાર્થો કથંચિદ્ એક સ્વરૂપ પણ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છે તથા વિશેષપણું પણ હોવાથી સર્વે પણ પદાર્થો કથંચિદ્ ભેદ સ્વરૂપવાળા પણ પર્યાયાર્થિક નયથી છે જ. સારાંશ કે સર્વે દ્રવ્યો સર્વથી ભિન્ન જ હોય અથવા સર્વથા અભિન્ન જ માત્ર હોય એવું નથી. પરંતુ અપેક્ષાવિશેષે ભિન્નાભિન્ન છે પરમાણુઓનો સમૂહ જે અતીન્દ્રિય છે તે જ પ્રચયવિશેષ બનવાથી ઇન્દ્રિયગ્રાહ્ય પણ બને છે અને ઘટ-પટ સ્વરૂપે દેખાય પણ છે."

**પ્રશ્ન :-** પરમાણુઓ સાથે મળવાથી સ્કંધ સ્વરૂપ જ પરિણામ જે તેમાં આવ્યો અને તે પરિણામ આવવાથી જ દ્રવ્ય ચક્ષુર્ગોચર થયું છે કે ચક્ષુર્ગોચર થવામાં બીજું પણ કંઈ કારણ તેમાં છે ?

**ઉત્તર :-** ઇન્દ્રિયગ્રાહ્ય બનવામાં કેવળ એકલો આ પ્રગટ થયેલો બાદર પરિણામ માત્ર કારણ નથી. તે તો કારણ છે જ, તદુપરાંત ચક્ષુથી દેખી શકાય તેવી અનંતની સંખ્યાથી વિશિષ્ટ એવો જે આ સ્કંધ બન્યો છે તે પણ કારણ છે તથા પ્રકાશાદિ પણ સહકારી કારણ છે **"સ્થૂલસ્કંધપરિણામ"** એ મુખ્ય કારણ છે. આ સ્થૂલ સ્કંધપરિણામ વિશેષ હોય તો જ ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય છે. એટલે આવો સ્કંધ જ ઇન્દ્રિયોના પ્રતિનિયત વિષયપણાને પામે છે સારાંશ કે ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય તેવો તેમાં નિયત પરિણામવિશેષ તિરોભાવે હોય જ છે અને નિયત પરિણામવિશેષ એટલે કે સ્કંધસ્વરૂપ બનેલો સ્થૂલપરિણામ પણ જે તિરોભાવે હતો તે આવિર્ભાવે થતાં ચક્ષુર્ગોચર થવામાં કારણ છે.

**तस्मात् नैकेन्द्रिकत्वे** - તેથી સ્કંધોનું ઇન્દ્રિયગ્રાહ્યત્વ બનવામાં કેવળ એકલો સંઘાત કારણ નથી તથા કેવળ એકલો પરિણામમાત્ર પણ કારણ નથી. ત્યારે શું કારણ છે ? આવો પ્રશ્ન થાય તો મહાત્મા પુરુષો કહે છે કે અનંતા પરમાણુઓના બનેલા સ્કંધોમાં એક જ કાલે એકી સાથે થતા ભેદ અને સંઘાત એમ આ બન્ને પણ કારણ બને છે. આવા પ્રકારનું પુદ્ગલોનું વિખેરાવું તે ભેદ અને નવા પુદ્ગલોનું જોડાવું તે સંઘાત એમ આ બન્ને પર્યાયો થાય છે. તો જ ચક્ષુથી દેખાય છે એમ સમજવું.

આ પાઠમાં લખેલા **चक्षुष्** શબ્દથી કેવળ એકલી ચક્ષુરિન્દ્રિય ન લેવી પરંતુ ઉપલક્ષણથી સર્વે પણ ઇન્દ્રિયો સમજવી. અનંતાણુકના સ્કંધો થાય છે ત્યારે જ તેમાં રહેલા સ્પર્શ, રસ, ગંધ રૂપ અને શબ્દ ઇત્યાદિ ભાવો વડે તે દ્રવ્ય પાંચે ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય બને છે. જેમ **पश्यति-उपलभते इति चक्षुः** જે દેખવાનું કામ કરે છે તે ચક્ષુ છે. તેને બદલે "જાણવાનું કામ કરે તે" આવો અર્થ કરો તો બધી જ ઇન્દ્રિયો આવી શકે છે.

જેમ ચક્ષુ રૂપને જોવામાં સમર્થ છે, તેની જેમ જ સ્પર્શ-રસ-ગંધ અને શબ્દ આ ગુણોને અને તે તે ગુણો દ્વારા ગુણીને જાણવાનું કામ શેષ ચાર ઇન્દ્રિયો પણ કરે જ છે. જેમ બાદર પરિણામ પામેલા સ્કંધોનું રૂપ ચક્ષુર્ગ્રાહ્ય બને છે, તેની જેમ જ બાદર પરિણામ પામેલા સ્કંધોના બાકી ચારે ગુણોને અને તે તે ગુણોવાળા દ્રવ્યને જાણવાનું કામ-કાજ શેષ ચાર ઇન્દ્રિયો પણ કરે જ છે.

જેમ બાદર પરિણામ પામેલા પુદ્ગલ સ્કંધોનું રૂપ ચક્ષુથી ગ્રાહ્ય બને છે તેની જેમ તે જ બાદર પરિણામ પામેલા પુદ્ગલ સ્કંધોના સ્પર્શાદિ શેષ ચારે ગુણોને જાણવાનું કામકાજ પણ શેષ ચાર ઇન્દ્રિયો કરે જ છે એટલે બાદર પરિણામ પામેલા પુદ્ગલ સ્કંધોના ગુણો ઇન્દ્રિયગોચર થાય છે.

**संस्कृत टीका :-** अचाक्षुषास्त्वित्यादि ॥ ये पुनरतीन्द्रिया द्वयणुकादयोऽनन्ताणुकपर्यवसानाः स्कन्धाः सूक्ष्मास्ते यथाभिहितात् त्रिविधात् कारणात् सङ्घातादेरुत्पद्यन्ते । न चेदमाशङ्कनीयम्- त एव बादरा स्त एव च पुनः सूक्ष्मा इति । यतो विचित्रपरिणामाः पुद्गलाः कदाचिद् बादरपरिणाममनुभूय जलधर-शतक्रतु-चाप-सौदामिनी-लवण-सकलादिकमथ पश्चादलक्षणीयपरिणाममात्मस्वरूपाव स्थानस्वभावमतिसूक्ष्ममाददते करणान्तरग्रहणलक्षणतां वा भजन्ते लवणहिङ्गुप्रभृतयः । सूचनीय- परिणामश्च जनित्वा पुनरपि वियति परितः सकलदिगन्तरावरोधि-वारिधरत्वादिना स्थूलेनाकारेण परिणमन्ते । तु शब्दः पुनःशब्दार्थे । चशब्दः समुच्चये । इति शब्दः प्रकृतपुद्गल प्रकरण परिसमापनार्थः ॥ ५-२८ ॥

**ગુજરાતી ભાષાન્તર :- अचाक्षुषास्तु इत्यादि** ભાષ્યનો જે પાઠ છે તેનો અર્થ સમજાવાય છે. તથા વળી જે અતીન્દ્રિય એવા જે પુદ્ગલસ્કંધો છે જેમ કે દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુક ઇત્યાદિથી આરંભીને સંખ્યાતાણુકવાળા = સંખ્યાત અણુવાળા, અસંખ્યાત અણુવાળા તથા અણંતાણુક સુધીના સ્કંધો સૂક્ષ્મ છે તે સર્વે પણ સૂક્ષ્મસ્કંધોનો ઉપર કહેલા (૧) **સંઘાત,** (૨) **ભેદ અને** (૩) **ઉભયથી** એમ ત્રણે પ્રકારે ઉત્પત્તિ થાય છે.

કારણ કે વિચિત્રપરિણામવાળાં આ પુદ્ગલ દ્રવ્યો છે. તેના કારણે ક્યારેક બાદરપરિણામને અનુભવીને સૂક્ષ્મપરિણામવાળાં પણ બને છે અને ક્યારેક સૂક્ષ્મપરિણામને અનુભવીને બાદર પરિણામવાળાં પણ બને છે. પુદ્ગલોનો પરિણામ ચિત્ર-વિચિત્ર છે જેમકે જળધર (**વાદળ**), શતક્રતુ ચાપ (**ઇન્દ્રધનુષ્ય**), સૌદામિની (**વીજળી**) લવણસકલ (**મીઠાનો ટુકડો**) જે આ પદાર્થો ચક્ષુર્ગોચર હતા તેના કારણે પ્રારંભમાં દેખાય તેવા પરિણામવાળા હતા, આવા બન્યા પછી ક્ષણ-બે ક્ષણમાં **અલક્ષણીય** (ન દેખાય તેવા)પરિણામને પણ પામે છે.

જે પુદ્ગલ દ્રવ્યો દેખાય તેવા ચતુર્ગોચર પરિણામવાળાં છે. તે પરિણામને ત્યજીને પોતાના સ્વરૂપમાં જ અવસ્થાન પામવા સ્વરૂપ જે સ્વભાવ છે તેવાં અતિશય સૂક્ષ્મ પરિણામને પણ પામે છે અથવા મીઠાનો ટુકડો જે ચક્ષુર્ગોચર હતો તે પાણીમાં નાખ્યો છતો પીગળીને પાણીમાં એકમેક થાય છે ત્યારે ચક્ષુર્ગ્રાહ્ય પરિણામને ત્યજીને રસનેન્દ્રિય ગ્રાહ્યતાને પણ પામે છે.

આ પ્રમાણે ઇન્દ્રિયાન્તર વડે ગ્રહણ થવા સ્વરૂપ જુદા લક્ષણને પણ પામે છે તથા હિંગ જેવા કેટલાક પદાર્થો ઘ્રાણેન્દ્રિયના વિષયભૂત ગન્ધને સૂંઘવા વડે જણાતા હતા, તે જ પદાર્થો દાળ-શાક આદિમાં ભળ્યા છતા રસનેન્દ્રિયની ગ્રાહ્યતાને પામે છે.

તથા આકાશમાં નાનું વાદળ બનીને (એટલે કે સૂચનીય પરિણામવાળું અર્થાત્ અતિશય અલ્પમાત્રાવાળા પરિણામને પામીને) તે જ વાદળ ફરીથી આકાશમાં ચારે તરફ

સર્વ દિશાઓના છેડાઓનો પણ અવરોધ કરનાર એવા મહાવાદલપણાના પર્યાયને પણ પામે છે. એવા પ્રકારના મોટા સ્થૂલ આકાર સ્વરૂપે પણ પરિણામ પામે છે.

આ પ્રમાણે પુદ્ગલોમાં પરિણામ પામવાની વિચિત્રતા છે. આવો પરિણામ પુદ્ગલોમાં હોવાથી અચાક્ષુષ સ્કંધો ચાક્ષુષ પણ બને છે અને ચાક્ષુષ સ્કંધો અચાક્ષુષ પણ બને છે તથા પોતપોતાની ઇન્દ્રિયથી ગ્રાહ્ય રહેવાને બદલે ઇતર ઇન્દ્રિયથી ગ્રાહ્ય પણ બની જાય છે. અહીં ટીકામાં વપરાયેલ **तु** શબ્દ **पुनः** ના અર્થમાં છે અને **च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે તથા જે **इति** શબ્દ છે તે સમાપ્તિ સૂચક છે. હાલ જે પુદ્ગલદ્રવ્યનું વર્ણન ચાલે છે તે વર્ણન હવે અહીં સમાપ્તિને પામે છે. ॥ ૫-૨૮ ॥

અવતરણ-હવે સૂત્ર (૫-૨૯) કહેવાનું છે તેમાં જૈનશાસનનો મૂળભૂત સિદ્ધાન્ત સમજાવાય છે. જગતના સર્વે પણ પદાર્થો ત્રિપદીમય છે, નવા પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે, જૂના પર્યાય રૂપે નાશ પામે છે અને દ્રવ્ય માત્ર સ્વરૂપે ધ્રુવ રહે છે ઇત્યાદિ-

**भाष्य :- अत्राह-धर्मादीनि सन्तीति कथं गृह्यत इति ? अत्रोच्यते लक्षणतः ॥ किञ्च सतो लक्षणमिति? अत्रोच्यते-**

**ભાષ્યનું ગુજરાતી :- અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો છે એમ કેવી રીતે શ્રદ્ધા થાય ? ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે કે લક્ષણવિશેષથી દ્રવ્યો છે એમ જણાય છે ત્યાં પ્રશ્ન થાય છે કે તે લક્ષણ શું છે ? લક્ષણ કોને કહેવાય ? તેનો ઉત્તર હવે પછીના સૂત્રમાં અપાય છે.**

**संस्कृत टीका :-** अत्राहेत्यादिसम्बन्धग्रन्थः । धर्मादीनां द्रव्याणां यथासम्भवं गति स्थित्युपग्रहादिलक्षणमुक्तं वैशेषिकम् ॥ अधुनाऽन्तरङ्गव्यापिलक्षणजिज्ञासया सन्दिहानः प्रश्नयति- धर्मादीनि सन्तीति कथं गृह्यत इति ?

अस्ति चात्र सन्देहबीजम्- किं विकारग्रन्थिरहितं सत्तामात्रमेते धर्मादयः आहोस्विद् विकारमात्रमुत्पादविनाशलक्षणमथोभयम्? इत्येवमनेकप्रकारसम्भवे सन्देहः ॥

कथं केन प्रकारेण ? धर्मादीनि सन्ति- विद्यन्त इति ? इति शब्दो हेतौ । येन हेतुना सत्त्वमेषां निश्चीयते, तद्विषयत्वमितिकरणस्य वाक्यपर्यन्तवर्तीति शब्दः प्रष्टव्यार्थेयत्ताख्यापनार्थः । गृह्यत इति ग्राह्यः निश्चेयमित्यर्थः । किं तदस्तित्वमेषामिति । अथवा धर्मादीनि सन्ति इत्यस्तित्वमेव सन्दिग्धे परः ॥

ननु च येषां गत्याद्युपकारेणानुमितं अस्तित्वं प्राक् ते प्रसिद्धसत्ताका एव । कुतः सन्देहः ? अवमभिप्रायः प्रष्टुः गत्याद्युपग्रहकारिणः किल धर्मादयः केऽपीत्यप्रसिद्धसत्ताकेनैव प्रपत्त्राऽभ्युपेतम् । इदानीं तु प्रश्नयति- कथं पुनरेषां धर्मादीनां विद्यमानत्वं निश्चेयमिति ?

आचार्य आह- अत्रोच्यते-लक्षणतः । आचार्यस्यायमभिप्रायः सङ्ग्रहादेकीभावादुत्पादादयः सल्लक्षणममस्तिशब्दविषयः । एवंविधाश्चैत उपलभ्यन्त इत्यतः सामान्येन तावदुपन्यस्यति-लक्षणत इति ? पुनरपि सामान्याभिधाने सन्दिहान आह-किञ्च सतो लक्षणमिति ? किं पुनः सतो लक्षणं ॥

लक्ष्यते येन लक्षणेन प्रमाणानि तद्विषयश्च, लक्ष्यते येन सदेतदिति ?

अत्रोच्यते-इत्याचार्य प्रतिजानीते, सत्त्वलक्षणम् । तेषां धर्मादीनामस्तित्वाव्यभिचारिलिङ्ग-मिदमुच्यते ॥ एतदुक्तं भवति- धर्माधर्माकाशपुद्गलजीवाः पञ्चास्तिकाया जगतः स्वतत्त्वम् । तत्र जीवद्रव्यं धर्मादीनां ग्राहकं स्वरूपस्य चेति । सङक्षेपतः शब्दार्थज्ञानानि सत्त्वलक्षणलक्ष्याणीति ।

अतः सकलाधिगम्याधिगमोपायविषयेण प्रश्नेनोपक्रान्तं चोदयित्वाऽतः प्रतिवचनमपि तथैवाचार्येणोच्यते । येन लक्षणेन प्रमाणानि तद्विषयश्च लक्ष्यते, तद्व्यापि लक्षणमभिधीयत इति तच्चेदं सूत्रम् -

**ગુજરાતી ભાષાન્તર :- अत्राह** આ પ્રમાણે ભાષ્યમાં જે પાઠ છે તે આગળ કહેવાતા (૫-૨૯ નંબરના) સૂત્રના અર્થની સાથે સંબધ ધરાવનારું પદ છે.

અહીં કોઈક શિષ્ય આવા પ્રશ્ન કરે છે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય આ પાંચે દ્રવ્યોનાં એક એકનાં લક્ષણો (૧) ગતિ સહાયકતા, (૨) સ્થિતિ સહાયકતા (૩) અવગાહ સહાયકતા, (૪) પૂરણગમન (૫) જ્ઞાનાદિગુણોનો ઉપયોગ એમ વિશેષ વિશેષ લક્ષણો જે હતાં તે લક્ષણો સૂત્રકાર મહાત્માએ (૫-૧૭ થી ૫-૨૨માં મૂળ સૂત્રોમાં) જ કહ્યાં છે એટલે એક-એક દ્રવ્યનાં જે વિશેષ લક્ષણો છે તે તો બરાબર સમજાયાં છે અને અમે તે લક્ષણો બરાબર જાણ્યાં પણ છે.

પરંતુ હવે એવું એક લક્ષણ સમજાવો કે જે લક્ષણ પાંચે દ્રવ્યોમાં વ્યાપકપણે સર્વત્ર સંભવતું હોય એવું અંતરંગ લક્ષણ (પાંચે દ્રવ્યોમાં- તેના અવયવોમાં તથા પરમાણુઓમાં પણ સંભવી શકતું હોય તેવું) સર્વત્ર વ્યાપક એવું એક લક્ષણ જાણવાની અમારી તમન્ના છે તે કંઈક સમજાવો આવી ઇચ્છાથી શિષ્ય પ્રશ્ન કરે છે કે-

હે ગુરુજી ! તમે ધર્મ-અધર્મ-આકાશ આદિ પાંચ દ્રવ્યોનાં લક્ષણો કહ્યાં તે તો બરાબર સમજાય છે પરંતુ આ પાંચ દ્રવ્યો સંસારમાં છે કે નહીં ? તેની ખાત્રી શું ? સંસારમાં આ પાંચ દ્રવ્યો અવશ્ય છે જ અર્થાત્ પાંચે દ્રવ્યો **सत्** જ છે એમ કોના આધારે જાણવું.

પાંચે દ્રવ્યો (અને કાળ સાથે છ દ્રવ્યો) સંસારમાં હોય જ છે એવી તેઓની સત્તાને (તેઓના અસ્તિત્વને) જણાવનારું એક લક્ષણ એવું અમને સમજાવો કે જે લક્ષણથી પાંચે દ્રવ્યોની સત્તા (પાંચે દ્રવ્યો સંસારમાં છે જ) એમ અમે ભારપૂર્વક સ્વીકારી શકીએ તે માટે ફરી પ્રશ્ન કરીએ છીએ કે "સત્"નું લક્ષણ સમજાવો.

આ પાંચે દ્રવ્યોના (અને છઠ્ઠા કાળ દ્રવ્યના) અસ્તિત્વમાં શંકા થવાનું કારણ આ પ્રમાણે છે : (૧) શું આ પાંચે દ્રવ્યો ઉત્પાદ-વિનાશ થવા સ્વરૂપ વિકારોની ગાંઠથી રહિત સત્તામાત્ર જ છે (માત્ર હોવા રૂપે જ છે ?) જેના કારણે તેમાં ઉત્પાદ અને વિનાશ સ્વરૂપ વિકારો થતા નથી, માત્ર ધ્રુવ સ્વરૂપ જ છે કે (૨) માત્ર ઉત્પાદ અને વિનાશ થવા સ્વરૂપ વિકારો જ કેવળ એકલા છે ? અર્થાત્ કેવળ એકલા ઉત્પાદ અને વ્યય જ માત્ર છે કે (૩) સત્તા પણ છે અને ઉત્પાદ-વિનાશાત્મક વિકારો પણ છે એમ ઉભયાત્મક આ પદાર્થો છે ? શું એકલું ધ્રુવત્વ જ છે ? કે શું એકલા ઉત્પાદ-વ્યય જ છે ? કે શું ઉભય છે ? આવા પ્રકારના આ વિષયસંબંધી અનેક પ્રશ્નો થઈ શકે છે ? કોઈ પણ વસ્તુની વિદ્યમાનતામાં આવા આવા અનેક પ્રશ્નો થવા સંભવિત છે તો હે ગુરુજી। અમને બરાબર સમજાવો કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો આ સંસારમાં કેવી રીતે છે, નિત્ય સ્વરૂપે છે કે અનિત્ય સ્વરૂપે છે કે શું છે ? તે બરાબર સમજાવો.

ભાષ્યમાં જે **इति** શબ્દ છે. **"गृह्यते इति"** આ **इति** શબ્દ હેતુ અર્થમાં વપરાયો છે, જે હેતુથી આ પાંચ દ્રવ્યોમાં અસ્તિત્વ (સત્તા)ને વિષે નિર્ણય થાય છે તે હેતુ (તે તર્ક) જાણવાની દૃષ્ટિએ આ इति શબ્દ ભાષ્યમાં વપરાયેલો છે તે હેતુ અમને સમજાવો. આવો અમારો પ્રશ્ન છે. ગુરુજી અમારા આ પ્રશ્નનો ઉત્તર આપો.

તથા **"सतो लक्षणम्"**इति આવા પ્રકારના ભાષ્યના પાઠમાં વાક્યના અન્તિમ પદમાં જે **इति** શબ્દ છે તે પુછવા લાયક વિષય આટલો છે એમ જણાવવા માટે છે. તથા ભાષ્યમાં गृह्यते इति આવું જે પદ છે તેનો અર્થ આ પાંચ દ્રવ્યોનું અસ્તિત્વ કેવી રીતે સ્વીકારાય ? કેવી રીતે જણાય ? અથવા આ પાંચ દ્રવ્યો છે જ આવો નિર્ણય કેવી રીતે થાય ? સારાંશ કે આ પાંચે દ્રવ્યોનું અસ્તિત્વ તે શું છે ? આવા પ્રકારનો પ્રશ્નકારનો આશય છે. તેનો ઉત્તર અમને બરાબર આપો.

અથવા આ સંસારમાં આ ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો છે જ એવું તમે જે કહો છો ત્યાં જ પાંચે દ્રવ્યોના અસ્તિત્વની જ અમને શંકા છે, તેના અસ્તિત્વનો જ સંદેહ અમને છે. આ પ્રમાણે પર એવો કોઈક શિષ્ય અથવા નાસ્તિકવાદી ગુરુજીને પ્રશ્ન કરે છે. ગુરુજી હવે તેનો ઉત્તર આપે છે.

**ઉત્તર** :- ઉપરના પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરુજી કહે છે કે (૧) ગતિમાં (૨) સ્થિતિમાં (૩) અવગાહનામાં જે જે દ્રવ્યોનો ઉપકાર છે (સહાય છે ) તેના વડે પાંચે દ્રવ્યોના અસ્તિત્વનું અનુમાન જરૂર થાય છે. તેના કારણે પાંચે દ્રવ્યો અવશ્ય છે જ. આ વાત પૂર્વે સૂત્ર નંબર ૫-૧૭ થી ૫-૨૧માં કહેવાઈ ગઈ છે. પરંતુ તમે જ્યારે તે સૂત્રો સમજાવ્યાં ત્યારે પ્રતિપત્તાએ (શ્રોતાએ-શિષ્યે) અપ્રસિદ્ધસત્તાવાળા તરીકે જ આ પાંચ દ્રવ્યોને સ્વીકાર્યાં હતાં અર્થાત્ તમે કહ્યું એટલે માની લીધાં હતાં પરંતુ હવે વધારે દૃઢ નિર્ણય કરવા માટે ફરીથી પ્રશ્ન કરે છે કે ધર્માસ્તિકાયાદિ આ પાંચે દ્રવ્યોની જગતમાં વિદ્યમાનતા છે જ અર્થાત્ આ પાંચે દ્રવ્યો અવશ્ય છે જ, પ્રસિદ્ધ સત્તાવાળાં જ છે આવો નિર્ણય કોના આધારે કરવો ? આવા પ્રકારનો શિષ્યનો આ પ્રશ્ન છે.

**आचार्यः प्राह** = હવે ઉપરોક્ત પ્રશ્નનો ગુરુજી ઉત્તર કહે છે, **अत्रोच्यते लक्षणतः** આ પાંચે દ્રવ્યો સંસારમાં છે આ વાત લક્ષણથી સમજાવાય છે. ગ્રન્થકાર આચાર્ય મહારાજશ્રીનો કહેવાનો ભાવ આ પ્રમાણ છે કે

"સંગ્રહને પામેલા એટલે કે એકીભાવને પામેલા અર્થાત્ એક સાથે રહેલા ઉત્પાદ-વિનાશ અને ધ્રૌવ્ય આ ત્રણે ધર્મો જેમાં હોય છે તે **સત્** કહેવાય છે". આવા પ્રકારનું સત્ નું લક્ષણ છે અહીં સત્ શબ્દનો અર્થ હોવું **अस्तित्व-विद्यमानता** એવો અર્થ કરવો.

**एवंविधश्च**= આવા પ્રકરનાં આ પાંચે દ્રવ્યો ઉપલબ્ધ થાય છે, જણાય જ છે. તેથી સંસારમાં છે જ, તેથી સામાન્યપણે આ વાત રજૂ કરે છે કે સત્નું જે લક્ષણ છે. તે લક્ષણ આ પાંચે દ્રવ્યોમાં લાગુ પડતું હોવાથી આ પાંચે દ્રવ્યો સત્ છે અસ્તિત્વ ધરાવે છે.

આ પ્રમાણે ગુરુજી વડે સામાન્યથી ઉત્તર અપાય છે. શંકા કરનાર શિષ્ય **पुनरपि**= ફરીથી પણ પ્રશ્ન કરે છે કે **इदानीमपि प्रश्नयति**" "**सत**"નું લક્ષણ શું ? સત્ કોને કહેવાય ? તે સમજાવો. અમારો આ પ્રશ્ન છે.

૫-૧૩ થી ૫-૨૧ (૫-૨૨) સૂત્રોમાં સમજાવ્યા પ્રમાણે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોના અસ્તિત્વને વિષે હવે શંકા રહેતી નથી. આ પાંચ દ્રવ્યો છે જ આ વાત તો નિર્વિવાદપણે સિદ્ધ થઈ ગયેલી છે. અમને સમજાઈ ગઈ છે.

છતાં જેઓ હઠાગ્રહના કારણે અને ચક્ષુર્ગોચર નહીં હોવાના કારણે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોની સત્તા સ્વીકારતા નથી અને અરૂપી દ્રવ્યો હોવાથી ચક્ષુથી દેખાતાં નથી એટલે સમજાવવા છતાં કેટલાક જીવોને મનમાં આવી શંકા રહ્યા જ કરે છે કે આ દ્રવ્યો **સત્** હશે તેની શું ખાત્રી ?

ત્યારે તેવા અજ્ઞાની શિષ્ય હોય તો પણ જાણવાની તમન્નાવાળા શિષ્યોને સમજાવવા માટે સૂત્ર નંબર ૫-૨૯ શરૂ કરતાં પહેલાં તેની ભૂમિકા રૂપે ભાષ્યકાર મહારાજા પોતે જ सतो किं लक्षणम् ? આવા પ્રકારનો પ્રશ્ન કરવા દ્વારા આ વિષય વધારે પ્રકાશિત કરતા છતા પોતે  આ વિષય વધારે સ્પષ્ટ કરે છે.

સર્વે પણ અધિગમ યોગ્ય ભાવોનો અધિગમ (અભ્યાસ) થવા દ્વારા તેના ઉપાયભૂત વિષય રૂપે પ્રશ્ન કરવા દ્વારા આરંભેલા વિષયને સમજાવવાની વધારે પ્રેરણા કરવા દ્વારા પ્રત્યુત્તર પણ જણાવે જ છે. તે જ પ્રમાણે આચાર્ય મહારાજ વડે પણ ઉત્તર હવે પછીના (૫-૧૯)સૂત્રમાં અપાય છે જે લક્ષણ દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણો જણાય છે તથા જે લક્ષણ દ્વારા તે પ્રમાણોનો જ્ઞેય એવો વિષય જણાય છે તેને જ લક્ષણ કહેવાય છે અને આ લક્ષણ જે કંઈ કરવામાં આવે તે પોતાના લક્ષ્યમાં બરાબર વ્યાપ્ત થઈને રહેવાવાળું જ હોય તો જ તે સાચું લક્ષણ કહેવાય છે. જેમાં અતિવ્યાપ્તિ આદિ ત્રણે દોષો આવતા નથી તે જ સાચું લક્ષણ છે.

બધી જ શંકાઓ દૂર કરવા માટે હવે તે સત્નું લક્ષણ જ સમજાવાય છે. સૂત્ર નં. (૫-૧૮)માં ત્રિપદી સમજાવાશે.



તત્ત્વાર્થાધિગમ સૂત્ર એટલે સર્વ આગમ શાસ્ત્રોનો સાર, સંક્ષિપ્તમાં બધું જ કહેવાની કળા. જૈનોના ચારે ફિરકાઓને માન્ય આ ગ્રંથ એટલે ગાગરમાં સાગર જેવો મહાવિષય, ભાષા સંસ્કૃત, પરંતુ સરળ શબ્દ રચના હોવાથી વાંચતા વાંચતા જ અર્ધો અર્થ સમજાઈ જાય તેવી શુદ્ધ રચના.

તેની ઉપર ઘણી સંસ્કૃત ટીકાઓ, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરો થયા છે. પાંચમો અધ્યાય વિશેષ કઠિનતાવાળો છે. અજીવતત્ત્વનું સૂક્ષ્મ રીતે નિરૂપણ છે. ટીકાકાર **શ્રી સિદ્ધસેન ગણિવર્ય**ની સુંદરતમ રચના છે. વારંવાર વાંચવાનું-મનન કરવાનું મન થાય તેવો વિષય છે.

આ પ્રથમ ભાગમાં પાંચમા અધ્યાયના ૧ થી ૨૮ સૂત્રો લેવામાં આવ્યા છે. ત્રિપદીના સૂત્રોથી બીજો ભાગ શરૂ થશે, ઊંડા અભ્યાસુઓ માટે આ શ્રેષ્ઠતમ ગ્રંથ છે. વારંવાર વાંચજો અને વંચાવજો, ભણવા-ભણાવવા જેવો આ સુંદર મહાગ્રંથ છે. સુંદર અભ્યાસ કરજો અને કરાવજો.

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

Bharat Graphics-Ahmedabad
08905851988, 09925020106